# અષ્ટપાહુડ અમૃત

## ભાગ ૫



ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# અષ્ટપાહુડ અમૃત

**(ભાગ–૫)**

(શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી અષ્ટપાહુડ
પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ.સ. ૧૯૭૩-૭૪ની સાલના પ્રવચનો)

પ્રકાશક

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

મુંબઈ

વિક્રમ સંવત
૨૦૭૮

વીર સંવત
૨૫૪૮

ઈ. સન
૨૦૨૨

પ્રકાશન
ભાદરવા સુદ-૧૪, તા. ૯-૯-૨૦૨૨
શ્રી દસલક્ષણધર્મ પર્વની પૂર્ણતાના પ્રસંગે

પ્રાપ્તિ સ્થાન
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન-(૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com, email-info@vitragvani.com

ટાઈપ સેટિંગ
પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

સહજ ચિદાનંદ.

## પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.

ઉપરોક્ત મંગલાચરણમાં શાસનનાયક મહાવીરસ્વામી બાદ શ્રી ગૌતમ ગણધરને નમસ્કાર કરી જેમને ત્રીજા ક્રમાંકે નમસ્કાર કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ વર્તમાન જૈનશાસનના શાસનસ્તંભ છે, જેમણે મૂળ મોક્ષમાર્ગને શાસ્ત્રમાં જીવંત રાખી અનેકાનેક ભવ્ય જીવો પર અસીમ ઉપકાર કર્યો છે. સાંપ્રત જૈનસમાજ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવથી સુચારુરૂપે પરિચીત છે જ. તેમ છતાં તેમના પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને તેઓશ્રી પ્રત્યે ઉપકાર વ્યક્ત કર્યા વિના રહી શકાતું નથી.

તેઓશ્રીએ સ્વયંની અનુભવગર્ભિત કલમ દ્વારા નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનું સ્વરૂપ કેવું હોય તેને ભાવવાહી સ્વરૂપે અનેક પરમાગમોમાં પ્રસિદ્ધ કર્યું છે. જંગલમાં રહી સ્વરૂપારાધનમાં લીન રહેતાં રહેતાં, કેવળજ્ઞાનની તળેટીમાં પહોંચીને, સ્વસંવેદનમયી પ્રચુર સ્વસંવેદનમાં રહી પવિત્ર મોક્ષમાર્ગ પ્રસિદ્ધ કર્યો. અનુભવપ્રમાણ એ સર્વથી બળવાન પ્રમાણ ગણવામાં આવેલ છે, જે તેમના પ્રત્યેક વચનમાં પ્રસિદ્ધ થઈ રહ્યું છે. અનેક મહાન આચાર્યોએ પણ તેમનો ઉપકાર વ્યક્ત કરી કહ્યું છે કે ભગવાન કુંદકુંદાચાર્યદેવે આ કાળમાં જો મોક્ષમાર્ગને પ્રસિદ્ધ ન કર્યો હોત તો અમે મોક્ષમાર્ગને કઈ રીતે પામી શકત?

સંવત ૪૯માં વિદેહક્ષેત્રે વિહરમાન શ્રી સીમંધરસ્વામીની દિવ્ય દેશનાને પ્રત્યક્ષ સાંભળી, ભરતક્ષેત્રમાં આવી તેઓશ્રીએ અનેક પરમાગમોની રચના કરી છે. પંચ પરમાગમ સાંપ્રત જૈનસમાજમાં પ્રસિદ્ધ છે. તેમાં અષ્ટપાહુડ ગ્રંથ સમાવિષ્ટ છે. અષ્ટપાહુડ ગ્રંથની રચના જોતાં એમ જણાય છે કે આ ગ્રંથ દાર્શનિક દષ્ટિકોણથી રચવામાં આવેલ છે. આઠ અધિકારની રચનામાં પ્રત્યેકમાં ભિન્ન ભિન્ન વિષયાનુસાર સૂત્રોની રચના કરવામાં આવેલ છે. પ્રત્યેક અધિકારમાં વસ્તુનું સ્વરૂપ સ્પષ્ટ કરી વિપરીત અભિપ્રાયો ક્યા પ્રકારના હોય અને તેનું ફળ શું આવે અને સમ્યક્ અભિપ્રાયનું ફળ શું આવે તેનો સ્પષ્ટ ચિતાર કુંદકુંદાચાર્યદેવે ચિત્રિત કર્યો છે.

શાસ્ત્રોમાં તો આચાર્ય ભગવંતોએ નિષ્કારણ કરુણાથી ભવ્યજીવોના હિતને માટે રચના તો કરી પરંતુ વર્તમાન દુષમકાળમાં તેના ભાવ સમજવા અત્યંત વિકટ થઈ પડેલા અને વિપરીત અભિપ્રાયોની પ્રચલિતતા અને રૂઢિવાદમાં સમાજ જ્યારે ડૂબેલો હતો, તેવા આ કળિકાળમાં, વિદેહક્ષેત્રે વિહરમાન શ્રી સીમંધર ભગવાનની દિવ્યદેશના સાક્ષાત્ સાંભળીને ભરતે પધારનાર ભાવિ તીર્થાધિનાથ પરમકૃપાળુ સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સૂર્ય સમાન અવતાર, મુમુક્ષુજીવોના મિથ્યાત્વ અંધકારને મટાડવા માટે થયો. અનેક રૂઢિચુસ્તતા, મિથ્યા અભિપ્રાયો, ક્રિયાકાંડમાં મોક્ષમાર્ગ સમજીને, કલ્પીને તેને આરાધવાનું ચાલતું હતું તેમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ નિષ્કારણ કરુણાથી શાસ્ત્રોમાં નિહિત મોક્ષમાર્ગને સ્વયંની અંતરખોજ દ્વારા તથા શ્રુતજ્ઞાનની

લબ્ધિ દ્વારા સત્ય મોક્ષમાર્ગનું સ્વરૂપ ખુલ્લું કર્યું. પૂજ્ય ગુરુદેવશ્રીએ ૪૫ વર્ષ સુધી અનેક પરમાગમો ઉપર પ્રવચનો કર્યા, જેમાં અનેકાનેક સિદ્ધાંતોને પ્રસિદ્ધ કરી આત્મકલ્યાણનો માર્ગ પ્રસિદ્ધ કર્યો. પ્રત્યેક પ્રવચનોમાં આત્માનું મૂળભૂત સ્વરૂપ, નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનું સ્વરૂપ, ક્રમબદ્ધપર્યાયનું સ્વરૂપ, મુમુક્ષુતા, સૈદ્ધાંતિક વસ્તુનું સ્વરૂપ, મુનિદશાનું સ્વરૂપ, નિમિત્ત-ઉપાદાનનું સ્વરૂપ, સર્વજ્ઞનનું સ્વરૂપ ઈત્યાદિ અનેક વિષયોને સ્પષ્ટ કરી ક્યાંય ભ્રાંતિ ન રહે તેવી રીતે પ્રકાશિત કર્યું.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવું એ આ મનુષ્યજીવનનો અમૂલ્ય આનંદસભર અવસર છે. પ્રસ્તુત ગ્રંથમાં અષ્ટપાહુડ ગ્રંથ ઉપર, ઈ.સ. ૧૯૭૪માં ચાલેલ પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવેલ છે. પાંચમા ભાગમાં મોક્ષપાહુડના ૩૨ પ્રવચનોને સમાવિષ્ટ કરવામાં આવેલ છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી., વેબ સાઈટ (www.vitragvani.com), vitragvani app, vitragvanii YouTube channel જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે આ પ્રવચનો પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. આ પહેલા ઈ.સ. ૧૯૭૦-૭૧માં ચાલેલા પ્રવચનો પ્રકાશિત થઈ ચૂક્યા છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને સાદર સમર્પિત કરીએ છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રીમતી પારૂલબેન શેઠ, વિલેપાર્લા, મુંબઈ, શ્રીમતી આરતીબેન જૈન, મલાડ, મુંબઈ, શ્રી અતુલભાઈ જૈન, મલાડ, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com તથા vitragvani app ઉપર ઉપલબ્ધ છે. પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઈતિ શિવમ્.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લા, મુંબઈ



ભગવાનશ્રી કુંદકુંદાચાર્ય દેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે

અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દૃઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા

વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયિના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયિના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયિનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્રવચન ક્રમાંક | તારીખ | શ્લોક/ગાથા | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| ૧૪૯ | ૧૭.૦૫.૧૯૭૪ | મોક્ષપાહુડ ગાથા-૧ થી ૫ | ૦૧ |
| ૧૫૦ | ૧૮.૦૫.૧૯૭૪ | ગાથા-૫-૬ | ૧૩ |
| ૧૫૧ | ૧૯.૦૫.૧૯૭૪ | ગાથા-૬ થી ૯ | ૧૩ |
| ૧૫૨ | ૨૦.૦૫.૧૯૭૪ | ગાથા-૯ થી ૧૨ | ૨૨ |
| ૧૧૭ | ૨૪.૦૨.૧૯૭૪ | ગાથા-૧૩-૧૪ | ૩૩ |
| ૧૧૮ | ૨૫.૦૨.૧૯૭૪ | ગાથા-૧૪ | ૪૪ |
| ૧૧૯ | ૨૬.૦૨.૧૯૭૪ | ગાથા-૧૫-૧૬ | ૫૫ |
| ૧૨૦ | ૦૭.૦૩.૧૯૭૪ | ગાથા-૧૬ થી ૧૮ | ૬૯ |
| ૧૨૧ | ૦૮.૦૩.૧૯૭૪ | ગાથા-૧૮ થી ૨૦ | ૮૩ |
| ૧૨૨ | ૦૯.૦૩.૧૯૭૪ | ગાથા-૨૦ થી ૨૩ | ૯૯ |
| ૧૨૩ | ૧૦.૦૩.૧૯૭૪ | ગાથા-૨૪ થી ૨૬ | ૧૧૪ |
| ૧૨૪ | ૧૧.૦૩.૧૯૭૪ | ગાથા-૨૭ | ૧૨૭ |
| ૧૨૫ | ૧૨.૦૩.૧૯૭૪ | ગાથા-૨૭ થી ૨૯ | ૧૪૧ |
| ૧૨૬ | ૧૩.૦૩.૧૯૭૪ | ગાથા-૨૯ થી ૩૧ | ૧૫૭ |
| ૧૨૭ | ૧૪.૦૩.૧૯૭૪ | ગાથા-૩૨-૩૩ | ૧૭૨ |
| ૧૨૮ | ૧૫.૦૩.૧૯૭૪ | ગાથા-૩૪ થી ૩૭ | ૧૮૫ |
| ૧૨૯ | ૧૭.૦૩.૧૯૭૪ | ગાથા-૩૮ થી ૪૧ | ૧૯૭ |
| ૧૩૦ | ૧૮.૦૩.૧૯૭૪ | ગાથા-૪૧ થી ૪૪ | ૨૧૦ |
| ૧૩૧ | ૧૯.૦૩.૧૯૭૪ | ગાથા-૪૫ થી ૪૮ | ૨૨૦ |
| ૧૩૨ | ૨૦.૦૩.૧૯૭૪ | ગાથા-૪૯ થી ૫૩ | ૨૩૩ |
| ૧૩૩ | ૨૧.૦૩.૧૯૭૪ | ગાથા-૫૩ થી ૫૫ | ૨૪૫ |
| ૧૩૪ | ૨૨.૦૩.૧૯૭૪ | ગાથા-૫૫ થી ૫૭ | ૨૫૭ |

| | | | |
|---|---|---|---|
| ૧૩૫ | ૨૬.૦૪.૧૯૭૪ | ગાથા-૫૮ થી ૬૨ | ૨૭૦ |
| ૮૭ | ૧૩.૦૯.૧૯૭૦ | ગાથા-૬૩ થી ૬૫ | ૨૮૩ |
| ૮૮ | ૧૪.૦૯.૧૯૭૦ | ગાથા-૬૫ થી ૬૯ | ૩૦૦ |
| ૧૩૭ | ૨૮.૦૪.૧૯૭૪ | ગાથા-૬૭ થી ૬૯ | ૩૧૬ |
| ૧૩૮ | ૨૯.૦૪.૧૯૭૪ | ગાથા-૭૦ થી ૭૨ | ૩૨૮ |
| ૧૩૯ | ૦૧.૦૫.૧૯૭૪ | ગાથા-૭૩ થી ૭૬ | ૩૩૬ |
| ૧૪૦ | ૦૨.૦૫.૧૯૭૪ | ગાથા-૭૭ થી ૮૦ | ૩૫૦ |
| ૧૪૧ | ૦૩.૦૫.૧૯૭૪ | ગાથા-૮૧ થી ૮૩ | ૩૬૨ |
| ૯૩ | ૨૦.૦૯.૧૯૭૦ | ગાથા-૮૨-૮૩ | ૩૭૪ |
| ૯૪ | ૨૧.૦૯.૧૯૭૦ | ગાથા-૮૪ થી ૮૬ | ૩૮૬ |
| ૯૫ | ૨૩.૦૯.૧૯૭૦ | ગાથા-૮૬ થી ૮૯ | ૪૦૧ |

શ્રીમદ્ ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિરચિત

# અષ્ટપાહુડ અમૃત

(ભાગ-૫)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી અષ્ટપાહુડ ઉપરના સળંગ પ્રવચનો)

## મોક્ષપાહુડ
## ૬

**વૈશાખ વદ ૧૧, શુક્રવાર તા. ૧૭-૦૫-૧૯૭૪**
**ગાથા - ૧ થી ૫, પ્રવચન - ૧૪૯**

મોક્ષપાહુડની પહેલી ગાથાનો ભાવાર્થ છે. '**યહ મોક્ષપાહુડ કા પ્રારંભ હૈ.**' બાર ગાથા રહી ગઈ હતીને આ. '**યહાં જિનને સમસ્ત પરદ્રવ્ય કો છોડકર...**' જિનને નમસ્કાર કર્યા છે. અરિહંત અથવા સિદ્ધ—બેય. મોક્ષનો અધિકાર છે એટલે ભાવમોક્ષ અને દ્રવ્યમોક્ષ થયો છે એને અહીં નમસ્કાર કર્યા છે. કેવા છે જિન? '**સમસ્ત પરદ્રવ્યકો છોડકર...**' જેને રાગનો વિકલ્પમાત્ર બધું પરદ્રવ્ય છૂટી ગયા છે. એવા '**કર્મ કા અભાવ કરકે...**' એ કેવળજ્ઞાનાનંદ સ્વરૂપ... કેવળજ્ઞાનાનંદસ્વરૂપ—એકલું જ્ઞાન અને આનંદ એવું સ્વરૂપ જેનું '**મોક્ષપદ કો પ્રાપ્ત કર લિયા હૈ,...**' એ મોક્ષપદની વ્યાખ્યા આ. '**કેવલજ્ઞાનાનંદસ્વરૂપ...**' એકલા જ્ઞાન અને આનંદની દશાની પ્રાપ્તિ પૂર્ણ એવા મોક્ષને પ્રાપ્ત કર્યો છે જેણે.

'**ઉસ દેવ કો મંગલ કે લિયે નમસ્કાર કિયા-યહ યુક્ત હૈ.**' આવા દેવને મોક્ષપ્રાભૃતની શરૂઆતમાં એમને નમસ્કાર કર્યો એ બરાબર-વ્યાજબી છે. '**જહાં જૈસા પ્રકરણ વહાં વૈસી યોગ્યતા.**' એમ કહે છે. આ મોક્ષનું પ્રકરણ છે એથી મોક્ષપ્રાપ્તને નમસ્કાર કર્યો છે એમ કહે છે. '**યહાં ભાવ-મોક્ષ તો અરિહંત કે હૈં...**' અરિહંતને ભાવમોક્ષ તો થયો છે. કેવળજ્ઞાન,

કેવળદર્શન, અનંતઆનંદ (તો પ્રગટ થયા છે). હજી ચાર કર્મ બાકી છે એટલે દ્રવ્યમોક્ષ નથી હજી. **'ઔર દ્રવ્ય-ભાવ દોનોં પ્રકાર કે મોક્ષ સિદ્ધ પરમેષ્ઠી કે હૈં,...'** સિદ્ધ પરમેષ્ઠીને તો દ્રવ્ય અને ભાવ બેય રીતે મોક્ષ છે. ભાવમોક્ષ તો છે, પણ આ ચાર કર્મ ટળી ગયા એટલે દ્રવ્યમોક્ષ પણ છે. **'ઈસલિયે દોનોં કો નમસ્કાર જાનો.'** મોક્ષદશા કેવળજ્ઞાનમય, આનંદમય એનો અધિકાર વર્ણવવો છે માટે તેને પ્રાપ્તને અહીંયા નમસ્કાર કર્યો છે. જેને પરદ્રવ્ય છૂટીને સ્વદ્રવ્ય એકલું પર્યાયમાં એકલું નિર્મળ પરિપૂર્ણ રહી ગયું એનું નામ મોક્ષ. મોક્ષ અધિકારમાં એવા મોક્ષ પ્રાપ્તને નમસ્કાર કર્યો છે.

**'આગે ઈસપ્રકાર નમસ્કાર કર ગ્રંથ કરને કી પ્રતિજ્ઞા કરતે હૈં :—'** બીજી ગાથા.

**णमिऊण य तं देवं अणंतवरणाणदंसणं सुद्धं।**
**वोच्छं परमप्पाणं परमपयं परमजोईणं।।२।।**

**'અર્થ :- આચાર્ય કહતે હૈં કિ ઉસ પૂર્વોક્ત દેવ કો...'** પૂર્વોક્ત દેવ કહ્યુંને? **'णमिऊण य तं देवं'** એવા કેવળજ્ઞાન પ્રાપ્ત દેવને મોક્ષ, ભાવ અને દ્રવ્યમોક્ષ પ્રાપ્તને નમસ્કાર કરી **'પરમાત્મા જો ઉત્કૃષ્ટ શુદ્ધ આત્મા...'** પરમાત્મા **'ઉત્કૃષ્ટ શુદ્ધ આત્મા ઉસકો, પરમ યોગીશ્વર જો ઉત્કૃષ્ટ યોગ્ય ધ્યાન કે કરનેવાલે મુનિરાજોં કે લિયે કહૂંગા.'** પરમાત્મા કો કહુંગા એમ કહે છે. પહેલો તો પરમાત્માને નમસ્કાર કર્યો. હવે પરમાત્માનું સ્વરૂપ જે છે એને હું કહીશ એમ કહે છે. **'પરમાત્મા જો ઉત્કૃષ્ટ શુદ્ધ આત્મા ઉસકો, પરમ યોગીશ્વર જો ઉત્કૃષ્ટ યોગ્ય ધ્યાન કે કરનેવાલે...'** એને કહું છું. પરમાત્માનું સ્વરૂપ હું કહીશ. કોને? જેને આત્માના ધ્યાનમાં જેની લગની લાગી એવા મુનિઓને પરમ યોગીને માટે આ પરમાત્માનો અધિકાર કહીશ. એમ કહે છે.

**'કૈસા હૈ પૂર્વોક્ત દેવ?'** પાછી દેવની વ્યાખ્યા (કરે છે). **'જિસકે અનંત ઔર શ્રેષ્ઠ જ્ઞાન-દર્શન પાયા જાતા હૈ, વિશુદ્ધ હૈ-કર્મમલ સે રહિત હૈ, જિસકા પદ પરમ ઉત્કૃષ્ટ હૈ.'** મોક્ષ. આ મોક્ષની દશાની—પરમાત્મદશાની વાત સંતોને માટે, મુખ્યપણે સંતોને માટે (કહે છે). લાયકાત છેને? ગૌણપણે ગૃહસ્થ છે, પ્રધાનપણે તો મુનિ છે. પ્રધાનપણું કહ્યું છેને એમાં? અર્થમાં કરશે.

**'ભાવાર્થ :- ઈસ ગ્રંથમેં મોક્ષ કો જિસ કારણ સે પાવે...'** એમ. મોક્ષ-આત્માના પરમ આનંદનો લાભ જે કારણથી પામે **'ઔર જૈસા મોક્ષપદ હૈ,...'** એમ. વર્તમાન મોક્ષનું કારણ અને જેવું મોક્ષપદ (છે) **'વૈસા વર્ણન કરેંગે,...'** મોક્ષનું વર્ણન અને મોક્ષ પામવાના કારણનું વર્ણન. **'ઈસલિયે ઉસી રીતિ ઉસી કી પ્રતિજ્ઞા કી હૈ.'** એ રીતે એની પ્રતિજ્ઞા કરી. મોક્ષને કહીશ અને મોક્ષના ઉપાયને પણ કહીશ. **'યોગીશ્વરોં કે લિયે કહેંગે,...'** એમ

કહ્યુંને? મૂળ તો મુનિ ધ્યાનીને આત્મામાં અંતર્લીન થવાની ઘણી યોગ્યતા છે. '**યોગીશ્વરોં કે લિયે કહેંગે, ઈસકા આશય યહ હૈ કિ ઐસે મોક્ષપદ કો શુદ્ધ પરમાત્મા કે ધ્યાન દ્વારા પ્રાપ્ત કરતે હૈં,...**' એવા મોક્ષપદને એટલે પરમ જ્ઞાનાનંદ પર્યાયની પ્રાપ્તિને '**શુદ્ધ પરમાત્માકે ધ્યાન કે દ્વારા...**' એ શુદ્ધ પરમાત્મ પોતાનું સ્વરૂપ છે એના ધ્યાન દ્વારા '**પ્રાપ્ત કરતે હૈં,...**' લ્યો! મોક્ષને પ્રાપ્ત કેમ કરે એ પણ વાત કરી. એ પરમસ્વરૂપ ભગવાન આત્મા પરમાત્મા તેનું ધ્યાન કરીને પરમાત્મપદ પ્રાપ્ત કરે છે. કોઈ ક્રિયાકાંડથી, વ્રત-નિયમથી એ કાંઈ મોક્ષ પ્રાપ્ત થતો નથી.

મુમુક્ષુ :- વ્રત-નિયમથી ન થાય એમ આવ્યું નથી.

ઉત્તર :- એમ આવ્યુંને પણ. આનાથી થાય છે અને ઓલાથી થતું નથી. વ્યવહાર વ્રત. વ્રત, તપ, દાન, દયા, પૂજા, ભક્તિ.

મુમુક્ષુ :- બધાયથી થાય છે.

ઉત્તર :- એ થાય છે કહે છે, હવે શું થાય પણ એને બિચારાને. એને ઓલું આકરું લાગે કે અંદર એકદમ આત્મા... એવી રાગની ક્રિયાથી ન મળે તો કરવાનું તો એ છે, એમ. પણ એ કરવાની જ વાત નથી. રાગના વિકલ્પથી ભિન્ન પડીને પરમાત્મસ્વરૂપ પોતાનું અંતરાત્માનું, બહિરાત્માને છોડી અંતરાત્માનું ધ્યાન કરીને પરમાત્મપદ પ્રાપ્ત કરે છે. બીજું શું થાય?

મુમુક્ષુ :- એકલા ધ્યાનના સાધનો, દ્રવ્ય સાધનો...

ઉત્તર :- એ સાધન જ ક્યાં હતા? એ તો કહ્યું નથી? ઓલામાં કહ્યું છે. 'જે જે સાધક છે તે તે ત્યાં બાધક છે.' કહ્યું છેને? સમયસાર નાટક. આહાહા..!

મુમુક્ષુ :- એ તો પંડિતે કીધું છે...

ઉત્તર :- પંડિતે કહ્યું છે તો ન્યાયથી કહ્યું છેને. ન્યાયથી ગમે તે કહેને. બાળક હોય આઠ વર્ષનો સમકિતી એ ન્યાયથી કહે તો માન્ય રાખે. એમાં શું છે? આહાહા..! વિકલ્પમાત્ર સાધક ક્યાંક કહ્યો હોય તો એ બાધક છે. એમ. વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે એમ આવે છેને, આવે છે. એ તો બધી વાતું વ્યવહારની જાણવાની વાત છે.

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી બિરાજમાન પરમાત્મસ્વરૂપ પોતે એનું ધ્યાન, એમાં એકાગ્રતાથી અનંત આનંદ અને જ્ઞાનની પ્રાપ્તિરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે. એમાં ત્રણે વાત કરી. એક તો પોતે શુદ્ધ પરમાત્મા પોતે છે એનું ધ્યાન કરવાથી મોક્ષનો માર્ગ થાય છે અને એની પૂર્ણ પ્રાપ્તિથી મોક્ષ થાય છે. આહાહા..! વાત તો આ છે. ગમે તે પછી લાખ વાત કરે. ચરણાનુયોગમાં આવે બધી વાતું. એવો ઉચિત વ્યવહાર કેવો છે એવું જણાવ્યું છે. વ્યવહારનયથી

એમાં કહ્યું છે, 'કરે' એમ કહ્યું છે. આહાહા..!

'**ઉસ ધ્યાનકી યોગ્યતા યોગીશ્વરોં કે હી પ્રધાનરૂપ સે પાઈ જાતી હૈ,...**' જોયું! અર્થ એવો કર્યો. ઓલાએ તો એવો અર્થ કર્યો, ધ્યાનની યોગ્યતા મુનિને જ હોય, ગૃહસ્થને હોતી નથી. આહાહા..! ટીકાકાર. છેને બે? આમ તો ન આવ્યું? યોગસારમાં ન આવ્યું? કેટલામોં શ્લોક? ૧૭ અને ૬૫ બે. ગૃહસ્થ પણ ધ્યાન કરે. શું શબ્દ છે? ગૃહકામ કરતા થકા. એવું આવે છે. આત્માનું ધ્યાન કરે છે. અહીં તો મુખ્યપણાની વાત લીધી છે. ગૃહસ્થોને પણ આવે છે. એ '**ધ્યાનકી યોગ્યતા યોગીશ્વરોં કે હી પ્રધાનરૂપ સે પાઈ જાતી હૈ, ગૃહસ્થોં કે યહ ધ્યાન પ્રધાન નહીં હૈ.**' એમ વાત બરાબર છે. મુખ્યપણું એને નથી. ચોથે ગુણસ્થાનથી જ નિર્વિકલ્પ ધ્યાન શરૂ થાય છે. આહાહા..! ભલે નિર્વિકલ્પ ઉપયોગ કોઈ વખતે હો, પણ થાય છેને? ચોથા ગુણસ્થાનમાં, પાંચમાં ગુણસ્થાનમાં નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગ થાય છે. આહાહા..! એની પ્રધાનતા નથી, પ્રધાનતા મુનિઓને છે ધ્યાનની, એમ કહે છે. આ જયચંદ્ર પંડિતે તો જેવું છે એમ બરાબર (કથન કર્યું છે). ઓલા ખેંચે (કે) ગૃહસ્થોને હોય નહિ. એ તો મુનિપણાની ધ્યાનની યોગ્યતા ગૃહસ્થને ન હોય એમ છે. એમ ન હોય. આહાહા..! એને જે ધ્યાન અંદર ત્રણ કષાયના અભાવથી થયું, એ આત્મામાં જમવટ જામી જાય... આહાહા..! એવું ધ્યાન આને ન હોય, બસ એટલી વાત. એથી જયચંદ્ર પંડિતે કહ્યુંને, '**યોગીશ્વરોં કે લિયે હી પ્રધાનરૂપ સે પાઈ જાતી હૈ,...**' ધ્યાનની યોગ્યતા. '**ગૃહસ્થોં કે યહ ધ્યાન પ્રધાન નહીં હૈ.**' પ્રધાન નથી પણ ગૌણપણે છેને એને? આહાહા..! બે ગાથા એમ આવે છે યોગસારમાં.

આત્મા વસ્તુસ્વરૂપ આખું, જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ વસ્તુ છેને ઈ? એની જ્યાં સમ્યગ્દૃષ્ટિ થઈ, ત્યારે એ સમ્યગ્દર્શન ધ્યાનમાં તો પમાય છે. એમ નથી આવ્યું? '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**' જુઓ! બધે છે. ત્રણ ભક્તિ નથી દર્શન-જ્ઞાન-ચારિત્રની? શ્રાવકને ભક્તિ છે. આહાહા..! દર્શન-જ્ઞાન-ચારિત્રની પણ દશા ગૃહસ્થને છે. નિશ્ચયભક્તિ છે, એમ કહ્યું છે લ્યો! કુંદકુંદાચાર્યે પોતે કહ્યું છે.

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિ પોતે નિશ્ચયદૃષ્ટિ છે.

ઉત્તર :- હા, આ તો એમ કે ત્રણની છે ત્યાં તો. ત્રણેની છે. આત્મામાં પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેની એકાગ્રતા અને શુદ્ધતા છે. ચંદુભાઈ! આવે છે? નિયમસારમાં. ભક્તિ અધિકાર. બેયને. શ્રાવકને અને મુનિને બેયને કહ્યું છે. આ મૂળ વાત આખી પડી રહી એટલે લોકોને આકરું લાગે છે.

બે સાધુ આજે આવ્યા હતા, દેરાવાસી. હું દિશા જઈને આવું ત્યાં ઊભા રહ્યા બધા.

પીપળિયાથી આવતા હશે. વહેલા નીકળ્યા હશે. ઊભા રહ્યા હું આવું ત્યાં સુધી. શું નામ? નેમિસાગર, નહિ? નેમવિજય. આવ્યા. જોવા ગયા, જોયું. ... આ ૩૨ સૂત્રનું આગમ સ્થાપ્યું છેને? ... કીધું, ના, ના એ તો દિગંબરના આગમ છે. એ જાણે કે આ સ્થાનકવાસીમાંથી આવ્યાને, સ્થાનકવાસીના નથીને? ૩૨ સૂત્ર કહ્યા છે. ત્યાં ઓલા ૪૫ કહ્યા છે એમ. પણ મધ્યસ્થ હતા. ... આજે આવ્યા હતા. છેલ્લે આવી ગયા અંદર.

અરે! ભાઈ! કોઈપણ પ્રાણી પ્રત્યે પણ આવો વિચાર એને (ન હોય). મધ્યસ્થી એને માણસને વેરી દેખે કે આ તો આવો છે એવું કાંઈ કારણ છે? દૃષ્ટિ ભલે ફેર હોય પણ માણસ પ્રત્યે પ્રેમથી, પ્રેમથી મળવું, વાતચીતમાં વાંધો શું છે? અહીં શું વધે? ... કીધું, માર્ગ તો આ છે સમ્યગ્દર્શનનો. એ વાત કાને નથી પડી. ... અરે! ભગવાન! ગમે તે ત્યાગી બહારથી થયા પણ એને બિચારાને... વસ્તુ તો આ કરવાની છેને? આત્મા અખંડ આનંદમૂર્તિ પ્રભુ એનું ધ્યાન મુખ્યપણે તો... ધ્યાનમાં તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પમાય છે. આહાહા..! ...

'**ગૃહસ્થોં કે યહ ધ્યાન પ્રધાન નહીં હૈ.**' જયચંદ્ર પંડિતે તો બહુ સરસ .. અર્થ. મધ્યસ્થી. આણે... શું નામ? શ્રુતસાગર. (ઈ કહે), ગૃહસ્થને ધ્યાન હોય નહિ. જાઓ!

મુમુક્ષુ :- એનો અર્થ એમ થયો કે...

ઉત્તર :- શું એનો અર્થ? ... આહાહા..! પરની ભક્તિ એ કંઈ મોક્ષનો માર્ગ છે? આહાહા..!

'**આગે કહતે હૈં કિ જિસ પરમાત્મા કો કહનેકી પ્રતિજ્ઞા કી હૈ...**' પરમાત્મસ્વરૂપની પ્રતિજ્ઞા કરી છે કે પરમાત્મા કેવા હોય. '**ઉસકો યોગી ધ્યાની મુનિ જાનકર ઉસકા ધ્યાન કરકે પરમ પદ કો પ્રાપ્ત કરતે હૈં -**'

**जं जाणिऊण जोई जोअत्थो जोइऊण अणवरयं।**
**अव्वाबाहमणंतं अणोवमं लहइ णिव्वाणं।।३।।**

'**અર્થ :- આગે કહેંગે પરમાત્મા કો જાનકર...**' પરમાત્મા પોતે શુદ્ધ ચૈતન્ય આનંદઘનસ્વરૂપ. આહાહા..! અંતર સ્વરૂપ એ પરમસ્વરૂપ છે પરમ શુદ્ધ ચૈતન્ય. પરમ ધ્રુવસ્વરૂપી પરમસ્વરૂપ છે. પરમપારિણામિક સહજસ્વભાવ, જેને સહજાત્મસ્વરૂપ કહીએ તે એ છે. આહાહા..! એવા જાણીને. એવો પોતાનો ભગવાન સહજાત્મસ્વરૂપ સ્વભાવિક વસ્તુ અનંત જ્ઞાનદર્શન આદિ ગુણથી સંપન્ન એવા '**પરમાત્માકો જાનકર યોગી (મુનિ) યોગ (ધ્યાન)મેં સ્થિત હોકર નિરંતર ઉસ પરમાત્મા કો અનુભવગોચર...**' બસ, આ પાઠ છે. '**जोइऊण**' એટલે દેખીને એમ. '**जं जाणिऊण जोई जोअत्थो जोइऊण अणवरयं दष्टवा अणोवमं**' નિરંતર તેવા ભગવાન અંદર આત્માના સ્વરૂપનું ધ્યાન કરે. '**जोइऊण**' છેને ત્રીજો શબ્દ?

'जाणिऊण जोई जोअत्थो जोइऊण' આટલા તો એક સાથે જ-જ શબ્દ પડ્યા છે. 'जं' એક શબ્દ આવ્યો એ 'જ' આવ્યો 'जाणिऊण' બીજો 'જ' 'जोइऊण' ત્રીજો 'જ' 'जोअत्थो' ચોથો, 'जोइऊण' પાંચમો. પાંચ તો 'જ' આવ્યા. 'जं जाणिऊण' જેને જાણીને. 'जोई' એટલે અંતરના સ્વરૂપમાં જોડાણ કરનાર, 'जोअत्थो' નામ ધ્યાનમાં સ્થિત. 'जोअत्थो' એટલે ધ્યાનમાં સ્થિત. 'जोइऊण' એટલે વસ્તુને દેખીને. 'दृष्टवा' ત્રિકાળ પરમાનંદ સ્વરૂપ છે તેને દેખીને. ઓલું 'जाणिऊण' અને દેખીને બે નાખ્યા. 'जाणिऊण' શબ્દ છેને પહેલો? 'जाणिऊण' અને 'दृष्टवा' એમ. આહાહા..!

એ પરમ શુદ્ધસ્વરૂપ ભગવાન આત્મા એને જાણીને મુનિ પોતાના સ્વરૂપમાં સ્થિત થઈને નિરંતર. 'अणवरयं' આહાહા..! મુનિ છેને એને તો નિરંતર એ જ ધ્યાન હોય છે. આહાહા..! હવે અત્યારે કહે છે, શુભયોગ જ હોય. શુદ્ધ હોય જ નહિ અત્યારે, એમ કહે છે. આહાહા..! અહીં તો કહે છે કે મુનિને તો શુદ્ધ ધ્યાન જ હોય. એ 'अणवरयं' નિરંતર આનંદસ્વરૂપ ભગવાન આત્મા એમાં સ્થ-ધ્યાનમાં રહીને, નિરંતર તેનું ધ્યાન કરે. આહાહા..! '**નિરંતર ઉસ પરમાત્મા કો અનુભવગોચર કરકે...**' આનંદસ્વરૂપના અનુભવમાં એને ગમ્ય કરીને. આહાહા..! એ પરમાનંદસ્વરૂપ પરમાત્મા પોતે ધ્રુવ એને જાણીને, એમાં જોડાણ કરીને, એમાં સ્થિર થઈને, એને દેખીને નિરંતર તેનું ધ્યાન કરે. આહાહા..! અમૃત રેડ્યા છે એકલા. આ તો સમજાય એવું છે, નથી સમજાય એવું નથી.

'जं जाणिऊण' જેને જાણીને જાણનારમાં એકાગ્ર થયો છે એમ કહે છે. જેને જાણીને જાણનાર જોગી એટલે એમાં એકાગ્ર થયો છે અને એમાં સ્થિત છે, એને દેખીને નિરંતર... આહાહા..! '**પરમાત્માકો અનુભવગોચર કરકે...**' પરમાત્મ પોતાનું સ્વરૂપ છે તેને અનુભવગમ્ય કરીને. અરે! આવી વાતને... આહાહા..! આમાં ક્યાં ઝઘડા છે? આમાં વાદવિવાદ ક્યાં? આ વસ્તુની સ્થિતિ જ આવી છે. એમાં કોઈને દેખાડવું છે, કોઈ આ દેખે તો મારી આ ચીજ રહે એવું અહીં તો કંઈ નથી. તું તને દેખ એમ કહે છે. આહાહા..! કહો, ચંદુભાઈ! આહાહા..! અમને આવડે છે આ વાત. તમે જાણો કે અમને આ આવડે છે. એ તો આવ્યું નહિ અહીં કાંઈ. પોતાને જાણીને, પોતાને દેખીને, પોતામાં એકાગ્ર થઈને નિરંતર ધ્યાન કરીને પરમાત્મપદને પામે. આ વાત છે લ્યો! આહાહા..!

'**કૈસા હૈ નિર્વાણ?**' એની વ્યાખ્યા કરે છે હવે. મોક્ષ-મોક્ષ. આત્માની પૂર્ણ આનંદદશા, પૂર્ણ કેવળજ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ વીર્ય. આઠ ગુણ જે પર્યાય વ્યવહારે. નિશ્ચયથી અનંતગુણની નિર્મળ પર્યાય. કેવો છે મોક્ષ? '**અવ્યાબાધ હૈ, જહાં કિસી પ્રકારકી બાધા નહીં હૈ.**' બાધા શેની? વિઘ્ન હતા એ તો ટાળ્યા છે. આહાહા..! આત્માના અંતર સ્વરૂપ આનંદનો

નાથ પ્રભુ, એના ધ્યાન કરીને અનિષ્ટનો તો નાશ કર્યો છે. આહાહા..! એને વિઘ્ન શું હવે હોય? ઈષ્ટની તો પ્રાપ્તિ કરી છે. આવે છેને પ્રવચનસાર? અનિષ્ટનો નાશ કરીને ઈષ્ટની પ્રાપ્તિ (કરી છે). અનિષ્ટ કોઈ પરચીજ નથી. વિકારી ભાવ તે અનિષ્ટ છે. એને પોતાના પરમાત્મસ્વરૂપને જાણી-દેખી નિરંતર ધ્યાનમાં રહેવું ઈષ્ટ જે નિર્મળપણું પ્રાપ્ત કર્યું. હવે એને વિઘ્ન શું? આહાહા..! આનું નામ મોક્ષ અને આનું નામ પરમાત્મદશા એની. મુનિને ધ્યાન કરીને પામવાયોગ્ય હોય તો આ છે એમ કહે છે. આહાહા..!

અવ્યાબાધ. '**અનંત હૈ—જિસકા નાશ નહીં હૈ.**' જે પરમાત્મપદશા, મોક્ષદશા પ્રાપ્ત થઈ એનો હવે નાશ નથી. આહાહા..! ઓલામાં નથી આવતું? પ્રવચનસાર. વ્યય વિનાનો ઉત્પાદ. કેવળજ્ઞાન-દર્શનની ઉત્પત્તિ એ વ્યય વિનાનો ઉત્પાદ. હવે એનો વ્યય ન થાય. એઈ..! ઉત્પાદ વિનાનો વ્યય. સંસારનો ઉત્પાદ હવે ન હો. આહાહા..! કહે છે કે '**જિસકા નાશ નહીં હૈ.**' '**अव्वाबाहमणंतं**'. વર્તમાન કોઈ અનિષ્ટ રહ્યું નથી અને જેનો ઈષ્ટ છે તેનો હવે નાશ થતો નથી. આહાહા..! '**अणोवमं**' '**અનુપમ છે,...**' આહાહા..! ભગવાન આત્માના ધ્યાનથી પરમાત્મદશા જે પ્રગટ થાય એને ઉપમા શું હોય? અનુપમ... અનુપમ... અનુપમ... નિરૂપમ. નિરૂપમ વિજય ... ઓલા આવ્યા હતાને .. નહિ? ઓલા આવ્યા હતા. શું નામ? નિરૂપમવિજય. નિરૂપમવિજય તો પરમાત્મા ... છે. ઉપમા વિનાનો. આહાહા..! ત્રણ નહોતા આવ્યા? બેઠા હતા. .. આવે. બહારનું દેખેને તો આહાહા..! આવા સોનગઢમાં આવું ... આહાહા..! તારો મહેલ અંદર પડ્યો છે મોટો. આહાહા! અનંત-અનંત શાંતિ અને અનંત સ્વચ્છતા અને અનંત પ્રભુતા એવા ભાવથી ભરેલું પરમાત્મતત્ત્વ તારું તેનું ધ્યાન કરીને, આ એનો ઉપાય એમ કહે છે, મોક્ષપદને પામે. એ પદ એવું છે કે અવ્યાબાધ, અનંત અને નિરૂપમ છે. આહાહા..!

'**જિસકો કિસીકી ઉપમા નહીં** લગતી હૈ.' આહાહા..! આત્માની પરમાત્મદશા પ્રાપ્ત થાય, મોક્ષદશા થાય એને ઉપમા કોની છે? ભાઈ! એવી તો એની દશાનું સ્વરૂપ છે, પરમાત્મદશાનું. એના ધ્રુવના સ્વરૂપની તો શું વાતું કરવી? ધ્રુવ સ્વરૂપ. પૂર્ણ સ્વરૂપ-પૂર્ણ સ્વરૂપ વસ્તુ એના ધ્યાનથી પ્રગટેલી દશા અવ્યાબાધ, અનંત અને અનુપમ છે. આહાહા..! એના ધ્રુવ સ્વરૂપનું શું કહેવું? જેની એક સમયની પર્યાય આવડી, જેને વિઘ્ન નહિ, અનંતતા અને અનુપમ. આહાહા..! પરમાત્માના ધ્યાનમાં આનું ધ્યાન કરીને આવા પદને પામે છે, એમ કહે છે અહીં. આ રખડવાના ભવો તો ઘણાં મળ્યા અનંતા. આહાહા..! મોટા શેઠિયા થયા, આબરૂ મોટી કાઢી, નાક લાંબા મોટાના કરીને મરીને ગયા ઢોરમાં પાછા. આહાહા..! ધર્મ વિના તો ઘણા ઢોરમાં જશે. જરી કડક શબ્દ છે. ગઢડાના ભુરાભાઈ આવ્યા હતાને. ગૃહસ્થ

હતા. ઘણા બધા પૈસાવાળા લાખોપતિ ને કરોડોપતિ જેને ધર્મની કાંઈ પડી નથી, એ બધા મરીને ઘણાં તો ઢોરમાં જવાના. ...ભાઈ! તિર્યંચની સંખ્યા ઘણી. ... આર્ય માણસો માસ, દારૂ ન લેતા હોય એ દેવ અને મનુષ્યમાં .. મમતા, મમતા, મમતા. આહાહા..! મમતાના કાર્યના ફળ તિર્યંચના છે. ... નિગોદથી માંડીને પંચેન્દ્રિય તિર્યંચ કહેવાય છે. સંખ્યા મોટી છે. અને પંચેન્દ્રિય તિર્યંચની સંખ્યા મોટી છે દેવ કરતાં નિગોદના જીવની તો અનંત છે એની તો વાત શું કરવી?

જેણે ભગવાન આત્માને સંભાર્યો નથી, સંભાળ્યો નથી. આ બધા સંભાળો ને સંભાળવામાં બહારના પદાર્થોની મમતા ... અત્યંત અક્ષને ઇન્દ્રિયોને માનનારા બહિરાત્મા ... પાંચમી ગાથા. આહાહા..! એટલે? કે આ પાંચ ઇન્દ્રિય જે ખંડ ખંડ છેને? એ જડ ઇન્દ્રિય છે અને એનાથી જણાય એવા પદાર્થો એને માનનારા. અણીન્દ્રિય વસ્તુ તો હાથ આવતી નથી. બીજા ઇન્દ્રિયોથી જાણવામાં કામ આવે છેને. અહીંથી આ જાણે, આ જાણે (એટલે) એ આત્મા એમ. ઇન્દ્રિયોથી જણાય એવો એ આત્મા. એથી ઇન્દ્રિયોથી અંદર ભાવઇન્દ્રિયથી જણાય એ આત્મા, દ્રવ્યેન્દ્રિય આત્મા અને એનાથી જણાય આ બાહ્ય પદાર્થ. એ રીતે ત્રણ લીધા છેને ત્યાં? '**जो इंदिये जिणित्ता**' આહાહા..! જુઓ! કુંદકુંદાચાર્યનું છે અને આ પણ કુંદકુંદાચાર્યનું છે. ...

અહીં કહે કે ઇન્દ્રિયો છે પાંચ આ જડ, એનાથી આમ જ્ઞાન થાય છે, થાય છે તો પોતાના ઉઘાડથી ભાવઇન્દ્રિયથી પણ એ ભાવઇન્દ્રિય છે. એમાં એને એનામાં જાણવામાં આવે તો શું આવે? આ બાહ્ય પદાર્થ. એ ચીજ બાહ્ય પદાર્થ. આ ઇન્દ્રિય, આ ઇન્દ્રિય, ભાવેન્દ્રિય, જડ ઇન્દ્રિય અને આ—એને આત્મા માને તે બહિરાત્મા છે. ઇન્દ્રિયોથી આ બાહ્ય પદાર્થની, જુવાન શરીરની અવસ્થા, ફાટેલ અવસ્થા... આહાહા..! એ ઇન્દ્રિયોથી જણાય. અને એમાં આવે છે હરખ એને એ માને છે. આહાહા..!

કુંદકુંદાચાર્યની શૈલી અલૌકિક કથની! ઊંચી ભાષા, ભાવ મોટો, સમાડે એટલું બધું એમાં આહાહા..! ઇન્દ્રિયોને માનનારા બહિરાત્મા છે. એટલે શું? ઇન્દ્રિયોથી જાણવું થાય (છે) એથી એને એમ થઈ ગયું કે આ ઇન્દ્રિયોથી જાણવું થાય છેને તે હું. આહાહા..! અને ઇન્દ્રિયોથી જાણવામાં આવે આ પદાર્થ. ભગવાન તો હાથ આવે નહિ એમાં. એ પુદ્ગલ એની વિભાવિક, વિભાવિક પર્યાય છે. જે થાય છે એ બધી વિભાવિક પર્યાય છે. એક ફેરી નાગનેશના સ્મશાનમાં... છેને બહાર સ્મશાન? શું કહેવાય? ... બપોરનો અપવાસ કરીને ... આવ્યા હતાને. ત્યાં ઊભો હતો આમ. ઘણાં વર્ષ થયા. શું દેખાય છે? ... વિભાવિક પર્યાય છે. મૂળ દ્રવ્ય તો દેખાતું નથી. મૂળ દ્રવ્ય તો અણીન્દ્રિય છે. રજકણ પણ અણીન્દ્રિય છે. આહાહા..! જણાય છે આખી દુનિયા એ વિભાવિક, પુદ્ગલની વિભાવિક પર્યાય છે. ચંદુભાઈ! એ તો ઇન્દ્રિયનો

વિષય છે. આહાહા..! ઇન્દ્રિયથી થતું જ્ઞાન અને ઇન્દ્રિયથી જોવાતા પદાર્થ એથી તે ઇન્દ્રિયોને જ પોતાની માને છે એમ. એ આ વસ્તુને જ પોતાની માને છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આ તો અનુપમ. '**કિસીકી ઉપમા નહીં લગતી હૈ.**' એવી પરમાત્મદશા. આહાહા..!

'**ભાવાર્થ :- આચાર્ય કહતે હૈં કિ ઐસે પરમાત્માકો આગે કહેંગે જિસકે ધ્યાનમેં મુનિ નિરંતર અનુભવ કરકે...**' અંતરના આનંદસ્વરૂપનું નિરંતર ધ્યાન કરીને '**કેવલજ્ઞાન પ્રાપ્ત કર...**' કેવળજ્ઞાન એકલી પર્યાય પૂર્ણ. '**નિર્વાણકો પ્રાપ્ત કરતે હૈં.**' આહાહા..! મોક્ષને પ્રાપ્ત થાય છે. '**યહાં યહ તાત્પર્ય હૈ કિ પરમાત્મા કે ધ્યાનસે મોક્ષ હોતા હૈ.**' લ્યો! પરમાત્મા એટલે પોતે હોં પૂર્ણ સ્વરૂપ. એનું અંતર ધ્યાન કરવાથી નિર્વાણ થાય છે, મોક્ષ થાય છે.

હવે '**આગે પરમાત્મા કૈસા હૈ ઐસા બતાને કે લિયે આત્મા કો તીન પ્રકાર કા દિખાતે હૈં -**' આત્માની ત્રણ પ્રકારની અવસ્થાઓ—દશાઓ દેખાડે છે.

**तिपयारो सो अप्पा परमंतरबाहिरो हु देहीणं।**
**तत्थ परो झाइज्जइ अंतोवाएण चइवि बहिरप्पा।।४।।**

એટલામાં ત્રણે સમાડી દીધા.

આહાહા..! જ્ઞાનાનંદે પૂર્ણ પાવનો વર્જિત સકળ ઉપાધિ સુજ્ઞાની. આનંદઘનજીમાં આવે છે. જ્ઞાનાનંદે પૂર્ણ પાવનો વર્જિત સકળ ઉપાધિ.

'**અર્થ :- વહ આત્મા પ્રાણિયોં કે તીન પ્રકાર કા હૈ; અંતરાત્મા,...**' પહેલા એમ લીધું. ત્યાં પરમ છે નહિતર. પરમાત્મા, અંતરાત્મા અને બહિરાત્મા, એમ. આત્માની ત્રણ પ્રકારની દશા, આત્મા ત્રણ પ્રકારના. એક પરમાત્મા, એક અંતરાત્મા, એક બહિરાત્મા. '**અંતરાત્મા કે ઉપાય દ્વારા...**' પછી તો પાઠ છે એ '**अंतोवाएण**'. અંતર ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્ય એનું જ્ઞાન અને ભાન કરી, એના ઉપાય દ્વારા '**બહિરાત્મપનકો છોડકર...**' રાગાદિ મારા છે એવી બુદ્ધિ છોડીને, વસ્તુ શુદ્ધ ચૈતન્યઘન છું એવો અનુભવ કરીને '**પરમાત્મા કા ધ્યાન કરના ચાહિયે.**' લ્યો! આહાહા..!

અંતરાત્માના ઉપાય દ્વારા... આ શબ્દ છે. અંતર સ્વરૂપ ભગવાન શુદ્ધ ચૈતન્ય આનંદ એના ઉપાય દ્વારા '**બહિરાત્માકો છોડકર...**' રાગ અને શરીરની એકતાબુદ્ધિ છોડીને પરમાત્માને પ્રાપ્ત કરે છે. આહાહા..! બહુ ટૂંકું. '**અંતરાત્મા કે ઉપાય દ્વારા...**' છે? પાઠમાં છે? '**अंतोवाएण**' '**अन्तरुपायेन**' ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વરૂપ એનો અંતર ઉપાય—એને અનુભવીને એ દ્વારા બહિરાત્માને છોડીને. ઇન્દ્રિય, ખંડ ઇન્દ્રિય, જડ ઇન્દ્રિય આદિ છોડીને પરમાત્માના પદને પ્રાપ્ત કરે છે. આહાહા..! ઘરની વાત ઘરમાં જવાની આકરી પડે એને. બહારમાં ભમે

છેને. એમાંથી કાંઈક કહો તો એને ઠીક લાગે.

મુમુક્ષુ :- અનાદિનો કરે છે.

ઉત્તર :- ઈ જ ધર્મ છે એમ. ધર્મને સમજતા નથી. આને ધર્મ ન કહીએ, ધર્મને સમજતા નથી. ઓહો..હો..! એ જેટલી ક્રિયાઓ છે રાગની એને પોતાની માનવી એનું નામ બહિરાત્મા છે, અહીં તો કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બહિર તત્ત્વ વસ્તુમાં ક્યાં છે? આહાહા..! બહિરાત્મા દ્વારા અંતરાત્માને પ્રાપ્ત થાય એમ કહે છે. અહીં કહે (છે), '**અંતરાત્મા કે ઉપાય દ્વારા બહિરાત્મપન કો છોડકર પરમાત્મા કા ધ્યાન કરના ચાહિયે.**' આહાહા..! પરમાત્માનું ધ્યાન કરવું, પૂર્ણ સ્વરૂપનું ધ્યાન કરવું.

'**ભાવાર્થ :- બહિરાત્મપન કો છોડકર...**' એ ઈન્દ્રિય અને ઈન્દ્રિયથી જણાતા પદાર્થો. દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય (અને) જણાતા પદાર્થો બધાય મારા નથી. એ બધા મારા માન્યા હતા એ મારા નથી, એને છોડી દઈને. '**અંતરાત્મારૂપ હોકર...**' શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્મા પવિત્ર છે એમ દૃષ્ટિ, જ્ઞાનમાં પવિત્રપણું લાવીને અંતરાત્મા ... પવિત્રની દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા એવી પવિત્રપણાની પર્યાયને પ્રાપ્ત કરીને '**પરમાત્મા કા ધ્યાન કરના ચાહિયે,...**' એમાં સ્થિર થઈને પૂર્ણ સ્વરૂપની પ્રાપ્તિના ધ્યેયે આત્માનું ધ્યાન કરવું જોઈએ. આહાહા..! '**ઈસસે મોક્ષ હોતા હૈ.**' એનાથી આત્માને પૂર્ણ આનંદની દશા મોક્ષ (પ્રાપ્ત થાય છે). ફરીને એને સંસાર ઉત્પન્ન ન થાય અને ઉત્પન્ન થયેલો મોક્ષ એનો વ્યય ન થાય, આહાહા..! એવી દશાને એ પ્રાપ્ત કરે છે.

'**આગે તીન પ્રકાર કે આત્મા કા સ્વરૂપ દિખાતે હૈં** –' લ્યો!

**अक्खाणि बाहिरप्पा अंतरअप्पा तु अप्पसंकप्पो।**
**कम्मकलंकविमुक्को परमप्पा भण्णए देवो।।५।।**

નિર્ણય. સંકલ્પનો અર્થ નિર્ણય. ત્રણની વ્યાખ્યા.

'**અર્થ :- અક્ષ અર્થાત્ સ્પર્શન આદિ ઈન્દ્રિયાં...**' આ સ્પર્શ, આ જોવાને આંખ, ગંધ, રસ, સ્પર્શ, કાન. પાંચ ઈન્દ્રિયો જડ. '**વહ તો બાહ્ય આત્મા હૈ,...**' અક્ષ સ્પર્શ ઈન્દ્રિય આદિ તો બાહ્ય આત્મા. લ્યો ઠીક! ૩૧મી ગાથા પણ કુંદકુંદાચાર્યની અને આ ગાથા પણ કુંદકુંદાચાર્યની. આશય તો એક જ કહેવો છે. ભાવેન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય, એનો વિષય બધા ઈન્દ્રિયો છે. એ ઈન્દ્રિયોને પોતાની માનવી એનું નામ બહિરાત્મા છે. આહાહા..! એમાં તો દેવ, ગુરુ અને શાસ્ત્ર પણ આવ્યા. ઈન્દ્રિયમાં આવ્યા ઈ. એને પણ એનાથી લાભ થશે

માનવું ઈ પરને પોતાનું માન્યું છે. એ ઈન્દ્રિયોને જ એણે આત્મા માન્યો છે એમ કહે છે.

'**સ્પર્શન આદિ પાંચ ઈન્દ્રિયાં...**' આ કાન, આંખ, નાક, જીભ અને સ્પર્શ એ તો બાહ્ય આત્મા છે. ઈન્દ્રિયો એ જ બાહ્ય આત્મા એમ કહ્યું. આહાહા..! '**ક્યોંકિ ઈન્દ્રિયોં સે સ્પર્શ આદિ વિષયોં કા જ્ઞાન હોતા હૈ...**' એમ. જયચંદ્ર પંડિત ખુલાસો કરે છે. ઈન્દ્રિયોથી સ્પર્શનું જ્ઞાન, રૂપનું જ્ઞાન, રસનું, ગંધનું. ઈન્દ્રિયોથી આ રૂપનું જ્ઞાન, રસનું જ્ઞાન, સ્પર્શનું જ્ઞાન, શબ્દનું જ્ઞાન. આહાહા..! '**તબ લોક કહતે હૈં કિ ઐસે હી જો ઈન્દ્રિયાં હૈં, વહી આત્મા હૈ,...**' બીજો આત્મા ક્યાં એની અંદર છે? આહાહા..! ભાવેન્દ્રિય, જડેન્દ્રિય અને એના વિષયો, એ સિવાય બીજો આત્મા ક્યાં હતો? કારણ કે ઈન્દ્રિયોથી જાણવાનું કામ ચાલે છે. ઈન્દ્રિયોથી જાણવાના કામમાં તો ઈન્દ્રિયો અને એનો વિષય એ ઈન્દ્રિય જાણે. આહાહા..! અને ભાવેન્દ્રિય ખંડ ખંડ અને એમાં જણાતા વિષયો એ બધા જડ પર છે. એને પોતાના માનવા એનું નામ મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા છે. આહાહા..! આત્મામાં દયા, દાન ને પુણ્યના વિકલ્પો એ પણ આત્મામાં નથી. એ બહિર્ છે. એને પોતાના માનવા એનું નામ બહિરાત્મા છે. ઝીણી વાત, ભાઈ! સમ્યગ્દર્શનની વ્યાખ્યા ઝીણી બહુ, સૂક્ષ્મ.

અહીં કહ્યુંને? '**अक्खाणि बाहिरप्पा**' એમ કહ્યુંને? એ ઈન્દ્રિયો છે એનાથી આમ જાણવું થાય છેને? એથી એમ માને છે કે આ આત્મા. પણ એ આત્મા ક્યાં? એ તો એક સમયનો પર્યાય જાણવામાં આવે છે. એ સવારમાં આવ્યા, સાથે આવે છે. મેં જોયું હતું. આહાહા..! બહુ ટૂંકું કહ્યું છે. ઈન્દ્રિયો ખંડ, જડ (ઈન્દ્રિય) અને એનો વિષય એ બધો ઈન્દ્રિયોથી જાણવામાં આવે છે. ઈન્દ્રિયોથી આત્મા જાણવામાં આવતો નથી અને ઈન્દ્રિયોથી જાણવામાં આવ્યું એટલે આ ઈન્દ્રિયો તે આત્મા. અથવા ભાવેન્દ્રિય ખંડ ખંડથી જાણવામાં આવ્યું તે આત્મા. આહાહા..! એ બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? કહો, શાંતિભાઈ! કે દિ' અહીંયા હતું? બધું વાંચ્યું હતુંને તમે? કલકત્તામાં.

મુમુક્ષુ :- ભૂતકાળમાં.

ઉત્તર :- ભૂતકાળમાં. આહાહા..!

'**अंतरअप्पा तु अप्पसंकप्पो**।' ભગવાન આત્મા શુદ્ધ આનંદનો નાથ છે. એનો અંતર અનુભવ થઈને નિર્ણય થવો એને અહીંયા અંતરાત્મા કહે છે. શબ્દ તો આટલો જ પડ્યો છે. '**अप्पसंकप्पो**' આત્માનો સંકલ્પ નિર્ણય. ભગવાન આત્મા એ ઈન્દ્રિય જેટલો નથી, ખંડ ખંડ ઈન્દ્રિય જેટલો નથી, ઈન્દ્રિયમાં નથી, ઈન્દ્રિયના વિષયમાં એ નથી. એ તો આનંદનો નાથ પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન છે. આહાહા..! એવા આત્માનો અનુભવ થઈને નિર્ણય (જેને થાય) એને અહીંયા અંતરાત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બહુ ટૂંકું કહ્યું.

અહીં તો '**अक्खाणि बाहिरप्पा**' એમ કીધુંને? ઓલી માને-બાનેની વાત લીધી નથી. ઈન્દ્રિયો તે બહિરાત્મા. આહાહા..! એટલે કે ઈન્દ્રિય અને ઈન્દ્રિયના વિષયને અને એ જાણવું થાય ખંડ ખંડ ઈન્દ્રિયમાં ત્યાં જ પોતાનું માન્યું છે એણે. એનું નામ બહિરાત્મા છે. આહાહા..! ઓલો ભગવાન તો અંતર અણીન્દ્રિય પડ્યો રહ્યો છે આખો. જે મનનો વિષય નથી, વિકલ્પનો વિષય નથી, ઈન્દ્રિયનો વિષય તો શેનો હોય ઈ? આહાહા..!

'**ઈન્દ્રિયોંસે સ્પર્શન આદિ વિષયોં કા જ્ઞાન હોતા હૈ તબ લોગ કહતે હૈં કિ ઐસે હી જો ઈન્દ્રિયા હૈં, વહી આત્મા હૈ.**' આહાહા..! જ્ઞાન-ખંડ ઈન્દ્રિયમાં જણાય છે કેટલું? મોટા ડુંગરા જણાય, ભગવાનની મૂર્તિ જણાય, ભગવાન જણાય. લ્યો! સમવસરણ જણાય. ઈન્દ્રિયોથી તો આ જણાય કહે છે. એને જ પોતાનું માને તે બહિરાત્મા છે. આહાહા..! બહિરાત્મા એટલે મિથ્યાદષ્ટિ. આહાહા..! કાને આબરૂ સાંભળીને ખુશી થાય એ ઈન્દ્રિયને પોતાની માને છે. આંખે રૂપ દેખીને સ્ત્રી આદિના કે ભગવાનની મૂર્તિના... આહાહા..! એની પર્યાયબુદ્ધિ છેને એ? ત્યાં જ અટક્યો છે એમ કહે છે. આ મને લાભદાયક છે, આ હું. ત્યાંથી બુદ્ધિ ઉઠાવીને અંદરમાં મૂકવી (એની) બહિરાત્માને તો ખબર નથી. આહાહા..! સાધુ થઈને ફરે, ત્યાગી થઈને ફરે, પણ વસ્તુ તો ઊંધે રસ્તે છે બધી. આહાહા..!

'**ઈસપ્રકાર ઈન્દ્રિયોં કો બાહ્ય આત્મા કહતે હૈં.**' જોયું! બાહ્ય એટલે? એ એને જ પોતાનું માને. ઈન્દ્રિયોને, ઈન્દ્રિયના વિષયને અને ઈન્દ્રિયને જાણવાની ખંડ ખંડ ઈન્દ્રિયને, એમ. તો એ બહિરાત્મા મિથ્યાદષ્ટિ (છે). વસ્તુ આખી રહી ગઈ. એક સમયનો પર્યાય ખંડ ખંડ ઈન્દ્રિયનો એ બાહ્ય છે. અંતરમાં સમાય એ ક્યાં છે? '**અંતરાત્મા હૈ વહ અંતરંગ મેં આત્મા કા પ્રકટ અનુભવગોચર સંકલ્પ હૈ...**' જોયું! '**अप्पसंकप्पो**'ની વ્યાખ્યા કરી પાછી. '**અંતરંગ મેં આત્મા કા પ્રકટ અનુભવગોચર સંકલ્પ હૈ...**' નિર્ણય, એમ. અનુભવ થઈને નિર્ણય થવો એનું નામ '**अप्पसंकप्पो**' અંતરાત્મા. આહાહા..!

આત્મા પોતાની જ્ઞાનની પર્યાયમાં અંતર્મુખ થઈને જે જાણવામાં આવે, એનો જે અનુભવ થાય, એમાં જે નિર્ણય (થાય) એ નિર્ણય. એ અંતરાત્મા. બહારથી ધારણામાં નિર્ણય આવ્યો કે આત્મા આવો છે ને આત્મા આવો છે એ નહિ એમ કહે છે. વ્યાખ્યા બહુ સરસ કરી છે. '**अप्पसंकप्पो**' છેને? આત્મા જેવો છે તેવો નિર્ણય. એમ '**अप्पसंकप्पो**'. આત્મા શુદ્ધ ચૈતન્યઘન એનો અનુભવ એ નિર્ણય. '**अप्पसंकप्पो**' અંતરાત્મા. આત્મા પૂર્ણ શુદ્ધ ધ્રુવસ્વરૂપ દ્રવ્ય, એનો અનુભવ થઈને નિર્ણય (થાય) એ '**अप्पसंकप्पो**' એ અંતરાત્મા. આહાહા..! વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**નોંધ :- પ્રવચન - ૧૫૦ ઉપલબ્ધ નથી.**

**વૈશાખ વદ ૧૩, રવિવાર તા. ૧૯-૦૫-૧૯૭૪**
**ગાથા - ૬ થી ૯, પ્રવચન - ૧૫૧**

મોક્ષપાહુડ. પરમાત્માના વિશેષણો કહે છે. આવા પરમાત્માને જાણીને, એવો જ આત્મા છે પોતે એનું ધ્યાન કરવું એમ કહે છે. અહીં સુધી આવ્યું છે. '**પરમેષ્ઠી હૈ-પરમપદમેં સ્થિત હૈ,...**' કેવા છે પરમાત્મા? પરમેષ્ઠી પરમપદમાં સ્થિત. '**પરમજિન હૈ,...**' પરમાત્માનું .. એ પોતે પરમાત્મસ્વરૂપ એવો જ છે. '**સબ કર્મો કો જીત લિયે હૈં,...**' સિદ્ધ પરમાત્મા છે એને સર્વ કર્મનો અભાવ છે. એમ આ આત્મા પૂર્ણ સ્વરૂપ છે એ પણ સર્વ કર્મથી રહિત છે. જે સ્વરૂપ છે એ તો ભવ અને ભવના ભાવ રહિત છે, તેમ એક સમયની પર્યાયન જે અવસ્થા એનાથી રહિત છે. એવો જે પરમાત્મા પોતાનો સ્વભાવ એનું ધ્યાન કરવું. એને ધ્યેય બનાવીને એમાં એકાગ્ર થવું. આ પરમાત્મા થવાનો ઉપાય છે.

'**શિવંકર હૈ...**' કેવા છે પરમાત્મા? શિવંકર. '**ભવ્યજીવોં કો પરમ મંગલ...**' છે. શિવનો અર્થ પહેલો એ ઉપદ્રવ રહિત છેને એટલે મંગળ કર્યો. ઉપદ્રવ રહિત શિવનો અર્થ. પરમાત્મા પરમ મંગલસ્વરૂપ છે. એટલે કે પરમાત્મા ઉપદ્રવ રહિત છે (એમ) શિવંનો અર્થ કર્યો, એટલે કે પરમ મંગલ છે. એમ આ આત્મા ધ્રુવ પણ પરમ મંગલ છે, શિવંકરનો છે ઈ. આહાહા..! પરમ મંગળ. એક વાત. પછી શિવંકરનો લીધો બીજો અર્થ. '**મોક્ષ કો કરતા હૈ,...**' શિવ એટલે પૂર્ણ આનંદરૂપી મોક્ષ એને કરે છે એટલે પરમાત્મા એ રૂપે પરિણમે છે અને આ આત્મા પણ મોક્ષનો કરનાર છે. પૂર્ણ સ્વરૂપ છે એ મોક્ષની પર્યાયને કરે છે એમ અત્યારે દ્રવ્ય અને પર્યાય એની ગણીને એમ કહ્યું છે.

નિશ્ચયથી ધ્રુવસ્વરૂપ જે છે... અહીં તો શિવંકર સિદ્ધ કરવું છેને? મોક્ષનો કરનાર સિદ્ધ કરવું છે. નહિતર તો મોક્ષની પર્યાય છે એ દ્રવ્ય કરતું નથી. આહાહા..! આવી વાત છે. ધ્રુવસ્વરૂપ જે છે નિત્ય ધ્રુવ એ તો પરને કરતું નથી, ભવના ભાવને કરતું નથી અને એની પર્યાય જે છે જાણવાની એને પણ એ કરતું નથી. એવો એ પરમસ્વભાવ ચૈતન્ય પરમ ધ્રુવ સહજ સ્વભાવ એનું ધ્યાન કરવું. આહાહા..! ધ્યાન એ પર્યાય છે. પણ અહીં તો શિવંકર શબ્દ સિદ્ધ કરવો છેને? પરમ મંગળિકના કરનાર છે અને મોક્ષના કરનાર છે, એમ કહે છે. પરમાત્મા. આહાહા..! જેને આવા પરમાત્મા જ્ઞાનમાં વસ્યા, જેને આત્મા પરમાત્મા પરમ

મંગળરૂપ વસ્યા એ તો પરમ મંગળદશા થઈ એની. અને એ મોક્ષના કરનાર છે પરમાત્મા. એ જે અંતરમાં તેટલો અને તેવો જ હું છું એમ જાણતાં, અનુભવતાં એ મોક્ષનો જ કરનાર છે આત્મદ્રવ્ય. દ્રવ્ય મોક્ષનો કરનાર છે. આગળ હદ તો એ મોક્ષની પર્યાયનો પણ કરનાર નથી. આરે.. ભારે ઝીણી વાત. સમજાણું કાંઈ?

આવા પરમાત્માને... શાશ્વત છે એ ભગવાન. સિદ્ધ પરમાત્મા, પરમાત્મા અથવા ધ્રુવસ્વરૂપ શાશ્વત છે. શાશ્વત આત્મા ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ એનું ધ્યાન કરવું. કાં શાશ્વત પરમાત્મા સિદ્ધ થયા એવો હું છું એમ કરીને ધ્યાન કરવું. આહાહા..! ઝીણી વાતું ભારે ભાઈ! સવારમાં ઓલો આવ્યો હતો છોકરો જસુ. જસુ છેને. ઈ કહે, આત્મા-આત્મા કરો છો, પણ આત્મા તો દેખાતો નથી. એની બેને કે માએ પૂછ્યું હશે. આવ્યો હતો, નહિ? સવારમાં આવ્યો હતો. આત્મા-આત્મા કરો છો, પણ આત્મા તો દેખાતો નથી. ભાઈ, દેખાતો નથી એ કોણ નિર્ણય કરે છે? કીધું. એને તો પકડાય નહિ, બાળક છે. પણ એને તો એની માએ કીધું હશે. આહાહા..! ખરેખર તો આત્મા જ જણાય છે. એ તો કહેશે અંદર.

મુમુક્ષુ :- દરેક વખતે જ્ઞાન જણાય છે.

ઉત્તર :- જ્ઞાન જણાય છેને. શરીર ક્યાં જણાય છે? શરીર તો પર રહ્યું. એ સંબંધીનું અહીં જ્ઞાન જણાય છે. રાગ છે એ સંબંધીનું જ્ઞાન જણાય છે. પરવસ્તુ વાણી આદિ પરવસ્તુને જાણતા, જેમાં જણાય છે એ જ્ઞાનની પર્યાય જણાય છે. ઝીણી વાતું બહુ પણ. આહાહા..! જ્યાં હોય ત્યાં આત્માની જ પ્રસિદ્ધિ છે. પરની પ્રસિદ્ધિ ક્યાં છે? એ સર્વવિશુદ્ધમાં ન આવ્યું? ઓલા દીપના દાખલે. દ્વિરૂપતા પોતે પ્રકાશે છે. પરને અને પોતાને પ્રકાશે છે એવી પર્યાયનું દ્વિરૂપતાનું સામર્થ્ય એનું પોતાનું છે. આહાહા..! પરને પ્રકાશે, પર તો ભિન્ન ચીજ રહી ગઈ. શરીર, વાણી, મન આ તો જડ ભિન્ન છે. અરે! દયા, દાનના પરિણામ એ રાગ એ પણ ભિન્ન તત્ત્વ છે. એને પ્રકાશનારું-જાણનારું તત્ત્વ એ એને પણ જાણે અને પરને જાણે, ખરેખર તો એ સ્વ-પરને જાણવાનું સ્વનું જ સામર્થ્ય છે એ આત્મા છે. આહાહા..! પણ ખોવાઈ ગયો છે આખો. મૂળ ચીજની જ ખબર ન મળે કે આ આત્મા શું ચીજ છે.

એ આત્મા તો, અહીં કહ્યુંને? શાશ્વત વસ્તુ છે. પરમાત્મા શાશ્વત છે એમ ભગવાન આત્મા નિત્ય વસ્તુ શાશ્વત છે. એ પરમાત્મસ્વરૂપ જ છે. પરમપારિણામિક પરમ સ્વભાવ જ્ઞાયકભાવ એવું પરમાત્મસ્વરૂપ એને અંતરાત્માથી સ્વરૂપનું પૂર્ણ ધ્યાન કરીને પરમાત્મા થાય. આહાહા..! મોક્ષનો અધિકાર છેને.

**'સિદ્ધ હૈ, અપને સ્વરૂપકી સિદ્ધિ કરકે નિર્વાણપદ કો પ્રાપ્ત હુઆ હૈ.'** પરમાત્મા. પોતાના સ્વરૂપની પ્રાપ્તિ કરી અને સિદ્ધપદને-સીધી ગતિને પામ્યા છે. એમ આત્મા પણ

સિદ્ધસ્વરૂપ જ છે. પામવું છે એ તો પર્યાયની વાત છે. આહાહા..! જેમાં, પર્યાય જે છે કેવળજ્ઞાનની એ પણ જેમાં નથી. એ પર્યાયથી પણ પર-ભિન્ન વસ્તુ છે. એવું જે પરમાત્મસ્વરૂપ ધ્રુવ એનું ધ્યાન કરવાથી પરમાત્મા થવાય છે. કોઈ ક્રિયાકાંડ કરવાથી ને આ વ્રત ને તપ ને ફલાણા, ઢીકણા એ બધા બંધનના કારણો છે એમ કહે છે. કહો, જયંતિભાઈ! આહાહા..! જગતને ઊંધું મળ્યું છેને એટલે આ સવળી વાત કેમ છે એ બેસવી ગડ પડે આકરી. આહાહા..! એ તો ચૈતન્યબિંબ છેને. ધ્રુવ અનાદિ-અનંત સત્ સત્ એવા સત્‌માં પૂર્ણ સત્‌પણું પડ્યું છે. પૂર્ણ હોવાપણું. એ જ્ઞાન-દર્શન-આનંદ આદિ પૂર્ણ શાશ્વત ચીજ પૂર્ણ છે. એનું ધ્યાન કરવાથી સમકિત થાય છે, એનું ધ્યાન કરવાથી ચારિત્ર થાય છે, એનું ધ્યાન કરવાથી કેવળ થાય છે. લ્યો આ વાત છે.

'**ભાવાર્થ :- ઐસા પરમાત્મા હૈ, જો ઈસપ્રકાર સે પરમાત્મા કા ધ્યાન કરતા હૈ વહ ઐસા હી હો જાતા હૈ.**' પરમાત્મસ્વરૂપ. પરમ આત્મા એટલે પરમસ્વરૂપ. એવો જે ભગવાન આત્મા. એમ વાત એવી છે કે પરમાત્મા જે સિદ્ધ છે એવી જે સમયની પર્યાય નિર્મળ સિદ્ધની, એવી તો અનંતી-અનંતી પર્યાયનો સમુદાય ભગવાન આત્મામાં પડ્યો છે. આહાહા..! એટલે સિદ્ધથી પણ દ્રવ્યસ્વભાવ તો અધિક છે, ભિન્ન છે, જુદો છે, પૂરો છે. આહાહા..! એવો જે સ્વભાવ જેને પરમાં કાંઈપણ સુખબુદ્ધિ ભાસે છે એ બધા પરને જ આત્મા માનનારા છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા તો અતીન્દ્રિય આનંદનો પિંડ છે. એમાં જેને રાગની ક્રિયાથી મોક્ષ ભાસે, પરના ભાવમાં હરખ ને હોંશ ભાળીને કાંઈક સુખ છે એમ ભાસે, એ બધા પરમાં આત્મા માનનારા છે. સ્વ આત્માને ખોઈ બેઠા છે એ. એ આવશે હમણાં આઠમી ગાથામાં. '**णियसरूवचुओ**'—પોતાના સ્વરૂપથી ચ્યુત થઈ ગયા છે. આહાહા..! આ તો પરમ અંતરની વાતું છે. વીતરાગ સર્વજ્ઞદેવ તીર્થંકર પરમાત્માએ આ કહ્યું હતું એ વાત રહી. એ વાત રહી ગઈ અને રહી. બેય થયું. એ સંપ્રદાયમાંથી રહી (-નીકળી) ગઈ, વસ્તુમાં રહી. આહાહા..! કહે છે કે એવો જે ભગવાન આત્મા અથવા પરમાત્મા, એ તો પરમાત્મા એ સિદ્ધ છે એવો હું છું એવી અંતર દૃષ્ટિ થતાં પોતાની પૂર્ણતાનું ધ્યાન એ જ પરમાત્માનું ધ્યાન છે.

'**આગે ભી યહી ઉપદેશ કરતે હૈં -**' સાત.

**आरुहवि अन्तरप्पा बहिरप्पा छंडिऊण तिविहेण।**
**झाइज्जइ परमप्पा उवइट्ठं जिणवरिंदेहिं।।७।।**

'**અર્થ :- બહિરાત્મપન કો મન વચન કાય સે છોડકર...**' મન, વચન અને કાયથી છોડીને. અર્થાત્ શરીર, વાણી, મન અને રાગાદિ પરવસ્તુ છે એને પોતાનો માનતો હતો

એ બહિરાત્મા છે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! જે સ્વરૂપમાં નથી, ચૈતન્યના સ્વરૂપમાં જે નથી એવો જે વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ આદિ (કે) કામ, ક્રોધના ભાવ કે શરીર, વાણી અને કર્મ એ સ્વરૂપમાં નથી. એથી મન, વચન અને કાયાથી પરને પોતાનું માનવું નવ-નવ કોટીએ છોડી દે, એમ કહે છે. આહાહા..!

'**બહિરાત્મપન કો મન વચન કાય સે છોડકર...**' બહિરાત્માનો અર્થ આ. શુભ-અશુભભાવ, શરીર, કર્મ અને બાહ્ય ઇન્દ્રિયથી દેખાતા પદાર્થો એ બધાને પોતાના માને છે એનું નામ મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા છે. આહાહા..! એવું પરને પોતાનું માનવું મન, વચન, કાયાથી છોડી દઈને. '**आरुहवि अन्तरप्पा**' ભાષા એવી છે, જુઓ! અર્થ કર્યો છે આશ્રય. '**અંતરાત્માકા આશ્રય લેકર...**' ભગવાન પૂર્ણસ્વરૂપ એમાં આરૂઢ થઈને. પાઠ એમ છે. આહાહા..! જે અનાદિથી શુભ-અશુભભાવ અને એક સમયની પર્યાયમાં આરૂઢ હતો, મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા... આહાહા..! એક સમયની દશા ને રાગ ને નિમિત્તમાં આરૂઢ હતો, એનો આશ્રય કરતો એ બહિરાત્મા. એવું બહિરાત્મપણું છોડી દઈને અંતરાત્મા આરૂઢ. આહાહા..! ચૈતન્યમૂર્તિ પ્રભુ પરમ આનંદનો ડુંગર, પરમ સ્વભાવનો સાગર, પરમસ્વભાવનો સાગર. આરૂઢ થઈને, સન્મુખ થઈને, સમીપ થઈને, આશ્રય કરીને. આહાહા..!

'**પરમાત્મા કા ધ્યાન કરો,...**' એનો આશ્રય કરીને પરમાત્માનું ધ્યાન કરો. આહાહા..! પરમાત્મા પૂર્ણ આનંદસ્વરૂપ પ્રભુ એમાં સમીપ થઈને એનો આશ્રય લઈને, આશ્રય લઈને ધ્યાન કરો એમ. આરૂઢ થઈને ધ્યાન કરો. આહાહા..! ઝીણી વાતું ભારે ભાઈ! દિશા ફેરવી નાખ, એમ કહે છે. આ ઇન્દ્રિયો અને ઇન્દ્રિયથી દેખાતા વિષયો એ બધામાં (પોતાનું) હોવાપણું કલ્પ્યું છે, પણ પોતાનું હોવાપણું ભિન્ન છે એને જાણ્યું નથી. આહાહા..! ચૈતન્યનો સાગર પ્રભુ, સ્વભાવનો સાગર લ્યોને. ચૈતન્ય એનો સ્વભાવ છે. એવા અનંતા-અનંતા સ્વભાવ એવો જે અંતરાત્મા. આહાહા..! અંતર આત્મા, અંદર આત્મા, અંદરનો પૂર્ણ સ્વભાવ આત્મા. આહાહા..! એનો આશ્રય લઈને. આ એને મોક્ષ માટે કરવાનું (છે). આહાહા..! આ બહારમાં તો આ વ્રત પાળો, અપવાસ કરો, તપસ્યા કરો એવી વાતું ચાલે. કહો, જયંતિભાઈ! આ તો માર્ગ જુદા છે, ભાઈ! મોક્ષ નામ પરમાનંદનો લાભ, પરમ અતીન્દ્રિય આનંદનો લાભ મોક્ષ એટલે. પરમ અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ એવો જે મોક્ષ એનો ઉપાય, પરમસ્વરૂપ ભગવાન આત્મા એનું ધ્યાન કરવું એ એનો ઉપાય છે. એમાં આરૂઢ થવું એ એનો ઉપાય છે. આહાહા..! હવે એ આત્મા છે કેવો? કેવડો? એની હજી ખબર ન મળે.

ધર્મ કરનાર કોણ છે? ધર્મ એ પર્યાય છે દશા. પણ એ કરનાર કોણ છે? કેવડો છે? એની ખબરું ન મળે અને ધર્મ થઈ જાય એને. આહાહા..! સમજાણું કાંઈ? ત્યાં લખાણું

છે નહિ? સોનગઢ વ્યારા. એ લખ્યું છે મોટું પાટીયું મોઢા આગળ. અહીંના માણસ છેને બધે. ભાઈ પણ છેને ત્યાં જયંતિ. જયંતિભાઈ. એમ કે ધર્મ કરનારને જાણ્યા વિના ધર્મ શી રીતે થાય? એવો શબ્દ હતો. અહીં કહે છે કે અંતરાત્મામાં આરૂઢ થા. પણ એ અંતરાત્મા કેવડો? કોણ છે? આહાહા..! એને જાણ્યા વિના આરૂઢ શેમાં થવું? કાંઈ આ વસ્તુ છે એમ જ્ઞાનમાં આવે તો ત્યાં આરૂઢ થાય એટલે આશ્રય કરે. આહાહા..! વીતરાગ પરમાત્મા તીર્થંકરનો કહેલો માર્ગ ઘણો જ દુર્લભ છે, અશક્ય નથી.

મુમુક્ષુ :- સરળ છે.

ઉત્તર :- સરળ છે. એની પાસે પોતે છે એ સરળ છે. અભ્યાસ નથી માટે દુર્લભ છે. આહાહા..!

કહે છે કે '**અર્થ :- બહિરાત્મપન કો મન વચન કાય સે...**' '**तिविहेण**' છેને? એટલે નવ-નવ કોટીએ, પ્રકાર. કરણ, કરાવન અને અનુમોદન, મન, વચન અને કાયા. એનાથી રાગનો ભાવ, પર્યાયબુદ્ધિનો ભાવ, સંયોગી નિમિત્ત ચીજ ને નિમિત્ત ચીજથી મને લાભ થશે એવો જે પરને પોતાનો માનવાનો ભાવ એને નવ કોટીએ મન, વચન, કાયાથી છોડે. આહાહા..! અહીં તો પરમાત્મા તીર્થંકરદેવ અને દેવ-ગુરુ-શાસ્ત્ર એનાથી મને લાભ થશે તો એણે પરદ્રવ્યને પોતાનું માન્યું એમ કહે છે. '**झाइज्जइ परमप्पा**' '**પરમાત્માકા ધ્યાન કરો,...**' આહાહા..! પણ એને અસ્તિત્વ, પોતાનું હોવાપણું કેવડું, કેટલું, ક્યાં કેમ છે, એની ખબરું વિના એના તરફ કેમ ઝુકાય? જ્ઞાનમાં એ ચીજને જાણવામાં એને આવે કે આ ચીજ તો એક સમયની પર્યાયથી પણ સર્વથા ભિન્ન એવી ચીજ છે, તો વળી વિકલ્પ જે દયા, દાન ને રાગ એની તો વાત શું કરવી? આહાહા..! એવો જે પરમપદાર્થ મહાપ્રભુ એમાં આરૂઢ થઈને બહિરાત્માને છોડીને. એમ પહેલી ભાષા લીધી. પાઠમાં '**आरुहवि अन्तरप्पा बहिरप्पा छंडऊण तिविहेण।**' અસ્તિથી નાસ્તિ લીધી. અહીં પહેલી નાસ્તિથી અસ્તિ (લીધી). અર્થમાં.

'**પરમાત્માકા ધ્યાન કરો,...**' આહાહા..! પરમ આત્મા, પરમ સ્વરૂપ પ્રભુ જેની ખાણમાં તો અનંતા પરમાત્મા બિરાજે છે. આહાહા..! જેની ખાણમાં આત્મામાં તો અનંતા પરમાત્મા સિદ્ધ પરમાત્મા બિરાજે છે. આહાહા..! એવા પરમાત્માનું મન, વચન અને કાયાથી, કરણ, કરાવન, અનુમોદનથી. પર્યાયબુદ્ધિ, નિમિત્તબુદ્ધિ, રાગબુદ્ધિનો આશ્રય છોડીને આનું ધ્યાન કરો. આ બહુ જ ટૂંકામાં મોક્ષના ઉપાયની વ્યાખ્યા કરી છે.

'**યહ જિનવરેન્દ્ર...**' છેલ્લો શબ્દ છેને? '**उवइट्ठं जिणवरिंदेहिं**' ભગવાને એનો ઉપદેશ આવો ભગવાને કર્યો છે. આહાહા..! ભગવાન જિનવર તીર્થંકરદેવ. '**जिणवरिंदेहिं**' છેને? એટલે તીર્થંકર (અર્થ) કર્યું. જિનવર, ગણધરના ઈન્દ્ર તીર્થંકર એવા પરમદેવ એનો આ ઉપદેશ

છે. ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતદેવ જિનવરદેવ વીતરાગદેવ પરમેશ્વર એનો આ ઉપદેશ છે. લ્યો! એના ઉપદેશમાં આ આવ્યું છે એમ કહે છે. વિકલ્પ આદિને છોડી દઈ... આહાહા..! વ્યવહારાદિના વિકલ્પને છોડી દઈ અને અંતરાત્મા ભગવાન આત્મામાં આરૂઢ થવું એમ ભગવાનનો ઉપદેશ છે. લ્યો!

'**उवइट्ठं जिणवरिंदेहिं जिनवरेन्द्रै**' આહાહા..! ભગવાન આત્મા બહિરાત્મપણાની બુદ્ધિ છોડી દઈ, અંતરાત્મા પરમાત્મસ્વરૂપે બિરાજમાન ભગવાન પોતે છે એનું ધ્યાન કરવું. આહાહા..! એ ધ્યાન જ એક જ મોક્ષનો ઉપાય છે એમ કહે છે અહીં. એ સમ્યગ્દર્શન-જ્ઞાન પણ એ આત્માનું ધ્યાન છે. આહાહા..! સમજાણું? સમ્યગ્દર્શન એ ધ્રુવનું ધ્યાન છે, સમ્યગ્જ્ઞાન એ ધ્રુવનું ધ્યાન છે, ચારિત્ર એ ધ્રુવનું ધ્યાન છે. આહાહા..! આમ ભગવાનના ઉપદેશમાં આવ્યું છે. હવે આ લોકો બીજી રીતે વાતું કરે. ભગવાનનો એ ઉપદેશ નથી. આહાહા..! વ્રત પાળો, અપવાસ કરો, તપસ્યા કરો. એની માનેલી તપસ્યા હોં! મૂળ તપસ્યા તો આત્મામાં આરૂઢ થવું એ છે. આહાહા..! મૂળ ચારિત્ર તો આત્માના સ્વરૂપમાં આરૂઢ થવું એ છે. એને ઠેકાણે આ બહારના વ્રતના, તપના, ભક્તિ, પૂજાના ભાવ કરો, કરતા તમને મોક્ષ થઈ જશે ધર્મ. એ જિનવરનો ઉપદેશ નથી. એ અજ્ઞાનીઓનો ઉપદેશ છે. ભારે વાતું આકરી પડે.

અહીં તો પરમાત્મસ્વરૂપે ભગવાન '**बहिरत्थे फुरियमाणो इंदियदारेण णियसरूवचुओ**' બાહ્ય પદાર્થને પ્રગટ દેખે છે એ. ઈન્દ્રિયદ્વાર દ્વારા બાહ્ય પદાર્થને પ્રગટ દેખે છે. '**णियसरूवचुओ**' નિજસ્વરૂપથી ચ્યુત થયો થકો. આહાહા..! બહુ ટૂંકી વાત. સમજાણું કાંઈ? કહો, ગીરધરભાઈ! એ ગાથા મૂકી છે ત્યાં ગયા હતા એકવાર. શ્રીમદ્‌ની. છેને ખબર છે. વાંચ્યું છે. ગાથાઓ. .. હતીને? મનસુખ ગાંધી. ખબર છેને. ગાથા મૂકી હતી. આ છે બધું એમાં. ત્યાં ઉતર્યા છીએને ઘણીવાર, દરિયાપરી. એક ફેરી પોણો મહિનો.. ૭૬ની સાલની વાત છે. ઘણાં વર્ષ પહેલાં. ૭૬-૭૬. એ બધી ગાથાઓ લખી છે.

અહીં કહે છે, '**बहिरत्थे फुरियमाणो इंदियदारेण**' ઈન્દ્રિય દ્વારા બાહ્ય પદાર્થની પ્રગટતા દેખીને. '**णियसरूवचुओ**' નિજની સ્વરૂપની સત્તાના સંભાળથી ભ્રષ્ટ થઈ ગયો. આહાહા..! હવે આવી વ્યાખ્યા સમજે નહિ બિચારા સાધારણ એટલે જ્યાં ત્યાં ઘુંટાઈને, જાવ સંથારો કરો, મહિનાના આહાર છોડી દ્યો. એમાં શું થયું પણ? ધર્મ ક્યાં આવ્યો ત્યાં? કહો, મગનભાઈ! આ તો બીજું નીકળ્યું. આહાહા..! અણીન્દ્રિય પોતાના નિર્મળ સ્વભાવથી જણાય એવો ભગવાન આત્મા એ અણીન્દ્રિય ભાવ છે. એનાથી અણીન્દ્રિય એવી વસ્તુ જણાય. એ ઈન્દ્રિય દ્વારા પરને જાણતા અણીન્દ્રિય સ્વરૂપથી ચ્યુત થઈ ગયો એ. આહાહા..! કહો, સમજાણું કાંઈ? માણેકચંદભાઈ છે? હીરાભાઈ નથી આવ્યા હજી? ગઢડે આવ્યા હતા ગઢડે. આહાહા..!

આવી વાતું!

ઈન્દ્રિય દ્વાર. જુઓને ભાષા તો જુઓ! પર્યાય દ્વારા, ઈન્દ્રિય દ્વારા બાહ્ય પદાર્થને પ્રગટ દેખીને એનું અસ્તિત્વ એણે માન્યું. આહાહા..! કહો, વજુભાઈ! આવી વાતું! આટલો બધો ફેર માનવામાં? એક કોર મિથ્યાત્વ અને એક કોર સમ્યક્ત્વ. એ એમ કહે છે કે પ્રભુ ચૈતન્ય ભગવાન અણીન્દ્રિયસ્વરૂપ ભગવાન આત્મા તો છે. એ અણીન્દ્રિય સ્વભાવથી જણાય એવો છે. એનાથી ચ્યુત થયેલો '**बहिरत्थे फुरियमाणो इंदियदारेण**' બાહ્યમાં પ્રગટ દેખાતા પદાર્થો, આહાહા..! એનું અસ્તિત્વ માનીને પોતાના શુદ્ધના અસ્તિત્વ પૂર્ણ અસ્તિત્વથી ચ્યુત થઈ ગયો છે. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન કરીને બોલાવે એમ કંઈ લખાણ એક આવ્યું છે. વચ્છરાજભાઈની વહુ છેને કોક નહિ? વચ્છરાજ પારેખ? ... તમારે તમે આપ્યા હતા. એ આપી ગયા છેને કાગળિયા. એમાં બીજ ઉપરનું લખ્યું છે. ભાનુબહેન છે, વચ્છરાજભાઈને ઘરેથી. શું કીધું? એણે લખ્યું હતું. ભાઈ-બહેનોને ભગવાન કહીને બોલાવે છે. એમ લખ્યું છે એણે. .... રાજકોટનું રતન, એવું કાંઈક છે. લાલભાઈ. ગોઠવ્યું એ બધું. બે પાના ભર્યા છે. આહાહા..!

કહે છે, બહુ ટૂંકું પણ મર્મવાળું છે એટલે વારંવાર કહેવાય છે. આહાહા..! '**इंदियदारेण णियसरूवचुओ बहिरत्थे फुरियमाणो**' અંતર પદાર્થથી ચ્યુત થયો. ચિદાનંદ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યધાતુ, આહાહા..! એનાથી ચ્યુત થયો અને ઈન્દ્રિય દ્વારે બાહ્ય પદાર્થને પ્રગટ દેખીને એને પોતાના માન્યા. આહાહા..! ધન, લક્ષ્મી દેખાયને ઈન્દ્રિય દ્વારા તો લક્ષ્મી દેખાય. ધાન, અનાજના ઢગલા ઘરે હોય. બાજરા, ઘઉં, તલ, તેલ. કુટુંબ. આઠ-આઠ છોકરા, એના છોકરા અને એના છોકરા દેખીને આમ.. આહાહા..! કોના પણ? એ તો પર છે. એ તો ઈન્દ્રિય દ્વારા જણાય એ વિષય છે. આહાહા..!

'**આદિ ઈષ્ટ પદાર્થો મેં...**' આદિમાં ત્રિલોકનાથ ભગવાન, દેવ-ગુરુ-શાસ્ત્ર પણ આવ્યા. એ ઈન્દ્રિય દ્વારા '**ધન્ય, ધાન્ય, કુટુંબ આદિ ઈષ્ટ પદાર્થો મેં સ્ફુરિત...**' એનું પ્રગટપણું દેખાણું એમ કહે છે. આ છે એમ દેખે. આ. આ છે એમ દેખાય છે એને. આહાહા..! '**તથા ઈન્દ્રિયોં કે દ્વાર સે અપને સ્વરૂપ સે ચ્યુત હૈ...**' આહાહા..! વર્તન કેમ કરે છે આચરણ? એ પ્રશ્ન અહીં મૂક્યો નથી એણે. ફક્ત એની દૃષ્ટિ ઈન્દ્રિય દ્વારા પરમાં ગઈ છે એમાં એનું હોવાપણું એટલું એ માને છે. આહાહા..! આ બાયડી અમારી, છોકરા અમારા, મકાન અમારા, પૈસા અમારા, હડફા અમારા. હડફા સમજાણું? પેટી. નાની-મોટી પેટી. આહાહા..! માલ સંઘરે તો પાછા ડબા હોય. મોટો માલ વખારમાં હોય અને એક એક ડબામાં પાંચ શેર-દસ શેર નમુનો હોય. આ જાતની ચા, આ જાતનું ફલાણું, કાજુ, આ જાતના બદામ.

એની જાત હોય છેને? આમ ડબાની હાર બધી હોય. માથે નામ લખ્યા હોય. લાકડાના ઘોડા હોય. અમારે ત્યાં પાલેજમાં છેને. આ તો ઘરની વાત ચાલે છે. પાલેજમાં મોટા ઘોડા. હમણાં તો ... હવે છોકરો જુદો થઈ ગયો. આમ દેખીને ખુશી થાય અંદર ગરે ત્યાં. ડબ્બા રંગ્યા હોય મોઢા આગળ. લાંબા ડબ્બા આમ નાખ્યા હોય મોઢા આગળ નામ લખેલા. નમૂનો હોય માલનો. આમ દેખે ઇન્દ્રિય દ્વારા આહાહા..! આ અમારી દુકાન. છોટાભાઈ! છોટાભાઈએ તો છોડી દીધું. આહાહા..!

બાહ્યમાં '**बहिरत्थे फुरियमाणो इंदियदारेण णियसरूवचुओ**' એ તો સ્વરૂપથી ચ્યુત થયો છે. આહાહા..! '**ઔર ઇન્દ્રિયોં કો હી આત્મા જાનતા હૈ...**' કારણ કે એ અંશબુદ્ધિ છે એથી ઇન્દ્રિયોને જ પોતાની માને છે. ભાવઇન્દ્રિય લ્યો કે જડ ઇન્દ્રિય લ્યો એને જ પોતાની માને છે. આહાહા..! ભાવેન્દ્રિય એટલે એક જ્ઞાનનો અંશ એક એક વિષયને જાણે એને ભાવેન્દ્રિય કહીએ, એને પોતાની માને છે. આહાહા..! '**ઇન્દ્રિયોં કો હી આત્મા જાનતા હૈ ઐસા હોતા હુઆ અપને દેહ કો હી આત્મા જાનતા હૈ...**' લ્યો! એ દેહને જ જાણ્યુંને? એ પર્યાયબુદ્ધિમાં દેહ જ આવ્યો પછી. એક સમયની દશાને જ્યાં પોતાની માની એટલે એનું લક્ષ લંબાણું તો દેહ અને રાગમાં જાય છે. આહાહા..! કારણ કે એનો વિષય તો એ છે. આહાહા..!

'**અપને દેહ કો હી આત્મા જાનતા હૈ...**' છેને? '**હોતા હુઆ અપને દેહ કો હી આત્મા જાનતા હૈ નિશ્ચય કરતા હૈ, ઇસપ્રકાર મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા હૈ.**' આ પ્રકારે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આ મિથ્યાદૃષ્ટિપણું એના પાપના ફળમાં રોકાય છે એની ખબર નથી. કોકની હિંસા કરે એવું હોય તો એને પાપ લાગે (એમ) દેખાય. પણ ઇન્દ્રિય દ્વારા સ્વરૂપથી ચ્યુત થયો એ જીવની હિંસા કરી. આહાહા..! જેને જીવતત્ત્વ કહીએ, જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, અનંતગુણનો પિંડ. ઇન્દ્રિય દ્વારના પ્રેમમાં પડ્યો જોતો આવા સ્વરૂપથી ચ્યુત થયો છે એ જ હિંસા છે. આહાહા..! આવું સ્વરૂપ છે એનો નકાર કરે છે અને આ છે તે હું, એનું નામ જ હિંસા છે. આહાહા..! જીવિયા વહોરવિયા... આવું જે જીવનું જીવતર ત્રિકાળ જ્ઞાયક શુદ્ધ ચૈતન્ય વસ્તુ એને પડદો માર્યો. ઇન્દ્રિય દ્વારા મેં આ જોયું, આ જ હું, આ નહિ. એનો અર્થ કે આ જીવતર જીવનું છે એ હું નહિ. એ નહિનો અર્થ નકાર કર્યો, હિંસા કરી અને આ છે એ હું છું. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. આ મોરબીવાળા આવ્યા છે સાંભળવા. ત્યાં ભાઈએ મોકલ્યા છે શાંતિભાઈએ કે ભાઈ ત્યાં જાવ તો ખરા, એકવાર સાંભળો તો ખરા. અહીં તો આવું વ્યાખ્યાન છે. સાંજે આવ્યા છે. આહાહા..! ધનબાદથી શાંતિભાઈ છેને એણે (મોકલ્યા). ત્યાં આવ્યા નથી? ... નથી આવ્યા ત્યાં? અહીં

ઉતર્યા હશે. શાંતિભાઈના મકાન છે અહીં. શાંતિભાઈ છે.

અહીં તો આવો માર્ગ છે ભગવાનનો બાપુ! આ વાત છે. વીતરાગ કેવળી પરમાત્મા તીર્થંકરદેવ એના હુકમમાં તો આ આવ્યું છે. આહાહા..! બહારના અપવાસ ને એ બધી ઇન્દ્રિય દ્વાર એ તો બધા લખ્ખણ. દયા, દાન એ બધા ઇન્દ્રિય દ્વારના લક્ષણો બધા. આહાહા..! એને જ પોતાનું માની, અણીન્દ્રિય એવો ભગવાન પોતાનો સ્વભાવ એનાથી એ ચ્યુત થયો છે. આહાહા..! એને અણીન્દ્રિય એવા પોતાના સ્વભાવ ઉપર આરૂઢ થઈ અને બહિરાત્માથી ચ્યુત થા. એ આવી ગયું છે પહેલું. '**बहिरप्पा छंडऊण**' આવ્યુંને એ? એને છોડ્યું છે. અહીં આત્માને છોડ્યો છે. જ્ઞાનીએ બહિરાત્માને છોડ્યો છે, અજ્ઞાનીએ સ્વરૂપને છોડ્યું છે. અસ્તિ-નાસ્તિથી વાત કરી છે. આહાહા..! સમજાણું કાંઈ?

મતમતાંતર એટલા થયા કે એને, કોનું સત્ય છે એ નિર્ણય કરવા માટે બિચારાને મુશ્કેલી પડે છે. કેટલા મતમતાંતર થઈ ગયા. આહાહા..! મારા ને તારા. એમાં પક્ષમાં મુંઝાઈ ગયા માણસ. સત્ય વસ્તુ ભગવાન ત્રિલોકનાથ શું કહે છે, સત્યનું આરૂઢ અને અસત્યનું છોડવું. અજ્ઞાનીને અસત્યનું આરૂઢ અને સત્યનું છોડવું. આહાહા..! મનસુખભાઈ! આવી વાત છે. આહાહા..! શું કીધું?

મુમુક્ષુ :- બન્ને ત્યાગી થયા.

ઉત્તર :- એક બહિરાત્માનો ત્યાગી (અને) અજ્ઞાની સ્વરૂપનો ત્યાગી. આહાહા..! દૃષ્ટિ ફેરે સૃષ્ટિ છે. આહાહા..! ઇન્દ્રિય દ્વારા દૃષ્ટિથી જોતા એની ઉત્પત્તિ તદ્દન મિથ્યાત્વ અને અજ્ઞાનની થાય છે. જે પોતાનો નથી એને માનવાની દૃષ્ટિ થાય છે. આહાહા..! અને સ્વભાવથી અણીન્દ્રિયથી અણીન્દ્રિયને જોતાં... સમજાણું કાંઈ? આહાહા..! સ્વરૂપની સૃષ્ટિ થાય છે ત્યાં, ત્યાં સ્વરૂપની ઉત્પત્તિ થાય છે. આહાહા..! '**ઇસપ્રકાર મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા હૈ.**'

'**ભાવાર્થ :- ઐસા બહિરાત્માકા ભાવ હૈ, ઉસકો છોડના.**' આહાહા..! મન, વચન અને કાયા, એના ભાવ અને એનાથી દેખાતી ચીજ બહારની—એ બધી પર છે. એવી બુદ્ધિ છોડી દેવી એણે કે આ મારા છે એમ. આહાહા..! લ્યો આઠ થઈ.

'**આગે કહતે હૈં કિ મિથ્યાદૃષ્ટિ અપની દેહ કે સમાન...**' હવે બીજાની આવી. '**દૂસરે કી દેહ કો દેખકર...**' બીજાનો આત્મા એમ. સ્ત્રીનો દેહ દેખી અને એનો એ આત્મા. આહાહા..! દેહની સામું જોવે આમ લાગે સુંદરતા એ બધો એનો આત્મા છે એ. આહાહા..! આત્મા, દેહની ચેષ્ટા અને ક્રિયાથી ભિન્ન છે એનું એને ભાન નથી. જેમ પોતાની ઇન્દ્રિયો અને દેહને પોતાના માને છે, એમ બીજાના દેહને એનો આત્મા છે એમ માને છે. આહાહા..! સમજાણું કાંઈ? '**આગે કહતે હૈં કિ મિથ્યાદૃષ્ટિ અપની દેહ કે સમાન...**'

બીજાનો દેહ દેખેને. પોતાનો દેહ છે ઈન્દ્રિયો એ દ્વારા જોવે છે એમ એને એ જોવે છે. આ. આ એનું શરીર અને આ સુંદર ને એની ચેષ્ટા ને એની ભાષા ને.. એ બધો એનો આત્મા છે. એમ માનીને પોતે સ્વરૂપથી ભ્રષ્ટ થઈ રહ્યો છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વૈશાખ વદ ૧૪, સોમવાર તા. ૨૦-૦૫-૧૯૭૪**
**ગાથા - ૯ થી ૧૨, પ્રવચન - ૧૫૨**

णियदेहसरिच्छं पिच्छिऊण परविग्गहं पयत्तेण।
अच्चेरणं पि गहियं झाइज्जइ परमभावेण।।९।।

'**અર્થ :- મિથ્યાદષ્ટિ પુરુષ અપની દેહ કે સમાન...**' પોતાનો દેહ છેને એને પોતાનો આત્મા માને છે. આત્મા ભિન્ન છે એનું તો ભાન નથી. ક્યાંક તો એણે હોવાપણું તો માનવું જોઈએને? રાગાદિ, દેહાદિમાં આત્મા છે એમ માને. બીજાના દેહને દેખીને એનો આત્મા છે એમ માને. એનો દેહ છે એ આત્મા છે, એમ. '**દેહકો દેખકર કે યહ દેહ અચેતન હૈ તો ભી મિથ્યાભાવ સે આત્મભાવ દ્વારા...**' આત્મભાવ એટલે એ આત્મા છે. '**બડા યત્ન કરકે...**' એના ... આત્મા છે એમ માનીને પર તરફની યત્ના કરે છે. ક્યાં ગયા તમારા? સમજાય છે કાંઈ?

પોતાના દેહને આત્મા (માને છે). કારણ કે રાગાદિ બધો દેહ છે. ચૈતન્યમૂર્તિ જે ભગવાન શુદ્ધ તે આત્મા છે એને ન જાણતા રાગ અને દેહને આત્મા માને છે, એ પરના દેહને જ એ આત્મા માને છે. એમ. એમ માનીને '**મિથ્યાભાવ સે આત્મભાવ દ્વારા...**' એ આત્મા છે એમ માનીને '**બડા યત્ન કરકે...**' એ આત્મા છે પરનો દેહ એમ માનીને એમાં યત્ન કરે છે. '**આત્મા ધ્યાતા હૈ...**' આહાહા..! એ માને કે આ છે, દેહ છે એ આત્મા છે. એનો આત્મા એટલે એ શરીર ઈ આત્મા એમ. ચૈતન્યની ભિન્નતાનું ભાન નથીને એટલે આ રીતે પોતાને માને અને પરને પણ એ રીતે માને છે. આહાહા..!

'**ભાવાર્થ :- બહિરાત્મા મિથ્યાદષ્ટિ કે મિથ્યાત્વકર્મ કે ઉદય સે...**' એ તો મિથ્યાત્વકર્મનો ઉદય કહેતા જ એના ... જરૂર નથી. ઉદય એને જ કહેવાય, નહિતર તો

નિર્જરા કહેવાય. રાગ-દ્વેષ કરે તો એને ઉદય કહેવાય. વાત એમ છે. '**મિથ્યાત્વકર્મ કે ઉદય સે મિથ્યાભાવ હૈ, ઈસલિયે વહ અપની દેહ કો આત્મા જાનતા હૈ...**' પોતાના દેહને એ આત્મા જાણે છે. '**વૈસે હી પર કી દેહ અચેતન હૈ તો ભી ઉસકો પર કી આત્મા...**' જોયુંને? એ દેહને જ પરનો આત્મા માને છે. અર્થમાં ખોટું લખ્યું છે. અર્થ એની સાથે મેળવાળો નથી. ઘણાં આમાં અર્થ ફેરફાર થઈ ગયા છે. લખાઈ ગયું હોયને ... .. આવડત નહિ. એને આવા કામ સોંપવા નહિ. ભાઈએ કીધું નહિ છોટાભાઈએ? આવા અર્થ ઘરના નાખવા અને પોતાને ... નીચે એવો ફેરફાર કર્યો છે. નીચલી ગાથાના અર્થમાં. અહીં તો પરને આત્મા માને અને પરમાં બડા યત્ન કરે એમ કહે છે. બસ.

અહીં '**(અર્થાત્ પર કો ભી દેહાત્મબુદ્ધિ સે માન રહા હૈ ઔર ઐસે મિથ્યાત્વભાવ સહિત ધ્યાન કરતા હૈ)**' એમ નથી. પરને આત્મા, એનો દેહ છે એ પરનો આત્મા છે. એ જ આત્મા અને એની એને સાવધાની એના પ્રત્યે એને એ આત્મા માનીને એનું ધ્યાન રાખે છે. આહાહા..! એમ સમજવું. લ્યો! '**દેહ કો આત્મા જાનતા હૈ વૈસે હી પર કી દેહ અચેતન હૈ તો ભી ઉસકો પર કી આત્મા માનતા હૈ ઔર ઉસમેં બડા યત્ન કરતા હૈ...**' એમ. એ આત્મા છે .. એમાં એ યત્ન કરે છે. એમ છે. '**ઈસલિયે ઐસે ભાવકો છોડના-યહ તાત્પર્ય હૈ.**'

'**આગે કહતે હૈં...**' આ લોકો કહે ... અંદર હોય અને એને લગતી એ વાત છે. આ તો ઘરનું નાખે અંદર અને આખો અર્થ ફરી જાય. ... પણ હવે છપાઈ ગયું એટલે શું કરે? ... અર્થ ખોટો છે. ... અહીં તો કહે છે કે આ શરીરને જે આત્મા માને છે. આત્મા વસ્તુ ભિન્ન છે એની ખબર નથી. એથી ક્યાંક હોવાપણું તો સત્તાનો સ્વીકાર તો જોઈશેને? એટલે પછી રાગને કરે એ આત્મા, એમ બીજાનું શરીર અને રાગ એ આત્મા. અને પોતે જેમ પોતાના શરીર માટે આત્મા માનીને સંભાળ રાખે છે, એમ એ દેહનો આત્મા માનીને એની સંભાળ કરે છે. બસ. સમજાણું કાંઈ?

હવે દસમું. બે જ ગાથા બાકી છે. ૧૧. '**આગે કહતે હૈં કિ ઐસી હી માન્યતા સે પર મનુષ્યાદિ મેં મોહ કી પ્રવૃત્તિ હોતી હૈ :-**'

सपरज्झवसाएणं देहेसु य अविदिदत्थमप्पाणं।
सुयदाराईविसए मणुयाणं वड्ढए मोहो।।१०।।

'**અર્થ :- ઈસપ્રકાર દેહ મેં સ્વ-પરકે અધ્યવસાય...**' એ નિશ્ચય કૌંસમાં ન જોઈએ. '**સ્વ-પર કે અધ્યવસાય અર્થાત્ નિશ્ચય...**' એમ. ચંદુભાઈ! એમ અર્થ કર્યો છે. સ્વ-પરનો અધ્યવસાય એટલે કે નિશ્ચય, બસ એમ જોઈએ. કૌંસમાં નિશ્ચય એમ ન જોઈએ.

સીધો નિશ્ચય જોઈએ. અર્થાત્ નિશ્ચય એમ. સ્વપરની એકત્વબુદ્ધિ એવો જે અધ્યવસાય એમ. એવો જે નિશ્ચય. આમાં ફેર આખો. આ ગાથાના અર્થમાં બધો ફેર. .. બધા ગોટા વાળ્યા છે. '**દેહમેં સ્વ-પરકે અધ્યવસાય અર્થાત્ નિશ્ચય કે દ્વારા...**' એમ સીધો જોઈએ. કૌંસની જરૂર નથી.

'**મનુષ્યોં કે સુત...**' એટલે દીકરા, સ્ત્રી '**દારાદિક જીવોમેં મોહકી પ્રવૃત્તિ કરતે હૈં,...**' પરમાં સાવધાની કરે છે. આહાહા..! '**કૈસે હૈં મનુષ્ય,...**' ત્યાં આખો પાઠ પડ્યો રહ્યો. જયચંદ્ર પંડિતનો. એનો આખો પાઠ. અવિદિત એમ જોઈએ. અવિદિત—નથી જાણ્યા જેણે અર્થ કહીએ પદાર્થ. એનો આત્મા એટલે એનું સ્વરૂપ. એમ જોઈએ. આખો મોટો ફેર છે. '**દેહમેં સ્વ-પરકે અધ્યવસાય અર્થાત્ નિશ્ચય...**' એમ. અધ્યવસાય એટલે નિશ્ચય એમ. કૌંસમાં નહિ. '**કે દ્વારા મનુષ્યોં કે સુત દારાદિક જીવો મેં મોહ કી પ્રવૃત્તિ કરતે હૈં, કૈસેં હૈ મનુષ્ય,...**' અવિદિત કહીએ **નહીં જાના હૈ**. એ શબ્દ આખો પડ્યો રહ્યો છે મૂળ પાઠનો. '**કૈસે હૈં મનુષ્ય,...**' અવિદિત કહીએ **નહીં જાના હૈ** એમ જોઈએ પહેલું. શું? અર્થ. એટલે કે પદાર્થ. ઉસકા આત્મા. એમ. પાઠ છેને? '**अविदिदत्थमप्पाणं**' અહીં આત્મા ઓલો અને એની વાત નથી. અવિદિત અર્થ એનો આત્મા. એનો આત્મા એટલે એનું સ્વરૂપ. આ તો આમાં લખ્યું છે. જયચંદ્ર પંડિતે લખ્યું છે.

અવિદિત કહીએ **નહીં જાના હૈ**. એનો તો પહેલાના કરનારા તો. નથી જાણ્યા. શું? અર્થ. પાઠ છેને. '**अविदिदत्थमप्पाणं**' એમ છેને? નથી જાણ્યા પદાર્થનું સ્વરૂપ, એમ. '**अप्पाणं**' નો અર્થ. નથી જાણ્યો આત્મા એમ નહિ. જેણે પદાર્થના સ્વરૂપનું જ્ઞાન નથી. '**પદાર્થ કા સ્વરૂપ (અર્થાત્ આત્મા)...**' કહીએ સ્વરૂપ. છેને? અંદર આમાં છે. અર્થ કહીએ પદાર્થ ઉસકા આત્મા. પદાર્થ ઉસકા આત્મા એટલે કે સ્વરૂપ. એ આખો અર્થ ફેરફાર છે. આ તો આખો પડ્યો રહ્યો આમાં. '**નહીં જાના હૈ...**' એ પછી કર્યું. પણ એ અવિદિતનો શબ્દ મૂકીને જોઈએ. અવિદિત છે. મૂળ તો '**अविदिदत्थमप्पाणं**' એમ છે. નથી જાણ્યા પદાર્થનું સ્વરૂપ જેણે, એમ છે.

ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એમ ન જાણતા એ પુણ્ય-પાપના ભાવ અને શરીર તે હું છું. જે એમાં નથી તે હું છું અને જેમાં પોતે નથી તે હું છું, એમ. પુણ્ય અને પાપના ભાવ અને શરીર આદિમાં આત્મા નથી. એમ પુણ્ય-પાપના ભાવ અને શરીર આત્મામાં નથી. આહાહા..! એવું જેને ખબર નથી. અવિદિત-જાણ્યા નથી પદાર્થના સ્વરૂપ જેણે. એટલે બેય આવી ગયું. રાગ અને શરીરનું સ્વરૂપ જાણ્યું નથી અને રાગ વિનાનો આત્મા એનું સ્વરૂપ જાણ્યું નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ તો સમ્યગ્જ્ઞાનની વાત

ચાલે છે આ. મોક્ષપાહુડ છેને? એને સમ્યગ્જ્ઞાન હોવું જોઈએ. જેવો આત્મા છે એવું એને જ્ઞાન જોઈએ અને અજીવ રાગાદિ, શરીરાદિ છે એવું એને જ્ઞાન જોઈએ. સ્વ-પરની ભિન્નતાનું ભાન જોઈએ. અજ્ઞાનીએ સ્વ-પરની એકતાબુદ્ધિમાં નથી જાણ્યું સ્વનું સ્વરૂપ, નથી જાણ્યું પરનું સ્વરૂપ. એમ કહે છે. સમજાણું કાંઈ? અહીં તો સમજવા-સમજવા ઉપરની આખી વાતું છે હોં. એ તો જ્ઞાનસ્વરૂપ છે. આહાહા..! એણે શું કરવું? એણે જે છે એ રીતે એને થાવું છે. તો જે જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપા છે એ રૂપે થાવું એનું નામ ધર્મ. રાગ ને શરીરરૂપે નથી, એ રૂપે ન થવું એ નાસ્તિથી. અધર્મની નાસ્તિ, ધર્મની અસ્તિ. આહાહા..!

સર્વજ્ઞ સિવાય આવી વાતને ક્યાંય અવકાશ નથી. પરમેશ્વર વીતરાગ તીર્થંકરદેવ કેવળજ્ઞાનીએ જે આ જોયું એવું વાણી દ્વારા આવ્યું. ભાઈ! તું આત્મા (છો). આત્મા એટલે જ્ઞાન અને આનંદનો સ્વભાવનો સાગર. આહાહા..! એ આત્મા. અને એ આત્મા એમ જાણે એને એવી દશા આત્માની દશા થાય એને મોક્ષનો ઉપાય કહીએ. લ્યો! આહાહા..! તું રાગ અને શરીર, વાણી એ નહિ. તો બાયડી-છોકરા એ ક્યાંય રહી ગયા આઘા. આહાહા..! પણ જેણે પોતાના જ આત્માને જાણ્યો નથી અને પરમાં પોતાનું માન્યું. એ પરને પણ આત્મા એનો છે એમ માને એ. આહાહા..! એના શરીરનું રક્ષણ કરું, શરીરને સંભાળું. ફલાણાનું ધ્યાન રાખજો. શેનું ધ્યાન રાખે? છોકરાઓ .. હોય એને ધ્યાન રાખજો. લખેને પરદેશમાંથી? એને બોલાવજો. એમ કહે. કહે છેને? બોલાવજો ભાઈ ત્યાં સંભારે છે. કોણ? પણ ત્યાં આત્મા ક્યાં? એ તો શરીર, વાણી જડ છે, આત્મા તો જુદો છે એની તો ખબર નથી. આહાહા..!

બીજો અર્થ કર્યો છે એ ભાષા પરિવર્તનકારે બીજો હોં. ભાષાકારે બીજો. '**ઈસપ્રકાર દેહમેં સ્વ-પરકે અધ્યવસાય અર્થાત્ નિશ્ચય...**' એમ ત્યાં પણ જોઈએ. '**સ્વ-પરકે અધ્યવસાય નિશ્ચય કે દ્વારા જિન મનુષ્યોંને પદાર્થ કે સ્વરૂપકો નહીં જાના હૈ...**' જે મનુષ્યે પદાર્થના સ્વરૂપને જાણ્યું નથી. જોયું! એ ઓલો '**અપ્પાણં**'નો અર્થ સ્વરૂપ કર્યું. '**ઉનકે સુત દારાદિક...**' સ્ત્રી આદિ '**જીવોમેં મોહકી પ્રવૃત્તિ હોતી હૈ.**' ત્યાં એની સંભાળ કરવું, ધ્યાન રાખવું, આ કરવું... આ કરવું... આહાહા..! એને સુખ મળે, એને દુઃખ ન થાય. કોને? એના શરીરને. આહાહા..! '**મોહ કી પ્રવૃત્તિ હોતી હૈ.**' એ ભાષા પરિવર્તનકારે.

'**ભાવાર્થ :- જિન મનુષ્યોં ને...**' જિન એટલે તે. '**જિન મનુષ્યોં ને જીવ-અજીવ પદાર્થ કા સ્વરૂપ યથાર્થ નહીં જાના,...**' લ્યો! જીવ એટલે આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ. અજીવ એટલે રાગ ને શરીર, વાણી, મન આદિ. એના પદાર્થના સ્વરૂપને યથાર્થ જાણ્યો નથી. આ પુણ્યભાવને યથાર્થ જાણ્યો નથી એટલે પુણ્યભાવથી ધર્મ થાય એમ માને છે અને આત્માને આત્મા તરીકે જાણ્યો નથી એટલે પુણ્ય દ્વારા આત્માને લાભ થાય એમ માને છે.

આહાહા..! પુણ્યનું રાગનું સ્વરૂપ અને આત્માનું સ્વરૂપ ભિન્ન છે એ જેમ છે તેમ એણે જાણ્યું નથી. એથી એ રાગના ભાગને, પુણ્યના ભાગને 'ધર્મ કરીએ છીએ' એમ માને છે. આત્મા માન્યો એણે. આહાહા..!

**'સ્વપરાધ્યવસાય હૈ.'** એને તો **'દેહ મેં સ્વપરાધ્યવસાય હૈ.'** પોતાના દેહમાં અને પરના દેહમાં એમ. અધ્યવસાય એકત્વબુદ્ધિ છે—એકત્વનિશ્ચય છે. આહાહા..! **'અપની દેહ કો અપની આત્મા જાનતે હૈં ઔર પર કી દેહ કો પર કી આત્મા જાનતે હૈં,...'** આ શરીર જ હું છું એમ માને છે. બસ એની શોભા, શણગાર, ખવરાવવા, પીવરાવવા, સંભાળ, નવરાવવા, ધોવરાવવા. આમ સવારમાં પટીયા પાડવા. પટીયા એટલે શું? વાળ-બાળ સરખા કરીને. હમણા તો બહુ આ વધી ગયું. આમ આમ રાખે છે બધાય. શું કહેવાય? દાંતીયો-દાંતીયો. અહીં તો કાંઈ નહોતું. ઘણાં જોઈએ છીએ. મજુર નીકળે તોપણ. પહેલા તો ટોપીયુ ઓઢતા એટલે દબાતું. હવે ટોપી નીકળી ગઈ. ટોપી હોયને એમાં દબાઈ જાય. લૂખા-લૂખા હોય તો તો બહુ દેખાય નહિ. અને આ ખુલ્લા લૂખા રખાય નહિ. એને તેલ ચોપડવું પડે. અને ન ઊડે માટે વધારે ચીકાશ રાખે. આહાહા..! આ નવ.. માં જોયું. એક ફેરી રાતે ... આમ કરતા હતા. જુવાનિયા કરે છે અત્યારે. મજુર પણ કરે છે. ઉઘાડે માથે રહેવું એટલે છૂટા વાળ થયા વિના રહે નહિ. પંડિતજી! અને ઓલું તો ટોપી ઓઢતા. ટોપી એટલે અહીં દબાઈ રહે, અહીં દબાઈ રહે, અહીં દબાઈ રહે. પછી એણે દાંતીયાની જરૂર નહિ, તેલની જરૂર નહિ. આ તો ફરી ગયું બધું. ઘડિયાળ જોવે, દાંતીયો જોવે. શું કહેવાય? પેન જોવે એને. આહાહા..! સારા લૂગડા હોય તો અહીં ગળપટ્ટો જોવે. દેખાય. શરીરને આત્મા માન્યો એટલે એને શણગારવામાં પડ્યો છે. આહાહા..! બહુ વધી ગયું છે ... આહાહા..!

**'પરકી દેહકો પરકી આત્મા જાનતે હૈં, ઉનકે પુત્ર-સ્ત્રી આદિ કુટુંબીઓમેં મોહ હોતા હૈ.'** પર તરફ એનું વલણ રહે છે. **'જબ યે જીવ જીવ-અજીવ કે સ્વરૂપ કો જાને...'** ભગવાન આત્મા તો પર છે. રાગથી પર છે તો શરીર, વાણી, કર્મ તો (ક્યાં રહ્યા?) એવો જે જીવ ભગવાન આત્મા એને પોતામાં સુખ મારામાં, હું જીવ છું અને મારું સુખ મારામાં છે. મારું સુખ પરને લઈને અને પરને લઈને સુખ નથી. એમ જો પોતામાં એમ માને તો પરને લઈને એમ માને. પરને પણ દાળ-ભાત આહાર અનુકૂળ મળ્યા માટે સુખી છે—એમ નથી. આહાહા..! એ તો આત્મામાં દૃષ્ટિ કરે તો એ સુખી છે, પર પણ. આપણે એમ કે એને આહાર-પાણી દઈએ તો એ સુખી થાય. એમ જ્ઞાની ન માને. પોતે પણ એનાથી સુખી માનતો નથી તો પરને પણ એ રીતે સુખી માનતો નથી. આહાહા..!

**'જબ યે જીવ જીવ-અજીવ કે સ્વરૂપકો જાને તબ દેહ કો અજીવ માનેં,...'**

લ્યો! એ શરીરને તો જડ માને અજીવ. '**આત્મા કો અમૂર્તિક ચૈતન્ય જાનેં,...**' એ તો અમૂર્તિક પાછા. એમાં રંગ, ગંધ, સ્પર્શ છે નહિ. આહાહા..! એમ જાણે તો એના અસ્તિત્વની અંદરની દૃષ્ટિ રહે, પણ આ હું નહિ અને આ હું એમાં આના અસ્તિત્વ ઉપર દૃષ્ટિ રહે રાગ ઉપર. '**અપની આત્મા કો અપની માનેં ઔર પર કી આત્મા કો પર માનેં,...**' આત્મા કો. પરના આત્માને પરનો આત્મા માને. એનો દેહ છે એ એનો આત્મા એમ ન માને. આહાહા..! '**તબ પર મેં મમત્વ નહીં હોતા હૈ.**' પરને પરનો આત્મા માને પછી (મમત્વ) ક્યાં રહ્યું? એ તો પર આત્મા છે. મારો આત્મા આ છે. પરમાં આ મારા છે એવું એને રહેતું નથી. '**પરમેં મમત્વ નહીં હોતા હૈ. ઈસલિયે જીવાદિક પદાર્થોં કા સ્વરૂપ...**' જીવ-અજીવ, પુણ્ય-પાપ વગેરે. એનું સ્વરૂપ '**અચ્છી તરહ જાનકર...**' '**અચ્છી તરહ જાનકર...**' એમ. એમ ને એમ નહિ. બરાબર જાણીને. '**મોહ નહીં કરના-**' પરમાં .. અને પરમાં રાગ ન કરવો. આહાહા..!

'**આગે કહતે હૈં કિ મોહકર્મ કે ઉદય સે મિથ્યાજ્ઞાન ઔર મિથ્યાભાવ હોતા હૈં, ઉસસે આગામી ભવ મેં ભી યહ મનુષ્ય દેહ કો ચાહતા હૈ -**' આ ભવમાં પણ દેહને પોતાનો માને અને પરભવમાં જાય તોપણ દેહને જ ચાહે એ. આત્મા થાય મારો એ ક્યાં છે એને? દેહ સારો મળે સ્વર્ગમાં, માણસમાં. આહાહા..! મિથ્યાજ્ઞાન અને મિથ્યાભાવ થાય છે. ભવિષ્યના ભવમાં પણ મનુષ્યના દેહને ચાહે છે એ. આહાહા..! એ '**મનુષ્ય દેહ કો ચાહતા હૈ-**'

मिच्छाणाणेसु रओ मिच्छाभावेण भाविओ संतो।
मोहोदएण पुणरवि अंगं सं मण्णए मणुओ।।११।।

'**અર્થ :- યહ મનુષ્ય મોહકર્મ કે ઉદય સે મિથ્યાજ્ઞાન કે દ્વારા મિથ્યાભાવ સે ભાયા હુઆ...**' મિથ્યા ભાવનાથી ભાવનામાં પડ્યો છે. આહાહા..! '**આગામી જન્મ મેં ઈસ અંગ કો અચ્છા સમજકર ચાહતા હૈ.**' લ્યો! આ દેહને જ સારો માનીને, બસ. શરીર આદ્યં ખલુ ધર્મ સાધનં. લ્યો! શરીરની સુખાકારી હોય તો મન ઠીક રહે અને મન ઠીક હોય તો આત્મામાં ધર્મ થાય. એમ અજ્ઞાની... આહાહા..! વૈદો પણ એમ બતાવે હોં! ખરા મોટા વૈદો. શરીરની નિરોગતા રહે તો મનને સ્ફૂર્તિ રહે. મનને સ્ફૂર્તિ રહે તો ધર્મધ્યાન થઈ શકે. લ્યો ઠીક! એ કહેતો હતો ઓલો મોટો વૈદ નથી અમદાવાદનો.?આવ્યો હતો નહિ? પટેલને ઘરે. પટેલને ત્યાં ઉતર્યા હતાને. અમદાવાદમાં. પંચકલ્યાણક હતું ત્યારે. શું એ? રમણભાઈને ત્યાં ઉતર્યા હતા ત્યારે વૈદ દેશી. મોટો વૈદ છે. મોટો વૈદ છે. ... આવ્યો હતો. એકાદ બે.. એ કહે, આમ શરીર આવું હોય ને સ્ફૂર્તિ રહે બસ.

મુમુક્ષુ :- પહેલું સુખ તે જાતે નર્યા.

ઉત્તર :- જાતે નર્યા. હા એ. પહેલુ સુખ તે જાતે નર્યા, બીજું સુખ ઘરે ચાર દીકરા. કોઈને છ દીકરા હોય, વળી આઠ હોય. ત્રીજું સુખ સુકુળની નાર. સારા કુળની નાર એ ત્રીજું સુખ એના ઘરનું. ચોથું સુખ કોઠીએ જાર. કોઠીમાં અનાજ હોય. એ ચાર સુખ ભાઈ અજ્ઞાનીના. આહાહા..! નર્યા સુખ. રોગ-નિરોગ એની સાથે સંબંધ શું છે? આહાહા..! સાતમી નરકનો નારકી સોળ રોગ. છતાં એમાં સમકિત પામે છે. આહાહા..! સાતમી નરકનો રવ-રવ નારકી. એની પીડાનો પાર ન મળે. એની ઠંડી ત્યાં હોય છે બહુ. એક ઠંડીનો એ કણ અહીં આવે તો અનેક ગાઉના માણસો મરી જાય. એટલી ઠંડી. એમાં ૩૩ સાગર ગાળે. એમાં આત્મધર્મ પામે. આહાહા..! હવે બહાર શું કહે છો સાંભળને. આહાહા..! સંયોગ ક્યાં તને નડે છે? આહાહા..! એવી પ્રતિકૂળતા સાતમી નરકમાં. આહાહા..! રાજા, મહારાજા હોય મોટો, માંસ ને દારૂ ખાધા હોય. એ ગુરુ પાસે સાંભળેલું હોય, પણ કાંઈ ..માં મૂક્યું ન હોય. એ મરીને નર્કમાં જાય રાજા હોય. ત્યાં પાર્લામેન્ટ...

.... ફટ ફટ ઓલા તળાવ પાસે રહે ઠંડીમાં. ત્યાં જઈને મારે. આહાહા..! આંખ ઓડે ગઈ. પાછળ આંખ જોઈએ. આમ ન જોઈએ. ઉપર આવો કહે. આપણે એમ કહેવત છે આંખ ઓડે ગઈ. એ અહીં જોતો નથી, અહીં વઈ ગઈ છે. આહાહા..! એવી વાત છે. એ ઓલા .. મૂક્યા હતા બિચારા એની પાસે. હે રાજા! આવું પણ પાપ. અરે! આ હાથે કરીએ અને આ હાથે ભોગવીએ. અમે ક્ષત્રિય છીએ. મરી ગયો. અત્યારે રાડ નાખતો હશે નરકમાં. આહાહા..! રણજીતસિંહ અત્યારે અહીં રાજા હતો. જામનગરનો કરોડ. નરકમાં અત્યારે રાડે રાડ પાડતો હશે. આહાહા..! પણ માણસ ભૂલી જાય છે. વર્તમાન દેખી અને ત્રિકાળી ભગવાન કોણ છે એને ભૂલી જાય છે. આહાહા..! વર્તમાનની લાલચુ, અનુકૂળતા-પ્રતિકુળતા દેખીને વર્તમાનને જ માનનારા, ત્રિકાળી ભગવાન ચિદાનંદ સ્વરૂપ છે એને નહિ જાણનારા, નહિ માનનારા આ સ્થિતિમાં પડ્યા એ જશે મરીને ક્યાંક. આહાહા..! ત્યાં ઈ શેઠાઈ નહિ કામ આવે ત્યાં. અહીંયાં પૂર્વે કર્યા અહીં ભોગવ્યા. હવે રાડ નાખીને મરી જઈશ મારા. બાપુ! નરકની વેદના એ નારકી સહન કરે. એની પીડા.. પીડા.. એ બધા મિથ્યાત્વના ફળ છે. સ્વ-પરની એકતા માનવાના એ બધા ફળ છે. સ્વ-પરની એકતામાં ફળ ફળે. સ્વ-પરની એકતા તૂટતા ભવનો અભાવ થાય. આહાહા..! શું કરવું આમાં સૂઝ પડતું નથી. ઓલું તો કહે બહાર કરવું. આ કરવું. રાગ ને શરીરથી જુદો.

નથી દાખલો આપ્યો? કરવતનો. અભ્યાસ કરતા. આવે છેને અભ્યાસ. કલુષિત. કલનાત્. કરવત હોયને લાકડામાં અભ્યાસ કરે (તો) બે જુદા પડી જાય. એમ આ અભ્યાસ તો કર,

પ્રભુ! આહાહા..! રાગ અને ભગવાન અંદર સ્વભાવ ચૈતન્યનો. બે ભિન્ન છે, .. આહાહા..! એને ભેદ પાડવાનો અભ્યાસ તો કર તું. આહાહા..! એ અભ્યાસ કરતાં બે જુદાં દેખાશે તને. આહાહા..! પર તરફના વલણવાળા વિકલ્પો રાગ, ચાહે તો શુભ હો કે અશુભ હો, એનાથી ચૈતન્ય જાણનારું તત્ત્વ તદ્દન ભિન્ન છે. એને સંબંધ નથી રાગ સાથે. ખરેખર તો રાગને જ્ઞાયકભાવ સ્પર્શ્યો નથી, અડ્યો નથી. આહાહા..! એવા બે ભાવને પ્રજ્ઞાછીણીથી બે જુદા કરને. એમાં તને હિત છે, ભાઈ! આહાહા..! દુનિયાની મોટપ લેવા, દુનિયામાં મોટો કહેવડાવવા, મોટો વેપાર, ધંધા શું કહેવાય અત્યારે આ બધા? કારખાના. બહુ કારખાના હમણાં તો. ફલાણા તો કારખાના, ફલાણાને તો કારખાના. બધા એ જ વાતું કરે છે. ... કારખાના. આહાહા..! એ મોહ પરની સંભાળ રાખવા અને દેહની સંભાળમાં એટલે કે પરની સાથે હોડાહોડમાં જીવવામાં અધિકપણું મારું થાય. એમાં આ બધું ઉપાધિ કરી બેસે છે. આહાહા..!

'**ભાવાર્થ :- મોહકર્મ કી પ્રકૃતિ મિથ્યાત્વ કે ઉદય સે જ્ઞાન ભી મિથ્યા હોતા હૈ,...**' જ્ઞાન મિથ્યા થઈ જાય છે. મિથ્યા શ્રદ્ધા થઈ. રાગ હું, પુણ્ય હું, શરીર હું, આ.. બધા કર્મના એ હું, કર્મના ફળ બધા સંયોગી તે હું. એ મિથ્યા, જ્ઞાન મિથ્યા થઈ ગયું. આહાહા..! જે જોવું તેને જોવે નહિ, નથી જોવું ત્યાં પોતાનું માનીને બેસે. એ જ્ઞાન .. થઈ ગયું. '**પરદ્રવ્ય કો અપના જાનતા હૈ...**' તેથી ભગવાન ચૈતન્ય સ્વરૂપ પોતાને ન જાણતાં, પોતાની કિંમત ન કરતાં એ રાગ ને પુણ્ય ને પાપની કિંમત કરીને પરને પોતાનો માને, જાણે. '**ઔર ઉસ મિથ્યાત્વ હી કે દ્વારા...**' એ મિથ્યા શ્રદ્ધા દ્વારા, એમ કહ્યું. શું કીધું? જ્ઞાન મિથ્યા થાય છે એ જ્ઞાન પરને જ પોતાનું જાણવાનું મિથ્યા જ્ઞાન. અને '**પરદ્રવ્ય કો અપના જાનતા હૈ...**' એથી રાગ ને શરીરને જ પોતાનું માને છે. એ '**મિથ્યાત્વ હી કે દ્વારા મિથ્યા શ્રદ્ધાન હોતા હૈ,...**' એમ કહે છે. એ કર્મ કે દ્વારા એમ નહિ, એમ. આહાહા..! મિથ્યાત્વ દ્વારા મિથ્યા શ્રદ્ધાન. ઊંધી શ્રદ્ધા દ્વારા મિથ્યા શ્રદ્ધા થાય છે. એ પરને કારણે થાય છે એમ નહિ. આહાહા..! આવું સાંભળવા પણ નવરાશ ન મળે. .. તો લે. સાંભળવા નવરા થઈએ. પાપના ધંધા કરવા. એમાં સાંભળવાના પુણ્યમાં આવીએ. હજી તો પુણ્ય હોં, ધર્મ તો પછી. કેટલાક તો બહુ ધંધા હોય તો કહે, મરવા પણ નવરા નથી એમ કહે. ઠીક. હમણાં તો મરવા પણ નવરા નથી. બાપા! મરીશ ત્યારે .. પડ્યા રહેશે ભાઈ! હાય.. હાય.. આ શું થયું? એ અમારે એમ કહે છે. મરવાની ... નવરાશ. ફુરસદ. નવરાશ ક્યાં છે બાપુ? એ દેહ છૂટવા ટાણે એવો નવરો થઈશ. છોકરો પરણતો હશે. લગ્ન. આહાહા..!

રાણપરમાં થયું હતુંને. ભત્રીજાને પરણાવ્યો. માંડવો ભત્રીજાનો. જાન જવાની હતી. ..

અને એને .. એનો બાપ તો પાછો વયો ગયો. આહાહા..! માંડવા ... જાન ગઈ અને અહીં મરી ગયો. દીકરા તરીકે ... ભાવ... બાપ તરીકે. આહાહા..! માંડવા નીચે કાઢ્યો. આહાહા..! એવા દાખલા હજારો અનંત બન્યા છે. આહાહા..! ... હજી તો માંડવો કાઢ્યો નહોતો. એને અહીં .. કાઢ્યો. દામનગર-દામનગર. આહાહા..! સંસાર. મારાને મીઠાશ. ભાઈ! તું કોણ છો? ક્યાં છો? તને તારી ખબર નથી. તું તો જ્ઞાન અને આનંદમાં તું છો. રાગ અને શરીરમાં તું નહિ. આહાહા..! સમજાણું કાંઈ? તું રાગ અને શરીરમાં શોધવા જઈશ તો નહિ મળે. આહાહા..! અંદર આત્મા તો રાગ અને શરીર વિનાનો ચૈતન્યમૂર્તિ, ચૈતન્યસ્વરૂપી ભગવાન આત્મા. આહાહા..! ત્યાં જો, તેને જો, તેને શોધ. આહાહા..! એ મિથ્યાત્વ થઈ ગયું એને એમ કહે છે.

કર્મના ઉદયને લઈને. એટલે કે એ ઉદય જ એને કહીએ. નહિતર તો કર્મનો ઉદય નિર્જરા થઈ જાય. આહાહા..! '**જ્ઞાન ભી મિથ્યા હોતા હૈ,...**' ચૈતન્યનું જ્ઞાન વિપરીત થઈ ગયું. આહાહા..! '**પરદ્રવ્યકો અપના જાનતા હૈ ઔર ઉસ મિથ્યાત્વ હી કે દ્વારા મિથ્યા શ્રદ્ધાન હોતા હૈ, ઉસસે નિરંતર પરદ્રવ્યમેં યહ ભાવના રહતી હૈ...**' લ્યો! જેને પોતાનો માને એની નિરંતર ભાવના રહે. રાગ વધારું, શરીર વધારું, કુટુંબ વધારું, આ વધારું. આહાહા..! વેપાર વધારું. બાપે નહોતા કર્યા એટલા વેપાર અમે કરીએ. મારો બાપ બે હજાર પેદા કરતો, હું પચાસ હજાર, લાખ પેદા કરું. આહાહા..! કહે છે, એ '**નિરંતર પરદ્રવ્ય મેં યહ ભાવના રહતી હૈ...**' આહાહા..! છોકરા વધે, એને ભણાવવા, એને સારે ઠેકાણે નાખવા, ... વેપારમાં જોડવા. મરી ગયો આમ ને આમ. તારું શું કર્યું તેં? તને સારા ઠેકાણે નાખવો છે કે નહિ તારે? આહાહા..! આ તો મિથ્યા શ્રદ્ધાની વાત છે હોં. આમ છોડી દઈને બાયડી, છોકરા છોડ્યા માટે મિથ્યા શ્રદ્ધા છૂટી ગઈ એમ નથી. આહાહા..! આ તો રાગ અને દેહ, શરીરને પોતાના માને અને પછી સાધુ થઈને બેસે એ મૂઢ મિથ્યાદૃષ્ટિ જ છે. એ બહારની સરખાઈ રાખવા જ મથશે એ. આહાહા..! સાધુ થાય તોપણ, બીજા સાધુને સ્વાગત વખતે બેન્ડ હતું, મારા સ્વાગતમાં બેન્ડ નહિ? .. બબ્બે હજાર માણસો, પાંચ-પાંચ હજાર માણસો હોય. બે-ચાર-પાંચ બેન્ડ હોય. હજાર-હજાર માણસને ઓલા. મારે વખતે નહિ? હું તો આચાર્ય.. આમ ને આમ. કહે છે કે એ રાગ ને પુણ્ય ને પાપને પોતાના માને છે એની પુષ્ટિ કરવા જ એ મથે છે. આહાહા..!

'**નિરંતર પરદ્રવ્ય મેં...**' જોયું! સ્વદ્રવ્ય ચૈતન્ય ભગવાન એ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એનું તો ભાન ન મળે. હું કાંઈક કરું, રાગ કરું, પુણ્ય કરું, પાપ કરું, આ કરું... આ કરું... એમાં '**નિરંતર પરદ્રવ્ય મેં યહ ભાવના રહતી હૈ...**' એમ. આહાહા..! એને દોરો છૂટતો

નથી. જેમ .. જાય દોરા કાઢતા, એમ આ સાંઢે જાય. પરની અનુકૂળતા કરવા, પરની પ્રતિકુળતા પાળવા. આહાહા..! **'કિ યહ મુજે સદા પ્રાપ્ત હોવે,...'** મને બધી આ અનુકૂળતા પ્રાપ્ત થાઓ. કોની પણ અનુકૂળતા? પરની? પરની અનુકૂળતા એટલે શું? આહાહા..! ભગવાનના સમવસરણમાં ગયો, કેટલી અનુકૂળતા હતી બહારની. પણ અંદરમાં? રાગ ને પુણ્ય એ મારા એવી માન્યતામાં પડ્યો એને અનુકૂળતા શું કરે? ભગવાનની વાણી જેવી અનુકૂળતા. આહાહા..! સમવસરણ ધર્મ દરબાર. એમાં ગયો એ મિથ્યાત્વ એમ ને એમ રહીને પાછો... આહાહા..! નવમી ગ્રૈવેયક ગયો. મિથ્યાદષ્ટિ નથી ગયો? અહમેન્દ્ર બધાય. કોઈ નાના-મોટા નહિ. ઠીક! આહાહા..! પણ અંદર મિથ્યાત્વ પડ્યું છે. રાગને પોતાનું માનીને ચૈતન્યસ્વરૂપની .. એ અહમેન્દ્રમાં મૂંઝવણમાં પણ મીઠાશ, પરમાં મીઠાશ.

**'યહ મુજે સદા પ્રાપ્ત હોવે,...'** અનુકૂળતા મને હો. મરતા સુધી બધું ઠીક રહે, .. ઠીક રહે, ફલાણું ઠીક રહે. મરણ સુધી ... આ બધી અનુકૂળતા .. **'ઈસસે યહ પ્રાણી આગામી દેહ કો ભલા જાનકર ચાહતા હૈ.'** એથી તો ભવિષ્યના દેહને ભલો જાણીને ત્યાં જાશે. આહાહા..! અવતરશે. ધર્મી બીજા દેહમાં જાય, પણ ભલો માનીને નથી જતો. આહાહા..! **'યહ પ્રાણી આગામી દેહ કો ભલા જાનકર ચાહતા હૈ.'** પોતે ચૈતન્ય સ્વરૂપ એની એને ભાવના વધો. ભવિષ્યમાં સ્વર્ગમાંથી નીકળીને પણ આ હજો. એ તો જ્ઞાનીને એવી ભાવના હોય. આહાહા..! સ્વર્ગની અનુકૂળતામાં એવું થતાં, ભાવના તો (એવી હોય કે) ક્યારે હું મનુષ્ય થાઉં, ક્યારે હું રાગ છોડીને મુનિ થાઉં? આહાહા..! અજ્ઞાની એમ માનતો નથી. એને તો બહારની અનુકૂળતા...

છઠ્ઠા .. કહેતા હતા. ... હમણા આવ્યું હતું લખાણ. ઓલા .. હતાને સ્થાનકવાસીમાં. .. ગુજરી ગયો. એણે છ બોલ આ લીધા હતા. .. જૈન શાસનનો વેરી .. છઠ્ઠેથી. આમાંથી .. બહુ સુખ. ઘણું જાણપણું હોય, પણ જેને અંદર સમ્યગ્દર્શનનું ભાન નથી. રાગથી, આ ભણતરથી પણ મારી ચીજ ભિન્ન છે. એવા જેણે ત્યાં સાધારણ શબ્દ મૂક્યો. આણે એ મૂક્યું. ... અત્વ એટલે આત્મજ્ઞાની, અણત્વ એટલે અનાત્મજ્ઞાની. એમ કર્યું છે. એ કષાયવંત. કષાયવંતને સુખના જાણપણા એ સંસારને વધારનારા છે એમ કહે છે. કષાયવંતને શિષ્યનો પરિવાર વધે, આબરૂ વધે, કીર્તિ વધે એ બધું પરિભ્રમણને માટે છે. જેમ જેમ બહુ શ્રુત.. .. ઘણાં માણસો માને. એ કષાયવંતને બધા માણસો માને. રખડવા માટે છે. આહાહા..! પરિવાર વધે, આબરૂ વધે, .. વધે. ... જેને રાગથી, પુણ્યથી આત્મા ભિન્ન છે. મારા ચીજમાં રાગ, પુણ્ય.. એવી ચીજનું ભાન નથી. એ રાગને પોતાનો માની અને એ દુઃખી થઈને અનુકૂળ સાધનો બહારના મળશે એમાં એને પાપની વૃદ્ધિ થશે. આહાહા..! એનું એને અભિમાન...

આહાહા..! અને આત્મજ્ઞાનીને... ધર્મની .. મારે માટે .. મારી વૃદ્ધિનું કારણ નથી. પરની વૃદ્ધિથી હું પણ વધ્યો, એમ અજ્ઞાની માને છે. આહાહા..!

'આગે કહતે હૈં કિ **મુનિ** દેહ **મેં**...' હવે સવળું લે છે. '**મુનિ** દેહ **મેં નિરપેક્ષ** **હૈ,** દેહ કો **નહીં** ચાહતા **હૈ,** ઈસ**મેં મમત્વ નહીં** કરતા **હૈ,** વહ **નિર્વાણ** કો પાતા **હૈ.**' આહાહા..!

**जो देहे णिरवेक्खो णिद्दंदो णिम्ममो णिरारंभो।**

**आदसहावे सुरओ जोई सो लहइ णिव्वाणं।।१२।।**

જો ધર્મી જીવ. ત્રણ વિશેષણ આપ્યા. યોગી, ધ્યાની, મુનિ. મુનિની પ્રધાનતાથી કથન છેને. મોક્ષનું કારણ તો ચારિત્ર જ છેને અંદરની દશા. આ લોકો માને એ ચારિત્ર નથી કાંઈ. અજ્ઞાની બહારથી છોડીને સાધુ થઈને ફરે એ મિથ્યાદષ્ટિ છે. ચારિત્ર ક્યાં હતું? આહાહા..! આ તો જેને ભગવાન આનંદ અને જ્ઞાન સરોવર એના જેણે પાણી મીઠા પીધા છે. એ આત્માના આનંદના જળ જેણે પીધા છે. આહાહા..! આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે એનું જેને સમ્યગ્દર્શનમાં આનંદના ભાન જેને સ્વાદ આવ્યા છે અને જેને ચારિત્રમાં તો અતીન્દ્રિય આનંદ વધી ગયો. આહાહા..! આત્મામાં જોડાણ વધી ગયું છે એમ કહે છે. સમ્યગ્દર્શનમાં જોડાણ છે એથી ચારિત્રમાં ઉગ્ર જોડાણ થઈ ગયું. એવા યોગી. અંતર ધ્યાનમાં સાધનારા ધ્યાની. એવા ધ્યાની અને એ મુનિ. 'દેહ **મેં નિરપેક્ષ હૈ**...' દેહની સાથે પર સંબંધ શું છે? એની પર્યાય એને કારણે થયેલી છે. મારે કારણે રહે નહિ, મારે કારણે જાય નહિ. આહાહા..!

'**અર્થાત્** દેહ કો **નહીં** ચાહતા **હૈ**...' એટલે પોતાના દેહનો પોતાનો માનતો નથી. દેહને પોતે નથી માનતો. '**ઉદાસીન હૈ,**...' આહાહા..! શરીરથી ભિન્ન આત્માનું જ્ઞાન છે તે ધર્માત્મા શરીર પ્રત્યે તો ઉદાસ છે. આહાહા..! '**નિર્દ્વંદ્વ હૈ**...' નિર્દ્વંદ્વની વ્યાખ્યા કરી. '**રાગદ્વેષરૂપ ઈચ્છા અનિષ્ટ માન્યતા સે**...' એમ. રાગ. દ્વંદ્વ છેને એટલે રાગ-દ્વેષ. '**રાગદ્વેષરૂપ ઈચ્છા અનિષ્ટ માન્યતા સે** રહિત **હૈ,**...' આહાહા..! રાગની ઇચ્છા અને દ્વેષની ઇચ્છા એ તો અનિષ્ટ માન્યતા છે. આહાહા..! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય છે એની એકાગ્રતાની તો ધર્મીને ભાવના હોય. એ રાગ ને દ્વેષની ઇચ્છા એવી જે અનિષ્ટ માન્યતા, એ અનિષ્ટ માન્યતા છે. આહાહા..! 'ક્યા ઈચ્છત ખોવત સબૈ હૈ ઈચ્છા દુઃખ મૂલ.' ઇચ્છામાં તો શાંતિ નથી આત્માને. આહાહા..! એવી ઇચ્છા અનિષ્ટ માન્યતાથી રહિત છે.

'**નિર્મમત્વ હૈ**-દેહાદિક **મેં** યહ મેરા **ઐસી બુદ્ધિ સે** રહિત **હૈ, નિરારંભ હૈ**- ઈસ શરીર કે લિયે **તથા અન્ય લૌકિક પ્રયોજન** કે લિયે આરંભ સે રહિત **હૈ**...'

છોકરાને પરણાવવા ફલાણું એ .. હોય છે? શરીરને લઈને અને પરને લઈને એ કાંઈ હોતું નથી. આહાહા..! **'ઔર આત્મસ્વભાવ મેં રત હૈ,...'** મુનિ તો. ભગવાન આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ ... એમાં એ લીન છે. **'નિરંતર સ્વભાવકી ભાવના સહિત હૈ,...'** ઓલો ઓલી ભાવના ભાવે છે દેહની. આ નિરંતર સ્વભાવની ભાવના સહિત **'વહ મુનિ નિર્વાણ કો પ્રાપ્ત કરતા હૈ.'** લ્યો! આવા ધર્માત્મા હોય એ નિર્વાણ પામે છે. આહાહા..! પરને પોતાનો માનનારા.. દેહની .. દેહમાં જન્મશે, દેહમાં ... આહાહા..! .. શું કરે છે? રાગની ઈચ્છા અને દ્વેષની ઈચ્છા આમ કરું.. આમ કરું... .. અનિષ્ટ છે. એ ધર્મીને હોતી નથી. આહાહા..!

**'ભાવાર્થ :- જો બહિરાત્મા કે ભાવ કો છોડકર...'** રાગ અને શરીરને પોતાનો માનવો એ ભાવ છોડી દે. **'અંતરાત્મા બનકર...'** ભગવાન જ્ઞાનસ્વરૂપ છે એવું ભાન કરીને **'પરમાત્મા મેં લીન હોતા હૈ,...'** એ પરમસ્વરૂપમાં લીન થાય. **'વહ મોક્ષ પ્રાપ્ત કરતા હૈ. યહ ઉપદેશ બતાયા હૈ.'** લ્યો! ..ગાથા.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ સુદ ૨, રવિવાર તા. ૨૪-૦૨-૧૯૭૪**
**ગાથા - ૧૩-૧૪, પ્રવચન - ૧૧૭**

યહ અષ્ટપાહુડ હૈ, ઉસમેં મોક્ષપ્રાભૃત. ૧૩વીં ગાથા. ભાવપાહુડ ચલતા થા તો ઉસમેં વ્યવહાર કા અધિકાર બહુત થા. અબ તો બડી સભા હૈ તો જરા પરમાર્થ ક્યા હૈ. ફિરસે. **'આગે બંધ ઔર મોક્ષ કે કારણ કા સંક્ષેપરૂપ આગમ કા વચન કહતે હૈં-'** ભગવાનકી વાણી મેં બંધ ઔર મોક્ષ કા સંક્ષેપ મેં ક્યા કથન હૈ વહ દિખાયા હૈ.

परदव्वरओ बज्झदि विरओ मुच्चेइ विविहकम्मेहिं।
ऐसो जिणउवदेसो समासदो बंधमुक्खस्स।।१३।।

**'અર્થ :- જો જીવ પરદ્રવ્ય મેં રત હૈ,...'** બહુત સંક્ષેપ મેં કથન દ્વારા બારહ અંગ કા સાર કહતે હૈં. જો અપના ચૈતન્યદ્રવ્ય જ્ઞાયકભાવ પવિત્ર શુદ્ધ ધ્રુવભાવ કો છોડકર પુણ્ય-

પાપ કા વિકલ્પ આદિ પરદ્રવ્ય મેં જો રત હૈ. પરદ્રવ્ય મેં આશ્રય કરને સે તો વિકાર હી હોતા હૈ. ચાહે તો તીર્થંકર હો, આગમ હો યા ગુરુ હો, પરંતુ પરદ્રવ્ય કે લક્ષ સે તો રાગ હી ઉત્પન્ન હોતા હૈ. '**परदव्वरओ बज्झदि**' મહા જિનોપદેશ. યહ જિનોપદેશ. વીતરાગ કા યહ ઉપદેશ.. દિવ્યધ્વનિમેં ગણધર ઔર ઈન્દ્રોં કે સમક્ષ ભગવાન કા યહ ઉપદેશ થા કિ જો જીવ પરદ્રવ્ય મેં રત હૈ, પરદ્રવ્ય શબ્દસે દેવ-ગુરુ-શાસ્ત્ર હો યા સ્ત્રી, કુટુંબ, પરિવાર હો, સબ પરદ્રવ્ય હૈં, પરદ્રવ્ય મેં જિસકા આશ્રયભાવ હૈ વહ રાગ હૈ. ઉસ રાગ મેં રત હૈ વહ મિથ્યાદૃષ્ટિ કર્મ સે બંધતા હૈ. બહુત સૂક્ષ્મ ભાવ, અપૂર્વ ભાવ! અનભ્યાસી ભાવ અનાદિ કાલ સે અભ્યાસ નહીં ન.

અપની ચીજ જો ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ ધ્રુવસ્વરૂપ નિત્ય સ્વભાવ ઉસકા આશ્રય છોડકર જિતના પરદ્રવ્ય કા આશ્રય કરતે હૈં ઉસમેં રાગ હોતા હૈ. ઔર રાગ મેં એકત્વ માનતે હૈં તો મિથ્યાત્વભાવ હોતા હૈ. આહાહા..! સમજમેં આયા? શુભભાવ દેવ, ગુરુ ઔર શાસ્ત્ર કે આશ્રય સે ઉત્પન્ન હોતા હૈ. ૮૩ ગાથા મેં આ ગયા થા ભાવપાહુડ મેં, કિ જૈનધર્મ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ, વૈયાવચ્ચ સેવા આદિ ભાવ વહ જૈનધર્મ નહીં. આહાહા..! વહ તો પુણ્યભાવ હૈ. વહ ૮૩ ગાથા મેં આયા. ૮૩ હૈ ન ૮૩. ભાવપાહુડ. પૃષ્ઠ ૧૭૮.

**पूयादिसु वयसहियं पुण्णं हि जिणेहिं सासणे भणियं।**
**मोहक्खोहविहीणो परिणामो अप्पणो धम्मो।।८३।।**

જૈનશાસન મેં જિનેન્દ્રદેવને જો ભાવપ્રાભૃત મેં કહા વહ સંક્ષેપ મેં મોક્ષપ્રાભૃત મેં કહતે હૈં. '**જિનશાસન મેં જિનેન્દ્રદેવને ઈસપ્રકાર કહા હૈ કિ પૂજા આદિક મેં ઔર વ્રતસહિત હોના હૈ વહ તો પુણ્ય હી હૈ...**' વીતરાગ માર્ગ મેં, જિતના પરદ્રવ્ય કે આશ્રય સે શુભભાવ ઉત્પન્ન હોતા હૈ, ભગવાન કી પૂજા, યે લો ઉસમેં વાંધા હૈ ન કિ ભગવાન કી ભક્તિ મેં રાગ હૈ વહ કહાં દુઃખ હૈ? ઉસમેં રાગ હી નહીં હૈ. આહાહા..! યહાં તો કહતે હૈ કિ ભગવાન કી પૂજા... ઉસમેં અંદર મેં વિશેષ લિખા હૈ. '**પૂજા આદિક મેં ઔર વ્રતસહિત હોના હૈ વહ તો પુણ્ય હી હૈ...**' ઉસમેં પૂજા, ભક્તિ, વંદના, વૈયાવચ્ચ આદિ સમજના. યહ સબ પુણ્યભાવ હૈ, ધર્મ નહિ. આહાહા..! બંધ કા કારણ હૈ વહ. આહાહા..!

કહતે હૈં કિ દેવ-ગુરુ-શાસ્ત્ર કે લિયે હોતા હૈ વહ તો. પૂજા, ભક્તિ, વૈયાવચ્ચ, વંદના યહ તો દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય હૈ, પરદ્રવ્ય કે લક્ષ સે વહ ભાવ હોતા હૈ. આહાહા..! વહ તો પુણ્ય હૈ, ધર્મ નહીં. આહાહા..! હૈ? ૮૩ ગાથા. '**લૌકિક જન તથા અન્યમતી કઈ કહતે હૈં કિ પૂજા આદિક શુભક્રિયાઓં મેં ઔર વ્રતક્રિયાસહિત હોતા હૈ વહ જિનધર્મ હૈ,...**' વૈસે જૈન સંપ્રદાય મેં રહનેવાલા ઐસા કહે... યહ ૮૩ ગાથા હૈ, કિ '**પૂજા આદિ**

**શુભક્રિયાઓં મેં ઔર વ્રતક્રિયાસહિત હૈ વહ જિનધર્મ હૈ, પરંતુ ઐસા નહીં હૈ.'** આહાહા..! **'જિનમત મેં જિનભગવાન ને ઈસપ્રકાર કહા હૈ કિ પૂજાદિક મેં ઔર વ્રતસહિત હોના હૈ વહ તો પુણ્ય હૈ,...'** પુણ્ય વહ ધર્મ નહીં, વહ તો આસ્રવ હૈ, વહ બંધકા કારણ હૈ. આહાહા..! **'ઔર ઉપવાસ આદિક વ્રત હૈ વહ શુભક્રિયા હૈ,...'** આહાહા..! હૈ? **'ઈનમેં આત્મા કા રાગસહિત શુભપરિણામ હૈ ઉસસે પુણ્યકર્મ હોતા હૈ ઈસલિયે ઈનકો પુણ્ય કહતે હૈં. ઈસકા ફલ સ્વર્ગાદિક ભોગોં કી પ્રાપ્તિ હૈ.'** સ્વર્ગાદિ સંયોગ મિલે પરંતુ આત્મા કો બિલકુલ લાભ નહીં. આહાહા..! બહુત કઠિન બાત ભાઈ!

જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ... યહાં ભી વહ આયા. **'ऐसो जिणउवदेसो'** પરદ્રવ્ય મેં જિતના પરદ્રવ્ય અપને સે ભિન્ન ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર હો, સ્ત્રી, કુટુંબ, પરિવાર તો પરદ્રવ્ય હૈ હી. ઉસકે આશ્રય સે તો અશુભરાગ હોતા હૈ. ઔર દેવ-ગુરુ-શાસ્ત્ર ઉસકી શ્રદ્ધા, ઉસ તરફ કા આશ્રય ઔર વલણ વહ સબ શુભરાગ પુણ્ય હૈ. પુણ્ય મેં લીન હોતા હૈ વહ મિથ્યાદૃષ્ટિ હૈ. આહાહા..! પંડિતજી! હૈ?

મુમુક્ષુ :- પુણ્યભાવ મિથ્યાત્વ હૈ?

ઉત્તર :- પુણ્યભાવ મિથ્યાત્વ નહીં. પુણ્યભાવ મેં લીન હોના ઔર વહ ધર્મ હૈ ઐસા માનના વહ મિથ્યાત્વ હૈ. સમજ મેં આયા? ભગવંત! માર્ગ તો ઐસા સૂક્ષ્મ હૈ. લોગોં કો બાહર સે ઐસી સ્થૂલ ચીજ મિલી હૈ તો યહ બાત ઉસકો ઐસી લગતી હૈ કિ યહ તો નિશ્ચયાભાસ કી બાત હૈ. વ્યવહાર સે કુછ લાભ હોતા હૈ ઐસી બાત તો યહાં આતી નહીં. આહાહા..! પંડિતજી! વ્યવહાર તો પરદ્રવ્ય કે આશ્રય સે ઉત્પન્ન હોતા હૈ. આહાહા..!

સમયસાર મેં ૨૭૨ ગાથા મેં કહા. ભગવાન ને પરદ્રવ્ય કો મૈં જીવા સકતા હૂં, માર સકતા હૂં, સુખી કર સકતા હૂં, દુઃખી કર સકતા હૂં, ઐસા જો અભિપ્રાય વહ મિથ્યાત્વભાવ હૈ. તો કહતે હૈં, જો પરદ્રવ્ય કો મેં ઐસે જીલા સકતા હૂં, માર સકતા હૂં, સુખી કર સકતા હૂં ઐસા ભાવ મિથ્યાત્વ અધ્યવસાય હૈ. ભગવાન ને ... ઉસકા નિષેધ કિયા હૈ. તો આચાર્ય કહતે હૈં કિ જબ ભગવાન ઐસે કહતે હૈં કિ પરદ્રવ્ય કો જીલાના, સુખી કરના વહ અપને સે હો સકતા નહીં ઔર માનતે હૈં તો મિથ્યાત્વ હૈ, તો હમ તો ઐસા કહતે હૈ, આચાર્ય કહતે હૈં કિ જિતના પરદ્રવ્ય આશ્રિત વ્યવહાર હૈ ઉસકા ભી ભગવાન આચાર્ય નિષેધ કરતે હૈં. આહાહા..! સમજ મેં આયા? સૂક્ષ્મ બાત હૈ. અનંતકાલ સે સમ્યગ્દર્શન ક્યા ચીજ હૈ ઉસકો પ્રાપ્ત કરને કી વિધિ ભી ઉસકે સમજ મેં આયી નહીં.

મુમુક્ષુ :- અહિંસા પરમો ધર્મ.

ઉત્તર :- યહ અહિંસા રાગ કી અનુત્પત્તિ હોના વહ પરમધર્મ હૈ.

મુમુક્ષુ :- શુભરાગ કી ઉત્પત્તિ હુઈ.

ઉત્તર :- શુભરાગ કી ઉત્પત્તિ હિંસા હૈ. પુરુષાર્થસિદ્ધિ ઉપાય. વહ હિંસા હૈ. ચાહે તો શુભરાગ ઉત્પન્ન હો. આહાહા..! હો અલગ બાત હૈ, પરંતુ હૈ વહ ચીજ ક્યા હૈ? કહો, સમજ મેં આયા? દેવ-ગુરુ-શાસ્ત્ર કી ભક્તિ, કહતે હૈં કિ રાગ હૈ. વહ રાગ હિંસા હૈ. આહાહા..! સૂક્ષ્મ બાત હૈ, ભગવાન! પુરુષાર્થસિદ્ધિ ઉપાય (બનાનેવાલે) અમૃતચંદ્રાચાર્ય કલશ કરનેવાલે હૈં સમયસાર કે, વહી કહતે હૈં વહાં. સમજ મેં આયા? હૈ ન પુરુષાર્થસિદ્ધિ ઉપાય? કૌન-સી ગાથા હૈ? ૪૪-૪૪.

अप्रार्दुभावः खलु रागादीनां भवत्यहिंसेति।
तेषामेवोत्पत्तिर्हिंसेति जिनागमस्य संक्षेपः।।४४।।

**'નિશ્ચય સે રાગાદિ ભાવોં કા પ્રકટ ન હોના યહી અહિંસા હૈ ઔર ઉન રાગાદિ ભાવોં કા ઉત્પન્ન હોના હી હિંસા હૈ,...'** આહાહા..! યહ તો વીતરાગ માર્ગ હૈ. ભગવાન કી ભક્તિ, પૂજા, વ્રત, તપ, ઉપવાસ યહ સબ ભાવ રાગ હૈ.

મુમુક્ષુ :- કુંદકુંદાચાર્ય કે સમય મેં...

ઉત્તર :- વહ તો અનાદિ સે ઐસે ચલા આતા હૈ. કુંદકુંદાચાર્ય કે સમયમેં .. યહાં તો યહ કહતે હૈં ન કુંદકુંદાચાર્ય. ભગવાન! માર્ગ કી દુષ્કરતા ... અંતર્મુખ હોના ઔર દ્રવ્યસ્વભાવ કો પકડના વહી ચીજ હૈ, બાકી તો સબ વ્યવહાર કી બાતેં બંધ કા કારણ હૈ. ચરણાનુયોગ મેં વ્રત કી જિતની વ્યાખ્યા કહી વહ સબ પુણ્યભાવ બંધ કા કારણ રાગ હૈ. આહાહા..!

મુમુક્ષુ :- .. છોડને કે લિયે કહા.

ઉત્તર :- છોડને કા રાગ, કરને કા સ્વદ્રવ્ય કા આશ્રય. યહ બાત હૈ. ક્યા કરે? અભી તો બહુત ગડબડી હુઈ હૈ ન. યહાં તો સ્પષ્ટ કહતે હૈ. ભગવાન કી ભક્તિ હો, પંચ મહાવ્રત કા પરિણામ હો વહ તો હિંસા હૈ, રાગ હૈ, હિંસા હૈ. અહિંસા વહ દુઃખરૂપ હોગી યા સુખરૂપ હોગી? સમજ મેં આયા? વહ તો દુઃખરૂપ હૈ. વ્યવહાર આતા હૈ. સમ્યગ્દૃષ્ટિ કો ભી સ્વદ્રવ્ય કે આશ્રય સે સમ્યગ્દર્શન હુઆ ઔર પીછે ઉસકો શુભરાગ આતા હૈ. પરંતુ હૈ વહ હિંસા ઔર બંધ કા કારણ. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ કા (રાગ). મિથ્યાદૃષ્ટિ કા રાગ તો એકત્વબુદ્ધિ મેં મિથ્યાત્વભાવ હૈ. આહાહા..!

જિસકી રાગ ઉપર રુચિ હૈ વહ તો મિથ્યાદૃષ્ટિ હૈ, ઉસકે શુભરાગ મેં તો મિથ્યાત્વ સહિત પુણ્ય બંધતા હૈ, શુભરાગ હો તો. પરંતુ ધર્મી જીવ કો ભગવાન ચૈતન્ય દ્રવ્યસ્વરૂપ, અપના આનંદકા નાથ ધ્રુવ દ્રવ્યસ્વભાવ નિત્યાનંદ ઈસકા જહાં આશ્રય લિયા તો ઉસ આશ્રય સે તો રાગરહિત હી દશા ઉત્પન્ન હોતી હૈ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તીનોં રાગરહિત દશા હૈ.

સમજ મેં આયા? વહ ભી યહાં કહા ન? 'येनांशेन सुदृष्टिस्तेनांशेनास्य बन्धनं नास्ति' વહ ગાથા હૈ ૨૧૨. તીન ગાથા હૈ. 'येनांशेन सुदृष्टि' ચિદાનંદ ભગવાન અપના અંતર્મુખ હોકર નિર્વિકલ્પ દૃષ્ટિ પ્રગટ કી ઉતને અંશ સે અબંધ હૈ. 'बन्धनं नास्ति' ઔર 'येनांशेन तु रागस्तेनांशेनास्य बन्धनं भवति।।' વહ ૨૧૨ હૈ. આહાહા..! સમજ મેં આયા? જિતને અંશ સે રાગ ઉત્પન્ન હોતા હૈ, ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર કી શ્રદ્ધા, આગમ કી શ્રદ્ધા... આહાહા..! આગમ પર હૈ ન? ઉસકી શ્રદ્ધા વહ ભી રાગ કી ઉત્પત્તિ હોતી હૈ. સમજ મેં આયા?

પંચાસ્તિકાય ૧૭૦ ગાથા મેં તો ઐસા લિયા હૈ. તીર્થંકર કહે કિ હમારે તીર્થંકર કી રુચિ જિસકો હૈ, જહાં તક રાગ હૈ વહાં તક મુક્તિ દૂર હૈ, નિર્વાણ દૂર હૈ. આહાહા..! વીતરાગ માર્ગ ઐસા કહતા હૈ. હમારી ભક્તિ ઔર હમારે પ્રતિ ભી પ્રેમ જહાં તક હૈ તબતક ઉસકી મુક્તિ દૂર હૈ. આહાહા..! હમારે પ્રતિ ભક્તિ હૈ રાગ, તો રાગ સે લાભ માનનેવાલા તો મિથ્યાદૃષ્ટિ હૈ, પરંતુ રાગ સે લાભ નહીં માનનેવાલા, અપને ચૈતન્ય કે આશ્રય સે લાભ માનનેવાલા ઉસકો જો રાગ હોતા હૈ, તીર્થંકરકે પ્રતિ કા, આગમ કા ઔર નવ પદાર્થ કી શ્રદ્ધા કા. વહ તીન બોલ હૈ, ૧૭૦ ગાથા હૈ, પંચાસ્તિકાય. તો કહતે હૈં કિ જબ તક રાગ હૈ તબ તક નિર્વાણ દૂર હૈ ઉસકો. આહાહા..!

દૃષ્ટિ મેં જબ તક રાગ કા પ્રેમ રહતા હૈ તબ તક વહ મિથ્યાદૃષ્ટિ હૈ. આહાહા..! ક્યોં કિ રાગ હિંસા હૈ ઔર હિંસા કી રુચિ રહે વહ તો મિથ્યાદૃષ્ટિ હૈ. આહાહા..! પંડિતજી! કોઈ તો ઐસા કહતે હૈં કિ સોનગઢને ઐસા નિકાલા. તો યહ ક્યા હૈ? ભગવાન! યહ અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય. દો હજાર વર્ષ પહલે કુંદકુંદાચાર્ય કહતે હૈં. ઔર હજાર વર્ષ પહલે અમૃતચંદ્રાચાર્ય ટીકા મેં ઔર સૂત્ર મેં કહતે આયે હૈં. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરંતુ વહ તો ઉસકી બાત યહાં આયી, લેકિન ઉસમેં હૈ વહ આયી ન? પુસ્તક છપે ઉસમેં ક્યા હૈ? યહ તો સોનગઢ મેં ભી નહીં છપી હૈ. છપી કહીં સે ભી હો પરંતુ ભાવ ક્યા હૈ? આહાહા..! ક્યા કહા? .. દૂસરી બાત હૈ, પરંતુ ભાવ તો ઐસે ચલા આયા હૈ કિ નહીં? સમજ મેં આયા? આહાહા..! અનાદિ અનંત તીર્થંકરોં, અનંત કેવલીયોં, અનંત ભાવલિંગી સંત ઐસા કહતે આયે હૈં. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' પરમાર્થ સે વહ ભગવાન આત્મા ચૈતન્ય દ્રવ્યસ્વભાવ, ઉસકી દૃષ્ટિ ઔર જ્ઞાન ઔર ઉસકી લીનતા આચરણ... વહ અભી આયેગા ઉસમેં અપને. સમ્યગ્દૃષ્ટિ કો અપને સ્વરૂપ કી શ્રદ્ધા, સ્વભાવ કી રુચિ, સ્વભાવ કી પ્રતીતિ, આચરણયુક્ત હૈ. આહાહા..! અપના ચૈતન્યસ્વરૂપ ભગવાન આનંદ, અતીન્દ્રિય આનંદ કા દલ યહ હૈ, ઉસકે સ્વદ્રવ્ય કે આશ્રય સે રુચિ, ઉસકી પ્રતીતિ, ઉસકી

શ્રદ્ધા ઔર ઉસકા અંતર મેં આચરણ વહ મોક્ષ કા માર્ગ હૈ. સમજ મેં આયા? છહ ઢાલા મેં ઐસા આયા ન? 'લાખ બાત કી બાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ ફંદ નિજ આતમ ધ્યાઓ.' બહુત કહા હૈ લેકિન સમજે નહીં ઔર અપના .. રખે ઔર માને કિ નહીં. વ્યવહાર સે ભી હોતા હૈ ઔર નિશ્ચય સે હોતા હૈ તો અનેકાંત કહને મેં આતા હૈ. અનેકાંત કી વ્યાખ્યા ઐસી કરતે હૈં. સમજ મેં આયા? અપને સ્વભાવ કે આશ્રય સે ભી ધર્મ હોતા હૈ ઔર પરદ્રવ્ય કે આશ્રય સે શુભરાગ હુઆ ઉસસે ભી ધર્મ હોતા હૈ. તો વહ અનેકાંત હૈ. વહ અનેકાંત નહીં વહ તો ફુદડીવાદ હૈ, મિથ્યાવાદ હૈ. આહાહા..!

ભગવાન! તેરી ચીજ તો મહા પરમપવિત્રતા સ્વભાવ સે તો ભરી હૈ ન ભગવાન! તેરે કો તો ભગવાન કહકર તો આચાર્ય બુલાતે હૈં ન નાથ! ૭૨ ગાથા મેં ભગવાન આત્મા.. આહાહા..! પુણ્યભાવ વહ અશુચિ હૈ, ભગવાન આત્મા પવિત્ર ઔર નિર્મલ હૈ ઐસા કહા. આહાહા..! ૭૨ ગાથા. વહ પુણ્યભાવ ભગવાન કી ભક્તિ હૈ વહ અચેતન હૈ. આહાહા..! ક્યોંકિ વહ રાગ મેં ચૈતન્યભાવ નહીં આયા. ઉસકો રાગ કો, શુભરાગ કો વહાં જડ કહા હૈ ૭૨ ગાથા મેં. ક્યોંકિ ઉસમેં ચૈતન્ય ભગવાન જ્ઞાનકા કિરણ, જ્ઞાન કા કિરણ, જ્ઞાન કા અંશ વહ રાગ મેં આયા નહીં. વહ તો અચેતન હૈ. ઔર ભગવાન આત્મા ચૈતન્યઘન હૈ, વિજ્ઞાનઘન હૈ, ઉસમેં શુભવિકલ્પ કા ભી પ્રવેશ નહીં. જિસ ભાવ સે તીર્થંકર ગોત્ર બંધે વહ ભાવ ભી અચેતન હૈ. આહાહા..! શોડષકારણ ભાવના. ભાવના ભાતે પરમગુરુ હોય. બોલે. 'દરશનવિશુદ્ધિ ભાવના ભાયે...' પછી શું? 'સોલહ તીર્થંકર પદ હોય, પરમ ગુરુ હોય, જય જય નાથ પરમ ગુરુ હોય'. ભગવાન! સુન તો સહી. વહ શોડષકારણ ભાવના ભી રાગ હૈ, વહ હિંસા હૈ. આહાહા..! ઔર સમ્યગ્દૃષ્ટિ કો હી યહ ભાવ આતા હૈ. મિથ્યાદૃષ્ટિ કો યહ શોડષકારણ કા વિકલ્પ હોતા નહીં. આહાહા..!

મુમુક્ષુ :- ઉપવાસ કરે, વ્રત કરે.

ઉત્તર :- વ્રત કરે, અપવાસ કરે યહ સબ લાંઘણ હૈ, (જો) શુભરાગ હો, રાગ કી મંદતા મિથ્યા દૃષ્ટિ સહિત હો. માર્ગ પ્રભુ યહ તો વીતરાગ કા માર્ગ હૈ, યે કોઈ પાંચ-પચાસ લોગ કલ્પના કર લે ઐસી યહ ચીજ નહીં. અનંત તીર્થંકરો, અનંત કેવલીઓ, અનંત સંતો ભાવલિંગી મુનિ કા એક પ્રકાર કા ઉપદેશ હૈ. યહ યહાં કહા ન દેખો ન.

'**ऐसो जिणउवदेसो**' ચલતી ગાથા ૧૩ મેં. આહાહા..! કિ '**परदव्वरओ बज्झदि**' ભગવાન આત્મા અપને દ્રવ્યકો છોડકર... આહાહા..! પરદ્રવ્ય મેં, રાગ મેં લીન રહતા હૈ વહ '**बज्झदि**' મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વ સે બંધન પ્રાપ્ત કરતા હૈ. આહાહા..! જૈન દ્રવ્યલિંગ ધારણ કરકે મુનિ પંચ મહાવ્રતાદિ નગ્ન મુનિ (પાલે), પરંતુ રાગ મેં એકત્વબુદ્ધિ હૈ (તો) પરદ્રવ્ય મેં રાગ હૈ

ઉસકો. તો મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વ કો હી બાંધતે હૈ. ભલે અઠ્ઠાઈસ મૂલગુણ પાલતા હો. આહાહા..! સમજ મેં આયા?

**'જો જીવ પરદ્રવ્ય મેં રત હૈ, રાગી હૈ વહ તો અનેક પ્રકાર કે કર્મોં સે બંધતા હૈ,...'** અનેક પ્રકાર શબ્દસે મિથ્યાત્વ સે અનાતનુબંધી આદિ સે કર્મ બંધતા હૈ ઉસકો. ઓહો..હો..! યહ બાત કુછેક કો ઐસી લગતી હૈ કિ યહ તો નિશ્ચયાભાસ કી બાત હૈ. ક્યોંકિ વ્યવહાર સે લાભ કહતે નહીં. પ્રભુ! પરંતુ વ્યવહાર તો શુભરાગ હૈ. શુભોપયોગ વહ વ્યવહાર હૈ. વહ તો બંધ કા કારણ હૈ. આહાહા..! ચાહે તો સમ્યગ્દૃષ્ટિ હો યા ચાહે તો મુનિ હો, પરંતુ જિતની રાગ મેં એકતા હૈ, અસ્થિરતા હૈ ઉતના બંધ હૈ. એકતા હૈ તો મિથ્યાત્વ કા બંધ હૈ. એકતા નહીં ઔર અસ્થિરતા આતી હૈ તો ઉસકો અસ્થિરતા કા બંધ હૈ. આહાહા..! દેખો! યહ શ્લોક. ભાવપાહુડ મેં જરા નવ બ્રહ્મચર્ય ઐસી લંબી-લંબી બાત આતી થી. પાઠ સંક્ષિપ્ત મેં હૈ ઔર ... ઉપરસે કહાં સે યહ કહતે હૈં ઐસા લગે તો યહ પાઠ યહાં લિયા. સમજ મેં આયા?

**'ઔર જો પરદ્રવ્ય સે વિરત હૈ...'** **'विरओ मुच्चेइ'** આહાહા..! એક હી શબ્દ મેં. પરદ્રવ્ય તરફ કે રાગ મેં એકત્વબુદ્ધિ હૈ વહ બંધન કો પ્રાપ્ત હોતા હૈ, ઔર રાગ ઔર પરદ્રવ્ય સે વિરક્ત હૈ. આહાહા..! **'विरओ मुच्चेइ विविहकम्मेहिं'** ઉસકો કર્મ બંધતે નહીં. પાઠ કી શૈલી તો અનેક પ્રકાર સે આતી હૈ. આહાહા..! **'विरओ'** પરદ્રવ્ય સે વિરક્ત હૈ. પરદ્રવ્ય કે પ્રતિ જિસે પ્રેમ હી અંદર સે છૂટ ગયા હૈ. આહાહા..! રાગ હો, પરંતુ રુચિ-શ્રદ્ધા ઉસસે છૂટ ગયી હૈ. સમજ મેં આયા? યહ પરમાગમ કી ભક્તિ, પ્રતિમા કી ભક્તિ યહ સબ હોતા તો હૈ ન, પરંતુ વહ રાગ હૈ ઐસા જ્ઞાની જાનતે હૈં. પરંતુ આતા હૈ, આયે બિના રહતા નહીં. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગમે તે હો. લાખ કા હો યા પચ્ચીસ લાખ કા હો. વહ તો જડ કી ક્રિયા હૈ, અપની ક્રિયા હૈ નહીં. ઉસમેં જો ભાવ થા વહ શુભભાવ હૈ. હોતા હૈ. પરંતુ વહ બંધ કા કારણ હૈ પ્રભુ! આહાહા..! તેરી પ્રભુતા મેં તો વહ રાગ પામરતા હૈ. આહાહા..!

**'ભાવાર્થ :- ધ્યાન સે કર્મ કા આસ્રવ રુકતા હૈ...'** આહાહા..! **'ઈસસે આગામી બંધ નહીં હોતા હૈ...'** શુદ્ધ ચૈતન્ય કા ધ્યાન ધ્યેય બનાકર અંદર મેં ધ્યાન કરતે હૈં તો નયા આસ્રવ રુકતા હૈ. ઉસસે આગામી બંધ નહીં હોતા. **'ઔર પૂર્વ સંચિત કર્મોંકી નિર્જરા હોતી હૈ...'** સંવર ઔર નિર્જરા દોનોં હોતે હૈં. વહ આત્મધ્યાન સે ઔર આત્મા કે આશ્રય સે. **'તબ કેવલજ્ઞાન ઉત્પન્ન કરકે મોક્ષ પ્રાપ્ત હોતા હૈ,...'** આહાહા..! ચૌથે ગુણસ્થાન સે શુદ્ધ ઉપયોગ પ્રાપ્ત કર ધ્યાન મેં સમ્યગ્દર્શન હોતા હૈ. પીછે વિશેષ સ્વરૂપ કી એકાગ્રતા કરકે પંચમ ગુણસ્થાન પ્રાપ્ત હોતા હૈ. ઔર વિશેષ એકાગ્રતા હોકર સપ્તમ ગુણસ્થાન પ્રાપ્ત હોતા હૈ. તબ ઉસ ધ્યાન મેં આસ્રવ રુક જાતા હૈ ઔર નયા કર્મ બંધતા નહીં. જૂના કર્મ બંધા હૈ વહ નિર્જરી જાતા હૈ. આહાહા..! આવો માર્ગ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દોનોં શુદ્ધ ઔર શુદ્ધિ કી વૃદ્ધિ. દોનોં. ધ્યાન મેં શુદ્ધિ ઉત્પન્ન હોતી હૈ ઉતના સંવર ઔર શુદ્ધિ કી વૃદ્ધિ હોતી હૈ ઉસકા નામ નિર્જરા ઔર શુદ્ધિ કી પૂર્ણતા ઉસકા નામ મોક્ષ. સમજ મેં આયા? નયી શુદ્ધિ ઉત્પન્ન હુઈ વહ સંવર ઔર પૂર્વ કી અપેક્ષા સે શુદ્ધિ કી વૃદ્ધિ હુઈ વહ નિર્જરા ઔર પૂર્ણ શુદ્ધિ કી પ્રાપ્તિ હુઈ વહ મોક્ષ. યહ સંવર, નિર્જરા ઔર મોક્ષ કી વ્યાખ્યા. આહાહા..! અરે! જન્મ-મરણના આંટા ચોર્યાસીના ભાઈ! દુઃખી મિથ્યાદૃષ્ટિ દુઃખી હૈ. સાધુ હુઆ વહ ભી રાગ કો ધર્મ માનતા હૈ વહ મિથ્યાદૃષ્ટિ દુઃખી હૈ. બડા રાજા, રંક, સેઠ, પૈસેવાલે સબ દુઃખી હૈ. સંકલ્પ-વિકલ્પ કી જાલ મેં વહ ગૂંથા હૈ. આહાહા..! ઉસસે છૂટકર ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ધ્રુવ, ધ્રુવ કા ધ્યાન પર્યાય મેં વર્તમાન પર્યાય મેં ત્રિકાલી કો લક્ષ મેં લેકર સ્થિર હોના ઈસ ધ્યાન સે સંવર-નિર્જરા હોતી હૈ.

**'યહ આત્મા કે ધ્યાન કા માહાત્મ્ય હૈ.'** આહાહા..! ઔર વહ ધ્યાન સમ્યગ્દૃષ્ટિ હી કર સકતે હૈં, સમ્યગ્દર્શન બિના ધ્યાન હો સકતા નહીં. ક્યોંકિ વસ્તુ ક્યા હૈ વહ તો અનુભવ મેં આયી નહીં. તો કિસમેં લીન હોના? આહાહા..! સમજ મેં આયા? હવે આ ગાથા ત્યાં આવી છેને ભાઈ મોક્ષમાર્ગપ્રકાશક. મોક્ષમાર્ગપ્રકાશક. વ્યવહારાભાસ ઉસમેં યહ ગાથા આયી હૈ. મોક્ષમાર્ગપ્રકાશક. ટોડરમલને કામ બહુત કિયા હૈ મોક્ષમાર્ગ પ્રકાશક મેં. ઓહોહો..!

હજારોં શાસ્ત્રોં કા નિચોડ રહસ્ય ખોલકર રખા હૈ ઉસમેં. આહાહા..! ઉદ્‌ઘાટન કિયા હૈ. શાસ્ત્ર કા રહસ્ય કા ઉદ્‌ઘાટન કિયા હૈ. પરંતુ ગૃહસ્થ થે ઔર પંડિત થે ઈસલિયે ઉસકી કોઈ કિંમત સાધારણ જન કો નહીં આતી.

મુમુક્ષુ :- આચાર્યકલ્પ કહતે હૈં.

ઉત્તર :- બાત સચ્ચી હૈ, આચાર્યકલ્પ. આહાહા..! ટોડરમલ તો ટોડરમલ હૈં. આહાહા..! ઉસમેં યહ ગાથા આયી હૈ.

**'આગે કહતે હૈં કિ જો વ્યવહાર મેં તત્પર હૈ, ઉસકે યહ ધ્યાન નહીં હોતા હૈ–'**

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હાં, છપ ગયે હૈ. યહ હૈ. વહાં યહ શબ્દ હૈ. જો જગેહી. જાગે છે. અજ્ઞાની રાત્રી મેં જગતે હૈં રાગ મેં. જ્ઞાની સો જાતે હૈં. જ્ઞાની જાગતે હૈં વહાં આત્મા કે ધ્યાનમેં. ઐસી બાત હૈ વહાં. આહાહા..! રાત્રી મેં, રાગ ઔર વિકાર વહ રાત્રી હૈ ઉસમેં અજ્ઞાની જાગતે હૈં, જ્ઞાની ઉસમેં સો જાતે હૈં. ઉસસે હટ જાતે હૈં ઔર અપને આનંદ મેં જાગૃત હો જાતે હૈં. આહાહા..! અરે! માર્ગ તો જુઓ પ્રભુનો. અભી જિસકો સુનને મેં મિલે નહીં, વહ વિચાર મેં ઔર પ્રતીત મેં કૈસે લે? લોગ વ્યવહારાભાસ મેં પડે ઔર માને કિ હમ કુછ કરતે હૈં. અને કરતે-કરતે કુછ હોગા. વ્યવહાર કરતે-કરતે કુછ હોગા.

મુમુક્ષુ :- વ્યવહારાભાસ.

ઉત્તર :- વ્યવહારાભાસ. વહાં વ્યવહાર હૈ કહાં? આહાહા..!

યહાં તો કહતે હૈં,

**जो सुत्तो ववहारे सो जोई जग्गए सकज्जम्मि।**
**जो जग्गदि ववहारे सो सुत्तो अप्पणो कज्जे।।३१।।**

**'અર્થ :- જો યોગી ધ્યાની મુનિ વ્યવહાર મેં સોતા હૈ...'** વહ વિકલ્પ કી ક્રિયા પંચ મહાવ્રતાદિ કિ વિનય, વૈયાવચ્ચ આદિ કા ભાવ ઉસસે હટ જાતે હૈં, સો જાતે હૈ. આહાહા..! દેખો! **'વહ અપને સ્વરૂપ કે કાર્ય મેં જાગતા હૈ...'** ધર્માત્મા તો અપને શુદ્ધ સ્વરૂપ આનંદ મેં જાગતે હૈં, રાગ સે સો ગયે હૈં. આહાહા..! વ્યવહાર રત્નત્રય કા રાગ ઉસસે સો ગયે હૈ, જાગૃત હૈ અંદર. આહાહા..! યહાં તો મોક્ષ અધિકાર હૈ ન. મોક્ષપ્રાભૃત. મોક્ષપ્રાભૃત તો આત્મા શુદ્ધ ચૈતન્ય નિશ્ચય સે મુક્તસ્વરૂપ હી હૈ. અબદ્ધસ્પૃષ્ટ હૈ યાની મુક્તસ્વરૂપ હી હૈ. ઉસકા અંદર મેં લીન હોને સે પર્યાય મેં મુક્તિ કા ઉપાય ઉત્પન્ન હોતા હૈ. આહાહા..! કઠણ પડે, ઝીણું પડે પણ માર્ગ તો આ છે ભાઈ! બીજી રીતે લોકોને રાજી કરીને રંજન

થઈ જશે, ભવ નહિ ઘટે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભવ વધેલા જ પડ્યા છે. મિથ્યાત્વ હૈ વહાં ભવ વધેલા હૈ. આહાહા..! વહ રાગ કી ક્રિયા, વ્રત કી, તપ કી, જપ કી, ભક્તિ કી ક્રિયા મુજે ધર્મ હૈ ઔર ઉસસે મૈં ક્રમે ક્રમે ધર્મ પાઉંગા. મિથ્યાત્વ હૈ. આહાહા..! આત્માનંદજી! ભારે આકરી વાત.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાગ કી ક્રિયા હૈ વહ. મુનિવ્રત હૈ. 'મુનિ વ્રતધાર...' આયા ન? 'અનંત બૈર...' વહ રાગ કી વ્રત, તપ આદિ ક્રિયા બહુત કી પરંતુ વહ તો શુભભાવ હૈ. શુક્લલેશ્યા હૈ વહ તો સંસાર હૈ, બંધ કા કારણ હૈ. આહાહા..! એક ભવ કરના ભી દુઃખ કા કારણ હૈ, કલંક હૈ ઐસા લિખા હૈ લો યોગસાર મેં. યોગીન્દ્રદેવ. કલંક હૈ. અમિતગતિ. કલંક હૈ. યોગીન્દ્રદેવ. આહાહા..! જૈસે પાંચ અંગુલી મેં વહ અંગુલી હોતી હૈ ન જરા ઐસી લટકતી, ઐસે ભગવાન પંચપરમેષ્ઠીસ્વરૂપ ભગવાન આત્મા આહાહા..! ઉસમેં ભવ તો કલંક હૈ. આહાહા..!

કહતે હૈં, '**जो सुत्तो ववहारे सो जोई जग्गए सकज्जम्मि।**' આહાહા..! વ્યવહાર કી ક્રિયા મેં સો ગયે ધર્માત્મા, ઉસસે હટ ગયે હૈં. આહાહા..! અપને સ્વરૂપ કે કામ મેં જાગતા હૈ. આનંદસ્વરૂપ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ ઉસકી જાગૃતિ કરકે ઉસમેં રહતે હૈં. આહાહા..! વહ જાગૃત દશા હૈ. રાગ કા કામ કરના, રાગ મેં રહના વહ તો અજાગૃત રાત્રી દશા હૈ. આહાહા..! કુંદકુંદાચાર્ય કી પદ્ધતિ ભાઈ! ભગવાન આત્મા... બીચ મેં વ્યવહાર આતા હૈ. મુનિ કો ભી પંચ મહાવ્રત કા વિકલ્પ આદિ, ચૌથે ગુણસ્થાન મેં ભક્તિ આદિ કા ભાવ આતા હૈ પરંતુ હૈ વહ બંધ કા કારણ. વહ મોક્ષ કા માર્ગ ઔર મોક્ષ કે માર્ગ મેં સહાયક વહ ચીજ નહીં. આહાહા..! સમજ મેં આયા?

'**जो सुत्तो ववहारे**' બાહ્ય વિનય, વૈયાવચ્ચ, ગુરુ કી, મુનિ આદિ કી જો હૈ યહ સબ વ્યવહાર વિકલ્પ હૈ. આહાહા..! પંચ મહાવ્રત કા ભાવ વહ ભી રાગ હૈ. વ્યવહાર સમિતિ ગુપ્તિ વહ ભી રાગ હૈ. ઉસમેં જો મુનિ સોતા હૈ અથવા ઉસમેં જાગૃત નહીં. વહ હૈ ઉસકો જાનનેવાલા રહતા હૈ. વહ અપને મેં જાગૃત હૈ. આહાહા..! ઈસલિયે કુછ લોગ ઐસા કહતે હૈં ન, સોનગઢનું નિશ્ચય બહુ. પણ સોનગઢનું છે કે આ તે? વહ કહતે થે ઉસ વક્ત બિચારા નહીં? ઈંદોરવાલા બંસીધરજી. ૨૦૧૩કી સાલ મેં ગયે થે ન વહાં? તો સુનકર બોલે ગદગદ કંઠે. ઓહો..! સ્વામીજી કા વિરોધ કરે વહ કુંદકુંદાચાર્ય કા વિરોધ હૈ. ઐસા કહતે થે. બોલે થે વહાં.

મુમુક્ષુ :- ભોપાલ.

ઉત્તર :- ના. ઈસરી મેં, ઈસરી મેં. ભાઈ! મધુવન મેં. તુમ થે ઉસ પૈસા મેં. રાત્રી કો ... ગ્યારહ હજાર હો જાયેગા ... પાંચ હજાર કહતે થે, ગ્યારહ હજાર હો ગયા. વર્ણીજી કહતે થે. સબ ખબર હૈ. યે તો બહુત વર્ષ હુઆ ૧૭. ૧૭ સમજે? ૧૦ ઔર ૭. ૨૦૧૩ કી સાલ. ૧૩-૧૩ ખબર હૈ ન. હમ તો દો બાર ગયે હૈં. યહાં તો કહતે હૈં આહાહા..! કિ રાગ કી ક્રિયામાત્ર બંધ કા કારણ હૈ. આહાહા..! ધર્મી તો ઉસમેં સો જાતે હૈં, હટ જાતે હૈં ઐસા કહતે હૈં. આહાહા..!

મુમુક્ષુ :- મિથ્યાત્વ ...

ઉત્તર :- મિથ્યાત્વ? રાગ સે લાભ હોગા તો મિથ્યાત્વ બંધતા હોગા, પરંતુ એકીલા રાગ હૈ તો મિથ્યાત્વ હૈ નહીં. રાગ દોષ જાનતે હૈ. વહ ચારિત્ર કા દોષ હૈ. વ્યવહાર આયા તો વ્યવહાર વહ મિથ્યાત્વ હૈ ઐસા નહીં. રાગ કો અપના માને ઔર રાગ સે લાભ માને તો મિથ્યાત્વ હૈ. વ્યવહાર તો આતા હૈ, મુનિ કો, ગણધર કો આતે હૈ. સુનને કા વિકલ્પ આતા હૈ. રાગ હૈ વહ મિથ્યાત્વભાવ નહીં. રાગ કો અપના માનના ઔર લાભ માનના વહ મિથ્યાત્વભાવ હૈ. ઔર યહાં તો રાગ સે હટકર ધ્યાન કરના વહ બાત ચલતી હૈ. મિથ્યાત્વ નહીં. પરંતુ રાગ આયા વહ આત્મા કો બંધ કા કારણ ઉસમેં હુઆ. આહાહા..! જિતની વ્યવહાર રત્નત્રય કી ક્રિયા જિનદેવ ને કહા વ્યવહાર, પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ આદિ વ્યવહાર વહ સબ બંધ કા કારણ હૈ. આહાહા..! યહ બાત લેતે હૈં. વ્યવહાર હૈ તો મિથ્યાત્વ હૈ ઐસા નહીં. ક્યોંકિ સમ્યક્ કા ભાન હૈ. મૈં તો શુદ્ધ આનંદ હૂં ઐસા ભાન, દૃષ્ટિ હૈ તો રાગ આતા હૈ તો ઉસકો વ્યવહાર કહને મેં આતા હૈ. પરંતુ વહ વ્યવહાર બંધ કા કારણ હૈ. સ્વભાવ કે આશ્રય સે જિતની દૃષ્ટિ ઔર નિર્મલતા પ્રગટ હુઈ વહી મોક્ષ કા કારણ હૈ. સમજ મેં આયા? આહાહા..!

સમાધિશતક મેં તો વહાં તક કહા હૈ ૧૯ ગાથા. ઉન્મત્ત ચેષ્ટા. હૈ ન સમાધિશતક? ૧૮મી છે ભાઈ!

यत्परैः प्रतिपाद्योऽहं यत्परान् प्रतिपादये।
उन्मत्तचेष्टितं तन्मे यदहं निर्विकल्पकः।।१९।।

પૂજ્યપાદસ્વામીનું. વિકલ્પ હૈ ન, રાગ હૈ ન. અંતરાત્મા વિચાર કરતા હૈ, જો કુછ મૈં દૂસરે સે ઉપાધ્યાય આદિકોં સે સમજાને હૂં ઔર જો કુછ દૂસરોં કો શિષ્યોં કો મૈં સમજાતા હૂં વહ સબ મેરી ઉન્મત્તપને કી ચેષ્ટા હૈ. મોહ કે આધીન, રાગ કે આધીન મેરે મન કા યહ વિકલ્પજાલ હૈ. બાવલે કી ક્રિયા હૈ. મુનિ છઠ્ઠે ગુણસ્થાને બિરાજતે હૈં. વિકલ્પ આયા તો.. આહાહા..! ૧૯. મૈં તો નિર્વિકલ્પ હૂં. આહાહા..! વિકલ્પ સે રહિત આત્મા વચન-

વિકલ્પ સે કભી ગ્રહણ મેં નહીં આ સકતા. સો હી મૈં હૂં. મૈં તો આનંદકંદ જ્ઞાતા-દૃષ્ટા કે સ્વભાવ મેં સ્થિત વહ મૈં હૂં. વહ વિકલ્પ... આહાહા..! નિહાલભાઈ લખે કે ઉપદેશ સુનના વહ રાગ હૈ ઔર સુનાના યહ રાગ હૈ. તો (લોગ કહને લગે) નિશ્ચયાભાસ હૈ. યહ આચાર્ય ક્યા કહતે હૈં? સમજ મેં આયા? આચાર્ય સ્વયં પૂજ્યપાદસ્વામી હૈં. જેની તત્ત્વાર્થસૂત્રની ટીકા સર્વાર્થસિદ્ધિ. આહાહા..! મુનિરાજ ૩૦૦ વર્ષ પછી હુએ, કુંદકુંદાચાર્ય કે બાદ. આહાહા..! જે હું પરસે પ્રતિપાદ્યો. પરસે મેં સમજને લાયક ઔર પરકો મૈં સમજાતા હૂં, બાવલે કી ક્રિયા હૈ. રાગ હૈ ન ભાઈ! રાગ ભૂતડું છે ભૂતડું. આહાહા..! આનંદકંદ પ્રભુ ઉસમેં રાગ કૈસા ઔર વાણી કૈસી? આહાહા..! ઐસે સમ્યગ્દૃષ્ટિ અંદર મેં ધ્યાન મેં એકાગ્ર હો વહી મોક્ષમાર્ગ હૈ. આહાહા..! ઔર જો વ્યવહાર મેં જાગતે હૈં, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ગુરુ વિનય, વૈયાવચ્ચ આદિ ઐસે રાગ મેં જાગતે હૈ વહ અપને આત્મકાર્ય મેં સોતા હૈ.

મુમુક્ષુ :- ગુરુ કી વૈયાવચ્ચ નહીં કરેગા.

ઉત્તર :- કોણ કરતું હતું? કરે કોણ? હમારે પરમેષ્ઠીદાસજીને ઠીક આ ગયા. બરાબર વસ્તુસ્થિતિ મેં આયે.

મુમુક્ષુ :- ઉચિત કહા હૈ.

ઉત્તર :- ઉચિત .. પ્રસંગ મેં આ ગયે હૈ. ... આહાહા..! પ્રભુ! યહ માર્ગ હૈ ભાઈ! આહાહા..!

'**વ્યવહાર મેં જાગતા હૈ...**' દેખો! રાગ કો અપના માનતે હૈ વહ તો મિથ્યાદૃષ્ટિ હૈ પરંતુ રાગ મેં રહતે હૈ વહ ભી જાગતા હૈ ઔર અપને કાર્ય મેં સોતા હૈ. અપના નિર્વિકલ્પ સ્વરૂપ મેં સો ગયે. ઉસમેં જાગતે હૈ વહી ઉસમેં અનાદર હો ગયા. અનાદર તો ... આહાહા..! યહ ગાથા વહાં રખી હૈ. ટોડરમલ. સાતવે અધ્યાય મેં. ટોડરમલ. ૨૫૭ પાને? ૨૫૧ છે. મોક્ષપાહુડ ગાથા ૩૧. લિખા હૈ ઉસમેં. '**જો યોગી ધ્યાની મુનિ વ્યવહાર મેં સોતા હૈ વહ અપને સ્વરૂપ કે કાર્ય મેં જાગતા હૈ ઔર જો વ્યવહાર મેં જાગતા હૈ વહ અપને આત્મકાર્ય મેં સોતા હૈ.**' ઈસલિયે વ્યવહારનય કા શ્રદ્ધાન છોડકર નિશ્ચયનય કા શ્રદ્ધાન કરના યોગ્ય હૈ. આહાહા..! 'વ્યવહારનય સ્વદ્રવ્ય-પરદ્રવ્ય કો ઔર ઉનકે ભાવોં કો કારણકાર્ય મેં કિસીકો કિસી મેં મિલાકર નિરૂપણ કરતા હૈ. સો ઐસે હી શ્રદ્ધાન સે મિથ્યાત્વ હૈ.' આહાહા..! દેખો! કિતના સ્પષ્ટ કર દિયા. સ્વદ્રવ્ય-પરદ્રવ્ય કો, સ્વભાવ અપને ભાવ કો પરભાવ મેં ઔર પરભાવ કો અપને (ભાવમેં) ઔર રાગ કારણ હૈ ઔર આત્મા કા ધર્મ કાર્ય હૈ ઐસા કારણ કાર્ય કો કિસીકો કિસી મેં મિલાકર વ્યવહારનય નિરૂપણ કરતા હૈ. ઐસે શ્રદ્ધાન સે મિથ્યાત્વ હૈ. ઈસલિયે ઉસકા ત્યાગ કરના. નિશ્ચયનય ઉન્હીં કો યથાવત્

નિરૂપણ કરતા હૈ. કિસીકો કિસી મેં નહીં મિલાતા હૈ. સો ઐસે હી શ્રદ્ધાન સે સમકિત હોતા હૈ. ઈસલિયે ઉસકા શ્રદ્ધાન કરના. આહાહા..! કિતના ખુલાસા! યહ ગાથા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહીં. સાચી વાત છે. આચાર્ય કા વચન વહ યથાર્થ હૈ. આચાર્યકલ્પ ... સત્ય સમ્યગ્દર્શન સિદ્ધ કા સમ્યગ્દર્શન ઔર સમકિત ચૌથે ગુણસ્થાન કે દર્શન મેં કોઈ ફર્ક હૈ? યહ તો કુંદકુંદાચાર્ય કી ગાથા હૈ. ઉસકા અર્થ કિયા હૈ. યહ ઉસકી ભાષા નહીં, વચન તીન કાલ કે માટે બાત હૈ. આહાહા..! અરે! દુઃખી પ્રાણી છે, ભાઈ! તને દયા નથી. ભાઈ! તારી તને દયા નથી. આહાહા..! અરે! ચોર્યાસી લાખમાં અવતાર કરતા કરતા ચાર ગતિ. 'ચાર ગતિ દુઃખસે ડરે.' યોગસાર મેં આતા હૈ. ચારોં ગતિમાં દુઃખ હૈ પ્રભુ! ક્યાંય સુખ નહીં. સુખ તો આત્મા મેં હૈ. આહાહા..! આત્મા કે આનંદ કી રુચિ ઔર શ્રદ્ધા કી નહીં ઔર વ્યવહાર કી રુચિ મેં પડા ચાર ગતિ મેં ભમતા હૈ. આહાહા..!

માતા કે પેટ મેં સવા નૌ મહિને ઊંધે માથે. પ્રભુ! એ શું હશે તને ખબર છે? આહાહા..! શાસ્ત્ર તો ઐસે કહતે હૈં, ભગવાન! માતાના પેટમાં કોઈ જીવ તો બાર વર્ષ સુધી રહે છે. છોડ જેને કહતે હૈ. બાર વર્ષ સુધી. આહાહા..! વહાં સે મરકર દૂસરી માતા મેં અથવા ઉસ હી માતા મેં ફિર સે બાર વર્ષ. ચૌબીસ વર્ષ કી ગર્ભ કી સ્થિતિ ગીનને મેં આયી હૈ શાસ્ત્ર મેં. કાયસ્થિતિ. ચૌબીસ વર્ષ ગર્ભ મેં રહે. આહાહા..! એક અહીં જરી હવા ન આવે તો ઊંહું..ઊંહું.. થઈ જાય અંદર. ચૌબીસ વર્ષ. એક વાર બાર, બીજી વાર બાર. એમ. કાયસ્થિતિ હૈ. તત્ત્વાર્થ રાજવાર્તિક મેં. એની એ માતા મેં ભી આવે અથવા બાર વર્ષ વહાં ઔર દૂસરી માતા મેં જાયે. વહી બાત હૈ. બાકી તો સવા મહિને સબ. .. લગ જાયે તો તીન-તીન વર્ષ તક સુના હૈ યહાં અભી. એક સ્ત્રી કો તીન વર્ષ તક પ્રસવ નહીં હોતા થા. તીન વર્ષ. યે બારહ વર્ષ. આહાહા..! ઐસા ચૌબીસ વર્ષ, ઐસા અનંત વાર હુઆ. આહાહા..! ભાઈ! તારા દુઃખની પીડા તેં સહન કરી. તેરે દુઃખ સે મુક્ત હોને કી ચીજ તુજે પ્રતીત મેં નહીં આતી. આહાહા..!

અકેલા જ્ઞાયકસ્વરૂપ પૂર્ણ આનંદસ્વરૂપ ઉસમેં વ્યવહાર હૈ હી નહીં. વ્યવહાર કે વિકલ્પ કા સ્વભાવ મેં અત્યંત અભાવ હૈ. આહાહા..! દુનિયા માને, ન માને ઉસકે સાથ સંબંધ નહીં. વસ્તુ તો યહ હૈ. બહુત સભા ઐસી લગે, વ્યવહાર અચ્છા લગે આહાહા..! દેખો! ભક્તિ કરો.

મુમુક્ષુ :- કોઈ દિ' દુનિયા બધાનું માને...

ઉત્તર :- અરે! ન માને બધા. સમ્મેદશિખર કી જાત્રા કરો, કલ્યાણ હો જાયેગા. અહીં

કહે છે કે ભગવાન! જાત્રા એ શુભભાવ હૈ. તેરી લાખ જાત્રા કર સમ્મેદશિખર કી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બિલકુલ નહીં. બીચ મેં રાગ આતા હૈ, પરંતુ વહ ધર્મ નહીં. ઔર ઉસસે જન્મ-મરણ રહિત હો વહ નહીં. અરે! તીન લોક કે નાથ સમવસરણ મેં બિરાજતે હૈં વહાં અનંતબૈર ગયા, અનંતબૈર વાણી સુની, અનંતબૈર પૂજા કી તો ક્યા હુઆ? વહ તો વ્યવહાર રાગ હૈ, શુભરાગ હૈ. પાપ સે બચને કો ભાવ આતા હૈ, પરંતુ ધર્મ નહીં. ઔર વહ ધર્મ કા કારણ નહીં. આહાહા..! યહ બાત...

વહી યહાં કહતે હૈં. બહુ ગાથા... '**जो सुत्तो ववहारे**' જો રાગ કી ક્રિયા સે સો ગયે હૈ, ઉસસે હટ ગયે હૈં. '**सो जोई जग्गए सकज्जम्मि।**' સ-કાર્ય. દેખો યહ અપના કાર્ય. શુદ્ધ ચૈતન્યઘન મેં દૃષ્ટિ એકાકાર હોના વહ અપના કાર્ય હૈ. આહાહા..! હૈ પાઠ? '**सकज्जम्मि**' યહ અપના સ્વકાર્ય હૈ. આહાહા..! '**અપને આત્મકાર્ય મેં...**' લિખા હૈ ન અર્થ મેં. '**અપને આત્મકાર્ય...**' રાગ વહ અપના આત્મકાર્ય નહીં. આહાહા..! વ્યવહાર રત્નત્રય કા (રાગ) વહ આત્મકાર્ય નહીં, ઉસ કાર્ય મેં દુષણ હૈ. આહાહા..! પછી સોનગઢને નામે ચડાવે. એય..! સોનગઢ ને યહ ચલાયા નિશ્ચયાભાસ. પરંતુ યહ મુનિ કહતે હૈં. કિસકા લિખા હુઆ હૈ? ભગવાન! તુજે ખબર નહીં ભાઈ! માર્ગ તો સંત તો અનાદિ ઐસા હી કહતે આયે હૈં. શ્રદ્ધા તો કર, શ્રદ્ધા તો કર, જ્ઞાન કે લક્ષ મેં તો લે કિ માર્ગ યહ હૈ, દૂસરા માર્ગ નહીં. આહાહા..! લાખ તારી ભગવાન કી ભક્તિ ને જાત્રા લાખ કરોડ કર. શેત્રુંજય ને સમ્મેદશિખર.

મુમુક્ષુ :- પાપ સે..

ઉત્તર :- યહ પાપ સે હટકર સ્વભાવ મેં આ જાયેગા. અનાદિ સે રાગ કો માનતે હૈં ઉસમેં હૈ ક્યા? આહાહા..! પુણ્યભાવ હો, પરંતુ પુણ્ય છોડકર પાપ મેં આના યે કોઈ બાત યહાં હૈ નહીં. પરંતુ પુણ્ય કી રુચિ છોડકર સ્વભાવ કી દૃષ્ટિ કર ઔર સ્વભાવ કે આશ્રય કે બિના કભી કલ્યાણ ઔર સંવર નિર્જરા હોતી નહીં. શુભભાવ સંવર-નિર્જરા નહીં, યહ શુભભાવ આસ્રવ ઔર ભાવબંધ હૈ. આહાહા..! હોતા હૈ, જબતક વીતરાગ ન હો તબતક સમકિતી કો શુભભાવ તો હોતા હૈ કિ નહીં? મુનિ કો શુભભાવ હોતા હૈ, પરંતુ હૈ વહ બંધ કા કારણ. આત્મા કી શાંતિ કો રોકનેવાલા હૈ. આહાહા..! 'યહ અજર પ્યાલા પીવો મતવાલા. કિની અધ્યાત્મ વાસા. આનંદઘન ચેતન વ્હૈ ખેલે, દેખે લોક તમાસા.' આનંદઘનજી કહતે હૈં. આહાહા..! શ્વેતાંબર મેં આનંદઘનજી (હો ગયે).

'**વ્યવહાર મેં જાગતા હૈ...**' વ્યવહાર મેરા હૈ ઔર લાભ હોગા (ઐસા માનનેવાલા) વહ તો મિથ્યાદૃષ્ટિ હૈ. પરંતુ વ્યવહાર મેં વર્તતા હૈ તબ નિશ્ચય કા કાર્ય નહીં હૈ. આહાહા..!

**'અપને આત્મકાર્ય મેં સોતા હૈ.'** આહાહા..! એ સિંહણના દૂધ સોનાના પાત્ર મેં ટિકે. એ લોઢાના પાત્રમાં (રખે તો) તૂટી જાય. આહાહા..! યહ માર્ગ વીતરાગ કા ઐસા હૈ. સમજ મેં આયા? 'જે પંથે સિંહ સંચર્યા, રજુ લાગી તરણા.' સિંહની રજ ઊડીને તરણાને (લાગી). 'એ તરણા ઊભા સુકાશે, નહિ ચરે એને હરણા.' હરણ નહિ ચરે, એની ગંધ એને આકરી લાગશે. આહાહા..! એમ વીતરાગની વાણીમાં ચાલનારા પુરુષો સિંહ જેવા હોતા હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- યહ સચ્ચી બાત કહી. સમજ મેં આયા? આહાહા..!

**'ધ્યાની મુનિ...'** પાઠમેં તો ઈતના હૈ ન. **'जो सुत्तो ववहारे सो जोई जग्गए सकज्जम्मि।'** બસ એટલું. જે કોઈ વ્યવહાર કે વર્તન મેં રહનેવાલા હૈ તો તો નિશ્ચયકા ઉસકો ભાન નહીં અથવા નિશ્ચય મેં આયા નહીં. ઔર નિશ્ચય મેં ધ્યાન મેં હૈ વહ વ્યવહાર સે સો ગયા હૈ. વ્યવહાર હેય જાનકર અંતર મેં સ્થિર હો ગયા હૈ. આહાહા..! બંધ અધિકાર મેં આયા ન વહ ૧૭૩ કલશમેં : **'सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनै..।'** વીતરાગદેવ ને ઐસા કહા. અમૃતચંદ્રાચાર્ય કહતે હૈં. કિ પર કો માર સકતા હૂં, જિલા સકતા હૂં, સુખી કર સકતા હૂં, દુઃખી કર સકતા હૂં, દૂસરે કો બંધ કરા સકતા હૂં, દૂસરો કો મોક્ષ કરા સકતા હૂં યહ અધ્યવસાય છોડ દે. યહ તુમ નહીં કર સકતે. પર કો જિલાના, દુઃખ દેના તુમ નહીં કર સકતે. ભગવાનને જબ અધ્યવસાય છુડાયા, તો અમૃતચંદ્રાચાર્ય કહતે હૈં કિ મૈં ઐસા માનતા હૂં કિ પરકે આશ્રય જિતના વ્યવહાર હૈ વહ સબ છુડાયા હૈ. બંધ અધિકાર મેં હૈ. **'तन्मन्ये'** જિતના પરકે આશ્રય સે ભક્તિ, પૂજા, દાન, દયા, વ્રત, યહ વ્યવહાર કો સબ છોડના દૃષ્ટિ મેં. દૃષ્ટિ મેં છોડના. દૃષ્ટિ મેં રખે કિ યહ ભી લાભદાયક હૈ તો મિથ્યાદૃષ્ટિ હૈ. આહાહા..!

મુમુક્ષુ :- મૂલ મેં ભૂલ હૈ.

ઉત્તર :- મૂલ મેં ભૂલ હૈ. વહ પુસ્તક આયા ન ભાઈ! તમે જ આપ્યું હતું. તમે જ કરીને આપ્યું હતું આનું નામ. તમારે લઈને નામ આપ્યું હતું. મૂલ મેં ભૂલ. યહ પંડિતજીને કહા થા કિ ઈસમેં 'મૂલમેં ભૂલ' રાખો નામ. આપણે ઉપાદાન-નિમિત્ત રાખ્યું હતું. પંડિતજીને કહા થા. મૂલ મેં ભૂલ ઉસકા શબ્દ હૈ. અપને રખા થા. મૂલ મેં ભૂલ. આહાહા..! ગજબ ગાથા હૈ. યહાં તો કહતે હૈં કિ વ્યવહાર કા જિતના પરિણામ ઉત્પન્ન હો વહ બંધ કા કારણ હૈ. આહાહા..! ઔર ચિદાનંદ ભગવાન ધ્રુવ નિત્યાનંદ કા આશ્રય કરકે જો પર્યાય ઉત્પન્ન હો ઉતના મોક્ષ કા ઉપાય હૈ. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર લાઓ. તોરિ જગત દ્વંદ ફંદ નિજ આતમ ધ્યાઓ.' આહાહા..! લોકોને સાધારણ જીવને એવું લાગે.

વ્યવહાર કી દૃષ્ટિ છુડાતે હૈ, રુચિ છુડાતે હૈ. વ્યવહાર તો કબ છૂટ જાયેગા? શુભ ઉપયોગ મેં આતા હૈ તો. સમજ મેં આયા? વ્યવહાર છૂટ જાયેગા, છૂટ જાયેગા. કબ? અંતર ધ્યાન મેં શુદ્ધ ઉપયોગ મેં આતા હો તબ. તબતક વ્યવહાર હૈ ખરા પરંતુ વહ બંધ કા કારણ હૈ. આહાહા..! હમારે પંડિતજી બોલતે નહીં? પાખંડીઓંકા ... કાંઈક ભાષા છે. જુગલકિશોરજી નહીં? આહાહા..! માર્ગ ઐસા હૈ ભગવાન! આજ માનો, કલ માનો, પીછે માનો. માર્ગ તો નાથ તેરા યહ હૈ. યહ પોકાર અંદર સે આયા હૈ. આહાહા..! સમજ મેં આયા? આહાહા..!

'**सकज्जम्मि**' તો વ્યવહાર વહ સ્વકાર્ય નહીં? નહીં. ઐસા આયા ન ઉસમેં? દેખો! '**जो सुत्तो ववहारे सो जोई जग्गए सकज्जम्मि।**' એ પોતાના અપના કાર્ય જો શુદ્ધ કા ઉપયોગ, શુદ્ધ ઉપયોગ અંદર મેં... લો! અત્યારે તો કહે છે શુદ્ધ ઉપયોગ હોતા હી નહીં. ઐસા પંડિત લિખતે હૈ કોઈ રતનચંદજી. અરે! ભગવાન! શુભ ઉપયોગ વહ ધર્મ નહીં, શુભ ઉપયોગ વહ ધર્મ કા કારણ નહીં, પરંતુ આયે બિના રહતા નહીં. પરંતુ વહ બંધ કા કારણ હૈ ઐસા સમજના ચાહિયે. આહાહા..! ઐસે કરકે પુણ્ય છુડાકર પાપ મેં જાના ઐસા નહીં હૈ. યહાં તો પુણ્યભાવ બંધ કા કારણ હૈ ઉસકો છોડકર અંતર મેં જાના. પુણ્યભાવ હૈ ઉસકો છોડકર પાપ મેં આના વહ બાત હોતી હૈ? યહ બાત હી નહીં. આહાહા..! અશુભ મેં જાને સે પાપ હૈ. ઉસસે (બચને કો) તો શુભ હોતા હી હૈ, પરંતુ ઉસ શુભ મેં દૃષ્ટિ હૈ કિ યહ ધર્મ હૈ ઔર ધર્મ કા કારણ હૈ વહ દૃષ્ટિ છોડ દે. ઔર પીછે દૃષ્ટિ છોડને કે બાદ ભી શુભભાવ સે હટકર સ્વરૂપ મેં જા, ધ્યાન કર, વહ તેરે કલ્યાણ કા માર્ગ હૈ. આહાહા..! કહો, સેઠ!

મુમુક્ષુ :- કયા આરાની વાત છે આ?

ઉત્તર :- આ ત્રણે કાળની. આ પાંચમા આરાની વાત છે. આરા-ફારાની વાત નથી, આ તો આત્માની વાત છે. આરા કાળ-બાળ ઉસમેં લાગુ પડતા નહીં. ત્રિકાલ વસ્તુ ઐસી હૈ. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' કાળ-ફાળ ઉસે હૈ નહીં. સમજ મેં આયા? આહાહા..! હો, રાગ હો. રાગ કા વ્યવહાર ભી હો, પરંતુ હો વહ બંધ કા કારણ ઉસકો જાનના ચાહિયે. ધર્મી કો તો અશુભરાગ ભી આતા હૈ ચૌથે-પાંચવે મેં. આર્તધ્યાન, રૌદ્રધ્યાન નહીં હોતા હૈ? વિષયવાસના નહીં હોતી હૈ? પરંતુ વહ જાનતા હૈ કિ યહ દુઃખરૂપ હૈ, બંધ કા કારણ હૈ, મૈં ઉસકા જાનનેવાલા હૂં. મૈં ઉસકા કરનેવાલા કર્તવ્ય તરીકે નહીં. આહાહા..! સમજ મેં આયા?

ભાવાર્થ :- '**મુનિ કે સંસારી વ્યવહાર તો કુછ હૈ નહીં...**' ભાવાર્થ. '**યદિ હૈ તો મુનિ કૈસા?**' સ્ત્રી, કુટુંબ, પરિવાર કા પોષણ કરના, લેના-દેના, પૈસા ઉઘરાકર દેના

વહ તો મુનિ હૈ નહીં. મેરા કુટુંબી હૈ, પૈસા લાવો, ખર્ચા આપો. અરે! મુનિ કા કામ હૈ વહ? સમજ મેં આયા? **'સંસારી વ્યવહાર તો કુછ હૈ નહીં...'** કુછ હૈ નહીં. **'યદિ હૈ તો મુનિ કૈસા?'** આહાહા..! સાથે માણસ રાખે, માણસને માટે પૈસા ઉઘરાવે, ભોજનને માટે કહે કે આને કાંઈક ભોજન કરાવો. વહ મુનિ કૈસા?

મુમુક્ષુ :- ગ્રંથમાલા ચલાવે.

ઉત્તર :- પણ ગ્રંથમાલા ચલાવે, પૈસા ઉઘરાવે યહ મુનિ કા કર્તવ્ય હૈ? ઠીક કહતે હો તુમ. ગ્રંથમાલા મેં પૈસા લાઓ, ઈતના પૈસા આપો ગ્રાન્ટ કરો. એ કાંઈ મુનિ કા કર્તવ્ય હૈ? આહાહા..! ઉસકો વિકલ્પ આતા હૈ તો પંચ મહાવ્રતાદિ આતા હૈ. પરંતુ યહ હૈ? બહુત ગડબડી કર દી. ગ્રંથમાલા મેં ફિર નામા લખે. એક જણો કહેતો હતો. પૈસા. ચોપડા નામા લખે લ્યો! ક્ષુલ્લક-ક્ષુલ્લક. હેમરાજજી! ખબર હૈ ન? આહાહા..! નામા લખે. અરે! આ તે કામ છે ભાઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહ્યું હતું ને એણે. મારી પાસે બચાવ કિયા થા ઈસને કિ ઉદયભાવ તો અનેક પ્રકાર કા હોતા હૈ. ઉસમેં ક્યા હૈ? કીધું, ઉદયભાવ ઉસકો અનેક પ્રકાર કા હોતા હૈ વહ હદ કે પ્રમાણ મેં હોતા હૈ. વહ આતા હૈ ન ઉદયભાવ, ચિઠ્ઠી મેં. વહ લેકર હમારે પાસ ખાનગી આયા થા. ઉસમેં ઉદય હૈ તો ક્યા હૈ? ઐસા બચાવ કરના હૈ તુમ્હારે? ઐસા તો નહીં કહા થા. પરંતુ મનમેં ઐસા આયા. એમ કે ક્ષુલ્લક કો ઐસા હી ઉદય હો કિ નામા લખે, પૈસા ઉઘરાવે. અરે! ઐસા ઉદય હોતા હી નહીં. આહાહા..! મુનિવત્ આચરણ (હોતા હૈ). જૈસે મુનિ વન મેં રહતે હૈં ઉસકે સાથ મેં રહતે હૈં વહ તો. મુનિવત હૈ. ક્ષુલ્લક કોને કહે બાપા! આહાહા..! જિસે અંતર સમ્યગ્દર્શન કા વિકાસ હુઆ હૈ ઔર જિસને અંદર મેં ઉસકે લિયે ભોજન બનાયા હો વહ લે નહીં, પ્રાણ જાયે તો ન લે. છોટા મુનિ. સાચી વાત છે. યહ તો વસ્તુ કી સ્થિતિ હૈ હોં. આપણે કોઈ વ્યક્તિ માટે નથી. વસ્તુ કા સ્વરૂપ ઐસા હૈ. આહાહા..!

યહાં કહતે હૈ, મુનિને સંસારી વ્યવહાર તો કુછ હૈ હી નહીં. હો તો પાખંડી હૈ. **'ધર્મ કા વ્યવહાર સંઘ મેં રહના,...'** દેખો! યહ. **'મહાવ્રતાદિ પાલના ઐસે વ્યવહાર મેં ભી તત્પર નહીં હૈ,...'** ઐસે વ્યવહાર મેં જ્ઞાની તત્પર નહીં હૈ. તત્પર તો અપને સ્વરૂપ મેં હૈ. આહાહા..! સમજ મેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- યહ વ્યવહાર સે કથન હૈ. પાલ્લા કહતે હૈ ન. કુંદકુંદાચાર્યને મહાવ્રત પાલા

હૈ. વહ તો વ્યવહારનય કા કથન ચરણાનુયોગ કા ચલે તો ઐસા હી ચલે ન. યહાં તો કહતે હૈં કિ વ્યવહાર મેં તત્પર નહીં. આહાહા..! ઉસકો તો ભિન્ન રખકર ઉસકો જાનતે હૈં. પંચ મહાવ્રત કા વિકલ્પ આતા હૈ જો સમ્યગ્દૃષ્ટિ આત્મા અનુભવી હો, ધર્મી હો, છઠા-સાતવા ગુણસ્થાન જિસકો પ્રગટ હુઆ હૈ. વહ બાપુ ચીજ અલૌકિક હૈ. આહાહા..!

'**સબ પ્રવૃત્તિયોં કી નિવૃત્તિ કરકે ધ્યાન કરતા હૈ...**' લો! મહાવ્રત કા પરિણામ ઔર સંઘ મેં રહના ઉસ પ્રવૃત્તિ કો ભી ત્યાગ કર ધ્યાન આત્મા મેં (લગાતા હૈ). ક્યોંકિ આત્મા કા આશ્રય લેના વહી ચીજ હૈ. બાકી બાહર કા જિતના વિકલ્પ ઉઠતા હૈ વહ સબ બંધ કા કારણ હૈ. આહાહા..! કહ્યું નહિ એ? અમૃતચંદ્રાચાર્ય ત્રીજા કલશ મેં આપણે આયા ન? મુજે કલુષિત પરિણતિ હૈ. કલ્માષિતાયાં. રાગ પરિણતિ શુભ હૈ. ઉસકો શુભ હૈ. આચાર્ય તો મુનિ હૈ, શુભભાવ હૈ. ઉસે છોડકર મુજે સ્વરૂપ મેં એકાગ્ર હોકર છૂટ જાયે ઐસી મેરી ભાવના હૈ. આહાહા..! રહતા હૈ શુભભાવ તો મરણપર્યંત હોતા હૈ. મહાવ્રત કા ભાવ. પરંતુ વહ દુઃખરૂપ હૈ, ... હૈ, તત્પર ઉસમેં નહીં રહના. અંદર સ્વરૂપ મેં તત્પર રહના, ધ્યાન મેં, આનંદ મેં વહ મુક્તિ કા માર્ગ હૈ.

'**ધ્યાન કરતા હૈ વહ વ્યવહાર મેં સોતા હુઆ કહલાતા હૈ ઔર અપને આત્મસ્વરૂપ મેં લીન હોકર દેખતા હૈ,...**' અપને આત્મસ્વરૂપ મેં લીન હોકર '**દેખતા હૈ, જાનતા હૈ, વહ અપને કાર્ય મેં જાગતા હૈ,...**' કિતની સ્પષ્ટતા હૈ! આહાહા..! માણસને સ્વાધ્યાય કરના નહીં ઔર અપની હઠ મૂકના નહીં. ચીજ તો ઐસી વીતરાગ માર્ગ મેં હૈ. ઐસી તો કોઈ દૂસરે કો હૈ હી નહીં. આહાહા..! '**પરંતુ જો ઈસ વ્યવહાર મેં તત્પર હૈ, સાવધાન હૈ, સ્વરૂપ કી દૃષ્ટિ નહીં હૈ...**' ઐસા લિયા. મહાવ્રતાદિ કે વ્યવહાર કે પરિણામ મેં તત્પર રહતા હૈ, સ્વરૂપદૃષ્ટિ શુદ્ધ નહીં હૈ, આહાહા..! '**વહ વ્યવહાર મેં જાગતા હુઆ કહલાતા હૈ.**' વહ રાગ મેં જાગતા હૈ. રાગ યહ ચીજ મેરી હૈ ઐસા માનતે હૈ. આહાહા..! સમજ મેં આયા? આતા હૈ તો ગણધરોં કો ભી. ચૌદ પૂર્વ કી રચના કરતે હૈં શાસ્ત્ર કી, તો ઉસે વિકલ્પ નહીં હૈ? આતા હૈ વહ દૂસરી ચીજ હૈ, પરંતુ તત્પર નહીં ઉસમેં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તત્પર નહીં. દૃષ્ટિ તો સ્વરૂપ ઉપર હૈ. યહ ચીજ મૈં હૂં, યહ નહીં. આહાહા..!

'**સ્વરૂપકી દૃષ્ટિ નહીં હૈં વહ વ્યવહાર મેં જાગતા હુઆ કહલાતા હૈ.**' જિસકો આનંદકંદ પ્રભુ ઐસી દૃષ્ટિ નહીં ઔર રાગ મેં એકાકાર હૈ વહ રાગ મેં જાગતા હૈ, વહ તો મિથ્યાદૃષ્ટિ હૈ. આહાહા..! અબ વિશેષ ગાથા ૩૨ મેં.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ વદ ૬, ગુરુવાર તા. ૧૪-૦૩-૧૯૭૪**
**ગાથા - ૩૨-૩૩, પ્રવચન - ૧૨૭**

અષ્ટપાહુડ, મોક્ષપાહુડ અધિકાર, ઉસમેં ૩૨વીં ગાથા. 'આગે યહ કહતે હૈં કિ યોગી...' ધર્મી. '**પૂર્વોક્ત કથન કો જાન કે વ્યવહાર કો છોડકર આત્મકાર્ય કરતા હૈ** -'

**इय जाणिऊण जोई ववहारं चयइ सव्वहा सव्वं।**
**झायइ परमप्पाणं जह भणियं जिणवरिंदेहिं।।३२।।**

'**અર્થ :- ઈસપ્રકાર પૂર્વોક્ત કથન કો જાનકર...**' ક્યા? જો વ્યવહાર મેં તત્પર હૈ વહ નિશ્ચય મેં સોતા હૈં. જો વ્યવહાર વિકલ્પ આદિ પંચ મહાવ્રત આદિ યા ભક્તિ આદિ કા વિકલ્પ ઉસમેં જો તત્પર હૈ વહ અપને સ્વરૂપ કા ધ્યાન સે ચ્યુત હૈ. અપના સ્વભાવ મેં વહ સોતા હૈ ઔર જો રાગ વિકલ્પ સે તત્પર નહીં વહ અપના સ્વરૂપ મેં જાગતા હૈ. મૈં જ્ઞાનાનંદ સ્વરૂપ હૂં, શુદ્ધ હૂં, જ્ઞાતા-દૃષ્ટા હૂં, ઐસા ધ્યાન મેં લેકર આત્મા જાગતા હૈ. વહ જાગતા હૈ કહને મેં આતા હૈ. આહાહા..!

મુમુક્ષુ :- સાવધાન હૈ.

ઉત્તર :- સાવધાન અંતર મેં. યહ મોક્ષપાહુડ હૈ ન. નથી ભાઈ આવ્યા? નવનીતભાઈ ગયા છે?

યહાં તો પ્રથમ સમ્યગ્દર્શન, વિકલ્પ અને નિમિત્ત કા લક્ષ છોડકર સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય કા એકાગ્ર હોકર અનુભવ હો વહ સ્વ કે આશ્રય સે હોતા હૈ. વહ વ્યવહાર સે યા નિમિત્ત સે કુછ હોતા નહીં. ઔર પીછે ભી મુનિવ્રત ધારણ કરે પંચ મહાવ્રતાદિ, તો ભી પંચ મહાવ્રત કે વિકલ્પ મેં મુનિ તત્પર નહીં. જાનતે હૈં કિ આતા હૈ ઐસા ભાવ. સમજ મેં આયા? અશુદ્ધ ભાવ આયા, હોતા હૈ, ઉસમેં તત્પર નહીં. ધર્મી મુનિ કો ઉસમેં એકત્વબુદ્ધિ નહીં. આહાહા..! અપના શુદ્ધ ચૈતન્ય આનંદ ઉસમેં જિસકી સાવધાની રહતી હૈ વહ સ્વ કે આશ્રય સે મોક્ષ કા ઉપાય ઉત્પન્ન હોતા હૈ.

'**इय जाणिऊण**' વ્યવહાર મેં તત્પર ન રહના ઔર નિશ્ચય સ્વભાવ મેં તત્પર રહના ઐસે '**जाणिऊण**' '**યોગી ધ્યાની મુનિ હૈ વહ સર્વ વ્યવહાર કો સબ પ્રકાર સે હી છોડ દેતા હૈ...**' આહાહા..! મુનિ કો વ્યવહાર તો દૂસરા હૈ નહીં કુછ. પંચ મહાવ્રત કા વિકલ્પ, દેવ-ગુરુ-શાસ્ત્ર કા વિનય, સંઘ મેં રહના તો સાધુ આદિ કા વૈયાવચ્ચ આદિ વહ ભી વિકલ્પ રાગ હૈ. આહાહા..! વહ રાગ બંધ કા કારણ હૈ. સમજ મેં આયા? યહ મોક્ષ

કા ઉપાય નહીં. ઉસ રાગ કો લક્ષ મેં સે છોડકર સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આનંદ કા ધ્યાન કરના ઐસે જાનકર **'સર્વ વ્યવહાર કો...'** દેવ-ગુરુ-શાસ્ત્ર કી ભક્તિ.. આહાહા..! પંચ મહાવ્રત કા વિકલ્પ આદિ સબ કો છોડકર. સર્વ વ્યવહાર કો ઔર સર્વ પ્રકાર સે. આહાહા..! ચૈતન્ય આનંદસ્વરૂપ ધ્રુવ ઉસકે અવલંબન મેં વિકલ્પ કા આશ્રય હોતા નહીં. સમજ મેં આયા? મોક્ષ અધિકાર હૈ ન. ઐસી શ્રદ્ધા મેં તો પહલે લે કિ ચૈતન્ય ભગવાન ધ્રુવ જ્ઞાયકભાવ, ઉસમેં દૃષ્ટિ સે લીન હોના ઔર સ્થિરતા સે લીન હોના વહ મોક્ષ કા ઉપાય હૈ. સમજ મેં આયા? આહાહા..!

**'ઔર પરમાત્મા કા ધ્યાન કરતા હૈ...'** સર્વ પ્રકાર કા વ્યવહાર, સર્વ વ્યવહાર. આહાહા..! **'છોડ દેતા હૈ ઔર પરમાત્મા...'** અપના પરમાત્મા હોં! આહાહા..! જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય ઉસકા ધ્યાન કરતા હૈ. **'જૈસે જિનવરેન્દ્ર તીર્થંકર સર્વજ્ઞદેવ ને કહા...'** યહ આત્મા ભી જૈસા જિનવર ને (કહા ઐસા) અસંખ્યપ્રદેશી અનંતગુણ કા ધામ હૈ 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન જ્યોતિ સુખધામ.' જિનવર સર્વજ્ઞ ને કહા વહ આત્મા. ઉસકે સિવાય અજ્ઞાની આત્મા-આત્મા કરતા હૈ વહ આત્મા કો જાનતા હી નહીં. સમજ મેં આયા? **'જિનવરેન્દ્ર તીર્થંકર સર્વજ્ઞદેવ ને...'** પાઠમાં એ છે ને. **'जिणवरिंदेहिं'** જો આત્મા કહા. રાગ, પર્યાય હોનેપર ભી રાગ સે રહિત. કર્મ સંગમેં નિમિત્ત હોતે હૈં, પરંતુ કર્મ સે રહિત, શરીર હોને પર ભી શરીર સે રહિત ઔર એક સમય કી પર્યાય હોને પર ભી પર્યાય સે ભી રહિત. શુદ્ધ બુદ્ધ આગળ લેશે આ. ૩૫માં લેશે. **'सिद्धो सुद्धो आदा सव्वण्हू सव्वलोयदरिसी'** ઐસા ભગવાન આત્મા ઉસકા ધ્યાન કરે. એ સ્વરૂપનું ધ્યાન એ જ મોક્ષ કા ઉપાય હૈ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વહ તીનોં સ્વરૂપ કી ધ્યાનદશા હૈ. સમ્યગ્દર્શન ને જ્ઞાન ને ચારિત્ર તીનોં દ્રવ્યસ્વભાવ કા ધ્યાન હૈ, દ્રવ્યસ્વભાવ મેં એકાગ્રતા હૈ. વહ મોક્ષ કા માર્ગ દ્રવ્ય કે આશ્રય સે ઉત્પન્ન હોતા હૈ તો દ્રવ્ય મેં લીન હોના. આહાહા..! તો યે સબ તુફાન ક્યા? વહ તો બીચ મેં વિકલ્પ આતા હો. વહ તો બાહ્ય કી ક્રિયા તો બાહર સે હોતી હૈ. આહાહા..! સમજ મેં આયા? વિકલ્પ હો શુભભાવ તો વહ ભી બંધ કા કારણ હૈ. આહાહા..! સમજ મેં આયા?

અંતર ભગવાન આનંદસ્વરૂપ અને જ્ઞાનસ્વભાવ ઉસમેં લીન હોના, ધ્યાન કરના, ઉસકો ધ્યેય બનાકર ઉસમેં રહના વહી મોક્ષ કા ઉપાય હૈ. મોક્ષ ઉપાય દો... દો... કરતે હૈ ન? દો મોક્ષ કે માર્ગ હૈં. એક વ્યવહાર ઔર નિશ્ચય. દો આતે હૈ કિ નહીં? વહ તો કથન દો પ્રકાર કા હૈ. વ્યવહાર મોક્ષમાર્ગ બંધ કા માર્ગ હૈ. આહાહા..! બહુ આકરી વાત જગતને.

મુમુક્ષુ :- તો મોક્ષ બે થાય.

ઉત્તર :- બેના બે મોક્ષ હોય. વ્યવહાર મોક્ષમાર્ગ તો રાગ કો આરોપ કરકે કહા હૈ. હૈ તો બંધ કા હી કારણ. મોક્ષ કા કારણ તો એક હી ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદ કા વિચાર અંતર મેં રુકકર, એકાગ્ર હોકર પર્યાય કા પ્રગટ હોના વહ એક હી મોક્ષ કા માર્ગ હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ પહેલા નિર્ણય કરે ને. એ નિર્ણય કિયે પીછે કી બાત હૈ ન યહ? પહલે નિર્ણય કરના કિ આત્મા શુદ્ધઘન આત્મા હૈ, ઉસકો જ્ઞેય બનાકર જ્ઞાન કી વર્તમાન પર્યાય મેં પૂર્ણ જ્ઞેય બનાકર અનુભવ કરકે નિર્ણય કરના યહ પહલી ચીજ હૈ. આયેગા વહ. સમજ મેં આયા? આહાહા..! આગે આયેગા. '**શાસ્ત્ર મેં પરમાત્મા કે સ્વરૂપ કા નિર્ણય હૈ...**' વહ ગાથા ૩૩ મેં આખરી પદ હૈ. ૩૩ ગાથા મેં. પરમાત્મા એટલે આત્મા પરમસ્વરૂપ, પરમ આત્મા પરમ સ્વરૂપ, પરમ પારિણામિક સ્વભાવ, અકેલા જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ. ધ્રુવ હોં ત્રિકાળ. વીતરાગસ્વભાવ, સ્વચ્છસ્વભાવ, પ્રકાશસ્વભાવ. પ્રકાશ સ્વસંવેદન પ્રકાશગુણ સ્વભાવ. ઐસે સ્વભાવ મેં સ્વભાવ સન્મુખ હોકર નિર્ણય કરના. પહલી ચીજ યહ હૈ. યે નિર્ણય ધારણારૂપ નહીં. આહાહા..! અંતર સ્વરૂપ કે લક્ષ મેં આકર યહ ચીજ હૈ ઐસા અંતર નિર્ણય નિર્વિકલ્પ હો વહ વાસ્તવિક સમ્યગ્દર્શન ઔર નિર્ણય કહને મેં આતા હૈ. આહાહા..! સમજે? યહ માર્ગ હૈ. આહાહા..! લોગોં કો ઐસા લગે કિ યહ તો નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય. પરંતુ નિશ્ચય હી સત્ય હૈ. બીચ મેં વ્યવહાર આતા હૈ વહ ઉપચાર હૈ, વસ્તુસ્વરૂપ નહીં. આહાહા..!

સમ્યગ્દૃષ્ટિ કો સ્વરૂપ કા અનુભવ હોનેપર ભી શુભરાગ ભક્તિ આદિ દાન, દયા આદિ કા આતા હૈ, પરંતુ આતા હૈ વહ બંધ કા કારણ હૈ. સ્વભાવ કે આશ્રય સે જિતના પરિણામ ઉત્પન્ન હો વહી અબંધ પરિણામ હૈ. ક્યોંકિ આત્મા અબંધસ્વરૂપી મોક્ષસ્વરૂપ હૈ. રાગ કે સંબંધ બિના કી ચીજ વહ અબંધસ્વરૂપ હૈ, વહ મુક્તસ્વરૂપ હૈ. ઉસકે અંદર એકાગ્ર હોકર અબંધ પરિણામ પ્રગટ હોતા હૈ. અબંધ સ્વભાવ કે આશ્રય સે અબંધ પરિણામ ઉત્પન્ન હોતા હૈ વહ મોક્ષ કા માર્ગ હૈ. ભારે ઝીણું ભાઈ! માર્ગ યહ હૈ. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' પરમાર્થનો સુખી થવાનો પંથ તો આ એક છે. બાકી તો દુઃખી થવાના રસ્તા હૈ સબ. આહાહા..! એ આત્માના સમ્યગ્દર્શનના આશ્રય વિના એકલા વિકલ્પ કરે દયા, દાન, વ્રત એ પણ દુઃખી થવાના રસ્તા છે. આહાહા..! અને સંસારના આર્તધ્યાન, રૌદ્રધ્યાન, અશુભભાવ હિંસા, જૂઠું, ચોરી, વિષય આદિ એ તો મહા દુઃખ કા હી કારણ હૈ. આહાહા..!

ભાવાર્થ. '**जिणवरिंदेहिं**' શબ્દ પડ્યો છે. ત્રણ શબ્દ લગાયા. '**भणियं जिणवरिंदेहिं**' એમ કહ્યું છેને? '**झायइ परमप्पाणं**' ત્રીજું પદ. જિનવરદેવ, તીર્થંકરદેવ, સર્વજ્ઞ પરમેશ્વરે

જે આત્મા કહા ઐસે આત્મા કા ધ્યાન કરના. આહાહા..! સમજ મેં આયા? વ્યવહાર કરતે કરતે નિશ્ચય હો જાયેગા વહ બાત હૈ નહીં. ઘણાને બહુ અત્યારે વ્યવહાર કરો... વ્યવહાર કરો... શુભ રાગ, શુભ ઉપયોગ કરો, કરતા-કરતા શુદ્ધ ઉપયોગ થઈ જશે. આયુષ્ય પૂરું થશે, જિંદગી ચાલી જશે. આહાહા..! શુભરાગની પણ રુચિ છોડકર અપના ભગવાન ધ્રુવસ્વરૂપ નિત્ય સ્વભાવ જિસકો પરમ સ્વભાવભાવ કહીએ ઉસકા આશ્રય કરના એક હી બાત હૈ.

'**ભાવાર્થ :- સર્વથા સર્વ વ્યવહાર કો છોડના કહા, ઉસકા આશય ઈસપ્રકાર હૈ...**' સર્વથા ઔર સર્વ વ્યવહાર. આહાહા..! ટીકાકાર ને બાત સાધારણ કરી નાખી. લૌકિક વ્યવહાર છોડવો. લૌકિક-લૌકિક. આહીં તો બધો લોકોત્તર વ્યવહાર વિકલ્પ એ છોડવા લાયક છે. ટીકાકાર બહુ સાધારણ, શ્રુતસાગર. યહાં તો આચાર્ય કા યહ કહના હૈ કિ અપના સ્વરૂપ કા અનુભવ દર્શન હોનેપર ભી જો બીચ મેં વ્યવહાર આતા હૈ (પૂર્ણ)વીતરાગ હુએ પહલે, સમકિતી કો રાગાદિ, ભક્તિ આદિ આતા હૈ, પંચમ ગુણસ્થાન મેં વ્રતાદિ કા વિકલ્પ હૈ, છઠ્ઠે પંચ મહાવ્રત કા રાગ હૈ, ઉસ વ્યવહાર કો સર્વથા છોડ દે. આહાહા..! યહાં તો કહે, ભગવાનની ભક્તિ અને દેવ-ગુરુની ભક્તિ કરતા-કરતા કલ્યાણ થશે. એ ના પાડે છે, બાપુ! આ લોકોને આ વાંધા આવે. ગુરુની ભક્તિમાં જે વળગ્યા એને ત્યાંથી મુક્તિ થાશે એમ માનનારા. આહાહા..!

અહીં તો કહે છે કે દેવ અરિહંતની ભક્તિ એ શુભરાગ છે. રાગ સે આત્મા કા કલ્યાણ હો ઐસા કભી બનતા નહીં. આહાહા..! અપને સ્વરૂપ મેં... હૈ? '**લોકવ્યવહાર તથા ધર્મવ્યવહાર સબ હી છોડને પર ધ્યાન હોતા હૈ...**' દેખો! જયચંદ્ર પંડિતને અર્થ પણ ઉસમેં હૈ ઐસા કિયા હૈ. લોકવ્યવહાર, સ્ત્રી, કુટુંબ કા પોષણ કરના, વ્યાપાર કરના, ધંધા કરના યહ સબ લોક વ્યવહાર પાપ. સમજ મેં આયા? વહ ભી છોડ. '**ધર્મવ્યવહાર સબ હી છોડને પર...**' એ વિનય, પર કા વૈયાવચ્ચ ને શાસ્ત્રશ્રવણ ને શાસ્ત્ર કથન કરના. આહાહા..! વહ સબ વિકલ્પ વહ વ્યવહાર હૈ. યહ '**સબ હી છોડને પર ધ્યાન હોતા હૈ...**' પર તરફ કા ઝુકાવ સબ છોડને સે સ્વ તરફ કા ઝુકાવ હોતા હૈ. ભારે! અહીંયાં તો આત્માનું ધ્યાન એક જ મોક્ષ કા ઉપાય એક સિદ્ધાંત હૈ. તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વહ આત્મા કા ધ્યાન હૈ. આહાહા..!

મુમુક્ષુ :- શૂન્ય હો જાઓ.

ઉત્તર :- બાહર સે શૂન્ય હો જાઓ, અંદર મેં જાગૃત હો જાઓ. શૂન્ય હો જાઓ તમારે રજનીશ કહે છે ઐસા નહીં. એય..! શેઠ! તમારા રજનીશ કીધા. રજનીશ એમ કહે છે, શૂન્ય હો જાઓ. વહ તો જડ હો જાયેગા. સર્વજ્ઞ પરમેશ્વર ને આત્મા કહા ઉસકા ભાન

હી કહાં હૈ? સમજ મેં આયા? ભાષા કી જરી ચતુરાઈ હૈ તો લોકો માને. લોકો મૂઢ જેવા એ આવા ભાષાની વર્ગણાથી (અંજાઈ જાય).

અહીં તો સર્વજ્ઞ પરમેશ્વરે જિનવરદેવે જો આત્મા દ્રવ્યસ્વભાવ કહા ઔર ઉસકા ગુણસ્વભાવ કહા ઔર ઉસકા પર્યાયભાવ કહા ઈન તીનોં મેં સે દ્રવ્ય કા ધ્યાન કરના એમ કહતે હૈં. પર કા તો નહીં.. આહાહા..! પણ દ્રવ્ય, ગુણ અને પર્યાય ઐસા તીન ભેદ કા ભી જ્ઞાન નહીં. આહાહા..! ભગવાન ને કહા ઐસા દ્રવ્ય, ગુણ, પર્યાય હોં! સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ઉસકે સિવાય યહ ચીજ દૂસરે હૈ નહીં. ઈસલિયે કહા કિ ભગવાન આત્મા અનંતગુણ કા પિંડ હૈ દ્રવ્ય ઔર ઉસકા સ્વભાવ જ્ઞાન, દર્શન આદિ અનંત હૈ વહ ગુણ ઔર ઉસકી પર્યાય વર્તમાન મેં દષ્ટિવંત કો તો નિર્મળ હી પર્યાય હોતી હૈ. યહાં તો સ્વભાવ ઔર સ્વભાવ કી દષ્ટિ સે કથન હૈ ન. સમજ મેં આયા? ઈન તીનોં કા વિચાર ભી છોડ દે. આહાહા..! સમજમેં આયા? જન્મ-મરણ ચૌર્યાસી કે અવતાર ભાઈ! ભવ કા અંત... અનંતકાલ હુઆ, ઐસી કર્મકાંડકી ક્રિયા અનંતબાર કી. ઉસસે તો કોઈ સંસાર કા અંત આયા નહીં. વહ સ્વયં સંસાર હૈ ન, શુભભાવ હી સંસાર હૈ. આહાહા..! શુદ્ધસ્વરૂપ ધ્રુવ ચૈતન્ય મેં સે સંસરણં ઈતિ સંસારઃ. ઐસા સ્વભાવ સે હટકર રાગ મેં આયા વહી સંસાર હૈ. આહાહા..!

કહતે હૈં, સબ છોડકર ધ્યાન કરના. **'ઈસલિયે જૈસે જિનદેવ ને કહા હૈ વૈસે હી પરમાત્મા કા ધ્યાન કરના.'** પરમસ્વરૂપ. પરમાત્મા યા પરમસ્વરૂપ, એમ. યહ પરમાત્મા, પર પરમાત્મા નહીં. અપના પરમસ્વરૂપ પરમાત્મા ધ્રુવ કા ધ્યાન કરના. તો ધ્રુવ વહ પરમાત્મસ્વરૂપ હૈ. ધ્રુવ મુક્તસ્વરૂપ હૈ, પરમસ્વભાવ હૈ, પરિપૂર્ણ સ્વભાવ હૈ ઉસકા, પરમાત્માને કહા વહ આત્મા ઉસકા ધ્યાન કરના. આહાહા..! **'અન્યમતી પરમાત્મા કા સ્વરૂપ અનેક પ્રકાર સે અન્યથા કહતે હૈં...'** અન્યમતી પરમાત્મા કા સ્વરૂપ અનેક પ્રકાર સે અન્યથા કહતે હૈં. કંઈક કંઈક સર્વવ્યાપક હૈ કાં એક થોડા ઈસમેં હૈ કાં અલ્પજ્ઞ રહ સકે સદા, પરમેશ્વર પૂર્ણ હૈ ઐસા હો સકે નહીં—ઐસા એક એક આત્મા કા સ્વરૂપ ઐસા કહતે હૈં વહ સબ વિપરીત હૈ. એક એક આત્મા પરમાત્મા હો સકે ઐસી શક્તિવાલા હૈ. સમજ મેં આયા? અંદર સ્વરૂપ તો અંદર પૂર્ણ પરમાત્મસ્વરૂપ હી ધ્રુવ મેં હૈ. પર્યાય ભી અપરમભાવ હૈ. આહાહા..! રાગ તો ક્યાંય રહા. ઉસકી પર્યાય અપરમભાવ હૈ. પરમભાવ તો ધ્રુવ હૈ. આહાહા..! ઐસા આત્મા કા પરમાત્માને કહા ઐસે કા ધ્યાન કરના.

**'અન્યથા ઉપદેશ કરતે હૈં, ઉસકા નિષેધ કિયા હૈ.'** અન્યમતી અન્ય વિચાર કરે ઐસા હૈ, પ્રકાશ હૈ, ઐસા હૈ. એક આયા થા યહાં સાત પડિમાવાલા. તો પૂછા કિ આત્મા અંદર કૈસા હૈ? કિ પહલે દિખે લાલ ઔર પીછે દિખે સફેદ. ખબર ન મળે કાંઈ. પહેલા

દિખે લાલ. આંખ આમ ભીંસે ને તો લાલ જેવું દેખાય ને. વહ તો જડ હૈ લાલ તો. પીછે દિખે તો સફેદ. સફેદ વહ તો રંગ હૈ. વહ આત્મા કહાં હૈ? અંદર મેં રાગ ઉત્પન્ન હૈ ભગવાન કી ભક્તિ આદિ કા વહ ભી આત્મા નહીં, વહ તો રાગ આસ્રવ હૈ. આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર (ઐસા કહતે હૈં), આત્મા તો રાગરહિત હૈ અને એક સમય કી પર્યાય મેં ભી વહ આતા નહીં. આહાહા..! ઔર એક સમય કી પર્યાય ઉસકો છુતી નહીં. આહાહા..! વ્યક્ત કો સ્પર્શતા હી નહીં. આહાહા..! છઠ્ઠી ગાથા મેં આયા. અવ્યક્ત મેં આયા ૪૯ ગાથા મેં. વ્યક્ત-અવ્યક્ત કા જાનન હોનેપર ભી વ્યક્ત કો સ્પર્શતા નહીં. આહાહા..!

જ્ઞાન દો કા કરે. પર્યાય ઔર દ્રવ્ય કા. છતાં દ્રવ્ય પર્યાય કો સ્પર્શતી નહીં. ઓહોહો..! તે દિ કહ્યું હતું ને પંડિતજીએ? વિવક્ષાભેદ હૈ. .. સાંભળ્યું નથીને વિવક્ષાભેદ હૈ. વિવક્ષાભેદ નહીં. તાત્પર્ય ભાવ યહ હૈ. વિવક્ષાભેદ કરી ને સાધારણ અરે! આમ કહા, આમ કહા. એમ નહીં. વસ્તુ કા પ્રયોજન સિદ્ધ કરને કી યહ ચીજ હૈ. વિવક્ષાભેદ નહીં. થે કિ નહીં તુમ? થે કે નહીં વો? કૈલાસચંદજી ને કહા થા ન કૈલાસચંદજી ને, પંડાલ મેં. એમ કે એક સમય કી પર્યાય કો સ્પર્શતા નહીં આત્મા. પર્યાય સે ભી ભિન્ન હૈ. વહ વિવિક્ષાભેદ હૈ. વિવિક્ષાભેદ નહીં, વસ્તુ કા સ્વરૂપ ઐસા હૈ.

મુમુક્ષુ :- વિવિક્ષા પણ સ્વરૂપના કારણે હોય કે એમને એમ?

ઉત્તર :- એમ કે એ તો એક અપેક્ષાએ એમ પણ કહેવાય એમ એનો અર્થ. એમ કહે છે ઘણાં, ખબર છે.

યહાં તો પરમાત્મા. આહાહા..! પૂર્ણ ધ્રુવ શુદ્ધ ચૈતન્યબિંબ અકષાય રસકંદ, પરમસ્વરૂપ પારિણામિકભાવ, જ્ઞાયકભાવ વહી આત્મા. ઈસ દ્રવ્ય કો લક્ષ મેં લેને કે કારણ પર્યાય કો સ્પર્શે નહીં એમ કહને મેં આયા હૈ. પર્યાય ઉસકો માનતી હૈ, જાનતી હૈ, પરંતુ પર્યાય ઉસમેં એકમેક નહીં હોતી. આહાહા..! પંડિતજી! આહાહા..! આવી વાત. પર્યાય વસ્તુ હૈ, પરંતુ ત્રિકાલી વસ્તુ મેં પર્યાય કા પ્રવેશ નહીં. વહ વસ્તુ કો ધ્યેય બતાને અને દ્રવ્ય કો સમ્યગ્દર્શન વિષય બતાને કો કહા હૈ. એકલા કથન કરના ઐસા ભી હૈ એમ નહીં. સમજ મેં આયા? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અભેદ હોતી નહીં. અભેદ તો પર તરફ કા લક્ષ થા વહ અંતર મેં ઝુકી તો અભેદ કહને મેં આતા હૈ. બાકી પર્યાય ઔર દ્રવ્ય દો ભિન્ન રહતે હૈં. પર્યાય કા અંશ જો ત્રિકાલ અંશ મેં પ્રવેશ કર જાયે તો દ્રવ્ય ભી અંશરૂપ હો જાયે ઔર ત્રિકાલી દ્રવ્ય જો પર્યાય મેં આ જાયે તો વહ ભી અંશરૂપ હો જાયે. ઐસા હૈ નહીં. જુગલજી! લોજિક સે તો યહ

હૈ ન. આહાહા..!

આ શરીર, વાણી, મન તો ધૂળ-માટી ક્યાંય રહી ગઈ. આ તો જગતના તત્ત્વો ભિન્ન છે. કર્મ ભી ભિન્ન તત્ત્વ હૈ, અંદર પુણ્ય અને પાપ કા વિકલ્પ હૈ વહ તો વિકાર આસ્રવતત્ત્વ ભિન્ન રહા, પરંતુ ઉસકી પર્યાય ક્ષયોપશમ આદિ હૈ... આહાહા..! અરે! ક્ષાયિક પર્યાય હો, તો વહ પર્યાય કો દ્રવ્ય છુતા હી નહીં. આહાહા..! સમજ મેં આયા? યે દ્રવ્ય કી દૃષ્ટિ કરાને કો ઔર દ્રવ્યસ્વભાવ કા આશ્રય કરાને કો કહા હૈ. વિવિક્ષાભેદ કથનમાત્ર કહને સે ભી હૈ એમ નહીં. એય..! સેઠ! આહાહા..! ભગવાનના કે ભેટા કરાને કો યહ કહા હૈ. આહાહા..! ભગવાનજીભાઈ! આવી વસ્તુ છે, ભાઈ! આહાહા..! દુનિયાને ન બેસે.

યહ કહા ન દેખો! '**જિનદેવ ને પરમાત્મા કા તથા ધ્યાન કા સ્વરૂપ કહા વહ સત્યાર્થ હૈ,...**' પરમાત્મા નામ પરમસ્વરૂપ ધ્રુવ જો કૂટસ્થ હૈ, કભી હિલતા નહીં, કભી પરિણમતા નહીં. આહાહા..! પરિણમે વહ પર્યાય. ધ્રુવ પરિણમે નહીં, ધ્રુવ હિલે નહીં, ધ્રુવ હીણા હોતા નહીં, ધ્રુવ મેં પર્યાય કા પ્રવેશ નહીં, પર્યાય મેં ધ્રુવ કા આના નહીં. આહાહા..! સમજ મેં આયા? હવે તો ટાઢી મોસમ હૈ ન. ઘણા તો ગયા હળવે-હળવે. આહાહા..! તેરી ચીજ હી ઈતની બડી હૈ. આહાહા..! એક સમય કી પર્યાય મેં વહ આતી હી નહીં. ઐસે આત્મા કા સ્વરૂપ પરમાત્મા ઔર ઉસકા ધ્યાન... સર્વજ્ઞને કહા કિ ઉસ તરફ કા ઝુકાવ, તો ઐસે કોઈ ધ્યાન કરના, ત્રાટક કરના, વિકલ્પ કરના, વહ જ્ઞાનાર્ણવ મેં આતા હૈ. પૃથ્વી ધારણા, જલ ધારણા. વહ તો વિકલ્પ અશુભ મેં સે હટને કો ઐસા પહલે આતા હૈ. પરંતુ વહ કોઈ ચીજ નહીં. આહાહા..!

'**જિનદેવ ને પરમાત્મા...**' એટલે આત્મા પૂર્ણ બ્રહ્મ આનંદકંદ પ્રભુ જો કહા ઔર ઉસકા ધ્યાન કા સ્વરૂપ કહા. અંતર મેં એકાગ્રતા વહ પર્યાય. અંતર મેં એકાગ્રતા વહ પર્યાય ધ્યાન. '**વહ સત્યાર્થ હૈ,...**' યહ બાત સચ્ચી હૈ. '**પ્રમાણભૂત હૈ...**' પ્રમાણભૂત હૈ. આહાહા..! '**વૈસે હી જો યોગીશ્વર કરતે હૈં...**' ઐસે હી યોગીશ્વર યહ ધ્યાન (કરતે હૈં). વિકલ્પ સે શૂન્ય હો જાઓ, વિકલ્પ સે શૂન્ય હો જાઓ. યહ બહુત કહતા હૈ રજનીશ. પરંતુ વિકલ્પ સે શૂન્ય હોના... કહાં સે જાને? પગ મૂકતે હૈ તો નીચે સે ઉપાડતે હૈ તો ઉપર મૂકતે હૈ ન? એમ અંતર મેં જાયે, સત્તા કિતની હૈ? ઉસ સત્તા ઉપર દૃષ્ટિ જાયે તો વિકલ્પ શૂન્ય હો જાયે. સત્તા મેં આયે બિના વિકલ્પ શૂન્ય કહાં સે આયા? સત્તા કૈસી હૈ ઉસકી ખબર નહીં. સમજ મેં અયા? પરમ મહાસત્તા મેં પ્રવેશ કિયે બિના વિકલ્પ કી એકતા તૂટતી નહીં કભી. શૂન્ય કહાં સે હો? જડ હો જાયે શૂન્ય. મહાસત્તા કે અવલંબન બિના વિકલ્પ તોડને જાયે ઔર વિકલ્પ સે શૂન્ય હોને જાયે તો જડ હો જાયેગા. સમજ મેં આયા? રજનીશને

ક્યાંક બેસાડ્યા હશે કે નહિ શેઠે? એય..! શેઠ! રજનીશને કોઈ વખતે તમારા મેળામાં બેસાડ્યા હશે કે નહિ? મેળા-બેળામાં ક્યાંક કોઈ ઠેકાણે? એય..! શેઠ! કોઈ મેળામાં. તારણસ્વામીના મેળામાં ક્યાંક બેસાડ્યા હતાને ઉસકો ભાષણ કરને કો. આયા થા, સુના હૈ. તુમ્હારી બાત યહાં સબ આતી હૈ. પહલે હોં, પહેલા. પહલે કોઈ ભાષણ દિયા થા. શેઠ પહલે આયે થે થોડા વર્ષ પહલે. બહોત વર્ષ પહલે સુના થા. તારણસ્વામીના મેળામાં વહ ભાષણ કરને કો આયે થે. એવાઓને ભાષણ-બાષણ નહિ. સમજ મેં આયા?

એક તો ઉસકી ભક્તાણી થી બાઈ. બહુત ભગત થી બહુત. પીછે ઉસકો કુછ પોલ દેખાણી ઉસકી, તો લખાણ આયા. લખાણ આયા થા. કિ હે ભગવાન! હિન્દુસ્તાન મેં ઐસે નાસ્તિક કો જન્મ નહીં દેના. એવી બાઈ હતી એક. સ્ત્રી કોઈ ભક્ત-ભક્તાણી. નામ આયા થા. છાપા મેં આયા થા. પીછે કહા પ્રભુ! યહ હિન્દુસ્તાન મેં ઐસા નાસ્તિક નહીં. ચાર્વાક જેવા નાસ્તિક છે. ચાર્વાક એવું લખ્યું હતું એણે હોં. અને જોયું હશે કોઈ પોલ બધી. આહાહા..!

આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર. આહાહા..! જિસકો એક સમય મેં તીન કાલ તીન લોક કી પર્યાય જાનને મેં આ ગયે. જાનને મેં. આહાહા..! યે ભગવાનને જો આત્મા અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર (કહા) યહ કહાં હૈ જગત મેં? સર્વજ્ઞ કે સિવાય ક્યાંય હૈ વહ? છે તો ખરા ને પહોળા શરીર પ્રમાણે? તો અસંખ્ય પ્રદેશી અને એક એક પ્રદેશ મેં અનંતગુણ. ઐસે અનંતગુણ વ્યાપા હૈ. આહાહા..! ઐસે પરમાત્મસ્વરૂપ ઔર ઉસકી એકાગ્રતા ધ્યાન ભવગાન ને કહા વહ સત્યાર્થ હૈ.

'**પ્રમાણભૂત હૈ વૈસે હી જો યોગીશ્વર કરતે હૈં વે હી નિર્વાણ કો પ્રાપ્ત કરતે હૈં.**' યહ ભગવાનને કહા ઐસા આત્મા મેં સમ્યગ્દર્શન સહિત સ્વરૂપ કા ધ્યાન કરતે હૈ વહ મોક્ષ કો પાતે હૈ. મોક્ષ અધિકાર હૈ ન?

હવે જરી કહતે હૈં, '**આગે જિનદેવને જૈસે ધ્યાન-અધ્યયન કી પ્રવૃત્તિ કહી હૈ, વૈસે હી ઉપદેશ કરતે હૈં -**' એમ કે ઐસા સ્વરૂપ કા ધ્યાન (કરે) ઔર ઉસમેં ધ્યાન મેં ન રહ સકે તો શાસ્ત્ર કા અધ્યયન (કરે). ક્યોંકિ અધ્યયન શાસ્ત્ર મેં ભી પરમાત્મા કે સ્વરૂપ કા હી નિર્ણય કહા હૈ. આહાહા..! શાસ્ત્ર ગમે તે પ્રકાર કા હો, પરંતુ ઉસમેં પરમાત્મા વીતરાગ સ્વરૂપ ક્યા હૈ ઉસકા નિર્ણય કરાને કો શાસ્ત્ર કહા હૈ. આહાહા..! સમજ મેં આયા? ચરણાનુયોગ મેં કથન હો મહાવ્રત આદિ, બારહ વ્રત કા, પરંતુ ઉસમેં ઉસસે રહિત આત્મા શુદ્ધ પરમાત્મા હૈ ઐસા નિર્ણય કરાને કો વહ બાત સબ કી હૈ. સમજ મેં આયા?

**पंचमहव्वयजुत्तो पंचसु समिदीसु तीसु गुत्तीसु।**

रयणत्तयसंजुत्तो झाणज्झयणं सया कुणह।।३३।।

'**અર્થ :- આચાર્ય કહતે હૈં...**' કુંદકુંદાચાર્ય મહારાજ. '**જો પાંચ મહાવ્રતયુક્ત હો ગયા...**' ક્યોંકિ જિસકો સમ્યગ્દર્શન તો હૈ ઔર તીન કષાય કા અભાવ હોકર ચારિત્ર ભી હૈ ઔર ઉસકે પાસ પંચ મહાવ્રત કા વિકલ્પ હૈ છઠ્ઠા ગુણસ્થાન, યહ બાત કરતે હૈં. સમજ મેં આયા? અંતર દ્રવ્યસ્વભાવ કા અનુભવ હૈ ઉસકે ઉપરાંત સ્વરૂપ કી સ્થિરતા ભી ચારિત્ર કી હૈ. ઉસકો જો પંચ મહાવ્રત કા વિકલ્પ આતા હૈ વહ મહાવ્રતયુક્ત હો ગયા વ્યવહાર. '**પાંચ સમિતિ...**' અર્થ કરેંગેં. વ્યવહાર સમિતી હોં યે. દેખકર ચલના, વિચાર કર બોલના '**તીન ગુપ્તિયોં સે યુક્ત હો ગયા ઔર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી રત્નત્રય સે સંયુક્ત હો ગયા...**' એકલા પંચ મહાવ્રતાદિ કા નહીં. પણ ભગવાન આત્મા કા ત્રિકાળી શુદ્ધ જ્ઞાયકસ્વભાવ ઉસકી દૃષ્ટિ, ઉસકા જ્ઞાન ઔર ઉસકી રમણતા યે તીન રત્નસહિત હો ગયા હૈ.

'**ઐસે બનકર...**' દેખો! ઐસે બનકર, ઐસે હોકર. માર્ગ એવો છે, ભાઈ! ધમાધમ ચલી. શું કીધું? ચેતનજી! યશોવિજયે કીધું ને? 'ધામધુમે ધમાધમ ચલી, જ્ઞાનમાર્ગ રહા દૂર.' એ કહ્યું ખરું પણ એને કાંઈ ગોટો નીકળ્યો નહીં. આહાહા..! આ કરો ને આ કરો ને આ કરો. શાંતિયજ્ઞ કરો, સિદ્ધપૂજા કરો ને આ કરો. ધમાધમ. લાખો-કરોડો રૂપિયાના ખર્ચ થાય, લાખો માણસ ભેગા થાય. ઓહોહો..! તો ક્યા હુઆ? વહ તો ક્રિયા પર હૈ. ઉસમેં રાગ આયા વહ તો શુભ હૈ. ઉસમેં ધર્મ માનતા હૈ તો મિથ્યાત્વ હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરે કોણ? વહ તો હોતી હૈ. એ.. સેઠ! યે પચ્ચીસ હજાર માણસ ઉસકે કારણ સે આયા ઔર ઉસકે કારણ સે પર્યાય ઉસમેં ઉસકી હુઈ.

મુમુક્ષુ :- આપણે આમંત્રણ આપ્યું હતું ને.

ઉત્તર :- આમંત્રણ આપે કોણ? એ વાણી કરે એ આમંત્રણ આપે. એ.. જેચંદભાઈ! આ બધું ભારે ભાઈ! ૨૫-૨૫ હજાર માણસ. માણસો (હતા) પણ એક ઉંહકારો નહોતો થાતો. શાંત. પચ્ચીસ હજાર ઉપર માણસ હતા. સાંભળતા, જ્યાં અવાજ નીકળે ત્યાં શાંત. એટલી તો સાંભળવાની લોકોને જિજ્ઞાસા. ભાઈ! માર્ગ તો આ છે, પ્રભુ! બહુત સંખ્યા હો તો ધર્મ સચ્ચા હૈ ઐસી કોઈ ચીજ નહીં. આહાહા..! વહ શુભભાવ હો, પણ બહાર કી ચીજ બનને કી હો તો બનો, વહ કોઈ અપને અધિકાર કી બાત હૈ નહીં. આહાહા..! એક અંગુલી ફેરને કી શક્તિ આત્મા મેં નહીં. ઐસે હિલે તો જડ કે કારણ સે (હિલતી હૈ). આહાહા..! આંખ કી પાંપણ ઐસે હોતી હૈ વહ જડ સે હોતી હૈ, આત્મા સે હોતી નહીં. ક્યા કરે પર કા? આહાહા..! ઔર પર તરફ કા લક્ષ હુઆ ભક્તિ આદિ કા તો વહ

શુભભાવ હૈ. વહ આતે હૈ બીચ મેં પણ વહ બંધ કા કારણ હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવે. પૂર્ણ વીતરાગ ન હો તબ નિશ્ચય સહિત મેં વ્યવહાર આતા હૈ. અજ્ઞાની કો વ્યવહાર નહીં ઔર કેવલી કો વ્યવહાર નહીં. પરંતુ હૈ વ્યવહાર બંધ કા કારણ વહ જાનના ચાહિયે. ભાઈ! યહ તો માર્ગ વીતરાગ કા હૈ. ઉસમેં ઓછા, અધિક, વિપરીત કુછ ન ચલે. આહાહા..!

કહતે હૈં કિ પંચ મહાવ્રત કે વિકલ્પ સહિત, પાંચ સમિતિ-ગુપ્તિ સહિત વહ વ્યવહાર. ઔર નિશ્ચય મેં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રત્નત્રય એના સહિત હો ગયા. '**ઐસા બનકર હે મુનિજનોં!**' હે મુનિજનો! આહાહા..! '**તુમ ધ્યાન ઔર અધ્યયન-શાસ્ત્ર** કે **અભ્યાસ કો સદા કરો.**' તુમ તો આત્મા કા ધ્યાન કરો. આહાહા..! નિર્વિકલ્પમેં ઠરો. ન ઠર સકે તો શાસ્ત્ર કા અધ્યયન કરો. (ઔર) તુમ્હારે તીસરી ચીજ હોતી નહીં. આહાહા..! શાસ્ત્ર કા અધ્યયન કા વિકલ્પ આતા હૈ (જો) અંદર ઠર ન સકે. દૃષ્ટિ તો ધ્રુવ ઉપર હૈ. ધ્રુવ ઉપર દૃષ્ટિ ઔર ધ્રુવ કા આશ્રય હોનેપર ભી ઉગ્ર આશ્રય નહીં એટલે બીચ મેં ઐસા શાસ્ત્ર અધ્યયન કા વિકલ્પ આયે બિના રહે નહીં. પણ વહ વિકલ્પ મેં ભી નિર્ણય તો ઐસા કરના કિ યે પૂર્ણાનંદ પ્રભુ હૈ ઉસમેં જાના હૈ મુજે. સમજ મેં આયા? શુદ્ધ ચૈતન્યઘન પરમાત્મા આનંદ કા ધામ ચૈતન્યજ્યોતિ સ્વયં જ્યોતિ ઐસી ચીજ મેં મુજે ધ્યાન કરના હૈ. ઐસી દૃષ્ટિ રખકર ઐસા ભાવ આતા હૈ.

મુમુક્ષુ :- હમારે લિયે યહ બાત હૈ?

ઉત્તર :- સબકે લિયે બાત હૈ.

મુમુક્ષુ :- બિના આત્મજ્ઞાન હોતી નહીં?

ઉત્તર :- આત્મજ્ઞાન કરના વહ તો બાત કરતે હૈં. આત્મજ્ઞાન નહીં હૈ ઈસલિયે તો કરના હૈ ઐસા કહતે હૈ. જ્ઞાન નહીં હૈ તો આત્મજ્ઞાન કરના. પહલી ચીજ યહ હૈ. નિયમસાર મેં કહા ન વહ? '**णियमेण य जं कज्जं**' એ લક્ષણાવળીમાં નાખ્યું છે હોં! આ લક્ષણાવળી છે ને પુસ્તક? એમાં આ શબ્દ નાખ્યો છે. '**णियमेण य जं कज्जं**' ત્રીજી ગાથા નિયમસારની. એમાં નાખ્યો છે. બોલ આવે ને 'ન' ની.

મુમુક્ષુ :- નિયમ સે કર્તવ્ય.

ઉત્તર :- હા, નિયમ સે કર્તવ્ય. '**जं**' નિયમ સે કર્તવ્ય હૈ. ત્રીજી ગાથાનું પહેલું પદ છે. એ લક્ષણાવલીમાં નાખ્યું. પાછો બીજો ગોટો નાખ્યો. માર્ગ તો એક સચ્ચા હો વહી હોના ચાહિયે, ઉસમેં ગડબડ નહીં. ભલે નિશ્ચય મેં ન રહ સકે સ્થિર, વ્યવહાર વિકલ્પ આતા

હો, પરંતુ વહ વિકલ્પ બંધ કા કારણ હૈ ઐસા જાને બિના નિશ્ચય ઉસકા સચ્ચા નહીં રહતા. આહાહા..!

મુમુક્ષુ :- મુનિની અપેક્ષાએ વાત છે?

ઉત્તર :- સમકિતી કી બાત હૈ યહાં. આહાહા..! ઉત્કૃષ્ટપને તો મુનિ હૈં ન? સમકિતી લઘુનંદન હૈ ન? યહ બડા નંદન હૈ મુનિ. જિનેશ્વર કા બડા નંદન, બડા પુત્ર. સમકિતી લઘુનંદન હૈ. પરંતુ ઉસકી ક્રિયા તો એક હી આત્મા કે આશ્રય હો વહી મુક્તિ કા માર્ગ હૈ—દોનોં કો એક હી બાત હૈ. સમકિતી કો યા મુનિ કો. આહાહા..! '**તુમ ધ્યાન ઔર અધ્યયન-શાસ્ત્ર કે અભ્યાસ કો સદા કરો.**'

'**ભાવાર્થ :- અહિંસા,...**' મહાવ્રત. '**સત્ય,...**' મહાવ્રત. '**અસ્તેય,...**' ચોરી નહીં. '**બ્રહ્મચર્ય, પરિગ્રહત્યાગ...**' યે પંચ મહાવ્રત. હૈ વહ વિકલ્પ, હૈ આસ્રવ. આહાહા..! પણ વ્યવહાર .. નિશ્ચય કા અનુભવ સહિત આયે બિના રહતા નહીં. '**ઈર્યા, ભાષા, એષણા,...**' દેખકર ચલના, વિચાર કે બોલના, નિર્દોષ આહાર લેના. '**આદાનનિક્ષેપણ,...**' મોરપીંછી, કમંડળ, પુસ્તક લેના, મૂકના યત્ના સે. '**પ્રતિષ્ઠાપના...**' બળખો, પેશાબ, ઝાડા છોડના. '**પાંચ સમિતિ ઔર મન, વચન, કાયા કે નિગ્રહરૂપ તીન ગુપ્તિ યહ તેરહ પ્રકાર કા ચારિત્ર જિનદેવ ને કહા હૈ, ઉસસે યુક્ત હો...**' તેરહ વ્યવહાર હોં યે સબ. '**ઔર નિશ્ચય વ્યવહારરૂપ, સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર કહા હૈ...**' ભગવાનને, નિશ્ચય સમ્યગ્દર્શન અપના ચૈતન્ય સ્વરૂપ કા અનુભવ મેં પ્રતીતિ ઔર વ્યવહાર સમ્યગ્દર્શન દેવ-ગુરુ-શાસ્ત્ર કી શ્રદ્ધા કા રાગ દોનોં જિનદેવ ને કહા હૈ. વ્યવહાર સે યુક્ત-સહિત કહા ન? ઔર નિશ્ચય સમ્યગ્જ્ઞાન. અપને આત્મા કા જ્ઞાન વહ નિશ્ચય સમ્યગ્જ્ઞાન ઔર શાસ્ત્ર આદિ કા જ્ઞાન વહ વ્યવહારજ્ઞાન. નિશ્ચય ચારિત્ર. આનંદ સ્વરૂપ મેં લીન હો જાના. ચરના, રમના, જમના, આનંદ કા ભોજન કરના વહ નિશ્ચય ચારિત્ર. આ શું હશે? અને સાથમાં પંચ મહાવ્રત આદિ વ્યવહાર ચારિત્ર. '**ઈનસે યુક્ત હોકર ધ્યાન ઔર અધ્યયન કરને કા ઉપદેશ હૈ.**' મુનિ બને સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત ઔર નિશ્ચયચારિત્ર સહિત (ઉન્હેં) વ્યવહાર ઐસા આતા હૈ, દર્શન-જ્ઞાન (ઔર) વિકલ્પ વ્યવહાર ઈસકે સહિત હોકર ધ્યાન ઔર અધ્યયન કરને કા ઉપદેશ હૈ. લો!

'**ઈનમેં ભી પ્રધાન તો ધ્યાન હી હૈ...**' મુખ્ય તો ધ્યાન હી મોક્ષ કા માર્ગ હૈ. આહાહા..! અધ્યયન કહા વહ તો ધ્યાન મેં રહ સકે નહીં, છતાં દૃષ્ટિ ઔર જ્ઞાન ને સ્થિરતા સ્વરૂપ તરફ તો હૈ, તો ઉસમેં '**ધ્યાન ઔર અધ્યયન કરને કા ઉપદેશ હૈ. ઈનમેં ભી પ્રધાન તો ધ્યાન હી હૈ ઔર યદિ ઈસમેં મન ન રુકે તો શાસ્ત્ર કે અભ્યાસ મેં મન કો લગાવે,...**' પણ વહ સમ્યગ્દર્શન-જ્ઞાન અને સ્થિરતા સહિત કી બાત હૈ. આહાહા..!

વાત તો આ છે. શાસ્ત્ર મેં અભ્યાસ મેં મન કો લગાવે, '**યહ ભી ધ્યાનતુલ્ય હી હૈ,...**' તુલ્ય હૈ. ધ્યાનસ્વરૂપ નહીં, પરંતુ ઉસકે સમાન. અર્થાત્ ક્યા? '**ક્યોંકિ શાસ્ત્ર મેં પરમાત્મા કે સ્વરૂપ કા નિર્ણય હૈ,...**' દેખો ભાષા! શાસ્ત્રમાં બધા કથન ગમે તેટલા આવે, પરંતુ ઉસમેં આત્મા દ્રવ્ય ક્યા હૈ? ગુણ ક્યા હૈ? સ્વભાવ ક્યા હૈ વહી વર્ણન ઉસમેં હૈ. આહાહા..! ચાહે તો ભક્તિ કી વ્યાખ્યા આવે, મહાવ્રત કી આવે, પરંતુ ઉસકા તાત્પર્ય ક્યા? તુ પરમાત્મા પૂર્ણાનંદ હૈ વહ બતાને કો માટે વહ વિકલ્પ ઔર વ્યવહાર આયા હૈ. સમજ મેં આયા? વ્યવહાર પરમાર્થ કો બતાનેવાલા હૈ કિ યે વસ્તુ પરમસ્વરૂપ આનંદ હૈ. આહાહા..! ઉસકા નિર્ણય કરને માટે શાસ્ત્ર હૈ. ઐસા આયા ન? '**શાસ્ત્ર મેં પરમાત્મા કે સ્વરૂપ કા નિર્ણય હૈ, સો યહ ધ્યાન કા હી અંગ હૈ.**' શાસ્ત્ર અધ્યયન વહ વિકલ્પ હૈ પરંતુ ઉસમેં સે સ્વકા આશ્રય ઉગ્ર હૈ તો શુભભાવ આયા. યદિ મંદ હૈ તો અશુભ હોતા હૈ, આશ્રય વિશેષ હૈ તો શુભભાવ (હોતા હૈ). તો અશુભમેં સે... દ્રવ્ય કે આશ્રય સે અશુભ નાશ હુઆ. ઉસ અપેક્ષા સે અધ્યયન કો ધ્યાન કા એક અંગ કહને મેં આયા હૈ. આહાહા..! ભારે ભાઈ! વ્યવહારના રસીલાને આ વાત એવી લાગે. વ્યવહાર-વ્યવહાર આંધળો.

મુમુક્ષુ :- ... છોડકર ઐસા કહા?

ઉત્તર :- હા. પછી કહ્યું ને. એથી વિકલ્પને છોડીને ધ્યાન કર. પણ છતાં ધ્યાન મેં સ્થિર ન રહ સકે તો શાસ્ત્ર કા અધ્યયન કર, એમ કહા. હૈ તો વિકલ્પ. કરના તો ધ્યાન પ્રધાન કહા ન. પ્રધાન તો ધ્યાન હી હૈ. પણ ઉસમેં રહ સકે નહીં તો એને શાસ્ત્ર કા અધ્યયન (કરના). વહ દૃષ્ટિપૂર્વકકી બાત હૈ.

મુમુક્ષુ :- લાંબો કાળ

ઉત્તર :- હા, લાંબો કાળ સ્થિર ન રહી શકે. સાતમા ગુણસ્થાન અંતર્મુહૂર્ત, તુરંત છઠ્ઠા આતા હૈ. આહાહા..! યહ તો અપૂર્વ માર્ગ હૈ ભાઈ! સાધારણ બાત મેં ઐસા મિલાન નહીં હોતા. આહાહા..! સંસાર કા અંત સ્વભાવ કે અનુભવ બિના, દર્શન બિના હોતા નહીં. ઔર પીછે ભી જો વિકલ્પ હૈ, કહતે હૈં કિ વહ બંધકા કારણ હૈ. પરંતુ સ્વરૂપ મેં વિશેષ સ્થિર ન હો સકે તો અધ્યયન કરના. અધ્યયન મેં નિર્ણય તો યહાં હી કરાના હૈ. વીતરાગતા તાત્પર્ય હૈ ન? તો સર્વ શાસ્ત્ર મેં તો વીતરાગતા તાત્પર્ય કહા હૈ. તો પરસે ઉપેક્ષા, સ્વની અપેક્ષા ઐસા શાસ્ત્ર મેં નિર્ણય કરના. આહાહા..! શાસ્ત્ર મેં સે ઐસા નિકાલના. વ્યવહાર સે હટકર અંદર મેં જાના, પરમાત્મસ્વરૂપમેં જાના ઐસા ઉસમેં નિકાલના. વિકલ્પ સે અધ્યયન કરે તો ભી ઉસમેં સે યહ નિકાલના. આહાહા..!

યહાં તો સ્વરૂપ કી રચના કરે વહ વીર્ય કહને મેં આયા હૈ. સિદ્ધાંત તો ઐસા હૈ કિ

જો આત્મબલ હૈ ન બલ? ઉસ બલ કા સ્વરૂપ ક્યા? કાર્ય ક્યા? યહ તો સ્વરૂપની શુદ્ધતાની રચના કરે વહ વીર્ય હૈ. બીચ મેં વ્યવહાર આતા હૈ વહ સ્વરૂપની રચનાનું વીર્ય નહીં. આહાહા..! ગજબ વાત વીતરાગની વાત! સમ્યગ્દૃષ્ટિકો, જ્ઞાની કો ભી શુભભાવ આતા હૈ, વહ સ્વરૂપ કી રચના કા કાર્ય નહીં. યહ નપુંસકતા હૈ ઉતની. આહાહા..! વીતરાગ ત્રિલોકનાથ ને તો ઐસા કહા. ઉસસે પંચમ આરા હૈ તો ફેરફાર કરના ઐસા હૈ? કાલકે દોષ સે અત્યારે તો શુભયોગ સે ધર્મ હોતા હૈ ઐસા કહો. પ્રભુ! તીનકાલ મેં ઐસા હોતા નહીં. સમ્યગ્દર્શન મેં શુભરાગ કી કોઈ અપેક્ષા હૈ હી નહીં. વ્યવહાર કી અપેક્ષા અંતર દૃષ્ટિ જ્ઞાન મેં હૈ હી નહીં. પણ જો અંતર દૃષ્ટિ, જ્ઞાન હુએ છતે સ્થિર ન રહ સકે તો શાસ્ત્ર અધ્યયન કરના. લો એકકોર કહા કિ ધર્મ ઉપદેશ ઔર શાસ્ત્ર અધ્યયન રાગ હૈ. પરંતુ વહ વિકલ્પ મેં ભી, શાસ્ત્ર અધ્યયન મેં ભી ઐસા પરમાત્મા કા નિર્ણય કરાતે હૈ, ઉસ ચીજ મેં જાઓ, ઉસ ચીજ મેં જા યહ કહતે હૈ શાસ્ત્ર. વીતરાગતા તાત્પર્ય હૈ ન ચારો અનુયોગ કા. વહ કહતે હૈં, દ્રવ્યાનુયોગ વાંચો. પણ ચારેય અનુયોગનું તાત્પર્ય વીતરાગતા હૈ. ચાહે તો ચરણાનુયોગ, કરણાનુયોગ... શું થાય? ભગવાન! તૂને તેરે આત્મા કો લૂંટાયા હૈ. બાહર સે લાભ હોગા ઐસે લૂંટાયા હૈ. આહાહા..!

ભગવાન આનંદનો નાથ અતીન્દ્રિયરસ પડા હૈ. ઐસા જિસકો ભાન હુઆ (ઉસકી) પર મેં આનંદબુદ્ધિ ઉડ જાતી હૈ. આહાહા..! વિષયવાસના હો, પરંતુ આનંદ હૈ વહ બુદ્ધિ ઉડ જાતી હૈ ધર્મી કી. આહાહા..! શુભભાવ મેં ભી સુખબુદ્ધિ નાશ હો જાતી હૈ. શુભભાવ મેં સુખ હૈ તો શુભભાવ સે લાભ વહ બુદ્ધિ ઊડ જાતી હૈ. તબ સમ્યગ્દર્શન કહને મેં આતા હૈ. આહાહા..!

મુમુક્ષુ :- યહ તો અલૌકિક બાત હૈ.

ઉત્તર :- લોકોત્તર બાત વીતરાગ કી હૈ ભાઈ! આહાહા..! કિતના દુઃખ સહન કરતે હૈ દેખો ન. શરીર મેં પીડા, તાવ. ઓહોહો..! ૧૦૬-૬ ડિગ્રી તાવ હોય તો આમ જાણે ધાણી શેકાતી હોય એમ લાગે એને. અરર..! ઉસસે તો અનંતગુની પીડા નરક મેં હૈ. અંતર દૃષ્ટિ કા ભાન કિયે બિના મિથ્યાત્વ કા ફલ મેં કોઈ શુભભાવ હો તો સ્વર્ગ મિલે, અશુભ હો તો નરક. પરંતુ વહ ગતિ ચાર ગતિ હૈ. ઉસમેં કોઈ આત્મા હૈ નહીં. આહાહા..! અર્થકારને ક્યા કહા સમજે?

**'શાસ્ત્ર મેં પરમાત્મા કે સ્વરૂપ કા નિર્ણય હૈ, સો યહ ધ્યાન કા હી અંગ હૈ.'** શાસ્ત્ર ભણતર મેં તો વહ આત્મા ઐસા હૈ... ઐસા હૈ... ઐસા હૈ... ઉસમેં લીન હોના. વહ ઉસમેં કથન કરના હૈ. વિશેષ કહેગા... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ વદ ૭, શુક્રવાર તા. ૧૫-૦૩-૧૯૭૪**
**ગાથા - ૩૪ થી ૩૭, પ્રવચન - ૧૨૮**

(મોક્ષપાહુડ) ચલતા હૈ. ૩૪વીં ગાથા. **'આગે કહતે હૈં કિ જો રત્નત્રયકી આરાધના કરતા હૈ, વહ જીવ આરાધક હી હૈ -'**

रयणत्तयमाराहं जीवो आराहओ मुणेयव्वो।
आराहणविहाणं तस्स फलं केवलं णाणं।।३४।।

**'અર્થ :- રત્નત્રય સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર...'** જો આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાન ને આનંદનો પિંડ-કંદ ઉસકી અંતર દૃષ્ટિ, અંતર જ્ઞાન અને અંતર રમણતા—યે રત્નત્રય—મોક્ષનો માર્ગ. **'આરાધના કરતે હુએ...'** યહ તીન આરાધના હૈ, સેવન. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ ઉસકી સ્વસન્મુખ કી દૃષ્ટિ, સ્વસન્મુખ કા જ્ઞાન ઔર અંતર મેં રમણતા-યહ આરાધના. આરાધના કરના ઔર જીવ આરાધક. ત્રણ બોલ છે એ ગાથામાં. આરાધના, આરાધક, આરાધનાનું ફળ. મોક્ષપ્રાભૃત છેને. રત્નત્રય, નિશ્ચય રત્નત્રય હોં આ. ઝીણી વાત તો છેને. મોક્ષનો અધિકાર. સ્વદ્રવ્ય ચૈતન્ય નિત્યાનંદ ધ્રુવ ઉસકી શ્રદ્ધા ઔર ઉસકા જ્ઞાન ઔર ઉસમેં રમણતા-ઈન તીન કી આરાધના કરતે હુએ, ત્રણની સેવા કરતે હુએ **'જીવ કો આરાધક...'** ઉસે આરાધના કરનેવાલા કહને મેં આતા હૈ. સમજ મેં આયા?

આ નથી કહેતા બહારમાં કે આ દેવીને આરાધે છે, દેવને આરાધે છે. એ આરાધવું એટલે સેવવું. અહીં તો પર્યાયનું સેવવું એમ કહ્યું છે. એનો અર્થ કે ત્રિકાળ જે આત્મા અપને દ્રવ્યસ્વભાવકી સેવના કરતા હૈ તો આરાધના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની જ સેવના કરતા હૈ. પર્યાય અને પર્યાયવાન અભેદ ગિનકે યહ આત્મા ત્રણની આરાધના કરે તે આત્મા આરાધક હૈ. હવે થોડા માણસ થઈ ગયાને એટલે હિન્દી થોડું થઈ ગયું. હવે હિન્દી વયું જવાની તૈયારી થઈ ગઈ. શેઠ પણ હવે જવાના છે ને એક-બે દિ'માં. શેઠ! કલ જાના હૈ યા પરસોં? હિન્દીવાળા ગુજરાતી... આહાહા..!

વસ્તુ સારમાં સાર યે ગાથા હૈ. ચૈતન્યસ્વરૂપ જે ભગવાન આત્મા... વહ વ્યાખ્યા કરેંગેં ૩૫માં. કૈસા આત્મા વહ. યહ આત્મા અપના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયની સેવના કરે એમ લિખા હૈ. આરાધના ઉસકી કરે. આહાહા..! યે જીવ આરાધક છે, આરાધક હૈ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-આત્મા કી દૃષ્ટિ, આત્મા કા જ્ઞાન ઔર આત્મા કી રમણતા-તીન કી આરાધના કરનેવાલા જીવ આરાધના કરતા હૈ વહ આરાધક હૈ. ઓહો..! **'ઔર આરાધના**

**કે વિધાન કા ફલ કેવલજ્ઞાન હૈ.'** તીનકી સેવના કરનેવાલા આરાધક જીવ ઉસકો ફલ મેં કેવલજ્ઞાન મિલતા હૈ. આહાહા..! કહો, બહુ ઝીણું ટૂંકું. સમજ મેં આયા?

મોક્ષ કા અધિકાર હૈ ન, મોક્ષપ્રાભૃત, મોક્ષસાર. ભગવાન આત્મા મુક્તસ્વરૂપ હૈ, સિદ્ધ સ્વયંસિદ્ધ હૈ, શુદ્ધ હૈ. આગળ કહેશે. સર્વજ્ઞ અને સર્વદર્શી હૈ. ઐસી ચીજ જો વસ્તુ ઉસકી આરાધના કરના વહ પર્યાય કી આરાધના કરના ઐસા લિયા હૈ યહાં. સમજ મેં આયા? જિસને અપના ધ્રુવસ્વરૂપ કી અંતર મેં સેવા કી ઉસને દર્શન-જ્ઞાન-ચારિત્ર કી સેવા કી. આહાહા..! દ્રવ્ય કી જો આરાધના કી વહ પર્યાય કી આરાધના કરતા હૈ ઐસા કહા હૈ. સમજ મેં આયા?

મુમુક્ષુ :- દ્રવ્યની આરાધના અને ત્રણ કી આરાધના.

ઉત્તર :- ત્રણની આરાધના, એ આરાધક. પણ યે આરાધના હૈ વહ પર્યાય હૈ. પર્યાયની સેવના આરાધક અને એ પર્યાય દ્રવ્યની છે માટે આરાધક જીવ પણ આરાધક. આરાધના કરનેવાલા જીવ વહ આરાધક. આહાહા..!

અને '**तस्स फलं केवलं णाणं**' ભગવાન આત્મા અપની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કી સેવા કરનેવાલા, આરાધક જીવ આરાધતે હૈ અપની પર્યાય નિર્મલ, ઉસકા ફલ કેવલજ્ઞાન હૈ. મોક્ષપ્રાભૃત લેના હૈ ન. આહાહા..! યહ વ્યવહાર-ફ્યવહાર બીચમેં આતા હૈ વહ બંધ કા કારણ હૈ, ઉસકી આરાધના કરના નહીં ઐસા કહતે હૈં. પુણ્ય પંચ મહાવ્રતાદિ વચ્ચે વિકલ્પ હો ઉસકી આરાધના નહીં કરના હૈ, ઉસકી સેવા નહીં કરના હૈ. આહાહા..!

મુમુક્ષુ :- મહાવ્રત આરાધના છે કે વિરાધના છે?

ઉત્તર :- મહાવ્રત વહ ચારિત્ર કી વિરાધના હૈ. ચારિત્ર મેં દોષ હૈ. સમજ મેં આયા?

મુમુક્ષુ :- ચારિત્ર કા અંગ માનતે હૈં.

ઉત્તર :- ક્યા? કિસકા અંગ? કૌન કહતા હૈ? અંગ કહા નહીં, વહ તો દૂસરી બાત કહા થા. પરમાત્મા કા સ્વરૂપ કા નિર્ણય વહ ધ્યાન કા અંગ કહા થા. વહ તો વ્યવહાર અંગ. યહ તો અધ્યયન કરના. સ્વરૂપ પરમાત્મા કા અધ્યયન કરતા હૈ ઉસમેં નિર્ણય નિકાલના, શાસ્ત્ર કા અધ્યયન કરતા હૈ ઉસકો નિર્ણય નિકાલના કિ મૈં તો પરમાત્મા હૂં. શાસ્ત્ર કા ઐસા કહના હૈ ઔર ઐસા નિકાલના. ગમે તે શાસ્ત્ર વાંચો ચારેય અનુયોગ પણ ઉસમેં સે મૈં પરમાત્મા હૂં ઐસા નિર્ણય નિકાલના.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહતે હૈ. સમજ મેં આયા? આહાહા..! 'અપ્પા સો પરમઅપ્પા.' બહુત આતે હૈ. તારણસ્વામીમાં બહુ આવે છે. શેઠ! ઉસમેં વહ જ્ઞાનસાર. ઉસમેં બહુત આતા હૈ. 'અપ્પા

સો પરમઅપ્પા.' આત્મા વહ પરમાત્મા હૈ. પરમાત્મા શાસ્ત્રમેં સે નિકાલકર ઐસા નિર્ણય કરના. મૈં પરમાત્મા હૂં. મૈં અલ્પજ્ઞ હૂં યહ પર્યાયબુદ્ધિ નિકાલના નહીં ઉસમેં સે ઐસા કહતે હૈં. મૈં રાગવાલા હૂં ઐસા નિર્ણય નહીં નિકાલના. જ્ઞાન જાને (કિ) પર્યાય મેં રાગાદિ હૈ. પણ નિર્ણય નિકાલના ઉસમેં સે (કિ) મૈં તો પરમ શુદ્ધ ચૈતન્યઘન પરમાત્મસ્વરૂપ હી મૈં હૂં. ઐસા આરાધના સમ્યગ્દર્શન મેં ભી ઐસી પ્રતીતિ, સમ્યગ્જ્ઞાન મેં ઐસા જ્ઞાન, ઔર ચારિત્ર મેં દ્રવ્યસ્વભાવ મેં લીનતા. તો યહાં તો યહ તીન કી આરાધના કરતે હૈ એમ લેવું છે. ક્યોંકિ ધર્મપર્યાય ઔર ધર્મીજીવ દોનોં અભેદ હૈં. ગુણ અને ગુણી અભેદ હૈં એક જાનકર તીનોં કો આરાધના કરનેવાલા જીવ આરાધક ઔર ઉસકા ફલ મોક્ષ. આહાહા..!

લોકોને નિશ્ચય એવું લાગે. આકરું લાગે છે. **'ईक्षन्ते'** આવ્યું છેને આપણે ચોથી કળશમાં ન આવ્યું? તો આપણે દેખે છે એમ લખ્યું છે. પણ એ દેખે છે એનો અર્થ પરમાર્થ કાઢ્યો છે એણે. પ્રત્યક્ષ જાણવું. દેખવાનો અર્થ એ છે. અને (પરમ) અધ્યાત્મ તરંગિણીમાં પણ ઐસા લિયા હૈ 'અવલોયંતિ ઈતિ સાક્ષાત્ કુર્વંતિ' 'અવલોયંતિ ઈતિ સાક્ષાત્ કુર્વંતિ' ઓલી સાધારણ ભાષા હૈ ન, દેખે એટલે સાધારણ લાગે એને. એટલે સ્પષ્ટ કર્યું છે રાજમલે. કે સાક્ષાત્ પ્રત્યક્ષ કુર્વંતિ. યહ દેખને કા અર્થ હૈ. આહાહા..! સૂક્ષ્મ બાત હૈ.

વિકલ્પ સે પાર પરમાત્મસ્વરૂપ ભગવાન ઉસકો જ્ઞાન મેં પ્રત્યક્ષ કરના, ઐસી શ્રદ્ધા કરના ઔર ઉસમેં લીન હોના, યહ તીનોં કી આરાધના કહને મેં આતા હૈ. આહાહા..! સમજ મેં આયા? આમાં બીચ મેં મહાવ્રત ઔર ભગવાન કી સેવા કરના યહ આયા નહીં ઉસમેં. બીચ મેં આતા હૈ, પરંતુ વહ રાગ હૈ. રાગ સે મુક્તિ હોતી હૈ ઐસા નહીં. આતા હૈ વ્યવહાર બીચ મેં, પરંતુ વહ બંધ કા કારણ હૈ. પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ વ્યવહાર, ભગવાન કી ભક્તિ, પૂજા, નામસ્મરણ આદિ આતા હૈ, પરંતુ વહ આરાધના કરને લાયક નહીં. આહાહા..! જાનને લાયક હૈ, સેવા કરને લાયક નહીં. આહાહા..! ભગવાન આત્મા અપની નિર્મલ સ્વદૃષ્ટિ લક્ષસે હુઆ દર્શન, સ્વલક્ષ સે હુઆ જ્ઞાન ઔર સ્વલક્ષ ચીજ મેં જિસકી રમણતા યે તીનોં કી સેવા કરતા હૈ એમ લિયા હૈ. પર્યાયની સેવા લિયા હૈ. હૈ ન?

**'ચારિત્ર કી આરાધના કરતે હુએ...'** આહાહા..! બહુ જ ટૂંકામાં આરાધના, આરાધક, આરાધનાનું ફળ (લઈ લીધું છે). આરાધક જીવ, આરાધના નિર્મળ પર્યાય, ઉસકા ફલ પૂર્ણ નિર્મલ પર્યાય કેવલજ્ઞાન. સમજ મેં આયા? ઐસા અંતર મેં દૃષ્ટિ મેં નિર્ણય કરના, કહતે હૈં. આહાહા..! મોક્ષમાર્ગ બાપુ અલૌકિક વાત હૈ યહ તો. કોઈ સાધારણ જનતાને તો એવી વાત રુચે નહીં ઐસી બાત હૈ. માર્ગ યહ હૈ. ભગવાન પૂર્ણાનંદનો નાથ પરમાત્મા એની ધ્યેય બનેલી અવસ્થા, એ અવસ્થાને મોક્ષનો માર્ગ કહે છે, એને આરાધના કહે છે. તેથી

એ જીવ આરાધક, નિર્મળ પર્યાયનો સેવનારો જીવ આરાધક, એને કેવળજ્ઞાનરૂપી ફળ મળે છે, એને કેવળજ્ઞાનનું ફળ પાકે છે. આવી વાત છે.

'**ભાવાર્થ :- જો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કી આરાધના કરતા હૈ, વહ કેવલજ્ઞાન કો પ્રાપ્ત કરતા હૈ, વહ જિનમાર્ગ મેં પ્રસિદ્ધ હૈ.**' વીતરાગમાર્ગમાં એ તો પ્રસિદ્ધ વાત કહેલી છે. આહાહા..! પહેલું તો સમ્યગ્દર્શન કી પર્યાય કી આરાધના. ઉસકા અર્થ કિ દ્રવ્યસ્વભાવ કે સન્મુખ હોકર જો પ્રતીતિ હોતી હૈ, તો વહ પ્રતીતિ કી સેવના કરના ઐસા યહાં તો કહા હૈ. ક્યોંકિ પ્રતીતિ ઔર પ્રતીતિ કરનાર દો અભેદ ગિનકે પ્રતીતિ કી સેવના કરના ઐસા કહા. ઔર અંતર સ્વરૂપ ભગવાન જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય, જ્ઞાન કો પકડકર કે પર કી દિશા સે હટકર અપની દિશા સ્વરૂપ ત્રિકાલ ઉસમેં લે જાકર જો સમ્યગ્જ્ઞાન કી પર્યાય (ઉત્પન્ન હો) યહ આરાધને લાયક હૈ. યહ કરનેલાયક હૈ, યહ સેવને લાયક હૈ ઔર ઉસકા ફલ કેવલજ્ઞાન મોક્ષ હૈ. ઓહોહો..!

મુમુક્ષુ :- જ્ઞાન દિખતા નહીં.

ઉત્તર :- જ્ઞાન દેખાતું નથી એ જ દેખાય છે. દેખાતું નથી એમ કોણે નિર્ણય કિયા? જ્ઞાન ને. જ્ઞાન જ્ઞાન કો પકડે, વહ જ્ઞાન જ્ઞાન કો પકડે વહી વસ્તુ હૈ. અરૂપી સ્વભાવ સે જાનને મેં આતા હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરવું ખરું, આ કરના હૈ. ચૈતન્યસ્વભાવનું જ્ઞાન એ તો અંતર્મુખ સ્વભાવ સન્મુખ હો તો હોતા હૈ. વાત તો અપૂર્વ હૈ. અનંત કાળમાં નહીં કિયા ઔર અનંતકાલ મેં ફલ મિલા નહીં વહ બાત હૈ. રાગ કા આરાધન કિયા પુણ્યના, દયા, દાન, વ્રતાદિ. વહ તો વિકાર હૈ. વિકાર કા સેવન કિયા તો વિકાર સંસાર ફલા. સંસાર ફલતા હૈ ઉસમેં એમ કહતે હૈ મૂલ તો. આહાહા..!

'**આગે કહતે હૈં કિ શુદ્ધાત્મા હૈ વહ કેવલજ્ઞાન હૈ...**' યે શુદ્ધાત્મા હૈ વહ કેવલજ્ઞાન હૈ. કેવલજ્ઞાન હોં! એકલું જ્ઞાન '**ઔર કેવલજ્ઞાન હૈ વહ શુદ્ધાત્મા હૈ –**' શુદ્ધાત્મા... યહ બાત કરતે હૈં. ૩૫.

सिद्धो सुद्धो आदा सव्वण्हू सव्वलोयदरिसी य।
सो जिणवरेहिं भणिओ जाण तुमं केवल णाणं।।३५।।

'**सिद्धो**' નામ સિદ્ધ નહીં. સ્વયંસિદ્ધ વસ્તુ. આત્મા આવો કહ્યો એને તું જાણ એ કેવળજ્ઞાન. એ જ્ઞાન કહો કે આત્મા કહો, બે એક અભેદથી વાત લિયા હૈ. આહાહા..!

'**અર્થ :- આત્મા કો જિનવર સર્વજ્ઞદેવ ને ઐસા કહા હૈ, કૈસા હૈ? કિ સિદ્ધ**

**હૈ—કિસી સે ઉત્પન્ન નહીં હુઆ હૈ, સ્વયંસિદ્ધ હૈ,...**' હૈ, વસ્તુ અનાદિ સ્વયંસિદ્ધ અપને સે હૈ. કોઈ પર સે ઉત્પન્ન હુઈ, પર ઉસકા કર્તા હૈ ઐસી કોઈ ચીજ નહીં. અપની સ્વયંસિદ્ધ અપને સે હી હૈ આત્મા. શુદ્ધ જ્ઞાનઘન અપને સે હી હૈ. '**શુદ્ધ હૈ,..**' કર્મ ઔર રાગમલ સે રહિત આત્મા હૈ. સમજ મેં આયા? આહાહા..! '**સર્વજ્ઞ હૈ...**' ભગવાન આત્મા સર્વજ્ઞ... સર્વ-જ્ઞ—સર્વ કો જાનનેવાલા સ્વભાવ ઉસકા હૈ. આત્મા ત્રિકાલી સર્વજ્ઞસ્વરૂપી હૈ. આહાહા..! ક્યોંકિ જો આત્મા હૈ વહ જ્ઞાન હૈ. તો જ્ઞાન હૈ વહ તો પૂર્ણ જ્ઞાન હૈ ઔર પૂર્ણ હૈ તો સર્વજ્ઞ હૈ. ઐસી શક્તિ ઔર ઉસકા સ્વભાવ સર્વજ્ઞ હી હૈ આત્મા. રાગ તો નહીં, નિમિત્ત કા આશ્રય તો નહીં, અલ્પજ્ઞ ભી નહીં. આહાહા..! વીતરાગ કા માર્ગ સૂક્ષ્મ બહુત. વ્યવહારના અર્થીઓએ વ્યવહારમાં આત્માને ગૂંચવી નાખ્યો કે જે વ્યવહાર આત્મામાં છે જ નહીં, હૈ હી નહીં-આહાહા..!

'**સર્વજ્ઞ હૈ...**' પ્રભુ. આત્મા એને કહીએ કે જે સર્વજ્ઞસ્વભાવ હૈ ઉસકો આત્મા કહીએ. આહાહા..! સર્વદર્શી. '**સબ લોકાલોક કો જાનતા હૈ ઔર સર્વદર્શી હૈ...**' લોક અને અલોક કો જાનનેવાલા હૈ. વહ પુણ્ય-પાપ અધિકાર મેં ગાથા આયી ન. '**सव्वणाणदरिसी**' (ગાથા ૧૬૦) પોતાના અપરાધથી... પુણ્ય-પાપના અધિકારમાં. એ આવ્યા હતા. પોતાનો અપરાધ છે. ત્યાં કર્મનો અપરાધ, પણ કર્મ ભાવકર્મ હૈ વહાં. ... સર્વજ્ઞ, સર્વદર્શી હોનેપર ભી રાગ ઔર દ્વેષ કે અપરાધ સે ચાર ગતિ મેં રખડતે હૈ. એ જીવનધર આવ્યા હતા ને પહેલે, તબ યહ ગાથા ચલતી થી. એ લોકોનું વાંચન વિદ્વતાનું અપની અપેક્ષાનું. વસ્તુ શું છે? ક્યા હૈ? અપના હિત કૈસે હો? અપના હિત કે લિયે વાંચન ચાહિયે. દુનિયાને સમજાવશું અને દુનિયાનું કહેશું એ કોઈ જ્ઞાન હૈ? વાંચન હૈ? આહાહા..! વહ તો આયા હૈ મોક્ષમાર્ગપ્રકાશક મેં, નહીં? કિ સચ્ચા જ્ઞાન હોનેપર ભી પ્રયોજન દૂસરા હૈ ઉસમેં તો વહ જ્ઞાન નહીં અજ્ઞાન કહને મેં આતા હૈ. આવે છે? ચોથા અધિકારમાં આવે છે. અપના પ્રયોજન તો અપની દૃષ્ટિ, જ્ઞાન ઔર રમણતા કરના યહ અપના પ્રયોજન હૈ. યહ પ્રયોજન લક્ષ મેં ન રખકર ભણતર કરને મેં પઢતે હૈ ઔર દુનિયા કો બતાતે હૈ, ઉસે અપની પ્રસિદ્ધિ હો કિ હમકો (આતા હૈ), વહ તો જ્ઞાન નહીં. પ્રયોજન દૂસરા હુઆ તો વહ જ્ઞાન નહીં. આહાહા..! એવો માર્ગ છે.

'**સર્વદર્શી હૈ—સબ લોક-અલોક કો દેખતા હૈ,...**' એનો સ્વભાવ જ લોકાલોક દેખને કા સ્વભાવ હૈ. લોકાલોક કી પર્યાય (કા) કોઈ દ્રવ્ય-ગુણ કો કરના ઐસા સ્વભાવ નહીં. '**ઈસપ્રકાર આત્મા હૈ,...**' ઈસ પ્રકાર આત્મા હૈ '**વહ હે મુને!**' સંબોધન કરતે હૈં ભગવાન કુંદકુંદાચાર્ય. આહાહા..! '**ઉસે હી તૂ કેવલજ્ઞાન જાન...**' યહ આત્મા ઐસા સ્વયંસિદ્ધ,

શુદ્ધ, કર્મમલ રહિત, સર્વજ્ઞ, સર્વદર્શી એને તું કેવળજ્ઞાન એટલે એકલું જ્ઞાનસ્વરૂપ જાણ. એ ગુણીને જ એકલું જ્ઞાનગુણસ્વરૂપ જાણ અભેદ કરકે. આહાહા..! એકલો જ્ઞાનપુંજ પ્રભુ ધ્રુવ નિત્યાનંદ ઉસકો આત્મા જાન, એને કેવળજ્ઞાન જાણ. એટલે એ જ્ઞાન કહો કે આત્મા કહો દો એક ચીજ હુઈ. ગુણ અને ગુણીને અભેદ કિયા.

'**અથવા ઉસ કેવલજ્ઞાની કો હી આત્મા જાન.**' આત્મા કો કેવલજ્ઞાન જાન અને કેવલજ્ઞાન કો આત્મા જાન. આહાહા..! આવું કરવું ભારે મુશ્કેલ પડેને, એટલે કંટાળો લાગે કે આ તે કઈ જાતની ક્રિયા? એ તો સ્વરૂપ જે આત્મા સ્વયંસિદ્ધ શુદ્ધ સર્વદર્શી સર્વજ્ઞ યે કેવળજ્ઞાન હૈ અને કેવળજ્ઞાન વહ આત્મા હૈ. સમજ મેં આયા? રાગ ને પુણ્ય ને શરીર ને એ કંઈ આત્મા નથી, એ તો પરવસ્તુ છે. આહાહા..! '**આત્મા મેં ઔર જ્ઞાન મેં કુછ પ્રદેશભેદ નહીં હૈ,...**' આત્મા... જબ શક્કર ઔર ઉસકી મીઠાસ ઉસકા કોઈ અંશભેદ નહીં, પ્રદેશભેદ નહીં કિ ગુણ દૂસરે મેં રહે ઔર આત્મા દૂસરે મેં રહે. જ્યાં આત્મા વહાં જ્ઞાન ઔર જહાં જ્ઞાન વહાં આત્મા. દો બીચ મેં પ્રદેશભેદ નહીં. '**ગુણ-ગુણી ભેદ હૈ વહ ગૌણ હૈ. યહ આરાધના કા ફલ પહિલે કેવલજ્ઞાન કહા, વહી હૈ.**' લો. ઐસા ભગવાન આત્મા એકલા જ્ઞાનસ્વરૂપ, ઈસ જ્ઞાનસ્વરૂપ કા આરાધન કરના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કી પર્યાય સે, ઉસકા ફલ કેવલજ્ઞાન હૈ. બહુ ટૂંકામાં મોક્ષ અધિકાર. આ પંચમ આરાના જીવોકો કહતે હૈં. પંચમ આરાને જીવને કેવળજ્ઞાન, મોક્ષ તો છે નહીં, પરંતુ ઉસકી દૃષ્ટિ મેં આયા તો એનું ફળ કેવળજ્ઞાન ઐસા પ્રતીત મેં આ જાતા હૈ. પૂર્ણ મોક્ષસ્વરૂપી આત્મા. જ્ઞાનસ્વરૂપ કહો, આત્મા કહો, મુક્તસ્વરૂપ કહો—દોનોં એક હી બાત હૈ. ઉસકી દૃષ્ટિ, જ્ઞાન હુઆ તો પર્યાય મેં ભી ઉતની મુક્તિ હો ગયી. રાગ સે ભિન્ન હુઆ ઔર પૂર્ણાનંદ કા સ્વીકાર પર્યાય મેં હુઆ તો વહ પર્યાય ઉતની મુક્ત હુઈ. વસ્તુ મુક્ત હૈ ઔર પર્યાય મુક્ત હૈ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય, પણ મુક્તનો ઉપાય વહ મુક્ત હી હૈ. આહાહા..!

'**આગે કહતે હૈં કિ જો યોગી...**' ધર્મી. '**જિનદેવ કે મત સે...**' વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકર ને કહા હુએ અભિપ્રાય સે, એમણે કહેલા માર્ગ થી '**રત્નત્રયકી આરાધના કરતા હૈ વહ આત્મા કા ધ્યાન કરતા હૈ—**' એ રત્નત્રયની આરાધના એટલે કે આત્માનું ધ્યાન, એમ. આહાહા..! સેવા કહા થા ન વહ? આરાધના. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કી આરાધના કહા થા. પીછે આત્મા કહા. એમ કહીને કહા કિ જો કોઈ ધર્મી જીવ જિનદેવ કે અભિપ્રાય સે-મત સે રત્નત્રય કી આરાધના કરતા હૈ. ભગવાન સર્વજ્ઞને કહા વહ આત્મા. ઔર ભગવાન સર્વજ્ઞને કહી ઐસી દૃષ્ટિ, જ્ઞાન ઔર રમણતા કરતા હૈ વહ આત્મા કા ધ્યાન કરતા હૈ. વહ આત્મા કા ધ્યાન કરતા હૈ. પર્યાય કા ધ્યાન કરતા હૈ વહ આત્મા કા ધ્યાન કરતા

હૈ ઐસા કહતે હૈં. સમજ મેં આયા? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જો નિર્વિકારી પર્યાય-અવસ્થા, મોક્ષ કા ઉપાય ઉસકી જો સેવા કરતા હૈ વહ આત્મા કી સેવા કરતા હૈ. સમજ મેં આયા? ૩૬ ગાથા.

रयणत्तयं पि जोई आराहइ जो हु जिणवरमएण।
सो झायदि अप्पाणं परिहरइ परं ण संदेहो।।३६।।

'**અર્થ :- જો યોગી ધ્યાની મુનિ...**' આત્મા કે સ્વરૂપ કા સાવધાની જીવ '**જિનેશ્વરદેવ કી મતકી આજ્ઞા સે...**' ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા જે પરમાત્માનો હુકમ છે એ '**આજ્ઞા સે રત્નત્રય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કી નિશ્ચય સે આરાધના કરતા હૈ...**' રત્નત્રય. સમ્યગ્દર્શન-જ્ઞાન મોક્ષના ઉપાયને બતાવવું છેને. '**વહ પ્રગટ રૂપ સે આત્મા કા હી ધ્યાન કરતા હૈ,...**' લ્યો! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કી આરાધના કરનેવાલા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જિસમેં સે ઉત્પન્ન હોતા હૈ ઐસે આત્મા કી સેવા કરતા હૈ, આત્મા કા ધ્યાન કરતા હૈ. ધ્રુવનું ધ્યાન, સામાન્યનું ધ્યાન, નિશ્ચય આત્માનું ધ્યાન. ધ્યાનની પર્યાય કી સેવના કરતા હૈ વહ આત્મા કી સેવા કરતા હૈ ઐસા કહતે હૈં. ભારે લુખ્ખી વાત. આહાહા..! સાંભળવી પણ કઠણ પડે.

ભાઈ! તું સિદ્ધ શુદ્ધ છો. તેરી શુદ્ધ દશા સ્વયંસિદ્ધ વસ્તુ હૈ. અનાદિ કી ચીજ હૈ. ઈસ ચીજ કી આરાધના ન કહકર ઉસકી શ્રદ્ધા, જ્ઞાન ઔર શાંતિ કી આરાધના કરના વહી આત્મા કી સેવા ઔર આરાધના હૈ. કારણ કે એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કી આરાધના તો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો ધ્યેય, સ્વરૂપ કે ધ્યેય સે ઉત્પન્ન હુઆ હૈ. તો જો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી સેવના કરતા હૈ વહ આત્મા કી સેવા કરતા હૈ, આત્મા કા ધ્યાન કરતા હૈ. સમજ મેં આયા? આહાહા..!

'**ક્યોંકિ રત્નત્રય આત્મા કા ગુણ હૈ...**' ગુણ શબ્દે પર્યાય. રત્નત્રય આત્મા કા ગુણ હૈ, પર્યાય હૈ, નિર્મલ દશા હૈ. આહાહા..! ઔર ગુણ-ગુણી મેં ભેદ નહીં. નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ઔર આત્મા દો મેં ભેદ નહીં. '**રત્નત્રયકી આરાધના હૈ વહ આત્મા કી હી આરાધના હૈ,...**' લો! અપના શુદ્ધ ભગવાન પરમાનંદ કી શ્રદ્ધા, જ્ઞાન ઔર શાંતિ કી સેવના કરતા હૈ વહ આત્મા કી આરાધના કરતા હૈ, સેવના કરતા હૈ. ક્યોંકિ નિર્મલ પર્યાય ઔર આત્મા દો અભેદ એક હૈ, ઐસા લિયા હૈ. '**વહી પરદ્રવ્ય કો છોડતા હૈ,...**' દેખો! '**सो झायदि अप्पाणं**' નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કી આરાધના કરનેવાલા આત્મા કા ધ્યાન કરતા હૈ ઔર વહ '**રત્નત્રયકી આરાધના હૈ વહ આત્મા કી હી આરાધના હૈ, વહ હી પરદ્રવ્ય કો છોડતા હૈ,...**' વિકલ્પ કો છોડતા હૈ. પરદ્રવ્ય નામ વિકલ્પ.

ચાહે તો ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ હો, ભગવાનની ભક્તિનો વિકલ્પ, વહ સબ રાગ હૈ, વહ પરદ્રવ્ય હૈ. આહાહા..! વહ તો પહલે આ ગયા થા ૧૬વીં ગાથા મેં. **'परदव्वादो दुग्गइ'** આરે.. ગજબ વાત છે!

ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ સમવસરણ મેં બિરાજતે હોં ઔર વીતરાગ કી વાણી હો, ઉસ તરફ કે ઝુકાવ સે તો રાગ હી ઉત્પન્ન હોતા હૈ. યે દુર્ગતિ હૈ, ચૈતન્ય કી ગતિ નહીં યે. સમજ મેં આયા? આ સામાયિક કરું છું ને પડિકમણા કરું છું, વિકલ્પ કરે છેને? સામાયિક હતી ક્યાં એને? વિકલ્પ કરે છે કે આ કરું ને આ કરું એ બધી દુર્ગતિ છે. આત્માની ગતિ, આત્માની દશા નહિ. આહાહા..!

સ્વદ્રવ્ય કી સેવા કરતા હૈ વહ પરદ્રવ્ય કો છોડતા હૈ. લો યહ ટૂંકામાં કહા. સમજ મેં આયા? જો પ્રાણી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્મલ વીતરાગી દશા કી સેવા કરતા હૈ વહ આત્મા કા ધ્યાન કરતા હૈ-આત્મા કી સેવા કરતા હૈ ઔર આત્મા કી સેવા કરનેવાલા રાગાદિ કો છોડતા હૈ પરદ્રવ્ય કો. ઓહોહો..! દેવ-ગુરુ-શાસ્ત્રને પણ છોડ દેતે હૈ લક્ષ મેં સે ઐસા કહતે હૈ. ઔર પરદ્રવ્ય કા લક્ષ છૂટે બિના સ્વદ્રવ્ય મેં લક્ષ આતા નહીં ઔર સ્વદ્રવ્ય મેં લક્ષ આતા હૈ તો પરદ્રવ્ય કા લક્ષ છૂટ જાતા હૈ. આહાહા..! માર્ગ... માર્ગ... માર્ગ. સાક્ષાત્ તીર્થંકર બિરાજતે હો, તોપણ ઉસકી સન્મુખ મેં લક્ષ કરકે તો રાગ હી હોતા હૈ. વાણી સુનને મેં ભી રાગ, વાણી પરદ્રવ્ય હૈ. આહાહા..! પરદ્રવ્ય સે તો દુર્ગતિ (હોતી હૈ), ચૈતન્ય કી ગતિ અંતર્મુખ નહીં હોતી. વહ તો બહિર્મુખ ગતિ હો ગઈ, રાગ. આહાહા..! કહો, હૈ કિ નહીં ઉસમેં? એય.. સુજાનમલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહિ. અહીં તો આમાં છે કે નહિ, ઈતના. આ તો કહે છે કિ સોનગઢવાલાને નિકાલા. નયા ધર્મ નિકાલા એમ કહતે હૈં. યે તો સોનગઢવાલાને નયા નિકાલા. નયા નહીં, યહ તો અનાદિ સે હૈ વહ હૈ. આહાહા..! બાહર લાયે વહ દૂસરી બાત હૈ, પરંતુ નયા નિકાલા હૈ ઐસા નહીં હૈ. અનાદિ કા યહી માર્ગ હૈ. યહાં સંતો પોકાર કરતે હૈં. આહાહા..! છઠ્ઠે-સાતવે ગુણસ્થાન મેં રહતે હુએ વિકલ્પ આયા તો ઉસમેં યહ કહતે હૈં. આહાહા..! વિકલ્પ કી સેવના નહીં કરના. આહાહા..! નિર્વિકલ્પ ભગવાન આત્મા ઉસકી શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ કી સેવના કરના ઔર વહ પર્યાય કી સેવના કરતા હૈ વહ આત્મા કા ધ્યાન કરતા હૈ અથવા આત્મા કી સેવા કરતા હૈ. આહાહા..! ક્યોંકિ પર્યાયની સેવનાનું લક્ષ જાય તે દ્રવ્ય ઉપર લક્ષ જાયેગા. આહાહા..! એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું લક્ષ તો દ્રવ્ય ઉપર હૈ, ત્રિકાલી ધ્રુવ. આહાહા..!

આખા શરીરમાં વાનો રોગ હોય ને વા. આમ પડ્યો હોય મડદાની પેઠે. એક બાઈને જોઈ હતી. આખા શરીરમાં વા. ઉમરાળામાં હતા ખોડા પૂંજાભાઈ. આમ પડી બસ. આહાહા..! અને પાછી પીડા વાની હોય. આખા શરીરે હોં! યે પીડા પરકી એકતાબુદ્ધિ કા ફળ હૈ. સંયોગને કારણે દુઃખ હૈ ઐસા નહીં. એમાં એકત્વબુદ્ધિ યહ... યહ.. યહ મને હોતા હૈ, મેરે મેં હોતા હૈ ઐસી એકત્વબુદ્ધિ ભ્રમણા, યહ ભ્રમણા કા દુઃખ હૈ ઉસકો. દુઃખ ટાલને કા ઉપાય યહ એક હૈ. આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી આરાધના કરના અને એ આરાધના કરનેવાલા દ્રવ્ય કા હી ધ્યાન કરતા હૈ તો સ્વદ્રવ્ય કા ધ્યાન કરનેવાલા પરદ્રવ્ય કા લક્ષ છોડતા હૈ. પર તો પર હી હૈ. સમજ મેં આયા? સમ્યગ્દર્શન મેં ભી યહ હૈ. સ્વદ્રવ્ય કી જહાં દૃષ્ટિ કરતા હૈ વહાં પરદ્રવ્ય કા લક્ષ છૂટ જાતા હૈ. પરદ્રવ્ય કા લક્ષ છૂટે બિના સ્વદ્રવ્ય કા લક્ષ આતા નહીં. સમજ મેં આયા?

'**પરદ્રવ્ય કો છોડતા હૈ, ઈસમેં સંદેહ નહીં.**' લો! ક્યા કહતે હૈં? ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ કી શ્રદ્ધા, જ્ઞાન ઔર શાંતિ ઉસકી સેવના કરનેવાલા આત્માકી સેવના કરે, તો આત્મા કા ધ્યાન કરતા હૈ તો આત્મા કે ધ્યાન મેં પરદ્રવ્ય લક્ષ મેં સે છૂટ જાતા હૈ. પરદ્રવ્ય છોડતા હૈ, પરદ્રવ્ય કા લક્ષ છૂટતા હૈ વહ પરદ્રવ્ય છોડતા હૈ. પરદ્રવ્ય કહાં ઘૂસ ગયા થા? આહાહા..! ધ્યાન જ મોક્ષમાર્ગ એક કહ્યો છે અહીં. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે ધ્યાનની જ પર્યાય છે એમ કહ્યું. લો! ઠીક! આહાહા..! પાઠ ઐસા હૈ ન દેખો. '**सो झायदि अप्पाणं**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્મલ ઉસકો આરાધતા હૈ, વહ આત્મા કો આરાધતા હૈ, આત્મા કા ધ્યાન કરતા હૈ. આત્મા કા ધ્યાન કરતા હૈ વહ પરદ્રવ્ય કો છોડતા હૈ. પરદ્રવ્ય કા લક્ષ છૂટ જાતા હૈ ઉસકો 'પરદ્રવ્ય છોડતા હૈ' ઐસા કહને મેં આયા હૈ. આહાહા..! લ્યો, આ પરમ આગમની પ્રતિષ્ઠા અંદર મેં હોતી હૈ. આહાહા..! ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ ઉસકી દૃષ્ટિ મેં જો જ્ઞાન કી પર્યાય આયી, યે પર્યાય કી સેવના કરનેવાલા, પર્યાય કા ધરનેવાલા દ્રવ્ય, ઉસકા ધ્યાન કરતા હૈ તો વહ દ્રવ્ય કી સેવા કરતા હૈ. પર્યાય કી સેવા કરનેવાલા દ્રવ્ય કી સેવા કરતા હૈ. ક્યોંકિ પર્યાય ઔર ગુણ ઔર ગુણી દો ભિન્ન નહીં. યહ લેના હૈ. આહાહા..!

'**ण संदेहो**' ઉસકો પરદ્રવ્ય છૂટ જાતા હૈ (ઈસમેં) સંદેહ નહીં. ચૈતન્ય ભગવાન આત્મા અપની નિર્મલ પર્યાય કી સેવના કરતા હૈ. ઉસમેં આયા કિ રાગાદિ વિકલ્પ હો તો ઉસકી સેવના નહીં. આહાહા..! યે પર્યાય કી સેવના કરનેવાલા આત્મા કી સેવના કરતા હૈ ઔર આત્મા કી સેવના કરનેવાલા પરદ્રવ્ય કો છોડતા હૈ. ઉસકા પરદ્રવ્ય કા લક્ષ છૂટ જાતા હૈ. રાગ કા ભી લક્ષ છૂટ જાતા હૈ. આહાહા..! ભારે મોંઘો માર્ગ છે ભાઈ આ. એક માણસ કહેતો હતો, કાંઈ સહેલો માર્ગ છે આનાથી બીજો કાંઈ? એ ત્યાં પણ કહેતા હતા. નિશ્ચયની

વાત તમારી બરાબર છે, પણ એનું કાંઈ સાધન? અગાસમાં. એમ કે આ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરવી, પૂજા કરવી, વિનય કરવો એ સાધન. સાધન કાંઈક કહો. એ અગાસમાં નિહાલભાઈ રહી ગયા હતા ત્યાં. આવ્યા નહિ આમાં પણ. ભુરાભાઈના કાકા. અગાસ-અગાસ. એમના ચિરંજીવી આવ્યા હતા. એનું મકાન છે અહીં ભુરાભાઈનું. આહાહા..!

મુમુક્ષુ :- હમણા થોડું કામ છે તો ગયા છે.

ઉત્તર :- એને શું કામ છે? પરણ્યા છે ક્યાં? બ્રહ્મચારી છે. આહાહા..!

હવે એ દર્શન-જ્ઞાન અને ચારિત્ર જે કહા કિ ઉસકી સેવા કરનેવાલા આત્મા કી સેવા કરતા હૈ ધ્યાન ઔર આત્મા કા ધ્યાન કરનેવાલા... સમજ મેં આયા? પરદ્રવ્ય કો છોડતા હૈ. ઐસા અસ્તિ-નાસ્તિ કિયા. યહાં આત્મા કા દ્રવ્ય મેં લીન હૈ તો પરદ્રવ્ય છૂટ જાતા હૈ. આહાહા..! ભગવાન કી ભક્તિ કા લક્ષ હી છૂટ જાતા હૈ. આહાહા..! શાસ્ત્ર વાંચન કા લક્ષ છૂટ જાતા હૈ, શાસ્ત્ર સુનને કા લક્ષ છૂટ જાતા હૈ. આહાહા..! નેમચંદભાઈ! ભારે વાત આવી. કહો, મગનભાઈ! એમ હશે? પણ દુકાને જાવું, ધ્યાન રાખવું અને આ ધ્યાન બે નહિ થાય એમ કહે છે. રાગ હોય છે. આહાહા..!

હવે અહીં કહતે હૈ કિ દર્શન-જ્ઞાન-ચારિત્ર કિસકો કહના? તમે વાત તો કરી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની સેવા કરો, એ અંદર આત્માની સેવા, વહ પર કો છોડતે હૈ એ તો બરાબર હૈ, પરંતુ દર્શન-જ્ઞાન-ચારિત્ર કિસકો કહતે હૈ?

**'આગે પૂછા થા કિ આત્મા મેં રત્નત્રય કૈસે હૈ ઈસકા ઉત્તર અબ આચાર્ય કહતે હૈં -'**

**जं जाणइ तं णाणं जं पिच्छइ तं च दंसणं णेयं।**
**तं चारित्तं भणियं परिहारो पुण्णपावाणं।।३७।।**

હવે આમાં ચોખ્ખું લીધું છે, પુણ્ય-પાપનો પર્યાય એ ચારિત્ર. ૩૮માં કીધું **'चारित्तं परिहारो'** એમાં ટીકાકારે કહ્યું કે એ પાપનો પરિહાર તે ચારિત્ર. લ્યો ત્યાં એમ કહ્યું.

મુમુક્ષુ :- પુણ્ય અને પાપનો.

ઉત્તર :- ના, એને તો ઓલું પાપનું કહેવું છે. આહાહા..! અહીં તો આ આવ્યું પુણ્ય-પાપનો ત્યાગ.

**'અર્થ :- જો જાને વહ જ્ઞાન હૈ,...'** ભગવાન આત્મા કો જાનના વહ જ્ઞાન હૈ. દૂસરે કો જાનના વહ બાત યહાં હૈ નહીં. અપની જ્ઞાનપર્યાય મેં આત્મા કો જ્ઞેય, આત્મા કો ધ્યેય બનાકર જો જ્ઞાન હુઆ વહ જાને વહ જ્ઞાન, અપને કો જાને વહ જ્ઞાન. આહાહા..! આ તો પંચમ આરાના સાધુ છે કુંદકુંદાચાર્ય, ભગવાન પીછે તો ૬૦૦ વર્ષે હુએ. યહ બાત

કરતે હૈં. મહારાજ! યહ પંચમકાલ હલકા હૈ તો કોઈ દૂસરા રાસ્તા બતાવો. રાસ્તા તો યહ એક હૈ. ચાહે તો પંચમ આરા હો, ચાહે તો ચૌથા આરા હો, ચાહે તો તીસરા આરા હો.

મુમુક્ષુ :- ઉસમેં ફેરફાર...

ઉત્તર :- ફેરફાર કુછ હોતા હી નહીં. હલવા બનાતે હૈં તો ક્યા ઘી, આટા ઔર શક્કર. ફેરફાર નહીં કિયા. શક્કરને ઠેકાણે કાદવ નાખે તો? ઘીને ઠેકાણે પેશાબ નાખે તો? પાણી નાખે તો નહિ બને. વહ તો તીન ચીજ હૈ વહ તીન હી ચીજ હૈ—આટા, શક્કર અને ઘી. એમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તીન હૈ વહ તીન હી ચીજ હૈ. સમજ મેં આયા? આહાહા..! આખો સંસાર કા અંત લાના હૈ ભાઈ! માર્ગ. ઉદયભાવ આત્મા મેં હૈ હી નહીં. સંસાર કહો કિ ઉદયભાવ કહો. આહાહા..! ભગવાન સ્વયંસિદ્ધ જ્ઞાનમૂર્તિ પ્રભુ ઉસમેં ઉદયભાવ કૈસા? એટલે સંસાર કૈસા? આહાહા..! ઐસા સંસાર રહિત જો સ્વભાવ ઉસકા જ્ઞાન વહ જ્ઞાન કહને મેં આતા હૈ. આહાહા..! સમજ મેં આયા? ઉદયભાવમાત્ર સંસાર. તો ઉદયભાવ સ્વરૂપમેં તો હૈ હી નહીં. સ્વરૂપ સંસારરહિત હૈ. આહાહા..! અબદ્ધસ્પૃષ્ટ કહો, કિ મુક્ત કહો, કિ સંસારરહિત કહો-એક હી બાત હૈ. આહાહા..!

'**જો જાને વહ જ્ઞાન હૈ, જો દેખે વહ દર્શન હૈ ઔર જો પુણ્ય ઔર પાપ કા પરિહાર હૈ વહ ચારિત્ર હૈ,...**' કહો, એ શુભરાગનો ત્યાગ એ ચારિત્ર. પંચ મહાવ્રતના પરિણામ એ રાગ અને રાગનો અભાવ તે ચારિત્ર. આહાહા..! '**ઈસ પ્રકાર જાનના ચાહિયે.**' હૈ ન? '**णेयं**' આવ્યું ને છેલ્લું?

**जं जाणइ तं णाणं जं पिच्छइ तं च दंसणं णेयं।**
**तं चारित्तं भणियं परिहारो पुण्णपावाणं।।३७।।**

આહાહા..! હવે જરી ઈસકા સ્પષ્ટ કરતે હૈં થોડા.

'**ભાવાર્થ :- યહાં જાનનેવાલા તથા દેખનેવાલા ઔર ત્યાગનેવાલા દર્શન, જ્ઞાન, ચારિત્ર કો કહા યે તો ગુણી કે ગુણ હૈં, યે કર્તા નહીં હોતે હૈં,...**' યહાં ઉસકા દ્રવ્ય કર્તા હૈ ઐસા સિદ્ધ કરના હૈ. પર્યાય કર્તા નહીં હોતી એમ સિદ્ધ કરના હૈ. નિશ્ચય મેં તો પર્યાય પર્યાય કી કર્તા હૈ, પરંતુ વહ બાત યહાં નહીં લેની હૈ. '**દર્શન, જ્ઞાન, ચારિત્ર કો કહા યે તો ગુણી...**' નામ દ્રવ્યકી પર્યાય હૈ. ગુણ એટલે પર્યાય. '**યે કર્તા નહીં હોતે હૈં, ઈસલિયે જાનન, દેખન, ત્યાગન ક્રિયા કા કર્તા આત્મા હૈ,...**' એમ લેના હૈ. આત્મા જાનન કા કર્તા, આત્મા દેખન કા કર્તા, આત્મા ચારિત્ર કા કર્તા. આહાહા..! ભગવાન આત્મા અપને કો જાને તો યહ જાનન કા કર્તા આત્મા હૈ. અપને કો દેખે—શ્રદ્ધે ઔર શ્રદ્ધા અને દેખને કા કર્તા આત્મા હૈ. ઔર રાગ પુણ્ય-પાપરહિત ઠરે વહ ચારિત્ર. વહ

ચારિત્ર કા કર્તા ચારિત્ર નહીં પરંતુ ચારિત્ર કા કર્તા આત્મા હૈ ઐસા લેના હૈ. ભારે! સમજ મેં આયા?

**'ઈસલિયે તીનોં આત્મા હી હૈં,...'** યે દર્શન, જ્ઞાન અને ચારિત્ર યે પર્યાય હૈ. તો પર્યાયકી કર્તા પર્યાય યહાં ન લેકર, પર્યાય કા કર્તા આત્મા હૈ. સમ્યગ્દર્શન કી પર્યાય કા કર્તા આત્મા હૈ, સમ્યગ્દર્શન કી પર્યાય કા કર્તા સમ્યગ્દર્શન ન લેકર આત્મા ઉસકા કર્તા હૈ. ઔર સમ્યગ્જ્ઞાનકી પર્યાય કા કર્તા સમ્યગ્જ્ઞાન કી પર્યાય ન લેકર સમ્યગ્જ્ઞાન કી પર્યાય કા કર્તા આત્મા હૈ ઔર ચારિત્ર કી પર્યાય ચારિત્ર કર્તા ન લેકર, ચારિત્ર કી પર્યાય કા કર્તા આત્મા હૈ. આહાહા..! સમજ મેં આયા?

**'ગુણ-ગુણી મેં પ્રદેશભેદ નહીં હોતા હૈ.'** ઉસ અપેક્ષા સે. પર્યાય અને ગુણી દ્રવ્ય ઉસકા કોઈ પ્રદેશ ભિન્ન નહીં. યહાં યહ અપેક્ષા લેના હૈ. આહાહા..! જ્યારે દો બીચ મેં ભેદ પાડે. યહ તો પર સે ભિન્ન પાડતે હૈં. દો બીચ મેં પાડે તો પર્યાય કા પ્રદેશ ભિન્ન હૈ, દ્રવ્ય કા પ્રદેશ ભિન્ન હૈ. આહાહા..! યહાં પ્રદેશભિન્ન કા ક્યા અર્થ? કિ વહ પર્યાય ઔર દ્રવ્ય કો અભેદ ગિનકર, યે પર્યાય પર્યાય કી કર્તા ન કહકર, પર્યાય કી કર્તા દ્રવ્ય (કહા). સમ્યગ્દર્શન કી પર્યાય કા કર્તા આત્મા, સમ્યગ્જ્ઞાન કી પર્યાય કા કર્તા આત્મા, સ્વરૂપ કી સ્થિરતા કા કર્તા આત્મા. કર્તા કા વહ ઈષ્ટ હૈ માટે કર્તા ઔર કર્તા કા યહ ઈષ્ટ હૈ વહ કર્મ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્વિકારી વહ કર્તા કા ઈષ્ટ કાર્ય હૈ. આહાહા..! કર્તા કા વહ કાર્ય લ્યો! પર્યાય કા કાર્ય ન લેતા કર્તા કા કાર્ય એમ લીધું. સમજ મેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિશ્ચયનય હૈ વહ અભેદ કરકે (કહતા હૈ). નિશ્ચયનય હૈ. અનેકાંત માર્ગ હૈ. જૈસે અનેકાંત સિદ્ધ હો વૈસે સિદ્ધ કરના. પર્યાય કા કર્તા પર્યાય હૈ વહ દૂસરી બાત હૈ. પરંતુ યહાં આત્મા, પર્યાય ઔર આત્મા કો એક ગિનકર, સ્વભાવ અને સ્વભાવવાન પ્રભુ, મોક્ષમાર્ગ સ્વભાવ ઔર સ્વભાવવાન એક ગિનકર, પર્યાય કા કર્તા સ્વભાવવાન હૈ ઐસા યહાં કહને મેં આયા હૈ. ભારે ઝીણું ભાઈ! આવી કથા. ઓલો રાજા હતો, પછી આણે દીક્ષા લીધી, પછી બાયડી છોડી એવું હોય તો સમજાય. લ્યો!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અભેદ હૈ. પર્યાય ઔર દ્રવ્ય દો અભેદ લેના.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- સ્થિરતા. ત્યાગ નહીં. પુણ્ય-પાપ કા ત્યાગ ઐસે. અસ્થિરતા હો ગયી ન. યે ભલે નાસ્તિ સે સમજાના હૈ. શુભભાવ કા અભાવ ઔર શુદ્ધભાવ કી પ્રાપ્તિ. ઉસમેં

નાસ્તિ સે બાત કી હૈ. પુણ્યભાવ ચારિત્ર નહીં ઐસા બતાને કો ઐસા લિયા હૈ. મહાવ્રત કા પરિણામ વહ ચારિત્ર નહીં. આહાહા..! પંચ મહાવ્રત કા પરિણામ, અઠ્ઠાઈસ મૂલગુણ કા વિકલ્પ વહ ચારિત્ર નહીં. ઈતના બતાના (હૈ તો કહા કિ) પુણ્ય સે રહિત. પુણ્ય-પાપસે રહિત અર્થાત્ સ્વરૂપ ભાવ કી સ્થિરતા સહિત વહ ચારિત્ર હૈ. ભારે આકરું. સમજ મેં આયા?

'**ગુણ-ગુણી મેં પ્રદેશભેદ નહીં હોતા હૈ. ઈસપ્રકાર રત્નત્રય હૈ વહ આત્મા હી હૈ.**' ઐસા લિયા. રત્નત્રય હૈ વહી આત્મા હૈ. '**ઈસપ્રકાર જાનના.**' આ જે અપેક્ષાએ કહીએ છીએ એ પ્રકારે જાનના એમ કહતે હૈ. સમજ મેં આયા? પરસે ભિન્ન પાડકર વિકલ્પ સે ભિન્ન કિયા, પરંતુ વહ પર્યાય ઔર દ્રવ્ય અભેદ કરકે પર્યાય કા કર્તા દ્રવ્ય હૈ ઐસા લિયા હૈ. બહુ નિશ્ચય લેવા જાય તો પર્યાય કા કર્તા પર્યાય હૈ. સમજ મેં આયા? દ્રવ્ય ભી કર્તા નહીં. આહાહા..! આવો માર્ગ વીતરાગનો. યહ ૩૭ ગાથા થઈ. વિશેષ કહેંગા...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ વદ ૯, રવિવાર તા. ૧૭-૦૩-૧૯૭૪**
**ગાથા - ૩૮ થી ૪૧, પ્રવચન - ૧૨૯**

૩૮વીં ગાથા હૈ.

મુમુક્ષુ :- આજે તો ગુજરાતી ચાલશે ને.

ઉત્તર :- આપણે શેઠ છે એકાદ દિ' તો લઈએ. આજે શેઠ જવાના. ઈસમેં ગુજરાતી ચલતા હૈ એમ કહતે હૈ. કલસે. મેં એમ કહ્યું કે શેઠ છે આજે, હવે પછી.

**तच्चरुई सम्मत्तं तच्चग्गहणं च हवइ सण्णाणं।**
**चारित्तं परिहारो परूवियं जिणवरिंदेहिं।।३८।।**

જિનવરદેવ '**તત્ત્વરુચિ કો સમકિત કહતે હૈં,...**' તત્ત્વ નામ જ્ઞાયકભાવ ચૈતન્ય સ્વરૂપ અજીવ ઉસસે પર હૈ, ઉસમેં હૈ નહીં. પુણ્ય-પાપ આસ્રવ ભી ઉસમેં હૈ નહીં. ભાવબંધ ભી ઉસમેં હૈ નહીં ઔર સંવર, નિર્જરા ઔર મોક્ષકી પર્યાય હૈ વહ અંદર મેં હૈ નહીં વસ્તુ મેં. તો ઐસા જો તત્ત્વ જ્ઞાયકસ્વભાવ... ઉસમેં સાતોં તત્ત્વ આ ગયે ઉસમેં. ઉસકી રુચિ. રુચિનો અર્થ? અંતર મેં ઉસકા ભાન હોકર પ્રતીત, રુચિ, શ્રદ્ધા હોના. યહ જ્ઞાયક કા પ્રત્યક્ષ ભાન હોકર રુચિ હોના ઉસકા નામ તત્ત્વરુચિ હૈ. આહાહા..!

.. વહ પર્યાય હૈ પરંતુ કિસકી પર્યાય? શ્રદ્ધાગુણકી. પરંતુ યહ શ્રદ્ધાગુણકી પર્યાય મેં હોતા હૈ ક્યા? કિ આત્મા જ્ઞાયક તત્ત્વ હૈ શુદ્ધ ઉસે જ્ઞાન મેં જ્ઞેય બનાકર ભાવભાસન અંદર મેં હો ઔર ઉસમેં રુચિ હો ઉસકા નામ સમ્યગ્દર્શન કહતે હૈં. '**तच्चरुई सम्मत्तं**' હૈ ન? અનાદિ સે યહ રાગ ઔર જડ શરીર આદિ... યહ અજીવ ધૂલ હૈ યહ. ઔર અંદર મેં દયા, દાન આદિ કા પરિણામ ઉત્પન્ન હોતા હૈ વહ આસ્રવ હૈ. યહ મેરા હૈ ઐસા માનના વહ મિથ્યાત્વ હૈ. યહ ચાર ગતિ મેં પરિભ્રમણ કરને કા ઉપાય હૈ. પરિભ્રમણ કરને કા ઉપાય હૈ. યહ તત્ત્વરુચિ વહ પરિભ્રમણ મિટાને કા ઉપાય હૈ.

'**તત્ત્વરુચિ સમ્યક્ત્વ હૈ,...**' જ્ઞાયકસ્વરૂપ ભગવાન પરિપૂર્ણ ધ્રુવ સ્વરૂપ હૈ આત્મા. ઉસમેં, વહ તત્ત્વ સાત હૈં દૂસરે છ ઉસમેં હૈ નહીં. તો ઉસકા ભાન હોકર સાતોં તત્ત્વકી શ્રદ્ધા અંદર મેં હોતી હૈ. ઉસકા નામ અપૂર્વ અનંતકાલે નહીં કિયા, નહીં બનાયા ઐસા સમકિત કહને મેં આતા હૈ. '**તત્ત્વ કા ગ્રહણ...**' ગ્રહણ શબ્દે જ્ઞાન. જીવ-અજીવ આદિ ભાવ હૈ ઉસકા જ્ઞાન કરના યહ તત્ત્વ કા ગ્રહણ કરના વહ જ્ઞાન, વહ સમ્યગ્જ્ઞાન હૈ. ઔર '**પરિહાર ચારિત્ર હૈ,...**' પહલે આયા થા ન? પાટણીજીને કલ પ્રશ્ન કિયા થા ન? કિ ભાઈ! યહ પરિહાર .. નાસ્તિ સે ક્યોં લિયા? પાટણીજી! ચોખવટ કરને કો. કિ લોગ ઐસા દયા, દાન, વ્રત, ભક્તિ કે પરિણામ કો ધર્મ માનતે હૈં, ચારિત્ર માનતે હૈ, યહ ચારિત્ર નહીં. વહ વિશેષ સ્પષ્ટ કરને કો યહ કહા. યહાં ભી યહ કહા. '**चारित्तं परिहारो**' યે શુભ-અશુભભાવ, પુણ્ય-પાપ કા ભાવ આદિ પરદ્રવ્ય, ઉસકા પરિહાર ઔર અપને સ્વદ્રવ્ય કે આશ્રય મેં અંગીકાર સ્થિરતા ઉસકા નામ ચારિત્ર હૈ. સમજમેં આયા? પરિહાર ચારિત્ર.

'**ઈસપ્રકાર જિનવરેન્દ્ર...**' જિનેશ્વરદેવ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ઐસા તીર્થંકર '**સર્વજ્ઞદેવ ને કહા હૈ.**' એટલા વિશેષણ વાપર્યા. જિનવરદેવ સર્વજ્ઞ તીર્થંકર પ્રભુ. ઈસકી વાણી મેં ઐસા આયા. એણે કહ્યું એમ કહ્યું ને? '**परूवियं जिणवरिंदेहिं**' '**परूवियं**' નામ કહા. '**परूवियं**' છેને? પ્રરૂપ્યું. પ્રજલ્પિતં. પ્રજલ્પિતં એમ છે ને? પ્ર-વિશેષે જલ્પીતં. ભગવાનની વાણી મેં ઐસા આયા. ત્રિલોકનાથ સર્વજ્ઞ તીર્થંકર જિનવરદેવ ઉસકી વાણી મેં ઐસા આયા કિ તેરી ચીજ જો ભગવાન આત્મા તત્ત્વ... વહ છ ઢાલા મેં આતા હૈ ન? પરદ્રવ્ય સે રહિત આત્મરુચિ ભલા હૈ. પરંતુ યહ રુચિ કા અર્થ જરી સૂક્ષ્મ હૈ. યહ જ્ઞાયકભાવ, ચૈતન્ય ધ્રુવભાવ જ્ઞાન મેં જાનને મેં આયા ઉસકી રુચિ. મતિ-શ્રુતજ્ઞાન સે પૃથક્ જાનને મેં આયા. આહાહા..! ઉસકો રુચિ કહતે હૈ. સમજમેં આયા? યે '**જિનવરેન્દ્ર તીર્થંકર સર્વજ્ઞદેવ ને કહા હૈ.**' આહાહા..!

'**ભાવાર્થ :- જીવ,...**' ચૈતન્યસ્વરૂપ ભગવાન. '**અજીવ,...**' જડસ્વરૂપ શરીર, વાણી, મન, લક્ષ્મી આદિ ધૂલ અજીવ. '**આસ્રવ,...**' અંદર પુણ્ય-પાપ કા ભાવ હોતા હૈ. દયા,

દાન, વ્રત, ભક્તિ, પૂજા, કરુણા, કોમલતા યહ પુણ્યાસ્રવ હૈ. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગવાસના વહ પાપ આસ્રવ હૈ. '**બંધ,...**' યહ રાગ મેં રુકના યહ બંધ હૈ. '**સંવર,...**' રાગ સે રહિત હોકર શુદ્ધતા પ્રગટ કરના. 'શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા હૈ' ઐસે રાગ સે હટકર સ્વરૂપમેં એકાગ્ર હોને સે શુદ્ધતા, આનંદતા, પવિત્રતા જો પ્રગટ હો ઉસકા નામ સંવર કહતે હૈં. ઔર વહ શુદ્ધિ કી વૃદ્ધિ હો ઉસકા નામ '**નિર્જરા,...**' કહતે હૈં ઔર શુદ્ધિ કી પૂર્ણતા હો ઉસકા નામ '**મોક્ષ**' કહતે હૈં. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વહ આયા, દૂસરા આયા નહીં. દોપહર મેં યહી આયા. યહ બાત હૈ યહાં. એ શબ્દ ભલે ફેર એમાં કાંઈ નહિ.

'**ઈન તત્ત્વોં કા શ્રદ્ધાન, રુચિ, પ્રતીતિ...**' અપૂર્વ અનંતકાલ મેં નહીં હુઈ. ઐસા અંતર મેં જ્ઞાન મેં ભાસ—ભાવભાસન, ભાવ કા ભાસન જ્ઞાન મેં હોકર રુચિ કરના, પ્રતીતિ વહ '**સમ્યગ્દર્શન હૈ,...**' આહાહા..! '**ઈન હી કો જાનના સમ્યગ્જ્ઞાન હૈ...**' ગ્રહણ હૈ ન? ગ્રહણ શબ્દ? તો ખુલાસા કિયા કિ ગ્રહણ એટલે ક્યા? '**तच्चग्गहणं च हवइ सण्णाणं**' તત્ત્વ કા જાનના યહ સમ્યગ્જ્ઞાન હૈ. જૈસા આત્મા જ્ઞાયક હૈ, પુણ્ય-પાપ કા ભાવ દુઃખરૂપ હૈ ઐસા જાનના. આહાહા..! ઉસકા નામ સમ્યગ્જ્ઞાન હૈ. યહ સંસાર પરિભ્રમણ નાશ કરને કા યહ ઉપાય હૈ.

'**ઔર પરદ્રવ્ય કે પરિહારસંબંધી ક્રિયા કી નિવૃત્તિ ચારિત્ર હૈ,...**' દેખો! પાઠ મેં તો ઈતના થા ન? '**चारित्तं परिहारो**' રાગાદિ વિકલ્પ જો વિકાર હૈ યહ પરદ્રવ્યકી ક્રિયા હૈ. ઉસ સંબંધીકી નિવૃત્તિ, બાહ્ય-અભ્યંતર ક્રિયા સે નિવૃત્તિ ઔર અંતર સ્વરૂપ આનંદ મેં રમણતા ઉસકા નામ ચારિત્ર હૈ. '**ઈસપ્રકાર જિનેશ્વરદેવને કહા હૈ, ઈનકો નિશ્ચય વ્યવહારનય સે આગમ કે અનુસાર સાધના.**' જાનના. નિશ્ચય સ્વ આશ્રય હૈ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્ર કી શ્રદ્ધા રાગ, પંચ મહાવ્રત કા પરિણામ કા રાગ વ્યવહાર ચારિત્ર ઔર વ્યવહાર જ્ઞાન શાસ્ત્ર કા. ઐસે વ્યવહાર ઔર નિશ્ચય જૈસે હૈં વૈસા જાનના. સમજમેં આયા? મોક્ષ અધિકાર હૈ ન? મોક્ષ કા ઉપાય તો યહ હૈ.

'**આગે સમ્યગ્દર્શન કો પ્રધાન કર કહતે હૈં –**' લો! હૈ ન અપને દર્શનશુદ્ધિ યે આત્મશુદ્ધિ. સામે. વહ યહ ગાથા મેં હૈ. ઈસ ગાથા મેં સે લિયા હૈ. દર્શનશુદ્ધિ તે આત્મશુદ્ધિ. ચાર ટ્રેડમાર્ક બડા હૈ. પૂર્ણતા કે લક્ષ સે શુરૂઆત. પૂર્ણ સિદ્ધપદ કે લક્ષ સે અંતર આત્મા મેં સે શુરૂઆત હોના ધર્મ કી. યહાં '**दंसणं मुलो धम्मो**' ચારિત્ર એ ધર્મ છે ઉસકા મૂલ સમ્યગ્દર્શન હૈ. ઔર દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ. વસ્તુ ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણાનંદ કા નાથ

જિસમેં પર્યાય કા ભી અભાવ. આહાહા..! ઉસકી દૃષ્ટિ વહ સમ્યગ્દર્શન હૈ. ચાર ચાકળા છે કે નહીં? યહ બાત કરતે હૈ.

दंसणसुद्धो सुद्धो दंसणसुद्धो लहेइ णिव्वाणं।
दंसणविहीणपुरिसो ण लहइ तं इच्छिय लाहं।।३९।।

**જો** કોઈ આત્મા **'પુરુષ દર્શન સે શુદ્ધ હૈ...'** સમ્યગ્દર્શન સે શુદ્ધ હૈ **'વહ હી શુદ્ધ હૈ,...'** શુરૂઆત વહાં સે હોતી હૈ. આહાહા..! પૂર્ણ આનંદસ્વરૂપ ભગવાન આત્મા ઔર જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય પ્રભુ ઉસકે સન્મુખ હોકર, ઉસકા જ્ઞાન કરકે પ્રતીતિ યહ દર્શનશુદ્ધિ હૈ. યહ દર્શનશુદ્ધિ યહી શુદ્ધિ હૈ. **'વહ હી શુદ્ધ હૈ,...'** દર્શન શુદ્ધિ કા ભાન નહીં ઔર વ્રતાદિ લેકર રહે વહ શુદ્ધ નહીં, વહ તો અશુદ્ધ મેં હૈ. સમજમેં આયા? આહાહા..! **'દર્શન સે શુદ્ધ હૈ વહ હી શુદ્ધ હૈ,...'** પહલી પવિત્રતા.. ભગવાન આત્મા જ્ઞાન અને પવિત્રતા કા સ્વભાવ કા પિંડ પ્રભુ આત્મા તો હૈ. ઉસકી શ્રદ્ધા, ઉસકે દર્શન સે શુદ્ધ હૈ, ઐસી શ્રદ્ધા સે શુદ્ધ હૈ વહ હી શુદ્ધ હૈ. જિસકો દર્શનશુદ્ધિ નહીં વહ ચાહે તો ક્રિયાકાંડ વ્રત, નિયમ અનંતવાર કરે, પરંતુ વહ શુદ્ધ નહીં, વહ તો અશુદ્ધ હૈ. આહાહા..! સમજમેં આયા?

**'દર્શન સે શુદ્ધ હૈ વહ હી શુદ્ધ હૈ,...'** આહાહા..! જિસકી સમ્યગ્દર્શન દશા શુદ્ધ હૈ યહી શુદ્ધ હૈ. રત્નકરંડશ્રાવકાચાર મેં લિયા હૈ કિ ચંડાળ હો ચંડાળ. સમ્યગ્દર્શન... દેવો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ગણધરો ઉસકો દેવ કહતે હૈં. ચંડાળ કા આત્મા હો બાહર સે. અંતર મેં દર્શનશુદ્ધિ હૈ. તો જૈસે અગ્નિ રાખ... ભસ્મ હોતી હૈ ન ભસ્મ? ઢંકી હુઈ હૈ, પરંતુ હૈ અગ્નિ અંદર. એમ ચંડાળ કા શરીર નીચ હો, હલકા હો. વહ નાતફેર હૈ, જાતફેર હૈ. પણ અંદરની જાત ચૈતન્ય ભગવાન કા જહાં ભાન હુઆ, તો ગણધર કહતે હૈં કિ ચંડાળ કા આત્મા વહ દેવ હૈ. સમજમેં આયા? ઔર બાહ્ય મેં વાણિયા, બ્રાહ્મણ, નાગર આદિ હો ઉચ્ચ કુલ, પણ અંદર મેં રાગ સે એકત્વબુદ્ધિ, જો તત્ત્વ ભિન્ન હૈ ઉસસે એકત્વબુદ્ધિ. રાગ ભિન્ન હૈ ઐસે જડ શરીર આદિ ભિન્ન હૈ. તો ભિન્ન મેં અભિન્નબુદ્ધિ. યહ મિથ્યાદૃષ્ટિ અપવિત્ર હૈ. આહાહા..!

મુમુક્ષુ :- ... કર્તૃત્વ નથી?

ઉત્તર :- અનાદિ સે કિયા નહીં. કર્તૃત્વ ક્યા? ભાન કે દિ' તમને હતું અત્યાર સુધી. પૈસાવાળા એટલે થોડા પૈસા આપે તો વખાણ કરે તમારા. શેઠિયા! નવરંગભાઈ! એને શું હા એ હા હતી બધી. તારણસ્વામીમાં છે એની ક્યાં ખબર હતી? શેઠ! તારણસ્વામીએ તો ઘણું ઊંચી ચીજ કહા હૈ. જિન... જિન... જિન... શબ્દ વાપર્યા હૈ. અધ્યાત્મની વાત બહુત

આ ગયી. ઉસકે વ્યાખ્યાન ભી આ ગયા ન. બે પુસ્તક બહાર પડ્યા ને બે પુસ્તક? તીસરા પડેગા? કબ? આહાહા..! પૈસા ખરચે. હમ ખરચતે હૈ, વાપર્યા. વહ તો મિથ્યાત્વભાવ હૈ. જડ કા વેપાર તુમ કર સકતે હો?

મુમુક્ષુ :- એક તો પૈસા ગયા ને...

ઉત્તર :- પૈસા ક્યાં એના બાપના હતા?

મુમુક્ષુ :- ઉસકે કબ્જે મેં હૈ.

ઉત્તર :- કબ્જે મેં રાગ હૈ, પૈસા કબ્જે મેં નહીં. પૈસા મેરા હૈ ઐસા રાગ કબ્જે મેં હૈ. આહાહા..! ધૂલ તો ધૂલ હૈ યહ તો અજીવ હોકર રહી હૈ. આહાહા..! અને યે રાગ ભી અપના સ્વભાવ નહીં ઔર ઉસકો અપના માના હૈ તો મિથ્યાત્વભાવ હૈ. આહાહા..! દુઃખી પ્રાણી હૈ, વહ દુઃખી હૈ. અબજોપતિ પ્રાણી હો, પરંતુ ઉસ લક્ષ્મી કા મૈં રક્ષા કરનાવાલા હૂં, લક્ષ્મી મિલાનેવાલા હૂં, લક્ષ્મી કા ઉપયોગ, સદુપયોગ કરનેવાલા હૂં, ઐસી માન્યતા હૈ વહ મૂઢ હૈ. પરદ્રવ્ય કા હમ સદુપયોગ કર સકતે હૈં. સમજમેં આયા?

વહી કહતે હૈં ન યહાં દેખો! **'દર્શન સે શુદ્ધ હૈ વહ હી શુદ્ધ હૈ,...'** બાકી ભલે ચંડાળ હો, અરે! નારકી હો ઔર મેંઢક. દેડકા-દેડકા હો. પણ દર્શનશુદ્ધિ યહ શુદ્ધિ હૈ. કહો, મગનભાઈ! બહારના શરીર રૂપાળા હોય, નાગર બ્રાહ્મણ જેવા હોય. આહાહા..! બહાર સે શરીર સુંદર હો, લક્ષ્મી બહુત હો, આબરૂ બડી હો, ઘરની સ્ત્રી અપ્સરા જૈસી હો, લડકા બહુત કમાયે ઐસા હો. સબ ધૂલ હૈ. યહ મેરા હૈ ઔર મૈં ઉસકા હૂં યહ માન્યતા હી મહા ભ્રમણા અજ્ઞાની અશુદ્ધ હૈ. આહાહા..!

મુમુક્ષુ :- ક્યા કરના?

ઉત્તર :- ક્યા કરના? કરના યહ દર્શનશુદ્ધિ કરના. આહાહા..! જુઓને યહ મૂલ ગાથા હૈ મોક્ષસાર કી. મૂળમાં એ વાત છે. આહાહા..! શરીર, વાણી, મન, કર્મ તો જિસમેં અત્યંત અભાવ હૈ ભગવાન આત્મા કા. ઔર અત્યંત સદ્‌ભાવ તો આનંદ ઔર જ્ઞાન કા ઉસમેં હૈ. ઐસા અંતર મેં ભાવ નામ પદાર્થ ઉસકા ભાસન જ્ઞાન મેં હોકર અંતર મેં દર્શનશુદ્ધિ પ્રગટ કરના વહી શુદ્ધિ હૈ. પછી બાહ્યથી ગમે તેટલા વ્રત પાળતા હોય, અપવાસ કરતા હો અને સંથારા કર્યા હો બબ્બે મહિનાના. પણ દર્શનશુદ્ધિ નથી એ શુદ્ધ નથી, એ તો અપવિત્ર છે. આહાહા..! વારંવાર અભ્યાસ જોઈએ મગનભાઈ! મગનભાઈ કહે સારું સમજાતું નથી. એય..! ક્યાં ગયો શૈલેષ? આ તારા નાના કહે કે બરાબર સમજાતું નથી. પણ ઓલો બહારનો અભ્યાસ જડનો. તો એટલું તો બોલ્યા કે બરાબર સમજાતું નથી. આહાહા..! સંપ્રદાયમાં તો કહે વ્રત કરો, તપસ્યા કરો, આ ન ખાવ, આ ખાવ, આ ખાવ. હવે એમાં આ વાત

સાંભળવા મળી ન હોય. સમજે ક્યાંથી? ધૂળ. વળી એને માટે પ્રયાસ જોઈએ, વધારે પ્રયત્ન જોઈએ. આ જિંદગી ચાલી જાય છે. આહાહા..! મૃત્યુને સન્મુખ દેહ છે. આહાહા..! દેહ છૂટ જાયેગા. તેરા એકલા આત્મા રહેગા જૈસી માન્યતા હૈ ઈસમેં. આહાહા..! યે તો માટી હૈ, ધૂલ હૈ રાખ હો જાયેગી. યહ ક્યા તેરી ચીજ હૈ? યહ તો આત્મા હૈ. અને અંદર મેં કોઈ શુભભાવ કિયા હો તો ઉસસે કર્મબંધન પરમાણુ કા બંધ હુઆ વહ તેરી ચીજ મેં ક્યા આયા ઉસમેં? સમજમેં આયા? આહાહા..! ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ, ચેતના ભગવાન પ્રભુ આત્મા, એકલા જાણન-દેખન સ્વભાવ ઉસકા જ્ઞાન મેં ભાસ હોકર રુચિ, પ્રતીતિ કરના વહ દર્શનશુદ્ધિ યહ શુદ્ધ હૈ. આહાહા..! દેખો! યહ મોક્ષ અધિકાર મેં ઉસકો શુદ્ધ કહા.

મુમુક્ષુ :- ધ્યાનમાં ભાસ થાય?

ઉત્તર :- ભાસ કહો કે જાણે. એ તો ભાસ શબ્દે જાણે જ્ઞાન. ભાસ કહો કે જાણે કહો. જ્ઞાન મેં જાનને મેં આયા કિ યહ આત્મા પવિત્ર શુદ્ધ અખંડ અભેદ હૈ. ઐસા ભાસ હો, જ્ઞાન હો ઔર ઉસમેં રુચિ, પ્રતીતિ નિર્વિકલ્પ હો વહ દર્શનશુદ્ધિ, યહ શુદ્ધ હૈ. આહાહા..!

મુમુક્ષુ :- અતીન્દ્રિય જ્ઞાન મેં ભાસ હુઆ.

ઉત્તર :- અતીન્દ્રિય જ્ઞાનની પર્યાય કહા પછી રાગ કહાં આયા? આહાહા..! જરી કાલે આવ્યું હતું ને. '**ईक्षन्ते**'માં આવ્યું હતું. અવલોકનમાં આવ્યું હતું. પ્રત્યક્ષ જ્ઞાન કી વર્તમાન દશા અંતર્મુખ હોને સે યહ પર્યાય મેં ઉસકા ભાન હુઆ, યહ આત્મા શુદ્ધ પવિત્ર અખંડ હૈ. ઐસી પર્યાય મેં ભાન હુઆ, ઐસી પ્રતીતિ કી યહ આત્મા ઐસા હૈ. નિર્વિકલ્પ પ્રતીતિ. મતિ ઔર શ્રુત જ્ઞાન દ્વારા પ્રત્યક્ષ હોકર. આહાહા..! સમજમેં આયા? બાકી બધી ધૂળધાણી છે. બધા અબજોપતિ હો, મોટી આબરૂ લાંબી, પૂછડાં નાક મોટા લાંબા હોય આબરૂના. એ નાક બળીને રાખ થાશે. સમજમેં આયા?

ભગવાન ચૈતન્ય હીરલો અંદર આનંદનો નાથ જેમાં અનંતગુણના પાસા પડ્યા એવો એ હીરો છે. આહાહા..! ઐસી ચીજ ઉસકી શ્રદ્ધા, શુદ્ધ અંતર દર્શન સે શુદ્ધ હૈ. વહ હી શુદ્ધ હૈ. એમ લિખા હૈ પાઠ. આહાહા..! '**ક્યોંકિ જિસકા દર્શન શુદ્ધ હૈ વહી નિર્વાણ કો પાતા હૈ...**' મોક્ષ અધિકાર હૈ ન? જેના મૂળ સાજા છે. આહાહા..! મૂળ યહ હૈ દર્શન. '**दंसणं मुलो धम्मो**'

મુમુક્ષુ :- અધિકારી થઈ ગયો એ.

ઉત્તર :- મોક્ષનો અધિકારી. યહ મોક્ષ હી હુઆ ઉસકો. બીજ ઊગી હૈ વહ પૂનમ હોગા, હોગા ઔર હોગા. બીજ ઊગી હે ન ચંદ્ર? તો બીજ હુઈ હો ઔર પૂનમ ન હો ઐસા બને? બીજ ઊગી હો તો પૂનમ હોગી હી તેરે ...ને. ઐસે અપના શુદ્ધ ચૈતન્ય ભગવાન

પૂર્ણ પવિત્ર શુદ્ધ કા જ્ઞાન મેં ભાસ હોકર શ્રદ્ધા-સમ્યગ્દર્શન હોના વહી પ્રાણી શુદ્ધ હૈ. ચાહે તો મેલ હો બાહ્ય મેં શરીર. સમજમેં આયા? આહાહા..! સ્ત્રી કા શરીર તો મહા અશુદ્ધ હૈ. માસીક આતા હૈ. પણ સમ્યગ્દર્શન હૈ તો વહ શુદ્ધ હૈ એમ કહતે હૈં. આહાહા..! સમજમેં આયા? ચાહે તો શરીર કા ધર્મ હૈ લોહી. લોહી ક્યા કહતે હૈં? રુધિર. રુધિર સબ હો વહ તો જડકી દશા હૈ માટી કી. પણ અંદરમેં જિસકો આત્મા આનંદકા નાથ પરમાત્મા સર્વજ્ઞદેવ પરમેશ્વરને કહા. ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમણે ઈન્દ્રો અને ગણધરની વચ્ચે એ ભગવાનની વાણી આવી કિ જિસકી દર્શન શુદ્ધિ હૈ વહી શુદ્ધ હૈ. બાહ્ય સે રોગ હો, શરીર મેં કીડા પડા હો. ક્યા હૈ? વહ તો માટી, ધૂલ હૈ. ઉસમેં ન પડે તો ક્યા આત્મા મેં પડે? આહાહા..!

આ ગાથા મોક્ષના માટે પ્રથમ દર્શનશુદ્ધિ એ શુદ્ધ કહેવામાં આવે છે અહીં તો. આહાહા..! **'વહી નિર્વાણ કો પાતા હૈ...'** મોક્ષ પામે. જેની દર્શનશુદ્ધિ શુદ્ધ હુઆ વહી મોક્ષ કો પાતા હૈ. આહાહા..! **'જો પુરુષ સમ્યગ્દર્શન સે રહિત હૈ...'** ત્રીજું પદ. **'दंसणविहीणपुरिसो'** સમ્યગ્દર્શન સે રહિત **'પુરુષ ઈપ્સિત લાભ અર્થાત્ મોક્ષ કો પ્રાપ્ત નહીં કર સકતા હૈ.' 'ण लहइ तं इच्छिय लाहं'** મોક્ષ જો ઈષ્ટ હૈ ઉસકો પ્રાપ્ત કર સકતા નહીં. લાખ ક્રિયાકાંડ કરે વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા, દાન ને દયા, અબજો રૂપિયાના દાન આપે. આપે છે ને અત્યારે? પાંચ-દસ લાખ આપે તો ઓહોહો..! નાખો નામ એનું અંદર. મકાન મેં.

મુમુક્ષુ :- બાહર મેં.

ઉત્તર :- બાહર મેં મૂર્ખા બધા ભેગા હોય તો એને માન ન આપે? શેઠ! એને તો પૈસા જોતા હોય કે ભાઈ આ બે લાખ. ઓહોહો..! અમારી પાસે બે કરોડ છે એમાંથી પાંચ લાખ આપ્યા. મોટી રકમ આપી હોં તમે એમ વખાણ કરે ઓલા બધા. ઈસમેં આયા ક્યા? ઉસમેં આત્મા કો ક્યા લાભ હૈ? રાગકી મંદતા કદાચિત્ કરતા હો, મંદતા. દુનિયા અભિમાન માટે, દુનિયામાં પ્રસિદ્ધિ માટે, બીજાઓમાં હું દેખાઉ મુખ્ય એ માટે કરતે હૈં તો એકલા પાપ હૈ. સમજમેં આયા? પણ રાગકી મંદતા કરો તો વહ પુણ્ય હૈ. ઉસમેં ધર્મ ક્યા આયા? સમજમેં આયા? **'જો પુરુષ સમ્યગ્દર્શન સે રહિત હૈ વહ પુરુષ...'** મહા અપવિત્ર અને અશુદ્ધ હૈં એમ કહતે હૈ. આહાહા..!

**'ભાવાર્થ :- લોક મેં પ્રસિદ્ધ હૈ કિ કોઈ પુરુષ કોઈ વસ્તુ ચાહે...'** કોઈ પુરુષ કોઈ વસ્તુ ચાહે **'ઔર ઉસકી રુચિ પ્રતીતિ શ્રદ્ધા ન હો તો ઉસકી પ્રાપ્તિ નહીં હોતી હૈ...'** સમજમેં આયા? ધર્મનું મૂળ પહેલી ચીજ આ છે. આહાહા..! **'ઈસલિયે સમ્યગ્દર્શન હી નિર્વાણ કી પ્રાપ્તિ મેં પ્રધાન હૈ.'** આહાહા..! નિર્વાણ કા અર્થ મોક્ષ, મોક્ષ કા અર્થ અનંતી આનંદકી દશા પ્રગટ હોના, પૂર્ણ આનંદ ઔર પૂર્ણ શાંતિ ઔર સુખ

પ્રાપ્ત હોના ઉસકા નામ મોક્ષ. એ મોક્ષમાં પહેલું સાધન આ છે. સમ્યગ્દર્શન યહ નિર્વાણ કી પ્રાપ્તિ પ્રધાન મુખ્ય કારણ વહ હૈ. સમ્યગ્દર્શન હો તો સમ્યગ્જ્ઞાન-ચારિત્ર હો, સમ્યગ્દર્શન ન હો તો જ્ઞાન-ચારિત્ર હોતા નહીં. '**સમ્યગ્દર્શન હી...**' ભાઈ! કથંચિત્ કરોને. 'હી' તો શબ્દ હોય નહિ. યહાં તો લિખા હૈ. '**હી નિર્વાણ કી પ્રાપ્તિ મેં પ્રધાન હૈ.**' સમ્યક્ એકાંત કિયા હૈ. આહાહા..! '**સમ્યગ્દર્શન હી નિર્વાણ કી પ્રાપ્તિ મેં પ્રધાન હૈ.**' આહાહા..! મૂલ ચીજમાં જ વાંધા અનાદિથી. બાકી તો વ્રત ને નિયમ ને તપસ્યા ને ભક્તિ ને પૂજા ને દાન અનંતવાર કિયા. ઉસમેં કોઈ જન્મ-મરણ મિટનેકી ચીજ નહીં. સમજમેં આયા? આહાહા..! બહુ સારી ગાથા હૈ દોનોં.

'**આગે કહતે હૈં કિ ઐસે સમ્યગ્દર્શન કો ગ્રહણ કરને કા ઉપદેશ સાર હૈ,...**' સમ્યગ્દર્શન કો ગ્રહણ કરને કા ઉપદેશ સાર હૈ. '**ઉસકો જો માનતા હૈ, વહ સમ્યક્ત્વ હૈ –**' આહાહા..! આવો સમ્યગ્દર્શનનો ઉપદેશ સુનકર જિસકો સમ્યગ્દર્શન સાર લગે. સમજમેં આયા? ઉસકો માનતે હૈ સમકિતી હૈ. ઔર ઐસા સમ્યગ્દર્શન કા ઉપદેશ સુનકર.. યહ તો કાંઈ વ્રત ને નિયમ ને તપની વાત કરતા નથી ઔર સમ્યગ્દર્શન-સમ્યગ્દર્શન. સુજાનમલજી! આહાહા..! '**ઐસે સમ્યગ્દર્શન કો ગ્રહણ કરને કા ઉપદેશ સાર હૈ,...**' આહાહા..! જુઓ ભાઈ આમાં એ આવ્યું આ તો. કે યે ઉપદેશ હી સાર હૈ. આહાહા..! આ વ્રત પાળે. પાઠમેં હૈ દેખો! '**ઉસકો જો માનતા હૈ, વહ સમ્યક્ત્વ હૈ –**' ઉપદેશ મેં યહી પહેલા પ્રધાન-મુખ્ય આના ચાહિયે. આહાહા..! સમજમેં આયા? વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ જિસકો સો ઈન્દ્રો તળિયા ચાટતે હૈ, રજુ પાડતે હૈ યહ ભગવાનકી વાણી યહ હૈ. આહાહા..! જો સમ્યગ્દર્શન કા ઉપદેશ યહ સાર હૈ. ક્યોંકિ ઉસમેં '**जरमरणहरं खु मण्णे जं तु।**' જન્મ-મરણનું હરણનું કારણ છે, જન્મ-મરણ કા નાશ કા વહ કારણ હૈ. બાકી સમ્યગ્દર્શન વિના એ વ્રત ને તપ ને પડિમા એ બધા સંસારના કારણ હૈ. જન્મ-મરણ રહિતના કારણ નહીં. આહાહા..! યહાં તો આચાર્ય સ્વયં કહતે હૈં દેખો.

**इय उवएसं सारं जरमरणहरं खु मण्णे जं तु।**
**तं सम्मत्तं भणियं सवणाणं सावयाणं पि।।४०।।**

દેખો! યહ ઉપદેશ સાર હૈ ઐસા કહતે હૈં. આહાહા..!

સાધુ ને શ્રાવક બેયને માટે આ છે. આહાહા..! દુનિયાને પસંદ પડે ન પસંદ પડે એ ઉપર ઉસકા સારપના નહીં. આહાહા..! સમાજ ..પડી તો સુનના પડા લો. સમ્યગ્દર્શન-સમ્યગ્દર્શન. આત્મા... આત્મા... આત્મા... ભાઈ! તેરા આત્મા તેરી ખબર નહીં તુજે. ભગવાન! તેરે આત્મા મેં તો અનંત રત્ન, ચૈતન્ય રત્ન પડે હૈં. યહ ચૈતન્યરત્નાકર હૈ. આ ચૈતન્ય

ના રતનનો દરિયો એ આત્મા છે. આહાહા..! ઐસી પવિત્ર ચીજ ઉસકા જ્ઞાન કરકે પ્રતીત કરના યહ ઉપદેશ કા સાર હૈ. અને આ જ ઉપદેશ સાર છે એમ કહે છે પાછો. એ જ ઉપદેશસાર હૈ અને એ ઉપદેશનો સાર આ છે.

મુમુક્ષુ :- ઉપદેશ હી આ હુઆ.

ઉત્તર :- યહ હુઆ. આહાહા..! કુંદકુંદાચાર્યે પણ વાત એવી કરી છે. આહાહા..! ભાઈ! તેરી ચીજ તેરે ભાન મેં, પ્રતીત મેં ન આવ (તો) સાર કિસકો કહે? આહાહા..! .. એ આમાં આવે છે આ લોકોને નહીં? ... ઓલામાં ગાથા આવે છે ઘણા નામમાં. સ્થાનકવાસીમાં આવે છે. દંસણ સારં. .. ભૂલી ગયા. આવે છે. .. ગાથામાં આવે છેને એમાં આવે છે. ...

'**અર્થ :- ઈસપ્રકાર સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકા ઉપદેશ સાર હૈ,...**' ઈસપ્રકાર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ઔર સ્વરૂપ મેં રમણતા યહ ઉપદેશ સાર હૈ. '**જો જરા વ મરણ કો હરનેવાલા હૈ,...**' આહાહા..! ભગવાન આત્મા પૂર્ણ આનંદ, પૂર્ણ પવિત્ર ઉસકી પ્રતીતિ, ભાન મેં ઔર ઉસકા જ્ઞાન ઔર ઉસમેં રમણતા યહ મોક્ષ કા ઉપાય, જન્મ-મરણ સે રહિત હોને કી યહ રીત હૈ. આહાહા..! બાકી તો આ અબજોપતિ આમ ખમ્મા-ખમ્મા કરતા હોય. મરીને નીચે પશુમાં જાય ઢોરમાં. આહાહા..! એ પડદો જ્યાં પડ્યો અહીંયાં બંધ, ત્યાં જાય ઢેઢગરોળીને કૂખે. ઢેઢગરોળી સમજતે હૈ? છિપકલી. ભીત સાથે. એને છિપકલી કહતે હૈ. આહાહા..! અરે! ગધેડીને કૂખે જાય મોટો અબજોપતિ. આહાહા..! બ્રહ્મદત્ત ચક્રવર્તી લ્યોને. જેને છન્નું હજાર સ્ત્રી, સોળ હજાર દેવ સેવા કરતા, નવ નિધાન. એક રાણી એની જેની હજાર દેવ સેવા કરે. અહીં હીરાના શું કહેવાય? ઢોલિયા-ઢોલિયા. પલંગ. હીરાના પલંગમાં સૂતો હતો. એક એક હીરા કરોડ-અબજો રૂપિયાના. આમ જ્યાં દેહ પૂરો થયો, છૂટ્યો સાતમી નરક. સાતમી નરક અપરિઠાણા રવ-રવ નરકે છે અત્યારે બ્રહ્મદત્ત. આહાહા..! જેમાં દર્શનશુદ્ધિ ન આવી અને મિથ્યાત્વ મેં પડા હૈ, ચાહે ઈતના સામગ્રી હો, શરણ નહીં કોઈ. આહાહા..!

મુમુક્ષુ :- .. સામગ્રી

ઉત્તર :- સામગ્રી બહારમાં માને લોકો. આહાહા..! આમ હીરાના પલંગ, હીરા ચોંટ્યા હોય આમ એક એક. પાછા કરોડો હીરા આમ. આમ ઉપર પલંગ. આહાહા..! સોળ હજાર દેવ તો સેવા કરે. એ મરીને જાય નરકમાં. રવ રવ નરક નીચે. અપરિઠાણે સાતમી નરકનો રવ રવ નરકે અત્યારે પડ્યો છે એ બ્રહ્મદત્ત. અપરિઠાણા નરકમાં છે. હજી તો થોડા વર્ષ થયા છે. હજી તો અસંખ્ય અબજ વર્ષ, અસંખ્ય અબજ વર્ષ રહેવાનો ત્યાં. અહીંયાં સાતસો વર્ષ સુધી ચક્રવર્તીપદ ભોગવ્યું. શું આવ્યું એમાં? ધનજીભાઈ!

મુમુક્ષુ :- ૫૬૯૭૫ પલ્યોપમ એક શ્વાસમાં.

ઉત્તર :- એક શ્વાસનું અહીંયાં સુખ ભોગવ્યું, એના ફળમાં એટલું કીધું એ. ૫૬૯૭૫ પલ્યોપમ. એક પલ્યોપમના કાળમાં અસંખ્યમા ભાગમાં અસંખ્ય અબજ (વર્ષ) જાય. એક પલ્યોપમના કાળના માપમાં એના અસંખ્યમાં ભાગ અસંખ્ય અબજ (વર્ષ) જાય. ઐસા-ઐસા ૫૬૯૭૫ એક શ્વાસના, અહીં એક શ્વાસના સુખમાં એટલું ત્યાં દુઃખ. આહાહા..! ધૂળમાંય નથી, પણ માળો મૂર્ખ. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? ૫૬૯૭૫ એટલા પલ્યોપમ હોં. એટલી ગણતરી આવી. ૭૦૦ વર્ષના શ્વાસ થાય તો એક શ્વાસમાં આટલું દુઃખ. ૫૬ હજાર પલ્યોપમ. પલ્યોપમ. ગજબ વાત છે ને. આહાહા..! ઊંચો આવવું, બહાર નીકળવું મુશ્કેલ પડે એને તો. આહાહા..!

અને જિસકા સમ્યગ્દર્શન શુદ્ધ હૈ ઉસકો મોક્ષ અનંત આનંદ ભી અલ્પકાલ મેં પૂર્ણ હોગા. આહાહા..! સમજમેં આયા? '**જરા વ મરણ કો હરનેવાલા હૈ, ઈસકો જો માનતા હૈ,...**' ઈસકો જો માનતા હૈ, ઈસકા જો શ્રદ્ધાન અંદર મેં કરતા હૈ '**વહ હી સમ્યક્ત્વ કહા હૈ.**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સે મોક્ષ કા ઉપાય હૈ ઔર ઉસસે મોક્ષ મિલતા હૈ ઐસા ઉપદેશ સાર હૈ અને એ ઉપદેશ સાંભળીને આ વાત યથાર્થ છે ઐસી અંતર દૃષ્ટિ કરતે હૈં યહ સમકિતી કહને મેં આતા હૈ. આવો ઉપદેશ શું આ? લોકો સમજે નહિ, અમને ખ્યાલ આવે નહિ. પણ તું અનંતકાળથી સમજ્યો નથી. મૂઢતા કરીને. દુનિયાના ડહાપણ કરવા બેઠો હોય તો એવી વાતું કરે. દેવનો દીકરો ઉતર્યો જાણે નીચે. આહાહા..! આનું આમ થાય, ફલાણું આ મુંબઈથી મલમ લવાય, ફલાણું આફ્રિકામાંથી લવાય, ઢીંકણું અહીંથી લવાય. આ ડાહ્યા બધા દુનિયાના. દુનિયામાં રખડવા માટે. કહો, મગનભાઈ!

મુમુક્ષુ :- મોક્ષના બારણા બંધ કરી દીધા.

ઉત્તર :- મોક્ષ હતો જ કે દિ' ત્યાં? બારણા બંધ જ છે. આહાહા..! આ ગાથાઓ બહુ સારી છે.

'**इय उवएसं सारं**' યહ ઉપદેશ સાર. મૂળ તો દર્શનશુદ્ધિ પછીની આ વાત છે. જે આ ઉપદેશમાં, આત્મા કા શુદ્ધ સમ્યગ્દર્શન શુદ્ધ હૈ વહી શુદ્ધ હૈ ઐસા જો ઉપદેશ આયા, ઐસા સાર જિસકો અંતર મેં દૃષ્ટિ મેં રુચા યહ સમ્યગ્દૃષ્ટિ હૈ. '**વહ મુનિયોં કો તથા શ્રાવકોં કો સભી કો કહા હૈ,...**' લ્યો શેઠ! આ મુનિને માટે છે એમ નથી. શ્રાવકને માટે આ છે. આ તો લખેલું કોનું છે? અહીંનું લખેલું નથી. ભાઈનું છે. જયચંદ પંડિત કા અર્થ હૈ. અને આ તો મૂળમાં કુંદકુંદાચાર્યનું. દેખો! '**तं सम्मत्तं भणियं सवणाणं सावयाणं**' સાધુ અને શ્રાવક માટે આ સમકિત શુદ્ધિ જગતની પાસે પ્રસિદ્ધ કરી છે. આહાહા..!

મુમુક્ષુ :- શ્રાવક અને સાધુ...

ઉત્તર :- સમ્યગ્દૃષ્ટિ હોતા હૈ સાધુ, પણ સાધુ નામ ધરાવે એ દ્રવ્યલિંગી ભી અનાદિ સે કરતા હૈ ન. શ્રાવક ભી બાર વ્રતધારી આદિ દ્રવ્યલિંગ અનંતવાર ધારતા હૈ. પણ ઉસમેં સમ્યગ્દર્શન હો તો સાર, નહિતર સબ ધૂલ હૈ. આહાહા..! '**વહ મુનિયોં કો તથા શ્રાવકોં કો સભી કો કહા હૈ, ઈસલિયે સમ્યક્ત્વપૂર્વક જ્ઞાન ચારિત્ર કો અંગીકાર કરો.**' પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરકે પીછે જ્ઞાન ઔર ચારિત્ર કો અંગીકાર કરો. આહાહા..! સમજમેં આયા?

'**ભાવાર્થ :- જીવ કે જિતને ભાવ હૈં, ઉનમેં સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર સાર હૈ, ઉત્તમ હૈં, જીવ કે હિત હૈં...**' ઓહોહો..! અપના પૂર્ણાનંદ સ્વરૂપકી અંતર ભાન, શ્રદ્ધા ઔર જ્ઞાન ને રમણતા યહ જીવના સબ ભાવ મેં યહ ભાવ સાર હૈ. કહો, એમ કહીને એમ કહે છે કિ દેવ-ગુરુ-શાસ્ત્રકી ભક્તિ આદિ કા ભાવ હો, પણ વહ ભાવ મેં યહ ભાવ સાર હૈ. આહાહા..! '**ઈનમેં ભી સમ્યગ્દર્શન પ્રધાન હૈ,...**' હિત હૈ, ઉત્તમ હૈ ઔર પ્રધાન હૈ. તીન બોલ લિયા. સાર હૈ. ચાર. '**ક્યોંકિ ઈસકે બિના...**' સમ્યગ્દર્શન, શુદ્ધિ, પ્રતીતિ પ્રગટ કિયે બિના જ્ઞાન મેં ચારિત્ર ભી મિથ્યા કહલાતા હૈ. ઉસકા ભણતર પઢના ઔર ઉસકા વ્રતાદિ સબ મિથ્યા હૈ. આહાહા..! સમજમેં આયા? યહ સમ્યગ્દર્શન એટલે બસ ભગવાનની શ્રદ્ધા. એક જણાને પૂછ્યું દર્શનશુદ્ધિ એટલે શું? પૂછા એકબાર. યહ ભગવાનના દર્શન કરવા એ દર્શનશુદ્ધિ. ઠીક! કાંઈક પડિમાધારી હતો. દર્શનશુદ્ધિ શું આ? દર્શનશુદ્ધિ ભગવાનના દર્શન કરવા એ દર્શનશુદ્ધિ. લ્યો ઠીક! આહાહા..! ભગવાનના દર્શન કરવા એ તો અશુદ્ધભાવ, પુણ્યભાવ હૈ. દર્શનશુદ્ધિ કહાં સે આયી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એવું માનતા હતા લ્યો આ બધા. આ દિગંબર હૈ જન્મસે. આહાહા..! સમ્યગ્દર્શન યે વિના જ્ઞાન ઔર ચારિત્ર ભી મિથ્યા કહલાતા હૈ.

'**ઈસલિયે સમ્યગ્દર્શન કો પ્રધાન જાનકર...**' સમ્યગ્દર્શન કો મુખ્ય જાનકર '**પહિલે અંગીકાર કરના,...**' લ્યો! પહલે યહ પ્રયત્ન કરકે અંગીકાર કરના. સમજમેં આયા? '**યહ ઉપદેશ મુનિ તથા શ્રાવક સભી કો હૈ.**' દ્રવ્યલિંગી શ્રાવક અને દ્રવ્યલિંગી સબકો યહ ઉપદેશ હૈ.

'**આગે સમ્યગ્જ્ઞાન કા સ્વરૂપ કહતે હૈં -**' હવે સમ્યગ્જ્ઞાનકી બાત કરતે હૈ.

जीवाजीवविहत्ती जोई जाणेइ जिणवरमएण।
तं सण्णाणं भणियं अवियत्थं सव्वदरसीहिं।।४१।।

**'અર્થ :- જો યોગી મુનિ...'** ધર્માત્મા યોગી. મુખ્ય મુનિને ઉદ્દેશીને વાત છેને? અંદર આવી ગયું છે શ્રાવકને બેયને. **'જીવ અજીવ પદાર્થ કે ભેદ જિનવર કે મત સે જાનના હૈ...'** વીતરાગને કહે હૈ ઐસે જીવ-અજીવ કા ભેદ જાનના. અજ્ઞાનીઓએ જીવ-અજીવની વાત કરી એ યથાર્થ નહિ. આહાહા..! ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ જીવ અને આ શરીર, વાણી આદિ બધા અજીવ, ધૂળ, માટી છે. આહાહા..! ઐસા જિનવરદેવને કહા હૈ ઐસા જીવ-અજીવ કા ભેદ જાનતા હૈ **'વહ સમ્યગ્જ્ઞાન હૈ ઐસા સર્વદર્શી-સબકો દેખનેવાલે સર્વજ્ઞદેવ ને કહા હૈ,...'** છેને? **'अवियत्थं सव्वदरसीहिं' 'अवियत्थं'** સત્ય એવા સર્વદર્શી ભગવાનને યહ કહા હૈ. આહાહા..! **'અતઃ વહ હી સત્યાર્થ હૈ,...' 'अवियत्थं'** કીધું ને? ભગવાનને કહા કિ જીવ અને અજીવ ભિન્ન ચીજ હૈ. ઐસા જીવ ઔર અજીવ કા ભિન્ન જ્ઞાન કરના વહ સમ્યગ્જ્ઞાન હૈ, યહ સત્યાર્થ ભગવાનને કહા હૈ.

**'અન્ય છદ્મસ્થ કા કહા હુઆ સત્યાર્થ નહીં હૈ,...'** ઉસમેં નિકાલા. છદ્મસ્થ અપની કલ્પના સે કહે વહ યથાર્થ હોય નહીં. આહાહા..! પણ આ સંસારી પ્રાણીને સંસારના દુઃખ હૈ યહ લગતા નહીં. કોણ બનાવે? કહ્યું હતું ને કે .. કથની અને કરણીમાં ફેર પડી ગયો. કથની અધ્યાત્મની કરતે હૈ ઔર કરણી મેં તો આયેગા મોટા આહાહા..! ... એય..! કોણ કરે? ભાઈ! તને ખબર નથી. એને કાળે-એ સમયે પુદ્‌ગલ પરાવર્તનના પર્યાયમાં એ બનનેવાલી પર્યાય બનતી હૈ. યહ કોઈ રામજીભાઈ સે બનતી હૈ. મુજસે હૈ નહીં. આ બે જણા કરનારા. બાબુભાઈ, નેમચંદભાઈ.

મુમુક્ષુ :- વ્યવસ્થા કર સકે.

ઉત્તર :- ધૂળેય ન કર સકે વ્યવસ્થા. વિકલ્પ કરે. આહાહા..! યહ તો બહારમાં લોકો એમ કહે કે ઓહોહો..! બાબુભાઈ અને નેમચંદભાઈ બહુ વ્યવસ્થા... બેને માટે કાંઈક શબ્દ છે. વ્યવસ્થા .. નેમચંદભાઈને. બાબુભાઈને બધું. એવું કાંઈક કહેતા હતા કોક. કોક કહેતું હતું. કોક કહેતું હતું. આયોજન. બહારના કામ કોણ કરે? ભાઈ! આહાહા..! એમ કે વાત કરે કે એક વિકલ્પ પણ દુઃખરૂપ. પાછા ઉપાડે ૨૨-૨૨ લાખના મકાન. સંચે કોતરેલા અક્ષર, જિનની વાણી મશીનથી કોતરાણી. એ તો અંદર એ સમયે હોનેવાલી થી તો હુયી. આત્મા કા વિકલ્પ હુઆ શુભ માટે હુયી હૈ? સમજમેં આયા? લોકોને બેસતું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એવું લાગે લોકોને. વ્યવહાર કરવા જેવો નથી એમ કહે અને વ્યવહાર કર્યા કરે. એ શુભભાવ આવે. વ્યવહારનો અર્થ કાંઈ આ ક્રિયા નહીં. શુભભાવ હો. અને એ વખતે એ બનવાની ક્રિયા બનતી હૈ. શુભભાવ હુઆ હૈ માટે બની હૈ ઔર યહ બનવાની

ક્રિયા હુઈ માટે યહાં શુભભાવ હુઆ—ઐસા ભી નહીં. ક્યા કહતે હૈં? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ કરે? એ પુણ્યનો યોગ હોય એ બન્યા કરે બહાર.

મુમુક્ષુ :- અજ્ઞાની શું કરે?

ઉત્તર :- અજ્ઞાની કાંઈ કરે છે કોઈ? રજકણ ને પણ એક ક્ષેત્રથી બીજે ક્ષેત્રે ફેરવી શકે છે આત્મા? આહાહા..! ભાઈ! ભિન્ન તત્ત્વ, તેથી કહા ન. જીવ-અજીવ ભિન્ન હૈ. વિભક્ત હૈ. જીવાજીવ વિભક્તિ. અજીવકી પર્યાય અજીવ સે હોતી હૈ, જીવકી પર્યાય જીવ સે હોતી હૈ. આહાહા..! આટલા-આટલા પુસ્તકો ૧૨-૧૩ લાખ. વળી ૩ લાખ જયપુરના જુદાં. ૧૬ લાખ પુસ્તકો. કહો, નેમચંદભાઈ! એ નેમચંદભાઈ ત્યાંના મંત્રી છે. ૩ લાખ લખ્યા છે. હુકમચંદજી કહેતા હતા. ત્યાંથી ૩ લાખ, અહીંથી ૧૩ લાખ. ૧૬ લાખ પુસ્તક. બાપુ! એ પર્યાય જે સમયે જડની હોવાની હો એ સમયે...

મુમુક્ષુ :- પણ એ જ કાળે કેમ થઈ?

ઉત્તર :- એ કાળ એનો સ્વકાળ હોય ત્યારે બને ને? ઉસકા સ્વકાલ હૈ. આહાહા..! ભિન્ન તત્ત્વને ભિન્ન તત્ત્વ શું કરે? જાણે કિ હોતા હૈ, હુઆ ઐસા.

મુમુક્ષુ :- યહ તો સોનગઢકી માન્યતા હૈ.

ઉત્તર :- સોનગઢ. ક્યા કહતે હૈ યહાં? '**जीवाजीवविहत्ती जोई जाणेइ जिणवरमएण**' જિનવરના મતે બેની ભિન્નતા જાણે. આહાહા..! બહુ સરસ. જીવ-અજીવની ભિન્નતા '**जाणेइ जिणवरमएण**' જિનવરને કહા કિ અજીવની પર્યાય જીવ કર સકતે નહીં. કહો, આહાહા..! વહ પ્રકાર કા ભાવ હો શુભ, વહ ભી પુણ્યબંધ કા કારણ હૈ. ધર્મ નહીં. ધર્મ તો અપના દ્રવ્ય કે આશ્રય સે પર્યાય ઉત્પન્ન હો વહ ધર્મ હૈ. આહાહા..! સમજમેં આયા? જીવ અજીવની ભિન્નતા. '**जाणेइ जिणवरमएण**' આહાહા..!

'**વહ હી સત્યાર્થ હૈ, અન્ય છદ્મસ્થ કા કહા હુઆ સત્યાર્થ નહીં હૈ, અસત્યાર્થ હૈ, છદ્મસ્થ કા કહા હુઆ વહી સત્યાર્થ હૈ.**' સર્વજ્ઞ પરમેશ્વર જિસકો એક સેકન્ડ કે અસંખ્ય ભાગ મેં, સમય મેં તીન કાલ તીન લોક જ્ઞાનકી પર્યાય જાનને મેં આ ગયા. ઐસે ભગવાને જિનવર મતે જો કહા જીવ અને અજીવ. અન્યમતિ તો કંઈક ફેરફાર કરતે હૈં. જીવ સર્વવ્યાપક હૈ, જીવ થોડા માના હૈ. અંદર કહેગા. લખ્યું એ. અજીવ કોઈ હૈ હી નહીં. અજીવ હો તો ઉસમેં શક્તિ નહીં. જીવ કરે તો હી અજીવકી શક્તિ કામ કરે. ઐસા અજ્ઞાની માનતે હૈ. ઐસા નહીં. '**जिणवरमएण**' જિનવરના મતથી જાણે. આહાહા..! સમજમેં આયા? વિશેષ વ્યાખ્યા કરેગા. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ વદ ૧૦, સોમવાર તા. ૧૮-૦૩-૧૯૭૪**
**ગાથા - ૪૧ થી ૪૪, પ્રવચન - ૧૩૦**

... અર્થ ચાલ્યો છે. ફરીને. ધર્માત્મા મુનિ '**જીવ અજીવ પદાર્થ કે ભેદ...**' જીવ અને અજીવની જુદાઈ '**જિનવર કે મત સે જાનતા હૈ...**' વીતરાગે કહ્યા જીવ અને અજીવનું સ્વરૂપ એ રીતે જાણવું. '**વહ સમ્યગ્જ્ઞાન હૈ ઐસા સર્વદર્શી-સબકો દેખનેવાલે સર્વજ્ઞદેવ ને કહા હૈ, સર્વજ્ઞ કા કહા હુઆ હી સત્યાર્થ હૈ.**' '**अवियत्थं**' છેને? '**अवियत्थं सव्वदरसीहिं**' એ સિવાય, સર્વજ્ઞ પરમાત્માએ તત્ત્વ કહ્યા એ સિવાય છદ્મસ્થના કહેલા સત્યાર્થ નથી. બીજાઓએ કલ્પનાથી તત્ત્વોની વાત કરી હોય એ સાચી નથી. '**સર્વજ્ઞ કા કહા હુઆ હી સત્યાર્થ હૈ.**'

'**ભાવાર્થ :- સર્વજ્ઞ દેવને...**' દેવને એટલે દેવે. '**જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાલ યે જાતિ અપેક્ષા છહ દ્રવ્ય કહે હૈં.**' ભગવાને છ દ્રવ્ય કહ્યા છે. સંખ્યા અપેક્ષાએ... એ મેળ વિનાનું લખ્યું છે. ઉપરથી લખ્યું છેને કાંઈક? એ કાંઈ મેળ વિનાનું છે. સંખ્યા અપેક્ષાએ જીવ હોય તો ત્યાં પહેલા અનંત જોઈએ, પુદ્‌ગલ અનંતાઅનંત જોઈએ, ધર્મ એક એક એમ જોઈએ. શું કીધું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આ રીતે મેળ નથી. ઘરનું કરવા જાય નાખે અંદર. કારણ કે સંખ્યા છે પહેલી જીવની, તો પહેલા જીવમાં અનંતા-અનંત આવવું જોઈએ, પછી પુદ્‌ગલનું અનંતા અનંત આવવું જોઈએ. પછી ધર્મ-અધર્મ અને આકાશનું એક આવવું જોઈએ, કાળનું અસંખ્ય આવવું જોઈએ. ક્રમ એમ છેને? ઘરનું ડહાપણ કરીને નાખ્યું છે, મેળ વિનાનું. આ અનુવાદ કરે એમાં ઘરનું કાંઈ ન નાખવું જોઈએ અને સાધારણ એવા માટે તો અનુવાદ કરવાનું સાધારણ માણસનું કામ નહિ. આ કૌંસમાં નથી. ઓલું મૂળમાં નથી.

'**સર્વજ્ઞદેવ ને જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાલ યે જાતિ અપેક્ષા છહ દ્રવ્ય કહા હૈં. (સંખ્યા અપેક્ષા સે...**' આમથી લેવું હવે પાછું. ધર્માસ્તિ એક, અધર્માસ્તિ એક, આકાશ એક, કાળ અસંખ્ય અને જીવ-પુદ્‌ગલ અનંતા-અનંત. આમ લે તો મેળ ખાય. જયચંદ્ર પંડિતે કર્યું હોય એ તો બહુ ન્યાયથી કર્યું હોય. આ વર્તમાનવાળા ઘરની કલ્પનાથી કરવા જાય, અનુવાદમાં નાખવા જાય. પાટણીજી! '**ઇનમેં જીવ કો દર્શન-જ્ઞાનમયી ચેતનાસ્વરૂપ કહા હૈ,...**' જીવ જે છે એ તો દર્શન-જ્ઞાનમય ચેતનાસ્વરૂપ છે. '**વહ સદા**

**અમૂર્તિક હૈ...'** ત્રિકાળ અમૂર્તિક છે. કોઈ એમ કહે છેને, કર્મના નિમિત્તે છે ત્યાં સુધી મૂર્ત કહેવાય. કહે છેને. એ તો ઉપચારથી કથન છે. સદા ત્રિકાળ અમૂર્ત છે. એના દ્રવ્ય અમૂર્ત, ગુણ અમૂર્ત, પર્યાય અમૂર્ત. આહાહા..!

**'સ્પર્શ, રસ, ગંધ, વર્ણ સે રહિત હૈ.'** ભગવાન આત્મા. એમાં સ્પર્શ, ગંધ આદિ છે નહિ. **'પુદ્ગલ આદિ પાંચ દ્રવ્યોં કો અજીવ કહે હૈં...'** જીવ સિવાય. પુદ્ગલ આવ્યાને પછી? એને અજીવ કહ્યા છે, જડ કહ્યા છે, અચેતન અને જડ છે. **'ઇનમેં પુદ્ગલ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દસહિત મૂર્તિક (રૂપી) હૈ, ઇન્દ્રિયગોચર હૈ, અન્ય અમૂર્તિક હૈં.'** બીજા પદાર્થ. **'આકાશ આદિ ચાર તો જૈસે હૈ વૈસે રહતે હૈં. જીવ ઔર પુદ્ગલ કા અનાદિસંબંધ હૈ.'** બેને.

**'છદ્મસ્થ કે ઇન્દ્રિયગોચર પુદ્ગલસ્કંધ હૈ, ઉનકો ગ્રહણ કરકે જીવ રાગ-દ્વેષ-મોહરૂપ પરિણમન કરતા હૈ,...'** શું કહે છે? ભગવાન આત્મા છે અમૂર્તિક, પણ અનાદિ પુદ્ગલનો સંબંધ છે તેથી ઇન્દ્રિયગમ્ય જે પુદ્ગલસ્કંધ છે એને ગ્રહણ કરવાનો ભાવ કરે છે. આ વસ્તુ છે એની ખબર નથી. (એ) અણીન્દ્રિય વસ્તુ છે એની ખબર નહિ એટલે એના ઇન્દ્રિયગમ્યમાં જે પુદ્ગલ સ્કંધ દેખાય એને ગ્રહણ કરે, એને ભોગવું એમ માને, એને છોડું એમ માને, એના કાર્ય કરું એમ માને. **'જીવ રાગ-દ્વેષ-મોહરૂપ પરિણમન કરતા હૈ,...'** એ વસ્તુ તો કાંઈ ગ્રહણ કરી શકાતી નથી, પણ એને ગ્રહણ કરું એમ કરીને રાગ, દ્વેષ અને મોહ(રૂપે) પરિણમે છે. .. હોતા હૈ ન પૂરા મહોત્સવમાં?

**'શરીરાદિ કો અપના માનતા હૈ...'** જે પોતે ચીજ આનંદસ્વરૂપ છે એની સાથે સંબંધ કર્મનો, શરીરનો થયો છે. આ પોતે શું છે એ જાણતો નથી. એટલે પોતાનું હોવાપણું શરીર એ હું, વાણી હું કે રાગ-દ્વેષ હું એમ માનીને **'ઇષ્ટ-અનિષ્ટ માનકર રાગ-દ્વેષરૂપ હોતા હૈ, ઇસસે નવીન પુદ્ગલ કર્મરૂપ હોકર બંધ કો પ્રાપ્ત હોતા હૈ, યહ નિમિત્ત-નૈમિત્તિક ભાવ હૈ, ઇસપ્રકાર યહ જીવ અજ્ઞાની હોતા હુઆ...'** અહો..! પોતાનું આનંદ અને જ્ઞાન પૂર્ણ સ્વરૂપ એના ભાન વિના પર્યાયબુદ્ધિએ **'જીવ-પુદ્ગલ કે ભેદ કો ન જાનકર...'** શરીર અને વાણી અને કર્મ એ બધા પરચીજ છે, હું ભિન્ન ચીજ છું, એનું ભાન નહિ કરીને. **'મિથ્યાજ્ઞાની હોતા હૈ.'** અહીં જ્ઞાનની પ્રધાનતાની વાત છેને?

**'ઇસલિયે આચાર્ય કહતે હૈં કિ જિનદેવ કે મત સે...'** વીતરાગદેવે જે જીવ-અજીવના ભેદ કહ્યા એ બેને ભિન્ન **'જાનકર સમ્યગ્દર્શન કા સ્વરૂપ જાનના. ઇસપ્રકાર જિનદેવ ને કહા વહી સત્યાર્થ હૈ, પ્રમાણ નય કે દ્વારા ઐસે હી સિદ્ધ હોતા હૈ,...'** પ્રમાણ અને નય એનાથી ભગવાને કહી એ વસ્તુ સિદ્ધ થાય છે. અજ્ઞાનીએ કહેલી

વસ્તુ સિદ્ધ થતી નથી. '**ઈસલિયે જિનદેવ સર્વજ્ઞ ને સબ વસ્તુ કો પ્રત્યક્ષ દેખકર કહા હૈ.**' અને જિનદેવે કહેલા તત્ત્વોનું જ્ઞાન. મૂળ તો સમ્યગ્દર્શન સહિતની વાત છે. સમજાય છે કાંઈ? પહેલું સમ્યગ્દર્શન લીધું છેને તેથી ૪૦માં, એના સહિતના જ્ઞાનની વાત છે. અને એના પછી સમ્યગ્જ્ઞાનસહિત ચારિત્રની વાત છે. મોક્ષનો અધિકાર છે.

'**અન્યમતી છદ્મસ્થ હૈં, ઈન્હોંને અપની બુદ્ધિ મેં આયા વૈસે હી કલ્પના કરકે કહા હૈ,...**' જાનને મેં તો આયા નહીં તત્ત્વ, તો કલ્પના જૈસે હુઈ કિ ઐસા હોના ચાહિયે, ઐસા હોના ચાહિયે, ઐસા હૈ. '**વહ પ્રમાણસિદ્ધ નહીં હૈ.**' પ્રમાણ સે યહ વસ્તુ સાબિત હોતી નહીં. '**ઈનમેં કોઈ વેદાંતી તો એક બ્રહ્મમાત્ર કહતે હૈં,...**' સર્વવ્યાપક બ્રહ્મ. એનું અત્યારે બહુ આવે છે સુધરેલમાં. સર્વવ્યાપક એક. જૂઠી વાત છે. '**અન્ય કુછ વસ્તુભૂત નહીં હૈ,...**' એક આત્મા સિવાય દૂસરી કોઈ ચીજ હી નહીં. આહાહા..! એને તો પાખંડ કહ્યો છે અલિંગગ્રહણમાં. અમેહનાકાર. પાખંડીઓને પ્રસિદ્ધ એવો જે આકાર સર્વવ્યાપક એ કોઈ ચીજ એવી નથી, એ તો પાખંડીઓએ માની છે.

'**માયારૂપ અવસ્તુ હૈ,...**' બધું માયા છે. યા-મા—એ નથી, એ નથી. એ વસ્તુ જ આત્મા છે એમ કહે છે. '**કઈ નૈયાયિક, વૈશેષિક જીવ કો સર્વથા નિત્ય સર્વગત કહતે હૈં,...**' સર્વથા નિત્ય સર્વગત. '**જીવ કે ઔર જ્ઞાન ગુણ કે સર્વથા ભેદ માનતે હૈં...**' ગુણગુણી ભેદ. જ્ઞાન ભિન્ન હૈ, જીવ ભિન્ન હૈ. બે સમવાય થઈને—સંયોગ થઈને જ્ઞાની થાય છે. એ અજ્ઞાનીની વાત છે. '**ઔર અન્ય કાર્યમાત્ર હૈ ઉનકો ઈશ્વર કરતા હૈ...**' જગતના જેટલા કાર્ય છે... છેને? '**અન્ય કાર્યમાત્ર હૈ ઉનકો ઈશ્વર કરતા હૈ...**' બધા કાર્યનો કર્તા ઈશ્વર. છેને? '**અન્ય કાર્યમાત્ર હૈ ઉનકો ઈશ્વર કરતા હૈ ઈસપ્રકાર માનતે હૈં.**' પાંદડુ પણ ન ફરે ભગવાન વિના. એક ફેરી ગયા હતા ત્યાં જોવા. સ્વામિનારાયણનું ગઢડામાં. નરશીભગત સાથે હતા. તો એના સાધુ ધોતા હતા. અમને દેખીને કહે કે આ એક પાંદડું પણ ઈશ્વર વિના ન હલે. (સંવત) ૧૯૬૯ની સાલ હશે. દીક્ષા લીધા પહેલાની. આવા ને આવા. આવા અજ્ઞાનીઓએ કલ્પનાના મત માન્યા એમ કહે છે.

'**કંઈ સાંખ્યમતી પુરુષ કો...**' એટલે આત્મા કો ઉદાસીન '**ચૈતન્યસ્વરૂપ માનકર સર્વથા અકર્તા માનતે હૈં,...**' આત્મા કર્તા-બર્તા હૈ નહીં. પ્રકૃતિ કરે વહ તો. '**જ્ઞાન કો પ્રધાન કા ધર્મ માનતે હૈં.**' આત્માના જ્ઞાનને રજો, સત્વ અને તમોનો ધર્મ માને છે. આત્માનો જ્ઞાન ધર્મ છે એમ માનતા નથી. બધી આ તો વ્યાખ્યા લાંબી છે. '**કઈ બૌદ્ધમતી સર્વ વસ્તુ કો ક્ષણિક માનતે હૈં,...**' બૌદ્ધ છેને? બધે ક્ષણિક. '**સર્વથા અનિત્ય માનતે હૈં, ઈનમેં ભી અનેક મતભેદ હૈં, કઈ વિજ્ઞાનમાત્ર તત્ત્વ માનતે હૈં,...**' એક વિજ્ઞાન

જ સર્વ જગતમાં છે બસ, બીજું કાંઈ છે નહિ. '**કઈ સર્વથા શૂન્ય માનતે હૈં,...**' શૂન્ય છે બધું. '**કોઈ અન્યપ્રકાર માનતે હૈં. મીમાંસક કર્મકાંડમાત્ર હી તત્ત્વ માનતે હૈં,...**' કરવું રાગ ને ક્રિયા ને કાર્ય એ બધું એ જ વસ્તુ છે. કર્મકાંડ. રાગ-દ્વેષ-શરીર-વાણી-મન ક્રિયા એ જ માત્ર આત્મા છે. '**જીવ કો અણુમાત્ર માનતે હૈં તો ભી કુછ પરમાર્થ નિત્ય વસ્તુ નહીં હૈ...**' અણુમાત્ર કહે પરંતુ પરમાર્થ નિત્ય વસ્તુ માનતા નથી. '**ઈત્યાદિ માનતે હૈં. ચાર્વાકમતી જીવ કો તત્ત્વ નહીં માનતે હૈં, પંચભૂતો સે જીવ કી ઉત્પત્તિ માનતે હૈં.**' લ્યો!

'**ઈત્યાદિ બુદ્ધિકલ્પિત તત્ત્વ માનકર પરસ્પર મેં વિવાદ કરતે હૈં, વહ યુક્ત હી હૈ,...**' એ વ્યાજબી છે કહે છે. '**વસ્તુ કા પૂર્ણરૂપ દીખતા નહીં હૈ,...**' સર્વજ્ઞે જે દેખ્યું એવી આખી વસ્તુ તો દેખાણી નહિ. '**જૈસે અંધે હસ્તી કા વિવાદ કરતે હૈં,...**' એક કહે કે સૂંઢ જેવો હાથી છે, એક કહે પૂંછડા જેવો હાથી છે, એક કહે પેટ જેવો હાથી છે. આહાહા..! '**યહ પ્રમાણ ઔર નયોં કે દ્વારા અનેકાંતરૂપ સિદ્ધ હોતા હૈ.**' ફક્ત જિનદેવે કહેલી વાત એ પ્રમાણ, નય, નિક્ષેપથી સિદ્ધ થાય છે. '**ઈનકી ચર્ચા હેતુવાદ કે જૈન કે ન્યાય-શાસ્ત્રોં સે જાની જાતી હૈ, ઈસલિયે યહ ઉપદેશ હૈ, જિનમત મેં જીવાજીવ કા સ્વરૂપ સત્યાર્થ કહા હૈ,...**' લ્યો એ સરવાળો લીધો. ભગવાને જે જીવ અનંત, અનંત અજીવ ભિન્નભિન્ન. જીવનું સ્વરૂપ તો ચેતનાસ્વરૂપ, જડનું પુદ્ગલનું સ્વરૂપ રંગ, ગંધ આદિ. બીજાનું રંગ, ગંધ, રસ રહિતનું અરૂપી એ ભગવાને જોયા એને જાણવું એ સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્દર્શન સહિત છેને અહીંયાં? '**ઈસપ્રકાર જાનકર જિનદેવકી આજ્ઞા માનકર સમ્યગ્જ્ઞાન કો અંગીકાર કરના, ઈસી સે સમ્યક્ચારિત્ર કી પ્રાપ્તિ હોતી હૈ,...**' આ સમ્યગ્દર્શન હો, સમ્યગ્જ્ઞાન હો તો સમ્યક્ચારિત્રકી પ્રાપ્તિ હોતી હૈ. સમ્યગ્દર્શન-જ્ઞાન ન હોય અને ચારિત્ર આવી જાય એવી વસ્તુ છે નહિ.

'**આગે સમ્યક્ચારિત્ર કા સ્વરૂપ કહતે હૈં -**' લ્યો ચારિત્ર આવ્યું. ૪૦માં દર્શન, ૪૧માં જ્ઞાન, ૪૨માં ચારિત્ર.

जं जाणिऊण जोई परिहारं कुणइ पुण्णपावाणं।
तं चारित्तं भणियं अवियप्प कम्मरहिएहिं।।४२।।

જોગી, મુનિ. મુનિની પ્રધાનતાથી કથન છે. નહિતર તો અંદર આવી ગયું (કે) શ્રાવક અને મુનિ બેયને સમકિત ગ્રહણ કરવું જોઈએ પહેલું. આહાહા..!

'**અર્થ :- યોગી ધ્યાની મુનિ ઉસ પૂર્વોક્ત જીવાજીવ કે ભેદરૂપ...**' જીવ અને અજીવ જુદાં જુદાં એવું '**સત્યાર્થ સમ્યગ્જ્ઞાન કો જાનકર પુણ્ય ઔર પાપ ઈન દોનોં**

**કા પરિહાર કરતા હૈ,...**' એ શુભ અને અશુભને છોડે ત્યારે સ્વરૂપમાં સ્થિરતા અને ચારિત્ર આવે. પહેલા આવી ગયું હતું એ. ૩૭, ૩૭ ગાથામાં આવ્યું હતું. '**तं चारित्तं भणियं परिहारो पुण्णपावाणं।**' પાટણીજીએ પ્રશ્ન કર્યો હતોને ઈ ગાથામાં, ૩૭ ગાથામાં. ખબર છે. સમજ મેં આયા? એનું કારણ છે કે ચારિત્ર તો સ્વરૂપમાં સ્થિરતા એ છે, પણ એ સ્થિરતા પુણ્ય-પાપના વિકલ્પથી રહિત થાય એને થાય છે એમ. વ્રતના પરિણામ હોય ને આ હોય ને ચારિત્ર થાય એમ નહિ, એમ કહે છે. શુભભાવ હોય માટે એ ચારિત્ર છે એ નથી. શુભભાવથી રહિત થઈને આનંદસ્વરૂપ ભગવાન આત્મા એમાં સ્થિર થાય, રમણતા કરે એને ચારિત્ર મોક્ષનું કારણ હોય છે. આહાહા..!

મુમુક્ષુ :- એનો અભાવ થાય એ જ કારણ.

ઉત્તર :- અભાવ એનો. અભાવ છેને.

'**દોનોં કા પરિહાર કરતા હૈ,...**' પરિહાર. એમ પાઠ તો એમ છેને? '**परिहारं कुणइ**' કરે છે એનો અર્થ એ કે સ્વરૂપમાં સ્થિર આનંદસ્વરૂપ ભગવાન આત્મા એનું સમ્યગ્દર્શન-જ્ઞાન કરીને એમાં ઠરે છે ત્યારે પુણ્ય-પાપનો પરિહાર થઈ જાય છે, એને પુણ્ય-પાપને છોડે છે એમ કહેવાય છે. '**ત્યાગ કરતા હૈ વહ ચારિત્ર હૈ, જો નિર્વિકલ્પ હૈ...**' ચારિત્ર તો આત્મામાં રાગરહિત નિર્વિકલ્પ દશા છે. આહાહા..! '**અર્થાત્ પ્રવૃત્તિરૂપક્રિયા કે વિકલ્પોં સે રહિત હૈ,...**' હું પરની દયા પાળું, સત્ય બોલું, બ્રહ્મચર્ય પાળું એવો જે વિકલ્પ છે એ તો રાગ છે. રાગથી રહિત, પ્રવૃત્તિની ક્રિયાથી રહિત '**વહ ચારિત્ર ઘાતિકર્મ સે રહિત ઐસે સર્વજ્ઞદેવ ને કહા હૈ.**' છેને પાઠ? '**कम्मरहिएहिं**' કર્મરહિત એવા ભગવાન કેવળજ્ઞાની. એમ. '**कम्मरहिएहिं**' '**अवियप्प**' અવિકલ્પં કહ્યું ચારિત્રને. આહાહા..! ટીકા તે પણ... '**ઘાતિકર્મ સે રહિત...**' એ ચાર ઘાતિ કર્મનો જેણે નાશ કર્યો એવા સર્વજ્ઞ પરમાત્મા એણે ચારિત્રનું સ્વરૂપ આવું કહ્યું છે.

'**ભાવાર્થ :- ચારિત્ર નિશ્ચય-વ્યવહાર કે ભેદ સે દો ભેદરૂપ હૈ, મહાવ્રત...**' અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એવો જે મહાવ્રતનો ભાવ એ વ્યવહાર ચારિત્ર શુભરાગ છે. '**સમિતિ-ગુપ્તિ...**' એ પણ શુભરાગનો ભાવ છે. આહાહા..! એ વ્યવહાર છે. '**ઈસમેં પ્રવૃત્તિરૂપ ક્રિયા શુભકર્મરૂપ બંધ કરતી હૈ...**' એમાં જે શુભરાગ છે એ પ્રવૃત્તિરૂપ ક્રિયા શુભકર્મનો બંધ કરે. આહાહા..! '**ઔર ઈન ક્રિયાઓં મેં જિતને અંશ નિવૃત્તિ હૈ...**' એ રાગની ક્રિયાથી જેટલા અંશમાં અંદર ભગવાન આત્માના આનંદસ્વરૂપમાં લીનતા (થાય) એ ચારિત્ર. '**ઉસકા ફલ બંધ નહીં હૈ, ઉસકા ફલ કર્મ કી એકદેશ નિર્જરા હૈ.**' સમ્યગ્દર્શનસહિત, સમ્યગ્જ્ઞાનસહિત સ્વરૂપમાં રમણતાનો અંશ એ એકદેશ નિર્જરા છે. અંશે

તેમાં કર્મનું ખરવું અને અશુદ્ધતાનો નાશ થાય છે.

**'સબ કર્મોં સે રહિત અપને આત્મસ્વરૂપ મેં લીન હોના વહ નિશ્ચય ચારિત્ર હૈ,...'** **'સબ કર્મો સે રહિત...'** સર્વ ક્રિયાકાંડના કલ્પનાથી રહિત પોતાનું આત્મસ્વરૂપ ભગવાન ચિદાનંદ ધામ. આહાહા..! **'આત્મસ્વરૂપ મેં લીન હોના વહ નિશ્ચય ચારિત્ર હૈ,...'** એ સાચું ચારિત્ર છે. **'ઈસકા ફલ કર્મ કા નાશ હી હૈ,...'** ઓલા શુભભાવમાં પ્રવૃત્તિ હતીને? એમાં જેટલે અંશે અશુભથી નિવર્ત્યો છે એટલે અંશે ત્યાં બંધ નથી એમ કહ્યું. અને સર્વથા જેનો નાશ થઈ ગયો છે શુભાશુભભાવ રહિત એવું જે ચારિત્ર એમ. **'વહ પુણ્ય-પાપ કે પરિહારરૂપ નિર્વિકલ્પ હૈ.'** આહાહા..! **'પાપ કા તો ત્યાગ મુનિ કે હૈ હી ઔર પુણ્ય કા ત્યાગ ઈસપ્રકાર હૈ -'** મુનિ દ્રવ્યલિંગી બાહ્ય નગ્ન હો દ્રવ્યલિંગ બાહ્ય મેં, અંતર મેં આનંદસ્વરૂપ કા ભાન હો એવા મુનિને પાપનો તો ત્યાગ જ હોય છે. **'પુણ્ય કા ત્યાગ ઈસપ્રકાર હૈ-'**

**'શુભક્રિયા કા ફલ પુણ્યકર્મ કા બંધ હૈ, ઉસકી વાંછા નહીં હૈ,...'** મુનિને પંચ મહાવ્રતના વિકલ્પ આવે, સમિતિ, ગુપ્તિનો રાગ હોય એ પુણ્યબંધનું કારણ છે પણ એની વાંછા નહિ. **'બંધ કે નાશ કા ઉપાય નિર્વિકલ્પ નિશ્ચય ચારિત્ર કા પ્રધાન ઉદ્યમ હૈ.'** આહાહા..! મુનિને તો અંતરમાં શુદ્ધ ચૈતન્યના આનંદમાં લીનતાનો પ્રયત્ન છે. આહાહા..! **'ઈસપ્રકાર યહાં નિર્વિકલ્પ અર્થાત્ પુણ્ય-પાપ સે રહિત ઐસા નિશ્ચય ચારિત્ર કહા હૈ.'** **'अवियप्प'** આવ્યું હતુંને? **'अवियप्प कम्मरहिएहिं'** એનો અર્થ કર્યો. **'ચૌદહવેં ગુણસ્થાન કે અંતસમય મેં પૂર્ણ ચારિત્ર હોતા હૈ, ઉસમેં લગતે હી મોક્ષ હોતા હૈ...'** પૂર્ણ થયો એટલે તરત મોક્ષ થાય એમ કહે છે. ચૌદમે પૂર્ણ થાય ચારિત્ર. આહાહા..! **'ઐસા સિદ્ધાંત હૈ.'** સમ્યગ્દર્શન આત્માના અનુભવમાં પ્રતીતિ, સમ્યગ્જ્ઞાન આત્માનો અનુભવ અને ચારિત્ર સ્વરૂપમાં રમણતા એની શરૂઆત તો ચોથે ગુણસ્થાનથી થાય. પૂરું ચૌદમેં થાય. લ્યો ઠીક! આમ તો ચારિત્ર બારમે ગુણસ્થાને કહ્યું. પણ આખું ચારિત્ર-આત્માની પૂર્ણ રમણતા એ આત્માનું ચારિત્ર. ઓલી ચારિત્રગુણની દશા. ઝીણું પડે માણસને એટલે પછી ઓલી બહારમાં... આહાહા..! **'અંતસમય મેં પૂર્ણ ચારિત્ર હોતા હૈ,...'** દેખો! કેવળીને પણ હજી પૂર્ણ ચારિત્ર નહિ. આત્મચારિત્ર. ઓલું ચારિત્ર જુદું, આ તો આત્માનું. આહાહા..!

**'આગે કહતે હૈં કિ ઈસપ્રકાર રત્નત્રયસહિત...'** ત્રણે આવી ગયા હવે. દર્શન, જ્ઞાન અને ચારિત્ર. ૪૦-૪૧માં. **'ઈસપ્રકાર રત્નત્રયસહિત...'** રત્નત્રય કહ્યું. શુદ્ધ ભગવાન આત્માનું ભાન થઈને પ્રતીતિ એ રત્નત્રય છે. શુદ્ધ આત્માનું જ્ઞાન એ સમ્યગ્જ્ઞાન પણ રત્નત્રય માહ્યલો એક રત્ન છે અને સ્વરૂપમાં રમણતા પણ રત્નત્રય માહ્યલું એક રત્ન છે. એટલું મૂલ દઈને

માલ લેવાય છે. આટલું મૂલ આપે ત્યારે એને મોક્ષરૂપી માલ મળે. એ કીધુંને, એટલું રત્ન આપવું પડે એને.

'**ઈસપ્રકાર રત્નત્રયસહિત હોકર તપ સંયમ સમિતિ કો પાલતે હુએ શુદ્ધાત્મા કા ધ્યાન કરનેવાલા મુનિ નિર્વાણ કો પ્રાપ્ત કરતા હૈ** -' લ્યો એટલું આવ્યું. અંદર ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન એનું ધ્યાન કરતા મુક્તિને પ્રાપ્ત કરે છે. કોઈ પ્રવૃત્તિ વ્યવહારના વ્રતની-ફ્રતની એ બધું રાગનું બંધનનું કારણ છે. આહાહા..!

**जो रयणत्तयजुत्तो कुणइ तवं संजदो ससत्तीए।**
**सो पावइ परमपयं जायंतो अप्पयं सुद्धं।।४३।।**

સ્વશક્તિથી હોં! શક્તિના પ્રમાણમાં કરે એમ કહે છે.

'**અર્થ :- જો મુની રત્નત્રયસંયુક્ત હોતા હુઆ...**' જે કોઈ આત્મા પોતાનું સમ્યગ્દર્શન શુદ્ધ ચૈતન્યની શ્રદ્ધા, નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યનું જ્ઞાન અને શુદ્ધ ચૈતન્યની રમણતા એનાથી સહિત હોતા હુઆ. એમ છેને? '**સંયમી બનકર...**' મુનિની વાત છેને? મોક્ષની. '**અપની શક્તિ કે અનુસાર...**' હઠ ન કરે એમ કહે છે. તપ આદિની વાત છેને? તપ છેને? દર્શન-જ્ઞાન-ચારિત્ર તો થયું છે, પણ હવે ઈચ્છા નિરોધરૂપ તપ કરવું. એ શક્તિ પ્રમાણે કરે. હઠ કરીને ન બની શકે અને પછી ખેદ થાય એવું ધર્મી કરે નહિ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો છે, પછી વિશેષ ઉગ્ર પુરુષાર્થ, સ્વરૂપનું પ્રતપન—આનંદની પ્ર-વિશેષે તપન શોભા-શોભા. જેમ સોનાને ગેરુ દઈને શોભાવે છેને? ઓપ-ઓપ. એમ આત્માને ઓપ આપે છે. સ્વરૂપની દૃષ્ટિ થઈ છે, સ્વરૂપનું જ્ઞાન થયું છે, સ્વરૂપમાં સંયમ છે. હવે ઉગ્ર પુરુષાર્થથી ઈચ્છાની ઉત્પત્તિ ન થતાં અમૃતસ્વરૂપની ઉત્પત્તિ થાય એને તપ કહેવામાં આવે છે. લ્યો આ તપ. ભારે!

અહીં તો ઓલા ત્રણ સહિતની વાત છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ સહિતની વાત છેને? ત્રણ ગાથા એની આવી. ચોથી આવી તપની. સમજાય છે કાંઈ? કુંદકુંદાચાર્યે ક્રમ મૂક્યો છે આ. પ્રથમ તો સમ્યગ્દર્શન શુદ્ધ ચૈતન્યઘન ધ્રુવને ધ્યેયમાં લઈને અંતરમાં પ્રતીતિ-શ્રદ્ધા પ્રગટ કરવી એ સમ્યગ્દર્શન છે. આહાહા..! અને ભગવાને કહેલા જીવ-અજીવની વહેંચણી-ભિન્નતા એનું અંતરમાં જ્ઞાન કરવું એ સમ્યગ્જ્ઞાન છે. જીવ આવી ગયોને અંદર ભેગો? અને સ્વરૂપમાં રમણ કરવા માટે શુભ-અશુભભાવ જે બંધના કારણ એને છોડીને સ્વરૂપમાં લીનતા એ ચારિત્ર. એ સહિત ઉગ્ર પુરુષાર્થથી આત્મામાં તપની ઈચ્છા નિરોધ કરીને (એટલે) ઈચ્છા ઉત્પન્ન ન થાય અને અંદર આનંદની પ્રત્તપન દશા ઉગ્ર ઉત્પન્ન થાય એને તપ કહેવામાં આવે છે. કહો, મગનભાઈ! આવું તો ત્યાં સાંભળ્યું ન હોય કોઈ દિ' તો પછી અપવાસ કરો ને આ કરો લાંઘણું. શીવલાલભાઈ! તમારા વેવાઈ કહે, ભાઈ! આમાં સમજાતું નથી. પણ

કોઈ દિ' પગથિયા ચડ્યા છે ક્યાં આમાં? તપ કર્યા એમ માને. ધૂળેય તપ નથી. જેમાં આત્મા શું ચીજ છે એ જ્યાં શ્રદ્ધા અને જ્ઞાનમાં ભાવ એનો ભાસ્યો નથી, ભાવ નામ ચૈતન્ય આનંદ એનું ભાસન થયું નથી તો એમાં ઠરવું એ ક્યાંથી આવે એને? સમજાણું કાંઈ?

'**અપની શક્તિ કે અનુસાર તપ કરતા હૈ વહ શુદ્ધ આત્મા કા ધ્યાન કરતા હુઆ...**' એમ. જુઓ! શુદ્ધસ્વરૂપ પરમાત્મા પોતે, ભગવાન પોતે શુદ્ધ આત્મા અંદર છે. એનું ધ્યાન કરતા થકા '**પરમપદ નિર્વાણ કો પ્રાપ્ત કરતા હૈ.**' લ્યો! જેને સમ્યગ્દર્શન છે, સમ્યગ્જ્ઞાન છે, સમ્યક્ચારિત્ર છે એ જ્યારે ઈચ્છા નિરોધ કરીને ઉગ્ર પુરુષાર્થથી શક્તિ પ્રમાણે તપ કરે એ આત્માનું ધ્યાન કરતો થકો. કારણ કે એની દૃષ્ટિ તો ત્યાં છે એટલે ધ્યાન (એનું) કરે છે. '**પરમપદ નિર્વાણ કો પ્રાપ્ત કરતા હૈ.**' લ્યો! '**परमपयं जायंतो अप्पयं सुद्धं**' પરમપદને પ્રાપ્ત કરે છે હવે. '**सो पावइ परमपयं जायंतो अप्पयं सुद्धं**' એમ લેવું. પોતાનો શુદ્ધ ભગવાન આત્મા પરમ શુદ્ધ પવિત્ર પવિત્ર દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો એનું ધ્યાન કરતો પરમપદને પામે છે. પરમપદ શબ્દે મોક્ષ—નિર્વાણ.

'**ભાવાર્થ :- જો મુનિ સંયમી, પાંચ મહાવ્રત પાંચ સમિતિ,...**' ઈર્યા, ભાષા વગેરે. '**તીન ગુપ્તિ, યહ તેરહ પ્રકાર કા ચારિત્ર વહી પ્રવૃત્તિરૂપ વ્યવહાર ચારિત્ર સંયમ હૈ,...**' પ્રવૃત્તિરૂપ શુભરાગ. નિશ્ચય જેને ચારિત્ર હોય છે, જેને આત્મા પરમશુદ્ધ આનંદનું ભાન થયું છે અને જેમાં એની રમણતા ચારિત્રની હોય છે એ જીવને વ્યવહાર આવા પંચ મહાવ્રત આદિના પરિણામ હોય છે. સમજાણું કાંઈ? વસ્તુ પરમાત્મસ્વરૂપ, પરમ-આત્મ, પરમ સ્વરૂપ એનું જેને ભાન, શ્રદ્ધા અને ભાસન જ્ઞાનમાં થયું છે એ જીવ. એ જીવને આ પંચ મહાવ્રત આદિના વિકલ્પ વ્યવહારચારિત્ર હોય છે કે જે બંધનું કારણ છે.

એ '**પ્રવૃત્તિરૂપ વ્યવહાર ચારિત્ર સંયમ હૈ, ઉસકો અંગીકાર કરકે...**' ઠીક! ભાષા તો એમ જ લેવાય ને. '**ઔર પૂર્વોક્ત પ્રકાર નિશ્ચય ચારિત્ર સે યુક્ત હોકર...**' અંદર આત્મામાં લીનતા પ્રગટ કરીને '**અપની શક્તિ કે અનુસાર ઉપવાસ કાયક્લેશાદિ બાહ્ય તપ કરતા હૈ...**' શક્તિ અનુસાર તપ કરે. એક અપવાસ, બે અપવાસ, પાંચ અપવાસ. શુદ્ધ ઉપયોગને વધારવાનું કારણ છે. આવે છેને મોક્ષમાર્ગપ્રકાશકમાં. નહિ? શુદ્ધ ઉપયોગ વધારવા માટે કરે, એમ આવે છે. અંતરમાં શુભભાવથી રહિત થઈને શુદ્ધ ઉપયોગનું આચરણ કરવા માટે નિવૃત્તિ માટે આ જાતનો એને વિકલ્પ હોય છે. આહાહા..!

'**વહ મુનિ અંતરંગ તપ ધ્યાન કે દ્વારા...**' જોયું! બહારનું તપ શક્તિ અનુસાર એટલું અને '**અંતરંગ તપ ધ્યાન કે દ્વારા...**' ઓહોહો..! બાહ્ય તપ આદિ છે એ શક્તિ

પ્રમાણે કરે એમ કહે છે. તીર્થંકરો જુઓને, બે અપવાસ કરીને મુનિ થયા ને? એ શક્તિની યોગ્યતા. નહિતર મહા વીર્યવંત હોય છે. જેમ ભગવાન ઋષભદેવે છ મહિનાના અપવાસ કર્યા. ભગવાનને બે દિ'નો અપવાસ. એ જેટલી યોગ્યતા હતી તે પ્રમાણે વ્યવહાર તપ આવ્યો અને તે શુદ્ધ ઉપયોગમાં ઠરવા માટેનું આ નિમિત્ત છે. સમજાણું કાંઈ? માલ છે એ તો અંદર વસ્તુ છે અંતરંગ તપ અને આ જે બાહ્ય તપના વિકલ્પ આદિ કહ્યા એ તો કોથળો, બારદાન છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**શક્તિ કે અનુસાર ઉપવાસ કાયક્લેશાદિ બાહ્ય તપ કરતા હૈ વહ મુનિ અંતરંગ તપ ધ્યાન કે દ્વારા શુદ્ધ આત્મા કા એકાગ્ર ચિત્ત કરકે ધ્યાન કરતા હુઆ નિર્વાણ કો પ્રાપ્ત કરતા હૈ.**' એ તો આવી ગયું છે અંદરમાં. પંચ મહાવ્રતાદિ કીધુંને ત્યાં? અંગીકાર કરકે કહ્યુંને, એ તો આવી ગયું છે પાઠમાં. અંગીકાર કરે છે ત્યાં વિકલ્પ છે છઠ્ઠા ગુણસ્થાનમાં.

'**આગે કહતે હૈં કિ ધ્યાની મુનિ ઐસા બનકર પરમાત્મા કા ધ્યાન કરતે હૈ**'

**तिहि तिण्णि धरवि णिच्चं तियरहिओ तह तिएण परियरिओ।**
**दोदोसविप्पमुक्को परमप्पा झायए जोई।।४४।।**

'**અર્થ :- 'ત્રિભિઃ' મન વચન કાય સે તીન વર્ષા, શીત, ઉષ્ણ તીન કાલયોગોં કો ધારણકર...**' શિયાળામાં, ઉનાળામાં અને ચોમાસામાં. એ ત્રણ. ત્રણ યોગથી રહિત થઈને. ''**ત્રિકરહિતઃ' માયા, મિથ્યા, નિદાન તીન શલ્યોં સે રહિત હોકર,...**' વિશલ્લી કરણેણં આવે છેને? તસ્સઉત્તરીમાં આવ્યું હતુંને તમારે? દેવશીભાઈ! તસ્સઉતરી કર્યું હતુંને? તસ્સઉત્તરી? કર્યું નહિ હોય? એ વખતે કર્યું હશે. એમાં આવે વિશલ્લી કરણે. તસ્સઉત્તરી કરણેણં, ... વિશલ્લી કરણેણ. તમે તો કર્યું હતું કે નહિ તસ્સઉતરીનું? નથી કર્યું? પહેલા પહેલા. ત્રણ યોગ છેને. શિયાળામાં એનું મુખ્ય કારણ ધ્યાનમાં રહે. શિયાળામાં સરોવરને કાંઠે રહે, ઉનાળે પર્વત ઉપર રહે, વર્ષાકાળમાં ઝાડ નીચે રહે એ ત્રણ યોગ કહેવાય. શિયાળામાં– જાડે કે દિન મેં સરોવરને કાંઠે રહે. ઉનાળામાં પર્વતને માથે, ચોમાસામાં ઝાડની નીચે. માથે પાણી પડે ધડાધડ. એ ત્રણ કાળમાં ત્રણ (મન) વચન, કાયથી એ કાળયોગ ધારણ કર. મન, વચન, કાયથી ધારણ કરીને. '**પરમાત્મા ઉનકા ધ્યાન કરતા હૈ.**' છેને? ભાવાર્થમાં છે.

'**ભાવાર્થ :- મન વચન કાય સે તીન કાલ યોગ...**' આ શિયાળો, ઉનાળો. ત્રણ ત્રણ ઋતુ. '**પરમાત્મા કા ધ્યાન કરે...**' પરમ આત્મા પોતે હોં ભગવાન. આહાહા..! પરમસ્વરૂપ ભગવાન એનું ધ્યાન કરે. '**ઈસપ્રકાર કષ્ટ મેં દૃઢ રહે...**' પ્રતિકૂળતાના પવન વાતા હોય, સરોવરને કાંઠે હોય. આહાહા..! શાંત... શાંત... શાંત... આનંદસ્વરૂપમાં રમતાં.

સમતાને પરિણામે રહે એ '**કષ્ટ મેં દૃઢ રહે તબ જ્ઞાત હોતા હૈ કિ ઈસકે ધ્યાન કી સિદ્ધિ હૈ,...**' પ્રતિકૂળતાનો સંયોગ આવ્યા છતાં અંતર આનંદસ્વરૂપના ધ્યાનમાં લીન હોય ત્યારે જાણવું કે આને ધ્યાનની સિદ્ધિ થઈ છે. અંતર્લીન થઈ ગયો, લીન થયો લીન.

મુમુક્ષુ :- એકાગ્ર.

ઉત્તર :- એકાગ્ર લીન થઈ ગયો.

'**કષ્ટ આને પર ચલાયમાન હો જાય તબ ધ્યાન કી સિદ્ધિ કૈસી?**' આહાહા..! રામચંદ્રજી જ્યારે ધ્યાનમાં બેઠા હતા અને કેવળજ્ઞાન પામવાના હતા લ્યો! સીતાજી આવ્યા સ્ત્રીનું રૂપ લઈને. ત્યાં દેવ છે. ચળાવવા. રાવણથી ચળ્યા નહિ, પોતે રામને ચળાવવા આવ્યા. આ વિકલ્પની જાળ. હે રામ! નિદાન કરો તમે, અહીંથી આપણે સ્વર્ગમાં સાથે રહીએ. એ તો આત્માના આનંદમાં ધ્યાનમાં હતા. લીન થઈને કેવળજ્ઞાન પામ્યા છે. રામચંદ્રજી પોતાના સ્વરૂપના ધ્યાનમાં લીન થઈને કેવળજ્ઞાન પામ્યા, આ સીતાજી ચળાવવા આવ્યા. જુઓને વિચિત્રતા ચારિત્રમોહની. અનેક પ્રકારની એ સમયની યોગ્યતા હોય છેને, એવું આવે છે. આહાહા..!

'**કિસી ભી પ્રકાર કી શલ્ય રહને સે ચિત્ત એકાગ્ર નહીં હોતા હૈ,...**' માયાશલ્ય હો, મિથ્યાત્વશલ્ય હો કે નિદાનશલ્ય હો. એ શલ્ય હોય ત્યાં સુધી ચૈતન્યમાં એકાગ્રતા ન હોઈ શકે. આહાહા..! '**કિસી ભી પ્રકાર કી શલ્ય રહને સે ચિત્ત એકાગ્ર નહીં હોતા હૈ, તબ ધ્યાન કૈસે હો? ઈસલિયે શલ્ય રહિત કહા. શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ યથાર્થ ન હો તબ ધ્યાન કૈસા?**' સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ન હો તો એનું ધ્યાન કેવું થાય? એના સ્વરૂપમાં જાય ક્યાંથી? કારણ કે સ્વરૂપ તો દૃષ્ટિમાં આવ્યું નથી. એકલી માખણની વાતું છે આ બધી અત્યારે. '**ઈસલિયે શલ્યરહિત કહા,...**' '**ઈસલિયે દર્શન, જ્ઞાન, ચારિત્ર મંડિત...**' લ્યો! એ માટે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર '**મંડિત કહા,...**' ત્રણથી સહિત કહા.

'**ઔર રાગ-દ્વેષ-ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ રહે તબ ધ્યાન કૈસે હો?**' એ કહ્યુંને? '**दोदोसविप्पमुक्को**' ત્રીજું પદ. રાગ અને દ્વેષ રહે તો ધ્યાન ક્યાંથી આવે? અંદરમાં રહી શકે ક્યાંથી? આહાહા..! બાહુબલીજીને એક જરીક ખટક રહી ગઈ, ધ્યાન ન જામ્યું શ્રેણીનું. આહાહા..! આ બાહુબલી બાર મહિના સુધી આમ (ધ્યાનમાં ઊભા રહ્યા). ભરતને કેમ હશે? ભરતને કેમ હશે? આહાહા..! એવો સૂક્ષ્મ એક ભાવ રહી ગયો રાગ ચારિત્રમોહનો હોં એ. ન થઈ, શ્રેણી ન થઈ. આમ જ્યાં ભરત આવે છે અને પૂજા કરે છે. ઓહો..! આને તો કાંઈ થયું નથી. એકદમ અંદરમાં ઉતર્યા. કેવળજ્ઞાન ઝળહળ જ્યોતિ ચૈતન્ય પ્રભુ. અમારે ત્યાં

કહેવાતું. ૧૯૮૫માં એક વ્યાખ્યાન ચાલતું બહુ સૂક્ષ્મ. બોટાદમાં હજારો માણસની ત્યાં સભા. પાંચમું અધ્યયન હતું. એ બાહુબલીજીના દાખલામાં પછી એમ... આહાહા..! આ તો કેવળજ્ઞાન ફરતું ફરે છે બાહુબલીજીનું આવવા માટે. બહાર આવતું હશે? કેવળજ્ઞાન આંટા મારે છે પણ હજી અંદરમાં... કેવળજ્ઞાન તો અંદરમાંથી આવે.

મુમુક્ષુ :- મહારાજને કેવળજ્ઞાન...

ઉત્તર :- એ પણ કહ્યું હતું એણે. એ કહ્યું હતું. એ વખતે કાંઈક ઝપટ ચાલતી હતી. લોકસાર અધ્યયન. અને ત્યાં તો હજારો માણસો. ત્રણસો તો ઘર. ૮૦ની સાલની વાત છે. આહાહા..! લોકો કહે કે આહાહા..! મહારાજને આમ કેવળજ્ઞાન ફરે છે હોં. અધિકાર આવેને. આહાહા..! લોકોનો પ્રેમ હતોને. ૫૦ વર્ષ પહેલાંની વાત છે.

અહીં તો કીધુંને? કે '**तिहि तिण्णि धरवि णिच्चं तियरहिओ तह तिएण परियरिओ**' છેને? '**तिहि तिण्णि धरवि**' મન, વચન અને કાયા છોડીને ત્રણ વર્ષાયોગ, શિયાળાયોગમાં ધ્યાન કરવું. '**णिच्चं तियरहिओ**' માયા, નિદાન શલ્યથી રહિત. '**तह तिएण परियरिओ**' દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત. '**दोदोसविप्पमुक्को**' રાગ-દ્વેષને છોડીને. આહાહા..! કેમકે જ્યાં સુધી કાંઈપણ પદાર્થમાં ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ રહી જાય તો અંતર વીતરાગી ધ્યાન નહિ થઈ શકે એને. આહાહા..! '**ईसलिये परमात्मा का ध्यान करे वह ऐसा होकर करे,...**' એમ. જે કોઈ આનંદસ્વરૂપ ભગવાન આત્મા એમાં જે ધ્યાન કરે, લીન થાય, એ આવું કરીને કરે એમ કહે છે. માયા, નિદાન છોડીને, દર્શન-જ્ઞાન-ચારિત્ર ગ્રહીને અને ત્રણ કાળ યોગમાં રાગ-દ્વેષ છોડીને ધ્યાન કરે. માર્ગ ભારે ભાઈ! આમાં બહાર પ્રવૃત્તિ શું કરવી ઈ આમાં ન આવે. અંતર પ્રવૃત્તિ વિકલ્પ છે એને પણ છોડીને, એમ કહે છે. આહાહા..! કારણ કે પ્રવૃત્તિના પરિણામનું લક્ષ તો બહાર ઉપર જાય છે અને અહીં તો અંતરના ધ્યેયને, ધ્યાનમાં ધ્યેયને લેવું છે. જે ત્રિકાળી શુદ્ધ છે એને ધ્યાનમાં લેવું છે. આહાહા..!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ વદ ૧૧, મંગળવાર તા. ૧૯-૦૩-૧૯૭૪**
**ગાથા - ૪૫ થી ૪૮, પ્રવચન - ૧૩૧**

આ મોક્ષપાહુડ છે. ૪૫ ગાથા. પહેલા દર્શનનો અધિકાર આવી ગયો દર્શન—સમ્યગ્દર્શન, પછી સમ્યગ્જ્ઞાન, પછી સમ્યક્ચારિત્ર પછી તપ. અને હવે પાછળ રહ્યા થોડા કષાય એના

અભાવનું વર્ણન છે આ. મોક્ષપાહુડ છેને. આખિરની ગાથામાં છેલ્લામાં તો એમ કહ્યું છે આચાર્યે પોતે, જે આ મોક્ષપાહુડને ભણે, સાંભળે, ભાવે એ શાશ્વત સુખને પામશે. છેલ્લી ગાથામાં છે. જે કોઈ ભણે, સાંભળે અને ભાવે. આ મોક્ષપ્રાભૃતને પ્રીતિથી સાંભળે, ભણે અને ભાવે એ શાશ્વત સુખને પામશે એમ કહ્યું છે. આમ તો ભણવામાં, સાંભળવામાં તો શુભવિકલ્પ છે, પણ એમાંથી જે જ્ઞાનમાં લક્ષમાં આવે કે આ આમ કહેવા માગે છે, એ પછી અંતરમાં દૃષ્ટિ કરે ત્યારે તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય. સમજાય છે કાંઈ? એટલે આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તપની વ્યાખ્યા આવી ગઈ અને આ હવે થોડા કષાય બાકી છે એ રહિત થાય તો એને યથાખ્યાત ચારિત્ર થઈ અને પૂર્ણ સુખની પ્રાપ્તિ કરે.

**'આગે કહતે હૈં કિ જો ઈસપ્રકાર હોતા હૈ...'** આ જે કહેશે એ પ્રકારે થાય **'વહ ઉત્તમ સુખ કો પાતા હૈ-'**

**मयमायकोहरहिओ लोहेण विवज्जिओय जो जीवो।**
**णिम्मलसहावजुत्तो सो पावइ उत्तमं सोक्खं।।४५।।**

મદમાં માન નાખ્યું છે. મૂળ તો ક્રોધ, માન, માયા, લોભ ચાર છે.

**'અર્થ :- જો જીવ મદ,...'** નામ માન, અભિમાન **'સે રહિત હો...'** **'માયા,...'** કપટસે રહિત હો. **'ક્રોધ સે રહિત હો ઔર લોભ સે તો વિશેષરૂપ સે રહિત હો...'** છેને? મૂળ પાઠમાં છેને. **'लोहेण विवज्जिओय'** વિશેષે વર્જન કરે. પહેલો તો આત્મા શુદ્ધ ચૈતન્ય પૂર્ણ આનંદ છે એની અંતર દૃષ્ટિ કરીને સમ્યગ્દર્શન કરવું અને એના પછી વિશેષ નિર્મળ જ્ઞાન કરવું અને એના પછી સ્વરૂપમાં રમણતારૂપ ચારિત્ર કરવું, એના પછી ઉગ્ર પુરુષાર્થ કરીને, ઈચ્છા નિરોધ કરીને તપ કરવું. એમ ક્રમ લીધો છે આમાં. **'લોભ સે તો વિશેષરૂપ સે રહિત હો...'** ચાર કષાય બાકી રહ્યા હજી એને ટાળીને. યથાખ્યાત ચારિત્ર કહેશે અર્થમાં. **'વહ જીવ નિર્મલ વિશુદ્ધ સ્વભાવયુક્ત હોકર...'** નિર્મળ વિશુદ્ધ, શુદ્ધ આનંદ અને શાંતિના ચારિત્રયુક્ત હોકર **'ઉત્તમ સુખ કો પ્રાપ્ત કરતા હૈ.'** પરમાનંદરૂપી મુક્તિ તેને પ્રાપ્ત કરે છે.

**'ભાવાર્થ :- લોકમેં ભી ઐસા હૈ કિ જો મદ અર્થાત્ અતિ માની...'** હોય એ દુઃખ પામે, સુખ ન પામે. લૌકિક લોકમાં-સાધારણમાં એમ કહે છે. **'ઔર માયા કપટ ઔર ક્રોધ ઈનસે રહિત હો ઔર લોભ સે વિશેષ રહિત હો,...'** તો લૌકિકમાં એને સાધારણ રીતે આકુળતા ઓછી થાય. **'તીવ્રકષાયી અતિ આકુલતાયુક્ત હોકર...'** અતિ માની, કપટી, લોભી અને ક્રોધી. **'અતિ આકુલતાયુક્ત સહિત હોકર નિરંતર દુઃખી રહતા હૈ, અતઃ યહી રીતિ મોક્ષમાર્ગ મેં ભી જાનો...'** સંસારના માર્ગમાં પણ તીવ્ર માની, અભિમાની દુઃખી હોય છે, તીવ્ર આકુળતા હોય છે. તો મોક્ષમાર્ગને વિષે પણ એમ

જાણો. '**જો ક્રોધ, માન, માયા, લોભ ચાર કષાયોં સે રહિત હોતા હૈ, તબ નિર્મલ ભાવ હોતે હૈં...**' છેને? યથાખ્યાત સુધી લઈ જાય છે. '**તબ યથાખ્યાત ચારિત્ર પાકર ઉત્તમ સુખ કો પ્રાપ્ત કરતા હૈ.**' સમ્યગ્દર્શનને માંડીને કષાયનો અભાવ (થાય) ત્યારે તેને મુક્તિનું સુખ મળે છે.

'**આગે કહતે હૈં, જો વિષય કષાયોં મેં આસક્ત હૈ, પરમાત્માકી ભાવના સે રહિત..**' બાહ્યના પદાર્થ ઉપરના લક્ષમાં, વિષયમાં અને કષાયમાં આસક્ત છે એ અંતરના પરમાત્માના વિષયમાં આવી નહિ શકે. સમજાણું કાંઈ? વહ '**પરમાત્માકી ભાવના સે રહિત હૈ, રૌદ્રપરિણામી હૈ, વહ જિનમત સે પરાઙ્મુખ હૈ, અતઃ વહ મોક્ષ કે સુખોં કો પ્રાપ્ત નહીં કર સકતા–**'

**विसयकसाएहि जुदो रुद्दो परमप्पभावरहियमणो।**
**सो म लहइ सिद्धिसुहं जिणमुद्दपरम्मुहो जीवो।।४६।।**

રુદ્રની વ્યાખ્યા આપી શંકરની.

'**અર્થ :- જો જીવ વિષય-કષાયોં સે યુક્ત હૈ,...**' હર્ષસહિત વિષયકષાય મેં પ્રવર્તના હૈ. '**રૌદ્રપરિણામી હૈ, હિંસાદિક વિષય-કષાયાદિક પાપોં સે હર્ષસહિત પ્રવૃત્તિ કરતા હૈ...**' હરખ-હરખ. પાપના ભાવમાં, વિષયના ભાવમાં જેને હરખ છે, ઉત્સાહ છે, એને પરમાત્મસ્વરૂપ પ્રત્યે ઉત્સાહ, રસ અને રુચિ નથી આવતી. આમ જેને હરખ છે એને આત્મામાં હરખ નહિ આવે એમ કહે છે. '**જિસકા ચિત્ત પરમાત્મા કી ભાવના સે રહિત હૈ ઐસા જીવ જિનમુદ્રા સે પરાઙ્મુખ...**' દિગંબર મુદ્રા બાહ્યમેં અને અંતર વીતરાગ મુદ્રા. અંતર વીતરાગ જેનું મુદ્રા—સ્વરૂપ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બહારના ઉપર લક્ષ કરીને રાગાદિ.

મુમુક્ષુ :- બધા? બહારના બધા?

ઉત્તર :- બહારના બધાય.

મુમુક્ષુ :— ...

ઉત્તર :- પરનો વિષય કીધો હતો ને ઇન્દ્રિય ત્રણેય. જડ ઇન્દ્રિય, ભાવ ઇન્દ્રિય અને ઇન્દ્રિયના વિષયો બધા ઇન્દ્રિય કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રુદ્ર, અહીં રુદ્રનો તો દાખલો આપ્યો છે શંકરનો. મોટી કથા છે. ટીકામાં મોટી કથા છે. ઘણાં પાનામાં ટીકા છે. પણ અહીં તો સાધારણ રીતે જેના પરિણામ રુદ્ર હશે,

આકરા તીવ્ર કષાય પ્રત્યે, એને ભગવાન પરમાત્મા પ્રત્યેની દૃષ્ટિ થશે નહિ. જેની પરમાં સાવધાની છે એને સ્વમાં સાવધાની નહિ થાય. એ કહ્યુંને જુઓને. વિષય કષાય '**जुदो रुद्दो**' આકરા પરિણામ છે એમ લીધું સાધારણ. બાકી છે તો રુદ્ર અને જિનમુદ્રા. '**जिणमुद्दपरम्मुहो**' જિનમુદ્રા અંતર વીતરાગભાવ. 'સમામૃત સેઈએ.' આવે છેને ઈ? 'રાગ દાહ દહે સદા, તાતૈ સમામૃત સેઈએ.' રાગની આકુળતા છોડીને, જેને રાગની આકુળતા રહ્યો તે પરમાત્મા પ્રત્યેની નિરાકુળતા તરફ નહિ જઈ શકે. જે પરમાત્મા પોતાનું પરમસ્વરૂપ, પરમાત્મા પોતે પરમસ્વરૂપ ધ્રુવ નિત્યાનંદ એની જેને સાવધાની છે એને પર પ્રત્યેની સાવધાની હોય નહિ.

'**ઐસા જીવ જિનમુદ્રા સે પરાઙ્મુખ હૈ...**' એ તો જિનમુદ્રા વીતરાગ દિગંબર વેષ ધારણ કર્યો હોય તોપણ એનાથી ભ્રષ્ટ થઈ જશે. એ શંકરની મોટી વાત છે આમાં. રુદ્ર શબ્દ પડ્યો છેને એમાં. '**ઐસે સિદ્ધિસુખ જો મોક્ષ કે સુખ કો પ્રાપ્ત નહીં કર સકતા.**' વિષય, કષાયની જેને પ્રીતિ અને રુચિ અંદર છે એણે જિનમુદ્રા બાહ્યમાં ધારણ કરી હોય તોપણ એ ભ્રષ્ટ થઈ જશે. સમજાણું? દિગંબર મુદ્રા ધારણ કરી હોય બાહ્યમાં, પણ જેને વિષય-કષાય પ્રત્યે હરખ, હરખ છે વિષય-કષાયમાં એ જિનમુદ્રા ભાવમાં પણ નહિ રહી શકે અને દ્રવ્યમુદ્રા પણ એ નહિ રહી શકે. નગ્નપણું નહિ રહી શકે એને. મુનિપણું ધારણ કર્યું હતુંને એ? શંકરની વાત છે. પછી ભ્રષ્ટ થઈ ગયા વિષય-કષાયની લોલુપતામાં. પછી તો બહારની મુદ્રા પણ ભ્રષ્ટ થઈ ગઈ, નગ્નપણું રહ્યું નહિ. '**ઐસે સિદ્ધિસુખ જો મોક્ષ કે સુખ કો પ્રાપ્ત નહીં કર સકતા.**'

'**ભાવાર્થ :- જિનમત મેં ઐસા ઉપદેશ હૈ કિ જો હિંસાદિક પાપોં સે વિરક્ત હો,...**' હિંસા, જૂઠું, વિષયભોગ આદિથી વિરક્ત હો. '**વિષય-કષાયોં સે આસક્ત ન હો...**' જેને વિષય-કષાયમાં તીવ્ર હરખ ન હોય '**ઔર પરમાત્મા કા સ્વરૂપ જાનકર...**' આ તો અંતર નિવૃત્તસ્વરૂપ, ભગવાન આત્મા નિવૃત્તસ્વરૂપ છે એની જેને ભાવના હોય '**વહ જીવ મોક્ષ કો પ્રાપ્ત કર સકતા હૈ...**' અંતર સ્વભાવ અતીન્દ્રિય આનંદ એના પ્રત્યેનું જેને સાવધાનપણું છે એ મોક્ષને પ્રાપ્ત કરી શકશે અને જેને વિષય-કષાયનું સાવધાનપણું છે એને આત્માનું તો ... હોય. લૌકિક સુખમાં રહેશે અને દુઃખી થશે. આહાહા..! એમ કહીને એમ પણ કહે છે કે જૈનમુદ્રા, જૈનદર્શનમાં તો નગ્નપણું એ મુદ્રા હોય છે. વસ્ત્રસહિતપણું એ જિનમુદ્રા નહિ, મુનિપણાનો એ ભેખ નહિ. આહાહા..! જેને અંતરમાં વીતરાગતા સ્વરૂપની સાવધાની, શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની પ્રગટી છે એને બાહ્ય મુદ્રા, નગ્ન મુદ્રા જ થઈ જાય. બાહ્યમાં વસ્ત્રાદિ હોય અને એમ કહે કે અમારે અંતરમાં મુનિપણું પ્રગટ્યું છે એ વાત તદ્દન જૂઠી છે.

મુમુક્ષુ :- એને અનુભવ હોય તો?

ઉત્તર :- કોને?

મુમુક્ષુ :- બહાર વસ્ત્ર હોય અને અંદરમાં એને અનુભવ હોય.

ઉત્તર :- અનુભવ હોય નહિ મુનિપણાનો. કોઈએ વસ્ત્ર નાખી દીધું હોય તો ભલે, ધ્યાનમાં. વસ્ત્ર પડ્યું છે. નવ કોટીએ ત્યાગ નથી, કાયા વડે પણ જેનો ત્યાગ વસ્ત્રનો નથી એને કોઈ દિ' મુનિપણું આવી શકે જ નહિ. એવો માર્ગ છે. જિનમુદ્રાનો અંદર .. એ માટે.

જેને અંતર સમ્યગ્દર્શન પ્રગટ્યું છે પહેલું તો, એ તો બધી વાત કરતા જાય છે, પછી સમ્યગ્જ્ઞાનની શુદ્ધિ વધી છે, પછી સ્વરૂપમાં ચારિત્રની રમણતા પણ કરે છે, પછી વિશેષ પુરુષાર્થ કરીને તપ કરે છે એ તપ એટલે ઈચ્છા નિરોધ કરીને અમૃતના સાગરને ઉછાળે છે અંદર. આહાહા..! એ જીવને કાંઈક ક્રોધ, માન, માયા આદિ રહ્યા હોય એને છોડીને વીતરાગ મુદ્રા પાક્કી કરે અને એવી મુદ્રાવાળાને નગ્નપણું જ હોય. મુનિ હોય એને નગ્નપણું જ હોય. કોઈ કહે કે અમે વસ્ત્ર રાખીને અમને મુનિપણું આવ્યું છે અંદરમાં, એ વાત તદ્દન જૂઠી અજ્ઞાનીની માનેલી છે એમ કહેવા માંગે છે. વસ્ત્ર રાખવાનો ભાવ છે એ રાગ છે, તીવ્ર રાગ છે. પાતરા રાખવાનો, વસ્ત્ર રાખવાનો. એને મુનિપણું હોઈ શકે જ નહિ. સંપ્રદાયની આ વાત નથી. વસ્તુનું સ્વરૂપ એવું છે.

'**ઈસલિયે જિનમત કી મુદ્રા સે...**' વીતરાગભાવ અંદર અને બાહ્ય વીતરાગ મુદ્રા, નગ્ન મુદ્રા. પછીની ગાથામાં કહેશે કે '**जिणमुद्दं सिद्धिसुहं**' બાહ્ય નગ્નપણું નિમિત્તપણે છે, અંતર વીતરાગભાવ એ જિનમુદ્રા નિશ્ચય છે. આહાહા..! '**વહ તો સંસાર મેં ભ્રમણ કરતા હૈ.**' લ્યો! '**યહાં રુદ્ર કા વિશેષણ દિયા હૈ, ઉસકા ઐસા ભી આશય હૈ કિ રુદ્ર ગ્યારહ હોતે હૈં,...**' દેખો! શંકર. આ થાય છેને રુદ્ર અગિયાર. '**યે વિષય-કષાયોં મેં આસક્ત હોકર જિનમુદ્રા સે ભ્રષ્ટ હોતે હૈં,...**' પહેલું નગ્નપણું ધારણ કર્યું હતું. પીછે વિદ્યાઓ ઘણી સાધેલી એમાં વિષય-કષાયમાં લોલુપી થઈ ગયા. જિનમુદ્રાથી ભ્રષ્ટ થઈ ગયા. '**ઈનકો મોક્ષ નહીં હોતા હૈ, ઈનકી કથા પુરાણોં મેં જાનના.**' લ્યો! મોટી કથા છે આમાં. ઘણા પાના ભરીને લાંબી... લાંબી... લાંબી... રુદ્રની કથા. આમ ભાવથી રુદ્રપણું જેને છે એને પણ જિનમુદ્રા નહિ પ્રગટે. રાગની તીવ્રતા, પાપની તીવ્રતા એને બાહ્ય નગ્નપણું નહિ રહી શકે અને એના અંદરમાં વીતરાગતા ભાવ નહિ આવી શકે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ રુદ્ર શંકરની વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અત્યારે નથી. અહીં તો આ રુદ્ર શંકરનું લેવું છે. અને બાહ્યથી જે રૂપ લીધું. કીધુંને રુદ્ર? એ વાત કરી હતી. એમાં કહ્યું **'हिंसादि विषय-कषायो में पापों में हर्षसहित प्रवृत्ति वह रुद्र.'** રુદ્ર પરિણામી.

મુમુક્ષુ :- રુદ્ર પરિણામ એ રૌદ્રધ્યાન?

ઉત્તર :- રૌદ્ર ધ્યાન. એ તો ઠીક.

અહીં તો આત્મા ત્રિકાળ જે સ્વભાવ શુદ્ધ છે એ તરફની સાવધાની જેને છે અને સ્વરૂપની ચારિત્રદશા છે એને જિનમુદ્રા નગ્ન જ હોઈ શકે છે અને જે જિનમુદ્રા નગ્ન.. પણ વિષય-કષાયમાં પરમાં તત્પર રહે તે .. શકશે નહિ. મુનિ કોને કહેવા એ વાત... અત્યારે બધા સાધુ છીએ ને સાધ્વી છીએ ને.. એ બધા ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. ઓહો..! અંતરમાં વીતરાગ મુદ્રા સ્વભાવને આશ્રયે વીતરાગ ધારા વહે એને બાહ્યમાં નગ્ન મુદ્રા થઈ જાય. પણ નગ્ન મુદ્રા ધારણ કરે અને અંદરમાં વીતરાગભાવ નથી અને વિષય-કષાયમાં લોલુપી થઈ જાય તો એને બાહ્ય નગ્નપણું પણ રહી શકશે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! મોટી કથા પુરાણમાં છે.

**'આગે કહતે હૈં કિ જિનમુદ્રા સે મોક્ષ હોતા હૈ, કિંતુ યહ મુદ્રા જિન જીવોં કો નહીં રુચતી હૈ...'** નગ્નપણું હજી સ્વપ્નામાં આવે તો રુચે નહિ કહે છે. એમ કહે છે. નગ્નદશા, દિગંબરદશા દેખીને ભડકે. આવો માર્ગ હોય? સમજાણું કાંઈ? **'जिणमुद्दं सिद्धिसुहं'** અહીં તો સીધી વાત કરી જુઓ.

**जिणमुद्दं सिद्धिसुहं हवेइ णियमेण जिणवरुद्दिट्ठं।**
**सिविणे वि ण रुच्चइ हुण जीवा अच्छंति भवगहणे।।४७।।**

મૂળ તો નગ્નપણું, દિગંબરપણું બાહ્ય અને અભ્યંતરથી વર્ણન કરે છે.

**'અર્થ :- જિન ભગવાન કે દ્વારા કહી ગયી...'** ભગવાન જિનવરે કહેલી. છેને એમાં? **'जिणवरुद्दिट्ठं'** વીતરાગે તો કહી છે નગ્ન મુદ્રા બાહ્ય. એ વીતરાગના માર્ગમાં હોય છે. આ બધો પછી ભ્રષ્ટ થયા તત્ત્વદૃષ્ટિથી ત્યારે આ શ્વેતાંબર પંથ નીકળ્યો. એમાં સ્થાનકવાસી હમણાં નીકળ્યા, બધા સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ થઈને. સમજાણું કાંઈ? આવું છે આ. માર્ગ લોકોને એવું લાગે. **'જિન ભગવાન કે દ્વારા કહી ગયી જિનમુદ્રા હૈ વહી સિદ્ધિસુખ હૈ,...'** બાહ્યની જિનમુદ્રા તો નિમિત્તરૂપી કારણ છે અને અંતરની વીતરાગ મુદ્રા એ વાસ્તવિક કારણ છે. એ તો આગળ આવી ગયું છેને આપણે, નહિ? ભાવપાહુડમાં. તીર્થંકર પણ હોય, પણ વસ્ત્રસહિત હોય તો મુનિ નહિ થઈ શકે, મોક્ષ નહિ જાય. તીર્થંકર જેવા, જેને મોક્ષ નક્કી છે એ ભવમાં. જેની દીક્ષામાં ઇન્દ્રો આવે છે જેના જન્મમાં. એ પણ જો વસ્ત્રધારી જ્યાં સુધી રહેશે ત્યાં સુધી સાધુ નહિ થઈ શકે. સમજાણું કાંઈ? એ ગાથાઓ આવી ગઈ છે

બધી.

**'સિદ્ધિસુખ હૈ, મુક્તિસુખ હી હૈ, યહ કારણ મેં કાર્ય કા ઉપચાર જાનના,...'** છેને? બાહ્ય મુદ્રા તો કારણ નિમિત્ત છે, પણ એમાં કાર્ય એનાથી સુખ મળશે એમ કહેવામાં આવે છે. આહાહા..! **'ઐસી જિનમુદ્રા જિનભગવાન ને જૈસી કહી હૈ વૈસી હી હૈ. ઐસી જિનમુદ્રા જિસ જીવ કો સાક્ષાત્ તો દૂર હી રહો,...'** આમ નગ્નપણું, દિગંબરપણું, ભાવ દિગંબર અને બાહ્ય દિગંબર એને દેખીને તો ભ્રષ્ટ ભલે હો, પણ **'સ્વપ્ન મેં ભી કદાચિત્ નહીં રુચતી હૈ,...'** સપનું આવી જાય કે મુનિ આવા નગ્ન દિગંબર. ઉંહું..! માર્ગ બાપુ એવો ઝીણો છે. દિગંબર ધર્મ એ કોઈ સનાતન ચીજ છે અને આ પછી પંથ નીકળ્યા બધા શ્વેતાંબર ને સ્થાનકવાસી ને આ તેરાપંથ ને તુલસી-તુલસી એ બધા જૈનધર્મ નથી, એ જૈનમાર્ગ જ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિહ્નવ કહે, દિગંબરને નિહ્નવ કહે છે લોકો. ગાથાઓમાં વિશેષ આવશે. મોટી કથા છે. વિશેષ આવશે. આહાહા..! પોતાનો બચાવ કરવા તો ઊભું તો કર્યું હોયને.

વીતરાગ તીર્થંકરદેવ. છેને? **'जिणवरुद्दिट्ठं'** જિનવરે જે કહ્યો એ માર્ગ અનાદિનો બાહ્ય દિગંબર હો અને અંતર વીતરાગભાવ હોય એને ભગવાને મુક્તિનો માર્ગ કહ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો કામ ભારે ભાઈ! તકરાર ... વાદવિવાદ ને ઝઘડા. આહાહા..! હમણાં તો આ ૨૫૦૦ વર્ષ ભગવાનનો ઉજવે છે. કોઈ સાથે વેર-વિરોધ ન કરવો. પ્રેમ રાખવો. પણ વસ્તુસ્થિતિ છે તેમ એને જાણવી જોઈએ. ભગવાનને ૨૫૦૦ વર્ષ થયા મોક્ષ પધાર્યા. તો એને સૌ બધા ભેગા થઈને પ્રમોદથી ઉજવે મહોત્સવ એ જાતનો. એ જાતનો એક શુભભાવ છે. શુભભાવ હોં! શુભભાવ. ભાઈએ કહ્યું હતું એમ એણે કહ્યું હતું જયપુરમાં. શાહુજી. શાહુજીએ પૂછ્યું કે આ શું? કે ભાઈ એ વિરોધ કરે ત્યાં વિરોધ અત્યારે ન કરવો. કર્યા હતા ને એ ચંદ્રશેખર ને રામવિજય ને બહુ વિરોધ કરે છે. એ તો કહે પચાસ લાખ જે આપે છે એ બંધ કરો. કોણ કરે ભાઈ! હવે શું કામ છે તારે? સૌની શક્તિ પ્રમાણે બિચારા કરશે. તમને ન રુચે તો તમારે પ્રમાણે કરો. કોણ ના પાડે છે? પણ કરે છે એનો બહુ વિરોધ, ઘણો વિરોધ. ચંદ્રશેખર છેને એ? જીવા પ્રતાપનો દીકરો છે. એનો ભત્રીજો, ભત્રીજો છે, જીવા પ્રતાપનો. બહુ વિરોધ, ઘણો વિરોધ. જાણે જૈનધર્મ તો રાષ્ટ્રીય ધર્મમાં ઉજવાય છે માટે જૈનધર્મનું નિકંદન થઈ જશે. એ તો લોકો બિચારા પોતાની દૃષ્ટિ પ્રમાણે (માને). શુભભાવ હોય, ભગવાનનું સ્મરણ કરે, યાદ કરે, જગતમાં જાહેર કરે કે ભગવાન થઈ ગયા છે. ૨૫૦૦ વર્ષ પહેલાં પરમાત્મા વીતરાગદેવ જેની મુક્તિ થઈ છે. આહાહા..! એના સ્મરણે... આવે

છેને પાંચમાં ભાઈ નહિ? પાંચમી ગાથામાં. જેનું નામસ્મરણ પણ... વ્યવહાર છેને. ભાવ યાદ આવે છે. નામ માટે આવો એનો ભાવ હતો. આહાહા..!

ચારિત્ર વીતરાગતા જે ભગવાનની હતી એ નામસ્મરણમાં એનું સ્મરણ આવે છે એ. આહાહા..! આવી વીતરાગતા. શાંતરસમાં, શાંતરસમાં ઝૂલતા હતા. આહાહા..! મુનિપણું તો બાપુ! નમુનો મળવો મુશ્કેલ છે. સમજાણું કાંઈ? આહાહા..! હજી તો સમ્યગ્દર્શનના ઠેકાણા ન મળે એને મુનિપણા ક્યાંથી આવે? કહો, વીરચંદભાઈ! આવી વાત છે. પણ વાડાવાળાને એવું લાગે. પણ એટલી ખબર નથી કે એમાં અમે હતા ને છોડ્યું છે તો કાંઈક કારણ હશે કે નહિ? ... બાપુ! બેય પક્ષ હોય છેને. આહાહા..!

મુમુક્ષુ :- એ તો અનુભવ કરે...

ઉત્તર :- અંદર દૃષ્ટિમાં વિચાર કરે, મનન કરે, મેળવે તો ખબર પડે. આ વીતરાગ માર્ગે તો, તીર્થંકરોએ તો જેવા જન્મજાત જન્મ્યા છે તેવું રૂપ એનું દેખેલું છે. માતાએ જેવો જન્મ્યો એવું મુનિનું રૂપ હોય. સ્ત્રીને તો મુનિપણું આવી શકે જ નહિ. સમજાય છે? એ તો મુનિપણું હોય જ નહિ એને. પણ પુરુષને મુનિપણું હોય એ નગ્ન દશા થઈ જાય અને અંદરમાં વીતરાગભાવ આવે એને જિનવરે જિનમુદ્રા કહેવામાં આવે છે. આહાહા..!

વીતરાગભાવ મોક્ષનું કારણ છેને? તો વીતરાગભાવ તો દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા થાય ત્યારે વીતરાગભાવ વધારે થાય. આહાહા..! અને દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા હોય ત્યાં આગળ શરીરમાં વસ્ત્ર-પાત્ર હોઈ શકે જ નહિ, રહી શકે જ નહિ. આહાહા..! ત્યારે વળી ઓલો એમ કહે છે રતનચંદજી... એને બિચારાને બેઠું હોય એમ કહે ને. શું કરે? કે જ્યારે પરદ્રવ્યનું કાંઈ ન કરી શકે તો નગ્નપણું આત્મા ન કરી શકે, તો નગ્નપણું ન હોય તોપણ મુનિપણું આવે. એવું નાખ્યું. અરેરે..!

મુમુક્ષુ :- એ નગ્નપણું પ્રગટ...

ઉત્તર :- એ તો એની મેળાએ એવું થયા વિના રહે નહિ.

મુમુક્ષુ :- એ તો એને કારણે.

ઉત્તર :- એને કારણે થાય છે. આત્મા લૂગડા ઉતારી શકે છે? કપડા ઉતારી શકે છે? જડની ક્રિયા આત્મા કરી શકે છે? ભારે કામ ભાઈ આકરું. આહાહા..!

જિનમુદ્રા ભગવાને કહી છે. '**જૈસી કહી હૈ વૈસી હી હૈ. ઐસી જિનમુદ્રા જિસ જીવ કો સાક્ષાત્ તો દૂર હી રહો, સ્વપ્ન મેં ભી કદાચિત્ ભી નહીં રુચતી હૈ...**' આવે છેને? '**सिविणे वि**' ત્રીજું પદ છે. સ્વપ્નામાં પણ આમ મુદ્રા દેખાય નગ્ન. ઉંહું.. હું... હું... આ નાગા. '**ઉસકા સ્વપ્ન આતા હૈ તો ભી અવજ્ઞા હોતી હૈ તો વહ**

**જીવ સંસારરૂપ ગહન વન મેં રહતા હૈ,...**' છેને? '**ण रुच्चइ हुण जीवा अच्छंति भवगहणे**' મોટો ભવસમુદ્ર અનંત સંસાર. આહાહા..! ભવસિંધુમાં ઊંડો ઉતરશે. આહાહા..! '**અવજ્ઞા હોતી હૈ...**' અરે આ! માર્ગ આવો હોય? નાગા? એ તો ભગવાને કહ્યું છે કુંદકુંદાચાર્યે નાગા. 'નગ્ગે મોક્ખો ભણિયો, શેષ ઉમગ્ગા.' નાગાનો મોક્ષ છે. એ સિવાય જેટલા માર્ગ એ બધા ઉન્માર્ગ છે. એ ગાથા આવી ગઈ છે. આવ્યું છે. ... 'જાતિ વેશનો ભેદ નહિ...' ભાઈ તે દિ' લખ્યું હતું એ પણ પાછું કહ્યું છેને બીજું. 'નગ્ગે મોક્ખો ભણિયો' પાઠ છે એમાં. નાગાનો મોક્ષ હોય, એ સિવાય જેટલા માર્ગ એ બધા ઉન્માર્ગ છે. આહાહા..! જેને એ નગ્નમુદ્રા અને વીતરાગભાવ રુચતો નથી એને રાગ અને બાહ્ય રુચે છે, એ સંસારરૂપી ગહન વનમાં રખડશે. આહાહા..! '**મોક્ષ કે સુખ કો પ્રાપ્ત નહીં કર સકતા.**'

'**ભાવાર્થ :- જિનદેવભાષિત...**' વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરે '**ભાષિત જિનમુદ્રા મોક્ષ કા કારણ હૈ...**' દિગંબરદશા—બાહ્ય અંતર દિગંબર દશા. વસ્ત્રની લાગણી નહિ, વિકલ્પની લાગણી નહિ અને વસ્ત્ર રાખવાની વૃત્તિ નહિ. આહાહા..! ભારે કઠણ ભાઈ! ઓલા આનંદઘનજી કહે 'જેનો પક્ષ લઈને બોલું તે મનમાં સુખ માણે.' આહાહા..! આ ઠીક. 'જેનો પક્ષ મૂકીને બોલું તે મનમાં સુખ તાણે.' કહો, સમજાણું કાંઈ? ગીરધરભાઈ! હવે તમારે ક્યાં છે? હવે તમે તો આવ્યા છો આમાં. વસ્તુસ્થિતિ એવી છે. અનાદિ અનંત તીર્થંકરોએ કહેલો માર્ગ બાહ્ય અને અભ્યંતર નગ્નદશા, દિગંબરદશા એને માર્ગ કહ્યો છે. એ સિવાય જેટલા શાસ્ત્રમાં લખ્યું હોય કે વસ્ત્રસહિત પણ મુનિપણું (હોય), એ શાસ્ત્ર નથી, એ કુશાસ્ત્ર છે. છોટુભાઈ!

'**જિનદેવભાષિત જિનમુદ્રા મોક્ષ કા કારણ હૈ વહ મોક્ષરૂપ હી હૈ,...**' વીતરાગભાવ એ. અંદરનો અકષાય સ્વભાવ વીતરાગભાવ એ '**મોક્ષ(રૂપ) હી હૈ,...**' મોક્ષનું કારણ કહો તો એને મોક્ષ પણ કહો. મોક્ષરૂપી છે આવે છે. મોક્ષતત્ત્વ આવે છેને પ્રવચનસારમાં? મોક્ષમાર્ગ, મુનિ છે એ મોક્ષતત્ત્વ જ છે. છેલ્લી પાંચ ગાથામાં. આ વાડા બાંધીને બેઠા એને ભારે આકરું પડે માણસને. લ્યો, એક જણો તો એમ કહે છે કે એ દિગંબરના શાસ્ત્રમાં એમ (કહ્યું છે), અમારા શાસ્ત્રમાં તો મહાવ્રતને સંવર કહ્યો છે. વળી એમ કહે છે એ. દિગંબરના શાસ્ત્રમાં ભલે મહાવ્રતને આસ્રવ કહ્યો હોય, પણ અમારા શાસ્ત્રમાં મહાવ્રતને સંવર કહ્યો. વાત સાચી, એના શાસ્ત્રમાં નિર્જરા કીધી છે. ઠાણંગમાં પાંચમે ઠાણે. કલ્પિત બનાવેલા શાસ્ત્રો બધા ૩૨-૪૫ (સૂત્ર). ભગવાનના કહેલા નહિ. મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું, એવો ક્યો ઉપદેશ છે કે સર્વને ઠીક પડે? આહાહા..! વાત આ છે.

'**ક્યોંકિ જિનમુદ્રા કે ધારક વર્તમાન મેં ભી સ્વાધીન સુખકો ભોગતે હૈં...**' અંદર આનંદને ભોગવે છે. મુનિ છે એ અંતરમાં દર્શન-જ્ઞાન-ચારિત્રથી અતીન્દ્રિય આનંદનો અનુભવ

કરે છે. અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે એને મુનિ કહીએ. આ તો અતીન્દ્રિય આનંદની વાતેય નહિ, ગંધેય ન મળે ત્યાં. આહાહા..! **'સ્વાધીન સુખકો ભોગતે હૈં...'** દેખો! સ્વ-આધીન. અતીન્દ્રિય આનંદસ્વરૂપ સમ્યગ્દર્શન થતાં આત્માના સુખનો સ્વાદ અંશે આવે અને પંચમ ગુણસ્થાને શ્રાવક થતાં એ આનંદનો અંશ વિશેષ આવે અને મુનિ થતાં તો આનંદ સ્વસંવેદન પ્રચુર આવે. હવે એ તો વાત ન મળે ગંધ. આ મહાવ્રત પાળો ને આ કરો ને આ છોડો ને આ કરો, દીક્ષા લઈ લ્યો. આહાહા..! **'જિસ જીવકો વહ નહીં રુચતી હૈ વહ મોક્ષ કો પ્રાપ્ત નહીં કર સકતા,...'** એ ૪૭ થઈ.

**'આગે કહતે હૈં કિ જો પરમાત્મા કા ધ્યાન કરતા હૈ...'** પરમાત્મા નામ પોતાનું નિજ સ્વરૂપ શુદ્ધ જ્ઞાનઘન, આનંદઘન, પરમપારિણામિક સ્વભાવરૂપ પરમાત્મા પોતે. આહાહા..! પોતાનું જે ધ્યાન કરે છે **'વહ યોગી લોભરહિત હોકર...'** **'मलदलोहेण'** એમ છેને? **'નવીન કર્મ કા આસ્રવ નહીં કરતા હૈ -'**

**परमप्पय झायंतो जोई मुच्चेई मलदलोहेण।**
**णादियदि णवं कम्मं णिद्दिट्ठं जिणवरिंदेहिं।।४८।।**

આહાહા..! જુઓને, કુંદકુંદાચાર્યને પણ ગાથામાં જિનવરે કહ્યું... જિનવરે કહ્યું... એમ કહેવું પડે છે. નહિતર તો એ તો મુનિ છે, એ કહે છે એ સત્ય છે. ભગવાન આમ કહે છે, ભાઈ! આહાહા..! જિનવરદેવ વીતરાગ પરમેશ્વર તીર્થંકરદેવ એણે તો આમ કહ્યું છે. આહાહા..!

**'અર્થ :- જો યોગી ધ્યાની પરમાત્મા કા ધ્યાન કરતા હુઆ રહતા હૈ...'** મુનિને તો અંદર ધ્યાન અને સ્વાધ્યાય બે જ ચીજ હોય, બીજી ચીજ ન હોય. આહાહા..! જે કોઈ આત્મા. યોગી એટલે સ્વરૂપમાં જોડાણ કરનાર. શુદ્ધ આનંદઘન પ્રભુ આત્મા એમાં જેની પરિણતિ જોડાણ થઈ ગઈ છે. આહાહા..! જેની વર્તમાન શુદ્ધ પરિણતિ-પર્યાય ધ્રુવમાં જેનું જોડાણ થઈ ગયું છે એને અહીંયાં યોગી કહેવામાં આવે છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ પણ જઘન્ય યોગી છે. મુનિ છે એ ઉત્કૃષ્ટ યોગી છે. ઓલા અન્યમતના બાવા કહે એ નહિ હોં. ઓલા બાવા યોગી કહેવાય એ તો બધા ભાન વિનાના ભ્રષ્ટ છે. આ તો પરમાત્મા જિનવરે કહેલો આત્મા એમાં જેની દૃષ્ટિ જોડાઈ છે અને જેમાં સ્થિરતા દ્વારા જામી ગયા છે અંદર. આહાહા..! જેને અતીન્દ્રિય આનંદની છોળ ઉઠે છે, અતીન્દ્રિય આનંદની જેને લહેરના સ્વાદ આવે છે અંદર. આહાહા..!

**'વહ મલ દેનેવાલા લોભકષાય સે છૂટતા હૈ...'** એમ લીધું જોયું! **'मलदलोहेण'** એમ છેને? **'मलदलोहेण'** એમ. મળના દેનારો લોભ. પર પ્રત્યેની કોઈપણ ઈચ્છા મેલને

દેનારો લોભ એમ. એમ ભાષા લીધી છે. 'ક્યા ઈચ્છત ખોવત સબૈ, હૈ ઈચ્છા દુઃખ મૂલ.' એ લોભનો જે મળનો દેનારો મેલનો દેનારો લોભ છે. આહાહા..! એને છોડીને '**ઉસકે લોભ મલ નહીં લગતા હૈ...**' '**વહ મલ દેનેવાલા લોભકષાય સે છૂટતા હૈ ઉસકે લોભ મલ નહીં લગતા હૈ ઈસી સે નવીન કર્મ કા આસ્રવ ઉસકે નહીં હોતા હૈ...**' છેક લોભનો અંશ લીધો. છેલ્લો જાય છે. ક્રમ લીધો છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર, તપ અને પછી કષાયનો અભાવ.

'**ઈસી સે નવીન કર્મ કા આસ્રવ ઉસકે નહીં હોતા હૈ યહ જિનવરેન્દ્ર...**' જિનવર ઈન્દ્ર. જિનવર તો ગણધરને પણ કહેવાય, એના પણ ઈન્દ્ર. જિન તો ચોથા ગુણસ્થાનવાળા સમકિતીને પણ જિન કહેવાય. એમ આ જિનવર એ ગણધર મુનિને જિનવર કહેવાય અને કેવળીને જિનવર ઈન્દ્ર, જિનવરેન્દ્ર. આહાહા..! '**યહ જિનવરેન્દ્ર...**' સ્પષ્ટ કરે છે કે જિનવરેન્દ્ર એટલે કોણ? કે '**તીર્થંકર...**' એ કેવા? કે સર્વજ્ઞદેવ એવા જિનવરેન્દ્ર તીર્થંકરદેવ '**સર્વજ્ઞદેવને કહા હૈ.**' આહાહા..!

'**ભાવાર્થ :- મુનિ ભી હો ઔર પરજન્મસંબંધી પ્રાપ્તિ કા લોભ હોકર...**' એમ લીધું છે. સ્વર્ગ મળે, કંઈ આ મળે કે શેઠાઈ મળે. આહાહા..! '**નિદાન કરે ઉસકે પરમાત્મા કા ધ્યાન નહીં હોતા હૈ...**' એને આનંદસ્વરૂપ ભગવાનનું ધ્યાન હોઈ શકે નહિ. આ કાંઈક કરીએ છીએ આચરણ, ક્રિયા એનું ફળ અમને કાંઈક મળો. સ્વર્ગ મળો કાં શેઠાઈ મળો. વાસુદેવ કરે છેને નિયાણુ? એ સાધુ થયા પછી નિયાણુ હોય છે એને. સમ્યગ્દષ્ટિ હોય, સાધુ હોય, પછી નિયાણુ કરે. મિથ્યાદષ્ટિને વાસુદેવપણું આવે નહિ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મિથ્યાત્વ આવી જાયને પછી. પણ પહેલું સમ્યગ્દર્શન હોય, સાધુપણું હોય એ નિયાણું કરે પછી. એમ. એકલો મિથ્યાદષ્ટિ હોય અનાદિનો અને એ મિયાણું કરે અને વાસુદેવ થાય એમ નહિ. એમ. સમજાણું? એ પુણ્ય વાસુદેવનું પુણ્ય, તીર્થંકરદેવનું પુણ્ય, એ બધું સમ્યગ્દર્શન અને ચારિત્રની દશામાં બંધાય છે. ભલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી નહિ, પણ એ ભૂમિકામાં બંધાય છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કહ્યું છે કે આ સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને જ તીર્થંકરગોત્ર અને આહારક શરીર બંધાય. એ જ્ઞાન, દર્શન અને આનંદને કારણે બંધાય? ના. એની ભૂમિકામાં હોય. બંધાય છે રાગથી. શુભ ઉપયોગનો અપરાધ. આહાહા..! ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમે તીર્થંકરગોત્ર બાંધે છે. શુભ ઉપયોગનો અપરાધ છે કહે છે. લ્યો હવે એ અપરાધનું વેદન છે કે નહિ? અપ-રાધ. રાધ આરાધન નથી. એટલું રાગનું આરાધન છે એ અપરાધ છે, રાગની સેવા છે એટલો અપરાધ છે. સમકિતીને પણ. અરે! મુનિને

ભાવલિંગી સંત દિગંબર મુનિ વનવાસી એને પણ તીર્થંકરગોત્ર બાંધે એ શુભભાવના અપરાધથી બંધાય છે. આહાહા..! એ અપરાધ અશુદ્ધ છે કે શુદ્ધ? શુભ અપરાધ છે. ઓલામાં આપ્યુંને, કાલે વાંચ્યું કે નહિ? અશુભથી બચવા માટે શુભભાવ સુખમાં આવવા માટે. બચાવ કેટલો કરે છે! આહાહા..! અરે! ભગવાન ભાઈ! વસ્તુ તો જેમ છે એમ રહેશે. કોઈની મરડી–કચરડી થશે નહિ. આહાહા..! શુભરાગ છે એ દુઃખ નથી એમ સિદ્ધ કરવું છેને? દુઃખને વેદે એ તો મિથ્યાદૃષ્ટિ વેદે, તીવ્ર કષાય છે એમ લખ્યું છે. એ પહેલેથી છે. દુઃખને વેદે એ તીવ્ર કષાયવાળો હોય. અહીં કહે છે કે દુઃખને વેદે એ મુનિ ગણધર પણ વેદે અને સંજ્વલનના કષાયવાળો હોય (એ પણ વેદે). આહાહા..! બહુ કામ ભારે ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ફુરસદ. દુઃખને વેદવાની ફુરસદ ક્યાં છે, એમ લખ્યું છે. પંડિતજીએ વાંચ્યું કે નહિ? ફુરસદ દુઃખને વેદવાની ફુરસદ ક્યાં છે જ્ઞાનીને? શું આનો અર્થ? એક સમયમાં જે દ્રવ્યનો આશ્રય જેટલો લીધો એટલો આનંદ છે અને જેટલો પરનો આશ્રય થઈને રાગ શુભ થાય એટલું દુઃખ છે. એક પર્યાયમાં બે ભાગ છે. બેયનું વેદન છે. આહાહા..! કહો, પાટણીજી! સ્પષ્ટ વાત છે? પણ આવા અરેરે! શું થાય? એવું વસ્તુનું સ્વરૂપ જ એમ છે ત્યાં...

ખરેખર તો એવી વાત છે કે જેણે શાંતિ આત્માની જોઈ હોય, વેદી હોય એને રાગનું દુઃખ લાગે, પણ શાંતિ અંદર અકષાયસ્વરૂપ સમ્યક્ નથી, એને એ કષાયનો ભાગ દુઃખરૂપ ન લાગે. આહાહા..! કોની સાથે મેળવે? આ રાગ દુઃખરૂપ છે એમ કોની સાથે મેળવે? જ્યારે શાંતિ ભગવાન આત્મા રાગથી રહિત થઈને જેટલો શાંતભાવ પ્રગટ્યો છે એની સાથે જોતાં રાગ છે તે અશાંતિ છે અને દુઃખ છે એમ મીંઢવણીમાં આવે. પણ જેને શાંતિ અને સમ્યગ્દર્શન જ જોયું–થયું નથી એ રાગને દુઃખરૂપ કોની સાથે મેળવે? બાબુભાઈ! આવી વાત છે ભાઈ! આહાહા..! અરેરે! ભગવાનના વિરહ પડ્યા, જ્ઞાન ઘટી ગયા, પક્ષપાત વધી ગયા. વિપરીત થઈ ગયા. આહાહા..!

આ કુંદકુંદાચાર્યદેવને પણ કહેવું પડે (છે કે). જિનવર આમ કહે છેને ભાઈ! જ '**जिणवरुद्दिट्ठं**' એ જિનવરનો આ ઉપદેશ છે કે રાગમાં દુઃખ છે અને જેટલી દશા અરાગી થાય તે સુખ છે. આહાહા..! કાલે નહોતું આવ્યું ભાઈ આપણે? ઓલા અશુદ્ધ–અશુદ્ધ. શુદ્ધ–અશુદ્ધભાવ પર્યાયના બે ભાગ. નવ તત્ત્વમાં કેટલાક શુદ્ધ અને કેટલાક અશુદ્ધ. તો અશુદ્ધ છે કે નહિ? એ તો આવે. બધું છે ચારે કોર વસ્તુ તો હોય એ આવેને, બીજી આવે? અશુદ્ધ છે. આહાહા..! મુનિને પણ અશુદ્ધ પર્યાય છે. એ શુભરાગ છે એ અશુદ્ધ પર્યાય છે. આહાહા..! અને સંવર, નિર્જરાની જેટલી શુદ્ધતા પ્રગટી છે તેટલી વીતરાગતા છે. એટલું સુખ છે. આહાહા..! આમાં

બાપુ! ચાલ્યું જાવું છે, કોઈ સાથે સંગ (નહિ) ને કોઈ નહિ આપે મદદ. મેં ફલાણાને મનાવ્યું હતું. મારી વાત માની હતી ઘણાએ. એથી કાંઈ તને મદદ થશે? આહાહા..!

હમણાં નહોતું આવ્યું કાંઈક ભાઈ? વનસ્થલીમાં મોટો એક્સીડેન્ટ થયો. ૨૦ માણસ મરી ગયા. કહો, આહાહા..! ક્યાં બિચારા જાવાના હશે? આ બેઠા હશે. એકદમ ઉતરી ગઈ હેઠે. એક માણસ આવ્યો હતો, છોકરો આવ્યો હતો પરમ દિ'. ઈ કહે, એ મડદા મેં કાઢ્યા હતા. આવ્યો હતોને ભાઈ હતો. અંદર ઊંધી પડીને દબાઈ ગયા કેટલાક મરી ગયા બિચારા. કાઢ્યા અંદરથી. જુઓ! આ એક દશા! આહાહા..! જેને આત્મા આનંદસ્વરૂપ છે એવી દૃષ્ટિ અને રુચિ થઈ નથી એ કોનું શરણ લેશે? એવા પ્રસંગમાં શરણ કોનું લેશે? આહાહા..! ભગવાન-ભગવાન કરે તો એ શુભરાગ છે. આહાહા..!

'ઈસ લોક ઔર પરલોક સંબંધી...' એ આવ્યુંને? '**પ્રાપ્તિ કા લોભી હોકર નિદાન કરે...**' '**મુનિ ભી હો ઔર પરજન્મસંબંધી પ્રાપ્તિ કા લોભી હોકર...**' પરજન્મસંબંધી હોં! પરજન્મસંબંધી. '**નિદાન કરે ઉસકે પરમાત્મા કા ધ્યાન નહીં હોતા હૈ...**' આહાહા..! એનું ઘૂંટણ તો રાગમાં રહેશે. આહાહા..! રાગ વિનાનો ભગવાન આત્મા એનું રટણ ઘૂંટણ નહિ રહે એને. આહાહા..! '**ઈસલિયે જો પરમાત્મા કા ધ્યાન કરે ઉસકે ઈસલોક પરલોક સંબંધી પરદ્રવ્ય કા કુછ ભી લોભ નહીં હોતા હૈ...**' આ લોકનો કંઈ અને પરલોકનો કંઈ લોભ ન હોય ત્યારે અંતરમાં ધ્યાન કરી શકે. આહાહા..! બહારમાં લોભમાં લલચાઈ જાય એને અંતરમાં ધ્યાન થઈ શકે નહિ. આહાહા..! ધ્યાન જ મોક્ષનું કારણ છે એમ ભાઈ આવે છે હોં ખાણિયા ચર્ચામાં. ફૂલચંદજીએ નાખ્યું છે એક ઠેકાણે. ફૂલચંદજીએ એમ નાખ્યું છે. ધ્યાન જ મોક્ષનું કારણ છે એમ નાખ્યું છે. અંતરનું ધ્યાન એ જ મોક્ષનું કારણ છે. એ ખાણિયા ચર્ચામાં આવે છે.

'**ઈસલિયે ઉનકે નવીન કર્મ કા આસ્રવ નહીં હોતા...**' પરદ્રવ્યની, આ ભવમાં અને પરભવના કોઈપણ પરદ્રવ્યની જેને ઈચ્છા નથી. સ્વદ્રવ્યની જ જેને અંતર દૃષ્ટિ અને ભાવના છે એમ કહે છે. આહાહા..! '**ઈસલિયે ઉનકે નવીન કર્મ કા આસ્રવ નહીં હોતા- ઐસા જિનવદેને કહા હૈ. યહ લોભ કષાય ઐસા હૈ કિ દસવેં ગુણસ્થાન તક પહુંચ જાને પર ભી અવ્યક્ત હોકર આત્મા કે મલ લગાતા હૈ.**' ભલે લોભ છે એ લોભ ન બાંધે, પણ લોભ છે એ છ કર્મને બાંધે છે. દસમે લોભ છે એ લોભને ન બાંધે. છેલ્લો અંશ છે ઈ. છને બાંધે. તો એટલો અવ્યક્ત પણ છે. '**અવ્યક્ત હોકર આત્મા કે મલ લગાતા હૈ.**' લો! એ પણ મળ છે કહે છે. દસમે અબુદ્ધિપૂર્વક છેને. '**ઈસલિયે ઉસકો કાટના હી યુક્ત હૈ અથવા જબતક મોક્ષ કી ચાહરૂપ લોભ રહતા હૈ...**'

અરે! મોક્ષની ચાહરૂપ લોભ રહતા હૈ '**તબતક મોક્ષ નહીં હોતા ઈસલિયે લોભ કા અત્યંત નિષેધ હૈ.**' લ્યો! અંતરની ભાવનામાં લોલીભૂત થવા માટે પરના લોભનો ત્યાગ એને હોવો જોઈએ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ વદ ૧૨, બુધવાર તા. ૨૦-૦૩-૧૯૭૪**
**ગાથા - ૪૯ થી ૫૩, પ્રવચન - ૧૩૨**

होऊण दिढचरित्तो दिढसम्मत्तेण भावियमईओ।
जायंतो अप्पाणं परमपयं पावए जोई।।४९।।

'**અર્થ :- પૂર્વોક્ત પ્રકાર જિસકી મતિ...**' .. કોને ધ્યાન હોય? જેની મતિ પહેલી દઢ સમકિતથી સંસ્કારિત થઈ ગઈ હોય, ભાવિત હોય. શુદ્ધ ચૈતન્યઘન આનંદ એવી અંદર સંસ્કાર દષ્ટિ પાકી થઈ ગઈ હોય. ભાષા એમ લીધી છેને? '**જિસકી મતિ દઢ સમ્યક્ત્વ સે ભાવિત હૈ...**' એવી પ્રતીતિ મતિથી ભાવેલો હોય. '**ઐસે યોગી ધ્યાની મુનિ દઢચારિત્રવાન...**' હોય છે. બેયમાં દઢ લીધું છે. '**दिढसम्मत्तेण**' અને '**दिढचरित्तो**' આહાહા..! બેય દઢ છે. વસ્તુ જે શુદ્ધ ચૈતન્યઘન વીતરાગમૂર્તિ પ્રભુ એની જેને મતિથી દઢ સમકિત થયું છે. .. હોય છે. .. ચારિત્ર હોય. સ્વરૂપમાં રમણતાની દઢતા હોય છે.

'**દઢચારિત્રવાન હોકર આત્મા કા ધ્યાન કરતા હુઆ પરમપદ...**' મોક્ષ અધિકાર છેને મોક્ષ? પ્રથમ દઢ સમકિતથી દષ્ટિ નિર્મળ ન થઈ હોય એને ચારિત્ર હોય નહિ અને ચારિત્ર ન હોય ત્યાં ધ્યાન હોઈ શકે નહિ એમ કહે છે. વિશેષે દઢ સમકિત અને ચારિત્રસહિતનું ધ્યાન એમ કહેવું છેને? આહાહા..! એ '**આત્મા કા ધ્યાન કરતા હુઆ...**' પોતાનો સ્વભાવ શુદ્ધ છે એની દઢ મતિથી સમકિત થયું છે અને સ્વરૂપમાં જેની ચારિત્રદશા છે. દઢ ચારિત્ર છે એમ. એ '**ધ્યાન કરતા હુઆ પરમપદ કો પ્રાપ્ત કરતા હૈ.**' એના અંતરના ધ્યાનમાં પૂર્ણ પદની પ્રાપ્તિ એને થાય છે. કહો, સમજાણું? '**પરમપદ...**' પરમાત્મપદ. પર્યાયમાં પૂર્ણ આનંદદશા, પૂર્ણ જ્ઞાન-શ્રદ્ધા આદિ દશા એને પ્રાપ્ત થાય છે.

'**ભાવાર્થ :- સમ્યગ્દર્શન,...**' શુદ્ધ ધ્રુવ ચૈતન્યની અંતર પ્રતીતિ, સમ્યગ્જ્ઞાન-એ શુદ્ધ

ચૈતન્યઘનનું અંતર્મુખનું જ્ઞાન અને '**ચારિત્રરૂપ...**' અને સ્વરૂપમાં દૃઢપણે સ્થિર હોય છે. એ '**પરિષહ આને પર ભી ચલાયમાન ન હો,...**' એમ દૃઢનો અર્થ કર્યો. એવું સ્થિર હોય છે અંદર કે પ્રતિકૂળતાના ગંજ બહારમાં આવે છતાં સ્વરૂપથી ડગે નહિ, ચળે નહિ. '**ઈસપ્રકાર સે આત્મા કા ધ્યાન કરતા હૈ...**' લ્યો! આહાહા..! '**વહ પરમપદ કો પ્રાપ્ત કરતા હૈ—ઐસા તાત્પર્ય હૈ.**' લ્યો ગાથા તો આ ઊંચી આવી. પહેલી આવી ગાથા. ...૪૯ ગાથામાં.

'**આગે દર્શન, જ્ઞાન, ચારિત્ર સે નિર્વાણ હોતા હૈ...**' ચૈતન્ય શુદ્ધ સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા '**ઐસા કહતે આયે વહ દર્શન, જ્ઞાન તો જીવ કા સ્વરૂપ હૈ,...**' લ્યો! '**ઉસકો જાના, પરંતુ ચારિત્ર ક્યા હૈ?**' દર્શન અને જ્ઞાન તો એનું સ્વરૂપ છે. એનું સ્વરૂપ દૃષ્ટા અને જ્ઞાતા સ્વરૂપ છે એવી જેણે પ્રતીત અને જ્ઞાન કર્યું છે એ તો, કહે છે, જાણવામાં આવે છે. પણ ચારિત્ર શું ચીજ છે? ચારિત્ર ચીજ શું? ચારિત્ર કહેવું કોને? '**ઐસી આશંકા...**' શંકા નહિ પણ આશંકા. જાણવાની અભિલાષા. ખોટું છે તમારું કહેવું, એમ નહિ. પણ એ ચારિત્ર શું છે અંદર? આહાહા..! એનો '**ઉત્તર કહતે હૈં –**' આવી જેને આશંકા ઉત્પન્ન થઈ હોય જાણવાની એને આ જવાબ આપવામાં આવે છે.

**चरणं हवइ सधम्मो धम्मो सो हवइ अप्पसमभावो।**
**सो रागरोसरहिओ जीवस्स अणण्णपरिणामो।।५०।।**

આ ચારિત્રની વ્યાખ્યા. કોઈ નગ્નપણું એ કાંઈ ચારિત્ર નથી, વચમાં પંચ મહાવ્રતના વિકલ્પ આવે એ પણ કાંઈ ચારિત્ર નથી. ચારિત્ર તો '**સ્વધર્મ અર્થાત્ આત્મા કા ધર્મ હૈ...**' દેખો! '**વહ ચરણ અર્થાત્ ચારિત્ર હૈ.**' જેમ દર્શન અને જ્ઞાન એનો ધર્મ છે, એમ ચારિત્ર પણ એનો ધર્મ છે. ત્રિકાળ સ્વભાવ છે અને એમાં ત્રિકાળ સ્વભાવમાં રમણતા એ ચારિત્ર એ જીવનો સ્વભાવ છે. લ્યો! ઓલી પ્રશ્નચર્ચા આવતી હતીને કે સિદ્ધમાં ચારિત્ર ન હોય. ચર્ચા આવતી હતી બહુ. આ તો સ્વભાવ છે. ત્રિકાળ સ્વભાવ છે ચારિત્ર અને તેનું જે વર્તમાન પરિણામ એ પણ ચારિત્ર સમભાવી પરિણામ દશા છે. એ જીવનો જ સ્વભાવ છે, જીવનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

'**ધર્મ હૈ વહ આત્મસમભાવ હૈ,...**' આ ઓલામાં એ ગાથા મૂકી છેને. ચરિતં ખલુ ધમ્મો, ધમ્મો .. પ્રવચનસાર. ટીકાકારે નાખ્યો છે એ શ્લોક. એ શ્લોક ટીકાકારે નાખ્યો છે અંદર, પ્રવચનસારનો. '**ધર્મ હૈ વહ આત્મસમભાવ હૈ, સબ જીવોં મેં સમાનભાવ હૈ.**' આવે છેને ઓલામાં, સર્વ જીવ છે જ્ઞાનસમ. નથી આવતું યોગસારમાં? 'સર્વ જીવ છે જ્ઞાનસમ,' જ્ઞાનસમ. 'ધારે સમતા ભાવ.' સમતા ધારે ... દરેક આત્મા કેવળજ્ઞાનના કંદ છે. આહાહા..!

પર્યાયમાં ફેર હો, પણ વસ્તુ તો કેવળજ્ઞાનની મૂર્તિ ભગવાન બધા આત્મા છે. એવો જેને સમ્યગ્દર્શનસહિત સમભાવ વર્તે છે એને એ ચારિત્ર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**સબ જીવોં મેં સમાનભાવ હૈ. જો અપના ધર્મ હૈ વહી સબ જીવોં મેં હૈ...**' ઠીક! જેવો પોતાનો જ્ઞાન, દર્શન અને આનંદ, ચારિત્ર સ્વભાવ છે એવો બધા ભગવાન આત્માનો જ્ઞાન, દર્શન અને ચારિત્ર અને આનંદ એ બધા આત્માનો સ્વભાવ જ છે. અભવિનો પણ એ સ્વભાવ છે. જાણવું, દેખવું અને ઠરવું એ જ્ઞાન-દર્શન-ચારિત્ર જેમ ગુણ છે, તો ગુણનું કાર્ય શ્રદ્ધા, જ્ઞાન અને સમભાવ એવો એનો સ્વભાવ છે. એ સ્વભાવમાં રહીને જે અંતરમાં ધ્યાન કરે છે એને મુક્તિ પરમપદની પ્રાપ્તિ એને થાય છે.

'**અપના ધર્મ હૈ વહી સબ જીવોં મેં હૈ...**' પોતાનો જે સ્વભાવ જ્ઞાન, દર્શન અને ચારિત્ર એવો જ ત્રિકાળ બધા પ્રાણીમાં સ્વભાવ છે. બધા પ્રભુ વીતરાગ મૂર્તિથી ભરેલા છે. આહાહા..! '**સબ જીવોં કો અપને સમાન માનતા હૈ...**' લ્યો! દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ વાત છેને? દ્રવ્યસ્વભાવ વીતરાગસ્વરૂપ આત્મા એવો જ દરેક જીવનો સ્વભાવ ધર્મી જાણે છે અને માને છે. આહાહા..! એટલે કોઈ ઉપર વિષમતા થવાનો એને પ્રસંગ રહેતો નથી, એમ કહે છે. ભારે વાતું! અંતરના અવલંબન વિના આ વાત એને બેસે નહિ. શાંતિનો રસ સ્વરૂપ એનું છે અને જેવું એનું સ્વરૂપ છે એવું બધા આત્માનું શાંતરસ સ્વરૂપ છે. એવો જેને અંતરમાં રાગ-દ્વેષ રહિત સમભાવ પ્રગટ થાય એને ચારિત્ર કહે છે.

'**ઔર જો આત્મસ્વભાવ સે હી રાગદ્વેષ રહિત હૈ,...**' પાઠ તો એ છેને. '**रागरोसरहिओ जीवस्स अणण्णपरिणामो**' એ પર્યાયની વાત કરી છે, પણ એનો સ્વભાવ જ વીતરાગ છે, એનું સ્વરૂપ જ રાગ-દ્વેષરહિત છે. એવા સ્વરૂપને જાણ્યું, ઠર્યો તો એના પરિણામમાં પણ રાગ-દ્વેષરહિત સમભાવ પ્રગટ થાય છે. આહાહા..! માર્ગ એવો. ઓલા કહે છે, વ્યવહારચારિત્ર પાળીએ તો નિશ્ચયચારિત્ર થાય. પણ નિશ્ચયચારિત્ર તો, અહીં કહે છે કે તારો સ્વભાવ છે અને સ્વભાવને જ્યાં દૃષ્ટિ, શ્રદ્ધામાં લીધો ત્યારે સ્થિરતા પ્રગટી એ જ ચારિત્ર છે. એ જ ચારિત્ર સાચું કહો, નિશ્ચય કહો, સત્ય કહો. એ કંઈ વ્યવહારની ક્રિયાકાંડથી નિશ્ચય પ્રગટ થાય એમ છે નહિ. આહાહા..!

'**આત્મસ્વભાવ સે હી રાગદ્વેષ રહિત હૈ,...**' આત્માનો સ્વભાવ જ રાગ-દ્વેષ રહિત છે અને તેથી એનું અવલંબન લેનાર એમાં ઠરનારને સમભાવ પ્રગટ છે એમાંથી આવે છે એમ કહે છે. '**કિસી સે ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ નહીં હૈ...**' ચારિત્ર લેવું છેને. કોઈપણ વ્યક્તિ જ્ઞેય પ્રત્યે જાણવા-દેખવાના લાયકવાળો ભગવાન બધી ચીજો જ્ઞેય છે એમાં ક્યાંય ઇષ્ટ-અનિષ્ટ એ કરતો નથી. આહાહા..! '**ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ નહીં હૈ—ઐસા ચારિત્ર હૈ વહ**

**જૈસે જીવ કે દર્શન-જ્ઞાન હૈ...'** '**વહ જૈસે જીવ કે દર્શન-જ્ઞાન હૈ...**' એમ. તે, જેમ જીવના દર્શન-જ્ઞાન છે '**વૈસે હી અનન્ય પરિણામ હૈ,...**' એવા જ એના ચારિત્ર પરિણામ છે. જેમ દર્શન-જ્ઞાન પરિણામ છે તો ચારિત્ર કાંઈક બીજી ચીજ છે એમ નથી. દર્શન જ્ઞાતા-દૃષ્ટા જેવો સ્વભાવ (છે) એવા દર્શન-જ્ઞાન પરિણામ થયા, એવો ચારિત્ર સ્વભાવ (છે) તો ચારિત્ર પરિણામ થયા. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગુણમાં, ગુણનું પરિણામ જે છે એ સ્વતંત્ર છે. સમભાવ.

મુમુક્ષુ :- દર્શન અને જ્ઞાનથી કેમ થાય?

ઉત્તર :- એમ ક્યાં કહ્યું? દર્શન-જ્ઞાન હોય એવો ચારિત્ર સ્વભાવ હોય એમ કહેવું છે. દર્શન-જ્ઞાન છે માટે એનાથી થયું એમ નથી કાંઈ કહેવું. દર્શન-જ્ઞાન હોય એને ચારિત્ર હોય એટલું. પણ દર્શન-જ્ઞાન છે માટે ચારિત્ર એનાથી થાય છે એમ નથી. સમજાણું? શાસ્ત્રમાં તો એમ પણ આવે બંધ અધિકારમાં કે ચારિત્રનું મૂળ કારણ સમ્યગ્દર્શન અને જ્ઞાન (છે). એ નથી એને ચારિત્ર હોતા નથી. એ બંધ અધિકારમાં એમ આવે. એ તો સમ્યગ્દર્શન કારણ-વ્યવહાર કારણ, નિશ્ચય તો ચારિત્રનું ચારિત્ર કારણ છે. અથવા ચારિત્ર હોય એને સમ્યગ્દર્શન-જ્ઞાન હોય જ એમ. ચારિત્ર જેને હોય એને દર્શન-જ્ઞાન હોય જ અને દર્શન-જ્ઞાન નથી એને ચારિત્ર હોય એમ બને નહિ. એથી દર્શન-જ્ઞાનથી ચારિત્ર થાય એમ કાંઈ કહેવું નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

આ મોક્ષનો અધિકાર છે. ઓહોહો..! પંચમ આરામાં? પાંચમા આરાના જીવને આવું એકદમ મોટું! ચારિત્રની જાત કેવી હોય? એ સંવર-નિર્જરાનું સ્વરૂપ કેવું હોય? એવું જાણ્યા વિનાની શ્રદ્ધા સાચી થાય ક્યાંથી? નવ તત્ત્વમાં સંવર, નિર્જરા અને મોક્ષ. સંવર શુદ્ધિ, નિર્જરા શુદ્ધિની વૃદ્ધિ અને મોક્ષ શુદ્ધિની પૂર્ણતા. એનું એને જ્ઞાન તો જોઈએને? જેને-તેને માની લે ચારિત્રને ક્રિયાકાંડને તો શ્રદ્ધામાં જ વિપરીતતા છે એમ કહે છે. સમજાણું કાંઈ?

'**ચારિત્ર હૈ વહ જૈસે જીવ કે દર્શન-જ્ઞાન હૈ વૈસે હી અનન્ય પરિણામ હૈ,...**' અનન્ય પરિણામ પોતાનો વીતરાગી ભાવ છે. આહાહા..! '**જીવ કા હી ભાવ હૈ.**' ચારિત્ર એ જીવનો ભાવ છે. જીવનો સ્વભાવ છે એવી જીવની પર્યાય પ્રગટી એ જીવનો જ ભાવ છે એમ કહે છે. સમજાણું કાંઈ? '**चरणं हवइ सधम्मो धम्मो सो हवइ अप्पसमभावो**' પર્યાયની વાત છે હોં એ. '**सो रागरोसरहिओ जीवस्स अणण्णपरिणामो**' અભિન્ન પરિણામ છે એના. આહાહા..! કંઈ અન્ય વસ્તુ નથી. અનન્ય પરિણામ છે. આહાહા..!

'**ભાવાર્થ :- ચારિત્ર હૈ વહ જ્ઞાન મેં રાગદ્વેષ રહિત નિરાકુલતારૂપ સ્થિરભાવ હૈ...**' દેખો! ચારિત્ર એને કહીએ કે જ્ઞાનમાં એટલે આત્માના જ્ઞાનભાવમાં રાગદ્વેષરહિત, વિકલ્પરહિત, આકુળતારહિત નિરાકુળતારૂપ સ્થિરતાભાવ હૈ. આહાહા..! પંચ મહાવ્રતના પરિણામ પણ આકુળતાવાળા છે, એ ચારિત્ર નહિ. '**સ્થિરતાભાવ હૈ વહ જીવ કા હી અભેદરૂપ પરિણામ હૈ,...**' અનન્ય પરિણામ છેને? '**अणण्णपरिणामो**' સ્થિરતા-સ્થિરતા અંતર જામી જાય અંદર. આહાહા..! એને ચારિત્ર કહીએ. જૈન જિનબિંબ પ્રભુ. 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ.' એવું જિનસ્વરૂપ જે વીતરાગ એવા જિનબિંબ ચૈતન્યપ્રભુ એમાં જામી જવું, લોલીભૂત થવું. આહાહા..! એને ચારિત્ર કહેવામાં આવે છે.

'**વહ જીવ કા હી અભેદરૂપ પરિણામ હૈ,...**' એ જીવના ચારિત્ર પરિણામ છે, પણ અનન્ય પરિણામ છે. અનેરા નહિ, એમાં અભેદરૂપ પરિણામ છે. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો! ૐ ધ્વનિમાં આ આવ્યું હતું એમ કહે છે. આ તમારે ૐ છેને આજે? ભગવાનની ૐ ધ્વનિમાં આવું ચારિત્રનું વર્ણન આવ્યું હતું. આહાહા..! '**કુછ અન્ય વસ્તુ નહીં હૈ.**' ચારિત્ર કોઈ ભિન્ન-જુદી ચીજ છે એમ નહિ. આહાહા..! સ્વરૂપ જે જ્ઞાન ને દર્શનની મૂર્તિ પ્રભુ, એનું જ્ઞાન ને દર્શન પ્રગટ કરીને એ જ સ્વરૂપમાં લોલીભૂત—લીન થઈ જવું. આહાહા..! એનું નામ ચારિત્ર કહીએ. કોઈ નગ્નપણું અને પંચ મહાવ્રતના પરિણામ એ કંઈ ચારિત્ર નથી. આહાહા..!

અલિંગગ્રહણમાં તો એક બોલ એવો આવ્યો છે. યતિની બાહ્ય ક્રિયાનો ભાવ જેમાં નથી. ૨૦ બોલ છેને અલિંગગ્રહણના? યતિની બાહ્ય ક્રિયા એટલે શુભ વિકલ્પ અને નગ્નપણું એ જેના સ્વભાવમાં નથી. સમજાણું કાંઈ? યતિની બાહ્ય ક્રિયાઓ વિકલ્પ આદિ અઠ્યાવીશ મૂળગુણ અને બાહ્ય અજીવની નગ્નદશા, એ અજીવની નગ્નદશા અને ઓલા વિકલ્પ એ આસ્રવભાવ કે જેના જીવમાં નથી એને અલિંગગ્રહણ કહેવાય. એને યતિનું લિંગ વિકલ્પ અને નગ્નપણું જેનામાં નથી એને અલિંગગ્રહણ આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એનો અર્થ એ થયો કે સ્વરૂપની દૃષ્ટિ અને જ્ઞાનસહિત લીનતા એમાં આ ક્રિયાઓ નથી એમાં. પંચ મહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણ એને છે નહિ. આમ અઠ્યાવીશ મૂળગુણ એને હોય સાધુને, પણ એ રાગ છે, આકુળતા છે. આહાહા..! આ નિરાકુળતા છે. સમજાણું કાંઈ? એક બાજુ અઠ્યાવીશ મૂળગુણ કહેવા અને કહેવું કે આકુળતા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મૂળગુણ તો વ્યવહારે કહ્યા છે. મૂળગુણ તો અંદર જ્ઞાન-દર્શન-ચારિત્ર-આનંદ એ છે. આહાહા..!

અહીં તો કહેવું છે કે '**ચારિત્ર હૈ વહ જ્ઞાન મેં...**' એટલે આત્મામાં '**રાગદ્વેષરહિત નિરાકુલતારૂપ...**' આનંદરૂપ, શાંતિરૂપ. આહાહા..! '**સ્થિરભાવ હૈ...**' અને પંચ મહાવ્રત આદિના પરિણામ આકુળતારૂપ અસ્થિરભાવ હૈ. આહાહા..! '**વહ જીવ કા હી અભેદરૂપ પરિણામ હૈ, કુછ અન્ય વસ્તુ નહીં હૈ.**' આહાહા..!

હવે '**જીવ કે પરિણામ કી સ્વચ્છતા કો દૃષ્ટાંતપૂર્વક દિખાતે હૈં –**' સમયસારમાં આવે છેને એ?

**जह फलिहमणि विसुद्धो परदव्वजुदो हवेइ अण्णं सो।**
**तह रागादिविजुत्तो जीवो हवदि हु अणण्णविहो।।५१।।**

'**અર્થ :– જૈસે સ્ફટિકમણિ વિશુદ્ધ હૈ,...**' આ વિશુદ્ધ નિર્મળતાના અર્થમાં છે. 'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી...' 'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવસ્વભાવ. શ્રી જિન વીરે રે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ. જેમ નિર્મળતા રે સ્ફટિક તણી એમ જીવસ્વભાવ. શ્રી જિનવીરે ધર્મ પ્રકાશિયો પ્રબળ કષાયઅભાવ' લ્યો ત્યાં તો એમ લીધું. કષાયનો અભાવ. પ્રબળ કષાયનો અભાવ એમ મંદ કષાય કરીને કરી નાખે છે. પણ જ્યાં શુભરાગ પણ કષાય છે, શુભરાગ પણ આકુળતા છે, એ ચારિત્ર નહિ. આહાહા..! નિરાકુળતારૂપી ભાવ. લ્યો!

'**સ્ફટિકમણિ વિશુદ્ધ હૈ, નિર્મલ હૈ, ઉજ્જ્વલ હૈ...**' ત્રણ શબ્દ વાપર્યા. '**વહ પરદ્રવ્ય જો પીત, રક્ત, હરિત પુષ્પાદિત સે યુક્ત હોનેપર...**' નિર્મળ સ્વચ્છ સ્ફટિક હોનેપર ભી '**અન્ય સા દિખતા હૈ,...**' પરના કારણે લાલ, પીળા ફૂલના સંબંધથી એમાં અન્યથા ભાવ દેખાય છે. '**અન્ય સા દિખતા હૈ,...**' એ સ્ફટિક સ્વચ્છ ન દેખાય એમાં. ફૂલ એવા મૂકે એ ઝાંય અંદર દેખાય. એ અનેરી ઝાંય દેખાય એમાં. આહાહા..! '**પીતાદિવર્ણમયી દિખતા હૈ વૈસે હી જીવ વિશુદ્ધ હૈ...**' ભગવાન ચૈતન્યસ્વભાવ સ્ફટિકમણિની પેઠે સ્વચ્છ સ્વભાવ છે. '**પરંતુ રાગદ્વેષાદિક ભાવોં સે યુક્ત હોને પર...**' આ વચમાં નાખે છે આવું બધું. અનુવાદ કર્તાનું આ નથી મૂળનું, બીજાનું નાખ્યું છે.

'**रागादिविजुत्तो**' એ રાગના સંબંધથી જીવ '**अणण्णविहो**' '**રાગદ્વેષાદિક ભાવોં સે યુક્ત હોને પર અન્ય-અન્ય પ્રકાર હુઆ દિખતા હૈ,...**' છે તો નિર્મળ ભગવાન આત્મા. સ્ફટિકમણિને જેમ પરપદાર્થના સંબંધમાં ઝાંય બીજી દેખાય છે, એમ ભગવાન આત્મા નિર્મળાનંદ છે પણ રાગ-દ્વેષના સંબંધથી તેમાં મલિનતા દેખાય છે. એ જીવનો સ્વભાવ નથી. છેને? '**अणण्णविहो**' અનેરા-અનેરા પ્રકારે દેખાય છે એમ કહે છે. રાગરૂપે, પુણ્યરૂપે, દયારૂપે ભાવ વિકલ્પરૂપે એ તો પરના સંબંધથી એવો દેખાય છે. વસ્તુનો સ્વભાવ એ નથી. આહાહા..!

પંચ મહાવ્રતના પરિણામ પણ અનેરા પ્રકારે દેખાય, એ અન્ય પ્રકાર થયા એ તો. આહાહા..!

**'અન્ય-અન્ય પ્રકાર હુઆ દિખતા હૈ, વહ પ્રગટ હૈ.'** એ પ્રગટ છે. કહે છે કે જેમ સ્ફટિકમણિમાં લાલ, પીળા ફૂલને સંબંધે ઝાંય બીજી અનેરા પ્રકારની એમાં સ્વચ્છતામાં દેખાય છે, એમ ભગવાન આત્મા જ્ઞાન અને આનંદના સ્વભાવથી એ સ્વચ્છ છે, પણ કર્મના નિમિત્તના સંબંધે એમાં ઝાંય જે રાગ ને દ્વેષ ને દેખાય છે એ અનેરી ઝાંય છે, એના સ્વભાવની જાત નહિ. આહાહા..! પંચ મહાવ્રતના પરિણામ, દયા, દાનના વિકલ્પ એ અનેરી જાત છે.

**'ભાવાર્થ :- યહાં ઐસા જાનના કિ રાગાદિ વિકાર હૈ વહ પુદ્‌ગલ કે હૈં ઔર યે જીવ કે જ્ઞાન મેં આકર ઝલકતે હૈં...'** જ્ઞાનમાં સ્વચ્છતામાં એ જણાય છે. **'તબ ઉનસે ઉપયુક્ત હોકર ઈસપ્રકાર જાનતા હૈ...'** ઉપયોગ એમાં લીન થઈ જાય, ઝળકે, ફક્ત જાણવામાં આવે, છતાં એ જાણવામાં આવે છે એ ચીજ એ હું છું. **'ઈસપ્રકાર જાનતા હૈ કિ યે ભાવ મેરે હી હૈં,...'** ઝીણી વાત ભારે ભાઈ! જ્ઞાન નિર્મળ સ્વચ્છ સ્વભાવ એમાં કર્મના પરિણામ પુદ્‌ગલના એને અહીંયાં રાગ-દ્વેષની પર્યાયરૂપે ભાસે છે. એથી એને એમ છે કે આ રાગ-દ્વેષ એ મારા પરિણામ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં તો પુદ્‌ગલના જ કીધા છે ઓલા પર. લીલા, લાલ ફૂલની ઝાંય દેખાય છે એ એને લઈને છે. પોતાનો સ્વભાવ નથી. આહાહા..! એ પરદ્રવ્યને લઈને થાય છે એમ નહિ. પણ પરદ્રવ્યનો સંબંધ થાય અને ઉપયોગ ત્યાં અંદર જાય તો એને રાગ-દ્વેષ પરિણામ મારા છે એમ ભાસી જાય છે. પણ રાગ-દ્વેષ રહિત હું ચૈતન્ય છું, સ્ફટિક જેવો નિર્મળ છું એમ ભાસતું નથી એ એને ભ્રમ છે. સમજાણું કાંઈ?

**'ભાવ મેરે હી હૈં, જબતક ઈનકા ભેદજ્ઞાન નહીં હોતા હૈ...'** દેખો! ત્યાં સમયસારમાં આવે છે. જ્ઞાનમાં સ્વચ્છતા છે એથી એમાં પુદ્‌ગલનું નિમિત્ત અને એમાં ઝાંય રાગ-દ્વેષની દેખાય છે એ રાગ-દ્વેષ તે હું એમ અજ્ઞાનીને થઈ જાય છે. સમજાણું કાંઈ? તેથી એને પુદ્‌ગલના પરિણામ ખરા તો કહ્યા. જે નિમિત્તે થયા તે તેના, મારા નહિ. આહાહા..! આ તો ધીરાનું કામ છે, ભાઈ! આ કાંઈ કોઈ બહારમાં કૂદકો મારે, વ્રત પાળ્યા ને આ કર્યા (એટલે મળી જાય એમ નથી). આહાહા..! ધીર. ધીર એટલે ધી. ધી-બુદ્ધિ જેને 'ર' નામ આત્મામાં પ્રેરણા કરી છે જેણે એવા ધીરનું કામ છે આ. ધીર અને વીર. વીર નામ વીર્યને જેણે ચૈતન્યસ્વભાવમાં 'ર' નામ પ્રેરણા કરી છે એવા વીરના કામ છે આ. આહાહા..! કાયરના કામ નથી આ. આહાહા..! અહીં તો અત્યારે તો સ્થૂળ તકરાર છે બધી બહારની.

**'જબતક ઈનકા ભેદજ્ઞાન નહીં હોતા હૈ...'** એ રાગની ઝળક, પુણ્ય-પાપના ભાવની ઝળક જે દેખાય છે એ કર્મની ઝાંય છે. છે પોતાની દશા, પણ એ કર્મની ઝાંય છે. એનાથી ભેદજ્ઞાન જ્યાં સુધી ન હોય. આહાહા..! **'તબતક જીવ અન્ય-અન્ય પ્રકારરૂપ અનુભવ મેં આતા હૈ.'** રાગ અને દ્વેષ એવા જે પુદ્ગલના સંગે ઉત્પન્ન થયેલા ભાવ એનું ભેદજ્ઞાન જ્યાં સુધી ન હોય. એ રાગ તે નહિ, હું તો જ્ઞાનાનંદ સ્વરૂપ છું એવું જ્યાં સુધી બે વચ્ચેનું ભેદજ્ઞાન ન હોય ત્યારે ભગવાન અનેરા-અનેરા પ્રકારે છે એમ દેખાય છે. આહાહા..!

અરીસામાં જેમ બીજી ચીજ દેખાય છે એ કાંઈ બીજી ચીજ નથી. અરીસાની સ્વચ્છતાની પર્યાય એ રૂપે થઈ છે. પર્યાય હોં, દળ નહિ આખું. એમ ભગવાન ચૈતન્ય-અરીસો,.. ઓલો શું કહે નહિ? બિલોરી કાચ નથી આવતો? જાડો દળવાળો કાચ. દળવાળો કાચ આવે છેને? આમ ને પછી આમ. આમ જરી પાતળા હોય આમ. બહુ દળવાળો હોય. નહિ? બિલોરી કાચ. બિલોરી-બિલોરી. મોટું દળ જાડું હોય અને પાછું ઓલા લાકડા હોય ને એ બાજુ જરી આમ નમતા હોય ઓલા. બેય બાજુ. ચારેય બાજુ પાસા.

આ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય દળ છે, પવિત્રતાનો સાગર છે. એમાં રાગ-દ્વેષ જે ઝળકે છે એ ખરેખર તો એની દિશા અને એનો સ્વભાવ નથી. એ પુદ્ગલના નિમિત્તે સંબંધે અંદર ઝાંય દેખાય છે. એ ઝાંયને અને ભગવાન આત્માને ભેદ છે એવું જ્યાં સુધી જ્ઞાન નથી ત્યાં સુધી હું રાગવાળો ને પુણ્યવાળો ને પાપવાળો એવું એ માને છે. અનેરા-અનેરાપણે હું થઈ ગયો એમ એ માને છે. આહાહા..!

**'અનુભવ મેં આતા હૈ.' 'અન્ય-અન્ય પ્રકાર-રૂપ અનુભવ મેં આતા હૈ.'** આહાહા..! રાગના વેદનરૂપે, દ્વેષના વેદનરૂપે, અન્ય-અન્ય પ્રકારે તેના અનુભવમાં વિકારભાવ આવે છે. આહાહા..! **'યહાં સ્ફટિકમણિ કા દૃષ્ટાંત હૈ ઉસકે અન્ય દ્રવ્ય પુષ્પાદિક કા ડાંક લગતા હૈ, તબ અન્ય સા દિખતા હૈ,...'** એનો દાખલો આપીને કહે છેને કે જુઓ, એ આત્મામાં રાગ-દ્વેષ થાય છે એ પરદ્રવ્યને લઈને થાય છે. એ ગાથા બોલાણી હતી ત્યાં રાજકોટ. તમારે હતા પંચ કલ્યાણક. કે દિ'? ૨૦૦૬ (વિ.સ.) સાલ. છઠ્ઠી-છઠ્ઠી. જુઓ, પરદ્રવ્યે.. હિમંતભાઈએ કર્યું છે એનું. પરદ્રવ્યને લઈને નહિ? એવી ગાથા બોલી હતી તે દિ'. પરદ્રવ્યને લઈને રાગ-દ્વેષ થાય છે, પોતાથી નહિ. એ તો સ્વભાવ છે એ પોતાનો છે, વિભાવ પોતાથી થાય એમ નથી, નિમિત્તના આશ્રયે થાય છે, એમ કહ્યું છે. પણ એ નિમિત્તે કરાવ્યા છે અને કર્મ છે માટે વિકાર થાય છે એમ નથી. છઠ્ઠી સાલમાં બોલાણું હતું. હતા તમે? ૨૪ વર્ષ થયા. ઘણાં પ્રશ્ન નીકળ્યા હતા. જીવ રાગ કરે તો કર્મ બંધાય, રાગ ન કરે તો કર્મ ન બંધાય. એ પ્રશ્ન આવ્યો હતો તે દિ'. રાગની વ્યાખ્યા ઈ, રાગ

છે ત્યાં કર્મબંધન એને કારણે-કર્મને કારણે બંધાય છે, રાગને કારણે નહિ. એમ કર્મનો ઉદય છે માટે અહીં રાગ થાય છે એમ નહિ. એ ઝળકને ઝીલે છે રાગને તેથી ત્યાં રાગ થાય છે. આહાહા..! આવું ઝીણું.. કામ કરે નહિ પછી બહારમાં એમને એમ કર્યા કરે, શું થાય?

રાજકુમાર ક્ષાયિક સમકિતી જીવ હોય લ્યો! અરે! આ શ્રેણિક લ્યોને. દેહ છોડવા ટાણે માથુ પછાડ્યું. એ ભાવ ક્યો હશે અંદર? સુખરૂપ હશે? છતાં એ રાગધારા બીજી કામ કરે છે અને જ્ઞાનધારા બીજી કામ કરે છે. ક્ષાયિક સમકિતી, તીર્થંકરગોત્ર જેણે બાંધ્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બંધાય છે સમયે-સમયે. નરકમાં અત્યારે બંધાય છે. તીર્થંકર પરમાણુ બંધાવાનો સમયનો આંતરો પડતો નથી. છોડ્યું ત્યારે .. બંધાય. એ રાગ રાગનું કામ કરે, જ્ઞાનાનંદ જ્ઞાનધારા જ્ઞાનનું કામ કરે. બે ધારા ભિન્ન છે. આહાહા..! એ ભવિષ્યમાં તીર્થંકર થવાના. જેના સો ઈન્દ્રો તળિયા ચાટશે. જે માતાના પેટમાં જાશે એની પહેલાં ઈન્દ્રો છ મહિના પહેલાં તો સેવા કરશે એની માની. આહાહા..! એ સમ્યગ્દર્શનની બલિહારી છે. એ રાગ એવો આવ્યો છતાં એનો સ્વામી નથી. છતાં એ થયા વિના રહ્યો નથી. છતાં એના વેદનમાં આવ્યા વિના રહેતું નથી. આહાહા..! ભારે! માથુ ફોડ્યું હશે એ ભાવ આનંદ છે ઈ? ઉદયભાવ છે. ઉદયભાવ તો દુઃખરૂપ છે. આહાહા..! એ દુઃખ અંદર જ્ઞાનાનંદમાં એ જણાય ખરો. પોતે જાણે કે આ મારી ચીજથી આ ભિન્ન છે, પણ પર્યાયનું વેદન છે એ મારું છે. એ વેદન મને નથી એમ નથી. તો જ્ઞાન ખોટું થાય. જ્ઞાન ખોટું થતાં દૃષ્ટિ ખોટી થઈ ગઈ. આહાહા..! આવી વાતું ભાઈ! ચારિત્રમોહનો ઉદય એ વખતે એમ કામ કરે છે પર્યાયમાં. શ્રદ્ધા-જ્ઞાનનું કામ ત્યાં શ્રદ્ધા-જ્ઞાન કરે છે. શ્રદ્ધા-જ્ઞાન છે એ કાંઈ ખાલી પડ્યા છે? શ્રદ્ધા ને જ્ઞાન થયા છે આત્મામાંથી એ શ્રદ્ધા-જ્ઞાન શ્રદ્ધા-જ્ઞાનનું કાર્ય કર્યા જ કરે છે. એ રાગનું કાર્ય છે એનું? આહાહા..! ચારિત્રદોષ અને દર્શનદોષમાં આંતરો પડતો નથી એને બધું એકમેક લાગે છે. સમજાણું કાંઈ? આહાહા..!

એ જેમ '**પુષ્પાદિક કા ડાંક લગતા હૈ, તબ અન્ય સા દિખતા હૈ, ઈસપ્રકાર જીવ કે સ્વચ્છભાવકી વિચિત્રતા જાનના.**' આહાહા..! જે કાચમાં મેશ ચોપડી હોય ઉપર એમાં કાંઈ દેખાય? સ્વચ્છ છે એને લઈને દેખાય છે. એમ ભગવાન સ્વચ્છ સ્વરૂપ, નિર્મળ સ્વરૂપ એમાં એ રાગ-દ્વેષના ડાંક દેખાય છે, છે પર. પર નામ પોતાનો સ્વભાવ નહિ એમ. છે પોતાની પર્યાયમાં. પણ એ પર્યાયમાં અનેરા અનેક પ્રકારે જીવ દેખાય એ વ્યવહારનયનો વિષય છે. એકરૂપે દેખાય તે નિશ્ચયનો વિષય છે.

મુમુક્ષુ :- જ્ઞાનધારા અને કર્મધારા...

ઉત્તર :- હા એકરૂપે છે જ્ઞાન. આવો માર્ગ છે. આ કાંઈ બીજાની સાથે વાદવિવાદ કરે પાર પડે એવું નથી. અરે! કાળ થોડો, કામ મોટા, વખત ચાલ્યો જાય. કોના માટે રોકાય? એ સ્વચ્છભાવની વિચિત્રતા કીધી હોં! કર્મના ઉદયની વિચિત્રતા એમ ન કીધી. આહાહા..! અસિદ્ધભાવ છેને? એ ઉદયભાવ છે બધો. અનેરો-અનેરો પ્રકાર છે એ. એમ અનેરા પ્રકાર હોવા છતાં જ્ઞાન જાણે છે કે મારી પર્યાયમાં છે આ. સમજાણું કાંઈ? આહાહા..!

'**ઈસલિયે આગે કહતે હૈં કિ જબતક મુનિ કે રાગ-દ્વેષ કા અંશ હોતા હૈ તબતક સમ્યગ્દર્શન કો ધારણ કરતા હુઆ ભી ઐસા હોતા હૈ :-**' '**સમ્યગ્દર્શન કો ધારણ કરતા હુઆ ભી...**' ચારિત્રદોષને કારણે આમ એને થાય છે. શું થાય છે એ વાત કરે છે.

देवगुरुम्मि य भत्तो साहम्मियसंजदेसु अणुरत्तो।
सम्मत्तमुव्वहंतो झारणओ होदि जोई सो।।५२।।

લ્યો! રાગાંશ છે એ. લ્યો!

'**અર્થ :- જો યોગી ધ્યાની મુનિ સમ્યક્ત્વ કો ધારણ કરતા હૈ...**' શુદ્ધ ચૈતન્ય અખંડ અભેદ છું એવી તો અનુભવ દૃષ્ટિ છે. '**ઔર જબતક યથાખ્યાત ચારિત્ર કો પ્રાપ્ત નહીં હોતા હૈ,...**' પૂર્ણ ચારિત્ર યથાખ્યાત. '**તબતક અરિહંત સિદ્ધ દેવ મેં ઔર શિક્ષા દીક્ષા દેનેવાલેં ગુરુ મેં તો ભક્તિયુક્ત હોતા હી હૈ...**' જે રાગાંશ છે એટલે એ ભક્તિયુક્ત થયા વિના રહે નહિ. આહાહા..! છતાં એ ભક્તિયુક્તનો રાગ દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? ઋષભદેવની સ્તુતિ ચાલીને ભક્તિ. ભક્તિ-ભક્તિના કાળનું વર્ણન હોય ત્યારે એ જ આવે કે નહિ? તેથી એ ભક્તિનો ભાવ એ સુખરૂપ છે? એને હરખરૂપે કહેવાય. પણ હરખ શેનો એ? રાગનો હરખ છે એ તો. આહાહા..! વીતરાગબિંબ પ્રભુ ચૈતન્ય એમાં ઝળક રાગની એ તો દુષિત છે. આહાહા..!

જ્યાં સુધી મુનિને વીતરાગ ચારિત્ર યથાખ્યાત ન આવે અર્થાત્ ન હોય ત્યાં સુધી એને '**અરિહંત સિદ્ધ દેવ મેં ઔર શિક્ષા દીક્ષા દેનેવાલે ગુરુ મેં તો ભક્તિયુક્ત હોતા હી હૈ...**' એવો રાગાંશ એને હોય છે. એ ચારિત્ર નથી, એ ચારિત્રમાં દોષ છે. આહાહા..! દેવ-ગુરુ શબ્દ આવ્યાને બે. બે વ્યાખ્યા કરી. '**ઈનકી ભક્તિ વિનય સહિત હોતી હૈ...**' '**ઈનકી ભક્તિ વિનય સહિત હોતી હૈ...**' દેવ-ગુરુની ભક્તિ વિનયસહિત હોય છે. છે વિકલ્પ. '**ઔર અન્ય સંયમી મુનિ અપને સમાન ધર્મ સહિત હૈં...**' બીજા જે મુનિ હોય '**અપને સમાન ધર્મ સહિત હૈં ઉનમેં ભી અનુરક્ત હૈ,...**' એના પ્રત્યે પણ એને પ્રેમ છે. તેથી કહ્યુને પંચાસ્તિકાયની ૧૭૦ ગાથા. જ્યાં સુધી નવ પદાર્થનો પ્રેમ વર્તે, રુચિ વર્તે, આગમની રુચિ વર્તે અને તીર્થંકર કહે છે કે મારા પ્રત્યે પણ જ્યાં સુધી રુચિ વર્તે,

ત્યારે એને મોક્ષ દુરતર છે. આહાહા..! ૧૭૦ ગાથા. પછી અર્થમાં એવું કર્યું. પાઠમાં દુરતર છે. ટીકામાં કહે પરંપરાએ. એમ લખ્યું. દુરતર એટલે સીધો મોક્ષ નથી, પણ અશુભ ટળે છે અને શુભ ટાળીને થશે એટલે પરંપરા કહેવામાં આવ્યું છે. એમ ટીકા એવી લીધી છે. દુરતરની વ્યાખ્યા એવી કરી છે. એની એકાદ-બે ગાથા (શ્રીમદ્‌માં) પડી રહી છે. પંચાસ્તિકાયના કર્યા છેને? અર્થ ભર્યા છે એમાં. અનુવાદમાં આ બે ગાથાઓ પડી રહી છે.

મુમુક્ષુ :- મોક્ષ કાંઈ દૂર નથી.

ઉત્તર :- દૂર નથી એમ છે. દૂર છે. નથી એમ લખ્યું છે. એક ગાથા તો પડી રહી છે બીજી. આકરું કામ. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ હોય છે, પણ એ મોક્ષનું કારણ નથી. આહાહા..! ધર્મીને પણ એ બંધનું કારણ છે અને બંધનું કારણ એ સુખરૂપ કેમ હોય? આવે, હો, પણ એ બંધનું કારણ છે. આહાહા..!

દેવ અને ગુરુની '**ભક્તિ વિનય સહિત હોતી હૈ ઔર અન્ય સંયમી મુનિ અપને સમાન ધર્મ સહિત હૈં ઉનમેં ભી અનુરક્ત હૈ,...**' પ્રેમ હોય છે. અનુરાગ-પ્રેમ છે સાધર્મી પ્રત્યે. એને સાધર્મી દેખીને દ્વેષ નથી આવતો કે આ વળી વધી ગયો. ઓહો..! ધન્ય અવતાર! જેણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કર્યા. ઓહો..! આગળ વધીને અલ્પકાળમાં પણ કેવળ પામી જાય એમાં શું? જે તારે જોવે છે કેવળ એ એને થોડા કાળમાં મળે. એથી એના પ્રત્યે કાંઈ દ્વેષ છે એને? ઈર્ષ્યા આવી જાય ઈર્ષ્યા? '**વહી મુનિ ધ્યાન મેં પ્રીતિવાન હોતા હૈ...**' આ શું કહે છે? કે અંતરમાં દર્શન-જ્ઞાન નિર્મળ છે, ચારિત્ર પણ છે, પણ હજી ચારિત્રમાં દોષનો આવો રાગ અંશ છે. દ્વેષ પર પ્રત્યે નથી, રાગ છે. એ અંતર ધ્યાન કરવાને લાયક છે. સમજાણું કાંઈ? જેનો નિશ્ચય યથાર્થ છે અને વ્યવહારમાં પણ જે પ્રકારના રાગનો અંશ છે એ બરાબર વર્તે છે એમ કહે છે. જાણે છે કે આ છે. આહાહા..!

'**ઔર મુનિ હોકર ભી દેવ-ગુરુ-સાધર્મિયોં મેં ભક્તિ વ અનુરાગ સહિત ન હો...**' દેખો! મુનિ થઈને પણ સાચા દેવ, સાચા ગુરુ, સાચા સાધર્મી, ત્રણ લીધા, એમાં જેને ભક્તિ અને અનુરાગસહિત ન હો. પ્રેમ નથી એને. એને ધર્મ પ્રત્યે પ્રેમ નથી આત્મા પ્રત્યે. આહાહા..! '**અનુરાગ સહિત ન હો ઉસકો ધ્યાન મેં રુચિવાન નહીં કહતે હૈં,...**' એને ધ્યાનમાં અંતરમાં રુચિવાળો કહી શકાય નહિ. આહાહા..! ભારે માર્ગ ભાઈ! '**ક્યોંકિ ધ્યાન કરનેવાલે કે, ધ્યાનવાલે સે રુચિ પ્રીતિ હોતી હૈ,...**' જેને અંતરમાં ધ્યાન જામે છે સમકિતી જ્ઞાની ચારિત્રવંતને, એ ધ્યાનનો જેને પ્રેમ છે તો એવા ધ્યાનવાળા પ્રત્યે પણ એને પ્રેમ હોય છે. આહાહા..! સમજાણું કાંઈ? '**ધ્યાન કરનેવાલે કે, ધ્યાનવાલે સે રુચિ પ્રીતિ હોતી હૈ, ધ્યાનવાલે ન રુચે તબ જ્ઞાત હોતા હૈ કિ ઈસકો ધ્યાન**

**ભી નહીં રુચતા...**' ધ્યાની પ્રાણી જેને ન રુચે એને ધ્યાન પણ રુચતું નથી. આહાહા..! આ તો શુરવીરના કામ છે, ભાઈ! આહાહા..! 'રણે ચડ્યા રજપૂત છૂપે નહીં.' એમ ભગવાન આત્મા અંતરમાં સ્વભાવની રુચિ, દૃષ્ટિએ ચડ્યો એને ધ્યાન રુચતું હોય છે. એવા જીવોને દેખીને પણ એને પ્રેમ હોય છે. એને ઈર્ષ્યા ન થાય (કે) લ્યો આ નીકળી ગયો આજકાલનો, અમે આટલા બધા પચાસ વર્ષથી છીએ અને આ વળી કહે, લ્યો આ કરો ને આ કરો. અમને પણ ધ્યાન થાય છે. એમ ઈર્ષ્યા ન હોય એને. સરળતા, ભાઈ! મારે જે કરવું છે એ તું તારામાં કરે છો એનું અનુમોદન દઈએ છીએ. આહાહા..!

મુમુક્ષુ :- એને ઉત્સાહ થાય.

ઉત્તર :- ઉત્સાહ થાય એને. ઓહો..! આહાહા..!

'**ધ્યાન કરનેવાલે કે,...**' ધ્યાનનો અર્થ ધ્રુવનું ધ્યાન. નિત્યાનંદ પ્રભુની દૃષ્ટિ થઈ, જ્ઞાન થયું એટલે એ તરફનું વલણ છે તેને ધ્યાન કહીએ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે ધ્યાનનાં જ ભાગ છે અને એ ધ્યાન જ મોક્ષનું કારણ છે. આહાહા..! '**ધ્યાનવાલે ન રુચે તબ જ્ઞાત હોતા હૈ કિ ઈસકો ધ્યાન ભી નહીં રુચતા હૈ...**' અંતર્મુખ જવું એને રુચતું નથી. અંતર્મુખ જનારાઓનો જેને પ્રેમ નથી એને અંતર્મુખ જવાની રુચિ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? '**ઈસપ્રકાર જાનના ચાહિયે.**' લ્યો! હવે આ ગાથા વાંધાવાળી છેને?

'**આગે કહતે હૈં કિ જો ધ્યાન સમ્યગ્જ્ઞાની કે હોતા હૈ વહી તપ કરકે કર્મ કા ક્ષય કરતા હૈ –**'

**उग्गतवेणण्णाणी जं कम्मं खवदि भवहि बहुएहिं।**
**तं णाणी तिहि गुत्तो खवेइ अंतोमुहुत्तेण।।५३।।**

ઓલા કહે છે રતનજી એમ કે કર્મ ખપાવે છેને કેટલેક કાળે પણ, માટે આ સમકિતીની આ વાત છે. ધ્યાનમાં નથી એની. રતનચંદજી. અહીં તો ચોખ્ખો એણે અર્થ લીધો છે પોતે દેખો!

'**અર્થ :- અજ્ઞાની તીવ્ર તપ કે દ્વારા બહુત ભવોં મેં જિતને કર્મોં કા ક્ષય કરતા હૈ,...**' એ તો એક સાધારણ દાખલો આપ્યો છે. '**અજ્ઞાની તીવ્ર તપ કે દ્વારા બહુત ભવોં મેં જિતને કર્મોં કા ક્ષય...**' એટલે અંશે કોઈ નિર્જરા, અકામ નિર્જરા આદિ થાય. '**ઉતને કર્મોં કા જ્ઞાની મુનિ તીન ગુપ્તિ સહિત હોકર...**' જેને મનને, વચનને, કાયાને ભિન્ન પાડ્યા છે, આત્માનું ધ્યાન જેને જામ્યું છે એ ધ્યાની મુનિ કે ધ્યાની આત્મા અંતર્મુહૂર્તમાં ક્ષય કરી નાખે. જ્ઞાની સાથે મેળવે છે એ. ઓલો ક્ષય તો કરે છેને કોક. અજ્ઞાની ક્ષય ક્યાં કરે છે માટે જ્ઞાની છે. આ તો આવો અર્થ કર્યો છે એણે પોતે. ટીકાકારે એમ

કર્યો છે હોં. સમજ્યા?

અહીંયાં તો એક દૃષ્ટાંત સાધારણ આપ્યું છે. લાખો-કરોડો ભવોમાં પણ નાશ ન કરી શકે અને કરોડો ભવે પણ જે નાશ કરે એ અંતર્મુહૂર્તમાં કરે, એટલો દાખલો લેવો છે. એથી કરીને એ સમકિતી છે અને એના અંશે પણ કર્મ ક્ષય થાય છે એમ સાબિત કરવું છે એમ નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ વદ ૧૩, ગુરુવાર તા. ૨૧-૦૩-૧૯૭૪**
**ગાથા - ૫૩ થી ૫૫, પ્રવચન - 133**

उग्गतवेणण्णाणी जं कम्मं खवदि भवहि बहुएहिं।
तं णाणी तिहि गुत्तो खवेइ अंतोमुहुत्तेण।।५३।।

'**અર્થ :- અજ્ઞાની...**' આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એવું જ્યાં ભાન નથી, એવો જીવ તીવ્ર તપ-આકરા તપ કરે. છ-છ મહિનાના અપવાસ કરે. '**તીવ્ર તપ કે દ્વારા બહુત ભવોં મેં...**' ઘણાં ભવો. '**જિતને કર્મોં કા ક્ષય કરતા હૈ,...**' અઘાતિ-અશુભ એટલું ટળે છેને? શુભભાવમાં અજ્ઞાનીને અશુભ કર્મ કેટલુંક અઘાતિ આદિ ટળે. પાપકર્મ. અજ્ઞાનમાં શુભભાવથી .. પાપકર્મ ખપે, ટળે. '**ઉતને કર્મોં કા જ્ઞાની મુનિ...**' એ તો સાધારણ દૃષ્ટાંત આપ્યો છે. એ આત્માના આનંદ અને જ્ઞાનસ્વરૂપમાં જેની દૃષ્ટિ છે એવો જ્ઞાની મુનિ... મુનિની પ્રધાનતાથી વાત કરી છે. '**તીન ગુપ્તિ સહિત...**' શુભાશુભ વિકલ્પને પણ જેણે છોડ્યા છે અને આત્મામાં નિર્વિકલ્પ સમાધિમાં આવ્યો છે. એ '**અંતર્મુહૂર્તમેં હી ક્ષય કર દેતા હૈ.**' આનો અર્થ એવો લગાવે છે કેટલાક (કે) અજ્ઞાની છે એ તો એને જ્ઞાન વિશેષ નથી. એ અજ્ઞાની લેવો છે અહીંયા એમ કહે છે.

મુમુક્ષુ :- .. મિથ્યાદૃષ્ટિ.

ઉત્તર :- મિથ્યાદૃષ્ટિ અહીં નથી લેવો એમ કહે રતનચંદજી. એમ કે આમાં કર્મ ખપાવે છેને થોડા પણ? માણસને...

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ તો અશુભ કર્મ અઘાતિ અને કાંઈક શુભભાવ હોય તો ઘાતિનો રસ પણ

ઓછો પડે.

મુમુક્ષુ :— અકામ નિર્જરા થાય.

ઉત્તર :— આ અપેક્ષાએ કહ્યું છે એટલા દ્વારા. શુભભાવમાં, શુદ્ધતાનું તો ભાન નથી, એ શુભભાવમાં અઘાતિ કર્મ પણ કાંઈક રસ, સ્થિતિ ઘટે અને ઘાતિનો કોઈ ભાવ મિથ્યાત્વસહિત ... પણ થોડો કાંઈક રસ ઘટે, પણ અભાવ ન કરી શકે. એ અહીં અજ્ઞાની લેવો છે. કહે છે કે, ખપાવે છેને. એની સાથે આ ખપાવે છે એમ મેળ કર્યો છેને. માટે જ્ઞાની છે જઘન્ય જ્ઞાની નીચે દરજ્જાવાળો, એમ કહે છે. એમ નથી. પાઠમાં છેને '**तेण दु अण्णाणी**' એ '**अण्णाणी**'નો અર્થ એવો કરે છે કે વિશેષ જ્ઞાન નહિ, મંદ જ્ઞાન. બીજે ઠેકાણે થાય, આ ઠેકાણે નહિ. અજ્ઞાની જીવ... બીજે ઠેકાણે મંદ જ્ઞાનીને અજ્ઞાન થાય. બારમે ગુણસ્થાને અજ્ઞાન છે. બારમે અજ્ઞાન કહ્યું છે એ શું છે? જ્ઞાનનો અભાવ છે. વિપરીત જ્ઞાન જુદું અને અલ્પ જ્ઞાન જુદું. એ બેમાં ફેર મોટો. આહાહા..!

અહીં તો મેળવવું છે ફક્ત. જ્યાં ચૈતન્યમૂર્તિ ભગવાન વસ્તુ જે છે કર્મ અને કર્મના ભાવરહિતની એવી જેની દૃષ્ટિ થઈ નથી તો એની દૃષ્ટિ રાગ ઉપર જ પડી છે અને એ રાગની ક્રિયામાં મંદ રાગ પણ કરે, સંથારા બબ્બે મહિનાના કરે. સંથારા સમજાય છે? છેવટે મરણ. પણ એ અંદર વસ્તુસ્થિતિની ખબર નથી એથી એને કર્મનો અંશે પણ અભાવ ન થાય. પરમાર્થે. પણ ઓલો શુભભાવ છે એને લઈને અકામ અશુભ ઘટે છે એટલી અપેક્ષા લીધી છે. જ્ઞાનીને.. આ તો જ્ઞાની તો પુણ્ય અને પાપ બેયને ખપાવે એમ વાત લેવી છે. ઓલાને એકલું પાપ ઘટે જરી એટલી અપેક્ષા લેવી છે. આહાહા..! એને પણ મિથ્યાત્વ છેને. એને પણ છે જેને શુભભાવ છે તો મિથ્યાત્વનો રસ મંદ હોય. અભવિને હોય છે. રસ મંદ હોય, પણ અભાવ ન હોય. સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિને પણ શુભભાવથી મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો રસ કાંઈક મંદ હો, પણ એ કંઈ ચીજ નથી. આહાહા..!

'**ઉતને કર્મોં કા...**' એમ શબ્દ પડ્યો છેને? '**तं णाणी तिहि गुत्तो**' મુનિ તીન ગુપ્તિ સહિત જેણે મન, વચન અને કાયાના વિકલ્પો દૂર કર્યા છે. કેમકે જેને આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ, અબંધસ્વરપ દૃષ્ટિમાં, જ્ઞાનમાં આવ્યું છે એથી અંદરમાં ધ્યાનમાં જાય ત્યારે અંતર્મુહૂર્તમાં આમ ક્ષય કરી દે. કહો, સમજાણું કાંઈ? ભરત ચક્રવર્તી લ્યો! ૯૩ લાખ પૂર્વ સુધી સંસારના... ૬ લાખ પૂર્વ તો ચક્રવર્તીપદમાં રહ્યા. સમ્યગ્દૃષ્ટિ. ૬ લાખ પૂર્વ. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ, ૫૬ હજાર કરોડ વર્ષ જાય. એવા એવા ૬ લાખ પૂર્વ તો ચક્રવર્તી પદે રહ્યા. એને જે કર્મ અલ્પ બંધાણું હતું એ અંતર્મુહૂર્તમાં ધ્યાનમાં એ બધું ખપાવી દીધું. ચારિત્રમોહ .. હતો. ... એ આમ અંતરમાં જ્યાં ગયા આહાહા..! ત્યાં એ એટલા જ કાળમાં ચારિત્રમોહનું

બંધન અંતર્મુહૂર્તમાં છૂટી ગયું. સમજાણું કાંઈ?

ચૈતન્યના વસ્તુના સ્વભાવના અવલંબે જે કામ થાય એ શુભરાગના અવલંબનમાં એ કામ થઈ શકે નહિ. સમજાણું કાંઈ? છતાં અહીંયાં જરી ઉપમામાં એમ કહ્યું, એ ખપાવે એટલું અંતર્મુહૂર્તમાં ખપે એટલો જરી... નહિતર તો ખરેખર એની સાથે કાંઈ મેળ છે નહિ. પણ જરી આનું માહાત્મ્ય બતાવવા... એનું થોડું પાપ ખપે છે પાપ (અને) આને તો અંતર્મુહૂર્તમાં પુણ્ય અને પાપ બધાને બાળીને રાખ કરી નાખે. સમજાણું કાંઈ?

'**જો જ્ઞાન કા સામર્થ્ય હૈ...**' હવે ભાવાર્થ પોતે કરે છે જયચંદ્ર પંડિત. જે જ્ઞાન સ્વભાવ ચૈતન્યસ્વભાવ, પુણ્ય અને પાપના રાગ વિકલ્પ રહિત એવું જે આત્માનું જ્ઞાન, આત્મદ્રવ્યનું ભાન એનું જે સામર્થ્ય છે, '**વહ તીવ્ર તપ કા સામર્થ્ય નહીં હૈ,...**' એટલું બતાવવું છે. છ-છ મહિનાના અપવાસ કરે, શાસ્ત્ર સ્વાધ્યાય કરે તોપણ એ જ્ઞાનના સામર્થ્ય પાસે એ સામર્થ્ય છે નહિ. '**ક્યોંકિ ઐસા હૈ કિ અજ્ઞાની અનેક કષ્ટોં કો સહકર...**' આહાહા..! '**તીવ્ર તપકો કરતા હુઆ કરોડોં ભવોં મેં જિતને કર્મોં કા ક્ષય કરતા હૈ...**' કરોડો-કરોડો લઈ લેવું. ટીકામાં તો ઘણું લીધું છે. ઘણા કરોડો એમને એમ આગળ વધારી દેવા. ટીકા નથી આની. જયચંદ્ર પંડિત. ... શત કોટી ભવે, સહસ્ત્ર કોટી ભવે, લાખ કોટી ભવે, કોટાકોટી ભવે. કરોડા કરોડ ભવે. એ તો એક એમ કે કરોડ શું અનંતકાળમાં ન ખપે. અનંત કાળમાં જે કાંઈ અશુભ કર્મ ઘટે, અશુભ કર્મ એ જ્ઞાની શુભાશુભ પરિણામને અંતર્મુહૂર્તમાં ખપાવી નાખે. બસ આટલું. સિદ્ધાંત આમ કહેવો છે. સમજાણું કાંઈ?

ભગવાન જ્ઞાનસ્વભાવનું સામર્થ્ય એટલું છે કે જે એની દૃષ્ટિ થઈ અને પછી ધ્યાનમાં જાય એને ધ્યાન સાચું હોયને. અજ્ઞાની ક્રોડાક્રોડી ભવોમાં જે કર્મ અશુભ પાપ ન ખપાવે અથવા અશુભભાવ જરી પાપ ખપાવે. ખપાવવાનું લેવું છેને? ખપાવવાનું લેવું છેને? એ આ અંતર્મુહૂર્તમાં આનંદસ્વરૂપ ભગવાન જેને ધ્યાનમાં લઈ ધ્યેય બનાવી, દૃષ્ટિ ઉઘડી છે એટલે ધ્યેય તો થઈ ગયું છે ... આહાહા..! એ અંતર્મુહૂર્તમાં ખપાવે. કેટલા કર્યા છે, ક્રોડાક્રોડી ભવ દ્વારા.

'**ક્યોંકિ ઐસા હૈ કિ અજ્ઞાની અનેક કષ્ટોં કો સહકર...**' કરોડો ભવમાં પણ કર્મોનો ક્ષય કરે છે તે. '**જિતને કર્મોં કા ક્ષય કરતા હૈ વહ...**' એમ. એ તો અપેક્ષાએ વાત છે. '**આત્મભાવના સહિત...**' ભગવાન 'આત્મ ભાવના ભાવતા' આવે છેને? શ્રીમદ્‌માં આવે છે. 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે.' એ આત્મભાવના એટલે શું? આહાહા..! જેને આત્મા દૃષ્ટિમાં, જ્ઞાનમાં જ્ઞેય તરીકે, શ્રદ્ધા તરીકે, જ્ઞાન તરીકે ભાસ્યો છે. એવો આત્મા એ આત્માની ભાવના કરતા અંતર્મુહૂર્તમાં કર્મ ખપાવીને કેવળજ્ઞાનને પામે. સમજાય

છે કાંઈ?

**'વહ આત્મભાવના સહિત જ્ઞાની મુનિ ઉતને કર્મો કા અંતર્મુહૂર્ત મેં ક્ષય કર દેતા હૈ, યહ જ્ઞાન કા સામર્થ્ય હૈ.'** એ પ્રમાણ આપ્યું છે એ તો સાધારણ છે. ઓલું તો પાપ કર્મ ખપાવે અને આ તો બધું ખપાવે. બેય. આહાહા..! કેમકે આત્મદ્રવ્યમાં પુણ્ય અને પાપના વિકલ્પ તો છે નહિ. એવી આત્મદૃષ્ટિવંત આત્માની ભાવના કરતાં પુણ્ય અને પાપના બેય ભાવને ખપાવે છે. **'વહ જ્ઞાન કા સામર્થ્ય હૈ.'** એ આત્માના સ્વભાવનું સામર્થ્ય છે. આહાહા..!

**'આગે કહતે હૈં કિ જો ઈષ્ટ વસ્તુ કે સંબંધ સે...'** શું કહે છે હવે? કે કોઈ વસ્તુ જ્ઞેય જે પર છે એમાં પ્રિયકર ઈષ્ટનો સંયોગ થતાં **'પરદ્રવ્ય મેં રાગદ્વેષ કરતા હૈ...'** એ સંયોગ થતાં સંબંધમાં ઈષ્ટ માનીને રાગ કરે, અનિષ્ટ માનીને દ્વેષ કરે **'વહ ઉસ ભાવ સે અજ્ઞાની હોતા હૈ,...'** પરવસ્તુમાં ઈષ્ટતા અને અનિષ્ટતા એ માન્યતા જ મિથ્યાત્વની છે. સમજાય છે? **'જ્ઞાની ઈસસે ઉલટા હૈ :-'** ૫૪.

**सुहजोएण सुभावं परदव्वे कुणइ रागदो साहू।**
**सो तेण दु अण्णाणी णाणी एत्तो दु विवरीओ।।५४।।**

**'અર્થ :- શુભયોગ અર્થાત્ અપને ઈષ્ટ વસ્તુ કે સંબંધ...'** એમ. અનુકૂળનો આમ સંબંધ મિલાપ થતાં **'પરદ્રવ્ય મેં સુભાવ અર્થાત્ પ્રીતિભાવ...'** સુભાવ એટલે પ્રીતિ એનો અર્થ લેવો છે. અહીં તો એ સિદ્ધ કરવું છે... મોક્ષનો માર્ગ છેને? કે પરવસ્તુનો સંબંધ થતાં ઈષ્ટ-અનિષ્ટની કલ્પનાથી જે રાગદ્વેષ કરે છે એ અજ્ઞાની છે. સમજાણું કાંઈ? કારણ કે જ્ઞેય પરવસ્તુ છે એનો તો આત્મા જ્ઞાતા છે. એ જ્ઞેયમાં આ ઈષ્ટ અને અનિષ્ટ એવા ભાગ છે જ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભક્તિ કરે રાગ. હા એ છે. ખ્યાલ છે મગજમાં. એ અસ્થિરતાનો રાગ છે. એને ઈષ્ટ છે આ, પ્રિયકર છે એમ માનીને રાગ નથી એને. વ્યવહારે ઈષ્ટ છે એમ માનીને કર્યું. ઈષ્ટદેવ કહેવાય છેને? પરમાર્થે ઈષ્ટ એ નથી. રાત્રે આવ્યું હતું ૫૨માં. **'देवगुरुम्मि य भत्तो साहम्मियसंजदेसु'** એ ધર્મ રાગ આવે છે. એ આવશે ખુલાસો આમાં. ચારિત્રમોહના ઉદયવશ જેને ધર્મરાગ આવે ખરો. પણ એને રોગ સમાન જાણે. અને અજ્ઞાની એને અનુકૂળ ચીજ છે માટે રાગ આવ્યો, માટે ઠીક છે એમ એ માને છે. ત્યાં શ્રદ્ધામાં ફેર છે. સમજાણું કાંઈ? પાઠમાં શબ્દ એવો છેને? **'सुहजोएण'** પદાર્થનું મિલાન થતાં. મળવું આમ સંબંધ થવો. એમાં **'परदव्वे सुभावं'** પરદ્રવ્ય પ્રત્યે સુભાવ એટલે પ્રીતિ કરે છે એ રાગને કરે છે. એ

સાધુ અજ્ઞાની છે. આહાહા..! ફેરમાં ક્યો ફેર ક્યાં પડે છે? કે પરના સંયોગ થતાં એને પ્રીતિ ઊપજે છે કે આ ઠીક છે એવી પ્રીતિ ઊપજે છે તે પ્રીતિને અહીંયા રાગ કહે છે, એને અજ્ઞાન કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

આમ તો પંચપરમેષ્ઠી ઈષ્ટદેવ છે. પણ એ ઈષ્ટતા ચારિત્રમોહના મંદપણાનો ઉદય છે એને લઈને એ .. છે. પણ એ ઈષ્ટ છે, એ દ્રવ્ય ઠીક છે માટે મને રાગ થાય છે એમ નહિ. એ ઈષ્ટ દ્રવ્ય છે માટે મને રાગ થાય છે એમ નહિ. એ ઈષ્ટના પ્રેમમાં મને ઈષ્ટ વસ્તુ સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર છે એનો એને પ્રેમ અને વિનયનો ભાવ આવે છે એ પોતાની કમજોરીને લઈને. એને ઈષ્ટ માનીને આવે છે એમ છે નહિ. ભારે ફેર!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પ્રશસ્ત છે, એ તો માન્યું છે એ પ્રશસ્ત. પ્રશસ્ત છે નહિ ખરેખર. પરપદાર્થ પ્રશસ્ત છે જ નહિ. પણ શુભરાગ છે માટે પ્રશસ્ત કહેવામાં આવે છે. પણ છતાં એ રાગ ધર્માનુરાગ છે. પણ એ પદાર્થને જ ઈષ્ટ માનીને સંબંધ થતાં, મિલાપ થતાં પ્રીતિનો ભાવ અંદર ઉલ્લસે તો એ તો પરદ્રવ્ય પ્રત્યેના પ્રેમથી રાગ ઉઠ્યો છે. એ તો મિથ્યાત્વભાવ છે. બહુ ફેર છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પછી આવશે. અહીં તો હજી ઈષ્ટ કરે છે કોણ રાગ? એ વાત.

શુભયોગ એટલે ઈષ્ટ વસ્તુનો મિલાપ. એની વ્યાખ્યા આટલી કરી. '**सुहजोएण**' છેને? શુભનો યોગ થવો, મેળાપ થવો. એમાં પરદ્રવ્ય... પરદ્રવ્યનો મેળાપ થયો છેને? એમાં '**सुभावं परदव्वे कुणइ**' રાગથી પ્રીતિ કરે છે કે આ ઠીક છે એ માટે મને રાગ આવ્યો છે. એ મિથ્યાત્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આગળ તો લેશે એ. મોક્ષનો ઈચ્છા થાય રાગ કરે એ પરદ્રવ્યમાં રાગ છે એ મિથ્યાત્વ છે. મોક્ષનો રાગ કરું તો મને લાભ થશે એ પણ મિથ્યાત્વભાવ છે. એ પછીની ગાથા છે ૫૫. આ તો ૫૪ ચાલે છેને? મોક્ષપ્રાભૃત છેને.

અહીંયાં તો પરદ્રવ્યના લક્ષે. '**परदव्वादो दुग्गइ**' આવ્યું હતુંને આપણે? ૧૬મી ગાથામાં. '**परदव्वादो दुग्गइ**' જેટલા પરદ્રવ્યનું લક્ષ થાય ત્યાં ચૈતન્યની પરિણતિ પોતાની નથી થતી, દુર્ગતિ છે. ચૈતન્યનો વિભાવ પરિણામ દુર્ગતિ છે. '**परदव्वादो दुग्गइ सदव्वा दो हु सुग्गइ होइ।**' ૧૬મી ગાથામાં આવ્યું હતું. જુઓ ૧૩-૧૪... પહેલી ગાથા બાકી રહી ગઈ. ભાવપાહુડ બાકી છે. સમજાણું કાંઈ? એ '**सुहजोएण**' એનો અર્થ શુભયોગ નહિ, શુભનો મેળાપ, ઈષ્ટ વસ્તુનો સંબંધ. એમાં '**परदव्वे**' પરદ્રવ્યનો છેને રાગ? '**सुभावं**' સુભાવ એટલે પ્રીતિ થાય

છે એને. એવો જે રાગ કરે છે '**सो तेण दु अण्णाणी**' તેથી તે અજ્ઞાની છે. આહાહા..!

'**વહ પ્રગટ રાગદ્વેષ હૈ, ઈષ્ટ મેં રાગ હુઆ તબ અનિષ્ટ વસ્તુ મેં દ્વેષભાવ હોતા હી હૈ,...**' ઈષ્ટ વસ્તુને કારણે રાગ થયો તો અનિષ્ટ વસ્તુને કારણે ત્યાં દ્વેષ થયા વિના રહેશે જ નહિ. આહાહા..! એ તો રાગ-દ્વેષ કરવાનો અભિપ્રાય થયો. મોક્ષ અધિકાર છેને. પરદ્રવ્ય પ્રત્યેના વલણનો રાગ અસ્થિરતાનો હોય તો ધર્માનુરાગ છે અને એ ઈષ્ટ માનીને આ બહુ મને લાભદાયક છે એમ માનીને થાય એ અજ્ઞાનભાવ છે. બેમાં આટલો ફેર છે. સમજાણું કાંઈ? '**અનિષ્ટ વસ્તુ મેં દ્વેષભાવ હોતા હી હે, ઈસપ્રકાર જો રાગ-દ્વેષ...**' એ પ્રકારે '**જો રાગદ્વેષ કરતા હૈ...**' ઈષ્ટતા જાણીને રાગ કરે, અનિષ્ટ માનીને દ્વેષ કરે. ઈષ્ટ-અનિષ્ટ વસ્તુ નથી, એ તો જ્ઞેય છે. આહાહા..!

'**ઈસપ્રકાર જો રાગદ્વેષ કરતા હૈ વહ ઉસ કારણ સે રાગી-દ્વેષી અજ્ઞાની હૈ...**' દેખો! '**ઈસપ્રકાર જો રાગદ્વેષ કરતા હૈ વહ ઉસ કારણ સે...**' પરના કારણે રાગ-દ્વેષ માનીને કરે છે એ તો અજ્ઞાની છે. આહાહા..! '**ઔર જો ઈસસે વિપરીત અર્થાત ઉલટા હૈ, પરદ્રવ્ય મેં રાગદ્વેષ નહીં કરતા...**' પરદ્રવ્ય પ્રત્યેના વલણનો રાગ-દ્વેષ પોતાની અસ્થિરતાથી થાય, પણ એ પરદ્રવ્ય પ્રત્યે પ્રીતિ-અપ્રીતિ કરીને રાગ-દ્વેષ નથી કરતો તે જ્ઞાની છે. આહાહા..! કેમકે આત્મા તો જ્ઞાનસ્વરૂપી જ્ઞાની છે અને પર ચીજ અરિહંતથી માંડીને દુશ્મન બધા કહો એ બધા જ્ઞેય છે. તો જ્ઞેયમાં આ પ્રતિકૂળ અને આ અનુકૂળ એવું વસ્તુમાં નથી કાંઈ. એ જ્ઞાનમાં ઈષ્ટના સંયોગના સંબંધકાળમાં ઈષ્ટ છે માટે હું પ્રીતિ કરું છું રાગ સુભાવ શબ્દ લીધો છેને, સુભાવ એટલે રાગ ત્યાં, એમ જ્યારે અનુકૂળના સંયોગના મિલાપકાળમાં જ્યારે પ્રીતિ થાય છે તેને કારણે ત્યારે અનિષ્ટના સંયોગમાં એને કારણે એને દ્વેષ થશે જ. આહાહા..! '**ઔર જો ઈસસે વિપરીત અર્થાત્ ઉલટા હૈ, પરદ્રવ્ય મેં રાગદ્વેષ નહીં કરતા હૈ વહ જ્ઞાની હૈ.**' લ્યો!

'**ભાવાર્થ :- જ્ઞાની સમ્યગ્દષ્ટિ મુનિ કે પરદ્રવ્ય મેં રાગ-દ્વેષ નહીં હૈ.**' આહાહા..! કેવળીને દેખીને પણ જ્ઞાનીને રાગ થાય એમ નથી એમ કહે છે. પરપદાર્થને દેખીને રાગ થાય એમ નથી, એમ પરપદાર્થ અનિષ્ટને દેખીને દ્વેષ થાય એવું વસ્તુનું સ્વરૂપ નથી. આહાહા..! વીતરાગમાર્ગ તો જુઓ! '**ક્યોંકિ રાગ ઉસકો કહતે હૈં કિ જો પરદ્રવ્ય કો સર્વથા ઈષ્ટ માનકર રાગ કરતા હૈ,...**' સર્વથા ઈષ્ટ શબ્દ મૂક્યો. વ્યવહારે દેવ-ગુરુ ઈષ્ટ છે એમ જાણીને રાગ થાય છે એ પોતાની નબળાઈને લઈને થાય છે. એ પદાર્થ ઈષ્ટ છે માટે થાય છે એમ નથી. ત્યાં લીધું છે પંચાસ્તિકાયમાં, પ્રશસ્ત પદાર્થ. એ આ રાગના લક્ષમાં જાય છેને એને પ્રશસ્ત કહેવાય. બાકી પદાર્થ તો છે ઈ છે. વ્યવહારથી કહેવાય. તેથી અહીંયાં

શબ્દ વાપર્યો છેને? **'પરદ્રવ્ય કો સર્વથા ઈષ્ટ માનકર...'** આહાહા..! **'રાગ કરતા હૈ, વૈસે અનિષ્ટ માનકર...'** જોયું! અનિષ્ટ માનકર એમ છેને? **'વૈસે અનિષ્ટ માનકર દ્વેષ કરતા હૈ, પરંતુ સમ્યગ્જ્ઞાની પરદ્રવ્ય મેં ઈષ્ટ અનિષ્ટ કી કલ્પના હી નહીં કરતા હૈ...'** પરવસ્તુ ઈષ્ટ-અનિષ્ટ છે એવી કલ્પના જ જ્ઞાનીને હોતી નથી. કેમકે એ તો પરવસ્તુ સળંગ બધી જ્ઞેય છે. સળંગ. દુશ્મન હો કે કેવળી હો, જ્ઞેય તરીકે છે. એકધારાવાહી જ્ઞેય તરીકે છે. એ અજ્ઞાની એને તોડી નાખે છે. ઈષ્ટ આવે તો રાગ અને અનિષ્ટ હોય તો દ્વેષ. એ ખંડ કરી નાખે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કાંઈ .. નહિ. પોતાના ધર્માનુરાગને કારણે. ધર્મનો પ્રેમ થાય છે રાગ ધર્મનો એટલું. એને ઈષ્ટ માનીને નહિ. રાગને ઈષ્ટ માનીને નહિ. થોડું એવું અટપટું છે. જુઓને અહીં કહેશે, ઈ ખુલાસો પોતે કરશે.

**'પરંતુ સમ્યગ્જ્ઞાની પરદ્રવ્ય મેં ઈષ્ટ અનિષ્ટકી કલ્પના હી નહીં કરતા હૈ તબ રાગ-દ્વેષ કૈસે હો?'** પરને ઈષ્ટ-અનિષ્ટ માનીને રાગ-દ્વેષ કરતો નથી માટે એને રાગ-દ્વેષ કેમ થાય? એમ કહે છે. આ ઈષ્ટ છે માટે મને રાગ થાય છે, આ અનિષ્ટ છે (માટે મને દ્વેષ થાય છે) એમ છે જ નહિ. એવી કલ્પના જ નથી. બધી વસ્તુ જ્ઞેય છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એણે કરી નથી. એ પૂજાનો ભાવ પોતાને આવે છે ધર્માનુરાગ. એને દેખીને નહિ, એનાથી નહિ. ... છેને એમાં. આહાહા..!

**'તબ રાગ-દ્વેષ કૈસે હો?'** હવે આવ્યું જુઓ! **'ચારિત્રમોહ કે ઉદયવશ હોને સે કુછ ધર્મરાગ હોતા હૈ,...'** ઈષ્ટ-અનિષ્ટ વસ્તુ માનીને નહિ પણ અંદરમાં ચારિત્રમોહનો ઉદય છે જરી. ઉદય એટલે પ્રગટ પરિણમે છે એમાં. **'હોને સે કુછ ધર્મરાગ હોતા હૈ,...'** ધર્મનો પ્રેમ હોય છે એ જાતનો. **'ઉસકો ભી રોગ જાનતા હૈ,...'** ઓલો ઈષ્ટ દેખીને રાગ કરે છે અને ઠીક માને છે. આહાહા..! **'કુછ ધર્મરાગ હોતા હૈ,...'** છે કે નહિ રાગ? જ્ઞાનીને રાગ છે કે નહિ? મુનિને પણ રાગ હોય.

મુમુક્ષુ :- પરપદાર્થને કારણે નહિ.

ઉત્તર :- પરપદાર્થને કારણે નહિ, પોતાની નબળાઈને કારણે. મોટો ફેર છે. આહાહા..!

મુમુક્ષુ :- શુભ રાગ તો...

ઉત્તર :- એ જ વાત છે કે રાગ છે એ દુઃખ છે, રોગ છે. રાગ છે એ જ પોતે આકુળતા છે, દુઃખ છે. શાંતિ-આનંદ સ્વરૂપમાં એ રોગ છે. ઠીક છે એ આકરું લાગ્યુંને એમાં.

મોટો ખળભળાટ થઈ ગયો. ... અત્યારે પંથ પડી ગયો મોટો. આહાહા..!

કષાય છે. તો કષાય છે એ તો અગ્નિ છે. પ્રતિકૂળતા કોઈ એવી હોય છે ત્યારે અનુભવમાં નથી એને આવતું? ઝણઝણાટ બળે અંદરમાં અંદરમાં. અહીં બળે. છે? આ તો કષાય આવે ત્યારે બળે એમ દેખે એમ કહેવું છે. મંદ હોય તો પણ બળે. આમ અંદરમાં ધાર્યા પ્રમાણે ન કાંઈ થાય તો અંદર બળે. કષાયભાવ છે. માણસ નથી કહેતા મારું કાળજું બળે છે? આમ થાય, તેમ થાય. પણ એ ધીરેથી જુએ તો ખબર પડેને. સમજાણું કાંઈ? શું થશે? આમ થશે. ... અંદરથી બળે. અગ્નિ દેખાય. એ તો તીવ્ર અશુભ રાગના કાળની વાત કરી. મંદ રાગમાં અગ્નિ તો ત્યારે દેખાય કે જ્યારે શાંતિ જોવે તો.

મુમુક્ષુ :- .. અગ્નિ ન હોય તો કોણ અગ્નિ ...?

ઉત્તર :- રાગ જ અગ્નિને. 'રાગ દાહ દહે સદા' ન આવ્યું? 'રાગ આગ દાહ દહે સદા, તાતૈ સમામૃત સેઈએ.' આહાહા..! હો, પણ છે તો દુઃખ.

ધર્મીને **'ચારિત્રમોહ કે ઉદયવશ...'** હોં! ઉદય કરાવતું નથી, પણ ઉદયને તાબે થાય છે તેથી **'કુછ ધર્મરાગ હોતા હૈ,...'** આહાહા..! **'ઉસકો ભી રોગ જાનતા હૈ, ભલા નહીં સમજતા હૈ...'** આહાહા..! વ્યવહારે કરે છે એમ કહેવાય, ખરેખર કરતો નથી પણ થઈ જાય છે. જ્ઞાનની અપેક્ષાએ પરિણમન છે માટે કર્તા કહેવામાં આવે છે. બેધારી તલવાર છે. દ્રવ્યસ્વભાવની દૃષ્ટિએ જોઈએ તો એ પરિણમન (કાર્ય) જ નથી જીવનું. પણ પર્યાયથી જ્યારે જોવે તો રાગનું પરિણમન છે માટે કર્તા પણ એ છે. આહાહા..! આ વાત. આ લોકોને એ મોટા વાંધા આવ્યા છેને. દિપચંદજી શેઠિયાના પક્ષકાર બધાને. જ્ઞાનચંદજી ને આ લાલચંદજી. વાંધો ... છે. રાગને ભટ્ઠી કહે છે એ મિથ્યાદૃષ્ટિ છે. એને એમ કે દુઃખનું વેદન દેખાય છે તો વેદે એ તીવ્ર કષાયવાળો થાય. તને ખબર નથી. દુઃખનું વેદન જ્ઞાની બરાબર જાણે છે. કેમકે એને આનંદના વેદનની સાથે દુઃખનું વેદન છે. આહાહા..! એથી એને દુઃખનું વેદન યથાર્થપણે જણાય છે, અજ્ઞાનીને દુઃખ વેદાય છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ? કેમકે આત્મા શાંતિ, અકષાયસ્વરૂપ છે એવી દૃષ્ટિ થઈ નથી. એથી શાંતિને અનુભવ્યા વિના અશાંતિ આ છે એવું એની સાથે એને મીંઢવણી થતી નથી. આહાહા..! ભારે માર્ગ ભાઈ! એમ કે કષાયની ભટ્ઠી લાગે છે તો તીવ્ર કષાય જોઈએ. એમ કહે છે. તીવ્ર કષાયવાળાને જ ભટ્ઠી દેખાય, મંદ કષાયવાળાને ન દેખાય એમ કહે છે. અરર..! એમ કહે છે. દલીલ એની મોટી છે. અહીં તો કહે છે કે અકષાય આત્માનું ભાન થયું તેને કષાયનું વેદન દેખાય છે એ આકુળતાનો ભોગવટો કરે છે. પ્રવિણભાઈ! ભારે વાત! આહાહા..!

કહે છે કે ધર્માનુરાગ હોય એને પણ રોગ જાણે છે. રોગ છે એમ વેદે છે. આહાહા..!

ધર્મીને... કહ્યું નહિ ત્રીજા કળશમાં? ત્રીજો કળશ છે. 'कल्माषिताया'. મારા પરિણામમાં નિરંતર કલુષિતતા વર્તે છે. કલુષિતતા, નહિતર મુનિને તો શુભરાગ છે. એને અશુભરાગ તો છે નહિ.

મુમુક્ષુ :- .. મારા અને પરના મોહનો નાશ કરવા માટે.

ઉત્તર :- નાશ કરનારો છે એમ જ કહેને. નાશ કરવા માટે. .. મિથ્યાત્વનો મોહ નથી ત્યાં. 'कल्माषिताया' મારા મોહના નિમિત્તથી, મારામાં કલુષિતતા મારી પરિણતિમાં મને છે. આચાર્ય કહે છે છઠ્ઠે ગુણસ્થાને લ્યો! કલુષિત છે, શુભભાવ છે. એ શાસ્ત્ર રચવાનો ભાવ, ટીકા કરવાનો ભાવ એ કલુષિતભાવ છે. આહાહા..! અને કહે છે કે એ ટીકા કરતા એ કલુષિત ભાવના કાળમાં મારી શુદ્ધિ થજો. તે કલુષિતભાવથી નહિ. ટીકા કરતા. પાઠ એવો છે, ટીકા કરતા મારી કલુષિતતાનો નાશ થાઓ. પણ ટીકાના પ્રસંગમાં મારું જોર તો અંદર જ્ઞાયકભાવ ઉપર વર્તે છે એથી ત્યાં અશુદ્ધતા ટળીને શુદ્ધિ થજો. આહાહા..!

શાસ્ત્રના અર્થો પણ જેમ હોય એમ ન કરે અને એને બેસે નહિ ને એટલે જ્યાં ત્યાં.. જુઓ! એને તો ટીકા કરતા શુભભાવ છે, એનાથી પણ એની કલુષિતતા ટળશે. એમ એ કહે છે. લ્યો! પાઠ એમ બોલે, પણ એનો અર્થ સમજવો જોઈએને. ઓલામાં એમ અર્થ કરે છે. 'वन्दे तद्गुणलब्धये'.

मोक्षमार्गस्य नेतारं भेत्तारं कर्मभूभृताम्।
ज्ञातारं विश्वतत्त्वानां वन्दे तद्गुणलब्धये।।

તમારા ગુણની પ્રાપ્તિ માટે વંદન કરું છું. એ વિકલ્પ છે એ ગુણની પ્રાપ્તિ માટે છે. અર્થ કર્યો છે એનો. આવે છેને ભાઈ! આહાહા..! અર્થ એ આવ્યો છે, શ્લોક એ તરફથી, એ બાજુથી (આવ્યું છે) કે જુઓ, આમાં આમ કહ્યું છે. એમની પાસે જે ગુણો છે એ પ્રાપ્તિ માટે હું તમને વંદવાનો વિકલ્પ કરું છું, એ વિકલ્પથી મને તમારા ગુણ મળશે. એવો અર્થ આવ્યો હતો એ બાજુથી. ... એ વિપરીત કર્યું છે. છાપામાં આવ્યું હતું. ઘણાં વર્ષ થયા. 'वन्दे तद्गुणलब्धये' તેના ગુણ માટે તમને વંદુ છું. તો પરને વંદવું એ તો વિકલ્પ છે અને તેના ગુણની પ્રાપ્તિ વિકલ્પથી થાય છે એમ કીધું ત્યાં તો. એનો અર્થ? કે મારું લક્ષ તો મારા સ્વરૂપ ઉપર જ છે. તમને વંદન કરું છું એના વિકલ્પ કાળમાં પણ મારો આશ્રય તો દ્રવ્યનો જ છે. સમજાય છે કાંઈ? અને એને આશ્રયે મને ગુણની પ્રાપ્તિ થજો. એમ છે. ઓલા કહે કે બધા અર્થ ફેરવી નાખ્યા, પણ અર્થ એમ છે એનો. હોય એમ જ હોય કે કાંઈ ઊંધો અર્થ કરે? રાગથી વિકલ્પ માર્ગ છે બંધનો. આહાહા..!

ઓલો લોઢાનો દાખલો આપ્યો છેને? લોઢામાં લોઢું જ્યારે બહુ તપેલું હોય અગ્નિમાંથી

ત્યારે તો ઉપર સાંઠીકડું મૂકો. સાંઠીકડું સમજ્યા? કઠણ કપાસનું આમ મૂકે તો બળે. પણ જ્યારે મંદ અગ્નિ અંદર થઈ જાય મંદ, ત્યારે એ સાઠીકડું મૂકો તો નહિ બળે. પણ રૂનો પોલ.. રૂ-રૂ રૂનું જરી આમ ... થઈ જશે. લાકડું નહિ બળે, ... નહિ બળે મૂકશો તો. પણ રૂનો પોલ પોલો ... થશે.

એમ કષાયની મંદતાની અંદર અગ્નિ છે એટલી. આહાહા..! મંદ રાગ શાંતિને બાળે છે. તીવ્ર રાગ હોય ત્યારે તો ઘણો બહાર દેખાય એમ કહે છે, પણ મંદ રાગમાં શાંતિ દાઝે છે. આહાહા..! ઓલું દાનમાં નથી કહ્યું? દાન અધિકારમાં કહ્યું છે. દાન કરનારો જીવ અત્યારે પૈસા આદિ મળ્યા છે પુણ્યથી એ પૂર્વે શુભભાવથી ... છે. શુભભાવમાં શાંતિ દાઝી હતી. ઉકડિયાનો દાખલો આપ્યો હતોને? ખુરચન, ખુરચન. ખીચડી, ચોખા ઉપર ઉપર ખાઈ ગયા હોય અને ઓલા ચોટેલાં હોયને અંદર એ ઉખેડીને આપે. ખુરચન કહે છેને? ખુરચન. એ અહીં ઉકડિયા કહે છે આપણે. એ ઉકડિયા જ્યાં નાખે ત્યાં કાગડો એકલો ન ખાય, બધાને બોલાવીને ખાય. એમ કહે છે કે પૂર્વના તારા પુણ્ય બળ્યા હતા, શાંતિ બળી હતી અને તને શુભભાવ થયો હતો, એ શુભભાવના ફળમાં ધૂળ આદિ તને મળી છે, એકલો ખાઈશ તો કાગડામાંથી જાઈશ. રાગની મંદતા કરજે એમ કહે છે. દાનની. રાખવાનો ભાવ તીવ્ર છે. દાનમાં રાગ મંદતા થઈ એમાં પણ ભાવ મંદ છે. છે તો દાઝ. પૂર્વે દાઝ બળ્યું હતું શાંતિ ત્યારે શુભભાવ (થયો હતો), એનું આ ફળ છે. કહો, રતિભાઈ! સાચું હશે આ?

પાછી ભાષા શું છે? ચારિત્રમોહના ઉદયને વશ થવાથી. ચારિત્રમોહ રાગ કરાવતો નથી. પોતે તાબે થાય છેને. ઈશ્વર (નય) છેને? એની પોતાની યોગ્યતા. ૪૭ નય. ૪૭ નયમાં ઈશ્વરનય છે. ધાવ માતાની પાસે બાળકને જેમ પરાધીન (થઈને) ધવરાવે છે, એમ આત્મા પોતાની યોગ્યતાથી પરાધીન થાય છે. આહાહા..! પર એને આધીન કરીને રાગ કરાવે છે એમ નથી. કેટલી સ્પષ્ટતા છે! આ કહે કે કર્મને લઈને રાગ થાય, કર્મને લઈને આ થાય, ઢીંકણાને લઈને... પરદ્રવ્યને લઈને વિકાર થાય જીવમાં. આહાહા..!

અહીં તો કહે છે કે રાગ જો ભલો જાણે તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! રાગ થાય ખરો. ધર્મરાગ, શુભરાગ આસક્તિનો, છતાં એને ભલો નથી સમજતો. '**તબ અન્ય મેં કૈસે રાગ હો?**' ધર્મરાગને ભલો ન જાણે તો બીજાને પ્રીતિ કરીને રાગ થાય એવું ક્યાંથી હોય? એમ કહે છે. આહાહા..! '**પરદ્રવ્ય સે રાગ-દ્વેષ કરતા હૈ વહ તો અજ્ઞાની હૈ,...**' લ્યો, ખુલાસો આવ્યો. પરદ્રવ્ય છે માટે ઠીક કરીને રાગ કરે, અઠીક કરીને દ્વેષ કરે એ અજ્ઞાની છે. પરદ્રવ્યમાં ઇષ્ટ-અનિષ્ટતા છે ક્યાં? સમજાણું કાંઈ? '**પરદ્રવ્ય સે...**' આ મોક્ષ અધિકારમાં એ લીધું છેને? ... '**પરદ્રવ્ય સે રાગ-દ્વેષ કરતા હૈ વહ તો અજ્ઞાની હૈ,...**' આહાહા..!

'ઐસે **જાનના.**' મોક્ષમાર્ગ છેને?

'**આગે કહતે હૈં કિ જૈસે પરદ્રવ્ય મેં રાગભાવ હોતા હૈ વૈસે મોક્ષ કે નિમિત્ત ભી રાગ હો તો વહ રાગ ભી આસ્રવ કા કારણ હૈ,...**' આહાહા..! '**ઉસે ભી જ્ઞાની નહીં કરતા હૈ** -'

**आसवहेदु य तहा भावं मोक्खस्स कारणं हवदि।**
**सो तेण दु अण्णाणी आदसहावा दु विवरीओ।।५५।।**

ઓહોહો..! '**અર્થ :- જૈસે પરદ્રવ્ય મેં રાગ કો કર્મબંધ કા કારણ પહિલે કહા...**' પરવસ્તુમાં રાગ કર્મબંધનું કારણ છે. ભગવાન આત્મા સ્વભાવ ચૈતન્ય આનંદ એનો આશ્રય કરીને જે નિર્જરા થાય એ પરદ્રવ્યનો આશ્રય કરીને બંધ થાય. આહાહા..! ચૈતન્ય ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ છે, એનું અવલંબન લેતા તો શુદ્ધતા પ્રગટે. પરદ્રવ્યનો અવલંબનનો આશ્રય કરે તો અશુદ્ધતા પ્રગટે અને એ અશુદ્ધતા પ્રગટે તેને સારી જાણે એ અજ્ઞાન છે. સમજાણું કાંઈ? '**જૈસે પરદ્રવ્ય મેં રાગ કો કર્મબંધ કા કારણ પહિલે કહા વૈસે હી રાગ ભાવ યદિ મોક્ષ કે નિમિત્ત ભી હો તો આસ્રવ કા હી કારણ હૈ...**' વિકલ્પ ઇચ્છા ઉઠે કે મોક્ષ થાય ને આ થાય તે આસ્રવનું કારણ છે. ગાથા નથી? બોહિ લાભં શું કીધું? ત્યાં એવું આવે છે. કમ્મખઓ.. દુઃખનો ક્ષય થાઓ, કર્મનો ક્ષય થાઓ, સમાધિ મરણ થાઓ એ બોધિલાભ છે. એ આવે છે. એ તો એક ભાવના છે. સમજાય છે? પણ વિકલ્પથી એને એમ કરે કે આ થાય તો આનાથી થાય, આનાથી થાય, વિકલ્પથી મોક્ષ થાય, મોક્ષની તીવ્ર ઇચ્છા વિકલ્પ કરીએ તો મોક્ષ થાય, એ તો અજ્ઞાન છે.

મુમુક્ષુ :- લગની-લગની.

ઉત્તર :- લગની શેની? આત્માની લગની.

મુમુક્ષુ :- .. મોક્ષનો તીવ્ર રાગ હોવો જોઈએને.

ઉત્તર :- ના... ના. મોક્ષ તો પર્યાય છે. પર્યાયનો રાગ કેમ થાય? આત્મા દ્રવ્ય જે જ્ઞાયકમૂર્તિ છે તેની અંદર લગની લાગવી જોઈએ. ત્યારે એને સાધ્યમાં મોક્ષ છે એમ કહેવામાં આવે છે. ધ્યેયમાં દ્રવ્ય છે ત્યારે સાધ્યમાં મોક્ષ છે એમ કહેવામાં આવે છે. ત્યારે સાધ્યસાધક કીધુંને? ઉપાય-ઉપેય ન કહ્યું? ઉપેય મોક્ષ તે સાધ્ય છે, ઉપાય તે કારણ છે. ઓલું દ્રવ્યનું ધ્યેય છે એને. જેને એકલી પર્યાયનું ધ્યેય છે એને તો દ્રવ્યની ખબર નથી. આહાહા..! બહુ ઝીણી વાતું ભાઈ. મોક્ષની પર્યાય પ્રગટ કરવી એ ધ્યેય છે, સાધ્ય છે. પણ એ થાય ક્યાંથી? એ પર્યાય મોક્ષના માર્ગની પર્યાયથી પણ એ ધ્યેય થાતો નથી. અંદરનો દ્રવ્ય સ્વભાવ છે એનો આશ્રય લેતા મોક્ષ થાય છે. આહાહા..!

**'રાગ ભાવ યદિ મોક્ષ કે નિમિત્ત ભી હો તો આસ્રવ કા હી કારણ હૈ,...'** આહાહા..! મોક્ષ અધિકાર છેને મોક્ષપાહુડ. **'કર્મ કા બંધ હી કરતા હૈ;...'** કર્મનું બંધન કરે. મોક્ષનો રાગ ઇચ્છા કરે તો બંધન થાય. આહાહા..! **'ઈસકારણ સે જો મોક્ષ કો પરદ્રવ્ય કી તરહ ઈષ્ટ માનકર...'** એમ. એ ઇષ્ટ છે, પ્રિય ઇષ્ટ છે પર્યાય. આમ તો કહ્યું નથી પ્રવચનસારમાં? અનિષ્ટનો નાશ કર્યો અને ઇષ્ટની પ્રાપ્તિ કરી. ઇષ્ટ એટલે પૂર્ણ પર્યાય નિર્મળની પ્રાપ્તિ કરી, અનિષ્ટનો નાશ કર્યો. એ તો એક વસ્તુનું સ્વરૂપ જણાવ્યું. પણ એને જ ઇષ્ટ માનીને રાગ કરે કે આ ઠીક છે. સમજાણું કાંઈ? એ તો પર્યાયબુદ્ધિ થઈ. આહાહા..! આ તો બધો અટપટો માર્ગ છે, ગીરધરભાઈ! ત્યાં ક્યાંય હતો નહિ. આહાહા..!

**'ઈસકારણ સે જો મોક્ષ કો પરદ્રવ્યકી તરહ ઈષ્ટ માનકર વૈસે હી રાગભાવ કરતા હૈ તો વહ જીવ મુનિ અજ્ઞાની હૈ,...'** જોયું! અજ્ઞાની છે. અહીંયા તો આત્મા ચિદાનંદ ભગવાન જેમાં સિદ્ધની પર્યાયો પણ અનંતી પડી છે અંદર. એ દ્રવ્યને જેણે કબજે લીધું એને મોક્ષ થયા વિના રહેશે જ નહિ. મોક્ષની ઇચ્છા નથી. એમાં બહુ આવે છે ભાઈમાં, દ્રવ્યદષ્ટિપ્રકાશ. અમારે તો મોક્ષ પણ કરવો નથી અને કેવળજ્ઞાન પણ જોઈતું નથી. એ તો થઈ જશે.

મુમુક્ષુ :- માત્ર આનંદ જોઈએ.

ઉત્તર :- આનંદ. દ્રવ્યદષ્ટિપ્રકાશ. પાટણીજી! જોયુંને? એમાંથી આ વાંધા ઉઠ્યા છેને મોટા. જ્ઞાનચંદજીનો કાગળ હતો કે દ્રવ્યદષ્ટિપ્રકાશ નિશ્ચયાભાસ છે એવું બહાર પાડો તો અમે આવીએ. તમારા જ્ઞાનચંદજી. મંડળમાં હતાને? કલકત્તા? દિલ્હી હતા દિલ્હી હોં. પત્ર આવ્યો છે, પત્ર આવ્યો છે. નિશ્ચયાભાસી ઠરાવો. અરે.. તારે શું કામ છે? સત્ય શું છે જોને. એ તો એને દ્રવ્યના ધ્યેયનું બહુ જોર છે એથી એમાં એ .. બધી આવી છે. એને કાંઈ ઉપદેશ કરવો નહોતો, બીજાને સમજાવવું નહોતું. આવી ગયું. આહાહા..!

મુમુક્ષુ :- શુભાશુભભાવથી નુકસાન નથી એમ કહે છે.

ઉત્તર :- એ જુદી વાત છે. એ તો ધ્રુવને નુકસાન નથી એમ કહે છે. ધ્રુવ જે છે એને તો શુભાશુભભાવ હોય તોપણ નુકસાન નથી અને કેવળજ્ઞાન થાય તો ધ્રુવને લાભ નથી. બીજી વાત છે એ તો. સદશ્ય ધ્રુવ ચિદ્ઘન જે છે એ તો એવું ને એવું છે. ભલે અક્ષરના અનંતમાં ભાગનો ઉઘાડ હોય નિગોદમાં, તો એમાં કાંઈ ધ્રુવને નુકસાન નથી અને કેવળજ્ઞાન થઈ જાય તો ધ્રુવને લાભ થાય એમ નથી. ધ્રુવ તો ધ્રુવ જ છે. આહાહા..! સમજાણું કાંઈ? માણસની દૃષ્ટિ ફેરે એના અર્થ ફરેને. ફેર પડે. વાત ઈ છે. મારે તો દ્રવ્ય ઉપરના જોરને લઈને આ બધું આવે છે. પર્યાય ધ્યાન કરે તો કરો એ કોણ બોલે છે?

એ તો પર્યાય જાણે છે. મૈં કિસકા ધ્યાન કરું? પર્યાય ધ્યાન કરે તો કરો. એ કોણ પણ જાણે? પર્યાય જાણે છે કે ધ્રુવ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પણ એમાં આવી જ ગઈ અંદર. ૩૨૦માં આવી ગયું નહિ? જીવ બંધ-મોક્ષ કરતો નથી. ઈ કોણ પણ જાણે છે? પર્યાય. જીવ જે છે એ ઊપજતો પણ નથી અને વ્યય થતો નથી. પર્યાયમાં આવતો જ નથી. એ પર્યાયને કરતો જ નથી દ્રવ્ય, પણ કોણ જાણે છે ઈ? જ્ઞાન પર્યાય જાણે છે કે દ્રવ્ય જાણે છે? આહાહા..! એ તો ૩૨૦માં ઘણું આવ્યું છે. ૩૨૦ ગાથા, જયસેનાચાર્યની (ટીકા) આપણે વંચાઈ ગઈ છે. આ તો ભાઈ મધ્યસ્થ જીવ હોય એને સત્ય સમજવું હોય એની વાત છે. કોઈ પક્ષ રાખીને મારી વાત સિદ્ધ થાય આમ શાસ્ત્રથી, એ વસ્તુ નથી આ.

**'ક્યોંકિ વહ આત્મસ્વભાવ સે વિપરીત હૈ,...'** મોક્ષ થાય એમ રાગ કરે એનો અને રાગમાં ઠીક માને તો એ તો આત્મસ્વભાવથી વિપરીત માન્યતા થઈ. આહાહા..! એમ કે આપણે મોક્ષની ઈચ્છા કરીએ તો મોક્ષ જલ્દી આવે, જલ્દી આવે. એમ નથી. ઈચ્છા તો રાગ છે. રાગ કરવાથી મોક્ષ જલ્દી આવે? કે રાગ છોડવાથી આવે? **'અપને આત્મસ્વભાવ કો નહીં જાના હૈ.'** લ્યો! ભગવાન આત્માનો સ્વભાવ એ રાગથી રહિત છે, તો રાગ કરતા આત્માનો સ્વભાવ પ્રગટ થાય એવું એ સ્વરૂપ છે નહિ. આહાહા..! એનો ભાવાર્થ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ વદ ૧૪, શુક્રવાર તા. ૨૨-૦૩-૧૯૭૪**
**ગાથા - ૫૫ થી ૫૭, પ્રવચન - ૧૩૪**

૫૫મી ગાથાનો ભાવાર્થ. મોક્ષની પણ ઈચ્છા કરવી એ બંધનું કારણ છે એ વાત સિદ્ધ કરવી છે. **'મોક્ષ તો સબ કર્મોં સે રહિત અપના હી સ્વભાવ હૈ...'** મોક્ષ એટલે બધા કર્મથી રહિત, એ નાસ્તિ. **'અપના હી સ્વભાવ હૈ. અપને કો સબ કર્મોં સે રહિત હોના હૈ ઈસલિયે યહ ભી રાગભાવ જ્ઞાની કે નહીં હોતા હૈ,...'** સર્વ કર્મથી

રહિત થઉં એવી ઈચ્છાથી કર્મથી રહિત થશે એવી ઈચ્છા જ્ઞાનીને હોતી નથી. શું કહ્યું સમજાણું? મારો મોક્ષ થાય. ઈચ્છા કરું તો મોક્ષ થાય એવી ઈચ્છા ધર્મીને-જ્ઞાનીને હોતી નથી. '**યદિ ચારિત્રમોહ કા ઉદયરૂપ રાગ હો...**' વૃત્તિ રાગ ઉઠે. ચારિત્રમોહની પ્રકૃતિના નિમિત્તના વશે '**ઉસ રાગ કો ભી બંધ કા કારણ જાનકર રોગ કે સમાન છોડના ચાહે તો...**' આહાહા..! એ રાગને રોગ સમાન જાણી, મોક્ષની ઈચ્છાને-રાગને પણ રોગ સમાન જાણી. આહાહા..! '**બંધ કા કારણ જાનકર રોગ કે સમાન છોડના ચાહે તો વહ જ્ઞાની હૈ હી ઔર ઈસ રાગભાવ કો ભલા સમજકર આપ કરતા હૈ...**' હું મોક્ષની ઈચ્છા કરું તો એનાથી મને કલ્યાણ થશે. મોક્ષની મારી ઈચ્છા છેને? મારી ઈચ્છા ક્યાં બીજાની છે? એમ કહે છે. એમ માનીને રાગ કરે છે એ તો અજ્ઞાની છે. આહાહા..! મોક્ષનો અધિકાર છેને. મોક્ષ તો આત્માનો નિર્મળ પૂર્ણ સ્વભાવ છે. એમાં ઈચ્છા કરે તો મળે એમ છે? અને એ ઈચ્છા કરતા મને મળશે. મોક્ષની ઈચ્છા છેને મારે? એ તો અજ્ઞાનભાવ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. એ જુદી વસ્તુ છે. બંધનરહિત થવાની ભાવના એને હોતી જ નથી, એમ. બંધનરહિત થવાનું એને પર્યાયમાં (રાગ) થતો જ નથી એમ વાત છે. ઈચ્છા થાય માટે મોક્ષ થાય અને એને ઈચ્છા નથી માટે મોક્ષ ન થાય એમ નથી. આહાહા..!

અહીં તો વીતરાગી બિંબ પ્રભુ ચૈતન્યસ્વભાવ વીતરાગસ્વરૂપ જ છે. એમાં એની પર્યાયમાં પૂર્ણ વીતરાગતા પ્રગટ થાય, એવી ઈચ્છાથી થાય એમ નથી. આહાહા..! એવી ઈચ્છા પણ બંધનું કારણ છે. જ્ઞાનીને ઈચ્છા હો, પણ એ ઈચ્છાથી મારું કલ્યાણ થશે અને મોક્ષ થશે એમ એ માનતો નથી. આહાહા..! '**રાગભાવ કો ભલા સમજકર આપ કરતા હૈ તો અજ્ઞાની હૈ.**' પ્રશસ્ત રાગ છેને, એમાં ક્યાં હરકત છે? એમ. મોક્ષને માટે અમે રાગ કરીએ છીએને. એમ જે માને એ રાગને પોતાનો કરવાલાયક અને એનાથી મોક્ષ થશે (એમ માને છે) એ તો અજ્ઞાની છે. આહાહા..! હું કાંઈ સમજતો નથી તમારી ભાષા.

મુમુક્ષુ :- આત્મા મોક્ષસ્વરૂપ જ છે.

ઉત્તર :- મોક્ષસ્વરૂપ ત્રિકાળ છે પણ પર્યાય.. મોક્ષસ્વરૂપ ત્રિકાળ છે, પણ ત્રિકાળમાં એકાગ્ર થાય ત્યારે મોક્ષની પર્યાય પ્રગટ થાયને? ... દ્રવ્યમાં પડી છે એમાં શું થયું? દ્રવ્યમાં મોક્ષ છે એવી પ્રતીતિ થઈ ત્યારે એ મોક્ષની પર્યાય એમાંથી પ્રગટ થાય છે. એમાં પડી છે એમાંથી આવે છે. આહાહા..! મોક્ષ કાંઈ ઈચ્છા કરવાથી થાય છે એમ નથી. આહાહા..!

'**આત્મા કા સ્વભાવ સબ રાગાદિકોં સે રહિત હૈ...**' ભગવાન આત્માનો સ્વભાવ તો એ શુભ રાગાદિથી રહિત છે. '**ઉસકો ઈસને નહીં જાના,...**' એને આ ઈચ્છા કરું

તો મળશે એમ પ્રાપ્ત કરનારને (લાગે છે). મારો સ્વભાવ જ રાગરહિત વીતરાગ છે. મારો સ્વભાવ વીતરાગસ્વરૂપ છે, એ રાગથી પ્રાપ્ત થાય એમ છે નહિ. આહાહા..! રાગનો વિકલ્પ એ તો દુઃખરૂપ છે. રાગનો વિકલ્પ કે મોક્ષ કરું એ તો દુઃખરૂપ છે. દુઃખની વૃત્તિથી સુખની પ્રાપ્તિ થાય? આ તો અંતરનો માર્ગ વીતરાગનો છે. રાગમાત્ર દુઃખરૂપ છે અને આત્માનો સ્વભાવ સુખરૂપ છે. એ સુખરૂપની પ્રાપ્તિ કરવા માટે દુઃખરૂપ રાગની લાગણીથી પ્રાપ્ત થાય એમ નથી.

**'ઈસપ્રકાર રાગભાવ કો મોક્ષ કા કારણ ઔર અચ્છા સમજકર કરતે હૈં, ઉસકા નિષેધ હૈ.'** રાગ મોક્ષને માટે કરવો એ પણ સારો નથી. આહાહા..!

મુમુક્ષુ :- સંસારની ઈચ્છા કરવા કરતાં મોક્ષની ઈચ્છા...

ઉત્તર :- ના, ના, એ સારો નથી, સારો નથી. ઈચ્છા પોતે આકુળતા અને દુઃખ છે. 'ક્યા ઈચ્છત ખોવત સબૈ, હૈ ઈચ્છા દુઃખ મૂલ.' એ માટે તો અહીંયા આ અધિકાર લીધો છે. ઈચ્છામાત્ર દુઃખરૂપ છે, મોક્ષ તો સુખરૂપ છે. એ દુઃખરૂપની ઈચ્છાથી મોક્ષ સુખ પ્રાપ્ત થાય? **'ઈસપ્રકાર રાગભાવ કો મોક્ષ કા કારણ ઔર અચ્છા સમજકર કરતે હૈં, ઉસકા નિષેધ હૈ.'**

હવે **'આગે કહતે હૈં કિ જો કર્મમાત્ર સે સિદ્ધિ માનતા હૈ ઉસને આત્મસ્વભાવ કો નહીં જાના હૈ વહ અજ્ઞાની હૈ, જિનમત સે પ્રતિકૂલ હૈ -'**

**जो कम्मजादमइओ सहावणाणस्स खंडदूसयरो।**
**सो तेण दु अण्णाणी जिणसासणदूसगो भणिदो।।५६।।**

ઓહોહો..! મતિજ્ઞાન આદિ ઈન્દ્રિયજ્ઞાન કર્મના ક્ષયોપશમથી થાય છે. ક્ષયોપશમથી એનો અર્થ? કે ક્ષાયિકભાવ એ નથી, એ સ્વભાવભાવ નથી. ઈન્દ્રિયને તાબે થયેલું એ જ્ઞાન છે. એને અહીંયાં કર્મ કહે છે. એ કર્મથી ઉત્પન્ન થયેલી મતિ એમ કહે છે. સમજાણું કાંઈ?

**'અર્થ :- જિસકી બુદ્ધિ કર્મ હી મેં ઉત્પન્ન હોતી હૈ ઐસા પુરુષ સ્વભાવજ્ઞાન જો કેવલજ્ઞાન...'** કેવળજ્ઞાન એક સમયમેં પરિપૂર્ણ... આવા ઈન્દ્રિયજ્ઞાનથી જ્ઞાન થાય એટલો અને એવડો જ હું છું એમ માનનાર કેવળજ્ઞાન સ્વભાવને તે દૂષણ આપે છે. કહેવું છે એવું કે ઈન્દ્રિયજ્ઞાન ખંડ ખંડ છે એટલો જ હું છું એમ માનનાર અખંડ કેવળજ્ઞાનસ્વરૂપ આત્મા એને એ માનતો નથી. સમજાણું કાંઈ? આહાહા..! **'સ્વભાવજ્ઞાન જો કેવલજ્ઞાન...'** એકલો જ્ઞાન સ્વ-ભાવ, પોતાનો સ્વભાવ જ્ઞાન ખંડ ખંડ ઈન્દ્રિયથી એ સ્વભાવ નહિ. આહાહા..! **'ઈન્દ્રિયજ્ઞાન ખંડ-ખંડરૂપ હૈ,...'** ભાવઈન્દ્રિય તો એક એક અંશને જાણનારું ખંડ ઈન્દ્રિય છે.

**'અપને-અપને વિષય કો જાનતા હૈ...'** એ તો ખંડજ્ઞાન છે. **'જો જીવ ઈતના**

**માત્ર હી જ્ઞાન કો માનતા હૈ,...**' બસ, આમ લેવું છે. ભાવેન્દ્રિયના ખંડજ્ઞાનથી જાણવામાં આવે એટલો જ હું. '**અપને-અપને વિષય કો જાનતા હૈ જો જીવ ઈતના માત્ર હી જ્ઞાન કો માનતા હૈ,...**' એટલો એ હું. આખું સર્વજ્ઞ સ્વરૂપ છે, સ્વભાવ જેનો સર્વજ્ઞ છે અને એ સર્વજ્ઞસ્વભાવ સર્વજ્ઞસ્વભાવને આશ્રયે પ્રગટ થાય છે. એ મતિજ્ઞાનનો આશ્રય લઈને જે કેવળજ્ઞાનને નિષેધ કરે છે એનું અહીં ખંડન છે. મોક્ષ અધિકાર છેને. કેવળજ્ઞાન એકલો જ્ઞાનમૂર્તિ, ભગવાન આત્મા સર્વજ્ઞસ્વભાવી એને ન માનતા ઈન્દ્રિયજ્ઞાન જેટલો હું છું એમ માને એ કેવળજ્ઞાનને દૂષણ આપે છે અને કેવળજ્ઞાન અખંડને ખંડ ખંડ માને છે. આહાહા..!

મુમુક્ષુ :- એની બુદ્ધિ કર્મમાં જ ઉત્પન્ન થાય છે.

ઉત્તર :- હા. એ કર્મ એટલે કર્મનું નિમિત્ત છેને એમાં? ક્ષયોપશમભાવ. ઈન્દ્રિયજ્ઞાન છેને એ કર્મજ્ઞાન કહેવાય ઈ. એ સ્વભાવજ્ઞાન નથી. પાઠ એ છેને. '**कम्मजादमइओ**' એ ઈન્દ્રિયના આધારે કર્મના આશ્રયથી ક્ષયોપશમ થયેલો ઈન્દ્રિયજ્ઞાન એને જ પોતાનું માને છે. એને પૂર્ણ જ્ઞાન સર્વજ્ઞ છે તેની ખબર નથી. તે મિથ્યાદષ્ટિ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

'**ઐસા માનનેવાલા અજ્ઞાની હૈ, જિનમત કો દૂષણ કરતા હૈ.**' ભાષા દેખો! '**जिणसासणदुसगो**' જૈનશાસન એટલે કેવળજ્ઞાનમય વસ્તુ, એકલો જ્ઞાનમય પૂર્ણાનંદ સર્વજ્ઞ સ્વભાવ એને માનવો અને એને અનુભવવું એનું નામ જૈનશાસન. આ તો ઈન્દ્રિયજ્ઞાનથી જ્ઞાન થયું એટલો જ આત્મા એમ માનનારા અખંડ જ્ઞાનને નહિ માનતા, અખંડ જ્ઞાનનો આશ્રય કરતા જે જૈનશાસન ઊભું થાય વીતરાગી નિર્મળ પર્યાય એને એ ખંડ ખંડ કરીને દૂષણ આપે છે. બીજી રીતે કહીએ તો ઈન્દ્રિયજ્ઞાનથી જે જ્ઞાન થયું એટલો જ હું છું એમ માનનારા અખંડ જ્ઞાનનો નિષેધ કરે છે. સમજાણું કાંઈ? ત્યાં મોક્ષની ઈચ્છાનો નિષેધ કર્યો, હવે અહીંયાં ખંડ ખંડ જ્ઞાનનો નિષેધ કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**(અપને મેં મહાદોષ ઉત્પન્ન કરતા હૈ.)**' એ તો ઠીક. '**જિનમત કો દૂષિત કરતા હૈ.**' જિનમત એટલે વીતરાગી પર્યાય. અખંડ કેવળજ્ઞાન પરમાત્મા પોતે એનો આશ્રય કરતાં તો નિર્મળ અખંડ શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન પર્યાય પ્રગટ થાય એ ત્રિકાળી અખંડ જ્ઞાનને આશ્રયે થાય છે. એ અખંડ જ્ઞાન નથી માનતા એ જૈનશાસનને માનતો નથી. એ જૈનશાસનને દૂષણ આપે છે. આહાહા..! ઈન્દ્રિયજ્ઞાનથી જ મને જ્ઞાન થશે. એ ખંડ ખંડ ઈન્દ્રિયજ્ઞાન એ જ આત્મા એમ માનનારા અખંડ કેવળજ્ઞાન મૂર્તિ પ્રભુ એને ખંડ ખંડ તરીકે સ્વીકારનાર મિથ્યાદષ્ટિ છે. આહાહા..! અખંડ કેવળજ્ઞાનસ્વરૂપ પ્રભુ એનો આશ્રય કરીને જેણે અખંડના આશ્રય-અવલંબનથી સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિ થાય એ અખંડને આશ્રયે થાય છે. પાંચ ઈન્દ્રિયના

ખંડ ખંડને આશ્રયે થતું નથી. તો એ ખંડ ખંડને આશ્રયે માનનારા અખંડ જ્ઞાનથી જ ઉત્પન્ન થાય એને દૂષણ આપે છે. સમજાણું કાંઈ? આહાહા..!

ઇન્દ્રિયજ્ઞાનથી જ્ઞાન (થાય) તેટલો હું એમ માનનાર અતીન્દ્રિય કેવળજ્ઞાન સ્વભાવ આત્મા અને એને આશ્રયે થતી અતીન્દ્રિય કેવળ સર્વજ્ઞસ્વભાવપર્યાય એને એ દૂષણ આપે છે. આહાહા..! ઇન્દ્રિયજ્ઞાનને આશ્રયે કેવળજ્ઞાન ન થાય એમ કહે છે. ત્રિકાળી અખંડ જ્ઞાનસ્વરૂપ ધ્રુવ એને આશ્રયે કેવળજ્ઞાન થાય. આહાહા..! એમ જે નથી માનતો એ જૈનશાસન એટલે સર્વજ્ઞસ્વભાવી જે આત્મા એનું ભાન થતાં જે પર્યાયમાં વીતરાગતા આવે એને એ માનતો નથી. એ ઇન્દ્રિય જ્ઞાનને માનનારા રાગથી લાભ થાય અને ઇન્દ્રિયજ્ઞાનથી લાભ થાય એમ માનનારા છે, એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

૩૧ ગાથામાં આવ્યુંને ઈ? '**जो इंदिये जिणित्ता**' આ જડ ઇન્દ્રિય, ભાવેન્દ્રિય. એક-એક વિષયને જાણનારી અને ઇન્દ્રિયના વિષયો—સ્ત્રી, કુટુંબ, પરિવાર, રાગ-દ્વેષ, બાયડી, વીતરાગવાણી, વીતરાગ એ બધો ઇન્દ્રિયનો વિષય છે એ તો, એથી ઇન્દ્રિય જ છે. એ ખંડ-ખંડ જ્ઞાન જેટલો માનનારા એ ઇન્દ્રિયજ્ઞાનને જ માને છે એમ કહે છે. સમજાણું કાંઈ? ખંડ-ખંડ તો એ કર્મના નિમિત્તની અપેક્ષાએ ક્ષયોપશમભાવ થયો છે, થયો છે પોતાથી ભલે, પણ એમાં કર્મની અપેક્ષા રહી છે અને આત્મસ્વભાવ એવો છે કે જેમાં કર્મની અપેક્ષા ઉઘાડની કે ઉદયની છે જ નહિ. આહાહા..!

ચૈતન્યસૂર્ય જ્ઞાનનું નૂર એકલો જ્ઞાનનો પ્રકાશ અખંડ અભેદ ચૈતન્ય એને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન થઈને કેવળજ્ઞાન થાય. પણ ઇન્દ્રિયજ્ઞાનને આશ્રયે કેવળ થાય એટલે ઇન્દ્રિયજ્ઞાનને જ એ માનનારા છે. સમજાણું કાંઈ? મોક્ષ અધિકાર છેને. એટલે મોક્ષની ઇચ્છાથી પણ મોક્ષ ન થાય, તેમ ખંડ-ખંડ જ્ઞાનથી પણ મોક્ષ ન થાય એમ. આહાહા..! અને જે ખંડ-ખંડ જ્ઞાનથી મોક્ષ માનનારા છે અથવા ખંડ-ખંડ જ્ઞાનથી આત્માના માનનારા એ સર્વજ્ઞસ્વભાવી આત્મા અને એને આશ્રયે થતી વીતરાગી શુદ્ધ ઉપયોગ દશા એને એ દૂષણ આપે છે. કારણ કે ખંડ જ્ઞાનને આશ્રયે શુદ્ધ ઉપયોગ ન થાય. અખંડ જ્ઞાન ધ્રુવ એને આશ્રયે શુદ્ધ ઉપયોગ થાય. માર્ગ એવો ભારે ઝીણો. માણસને અટકે છે કહે છે. એ વિકલ્પમાં અટક્યો, મોક્ષ થશે મને ઇચ્છાથી. અહીં ખંડ જ્ઞાનમાં અટક્યો એમ કહે છે.

ઇન્દ્રિયજ્ઞાનથી જે ક્ષયોપશમભાવ છે એટલો હું એ કર્મને જ માનનારા છે. એ કર્મરહિત આત્માનો સ્વભાવ શુદ્ધ છે અને શુદ્ધ થશે એમ એ માનનારા નથી. ઝીણી વાત છે. આહાહા..! મતિશ્રુત અજ્ઞાન છે એને જ એ માનનારો છે એટલું બસ. એ કેવળજ્ઞાન અંદર સ્વભાવ છે અને કેવળજ્ઞાન પ્રગટશે પર્યાયમાં એ માનતો નથી. ખુલાસો કરશે.

'**ભાવાર્થ :- મીમાંસક મતવાલા કર્મવાદી હૈ, સર્વજ્ઞ કો નહીં માનતા હૈ,...**' સર્વજ્ઞસ્વભાવ જીવનો છે અને સર્વજ્ઞપણું પ્રગટ થાય એ તો હોય તો પ્રગટ થાયને? એ લોકો સર્વજ્ઞસ્વભાવને માનતા જ નથી. '**ઇન્દ્રિય જ્ઞાનમાત્ર હી જ્ઞાન કો જાનતા હૈ,...**' જુઓ! ઇન્દ્રિયથી જે જ્ઞાન થાય એટલા જ્ઞાનને માનનારા છે. '**કેવલજ્ઞાન કો નહીં માનતા હૈ,...**' આહાહા..! મોટો સિદ્ધાંત. અત્યારે આ મોટા ગોટા ઉઠ્યા છેને. કેવળજ્ઞાન વર્તમાન પર્યાયને જાણે અને એનાથી બધું જાણે. બિલકુલ કેવળજ્ઞાનની વ્યાખ્યા જ ... રતનચંદજી લખે છેને. મુખત્યાર. વર્તમાન પર્યાયપૂર્વક ભૂત ભવિષ્યને જાણે એ અખંડ ખંડ જ્ઞાનને આશ્રયે. એ વાત જ જૂઠી છે. આહાહા..!

મુમુક્ષુ :- શક્તિરૂપ માને છે.

ઉત્તર :- એ શક્તિરૂપ છે એમ માને. અહીં તો વ્યક્તરૂપ છે એમ જાણે. ત્રણ કાળ, ત્રણ લોકની જગતની જડ ને ચૈતન્યની પર્યાય આમ પ્રગટ છે. એ વખતે પ્રગટ હતી, અહીં પ્રગટ હતી, અહીં પ્રગટ થશે, અહીં પ્રગટ છે એમ આમ જાણે છે. શક્તિને આશ્રયે ત્રિકાળ જાણે એ તો અનુમાન જ્ઞાન થઈ ગયું, પરોક્ષ જ્ઞાન થયું. આહાહા..! એ અહીં એ કહેવા માગે છે. મીમાંસકનો અર્થ આ પણ (છે કે) જે ખંડ ખંડ જ્ઞાનને માનનારા વર્તમાનની અવસ્થાથી બધાને જાણનારા એ પણ ખંડ જ્ઞાનને જ માનનારા છે. આહાહા..!

'**કેવલજ્ઞાન કો નહીં માનતા હૈ, ઈસકા યહાં નિષેધ કિયા હૈ, ક્યોંકિ જિનમત મેં આત્મા કા સ્વભાવ સબકો જાનનેવાલા કેવલજ્ઞાનસ્વરૂપ કહા હૈ,...**' જુઓ! એનું સ્વરૂપ જ છે. જ્ઞ-સ્વરૂપ, જ્ઞ-સ્વભાવ. જ્ઞ-સ્વ-ભાવ. નિજનો જ્ઞ સ્વભાવ અને એ જ્ઞ છે એ પરિપૂર્ણ છે. એ પરિપૂર્ણ સર્વજ્ઞસ્વભાવી જ આત્મા છે. સમજાણું કાંઈ? '**કેવલજ્ઞાન કો નહીં માનતા હૈ,...**' અને ઇન્દ્રિયજ્ઞાનના જ્ઞાનને જ પરિપૂર્ણ માને છે એટલે એવડો જ માને છે. '**ઈસકા યહાં નિષેધ કિયા હૈ,...**' '**પરંતુ વહ કર્મ કે નિમિત્ત સે આચ્છાદિત હોકર...**' જોયું! '**ઇન્દ્રિયોં કે દ્વારા ક્ષયોપશમ કે નિમિત્ત સે ખંડરૂપ હુઆ,...**' લ્યો! એ ક્ષયોપશમ છે એ તો ખંડરૂપ જ્ઞાન છે. આહાહા..! ૪૯ (ગાથામાં) આવ્યું છેને અવ્યક્તમાં, નહિ? કે ક્ષયોપશમ જ્ઞાન પણ એનો સ્વભાવ નથી. નિમિત્ત તો નહિ, રાગ તો નહિ, પણ ક્ષયોપશમનો અંશ છે એ પણ આત્મસ્વભાવ નહિ.

મુમુક્ષુ :- ... આત્મસ્વભાવ નથી.

ઉત્તર :- નથી. ક્ષયોપશમ છે. આમ જેટલો અંશ ક્ષયોપશમ છે એટલો સ્વભાવ છે એ બીજી વાત છે. એ મોક્ષમાર્ગમાં આવે છે, મોક્ષમાર્ગપ્રકાશકમાં. એ તો એક બંધનું કારણ નથી એટલું જણાવવા. પણ એટલો જ અંશ છે એ વસ્તુ નહિ. આહાહા..! ક્ષયોપશમ એનો

સ્વભાવ જ નથી. એનો સ્વભાવ તો પરિણામિકભાવ ત્રિકાળ એકરૂપ છે. એકલું જ્ઞાનદળ સહજ સ્વભાવ જેને કર્મના ઉદયની અપેક્ષા નથી અને કર્મના અભાવની જેને અપેક્ષા નથી. એવી ચીજ સર્વજ્ઞસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, પૂર્ણસ્વરૂપ, અખંડસ્વરૂપ એને જે માનતા નથી એ ખંડ ખંડ જ્ઞાનને માનનારા કર્મથી ઉત્પન્ન થયેલા ભાવને માને છે. સ્વભાવથી ઉત્પન્ન થયેલા સ્વભાવને માનતા નથી. મોટો વાંધો છે ... રતનચંદજીએ. એક જણાએ સારો જવાબ આપ્યો છે. નરેન્દ્ર? ઓલી કોર કોલ્હાપુર. કોલ્હાપુરનો છે કોઈ પંડિત. સારો જવાબ આપ્યો છે. આહાહા..! આમ ભલે જૈન તરીકે ગણે, પણ એને અખંડ જ્ઞાન, એક સમયનું જ્ઞાન ત્રણ કાળ ત્રણ લોકને પ્રત્યક્ષ જાણે એવી એવી પર્યાયનો અંશ, પર્યાયનો સમૂહ તે સર્વજ્ઞપદ છે. સમજાણું કાંઈ?

એક સમયની સર્વજ્ઞપર્યાય ત્રણ કાળ ત્રણ લોકના દ્રવ્ય-ગુણ-પર્યાયને પ્રત્યક્ષ, એ પર્યાયને જાણતાં પ્રત્યક્ષ જણાઈ જાય છે. આહાહા..! એવો જે અખંડ સ્વભાવ એને ન માનતા ઈન્દ્રિયજ્ઞાન ... માનનારા. આ તો વાંધા ઉઠ્યા છેને. એ બિચારા પહેલા પક્ષમાં આવી ગયા. પાછળથી.. ...

... ભગવાને દીઠું એ પ્રમાણે થાય તો તો સમવાય થઈ ગયું. ભગવાને ભવિ-અભવિ દીઠા છે. ભગવાને ભવ-અભવ નથી દીઠા. ગયા હતા તો ટેકો કરાવવા. પણ બોદો થઈ ગયો. ૧૯૭૨ની વાત છે, ૭૨. ૫૮ વર્ષ થયા. અમારા ગુરુ હતા, ભદ્રિક હતા, વૈરાગી બહુ હતા. સભામાં હજારો માણસમાં ઊંચી નજર ન કરે વ્યાખ્યાનમાં. ભાઈ! ભગવાન આમ કહે છે. એ વયા ગયા. પણ તત્ત્વની કાંઈ વસ્તુની ખબર નહિ. આ પ્રશ્ન ઉઠ્યો ૭૨ના ફાગણ સુદ ૧૩ હશે લગભગ. આ પણ ૧૩. અને ચૌદસે ત્યાં ગયા અને પૂનમે પાણિયાર ગયા હતા, તે દિ' અપવાસ કર્યો હતો. એટલે એની વાત છે. આહાહા..! એ પ્રશ્ન એવો ઉઠ્યો હતો. ભગવાને દીઠું (એમ થશે). એ ઘણીવાર કહેતા, ભગવાને દીઠું એમ થાશે, આપણે કાંઈ પુરુષાર્થ કરી શકીએ નહિ.

મુમુક્ષુ :- કેવળજ્ઞાન તો નહિ?

ઉત્તર :- કેવળજ્ઞાન નહિ. કેવળજ્ઞાન તો માન્યું ત્યારે કહેવાય કે એક સમયની સત્તા જગતમાં એવડી મોટી છે, એવી સત્તાનો સ્વીકાર કરે ત્યારે તો એની દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય, જ્ઞાનમાં એનો સ્વીકાર થઈ જાય. સમજાણું કાંઈ? એવું ચાલે છે. ૪૪ વર્ષની દીક્ષા. હીરાજી મહારાજ તો કેવા! એ ક્યાં ગયા ફૂલચંદભાઈ? આ ધીરૂભાઈ ને એ બધા બહુ જાણે. એના ગામમાં હીરાજી મહારાજ બહુ રહેતા. બહુ છાપ હીરાજી મહારાજની. ભાઈએ નહિ દીઠા હોય તમે. ૭૧માં ૭૧. રાજકોટ, ૧૯૭૧. ભાઈ ઠાકરશીભાઈએ વિનંતી કરી હતી તે દિ'.

મુમુક્ષુ :- ચોમાસુ રહેવાને વિનંતી કરી હતી.

ઉત્તર :- વિનંતી કરી હતી. પણ આ પોતે બિચારા બહુ ભલા માણસ અને .. ઓલા મૂળચંદજીને ... તકરાર થાય બહુ. પછી એ સમજે કે બાપુ અમે પરદેશમાં ... બહાર ન કહે. આમ બહુ ભલા માણસ. બહુ ભલા માણસ. લૌકિક તરીકે તો એની .. જોયા હતા કે નહિ તમે બાબુભાઈ? નહિ જોયા હોય. હરિચંદભાઈએ જોયા હશે. એણે તો જોયા હોય. આહાહા..! આમ પાટ ઉપર બેઠા હોય તો લોકો સાંભળે ત્યાં ડોલી ઉઠે. એવો વૈરાગ્ય અને શાંત... શાંત... પણ આ વસ્તુની ખબર ન મળે હોં.

આ વાત ઉઠી કે ભગવાને દીઠું તે પ્રમાણે (પુરુષાર્થ થાશે). કીધું, આ વાણી કોના ઘરની? ભગવાને દીઠું અને ભગવાન જેને બેસે જ્ઞાનમાં એને ભવ હોઈ શકે જ નહિ. ૭૨ની વાત છે. ૫૮ વર્ષ પહેલાની. તમારા જન્મ પહેલા. આહાહા..! એટલે હા પાડી રાત્રે. બરાબર છે આ કાનજી કહે છે ઈ. આટલી વાત હીરાજી મહારાજે કબુલી લીધી. પણ બીજે દિ' જ્યાં પાળિયાદ ગયા ત્યાં .. કરી રહ્યા હતા. કપડા તપાસે ને સાંજ સવાર? થઈ રહ્યા પછી બોલ્યા ઈ. એ.. મૂળચંદજી! આ તું કહે છે એમ હોય તો તો પાંચ સમવાય સિદ્ધ થઈ જાય. જે કાળે થવાનું હોય તે થાય. એવું એ પાંચ સમવાય માને નહિ એ લોકો. ભગવાને ભવિ-અભવિ દીઠા છે. ભવ નહિ. ઓય માર્યા, કીધું. આટલા ૪૪ વર્ષની દીક્ષા, હિન્દુસ્તાનનો હીરો કહેવાય. 'હીરા એટલા હીર બાકી સુતરના ફાળકા.' એવું કહેવાતું હોં! એની છાપ બહુ હતી બહુ, બાપુ! હીરા તારું હીર. આહાહા..! મરી ગયા ત્યારે તો આમ લોકો રોવે. છાતી ફાટ રોતા. દસ-દસ લાખના આસામી, છોકરો ૨૦ વર્ષનો મરી જાય એમ રોતા. આ કાંપમાં. ૭૪ના ચૈત્ર વદ આઠમ. મારો હીરો જાય છે. એમ રોવે તે પોકારે હોં! રાયચંદ ગાંધી જેવા ગૃહસ્થ માણસ. જેને ૫૦-૫૦ હજારની ઊપજ તે દિ' હોં! ૭૪ની વાત છે. એવો ગૃહસ્થ. વસ્તુની પણ આ ચીજની ખબર ન મળે. એ બિચારા એમ બોલ્યા હોં!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના. બાપુ!

ભગવાન આત્મા ભાઈ! સર્વજ્ઞસ્વભાવી છે. એ સર્વજ્ઞની પર્યાય જેને છે જગતમાં. આહાહા..! પછી દીઠું એ થાશે એ પછી. પણ સર્વજ્ઞપર્યાય જગતમાં સત્તા છે એવી જેને જ્ઞાનમાં વાત બેઠી એના ભગવાને ભવ ભાળ્યા નથી. એને ભવ હોય નહિ. મોટો ખળભળાટ થઈ ગયો, મોટો ખળભળાટ. છોડીને વયા ગયા તે દિ'. પાણિયાદ. ૭૨ની વાત છે. ખળભળાટ, ખળભળાટ. આ શું થયું? મારી શંકા તો કરે નહિ લોકો. કારણ કે મેં તો બહુ શાંત... હીરાજી

મહારાજની શંકા થઈ લોકોને. હીરાજી મહારાજને મૂર્તિનું કાંઈક .. લાગે છે કાનજીસ્વામીએ. એ મૂર્તિ ન માનેને. એને ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો મારે એમ કહેવું છે કે એવી શૈલી થઈ ગઈ, સ્થૂળ થઈ ગઈ. આહાહા..! ભગવાને ભવિ-અભવિ દીઠા છે. ૪૪ વર્ષની દીક્ષા. ૧૨ વર્ષની ઉંમરે લીધેલી. અને 'હીરા જેવા હીર.' પણ એ મૂળ ચીજની વાત જ નહોતી. ઓહોહો..! જેને કેવળજ્ઞાન એક સમયની મહાસત્તાના સામર્થ્યવાળું એવી જેને સત્તાનો સ્વીકાર થાય... આહાહા..! એ વખતે એવું નહોતું કે દ્રવ્ય ઉપર ઢળી જાય. ભાઈ! એ વખતે એમ નહોતું. એ તો પછી. પણ એ વખતે આટલું કહ્યું કે જેને સર્વજ્ઞ પર્યાયની સત્તા જ્ઞાનમાં બેસે એને ભવ હોઈ શકે નહિ. દ્રવ્ય ઉપર જોરનું ક્યાં હતું ત્યાં?

મુમુક્ષુ :- એ તો ૧૧મી ગાથામાં.

ઉત્તર :- એ ૧૧મી ગાથા. ઓહો..! વાહ! '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' એવી દિગંબર વાણી સંતોની વાણી કેવળીની વાણી છે. આહાહા..! સત્યાર્થ પ્રભુ ત્રિકાળ એનો જેણે આશ્રય લીધો એને સમ્યગ્દર્શન થાય છે. એને કેવળજ્ઞાન આદિ બધાની પર્યાયની પ્રતીત થઈ જાય છે. આહાહા..! અત્યારે આ ઘણાં વાંધા કર્યા છે. જુઓને આ ક્રમબદ્ધને માટે ભાઈએ લખ્યું છેને. કે જ્યારથી ક્રમબદ્ધ નીકળ્યું... તત્ત્વજ્ઞાન મીમાંસામાં. ફૂલચંદજી. ત્યારથી કેવળજ્ઞાનીને નહિ માનનારાઓ તો ઠીક, પણ માનનારાઓએ પણ શંકા ઉઠાવી છે. જૈનતત્ત્વ મીમાંસામાં છે. આ હોય તો કેવળજ્ઞાન (માને) તો ક્રમબદ્ધ થઈ જાય. એક સમયમાં બધું જાણે આ.. આ.. તો તો પછી સોનગઢનું ક્રમબદ્ધ નક્કી થઈ જાય. હાય.. હાય..! સોનગઢનું છે કે વસ્તુનું છે? ફૂલચંદજીએ કહ્યું હતું હોં પહેલા જ્યારે ગયા હતા ત્યારે. બનારસ. આહાર કરવા જતા ઝવેરીને ત્યાં. નહોતી, પ્રતિમા નહોતી ઝવેરીને ત્યાં? ઊંચી હતી. ચોરાઈ ગઈ અને પછી મળી ગઈ. એ ત્યાં જતાં દર્શન (કરવા) વચમાં આ વાત થઈ. બરાબર છે વાત. ક્રમબદ્ધ ન હોય તો જૈનશાસન જ સિદ્ધ થતું નથી, સર્વજ્ઞપણું સિદ્ધ થતું નથી. તો વૈશેષિક મત થઈ જાય, એમ બોલ્યા હતા વચમાં. ખબર છે? કૈલાસચંદજી હતા, ફૂલચંદજી હતા. આહાહા..! ૨૦૧૩ની વાત છે. ૨૦૧૩ની સાલ. ૧૭ વર્ષ થયા. ભાઈ! એક સમયમાં કેવળજ્ઞાન દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બધું એક સમયમાં જાણે. આહાહા..! જેનો સ્વભાવ તે શું ન જાણે? એ કેમ ન જાણે? અને પરના અવલંબે જાણે એવો સ્વભાવ હોઈ શકે જ નહિ. આહાહા..! એવું જે કેવળજ્ઞાન નથી માનતા એ ઇન્દ્રિયજ્ઞાનને જ માનનારા કર્મથી ઉત્પન્ન થયેલા જ્ઞાનને માને છે. આહાહા..! એ અહીં કહે છે. સમજાણું કાંઈ? જુઓ.

'**કર્મ કે નિમિત્ત સે આચ્છાદિત હોકર ઈન્દ્રિયોં કે દ્વારા ક્ષયોપશમ કે નિમિત્ત સે ખંડરૂપ હુઆ, ખંડ-ખંડ વિષયોં કો જાનતા હૈ...**' આહાહા..! '**કર્મોં કા નાશ હોને પર કેવલજ્ઞાન પ્રગટ હોતા હૈ તબ આત્મા સર્વજ્ઞ હોતા હૈ.**'

મુમુક્ષુ :- કર્મનો નાશ થાય ત્યારે.

ઉત્તર :- એ તો ભાષા તો એમ જ હોયને. વ્યવહારથી કહેવાય. ભાષા તો એમ જ હોયને. ભાવઘાતિકર્મનો નાશ થાય ત્યારે દ્રવ્યઘાતિકર્મનો નાશ થાય. આવ્યું નથી ૧૬મી ગાથામાં? પ્રવચનસાર. દ્રવ્ય અને ભાવ ઘાતિકર્મ બે પ્રકારના છે. ૧૬મી ગાથા. ભાવઘાતિ તોડી નાખે છે. એ તોડે છે એ કહેવું વ્યવહાર છે. સ્વભાવના અંદરમાં ઉગ્રપણે જ્યાં ઠર્યો ત્યાં ભાવઘાતિપણાનો ઉદય રહેતો નથી, નાશ થઈ જાય છે. તો જડ તો એને કારણે નાશ થાય છે. એ પરમાણુની પર્યાયનો સ્વકાળ જ એવો હતો અકર્મરૂપ પરિણમવાને માટે.

'**તબ આત્મા સર્વજ્ઞ હોતા હૈ ઈસપ્રકાર મીમાંસક મતવાલા નહીં માનતા હૈ,...**' મીમાંસક મતવાળા (એટલે) ઈન્દ્રિયજ્ઞાનથી માનનારા એ પણ નથી માનતા એનો અર્થ, લ્યોને. આહાહા..! બૌદ્ધમત એટલે પર્યાયને એકલી માનનારા. એમ આ વર્તમાનને એકલા માનનારા એ બધા બૌદ્ધમતિ છે. '**જિનમત સે પ્રતિકૂલ હૈ,...**' '**जिणसासणदुसगो**' ભાષા શું કરી છે? કે સર્વજ્ઞસ્વભાવ અને સર્વજ્ઞપર્યાય પ્રગટ થાય એ જૈનશાસન છે. એ જૈનશાસનમાં એ છે, બીજે ક્યાંય છે નહિ. આત્મા સર્વજ્ઞસ્વભાવ અને એ સર્વજ્ઞસ્વભાવ પર્યાયમાં પ્રગટ થાય એ જૈનશાસનમાં જ છે. એવા આત્માના સ્વરૂપની વ્યાખ્યા જૈન સિવાય ક્યાંય નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શ્વેતાંબરમાં પણ વાંધા ઉઠ્યા છેને. એક સમયે જાણે અને બીજે સમયે દેખે. એ ખંડ ખંડ થઈ ગયું. એઈ..! પાઠ છે. ૪૫ સૂત્રમાં મૂળ પાઠમાં. .... આહાહા..! એમ છે. જે સમયે જાણે તે સમયે દેખે નહિ, જે સમયે દેખે તે સમયે જાણે નહિ. એવું જ એનું સ્વરૂપ છે એમ કહે છે. ખોટે ખોટી વાતું. આહાહા..! એ તો એ દિગંબર સનાતન જૈનદર્શન એ વસ્તુના સ્વરૂપને સિદ્ધ કરનારું છે. આહાહા..! એવી વાત છે નહિ ક્યાંય. સમજાણું કાંઈ? વસ્તુ છે એમ જાણવી તો જોઈએને. કોઈ પ્રત્યે વિરોધ નહિ, વેર નહિ હોં! ભગવાન આત્મા છે એ. વિરોધ દૃષ્ટિ હો એ પણ આત્મા છે. આત્માની દૃષ્ટિએ સાધર્મી છે. પર્યાયની દૃષ્ટિમાં ફેર છે એ જાણવું. સમજાણું કાંઈ? આહાહા..!

'**જિનમત સે પ્રતિકૂલ હૈ, કર્મમાત્ર મેં હી ઉસકી બુદ્ધિ ગત હો રહી હૈ,...**' એ કર્મ નામ અલ્પજ્ઞાનમાં જ એની બુદ્ધિ સમાઈ ગઈ બધી. ઈન્દ્રિયથી જ્ઞાન થાય તેટલો આત્મા. એ '**કર્મમાત્ર મેં હી ઉસકી બુદ્ધિ ગત હો રહી હૈ, ઐસે કોઈ ઔર ભી**

**માનતે હૈં...'** લ્યો! આવ્યું. '**ઐસે કોઈ ઔર ભી માનતે હૈં વહ ઐસા હી જાનના.**' આહાહા..! જ્ઞાનને ખંડ ખંડ માને, એક સમયે જાણે અને બીજે સમયે દેખે, બીજે સમયે દેખે, એ ખંડ ખંડ થઈ ગયું. એક જ સમયે પૂર્ણ જાણે અને દેખે એવો એનો સ્વભાવ છે અને એવી એની પર્યાય પ્રગટ થાય છે. આહાહા..! થોડો ફેર લાગે પણ મોટો ફેર છે. સન્મતિ સંદેશમાં કરી છે મહેનત થોડી, એનું બતાવવા માટે. એ બધો ફેર, બધો ફેર. વળી એક સમયમાં બે ઉપયોગ નથી, એક જ ઉપયોગ છે. ખોટી વાતું. આહાહા..! સન્મતિ સંદેશના કાંઈ ઠેકાણા ન મળે. આહાહા..! અહીં તો પ્રભુ સર્વજ્ઞસ્વભાવી, એ કર્મની અપેક્ષાથી ક્ષયોપશમ થાય એટલો એ નથી. સમજાણું કાંઈ? મોક્ષની ઈચ્છાનો નિષેધ કર્યો અને અહીંયાં ખંડ ખંડ જ્ઞાન બંધનું કારણ છે એનો નિષેધ કરે છે. આહાહા..!

'**ઐસે કોઈ ઔર ભી માનતે હૈં...**' આ તો મીમાંસકની વાત કરી, એ પ્રમાણે કોઈ જૈન સંપ્રદાય કે અન્યમાં માનનારા હોય બધા '**ઐસા હી જાનના.**' આહાહા..! પૂર્ણ સ્વરૂપથી ભરેલો ભગવાન આત્મા જ્ઞાનના પૂર્ણ સ્વભાવથી, એને નિશ્ચય આત્મા કહીએ અને નિશ્ચય આત્મા એ. અંતરના આશ્રયે કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ (થાય), સદ્‌ભુત વ્યવહારનયનો એ આત્મા કહીએ. સમજાણું કાંઈ? આહાહા..! ભાષા કેવી કરી છે? કે '**सहावणाणस्स खंडदूसयरो**' જે ઈન્દ્રિયના જ્ઞાનને જ માનનારો એ સ્વભાવજ્ઞાનને ખંડ ખંડ કરી નાખીને માને છે. અખંડ સ્વભાવ જ્ઞાન છે એને એ માનતો નથી. આહાહા..!

એ એક વાત. '**जिणसासणदुसगो भणिदो**' ભાઈ! અહીં કહ્યું. જૈનશાસન આનું નામ છે કે જે વસ્તુ સર્વજ્ઞસ્વભાવી અને સર્વજ્ઞપર્યાય પ્રગટ થાય. એવી જેની શ્રદ્ધા છે, એવું જેને જ્ઞાન છે, એને જૈનશાસન કહેવામાં આવે છે. '**पस्सदि जिणसासणं सव्वं**' આવ્યુંને? ૧૫મી ગાથા. જે કોઈ '**जो पस्सदि अप्पाणं**' આત્માને પૂર્ણ શુદ્ધ ધ્રુવ અબદ્ધસ્પૃષ્ટ જાણે છે, સામાન્ય જાણે છે, નિયત જાણે છે. કષાયરહિત દુઃખ-સુખની કલ્પના (રહિત) જાણે છે એ '**पस्सदि जिणसासणं**'. એ સામાન્ય એટલે પૂર્ણ. પૂર્ણ જાણે છે એવો જે ઉપયોગ એ જૈનશાસન છે. સમજાણું કાંઈ? સામાન્ય જાણે કહો, અબદ્ધસ્પૃષ્ટ જાણે કહો, એ પૂર્ણ જાણે કહો.

છ બોલ આવ્યાને આપણે? કાલે ન આવ્યા? કળશટીકામાં કળશમાં. અબદ્ધસ્પૃષ્ટ. અબદ્ધસ્પૃષ્ટ દેખે એ જૈનશાસન દેખે. લ્યો એનો અર્થ શું? આહાહા..! જેનો સ્વભાવ જ અબદ્ધસ્પૃષ્ટ છે એટલે મુક્તસ્વરૂપ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય, સ્વચ્છતા આદિ એવો જેનો સ્વભાવ છે એ જે દેખે છે, માને છે, જાણે છે એવી પર્યાયને જૈનશાસન કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ભારે! કુંદકુંદાચાર્યે તો સ્પષ્ટ એટલું કરી

નાખ્યું ચોખ્ખું.

'**આગે કહતે હૈં કિ જો જ્ઞાન-ચારિત્ર રહિત હો ઔર તબ સમકિત રહિત હો તથા અન્ય ભી ક્રિયા ભાવપૂર્વક ન હો તો ઈસપ્રકાર કેવલ લિંગ ભેષમાત્ર સે ક્યા સુખ હૈ?**' નગ્નપણું ધારણ કર્યું, અઠ્યાવીશ મૂળગુણ પણ રહ્યા, પણ ભાવ ન મળે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનો. એમ કહે છે. એથી શું થયું? ધૂળમાં પણ કાંઈ કર્યું નહિ. આહાહા..! નગ્ન થયો, અઠ્યાવીશ મૂળગુણ પાળે, પંચ મહાવ્રત (પાળે), પણ ભાવ જે ચૈતન્ય દ્રવ્યસ્વભાવ એની દૃષ્ટિ, એનું જ્ઞાન અને રમણતા નથી. આહાહા..! પરિપૂર્ણ ભગવાન આત્મા એની પરિપૂર્ણની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા નથી (તો) એ બધું નિરર્થક જવાનું. આહાહા..!

**णाणं चरित्तहीणं दंसणहीणं तवेहिं संजुत्तं।**
**अण्णेसु भावरहियुं लिंगग्गहणेण किं सोक्खं।।५७।।**

'**અર્થ :- જહાં જ્ઞાન તો ચારિત્ર રહિત હૈ,...**' જ્ઞાનસ્વરૂપ છે એટલું જાણ્યું પણ એમાં રમણતાની સ્થિરતા નથી. એટલી ધારણાનું જ્ઞાન હોં! શાસ્ત્ર ભણવાથી જ્ઞાન થયું, જાણવું એટલું, ક્ષયોપશમ. પણ '**चरित्तहीणं**' એ સ્વરૂપમાં રમણતાની દૃષ્ટિ અને જ્ઞાન તો છે નહિ. જે જ્ઞાન અંદરમાં રમણતા કરે એ તો છે નહિ. શાસ્ત્રનું જ્ઞાન આમ પરલક્ષી કર્યું. આહાહા..! સહજાનંદ પ્રભુ એને જાણવાના શાસ્ત્રથી આમ કર્યું જ્ઞાન, પણ અહીં આમ જવું જોઈએ- અંદરમાં જવું જોઈએ એ તો કર્યું નહિ. એ જ્ઞાન '**चरित्तहीणं**' એ જ્ઞાન શું? આહાહા..!

'**તપયુક્ત ભી હૈ, પરંતુ વહ દર્શન અર્થાત્ સમ્યક્ત્વ સે રહિત હૈ,...**' તપ નામ સાધુપણું. મુનિપણું લીધું, પણ સમ્યગ્દર્શન નથી. બાહ્યાચરણ કરે પંચ મહાવ્રતના, અઠ્યાવીશ મૂળગુણના નગ્નપણાના, પણ સમ્યક્ પરિપૂર્ણ પ્રભુ પરમાત્મસ્વરૂપ સહજાનંદની મૂર્તિ ભગવાન આત્મા એને તો દૃષ્ટિમાં, વેદનમાં લીધો નથી. આહાહા..! તો એ તપ પણ નિરર્થક છે. આહાહા..! એ મુનિપણું પણ નિરર્થક છે. આહાહા..! '**અન્ય ભી આવશ્યક આદિ ક્રિયાયેં હૈં,...**' વિકલ્પ છ આવશ્યક આદિ છેને? જેટલી ક્રિયાઓ વ્યવહારની કહેવાય. ચરણાનુયોગમાંથી જે એ ભાવ કરતો હોય '**પરંતુ ઉનમેં ભી શુદ્ધભાવ નહીં હૈ,...**' ભાવ એટલે આ. એ શુભભાવ છે બધો, પણ એમાં શુદ્ધભાવ નથી. આહાહા..! આવશ્યક આદિ જેટલી વ્યવહાર ક્રિયા ચરણાનુયોગની છે એ હોય શુભભાવની, '**પરંતુ ઉનમેં ભી શુદ્ધભાવ નહીં હૈ....**' પાઠ એમ છેને? '**भावरहियुं**' એ ભાવ, ઓલો ભાવ તો છે શુભ, પણ ખરો ભાવ તો શુદ્ધ છે. આહાહા..! પરિપૂર્ણ પરમાત્મા પોતે છે એવી જે શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા જોઈએ એવો શુદ્ધભાવ તો નથી અને એકલા શુભભાવની ક્રિયામાં ચોવીસે કલાક મશગુલ રહે છે એ કાંઈ ચીજ નથી, એ મોક્ષનું કારણ નથી એમ કહે છે. અહીં મોક્ષનો અધિકાર છેને.

આવશ્યક આદિ શુભની ક્રિયા લાખ કરોડ કરતો હોય. ઓલી નથી આવતી? ૧૩ ક્રિયા આવે છેને નિયમસારમાં નહિ? તેર ક્રિયા સવાર-સાંજ. એથી શું? એ તો શુભ વિકલ્પ છે. આહાહા..! એ આત્મા નથી. આત્મામાં ન આવ્યો. આહાહા..! આત્માની ઉપસ્થિતિ હાજરી ન થઈ ત્યાં. રાગની હાજરી રહી. આહાહા..!

**'ઉનમેં ભી શુદ્ધભાવ નહીં હૈ, ઈસપ્રકાર લિંગ-ભેષ ગ્રહણ કરને મેં ક્યા સુખ હૈ?'** **'ક્યા સુખ હૈ?'** એમ કહ્યું છે. શુદ્ધભાવ વિના સુખ નહિ, જ્ઞાન અને અંતરમાં સ્થિરતા વિના સુખ નહિ. બીજી બધી ક્રિયાઓ ભાવમાં શુદ્ધભાવ નહિ તો સુખ નહિ, એ દુઃખ છે. ભાષા એમ છેને? **'किं सोक्खं'** એ આવશ્યક ક્રિયા લાખ કરે શુભભાવની. **'किं सोक्खं'** ત્યાં ક્યાં સુખ હતું એમાં? આહાહા..! હવે આમાં શ્વેતાંબરના આચાર્યો દિગંબરને નિહ્નવ ઠરાવે છે. કેટલું કહ્યું છે! અરરર! કેટલી વાત સ્પષ્ટ આમ દીવા જેવી છે.

ભાઈ! તારો પરમાત્મા શુદ્ધ છે, પરિપૂર્ણ છે, અખંડ છે એનું જ્ઞાન અને શ્રદ્ધા થાય એ ભાવ કહેવાય. એ ભાવ મારો આત્મા એનો ભાવ આવે તો સ્વભાવ કહેવાય. રાગ એ ભાવ એનો નથી. સમજાણું કાંઈ? આહાહા..! આ તો દુઃખ છે એમ કહેવું છે. જ્ઞાન પર તરફના લક્ષવાળું અંદર ન ઠરે તો દુઃખ છે. ક્રિયા સાધુની કરે પણ સમકિત નથી તો દુઃખ છે. આવશ્યકની ક્રિયા કરે પણ શુદ્ધભાવ નથી તો એ દુઃખ છે. આહાહા..!

**'लिंगग्गहणेण किं सोक्खं'** આ જે ગ્રહણ કરવું જોઈએ એનું સુખ તો તને છે નહિ. આહાહા..! ભગવાન આત્માને ગ્રહણ કરીને પ્રતીત કરવી એમાં સુખ છે. એનું જ્ઞાન કરીને એમાં ઠરવું એ સુખ છે અને આવશ્યક આદિ ક્રિયામાં પણ સ્વ તરફ વળીને જેટલી શુદ્ધતા પ્રગટી એ સુખ છે. આ તો બધું દુઃખ છે. આહાહા..! પંચ મહાવ્રતના પરિણામ પણ દુઃખ છે, આસ્રવ છે. આકરું લાગે માણસને. ઓલા કહે પંચ મહાવ્રત પાળીએ છીએ, અમે ચારિત્ર પાળીએ છીએ. રાગને પાળે છે.

**'ભાવાર્થ :- કોઈ મુનિ ભેષમાત્ર સે તો મુનિ હુઆ ઔર શાસ્ત્ર ભી પઢતા હૈ.'** જોયું! જ્ઞાન. **'ઉસકો કહતે હૈં કિ શાસ્ત્ર પઢકર જ્ઞાન તો કિયા, પરંતુ નિશ્ચય ચારિત્ર જો શુદ્ધ આત્મા કા અનુભવરૂપ તથા બાહ્ય ચારિત્ર નિર્દોષ નહીં કિયા,...'** અંદર આત્માનો અનુભવ કરવો એ નિશ્ચય ચારિત્ર છે. એ તો કર્યું નહિ. આહાહા..! અને વ્યવહાર ક્રિયા એને વ્યવહાર હોય છે ચોખ્ખો. **'તપ કા ક્લેશ બહુત કિયા,...'** અપવાસ કરે, શરીર સુકાઈ જાય, ખેદ... ખેદ.. ખેદ... **'સમ્યક્ત્વ ભાવના નહીં હુઈ...'** પણ સમ્યગ્દર્શનની ભાવના, સ્વરૂપની એકાગ્રતા તો છે નહિ. આહાહા..! **'ઔર આવશ્યક આદિ બાહ્ય ક્રિયા કી, પરંતુ ભાવ શુદ્ધ નહીં કિયે...'** અંતર્મુખથી જે ભાવ શુદ્ધ થવો જોઈએ

એ તો કર્યો નથી. બહિર્મુખની ક્રિયાઓ કરી એમ કહે છે. બહિર્મુખની આ બધી ક્રિયાઓ કરી, પણ અંતર્મુખની ક્રિયા તો કરી નહિ તેં. આહાહા..! '**તો ઐસે બાહ્ય ભેષમાત્ર સે તો ક્લેશ હી હુઆ,...**' લ્યો! એ તો દુઃખ જ છે કહે છે. આહાહા..!

આમાં આવ્યુંને, 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ દુઃખ હતું બધું દુઃખ. પંચ મહાવ્રતના પરિણામ દુઃખ, છ આવશ્યકની ક્રિયા દુઃખ. આહાહા..! ભગવાનની ભક્તિ અને વંદન કરવું એ દુઃખ. ઉપર સ્તુતિ ચાલતી હતી તો એમાં ખુશી થઈ ગયા લોકો. જુઓ! ભક્તિના વખાણ થયા છે. પણ એ તો વ્યવહારની વાત આવે ત્યારે એ ભક્તિથી એનું વર્ણન હોય છેને. પણ છે ભાવ એ તો દુઃખરૂપ. શું કીધું આ? ઋષભદેવની ભક્તિ ચાલતી હતીને. આહાહા..! એમ કે જુઓ! ભક્તિના વખાણ થયા કે નહિ સોનગઢમાં? આવે આવે. શું કરે? અરેરે..! ... આહાહા..!

'**ક્લેશ હી હુઆ, કુછ શાંતભાવરૂપ સુખ તો હુઆ નહીં...**' આહાહા..! જ્ઞાન અંતરમાં ઠરવું જોઈએ જે શાંત, એ તો થયું નહિ. તપસ્યાઓ, મુનિપણું કર્યું પણ સમ્યગ્દર્શન જે અંતરમાં એકાગ્રતા (થવી જોઈએ) એ તો આવી નહિ. આવશ્યકની ક્રિયા બધી કરી એ દુઃખરૂપ અને શાંતભાવ તો આવ્યો નહિ. આહાહા..! '**ભેષ પરલોક કે સુખ મેં ભી કારણ નહીં હુઆ;...**' '**કુછ શાંતભાવરૂપ સુખ તો હુઆ નહીં ઔર યહ ભેષ પરલોક કે સુખ મેં ભી કારણ નહીં હુઆ; ઈસલિયે સમકિતપૂર્વક ભેષ ધારણ કરના શ્રેષ્ઠ હૈ.**' સમ્યગ્દર્શન સહિત પછી ભેખ ધારણ કરવો વ્યવહાર એ બરાબર છે. સમ્યગ્દર્શન જ ન મળે, અનુભવ ન મળે, આત્માની આવી સત્તા, આવો મહા એનો જ્યાં ભાસ જ ન મળે જ્ઞાનમાં, તો ઠરે ક્યાં? એવી બધી ક્રિયાઓ... ભેષ ધારણ કરવો એ શ્રેષ્ઠ છે, સમકિતસહિત ધારણ કરે એ શ્રેષ્ઠ છે. એ વિના બધું શ્રેષ્ઠ છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વૈશાખ સુદ ૪, શુક્રવાર તા. ૨૬-૦૪-૧૯૭૪**
**ગાથા - ૫૮ થી ૬૨, પ્રવચન - ૧૩૫**

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા .. છે. છેને કહે છે. એ જ કહ્યું અહીંયાં.

'**ચેતનાસ્વરૂપ નિત્ય હૈ ઔર યહ જ્ઞાન હૈ વહ પ્રધાન કા ધર્મ હૈ,...**' જાણવાની જે અવસ્થા થાય એ પ્રકૃતિનો સ્વભાવ છે, ચૈતન્યનો નહિ. '**ઈનકે મત મેં પુરુષ કો ઉદાસીન ચેતનાસ્વરૂપ માના હૈ...**' ઉદાસીન ચેતનાસ્વરૂપ. પરિણમન ચેતના સ્વરૂપ એમ નહિ. વાત તો સાચી છે. દ્રવ્ય તો અપરિણામી છે, પણ અપરિણામીને જાણનાર પરિણામ ચેતનાના-જાણનારના છે, એ કંઈ જડના નથી. '**અતઃ જ્ઞાન બિના તો જડ હી હુઆ,...**' લ્યો! રાગના ભાવ સાથે ચેતનાની પર્યાય એને તો એણે જડ માન્યું. ચેતના તો તદ્દન વસ્તુ ઉદાસ ધ્રુવ છે એમ માને છે. '**જ્ઞાન બિના ચેતન કૈસે?**' જાણપણાની પર્યાય વિના ચેતન કૈસે? એમ કહેવું છે. ૫૮ ગાથા. અષ્ટપાહુડ, મોક્ષપાહુડ ૫૮ ગાથા.

મૂળ તો ચૈતન્ય ધ્રુવ અને એનું પરિણમન જે અવસ્થાનું થવું એને એ પ્રકૃતિનો ધર્મ માને છે, આત્માનો નહિ. એ પર્યાય છે એ પ્રકૃતિનું કાર્ય છે, આત્માનું નહિ. બદલે એ શું? એમ કહે. ધ્રુવ બદલે? માટે ધ્રુવ છે એ ઉદાસીન છે. બદલે તે જડ છે. અભિપ્રાય અનેક છે આ જગતના ભાઈ! તત્ત્વની ખબર ન મળે અને રખડે છે એમને એમ ચોર્યાસીના અવતારમાં.

'**જ્ઞાન બિના ચેતન કૈસે?**' એ પરિણમન જ્ઞાન વિના ચેતન દ્રવ્ય કૈસે? પરિણમન વિનાનું જ્ઞાન હોય નહિ. જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ ચૈતન્યસ્વરૂપ છે, એનું પરિણમવું એ એની પર્યાય છે. પર્યાય વિનાનું જ્ઞાન ધ્રુવ કૈસે? એમ કહે છે. '**જ્ઞાન કો પ્રધાન કા ધર્મ માના હૈ...**' એ જાણવાની દશાને પ્રકૃતિનો સ્વભાવ માને છે. '**ઔર પ્રધાન કો જડ માના હૈ...**' પ્રકૃતિને તો એણે જડ માની છે. '**તબ અચેતન મેં ચેતના માની...**' એ અચેતનમાં એણે જીવ માન્યો. '**તબ અજ્ઞાની હુઆ.**' ત્યારે એ અજ્ઞાની રહ્યો. સાંખ્યની વાત છે, પણ એના જેવો અભિપ્રાય જેનો (હોય એ બધા આવી ગયા). જૈનના વાડામાં એને એ ખબર નથી કે આ પરિણમવું એ શું? વળી એમ કહે. બદલવું પર્યાય કેવી? ઓલો માનતો હતોને પંડિત આવ્યો હતો. ઉભય શાસ્ત્રી. પર્યાય શું? કહે. લ્યો! આ મોટા પંડિત. ઉભય શાસ્ત્રી. આવ્યા નહિ હમણા? આઠમનું ઉદ્‌ઘાટન કર્યું તે દિ' આવ્યા હતા. મહારાષ્ટ્રના. પર્યાય શું? કહો, હવે પંડિત જૈનના. પર્યાય એક અવસ્થા છે અંદર. દશા પલટે છે, પણ પલટે છે એ જ્ઞાનની દશા છે. પલટવું એ જડની દશા છે. રાગ છે એ પણ અચેતન છે. પણ એને જાણવાની પર્યાય છે એ તો જ્ઞાનની છે. એને જડ માનવું અને એમાં આત્માને માનવો એ તો અચેતનમાં ચેતન માન્યું.

'**નૈયાયિક, વૈશેષિક મતવાલે ગુણ-ગુણી મેં સર્વથા ભેદ માનતે હૈં,...**' ગુણી આત્મા અને એનો ગુણ એ ભિન્ન સર્વથા જુદા છે. '**તબ ઉન્હોંને ચેતના ગુણ કો જીવ સે**

**ભિન્ન માના...'** ચેતના ગુણથી એનું જે જાણવું એ ભિન્ન માન્યું. જીવથી એ ભિન્ન છે એમ માન્યું. **'તો અચેતન હી રહા.'** જાણનાર પર્યાય ન રહી એટલે અચેતન રહ્યો એ તો. આ તો મોક્ષમાર્ગ છેને મોક્ષપાહુડ એટલે. એને મોક્ષ થતો નથી એટલે રખડે છે ચાર ગતિમાં એમ કહેવું છે. **'તબ ઉન્હોંને ચેતના ગુણ કો જીવ સે ભિન્ન માના તબ જીવ તો અચેતન રહા. ઈસપ્રકાર અચેતન મેં ચેતનાપના માના.'** એ અચેતન પ્રકૃતિનો ધર્મ એમાં ચેતના માની, એમ.

**'ભૂતવાદી ચાર્વાક ભૂત પૃથ્વી આદિક સે ચેતના કી ઉત્પત્તિ માનતા હૈ,...'** લ્યો! આ બધા પૃથ્વી આદિ ભેગા થાય અને ચેતના ઉત્પન્ન થાય. પંચ મહાભૂતમાંથી. ભેગા થાયને. દારૂ ભેગો થાય... મદ ઊભો થાય છેને દારૂમાં? એમ આ બધા ભેગા જડ થાય એમાં ચેતન ઊભું થાય. એમ અજ્ઞાની માને (છે). ચૈતન્ય વસ્તુ છે અનાદિ-અનંત, પોતાની સત્તા-હોવાપણું, જાણપણાના સ્વભાવવાળું એ ચૈતન્ય અનાદિ-અનંત છે. એની એને માન્યતા નથી. **'ઈત્યાદિ અન્ય ભી કઈ માનતે હૈં...'** લ્યો! ઈત્યાદિ અન્ય પણ ઘણાં પ્રકાર હોય છે. **'વે સબ અજ્ઞાની હૈં,...'** જાણનાર પર્યાય અને જણાય એવું ત્રિકાળી વસ્તુ બેને ચેતન ન માને અને પર્યાયને અચેતન માને (તો) જડ છે. **'ઈસલિયે ચેતન મેં હી ચેતન માને વહ જ્ઞાની હૈ,...'** ચેતન ધ્રુવસ્વરૂપ એની જ્ઞાનની પર્યાયસહિત એને માને એ તો ધર્મી જીવ છે. એને રાગથી ભિન્ન પાડી, દયા, દાન, કામ, ક્રોધના વિકલ્પથી ભિન્ન પાડી, જ્ઞાનની પર્યાયથી ત્રિકાળને જાણ્યો એ ધર્મી છે. આહાહા..! લ્યો! **'ઈસલિયે ચેતન મેં હી ચેતન માને વહ જ્ઞાની હૈ, યહ જિનમત હૈ.'**

**'આગે કહતે હૈં કિ તપ રહિત જ્ઞાન ઔર જ્ઞાન રહિત તપ યે દોનોં અકાર્ય હૈં, દોનોં કે સંયુક્ત હોને પર હી નિર્વાણ હૈ -'**

तवरहियं जं णाणं णाणविजुत्तो तवो वि अकयत्थो।
तम्हा णाणतवेणं संजुत्तो लहइ णिव्वाणं।।५९।।

**'અર્થ :- જો જ્ઞાન તપરહિત હૈ...'** ચારિત્ર સ્વરૂપની રમણતા વિનાનું જે જ્ઞાન છે. **'ઔર જો તપ હૈ વહ ભી જ્ઞાનરહિત હૈ...'** તપ કરે છે પણ એમાં સમ્યગ્જ્ઞાન, આત્મા જ્ઞાનસ્વરૂપ છે એનું ભાન નથી. **'તો દોનોં હી અકાર્ય હૈં...'** ભેગું લેવું છેને? જ્ઞાન અને જ્ઞાનની રમણતા એ તપ એમ. જ્ઞાન આત્મા અને એની રમણતા એ તપ. એકલું જ્ઞાન માને અને રમણતા ન માને, રમણતા એકલી માને અને જ્ઞાન ન માને એ બધું અકાર્યકારી છે. **'ઈસલિયે જ્ઞાન તપ સંયુક્ત હોને પર હી...'** સમ્યગ્જ્ઞાન—આત્માનું જ્ઞાન, ચેતનનું ભાન એ તપસહિત સ્વરૂપની સ્થિતરતા સહિત હોય તો તો **'નિર્વાણ કો પ્રાપ્ત કરતા હૈ.'** તો

એ મોક્ષ પ્રાપ્ત કરે. એને સંસારનું રઝળવું રહેતું નથી.

'**ભાવાર્થ :- અન્યમતી સાંખ્યાદિક જ્ઞાનચર્ચા તો બહુત કરતે હૈં...**' જ્ઞાનચર્યા. '**ઔર કહતે હૈં કિ જ્ઞાન સે હી મુક્તિ હૈ...**' બસ, એ જાણવું એનાથી મુક્તિ. '**ઔર તપ નહીં કરતે હૈં,...**' સ્વરૂપમાં રમણતાની ક્રિયા એને માનતા નથી. '**વિષય-કષાયોં કો પ્રધાન કા ધર્મ માનકર...**' લ્યો ઠીક! વિષય-કષાય એ પ્રકૃતિનું કાર્ય છે, ધર્મ છે. '**સ્વચ્છંદ પ્રવર્તતે હૈં. કઈ જ્ઞાન કો નિષ્ફલ માનકર ઉનકો યથાર્થ જાનતે નહીં હૈં...**' જ્ઞાન છે એ જાણવું એ શું હવે? કાંઈક તપસ્યા કરો, ક્રિયા કરો તો કલ્યાણ થાય એમ અજ્ઞાની માને છે. '**જ્ઞાન કો નિષ્ફલ માનકર ઉસકો યથાર્થ જાનતે નહીં હૈ...**' જાણકસ્વભાવ પ્રજ્ઞાબ્રહ્મ ભગવાન એનું તો એને જ્ઞાન નથી અને એકલી ક્રિયાકાંડથી ધર્મ માને છે.

'**ઔર તપ ક્લેશાદિક સે હી સિદ્ધિ માનકર...**' તપ કરે, અપવાસ કરે, દયા, દાન, વ્રત, ભક્તિ એ તો બધો શુભભાવ છે. એનાથી સ્વચ્છંદ થઈને ધર્મ એને માને. આહાહા..! '**ક્લેશાદિક સે હી સિદ્ધિ માનકર...**' દેખો ભાષા! એ રાગની મંદતા દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત એ બધો ભાવ રાગ મંદ છે અને ક્લેશ છે. આહાહા..! દુઃખ છે એ તો, વૃત્તિનું ઉત્થાન છે, વિકાર છે. એનાથી ધર્મ માને છે એ મૂઢ છે. '**ક્લેશાદિક સે હી સિદ્ધિ માનકર...**' ક્લેશ, કષ્ટ આપો, શરીરને કષ્ટ આપો, આત્માને કષ્ટ આપો તો ધર્મ થાય એમ માનીને ક્લેશ, કાયક્લેશ કરે એને સિદ્ધિ થતી નથી. '**ઉસકે કરને મેં તત્પર રહતે હૈં.**' એ ક્રિયાકાંડ કરવામાં તત્પર. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ તો શુભભાવ છે, ક્લેશ છે, રાગ છે. આહાહા..!

'**આચાર્ય કહતે હૈં કિ યે દોનોં હી અજ્ઞાની હૈં...**' આત્માના જ્ઞાન વિના ક્રિયા અને આત્માના જ્ઞાનમાં રમણતા ન હોય તો બેય અજ્ઞાની છે. ભલે સમ્યગ્દર્શનમાં સ્થિરતા પૂર્ણ ન હોય, પણ સ્વરૂપમાં સ્થિરતાનો અંશ તો એને હોય છે. એ '**દોનોં હી અજ્ઞાની હૈં. જો જ્ઞાનસહિત તપ કરતે હૈં વે જ્ઞાની હૈં...**' આત્માના ભાનસહિત આનંદની લીનતા કરે છે એ જ્ઞાની છે. લ્યો! આહાહા..! '**વે હી મોક્ષ કો પ્રાપ્ત કરતે હૈં, યહ અનેકાંતસ્વરૂપ જિનમત કા ઉપદેશ હૈ.**' જ્ઞાન જ્ઞાનરૂપે જાણે આત્માને અને એમાં સ્થિત થાય સ્થિર અંદર, આનંદના સ્વરૂપમાં અંદર સ્થિર થાય તો એનાથી એને મોક્ષ થાય.

દાખલો આપે છે. ઉદાહરણ.

धुवसिद्धी तित्थयरो चउणाणजुदो करेइ तवयरणं।
णाऊण धुवं कुज्जा तवयरणं णाणजुत्तो वि।।६०।।

'**અર્થ :- આચાર્ય કહતે હૈં કિ દેખો..., જિસકો નિયમ સે મોક્ષ હોના હૈ...**' તીર્થંકર જન્મ લે એને તો એ ભવમાં મોક્ષ જ થવાનો છે નક્કી. એ ત્રણ જ્ઞાન લઈને

માતાના પેટમાં આવે. તીર્થંકર છે, સર્વજ્ઞ એ ભવમાં થવાના જ છે. ઈન્દ્રો પણ એના મહોત્સવમાં આવેલા હતા. એને ખબર છે અને ઈન્દ્રોને પણ ખબર છે કે આ ભવમાં એની મુક્તિ છે. એ જીવો પણ, એમ. '**ઔર જો ચાર જ્ઞાન—મતિ, શ્રુત, અવધિ ઔર મનઃપર્યય ઈનસે યુક્ત હૈ...**' ચાર જ્ઞાન છે. કેવળજ્ઞાન નથી એક. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય. '**તપ કરના યોગ્ય હૈ.**' લ્યો! એ પણ તપ તો કરે છે. આહાહા..! '**મનઃપર્યય સે યુક્ત હૈ ઐસા તીર્થંકર ભી તપશ્ચરણ કરતા હૈ,...**' તપશ્ચરણનો અર્થ સ્વરૂપમાં રમણતા, આનંદ. ઓલી તપસ્યા એટલે અહીં મુનિપણું, ચારિત્ર, સ્વરૂપમાં રમણતા. આનંદસ્વરૂપ ભગવાન આત્મા એનું ભાન, અનુભવ કરી અને પછી સ્થિરતા અંદર રમણતા કરવી ત્યારે તેની મુક્તિ થાય. એકલા જ્ઞાનમાત્રથી મુક્તિ ન થાય. આહાહા..! પ્રશસ્ત રાગ, પ્રશસ્ત રાગ. ગળે વળગ્યો છે લોકોને ઘણો.

'**નિશ્ચય સે જાનકર જ્ઞાનયુક્ત હોને પર ભી તપ કરના યોગ્ય હૈ.**' તપનો અર્થ મૂળ સાધુપણું ચારિત્ર છે, મુનિપણું. '**(સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કી એકતા કો તપ કહા હૈ).**' ચારિત્રમાં પણ ઉગ્રતા પુરુષાર્થની ઉગ્રતા, રમણતા એને અહીંયાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને તપ કહે છે. ચારિત્રમાં સ્વરૂપની રમણતા એમાં પણ ઉગ્ર પુરુષાર્થ એને અહીંયાં તપ કહે છે. એ તીર્થંકરને નક્કી છે, જન્મે ત્યારથી. દીક્ષિત થયા. તો પણ એ દીક્ષા લીધી એમ કહે છે. સમ્યગ્જ્ઞાન સહિત છે, ક્ષાયિક સમકિત સહિત છે એવા ભગવાન તીર્થંકર જન્મે એને પણ દીક્ષા લીધા વિના, ચારિત્ર થયા વિના મુક્તિ નથી. એ પણ ચારિત્ર અંગીકાર કરે છે. ઓહોહો..! સ્વરૂપની રમણતા, આનંદના ખજાના ખોલીને અંદરમાં રમે છે... આહાહા..! ત્યારે મુક્તિ થાય છે એમ કહે છે.

'**જન્મ લેતે હૈં...**' તીર્થંકર મતિ, શ્રુત, અવધિ ત્રણ જ્ઞાનસહિત તો જન્મ લે છે. સ્વર્ગમાંથી કે નરકમાંથી આવે છે ત્રણ જ્ઞાનસહિત માતાના પેટમાં. આત્માનું ભાન તો પૂર્વ ભવે કર્યું હતું એ સહિત આવ્યા. એ જીવ પણ '**દીક્ષા લેતે હી હૈ,...**' આ દીક્ષા લોકો કહે છે એ દીક્ષા એ નહિ. ઓહોહો..! અત્યારે તો ટોળે ટોળા દીક્ષાના બાયુંના. બાળબ્રહ્મચારી બાયું દીક્ષા લે. એ દીક્ષા નહિ. આ તો આત્માના આનંદમાં ઉગ્રતાનો પુરુષાર્થ એનું નામ દીક્ષા છે. જેને પણ આત્મા શું છે એવું ભાળ્યું નથી એમાં રમણતા આવે ક્યાંથી એને? આહાહા..! '**મોક્ષ ઉનકો નિયમ સે હોના હૈ...**' ભગવાન ત્રણ જ્ઞાન તો લઈને આવે, દીક્ષા લે ત્યારે ચાર જ્ઞાન થાય, '**મોક્ષ ઉનકો નિયમ સે હોના હૈ તો ભી તપ કરતે હૈં,...**' સ્વરૂપની લીનતાનો પુરુષાર્થ એ કરે છે. આહાહા..! પર તરફથી હટીને અંતરમાં આનંદમાં તૃપ્ત-તૃપ્ત રહે છે. આત્મા આનંદસ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે એમાં રમવું એનું નામ

ચારિત્ર છે. ચારિત્ર (એટલે) કોઈ લૂગડા ફેરવ્યા, નાગા થાય, સાધુ થયા બહારના એ કાંઈ ચારિત્ર નથી. આહાહા..!

**'તો ભી તપ કરતે હૈં, ઈસલિયે ઐસા જાનકર જ્ઞાન હોતે હુએ ભી...'** સમ્યગ્જ્ઞાન આત્માનું સ્વરૂપનું ભાન હોનેપર ભી **'તપ કરને મેં તત્પર હોના,...'** સ્વરૂપમાં રમણતા કરવામાં તત્પર રહેવું. **'જ્ઞાનમાત્ર હી સે મુક્તિ નહીં માનના.'** એકલું જ્ઞાન છે એનાથી મુક્તિ ન માનવી. જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય એનું ભાન કરીને એમાં ઠરવું, એમાં રમણતા, આત્માના આનંદમાં રમણતા એ મુક્તિનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? આત્માનું જ્ઞાન ને દર્શન થયું એથી એની મુક્તિ થઈ જાય એમ નથી. એને ચારિત્ર આવે જ. ચારિત્ર વિના મુક્તિ હોઈ શકે નહિ. ચારિત્ર એટલે સ્વરૂપની રમણતા. બહારથી આ દીક્ષા લે એ તો મિથ્યાદૃષ્ટિ બધા. હજી એને સમ્યગ્દર્શનની ખબર નથી એને દીક્ષા કેવી? ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આકરું કામ. જગતને ધર્મ સમજવો ભારે ઝીણો. **'જ્ઞાનમાત્ર હી સે મુક્તિ નહીં માનના.'** આહાહા..!

**'આગે જો બાહ્યલિંગ સહિત હૈ...'** ભેખ ધારણ કર્યો નગ્નપણું **'અભ્યંતરલિંગ રહિત હૈ...'** અભ્યંતર આત્માના આનંદનું ભાન નથી. અભ્યંતરલિંગ. ચૈતન્ય સહજાત્મસ્વરૂપ ભગવાન આત્મા, એનું જેને જ્ઞાન ને દર્શન ને રમણતા નથી એ અભ્યંતરલિંગ રહિત છે. બાહ્યભેખ છે નગ્નપણાનો. આહાહા..! **'અભ્યંતરલિંગ રહિત હૈ વહ સ્વરૂપાચરણ ચારિત્ર સે ભ્રષ્ટ હુઆ...'** જોયું! રાગની ક્રિયા નહિ, પણ સ્વરૂપ આચરણ. સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય જ્ઞાન એવું જે અંતરમાં ભાન, એમાં સ્વરૂપના આચરણરૂપ ચારિત્ર. એ સ્વરૂપ છે એમાં આચરણ કરવું, સ્થિર થવું એનું નામ ચારિત્ર. **'સ્વરૂપાચરણ ચારિત્ર સે ભ્રષ્ટ હુઆ મોક્ષમાર્ગ કા વિનાશ કરનેવાલા હૈ,...'** બાહ્યલિંગ સહિત અને અભ્યંતરલિંગ રહિત **'સ્વરૂપાચરણ ચારિત્ર સે ભ્રષ્ટ...'** બાહ્યથી ભેખ રહ્યો એમને એમ. **'મોક્ષમાર્ગ કા વિનાશ કરનેવાલા હૈ, ઈસપ્રકાર સામાન્યરૂપ સે કહતે હૈં :-'**

बाहिरलिंगेण जुदो अब्भंतरलिंगरहियपरियम्मो।
सो सगचरित्तभट्ठो मोक्खपहविणासगो साहू।।६१।।

**'અર્થ :- જો જીવ બાહ્ય લિંગ-ભેષ સહિત હૈ...'** બાહ્ય ભેખ નગ્નપણું ધારણ કર્યું. **'ઔર અભ્યંતર લિંગ જો પરદ્રવ્યોં સે સર્વ રાગાદિક મમત્વભાવરહિત...'** લ્યો! પરપદાર્થ પ્રત્યે સર્વ પ્રકારના રાગરહિત એવી સ્વરૂપની સ્થિરતા **'સર્વ રાગાદિક મમત્વભાવરહિત...'** સર્વ રાગ આદિ, પરની મમતા રહિત **'ઐસે આત્માનુભવ સે રહિત હૈ...'** એ આત્મા આનંદસ્વરૂપ એનાથી જે રહિત છે, જેને આત્મજ્ઞાન નથી એવા જીવો **'સ્વક-ચારિત્ર અર્થાત્**

**અપને આત્મસ્વરૂપ કે આચરણ સે ભ્રષ્ટ હૈ,...**' લ્યો! આમાં આવ્યું સ્વરૂપાચરણ. આ વિશેષ લીધું સ્વરૂપ. સમ્યક્ચારિત્ર—પોતાના આનંદસ્વરૂપના ભાનસહિત સ્વરૂપમાં આચરણ, શુદ્ધ ચૈતન્ય વસ્તુ એમાં આચરણ એનું, વીતરાગી પર્યાય એનું નામ ચારિત્ર છે.

એ સ્વરૂપ '**આત્મસ્વરૂપ કે આચરણ...**' એટલે કે ચારિત્ર '**સે ભ્રષ્ટ હૈ,...**' એમ. '**પરિકર્મ અર્થાત્ બાહ્ય મેં નગ્નતા,...**' જોયું! બાહ્યમાં નગ્નતા. પરિકર્મ લીધું છેને? '**બ્રહ્મચર્યાદિ શરીરસંસ્કાર સે પરિવર્તનવાન દ્રવ્યલિંગી હોને પર ભી...**' બ્રહ્મચર્ય પાળે શરીરથી, શરીરના સંસ્કારથી રહિત એવું પરિવર્તનરૂપ દ્રવ્યલિંગ હો. સ્નાન નહિ, શરીરને નવરાવે નહિ, ધોવરાવે નહિ એવું બાહ્યલિંગ. '**વહ સ્વ-ચારિત્ર સે ભ્રષ્ટ...**' પણ આત્માના આનંદસ્વરૂપમાં સ્વ-ચારિત્ર—સ્વરૂપમાં રમવું એ સ્વચારિત્ર. રાગની ક્રિયા એ તો બધી પરચારિત્ર છે. '**બાહ્ય મેં નગ્નપના, બ્રહ્મચર્ય આદિ...**' બાહ્ય જૂઠું ન બોલે, ચોરી ન કરે, કપડું ન રાખે, '**શરીરસંસ્કાર સે પરિવર્તનવાન...**' '**સંસ્કાર સે પરિવર્તનવાન દ્રવ્યલિંગી હોને પર ભી...**' બરાબર નગ્ન મુનિ દિગંબર. '**વહ સ્વચારિત્ર સે ભ્રષ્ટ હોને સે મોક્ષમાર્ગ કા વિનાશ કરનેવાલા હૈ.**' આહાહા..! લ્યો! નગ્નપણું ધારણ કરે, પંચ મહાવ્રતના વિકલ્પનો ક્લેશ કરે, પણ સ્વસ્વરૂપનું ચારિત્ર નથી, એનાથી ભ્રષ્ટ છે. પંચ મહાવ્રતના પરિણામ (છે પણ) સ્વચારિત્રથી ભ્રષ્ટ છે. આહાહા..!

'**સ્વચારિત્ર સે ભ્રષ્ટ હોને સે મોક્ષમાર્ગ કા વિનાશ કરનેવાલા હૈ.**' '**(અતઃ મુનિ-સાધુ કો શુદ્ધભાવ કો જાનકર નિજ શુદ્ધ બુદ્ધ એકસ્વભાવી આત્મતત્ત્વ મેં નિત્ય ભાવના...**' નિજસ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય, બુદ્ધ—જ્ઞાનસ્વરૂપ એનો એકરૂપ સ્વભાવ ત્રિકાળ આત્મતત્ત્વ નિત્ય ભાવના. એવો ચિદાનંદ સ્વભાવ, ધ્રુવ સ્વભાવ એની નિત્ય ભાવના કરવી. એના સમીપની રમણતા કરવી એ ભાવના.

મુમુક્ષુ :- સમીપતા શબ્દ બહુ આવે છે.

ઉત્તર :- સમીપ છે. એ સમીપ થયોને, ઓલો દૂર છે. રાગ છે એ દૂર છે અને આ સમીપતા છે. ચૌદમી ગાથામાં આવે છેને. ચૌદ. પાંચ બોલ આવે છે ચૌદમી ગાથામાં. સમીપ-સમીપ. સમીપનો અર્થ સ્વસન્મુખ. એ તો ભાષા ફેરવી. પરસન્મુખ છે એનાથી સ્વસન્મુખ થવું એ સમીપ. શાસ્ત્રભાષા તો એવી. આત્મા આનંદનું ધામ છે ચૈતન્ય સ્વયં જ્યોતિ સુખધામ. એના સન્મુખ થવું અનું નામ તેના તરફ વળવું કહો કે સમીપપણું કહો. રાગની ક્રિયાની સમીપપણું છે એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! અને એનાથી રહિત ચૈતન્યસ્વરૂપમાં જે સાવધાન છે એ સમ્યગ્દૃષ્ટિ છે. આહાહા..! ભારે આકરો માર્ગ.

'**શુદ્ધ બુદ્ધ એકસ્વભાવી આત્મતત્ત્વમાં...**' નિત્ય ત્રિકાળ આનંદસ્વરૂપમાં નિત્ય ભાવના-

અંતર્મુખની એકાગ્રતા, સ્વરૂપ આચરણની દશા પ્રગટ કરવી એનું નામ ચારિત્ર છે. લ્યો!

'**ભાવાર્થ :- યહ સંક્ષેપ સે કહા જાનો કિ જો બાહ્યલિંગ સંયુક્ત હૈ ઔર અભ્યંતર અર્થાત્ ભાવલિંગ રહિત હૈ,...**' નગ્નપણું ધારણ કરે, હજારો સ્ત્રીને છોડે, દુકાન છોડે, ધંધા છોડે, પણ અંદરમાં રાગથી રહિત આત્માની દશાને પ્રગટ કરી નથી તે બધા બાહ્યલિંગીઓ સ્વરૂપથી ભ્રષ્ટ છે. આહાહા..! '**બાહ્યલિંગ સંયુક્ત...**' છે. નગ્નપણું ધારણ (કરે). એ નગ્નપણું બાહ્યનું હોં! વસ્ત્રપણું એ તો બાહ્યલિંગ પણ નથી. આહાહા..! '**બાહ્યલિંગ સંયુક્ત...**' નગ્નપણું તદ્દન અંગીકાર કર્યું. '**ઔર અભ્યંતર અર્થાત્ ભાવલિંગ રહિત હૈ,...**' અંતર આનંદસ્વરૂપ ભગવાન આત્મા, એની દૃષ્ટિ અને સ્વરૂપ સ્થિરતાથી રહિત છે.

'**વહ સ્વરૂપાચરણ ચારિત્ર સે ભ્રષ્ટ...**' સ્વરૂપનું આચરણ એનાથી ભ્રષ્ટ. રાગનું આચરણ ભલે કરે. મહાવ્રતના પરિણામ, સમિતિ, ગુપ્તિ એનું આચરણ કરે, પણ સ્વરૂપ આચરણથી તે ભ્રષ્ટ છે. આહાહા..! સ્વરૂપ જે આનંદ અને જ્ઞાન સ્વરૂપ પોતાનું, અનાદિ અનંત આત્માનું સ્વરૂપ શુદ્ધ, એના સ્વરૂપનું આચરણ, એમાં રમવું એ તો છે નહિ. બાહ્ય ક્રિયાકાંડમાં મશગુલ છે. આહાહા..! '**મોક્ષમાર્ગ કા નાશ કરનેવાલા હૈ.**' આહાહા..! એ પંચ મહાવ્રતના પરિણામ, પાંચ સમિતિ, ગુપ્તિ બધું હો, પણ સ્વરૂપનું આચરણ નથી એ મોક્ષમાર્ગનો ઘાતક છે, બંધમાર્ગનો સાધક છે. આહાહા..! લોકોને બહાર લાગે. પાંચ-પાંચ હજારની પેદાશ હોય દુકાનની, દસ-દસ હજારની પેદાશ હોય, બાયડી હોય સેંકડો. દુકાન છોડી, ઘર છોડી સાધુ થાય, પણ ઈ કંઈ સાધુ નથી.

મુમુક્ષુ :- લોકોને તો એનો મહિમા આવેને.

ઉત્તર :- એ ક્યાં... દુનિયાને તો એ ખ્યાલમાં આવે. પણ સ્વરૂપ આચરણ શુદ્ધ ચૈતન્યના અસ્તિત્વના ભાનસહિત એમાં ઠરવું એ ચારિત્રથી તો ભ્રષ્ટ છે. આહાહા..! ભલે બાહ્યથી બાળબ્રહ્મચારી હો, સ્ત્રીનો સંગ ન હો, પૈસા છોડી દીધા હોય, દુકાન છોડી દીધી હોય, પણ અંદરમાં સ્વરૂપ આચરણ. એમ ભાષા વાપરી છેને. સ્વરૂપ આચરણ. જ્ઞાન ને આનંદ જેનું સ્વરૂપ ભગવાન આત્માનું, એનું આચરણ એનાથી ભ્રષ્ટ છે, પંચ મહાવ્રત પાળે તો સ્વરૂપાચરણથી ભ્રષ્ટ. ઓલો કહે, પંચ મહાવ્રત લે એને ચારિત્ર હોય. એમ કહે છે લ્યો!

સ્વરૂપ આચરણ. ઓલું સ્વરૂપ આચરણ નહોતું. પંચ મહાવ્રતની ક્રિયા, નગ્નપણું એ સ્વરૂપ આચરણ નહોતું, એ તો પર આચરણ છે. આહાહા..! સ્વરૂપ આચરણ ચારિત્રથી... સ્વરૂપ આચરણ ચારિત્ર એમ. ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એનું અંદર આચરણ કરવું. એનાથી રાગના આચરણ કરનારા ભ્રષ્ટ છે. પંચ મહાવ્રતના પરિણામ, પાંચ સમિતિ, ગુપ્તિ વગેરે (પાળે પણ) એ સ્વરૂપ આચરણથી તો ભ્રષ્ટ છે. આહાહા..! એ કરતા-કરતા થાયને. સ્વરૂપ આચરણ

એકદમ થાય? એમ વળી કહે છે કેટલાક. રાગ કરતા-કરતા સ્વરૂપ આચરણ થાય? કે રાગને છોડતા સ્વરૂપ આચરણ થાય? આહાહા..!

અભ્યંતર ભાવલિંગરહિત છે એ સ્વરૂપાચરણ. ભાષા કેવી વાપરી છે! સ્વરૂપ આચરણ. આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે, આત્મા આનંદ અને જ્ઞાન સ્વરૂપ છે એનું આચરણ. એ સ્વરૂપથી આચરણ કરનારો. એનાથી ભ્રષ્ટ અને એકલી ક્રિયા પંચ મહાવ્રતાદિમાં રહ્યો એ સ્વરૂપાચરણ ચારિત્રથી ભ્રષ્ટ છે. ભ્રષ્ટ છે એનો અર્થ? સ્વરૂપ ચારિત્ર છે નહિ. થયું હતું અને ભ્રષ્ટ છે એમ નહિ. આહાહા..! આ મોક્ષપાહુડ છેને. એટલે આત્મા શુદ્ધ ચૈતન્ય બુદ્ધ ઘન એના સ્વના આચરણથી જ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર થાય અને એના સ્વના આચરણથી જ મુક્તિ થાય. આહાહા..!

‘**મોક્ષમાર્ગ કા નાશ કરનેવાલા હૈ.**’ આહાહા..! કહે છે કે જે પંચ મહાવ્રત અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય પાળે એ સ્વરૂપના આચરણ વિનાના ચારિત્રથી એ ભ્રષ્ટ છે. એવું પાળે છતાં ચારિત્રથી ભ્રષ્ટ છે. આહાહા..! ‘**મોક્ષમાર્ગ કા નાશ કરનેવાલા હૈ.**’ આહાહા..! સાધુના અઠ્યાવીશ મૂળગુણ વ્યવહાર એને પાળે, પણ સ્વરૂપની આચરણ દૃષ્ટિ નથી અને સ્વરૂપ આચરણ નથી તો તે મોક્ષમાર્ગના ઘાત કરનારા છે. પણ આવા પાંચ મહાવ્રત પાળે, પાંચ સમિતિ, ગુપ્તિ એવું આચરણ કરે, નિર્દોષ આહાર લે, એને માટે કરેલા ન લે તો એની અંદર.. કહે છે કે એ તો બધી બાહ્ય ક્રિયા છે. એમાં સ્વરૂપ ચૈતન્યમૂર્તિ સ્વરૂપ એમાં આચરણ એ ન આવ્યું, એ તો બધું બાહ્ય આચરણ છે. આહાહા..! રાગની ક્રિયા થાય શુભની. પ્રશસ્ત શુભરાગ એ પણ સ્વરૂપ ચારિત્રથી ભ્રષ્ટ છે. લ્યો! ઓલા કહે, પ્રશસ્ત રાગથી લાભ થાય. પ્રશસ્ત છેને રાગ? પણ પ્રશસ્ત રાગ એ તો અપ્રશસ્તની અપેક્ષાએ પ્રશસ્ત કીધો. ભગવાન આત્માની સ્વરૂપની અપેક્ષાએ તો બધો અપ્રશસ્ત જ છે. શુભ હો કે અશુભ (હો).

‘**सगचरित्तभट्ठो मोक्खपहविणासगो साहू**’ મોક્ષમાર્ગ એને પ્રગટ્યો નથી. એ રાગની ક્રિયાને જ ધર્મ માનીને કરે છે તો મોક્ષમાર્ગ પ્રગટ્યો જ નથી. પ્રગટ્યો નથી એ ઘાત કર્યો એમ કહેવામાં આવે છે. પ્રગટ્યો નથી એણે મોક્ષમાર્ગનો ઘાત કર્યો. આહાહા..! પુણ્યના પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ ભાવમાં મશગુલ રહે, પણ એનાથી રહિત શુદ્ધ સ્વરૂપ દ્રવ્યસ્વભાવ એનું આચરણ નથી એ બધા સ્વરૂપથી ભ્રષ્ટ છે. આહાહા..! ‘**મોક્ષમાર્ગ કા નાશ કરનેવાલા હૈ.**’ માર્ગ હતો? એનો અર્થ એ કે ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા એનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ પ્રગટ થાય એ બીજામાં એ થાય નહિ. એ રાગની ક્રિયા, મહાવ્રતની ક્રિયાથી આત્માનું સ્વરૂપ નહિ સધાય એમ કહે છે. સ્વરૂપનું સાધન તો અંતરથી ભિન્ન છે. ભાઈ! એટલું તો કરવા દ્યો એને. સાધ્યું ઊંચું... શું કહે છે? દીધું એટલું

પુણ્ય, ન્હાયા એટલું પુણ્ય. એમ કહે છેને? આહાહા..! ન્હાયો જ નથી. એ ખરડાયો છે. આહાહા..! પંચ મહાવ્રતના ભાવ એ તો રાગ છે. રાગથી ખરડાયેલો છે. ન્હાયો તો પુણ્ય ક્યાંથી આવ્યું ત્યાં? આહાહા..! આખો આત્મા ચિદાનંદને દૃષ્ટિમાં લે તો એટલું એને પવિત્રપણું પ્રગટે. એ ન્હાયા એટલું પુણ્ય કહેવાય. એટલી પવિત્રતા પ્રગટી અંદરમાં. મોક્ષપાહુડ છે. જેનાથી મોક્ષ થાય એની વાત અહીંયાં મુખ્ય છે. જેનાથી મોક્ષ ન થાય એ વાતને બંધમાં નાખી દીધી છે. અહીં તો અધિકાર આ છેને.

'**આગે કહતે હૈં કિ જો સુખ સે ભાવિત જ્ઞાન હૈ વહ દુઃખ આને પર નષ્ટ હોતા હૈ ઈસલિયે તપશ્ચરણસહિત જ્ઞાન કો ભાના :-**' આહાહા..!

**सुहेण भाविदं णाणं दुहे जादे विणस्सदि।**
**तम्हा जहाबलं जोई अप्पा दुक्खेहि भावए।।६२।।**

શાતા હોય અનુકૂળ અને એમાં જ્ઞાનની એણે ભાવના કરી હોય, એ પ્રતિકૂળતા જ્યાં આવશે ત્યાં એ જ્ઞાનભાવના ભ્રષ્ટ થઈ જશે. શાતાનો ઉદય હોય, બહારના સાધન બધા હોય અને જ્ઞાનની ભાવના, જ્ઞાનની ભાવના કર્યા કરતો હોય. જ્યારે દુઃખ આવે એ વખતે એ ભ્રષ્ટ થઈ જશે, સહન નહિ કરી શકે. જેને એક ટંક મૂકવું આકરું પડે દિવસમાં, એને આખા ચોવીસ કલાક પાણી અને આહાર ન મળે એવી શૈલી થઈ જાય. કહો. એ વખતે જે વાતું કરતો હોય એ જ્ઞાન નહિ રહે. ભાષા વાપરી છે.

'**અર્થ :- સુખ સે ભાયા હુઆ જ્ઞાન...**' એટલે અનુકૂળ, ખાવા, પીવા, મોજમજાની અંદરમાં જ્ઞાનની ભાવના કરી હોય, પણ જ્યારે પ્રતિકૂળતા આવશે તો સહન કરી શકશે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- જ્ઞાન તો ...

ઉત્તર :- એ બીજી વાત છે. અહીં તો એકલું જાણપણું સાધારણ વાત ધારી છે એને પ્રતિકૂળતાના સહનનો ભાવ નહિ હોય તો ભ્રષ્ટ થઈ જશે. પ્રતિકૂળતાના પ્રસંગમાં સ્વરૂપથી ભ્રષ્ટ થઈ જશે. સમ્યગ્દર્શન અને જ્ઞાન છે એને પ્રતિકૂળતા આવે તો એ તો રમણતામાં રહેશે. પણ અહીંયાં સમ્યગ્જ્ઞાન જ નથી જ્યાં, એવા પ્રસંગમાં દુઃખ (ભોગવશે). વર્તમાનમાં અનુકૂળ દેખાય ત્યાં સુધી ધર્મ કરીએ છીએ, ધર્મધ્યાન કરીએ છીએ એમ એને જણાય. પ્રતિકૂળતા આવે તો... છ મહિના, બાર મહિના સુધી આહાર ન રહ્યો એ વખતે એને શું થાય? સહન તો છે નહિ. જંગલમાં નાખી દીધો કોકે લ્યો. ટાઈમ ટુ ટાઈમ જોઈતું હોય એને. આહાર વખતે ઊની રોટલી, સવારમાં ચા, સાંજે ખીચડી, કઢી. ખીચડી-કઢી ન હોય તો ભજીયા એમ લ્યો. ભજીયા કરે, પુડલા કરે સાંજે. એવું બધું ચાલ્યું છે હમણાં. ફરસાણ. ઓલું તો

ખીચડી અને કઢી હતી બે, સાંજે. બહુ તો દહીં ને ખીચડી છેવટે ખાય. દહીં થોડું આવું હતું. સાદા ખોરાક. અત્યારે તો બધા ખોરાક પણ ભ્રષ્ટ થઈ ગયા. લૂગડા સાદા, બોલી સાદી, ખોરાક સાદા. આ તો ઓહોહો..! અહીં પટ્ટા નાખવા, અહીં ... અહીં કરિયાતા, પ્લેનમાં ઓલા હતા શું? દાંતિયા. ત્યાં પહેલું ઉતરવું હોય ત્યારે દાંતિયા કાઢીને વાળ-બાળ સરખા કરતા હતા. કેટલી ઉપાધિ આ તે! એ ત્યાં જોયું હતું પ્લેનમાં. ... દાંતિયો સાથે રાખતા લાગે છે. આવા બહારમાં રોકાણા એને આત્મા...!

કહે છે, '**સુખ સે ભાયા હુઆ જ્ઞાન હૈ...**' એટલે કે સુખથી અનુકૂળતામાં જે જ્ઞાનની ભાવના કરી હોય '**વહ ઉપસર્ગ-પરિષહાદિ કે દ્વારા...**' આકરા ઉપસર્ગ અને પરિષહ પડતા '**દ્વારા દુઃખ ઉત્પન્ન હોતે હી...**' દુઃખ સહન નહિ થાય ઈ. આહાહા..! '**નષ્ટ હો જાતા હૈ,...**' કહે છે કે જ્યાં સુધી શાતાનો ઉદય અનુકૂળતા હોય, શરીરમાં ઠીક, ખાવા-પીવાના બધા સાધન ઠીક, રહેવાના, સૂવાના, બેસવાના ત્યારે એ ભાવના કરે, પણ જ્યારે પ્રતિકૂળતા દેખે ત્યારે એ ભાવના ભ્રષ્ટ થઈ જશે, ટકી નહિ શકે. આહાહા..! માટે એણે આત્મામાં રમણતા કરવાની ભાવના પ્રગટ કરવી. દુઃખના પ્રસંગે પણ ન ચળે તેમ એણે કરવું. આહાહા..!

રોગ આકરા આવે. એવા રોગ કે આમ શૂળ ચડતા હોય, માથા ફરતા હોય એ વખતે શાતાની અનુકૂળતામાં જે જ્ઞાન 'હું આત્મા જ્ઞાન છું, જ્ઞાન છું, દેહથી ભિન્ન છું' એવી જે ભાવના રાખી હતી, આવા કાળે દેહમાં કાંઈક થતાં... હાય.. હાય.. મારાથી સહન થાતું નથી. આહાહા..! રાડ નાખે છેને. મારાથી સહન થાતું નથી. એવી પીડા... પીડા... પીડા... પીડા... આખા શરીરમાં બળતરા ઉઠે. પગમાં એવી તજાગરમી એવી થાય કે પગમાં તણખા ઉઠે આમ અગ્નિ જેવા, તણખા ઉઠે અંદરથી. આહાહા..! એ એવી પ્રતિકૂળતાને કાળે, અનુકૂળતામાં જે જ્ઞાનની ભાવના કરી છે એ પ્રતિકૂળતામાં દુઃખ થશે તને. એમાંથી છૂટી જશે તારું લક્ષ. આહાહા..!

મુમુક્ષુ :- ચક્રવર્તી તો ઘણી અનુકૂળતામાં રહે છે.

ઉત્તર :- એને ભાન છે અંદર. એ ભાનની અંદર દઢતા છે ઘણી. અહીં તો સાધારણ પ્રાણીને માટે વાત કરવી છે. શ્રેણિક રાજા દેહ છૂટતાં માથું પછાડ્યું. એને જ્ઞાન અને સમકિતને વાંધો નથી. અહીં તો સાધારણ માણસ શાતાશળિયા વખતે સગવડતામાં જ્ઞાનની વાતું કરે, એ અગવડતા વખતે દુઃખ થશે એને આકરું.

મુમુક્ષુ :- પુણ્યનો ઉદય હોય ત્યારે શું થાય? સગવડતા જ હોયને.

ઉત્તર :- સગવડતા હોય પણ એમાં જો અંદરથી ભિન્ન ભાસ્યું નહિ હોય, ભાવના નહિ કરી હોય તો એ જ્યારે દુઃખ આવશે ત્યારે થઈ રહ્યું. ભીંસાઈ જશે એમાં. આહાહા..!

મુમુક્ષુ :- કોઈને આખી જીંદગી (અનુકૂળતા રહે).

ઉત્તર :- હોય તો શું થયું એમાં? છેવટે મરતા વખતે તો આ તણાશે આ. આંતરડા તણાશે, આમ થાશે, આમ થાશે. ડોક્ટર કહે, હવે દવા નહિ કામ કરે. હળવેક દઈને બીજાને કહી દે. દવા કામ નહિ કરે. હમણાં એક-બે કેસ ત્યાં જોયા હતા. ત્યાં એક ફેરી ગયા હતા નહિ? કાલે સવારમાં નહિ? પરમ દિ'. ઓલું બહુ માણસ નહોતું? વૃદ્ધ હતો. જરીક બિચારો આમ.. આહાહા..! આ ગોંડલવાળાનો. જીતુભાઈ નહિ? જીતુભાઈના સાળા હતા. એનો છોકરો આવ્યો હતો. છોકરો હતો એ કહે, મારા મામાને ઓલું થયું છે. બિચારાને કાંઈ નહિ બસ. જરીક ઊભા થાય તો આહા..! ... લૂગડા સારા પહેર્યા હતા. મહારાજ આવવાના છે, હેઠે ઉતાર્યા હતા. એવું અંદરથી થાય, શૂળ ચડે. ખાધા-પીધાની લહેર કરી હોય અને જ્યાં શૂળ ચડે તો રાડ નાખી જાશે.

મુમુક્ષુ :- ખાધા-પીધાની ... ન હોય તો ખાધા-પીધા નાખી દે?

ઉત્તર :- નાખી દેવાની નહિ, પણ એની તીવ્રતા-આસક્તિ ન હોયને એની. થાય, હોય છે, પણ આ તો ખાવા, પીવાની લહેર ઉઠે. મોસંબીના પાણી બપોરે, સવારમાં દૂધ, બપોરે રોટલી, પુરણપોળી, સાંજે ભજીયા. આ વખતે પ્રતિકૂળ આવે તો પાણી નહિ લેવાય. ઓલું થયું હતુંને, શું કહેવાય? રોગ નથી થાતો? કેન્સર નહિ. કેન્સર તો છે પણ આ લોહી પાણી જેવું થઈ જાય. પાંડુરોગ પાંડુરોગ.

મુમુક્ષુ :- એમાં તો પાણી પીવાની મનાઈ.

ઉત્તર :- ના પાડે. જોયું હતું મેં ધ્રાંગધ્રામાં. ગોપાણીના જમાઈ હતા. હરગોવિંદ ગોપાણીના બનેવી. ૧૯૭૬ની વાત છે. ૨૪ ને ૩૦ = ૫૪ વર્ષ પહેલા. જુવાન અવસ્થા. ડોક્ટર કહે, પાણી એની પાસે લઈ જશો નહિ. એ દિશાએ બેસે તો પાણી આપશો નહિ. પાણી પી જશે. પાણી પીશે એવો મરી જાશે તરત. આહાહા..! એવો રોગ. આ પાંડુરોગ કહે છેને. લોહી ધોળું થઈ જાય. એને આપશો નહિ કાંઈ. ઓલો બહાનુ કાઢે કે દિશાએ જાવું છે, દિશા જાવું છે. પણ પાણી નહિ. ઊભા રહેજો પાણી ઝાલીને રાખજો તમે પાણી. પીશે તો મરી જશે તરત. આહાહા..! શરીરની આવી દશા વખતે ધર્મનું ભાન નહિ કર્યું હોય, અંદરમાં રમણતાનું ભાન નહિ કર્યું તો એવે ટાણે ભીંસાઈ જશે. આહાહા..! એમ કહે છે. આ તો મોક્ષનો માર્ગ છેને. ... વાત કરવી છેને. આહાહા..!

**'સુખ સે ભાયા હુઆ જ્ઞાન હૈ વહ ઉપસર્ગ...'** સિંહ, વાઘ આવ્યા, સર્પ આવ્યો આકરો, વીંછી કરડ્યા. આહાહા..! વીંછીનો કરડ. ઠાકરિયો વીંછી હોય છેને. એક ફેરી અહીં જોયો હતો બહાર જંગલ જતા. મોટો આવડો વીંછી હતો કાળો. ઠાકરિયો વીંછી. કાળો

આમ ડબ્બો જાણે હોય ને મોટો એવો ચાલતો હતો. કરડે તો મરી જાય. એ પીડા... પીડા... પીડા... મૂર્છા આવી જાય એને. કહે છે કે જેણે સુખની શાતાશિળીયાની અનુકૂળતામાં જ્ઞાનની ભાવના કરી હોય એ આવા ટાણે ભીંસાઈ જશે. માટે પહેલેથી રાગરહિત થઈને સ્થિરતા કરવાનો પ્રયાસ કરવો, પ્રયત્ન કરવો, પ્રયાસ કરવો. આહાહા..! એમ કહે છે. સનેપાત થઈ જશે. લ્યો! આહાહા..!

'**ઉપસર્ગ-પરીષહાદિ...**' પરિષહ કર્મના ઉદયથી અને ઉપસર્ગ બહારનો સંયોગ. '**દ્વારા દુઃખ ઉત્પન્ન હોતે હી નષ્ટ હો જાતા હૈ,...**' એકલી વેદના... વેદના... વેદના... વેદના... '**ઈસલિયે યહ ઉપદેશ હૈ કિ જો યોગી ધ્યાની મુનિ હૈ...**' આત્માના આનંદસ્વરૂપમાં જેનું જોડાણ છે અંદરમાં એ યોગી. રાગમાં જોડાણ છે એકલું તે અયોગી-અજ્ઞાની. આહાહા..! '**યોગી ધ્યાની મુનિ હૈ વહ તપશ્ચરણાદિ કે કષ્ટ (દુઃખ) સહિત આત્મા કો ભાવે.**' એટલે પ્રતિકૂળતાના પ્રસંગમાં પણ આત્માને રાગરહિત ભાવના કરે, નહિતર આડાઅવળા થઈ જશે, શૂળ આવશે ને (દુઃખ) થાશે. આહાહા..! ૧૦૮ ડિગ્રી તડકો-તાવ. માથું ફાટી જાય અંદર. એવો તાવ.. એવો તાવ.. ધાણી ફૂટે એવો. માણસ નથી કહેતા? ધાણી ફૂટે એવો તાવ. એ વખતે આત્માની પહેલી ભાવના (ભાવજે). અનુકૂળના પ્રસંગમાં સ્વભાવ તરફનું સાધન નહિ કર્યું હોય, સ્થિરતાનો અભ્યાસ, અંતરમાં રમણતાનો અભ્યાસ, અંદરમાં રહેવાનો, નિવાસ કરવાનો અભ્યાસ કર્યો નહિ હોય એ દુઃખથી ભ્રષ્ટ થઈ જશે. આહાહા..! મોક્ષમાર્ગ છેને, મોક્ષપ્રાભૃત છેને. '**(અર્થાત્ બાહ્ય મેં જરા ભી અનુકૂલ-પ્રતિકૂલ ન માનકર નિજ આત્મા મેં હી એકાગ્રતારૂપી ભાવના કરે, જિસમેં આત્મશક્તિ ઔર આત્મિક આનંદ કા પ્રચુર સંવેદન બઢતા હી હૈ).**' કૌંસમાં નાખ્યું છે.

'**ભાવાર્થ :- તપશ્ચરણ કા કષ્ટ અંગીકાર કરકે...**' જુઓ! પ્રતિકૂળતા કા સંયોગ પ્રગટ કરકે એમ કહે છે. '**જ્ઞાન કો ભાવે તો પરીષહ આને પર જ્ઞાનભાવના સે ચિગે નહીં,...**' એક ટંક પણ મૂક્યું ન જાય. આહાહા..! સવારે દૂધ જોવે, બપોરે રોટલી, બે વાગે શીંગ, સાંજે વળી .... એક ટંક પણ છોડે તો એને આકરું પડે એને જ્યારે આહાર મૂકી દેવાનો (પ્રસંગ આવે)... ડોક્ટર કહે કે આહાર લેશો નહિ, મરી જશો નહિતર. આહાહા..! પહેલેથી આત્મા તરફની ઉગ્ર ભાવના નહિ કરી હોય તો દુઃખ વખતે એ ભાવના નષ્ટ થઈ જશે. આહાહા..! '**જ્ઞાન કો ભાવે તો પરિષહ આને પર ભી જ્ઞાનભાવના સે ચિગે નહીં,...**' જ્ઞાનસ્વરૂપમાં એકાગ્રતા. સચ્ચિદાનંદ પ્રભુ આત્મા પોતે એમાં જેની લીનતા (થઈ હશે) એ પ્રતિકૂળતાના પ્રસંગમાં ભ્રષ્ટ નહિ થાય. બીજા તો છેદાઈ જશે, ભીંસાઈ જશે અંદર. આહાહા..!

'ચિગે **નહીં, ઈસલિયે શક્તિ કે અનુસાર...' 'શક્તિ કે અનુસાર દુઃખ સહિત જ્ઞાન કો ભાના,...'** દુઃખ એટલે કષ્ટના પ્રસંગ કરીને અંદર શાંતિ રાખવી. **'જિસસે આત્મશક્તિ ઔર આત્મિક આનંદ કા પ્રચુર સંવેદન બઢતા હી હૈ.'** લ્યો! **'શક્તિ કે અનુસાર દુઃખ સહિત જ્ઞાન કો ભાના, સુખ હી મેં ભાવે તો દુઃખ આને પર વ્યાકુલ હો જાવે...'** આહાહા..! ઓલા કહેતા હતાને તે દિ'. આત્મા દેહથી ભિન્ન છે. સોય મારો ઘોદો. ઘોદો મારે એ તો જડને છે, સાંભળને! આહાહા..! એ જુદી. આહાહા..! એ તો એમ કહે આત્મા ભિન્ન... આ રામવિજય કહેતા હતા તે દિ' ૨૦૦૬ સાલમાં. પાલિતાણા. દેહથી આત્મા ભિન્ન છે... દેહથી આત્મા ભિન્ન છે... પણ સોય મારે ત્યારે ભિન્ન ક્યાં છે? અરે! ભિન્ન જ ત્રણે કાળે છે. ન માને તોપણ ભિન્ન છે અને માને તોપણ ભિન્ન છે. આહાહા..!

**'દુઃખ આને પર વ્યાકુલ હો જાવે તો તબ જ્ઞાનભાવના ન રહે, ઈસલિયે યહ ઉપદેશ હૈ.'** અંતરમાં આત્માનું ભાન કરી અને આત્માની રમણતાનો અભ્યાસ કરવો. શાંતિ જેમ રહે તેમ અભ્યાસ કરવો. નહિતર પ્રતિકૂળતા વખતે શાંતિનો નાશ થઈ જશે. માટે અનુકૂળતા વખતે ભાવેલું જ્ઞાન પ્રતિકૂળતા વખતે પણ ભાવવું અંદરમાં. એમ લેવું.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧૩, રવિવાર, તા. ૧૩-૦૯-૧૯૭૦**
**ગાથા - ૬૩ થી ૬૫, પ્રવચન - ૮૭**

દસલક્ષણી પર્વકા નૌંવા દિન હૈ. મૂલ યહ ચારિત્રકી આરાધનાકા દિન હૈ. સમ્યગ્દર્શન સહિત તો હૈ ઐસા ગિનનેમેં આયા હૈ. ઉસકી આરાધનાકી યહાં બાત હૈ ન. સમજમેં આયા? સમ્યગ્દર્શન ન હો તો ઉસકો ક્યા કરના? વહ તો અપને અષ્ટપાહુડમેં આતા હૈ. યહાં તો પહલે આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદકંદ હૈ ઐસા અંતરમેં અનુભવ કરકે પ્રતીતિ કરના ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. ક્યા કરના? પૂછતે હૈં. વહી બાત તો યહાં ચલતી હૈ. સમજમેં આયા? સબેરે પ્રશ્ન ઉઠા થા, ક્યા કરના? યહાં તો સુબહ, દોપહર, રાત્રિકો વહી ચલતા હૈ. આત્મા.. આગે આયેગા. દેખો! અષ્ટપાહુડમેં. યહાં અપને અકિંચન ચલતા હૈ ન?

तिविहेण जो विवज्जदि, चेयणमियरं च सव्वहा संगं।
लोयववहारविरदो, णिग्गथत्तं हवे तस्स।।४०२।।

યહાં મુખ્ય મુનિપનેકી વ્યાખ્યા હૈ ન.

અન્વયાર્થ :- '**જો મુનિ લોક વ્યવહારસે વિરક્ત હોકર...**' લોક વ્યવહારકા અર્થ દુનિયાસે તો વિરક્ત હૈ હી. સ્ત્રી-પુત્રસે તો વિરક્ત હૈ હી. લેકિન અંદરમેં દેવ-ગુરુ-શાસ્ત્રકે વિનયમેં રહના, ઐસા વ્યવહાર જો હૈ વહ લોકવ્યવહાર હૈ. ઉસસે ભી વિરક્ત હોકર. સમજમેં આયા? '**चेयणमियरं च सव्वहा संग**' '**ચેતન અચેતન પરિગ્રહકો સર્વથા મન-વચન-કાય કૃત કારિત અનુમોદનાસે છોડતા હૈ...**' મુનિ હૈ. સ્ત્રી, કુટુંબ તો હૈ નહીં, ત્યાગી હૈ. અંદરમેં સંઘમેં રહનેસે અરસપરસ વ્યવહાર વિનય કરના પડતા હૈ વહ ભી વિકલ્પ વ્યવહાર હૈ. સમજમેં આયા? ઉસે ભી છોડકર અપના ચૈતન્ય ઔર અચેતન અપનેસે ભિન્ન સર્વસે ભિન્ન હોકર અપને આત્માકા ધ્યાન કરના. નિર્ગ્રંથ, અકિંચન-મેરા કોઈ હૈ નહીં. મેરા હૈ નહીં ઔર મેરા હૈ વહ મેરેસે દૂર હૈ નહીં. મૈં તો જ્ઞાન ઔર આનંદ, શાંતસ્વરૂપ હૂં. વહ મેરેસે દૂર હૈ નહીં. ઔર રાગાદિ દૂર હૈ વહ મેરી ચીજ નહીં.

ભાવાર્થ :- મુનિ અન્ય પરિગ્રહ તો છોડતા હી હૈ... ઉસકે તો વસ્ત્ર-પાત્ર ભી નહીં. નગ્ન મુનિ દિગંબર હૈ. પરંતુ મુનિત્વકે યોગ્ય ઐસે ચેતન તો શિષ્ય સંઘ... ચૈતન્ય તો જૈસા શિષ્ય ઔર સંઘ. અચેતન પુસ્તક પીછીકા કમંડલુ ધર્મોપકરણ ઔર આહાર વસ્તિકા દેહ યે અચેતન ઈનસે ભી સર્વથા મમત્વ છોડે... આત્મા અકિંચન-બિલકુલ પરપદાર્થકે સાથ સંબંધ હૈ હી નહીં. અકેલા અખંડાનંદ ભગવાન અસંગ ચેતન રાગ ઔર મનકા ભી જિસકો સંગ નહીં, ઐસે અસંગ ચૈતન્યકા, સંગ છોડકર અંતરમેં ધ્યાન કરના. ઉસકા નામ અકિંચન ધર્મ કહનેમેં આતા હૈ. સમજમેં આયા?

ઔર સર્વથા મમત્વ છોડે ઐસા વિચારે કિ મૈં તો આત્મા હી હૂં... મૈં તો જ્ઞાન, દર્શન, આનંદ ઐસા સ્વભાવવાલા મૈં આત્મા હૂં. અન્ય મેરા કુછ ભી નહીં હૈ... વિકલ્પ ભી નહીં. દેવ-ગુરુ-શાસ્ત્રકી ભક્તિકા વિકલ્પ ભી મેરી ચીજ નહીં.

મુમુક્ષુ :- કહાં ખડે રહના?

ઉત્તર :- યે કહતે હૈં ન, આત્મામેં ખડે રહના. ઈસલિયે તો બાત ચલતી હૈ. રાગમેં ખડા હૈ વહ તો દોષ હૈ. આહા..! સૂક્ષ્મ બાત હૈ, ભાઈ! તત્ત્વકી પ્રાપ્તિ ઔર તત્ત્વમેં લીનતા અપૂર્વ પુરુષાર્થ હૈ. વહ કોઈ સાધારણ પુરુષાર્થ સે મિલતા નહીં.

વસ્તુ ભગવાન આત્મા પરસે બિલકુલ ભિન્ન હૈ. ઐસા નિર્મમત્વ હો ઉસકે અકિંચનધર્મ

હોતા હૈ. અરે..! મેરી ચીજ તો આનંદ ઔર જ્ઞાન હૈ. ઉસસે તો મૈં ભરપૂર ભરા હૂં. ઔર વિકલ્પમાત્રસે દૂસરી ચીજ હૈ, સંગમેં આનેવાલી ચીજસે તો રહિત હૂં. અસંગ આત્મા હૂં. ઐસી બહુત કઠિન બાત હૈ. ચારિત્રકી આરાધનાકી બાત હૈ. સમ્યગ્દર્શન સહિત, સમ્યગ્જ્ઞાન સહિત, ચારિત્ર સહિત સંગ છોડકર ધ્યાન કરના ઉસકી યહાં બાત હૈ. આહાહા..! સમજમેં આયા? ઉસકો યહાં શાસ્ત્રમેં નિર્ગ્રંથ કહા ન? '**णिग्गथत्तं हवे तस्स**'. ઉસકો નિર્ગ્રંથપના અંતરમેં સ્વભાવકી શ્રેણીમેં ચઢનેસે વિભાવસે ગ્રંથ-વિભાવગ્રંથ-રાગસે ભિન્ન હોકર નિર્ગ્રંથ શ્રેણીમેં વહ જાતે હૈં. સમજનમેં ભી નહીં, ખ્યાલમેં નહીં, ક્યા કરના ઉસકી ખબર નહીં તો કરે ક્યા વહ? વહ કહતે હૈં.

મુમુક્ષુ :- આપ બતાઈએ.

ઉત્તર :- ક્યા કહા? અકિંચનધર્મકી બાત હુઈ.

અપને યહાં ૬૩ ગાથા ચલતી હૈ. ૬૩ હૈ? ઉસમેં ભી વહ આયા, દેખો!

**आहारासणणिद्दाजयं च काऊण जिणवरमएण।**
**झायव्वो णिय अप्पा णाऊणं गुरुपसाएण।।६३।।**

**અર્થ :- 'આહાર, આસન, નિંદ્રા ઈનકો જીતકર ઔર જિનવરકે મતમેં...'** સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ, ઉન્હોંને જો આત્મા કહા ઐસા **'ગુરુકે પ્રસાદસે...'** અર્થાત્ નિર્ગ્રંથ સંત ગુરુકે પાસસે આત્મા ક્યા હૈ ઉસકો જાનના ચાહિયે. અજ્ઞાનીસે વહ આત્મા જાનનેમેં આતા નહીં, ઐસા કહતે હૈં. સમજમેં આયા? 'બિના નયન પાવે નહીં, બિના નયનકી બાત, સેવે સદ્ગુરુકે ચરણ સો પાવે સાક્ષાત્'. આતા હૈ કિ નહીં? ઉસમેં હૈ. હૈ કિ નહીં ઉસમેં? 'ગુરુ પ્રસાદ' આયા ઉસમેં હૈ.

બિના નયન પાવૈ નહીં, બિના નયન કી બાત
સેવે સદ્ગુરુકે ચરણ સો પાવે સાક્ષાત્.

યહ ગુજરાતી તો સમજમેં આતા હૈ કિ નહીં? 'બિના નયન પાવે નહીં' સમ્યક્ નેત્ર બિના અપને આત્માકી પ્રાપ્તિ હોતી નહીં. 'બિના નયન કી બાત' યહ આંખકે બિનાકી બાત હૈ. 'સેવે સદ્ગુરુ કે ચરણ સો પાવે સાક્ષાત્.' ધર્માત્મા જૈન પરમેશ્વરકા ભાન હુઆ ઐસા આત્મા, ઐસે આત્મજ્ઞાની ગુરુ સે સાક્ષાત્ આત્મા કૈસા હૈ વહ મિલ સકતા હૈ, વહ પ્રાપ્ત કરે તો.

જપ તપ ઔર વ્રતાદિ સબ તહાં લગી ભ્રમરૂપ,
જહાં લગી નહીં સંતકી પાઈ કૃપા અનૂપ.

કૃપાકા અર્થ ઉસકી લાયકાત હૈ તો કૃપા હૈ, ઐસા કહતે હૈં. કૃપાકા અર્થ વહ હૈ. ભગવાનકી 'કરુણા હમ પાવત હૈ તુમકી, વહ બાત રહી સુગુરુગમકી.' પરમાત્માકો કહતે હૈં, હે નાથ! આપકી કરુણા. તો ભગવાનકો કરુણા હોતી હૈ? ભગવાન તો વીતરાગ હૈ. લેકિન વીતરાગકે જ્ઞાનમેં અપના સ્વરૂપ ક્યા હૈ ઐસા આયા ઔર ભાન હુઆ તો ભગવાનકી કરુણા હુઈ ઐસા કહનેમેં આતા હૈ. ઐસી બાત હૈ. સમજમેં આયા? 'પાયાકી યહ બાત હૈ નિજ છંદન કો છોડ.' લ્યો. હિન્દી હૈ, 'શ્રીમદ્'કા હૈ, યે તો હિન્દી હૈ. હિન્દીમેં નહીં સમજતે?

**પાયાકી યહ બાત હૈ નિજ છંદનકો છોડ**
**પીછે લાગ સત્પુરુષકે તો સબ બંધન તોડ.**

જ્ઞાનીપુરુષકા આશય ક્યા હૈ વહ સમજના અલૌકિક બાત હૈ. સાધારણ અપને સ્વચ્છંદસે શાસ્ત્ર પઢે ઔર મિલે ઐસી ચીજ હૈ નહીં. સમજમેં આયા? ઇતને શબ્દ હૈં. બાકી તો લંબા હૈ. '**ગુરુકે પ્રસાદસે જાનકર..**' દો ક્યોં લિયા? આયેગા, દેખો!

ભાવાર્થ :- '**આહાર, આસન, નિદ્રા ઈનકો જીતકર આત્માકા ધ્યાન કરના...**' ભગવાન આત્મા.. યહાં પહલે નાસ્તિસે બાત કી. આહાર, આસન લગાના ઔર નિદ્રાજય કરના. બાદમેં અંદર આત્માકા ધ્યાન કરના. 'અન્ય મતવાલે ભી કહતે હૈં પરંતુ ઉનકે યથાર્થ વિધાન નહીં હૈ,...' આત્માકી બાત તો અન્યમતિ ભી બહુત કરતે હૈં. લેકિન સર્વજ્ઞ પરમેશ્વર જિનવર વીતરાગદેવકે અભિપ્રાયસે જો આત્મા હૈ ઐસે પહલે જાનના ચાહિયે. સમજમેં આયા? વહ ભી... ક્યા કહતે હૈં?

'**ઈસલિયે આચાર્ય કહતે હૈં કિ જૈસે જિનમતમેં કહા હૈ...**' સર્વજ્ઞ પરમેશ્વરને બિલકુલ વિકલ્પરહિત અનંત અનંત અનંત સંખ્યાસે ગુણકા પિંડ (દેખા હૈ). સમજમેં આયા? અનંત અનંત સંખ્યાસે ગુણકા પિંડ હૈ ઔર ઉસકી અનંતી પર્યાય હોતી હૈ. આહાહા..! સમજમેં આયા? કહા થા ન?

એક આત્મામેં કિતને ગુણ હૈં? સમજમેં આયા? ૬૦૮ (જીવ) છ મહિને ઔર આઠ સમયમેં મુક્તિમેં જાતે હૈં. ૬૦૮ છહ મહિને ઔર આઠ સમયમેં મુક્તિ જાતે હૈં. જિતને-જિતને અભી તક સિદ્ધ હુએ ઉસસે નિગોદકે એક શરીરમેં અનંતગુને જીવ હૈં. નિગોદ સમજે? આલૂ, કાઈ, બટાટાકી રાઈ જિતની ટુકડા લો તો ઉસમેં અસંખ્ય તો ઔદારિક શરીર હૈ ઔર એક શરીરમેં અભી તક સિદ્ધ હુએ-૬૦૮.. ૬૦૮.. ૬૦૮ છહ મહિને ઔર આઠ સમય, અનંત.. અનંત.. અનંત પુદ્ગલ પરાવર્તન ચલે ગયે. વહ સિદ્ધકી જો સંખ્યા હૈ ઉસસે ભી એક શરીરમેં અનંતગુની (જીવકી) સંખ્યા હૈ.

મુમુક્ષુ :- જમીકંદમેં આલૂ ઈત્યાદિ સબ આ જાતા હૈ.

ઉત્તર :- સબ આતા હૈ. કાઈ હોતી હૈ ન પાની મેં? કાઈ... કાઈ. ઉસકે એક ટુકડેમેં અસંખ્ય શરીર ઔર એક શરીરમેં અનંતગુના જીવ. સિદ્ધસે અનંતગુને જીવ. ઔર ઉસકી સંખ્યાસે પરમાણુકી સંખ્યા અનંતગુની. પરમાણુકી સંખ્યા. સંસારીજીવકી સંખ્યા... એક શરીરમેં અનંતગુને, ઐસે-ઐસે અસંખ્ય ચૌબીસીકે સમય જીતને નિગોદ કે શરીર હૈં. સમજમેં આયા?

મુમુક્ષુ :-

ઉત્તર :- બાહર નિકલતે હી કહાં હૈ નિગોદકે જીવ? પૂરે તો નિકલતે નહીં. અનંતવે ભાગમેં બાહર આયે હૈં. આહાહા..!

યહાં તો કહના હૈ કિ સિદ્ધકી સંખ્યાસે અનંતગુની (જીવકી) સંખ્યા નિગોદકે એક શરીરમેં, ઐસે-ઐસે અસંખ્યગુને શરીર. ઉતની આત્માકી સંખ્યા. ઉસસે પરમાણુકી સંખ્યા અનંતગુની. જિતની જીવકી સંખ્યા હૈ ઉસસે તીનકાલકે સમય અનંતગુને. તીનકાલકે સમય પરમાણુકી સંખ્યાસે અનંતગુને. ઔર ઉસસે આકાશકે પ્રદેશ અનંતગુને. આકાશ હૈ ન? આકાશ. આકાશ કહાં નહીં હોગા? સુના હૈ? ખાલી આકાશ હૈ ન? પીછે ક્યા હોગા? પીછે પીછે હૈ.. હૈ.. હૈ.. આકાશ ચલે હી જાતા હૈ. ખાલી. ઈસકા જો અંશ હૈ આકાશકા પ્રદેશ, ઉસકી સંખ્યા તો તીનકાલ કે સમયસે અનંતગુની હૈ ઔર ઉસસે એક આત્મામેં અનંતગુને ગુણ હૈં. જૈનમતમેં ઐસા હૈ, દૂસરેમેં ઐસા હોતા નહીં. સમજમેં આયા? આકાશકે પ્રદેશ અનંતગુને, તીનકાલકે સમયસે અનંતગુને. ઔર તીનકાલકે સમય પરમાણુસે અનંતગુને ઔર પરમાણુ સંસારીજીવકી સંખ્યાસે અનંતગુને ઔર જીવકી સંખ્યા સિદ્ધસે અનંતગુની. ઈતને આકાશકે પ્રદેશ હૈં ઉસસે ભી અનંતગુના એક જીવમેં અનંત ગુણ હૈં. ઐસા આત્મા જિનવર વીતરાગ પરમાત્માને ફરમાયા હૈ. દૂસરી (જગહ) ઐસી ચીજ હોતી નહીં. જૈન સંપ્રદાયમેં અભી માલૂમ નહીં હૈ કિ આત્મા અંદર ક્યા ચીજ હૈ. સમજમેં આયા? પોપટભાઈ! સંપ્રદાયમેં થા કબ? દિગંબરમેં હૈ ફિર ભી ઉસે કહાં માલૂમ હૈ કિ ક્યા આત્મા હૈ ઔર કૈસા આત્મા હૈ. યે કરો, વહ કરો. કર્તાબુદ્ધિ મરણબુદ્ધિ હૈ.

મુમુક્ષુ :- ભાવમરણ હુઆ ન.

ઉત્તર :- ભાવમરણ હૈ. આહાહા..!

મુમુક્ષુ :- અનંતગુણ ફરમાયા...

ઉત્તર :- જ્ઞાન ગુણ. જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ ગુણ હૈ ન. ઐસી સંખ્યા અનંતગુની હૈ. ઈતના ભી સુના નહીં. કિતને વર્ષ વહાં રહે મુંબઈ? યહ બાત કહીં નહીં હૈ. બાત ઐસી હૈ.

મુમુક્ષુ :- આપકે પ્રવચનમેં અભી બાત આઈ થી.

ઉત્તર :- આયા થા.

મુમુક્ષુ :- સર્વાર્થસિદ્ધિ કે જીવ નિરંતર આત્માકે ગુણકા પરિણમન કરે તો ભી પાર નહીં પાવે.

ઉત્તર :- અનંતાનંત હૈ ન. કેવલી નહીં કર સકે. ક્યોંકિ કેવલીકા ભી ... ક્રોડ પૂર્વકા આયુષ્ય હૈ. એક-એક ગુણ એક-એક સમયમેં કહે તો સંખ્યાત કહ સકે, અનંત તો કહ સકે નહીં. કેવલી એકસાથ કહે કિ અનંતાનંત ઈતને હૈં, બસ ઈતના. લેકિન એક-એક ગુણ કિ યહ જ્ઞાન હૈ, યહ દર્શન હૈ, આનંદ હૈ, કર્તા, કર્મ ઐસા કહને કો અનંતકાલ ચાહિયે. સમજમેં આયા?

ઐસા એક-એક આત્મા, ઐસે અનંતગુને આત્મા જિસમેં અનંત-અનંત ગુણ એક-એક આત્મામેં હૈ. જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, સ્વચ્છત્વ, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન. ૪૭ શક્તિ તો અપને આયી હૈ. ૪૭ શક્તિ હૈ ન? શક્તિ કહો યા ગુણ કહો. ઐસે-ઐસે અનંતા-અનંત ગુણ. ભાન બિના કરો વ્રત ઔર કરો ઉપવાસ. મર ગયા કર-કરકે. રાગ હૈ તો અજ્ઞાન હૈ. ઔર માનતા હૈ કિ હમારે ધર્મ હોગા. અનંતા-અનંત ગુણ આત્મા..

**'ગુરુકે પ્રસાદસે જાનકર...'** દેખો! ધર્માત્મા સંત જ્ઞાની જૈન પરમેશ્વરકે અભિપ્રાયપૂર્વક જિસકા ભાન હુઆ હૈ, ઐસે ગુરુકે પ્રસાદસે. પ્રસાદ કહને મેં ક્યા આયા? કિ ઉસકી પાત્રતા ઐસી હૈ કિ ગુરુને કહા, ઐસા કહતે હૈં. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમજે તો કિ ઉસકે બિના? દસ દિનમેં ધર્મ હો ગયા? ધર્મ તો દસ દિનકે બાદ ભી હોગા. હોલીકે દિન ધર્મ હોતા હૈ. ધર્મ કહાં બાહરસે હોતા હૈ? સેઠ! હોલી કહતે હૈં ન? હોલી. હુતાશની. અનંતા મુક્તિમેં ગયે. ઉસમેં ક્યા હૈ? અનંતા સમકિત પાયે. હુતાશનીમેં ભી.. હુતાશની કહતે હૈં ન? ભૈયા! અનંતા મોક્ષ ગયે, અનંતા સમકિત પાયે, અનંતા સાધુપદ પાયે. ઉસમેં ક્યા હૈ? ક્યા દિન અવરોધ કરતા હૈ? દિવાલી કે દિન અનંતા નરકમેં ગયે, સાતવીં નરકમેં ગયે, નિગોદમેં ગયે. ઉસમેં ક્યા હૈ? દસ પર્વકે દિનમેં ભી અસંખ્ય જીવ નરકમેં જાતે હૈં. સમજમેં આયા? ઔર નિગોદકે જીવ ભી એક સમયમેં અનંત-અનંત ઉત્પન્ન હોતે હૈં ઔર મરતે હૈં, ઉત્પન્ન હોતે હૈં ઔર મરતે હૈં ઈસ દસલક્ષણી પર્વમેં. વહ તો વ્યવહારસે બાત ગિનનેમેં આયી કિ ઐસી ચીજ હૈ. ઉસકો તુમ નિવૃત્તિસે સમજો ઔર ધ્યાન કરો.

**'ગુરુકે પ્રસાદસે જાનકર ધ્યાન કરના સફલ હૈ.'** દેખો! ઉસકા ધ્યાન કરે તો સફલ હો. ગુરુકે પ્રસાદસે સુના લેકિન ધ્યાન ન કરે ઔર એકાગ્ર ન હો તો સફલ હોતા નહીં.

આહાહા..!

મુમુક્ષુ :- ઉનકે ચરણમેં રહે તો..

ઉત્તર :- ચરણમેં રહે ક્યા, ઉસકા સ્વભાવ સમજના વહ ચરણમેં રહના હૈ. બાહરકે ચરણ... પુરુષાર્થ ઉસે કરના ચાહિયે.

**'જૈસે જૈનસિદ્ધાંતમેં આત્માકા સ્વરૂપ...'** જૈસે વીતરાગ પરમેશ્વર, વહ ભી યે શાસ્ત્ર સિદ્ધાંત. દિગંબર મુનિઓંને જો કહા વહ જૈન સિદ્ધાંત. સમજમેં આયા? આહાહા..! 'કુંદકુંદાચાર્ય', અમૃતચંદ્રાચાર્ય, પૂજ્યપાદસ્વામી, નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી, અમૃતચંદ્રાચાર્ય ધર્મકે સ્તંભ! કેવલજ્ઞાનીકા પેટ ખોલ દિયા હૈ. સમજમેં આયા? ઐસે **'જૈન સિદ્ધાંતમેં આત્માકા સ્વરૂપ તથા ધ્યાનકા સ્વરૂપ...'** દેખો! આત્માકા ધ્યાન (અર્થાત્) ઉસ ઓર ઝુકાવ હોના. રાગ ઔર નિમિત્તકા લક્ષ છોડકર ઐસા આત્મા પહલે જાનકર ઉસ ઓર ઝુકાવ હોના. **'ઔર આહાર, આસન, નિદ્રા ઈનકે જીતનેકા વિધાન કહા હૈ...'** ભગવાનને જૈસા કહા હૈ ઐસા જીતનેકા વિધાન કહા હૈ, **'વૈસે જાનકર ઈનમેં પ્રવર્તના.'** લો, યહ બાત. પહલે તો ભગવાનને આત્મા જૈસા કહા ઐસે ગુરુગમસે પહલે જાનના. અપની કલ્પનાસે સિદ્ધાંતસે ભી જાનનેમેં આતા નહીં, ઐસા કહતે હૈં. સમજમેં આયા? અપની કલ્પનાસે પઢે. ઐસા હૈ, વૈસા હૈ. હો કુછ ઔર અર્થ કરે દૂસરા. સમજમેં આયા? માર્ગ તો દુષ્કર હૈ, ભાઈ! વહ આયેગા, ૬૫મેં કહેંગે. મહા દુષ્કર પુરુષાર્થસે સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત હોતા હૈ. દુઃખકા અર્થ યહ હૈ. દુઃખ નામ કષ્ટસે નહીં. અભી ૬૫ ગાથામેં આયેગા. સમજમેં આયા?

**'આગે આત્માકા ધ્યાન કરના વહ આત્મા કૈસા હૈ, વહ કહતે હૈં :-'** દેખો! અબ (કહતે હૈં) આત્મા કૈસા હૈ?

अप्पा चरित्तवंतो दंसणणाणेण संजुदो अप्पा।
सो झायव्वो णिच्चं णाऊणं गुरुपसाएण।।६४।।

અર્થ :- **'આત્મા ચારિત્રવંત હૈ...'** યહાં તો આત્મા ચારિત્રવંત હી હૈ ઐસા કહતે હૈં. જો ચારિત્ર પ્રગટ કરના હૈ તો ચારિત્રવંત હી આત્મા હૈ. આહાહા..! ... ભગવાન આત્મા, ઉસમેં ચારિત્રકા ગુણ અર્થાત્ વીતરાગપના અથવા શાંતરસપના ત્રિકાલ પડા હૈ. સમજમેં આયા? જો ચારિત્ર પ્રગટ કરના હૈ, જો સમ્યગ્દર્શન પ્રગટ કરના હૈ સમ્યગ્જ્ઞાન, વહ ગુણ તો અનાદિસે પડા હી હૈ, ઐસા સિદ્ધ કરતે હૈં. આહાહા..! સમજમેં આયા? ભગવાન આત્મા વસ્તુમેં શ્રદ્ધા નામકા ગુણ ત્રિકાલ પડા હૈ. ઉસમેં શાંતિ, વીતરાગતા ચારિત્રગુણ ત્રિકાલ પડા હૈ. ઔર સમ્યગ્જ્ઞાનકી મૂર્તિ અનંત કેવલજ્ઞાનકા પિંડ જ્ઞાન ત્રિકાલ પડા હૈ. આહાહા..! ઓહો..! કુંદકુંદાચાર્યકી પદ્ધતિ..! ક્યા કહતે હૈં? દેખો!

ભગવાન 'ચારિત્રવાન હૈ...' ભાઈ! તેરા આત્મા તો ચારિત્રવાન ત્રિકાલ હૈ. તેરેમેં ચારિત્રગુણ તો ત્રિકાલ પડા હૈ. દેવીલાલજી! બાહરસે લાના નહીં હૈ. બાહર નજર કરનેસે ચારિત્ર નહીં આયેગા, ઐસા કહતે હૈં. તેરેમેં હૈ હી. સમજમેં આયા? તેરા સ્વભાવ હી વીતરાગભાવસે ભરા પડા હૈ ન, પ્રભુ! આહાહા..! ક્યા કહે? '**जिणवरमएण**' '**गुरुपसाएण**'. દો લિયા હૈ. જિનવરકે અભિપ્રાયસે ઔર ગુરુકી પ્રસાદીસે. ભગવાન આત્મા.. ભગવાનને ઔર ગુરુને ક્યા કહા? ભગવાન! તેરા આત્મા તો ચારિત્રગુણસે ત્રિકાલ ભરા પડા હૈ ન. સમજમેં આયા? આહાહા..! નજર ડાલનેસે અંદર ચારિત્રગુણ હૈ ઉસમેં એકાગ્ર હોનેસે ચારિત્ર પ્રગટ હોતા હૈ. ઐસા કહતે હૈં. આહાહા..! વિકલ્પસે આતા હૈ યા નિમિત્તસે આતા હૈ બાહ્ય ગુણકી પર્યાય (ઐસા નહીં હૈ). સેઠી! ક્યા કહા? દેખો! આહાહા..! એ.. સેઠ! ... કહો, સમજમેં આયા? આહાહા..! અરે..! ભગવાન! તુમ શ્રેષ્ઠ આત્મા હો. વહી સેઠ હૈ. ચારિત્રસે શ્રેષ્ઠ હૈ. પ્રગટપના બાદમેં. ચારિત્રગુણસે શ્રેષ્ઠ તો ત્રિકાલ પડા હૈ. એ.. પોપટભાઈ! આહાહા..! ભગવાન! તેરી મહિમા તો દેખ! સુન તો સહી, પહલે સમજ તો સહી કિ ક્યા હૈ. ઓહોહો..!

'**દર્શન-જ્ઞાનસહિત હૈ...**' વહ તો દર્શન-સમ્યગ્દર્શન ગુણ તો ત્રિકાલ પડા હી હૈ. ઐસા સમ્યગ્દર્શન ગુણ સહિત આત્મા હૈ. વિકલ્પસે સંગસે રહિત હૈ. લેકિન ચારિત્રગુણ ઔર સમ્યગ્દર્શનસે સહિત હૈ. પર્યાયકી બાત નહીં હૈ, યહાં ગુણસે સહિત હૈ યહ બતાના હૈ. આહા..! સમજમેં આયા?

મુમુક્ષુ :- પર્યાયકી બાત..

ઉત્તર :- ઐસા ઉસમેં હૈ ઐસે ધ્યાન કરનેસે પર્યાય પ્રગટ હોતી હૈ. જિસમેં હૈ ઉસમેં... પ્રાપ્તકી પ્રાપ્તિ હૈ ન? નહીં હો ઉસમેંસે આતા હૈ? પુણ્ય-પાપકા વિકલ્પ ક્રિયાકાંડ ઐસા-ઐસા ઉસમેંસે કોઈ ચારિત્ર આતા હૈ? ઉસમેંસે સમ્યગ્દર્શન આતા હૈ? આહાહા..! સમજમેં આયા? જહાં પડા હૈ વહાં ધ્યાન કરનેસે પ્રાપ્ત હોતા હૈ, ઐસા કહતે હૈં. દેખો! મોક્ષપાહુડ હૈ ન! આહા..!

'**દર્શન-જ્ઞાનસહિત હૈ, ઐસા આત્મા...**' ઐસે તીન ગુણ મુખ્ય લિયે. યહાં મોક્ષકા અધિકાર હૈ ન? તો મોક્ષકા કારણ કૌન? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પર્યાય કારણ હૈ. પર્યાય કારણ હૈ. તો પર્યાયકા કારણ કૌન? અંદર ગુણ (હૈ વહ). સમજમેં આયા? વહ પર્યાય પ્રગટ હોનેકા કારણ કોઈ વિકલ્પ ઔર વ્યવહાર નહીં હૈ ઐસા બતાના હૈ. આહાહા..! સમજમેં આયા? પહલે આત્માકી બાત હી વર્તમાનમેં ગુમ હો ગઈ હૈ. ઐસા વ્રત ઔર ઐસા નિયમ ઔર તપ... દસ દિન તપ કરેંગે. ફિર યે સેઠ જૈસે ઉસે કુછ દેંગે. વહ ખુશ હો જાય ઔર યે જાને કિ અપનેકો ધર્મકા કુછ લાભ મિલા. એ.. સેઠ! આહાહા..!

ભગવાન! કહાં જાના હૈ તુજે? જહાં જાના હૈ વહાં માલ ક્યા હૈ? માલ ક્યા હૈ અંદર? આહાહા..! જિસમેં તુજે ધ્યાન લગાના હૈ ઔર ધ્યેય બનાના હૈ, ઉસ ધ્યેયમેં ક્યા ચીજ હૈ? અકેલા વીતરાગરસ ચારિત્રભાવસે ભરા હૈ. આત્મા તો ગુણી હૈ. ગુણ ક્યા? મોક્ષકા માર્ગ લેના હૈ ન? મોક્ષપ્રાભૃત હૈ ન. મોક્ષકા માર્ગ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વહ તો પર્યાયકી બાત હૈ. લેકિન વહ પર્યાય કહાંસે આયેગી? અંદરમેં પડા હૈ. સમ્યગ્દર્શન ગુણ-શ્રદ્ધા ગુણ ત્રિકાલ પડા હૈ. જ્ઞાનગુણ ત્રિકાલ પડા હૈ ઔર ચારિત્રગુણ ત્રિકાલ પડા હૈ. આહાહા..! ઐસા આત્મા. સમજમેં આયા? તીન ગુણકી વ્યાખ્યા મુખ્યરૂપસે કી. ક્યોંકિ તીન પ્રધાન ગુણ મોક્ષકા કારણ હૈ. આહા..!

**'ઐસા આત્મા...'** આત્મા આત્મા તો હૈ, લેકિન સર્વજ્ઞને કહા ઐસા આત્મા. અન્યમતિ, પરમાત્માકે સિવા કલ્પનાસે કહતે હૈં ઉન્હેં સચ્ચે આત્માકી ખબર હૈ નહીં. સમજમેં આયા? કબીરમેં આત્માકી બહુત બાત આતી હૈ, લેકિન સબ કલ્પિત. એય..! અબ તો પક્કે હો ગયે ન. આત્મા, એક આત્મા, હોં! એક. જિસમેં વીતરાગતા અર્થાત્ ચારિત્રસ્વભાવ ત્રિકાલ પડા હૈ. ગુણી વસ્તુ, ગુણ યહ, ઉસકા ધ્યાન કરનેસે પર્યાય પ્રગટ હોતી હૈ. દ્રવ્ય-ગુણ-પર્યાય તીનોં લિયે. સમજમેં આયા? ઐસી હૈ બાત? દ્રવ્ય, ગુણ ઔર પર્યાય.

કિસીકા ઐસા કહના હૈ કિ હમેં ધર્મ કરના હૈ. લો! ધર્મ કરના હૈ તો નયી પર્યાય હુઈ. ઔર પુરાની પર્યાયકા નાશ હોતા હૈ. નયી પર્યાય ઉત્પન્ન હુઈ કહાંસે? ઉપર-ઉપરસે ઉત્પન્ન હોતી હૈ? પૂર્વકી પર્યાયસે નયી પર્યાય ઉત્પન્ન હોતી હૈ? રાગસે કોઈ ધર્મકી પર્યાય ઉત્પન્ન હોતી હૈ? ધર્મકી પર્યાય ધર્મ જો ત્રિકાલ પડા હૈ ઉસમેંસે ઉત્પન્ન હોતી હૈ. આહાહા..! '**वत्थु सहावो धम्मो**' ભગવાન આત્માકા સ્વભાવ ચારિત્રસ્વભાવ, બિલકુલ અકષાયસ્વભાવ-વીતરાગસ્વભાવ, દર્શનસ્વભાવ, જ્ઞાનસ્વભાવ ઐસા આત્મા. લો, યહાં તો તીન ગુણસે (કહા). તીન પર્યાય પ્રગટ કરની હૈ ન. આહાહા..! દુનિયા દુનિયાકી જાને, તેરા તૂ કામ કર. ઐસી બાત હૈ યહાં. જિસમેંસે ધર્મપર્યાય પ્રગટ કરની હૈ વહ પર્યાય કહાંસે આયેગી?

કહતે હૈં, ભૈયા! તેરા ગુણી આત્મા, ઉસમેં જો પર્યાય પ્રગટ કરની હૈ ઐસા ગુણ તો તેરેમેં ભરા પડા હૈ. ઐસી અનંતી પર્યાયકા પિંડ ગુણ હૈ. ચારિત્ર પ્રગટ હોતા હૈ વહ તો પર્યાય હૈ. સમય-સમયમેં ચારિત્રકી પર્યાય બદલતી હૈ. લેકિન ઐસી અનંતી-અનંતી ચારિત્રકી સાદિઅનંત પર્યાયકા પિંડ જો ચારિત્રગુણ હૈ વહી તેરા સ્વભાવ હૈ. ઉસમેં ધ્યાન કરનેસે, ઉસકા ધ્યેય કરનેસે, વહાં ત્રાટક લગાનેસે, વહાં પર્યાયકો ગુણમેં એકાકાર કરનેસે ધર્મકી પર્યાય પ્રગટ હોતી હૈ. સમજમેં આતા હૈ કિ નહીં? આહાહા..! સમજમેં આયા?

કુંદકુંદાચાર્યકી અષ્ટપાહુડકી શૈલી અલૌકિક શૈલી! કેવલીકા પેટ ખોલકર (બાત કરતે હૈં).

ભગવાન! તૂ તેરેમેં જો દર્શન, જ્ઞાન, ચારિત્રપર્યાય પ્રગટ કરના ચાહતા હૈ, તુજે ધર્મ કરના હૈ ન? ધર્મકા અર્થ પર્યાય. ધર્મ કા અર્થ પર્યાય હૈ. મોક્ષમાર્ગ પર્યાય હૈ, મોક્ષ ભી પર્યાય હૈ. તો વહ પર્યાય કહાંસે આયેગી? આહાહા..! અંદરમેં અનંતી પર્યાયકા પિંડ જ્ઞાન કેવલજ્ઞાન.. કેવલજ્ઞાન.. કેવલજ્ઞાન સાદિ-અનંત કેવલજ્ઞાનકી પર્યાય (પ્રગટ હોગી), વહ સબ પર્યાયકા પિંડ જો જ્ઞાનગુણ પડા હૈ. સમકિત-ક્ષાયિક સમકિતકી પર્યાય પ્રગટ હુઈ વહ ઉત્પાદ-વ્યયવાલી હૈ. નયી ઉત્પન્ન હોતી હૈ, પુરાની જાતી હૈ, ઐસી ક્ષાયિક પર્યાય સાદિ-અનંત તેરે શ્રદ્ધાગુણમેં પડી હૈ. ઔર ચારિત્ર એક સમયકી નિર્મલ અવસ્થા, ચારિત્ર અરાગીદશા તો પર્યાય હૈ. પર્યાય તો એક સમય રહતી હૈ, દૂસરે સમય દૂસરી રહતી હૈ. ઐસી સાદિ-અનંત અરાગી ચારિત્રકી પર્યાય ચારિત્રગુણમેં હૈ. આહાહા..! દેખો!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર્યાય હૈ ન. મોક્ષમાર્ગ પર્યાય હૈ. સિદ્ધ પર્યાય હૈ, મોક્ષમાર્ગ પર્યાય હૈ, સંસાર પર્યાય હૈ. સંસાર વિકારી પર્યાય હૈ. મિથ્યાત્વ ઔર રાગ-દ્વેષ સંસાર પર્યાય હૈ. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર મોક્ષકા માર્ગ વહ પર્યાય હૈ-અવસ્થા હૈ. વહ અવસ્થા કિસસે આયેગી? કહાંસે આયેગી? કિસ પ્રકારસે આયેગી? અંદર આત્મા મેં દર્શન, જ્ઞાન, ચારિત્ર ભરા પડા હૈ વહાં ધ્યાન લગા દે. આહાહા..! લો, યહ કરના. એ.. સેઠ! યહ કરને કા હૈ.

જિનવર પરમેશ્વર વીતરાગ કેવલજ્ઞાનીને કહા હુઆ, ગુરુને જાના ઔર ગુરુસે સમજના. ક્યોંકિ વર્તમાન મેં કેવલી હૈ નહીં. તો '**गुरुपसाएण**' ઐસા કહને મેં આયા. નહીં તો સીધા કેવલી કે પાસ સુને, ભગવાન હો વહાં. જિનવરને કહા હુઆ, ગુરુ પ્રસાદસે ઔર તેરી પાત્રતાસે. ઐસા. સમજમેં આયા?

મુમુક્ષુ :- હમારી ..

ઉત્તર :- પાત્રતા ઉસકી હોની ચાહિયે ન. કોઈ દે દેતા હૈ? કોઈ સમજા સકતા હૈ? આહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમ્યગ્દર્શન, જ્ઞાન પાનેકી યોગ્યતા, પુરુષાર્થ કી ઉગ્રતા. વહ અબ આયેગા, ૬૫મેં આયેગા. મહાપુરુષાર્થ. સ્વભાવ ઐસા હૈ ઐસી પ્રતીતિમેં મહાપુરુષાર્થ હૈ. સમજમેં આયા? મહા દુષ્કર. '**दुक्खेण**' અર્થાત્ દુષ્પ્રાપ્ય. મહાપુરુષાર્થસે પ્રાપ્ત હોતા હૈ. ઐસે કોઈ સાધારણ (પ્રયત્નસે) પ્રાપ્ત હોતા હૈ ઐસી ચીજ નહીં. સમજમેં આયા? ભક્તિ, પૂજા, યાત્રા શુભભાવ હોતા હૈ. દયા, દાન ભાવ (હોતા હૈ), લેકિન વહ ચીજ મુક્તિકા કારણ નહીં. ધર્મકા કારણ નહીં, ઉસસે ધર્મ હોતા નહીં. ધર્મ તો ગુણ ભરા હૈ ઐસે આત્મામેં એકાગ્ર હોનેસે ધર્મ

હોતા હૈ. સ્વદ્રવ્યકે આશ્રયસે ધર્મ, વહ યહાં સિદ્ધ કિયા, દેખો! **'परदव्वादो दुग्गइ सदव्वादो हु सुग्गइ होइ'**. ઈસકા સ્પષ્ટીકરણ કરતે હૈં. સમજમેં આયા? એ.. 'અમૂલખચંદજી'! આહાહા..!

મુમુક્ષુ :- ગુરુકે પ્રસાદસે..

ઉત્તર :- વહ તો ઉસકી યોગ્યતા હૈ તો ઐસા નિમિત્ત મિલતા હૈ, ઐસા નહીં કહકર યહાં પ્રસાદસે કહનેમેં આયા. આહાહા..! ઐસા આત્મા. દેખો! હૈ ન પાઠ? **'अप्पा चरित्तवंतो दंसणणाणेण संजुदो अप्पा। सो झायव्वो णिच्चं' 'णिच्चं'** હૈ, દેખો! **'णिच्चं'** શબ્દ અર્થમેં નહીં આયા હૈ. **'આત્મા ચારિત્રવાન હૈ ઔર દર્શન-જ્ઞાનસહિત હૈ, ઐસા આત્મા ગુરુકે પ્રસાદસે જાનકર નિત્ય ધ્યાન કરના.'** ઐસે લેના. **'णिच्चं'** શબ્દ પડા હૈ ન પાઠમેં? કોઈ શબ્દ રહ ગયા હો. વહાં જોર લગાના. જ્ઞાનકી પર્યાયકા વહાં જોર લગાના. આહાહા..! સમજમેં આયા? કરના યહ હૈ, કરના યહ હૈ, ઉસમેં સફલતા હૈ.

ભાવાર્થ :- **'આત્માકા રૂપ દર્શન-જ્ઞાન-ચારિત્રમયી હૈ,...'** દેખો! ભાવાર્થ હૈ ન? આત્માકા સ્વરૂપ હી દર્શન, જ્ઞાન, ચારિત્રમયી હૈ હી. ઉસમેંસે પ્રાપ્ત કી પ્રાપ્તિ હોતી હૈ. કૂએંમેં ન હો ઔર અવેડામેં આવે.. અવેડા સમજતે હૈ? અવેડા ક્યા કહતે હૈ પાનીકા કુંડા. પીયાવા બાહર હોતા હૈ ન? પીયાવા. ક્યા કહતે હૈં? પાની ભરા રહતા હૈ. કૂએંમેંસે નિકાલતે હૈં ન? ... તાલાબ નહીં. કૂએંમેસે પાની નિકાલકર ઐસે બહાર પાની ભરતે હૈં વહ પશુ પીતે હૈં. કૂએંમેં હો વહ આતા હૈ ન? કૂએં મેં ભરા હો પાની ઔર યહાં પિસાબ આતા હૈ? ઐસા આતા હૈ? ઐસે આત્મામેં ભરા હૈ દર્શન, જ્ઞાન, ચારિત્ર તો ઉસમેંસે પર્યાય આતી હૈ.

હમારે એક થે ન? જેઠાલાલ ... રાજકોટ. 'પિયાવા કાંઠે પંથ બન્યો છે સાચો..' વહ ઉસકો બહુત પ્રિય થા. પીયાવા કિયા હૈ. પાની નિકાલે ન? મેરા કંઠ ઠીક નહીં થા. (સંવત) ૧૯૭૭ કી સાલ. કંઠ ઠીક નહીં થા તો મુજે કહા, મહારાજ! હમારે વહાં ઘીવાલી સબ્જી હોતી હૈ. આત્માકે લિયે બિલકુલ દોષ નહીં હૈ. આપકા કંઠ ઠીક નહીં હૈ તો મેરે ઘર પધારના. ઐસા કહે. ક્યા કહતે હૈં? ભાજી ઈત્યાદિ સબ ઘીમેં બનાયે. કંઠ બહુત મીઠા થા. ૧૯૭૭ કી બાત હૈ. ૪૯ સાલ હુએ. 'ભીમજી મોરારજી' થે ન? ભીમજી મોરારાજીકે છોટે ભાઈ 'જેઠાલાલ'. યે બહુત બોલતે થે. 'પિયાવા કાંઠે પંથ બન્યો છે સાચો..' પ્યાઉ અર્થાત્ પાની પીનેકે સ્થાનમેં હે મનુષ્ય! યહાં કિનારે આઈએ, પીનેકી ચીજ યહાં હૈ. સમજમેં આયા? બહુત ગાતે થે. સમજમેં આયા? વહ ગાતે થે, ઈતના પદ યાદ રહ ગયા. ૧૯૭૭ કી બાત હૈ, ૧૯૭૭. ઉન દિનોંમેં ગલેમેં ઠીક નહીં થા. 'નરસિંહભાઈ' વહાં થે. મેરે યહાં ઘીમેં સબ્જી હોતી હૈ. ક્યોંકિ હમારે લિયે બને ઔર હમેં માલૂમ પડે તો હમ તો પ્રાણ જાયે તો ભી

લેતે નહીં. હમારે લિયે સબ્જી બની હો, પાનીકા એક બિંદુ બના હો તો હમ નહીં લેતે થે. પાનીકા એક બિંદુ, માલૂમ પડે કિ હમારે લિયે બના હૈ, બિલકુલ નહીં. સખ્ત ક્રિયા થી હમારી, બહુત સખ્ત ક્રિયા. અભી તો દેખને મેં યહી ક્રિયા... લેકિન વહ સબ કાયક્લેશ થા. બહુત સખ્ત. ૨૪-૨૪ ઘંટે, ૪૮-૪૮ ઘંટે પાનીકા બિંદુ નહીં. જબ તક બારીશ કા એક બિંદુ ઉપરસે આવે, મચ્છર જૈસા દિખે, ભિક્ષા નહીં જાતે થે, દો-દો દિન, તીન-તીન દિન. ... યે તો હમારી બાત હૈ. ૧૫-૧૫ વર્ષ ઐસા કિયા થા. બારીશકા એક બિંદુ ... જૈસા દિખે ભીક્ષાકે લિયે નહીં જાતે થે. મચ્છર સચેત હૈ. એક બિંદુમેં અસંખ્ય જીવ હૈ. અભી તો પોલંપોલા (ચલતા હૈ). હમારી ક્રિયા તો બહુત કડક થી. યુવાન અવસ્થા થી ઔર હમારે ગુરુને ઐસા કહા કિ યહ માર્ગ હૈ. ચલો ભૈયા! આહા..! સમજમેં આયા?

યહ તો અંતરમેં જ્ઞાનાનંદ સ્વભાવ પડા હૈ ઉસમેં ધ્યેય દૃષ્ટિ દો. ધ્યાનકી સ્થિતિ બતાતે હૈં. ક્યા કરના? કરના પહલે યહ કિ ઐસા આત્મા હૈ ઉસમેં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર ભરા હૈ ઉસમેં ધ્યાન લગાના વહ તેરા કર્તવ્ય હૈ કરના. શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર સબ પ્રગટ હોતા હૈ. આહા..! સમજમેં આયા?

**'જૈનગુરુઓંકે પ્રસાદસે જાના જાતા હૈ.'** દેખો! હૈ? જૈનગુરુ કે. અન્ય ગુરુ નહીં. જૈન ગુરુ સંપ્રદાયકા નહીં. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરકી દિવ્યધ્વનિમેં આયા ઐસા જિસકો સમજમેં-જ્ઞાનમેં આયા હૈ. પ્રકાશદાસજી! આહાહા..! **'જૈનગુરુઓંકે પ્રસાદસે જાના જાતા હૈ.'** અજ્ઞાની ધ્યાન કરાયે કિ ઐસા કરો, વૈસા કરો. ૐ કરો, આ કરો, જાપ કરો. ઉસમેં કુછ હૈ નહીં. સમજમેં આયા?

**'અન્યમતવાલે અપના બુદ્ધિકલ્પિત જૈસા-તૈસા માનકર ધ્યાન કરતે હૈં...'** સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ, ભાઈ! **'ઉનકે યથાર્થ સિદ્ધિ નહીં હૈ,...'** ઉસકો યથાર્થ સમ્યગ્દર્શનકી પ્રાપ્તિ હોતી નહીં. આહાહા..! **'ઈસલિયે જૈનમતકે અનુસાર ધ્યાન કરના ઐસા ઉપદેશ હૈ.'** ભગવાનને કહા ઐસા અંતરમેં ચારિત્રગુણ, દર્શનગુણ, જ્ઞાનગુણસે ભરા હૈ ઐસા અનંત ગુણ, લેકિન યે તીન પ્રગટ કરને હૈં તો ઉસ અપેક્ષાસે તીન ગુણવાલા કહનેમેં આયા. નાભિમેં કસ્તૂરી (ઔર) મૃગ બાહર ઢૂંઢતા હૈ. બાહર ઢૂંઢને જાતા હૈ. ઐસા કરો. લેકિન તેરી ચીજમેં પડા હૈ, ભગવાન! અંદર નાભિમેં-તેરે ગુણમેં સર્વ પડા હૈ. ઓહો..! **'જૈનમતકે અનુસાર ધ્યાન કરના ઐસા ઉપદેશ હૈ.'**

**'આગે કહતે હૈં કિ આત્માકા જાનના, ભાના ઔર વિષયોંસે વિરક્ત હોના યે ઉત્તરોત્તર દુર્લભ હોનેસે દુઃખસે...'** અર્થાત્ દુર્લભ હૈ. દુઃખ નહીં હૈ, હોં! દુઃખ તો ભાષા હૈ. દુઃખ હો તો આર્ત્તધ્યાન હૈ. **'દુઃખસે (-દઢતર પુરુષાર્થસે) પ્રાપ્ત હોતા હૈ.'**

દુઃપ્રાપ્ય હૈ ન ઉસમેં? અર્થ હૈ. મહાપુરુષાર્થ, મહાપુરુષાર્થ. વહાં કાયરકા કામ નહીં હૈ. આહાહા..! સમજમેં આયા? 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.' કાયરકા કલેજા કંપાયમાન હો. સમજમેં આયા?

**दुक्खे णज्जइ अप्पा अप्पा णाऊण भावणा दुक्खं।**
**भावियसहावपुरिसो विसयेसु विरज्जए दुक्खं।।६५।।**

ઉસમેં અર્થ કિયા હૈ. આત્માકા જ્ઞાન હોના અત્યંત દુષ્કર હૈ. દુઃખકા અર્થ દુષ્કર.

મુમુક્ષુ :- ભાવાર્થમેં લીખા હૈ?

ઉત્તર :- હાં, ભાવાર્થમેં લિખા હૈ. ભાવનામેં લિખા હૈ. દેખો! '**ઉત્તરોત્તર યોગ મિલના બહુત દુર્લભ હૈ.**' દુઃખકા અર્થ દુઃખ નહીં. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દુઃખસે યાની મહાપુરુષાર્થસે, મહાપુરુષાર્થ. દુઃખકા અર્થ મહાપુરુષાર્થ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહીં, નહીં. દુઃખ માલૂમ પડે તો અજ્ઞાન હૈ. નહીં... નહીં... નહીં... સમ્યગ્દર્શનકી હી બાત હૈ. દુઃખ માલૂમ પડે વહ તો કષ્ટ હૈ, આર્ત્તધ્યાન હૈ. વહ તો આર્ત્તધ્યાન હૈ, ઉસમેં પાપ બંધતા હૈ. વહ તો કલ કહા થા. નીચે હૈ, દેખો! નીચે ભાવાર્થમેં હૈ. '**યોગ મિલના બહુત દુર્લભ હૈ,...**' ઐસા પાઠ હૈ. દુઃખકા અર્થ કષ્ટ (નહીં). '**યહ ઉપદેશ હૈ કિ ઐસા યોગ મિલને પર પ્રમાદી ન હોના.**' યહ બાત હૈ. દુઃખકા અર્થ મહાપુરુષાર્થ, મહાપુરુષાર્થ. સ્વભાવ સન્મુખ. દુષ્કર. ઉસમેં દુષ્કર લિખા હૈ. ઈસમેં ઉસને દુષપ્રાપ્ય લિખા હૈ. દુષ્પ્રાપ્યકા અર્થ આનંદકા પુરુષાર્થ અનંત હોતા હૈ તો પ્રાપ્ત હોતા હૈ. સાધારણ પુરુષાર્થસે સમ્યગ્દર્શન, જ્ઞાન મિલતા નહીં, ઐસા કહતે હૈં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વહ સામાયિક કરકે મર જાય કૃશ હોકર. મિથ્યાત્વકા પાપ બાંધતા હૈ. યદિ કોઈ દુઃખ લગે તો વહ તો આર્ત્તધ્યાન હૈ. ઉસસે મેરા લાભ હોગા. તો મિથ્યાત્વકા લાભ હૈ. આહાહા..! બહુત કઠિન કામ, ભાઈ! વીતરાગને કહા તત્ત્વ સમજના લોગોકો. અજ્ઞાની અપની કલ્પનાસે અર્થ કરતે હૈં. સમજમેં આયા?

દુષ્કર. હૈ ન નીચે? દેખો! '**યોગ મિલના બહુત દુર્લભ હૈ.**' અપને આત્માકા જ્ઞાન પાના મહાદુર્લભ હૈ. દુઃખકા અર્થ દુર્લભ હૈ. નીચે ભાવાર્થમેં અર્થ કિયા હૈ. ઉત્તરોત્તર દુર્લભ હૈ. પહલે તો આત્મજ્ઞાન પાના હી મહાદુર્લભ હૈ. સમજમેં આયા? આહાહા..! '**ફિર આત્માકો જાનકર ભી ભાવના કરના, ફિર-ફિર ઈસીકા અનુભવ કરના...**' આનંદકા અનુભવ

કરના '**દુઃખસે (-ઉગ્ર પુરુષાર્થસે) હોતા હૈ,...**' જાનનેકે બાદ ભી અનુભવ કરના વહ તો અનંત-અનંત દુષ્કર પ્રયત્ન હૈ. સમજમેં આયા? આહાહા..!

મુમુક્ષુ :- ગોપનીય વિષય હૈ?

ઉત્તર :- ગોપનીય.. યે તો અંતરમેં પુરુષાર્થકી ઉગ્રતા, ઉસકા નામ દુઃખ શબ્દ લિયા હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- યહાં તો અસ્તિ કી બાત હૈ. યહાં તો મહાપુરુષાર્થ લિખા હૈ ન? નીચે લિખા હૈ, દેખો! '**ઉત્તરોત્તર યહ યોગ મિલના બહુત દુર્લભ હૈ...**' પહલે તો જ્ઞાન પાના મહાદુર્લભ હૈ. દુઃખ કા અર્થ મહાદુર્લભ હૈ. અભી તો સચ્ચા જ્ઞાન પાના મહાદુર્લભ હૈ. સમજ મેં આયા? આહાહા..! કલ તો કહા થા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ... પાના હૈ, ઐસા અજ્ઞાની કરતે હૈં. વહ મિથ્યાત્વકી પુષ્ટિ કરતા હૈ ઔર માનતા હૈ કિ મૈં શાસ્ત્રકા અર્થ કરતા હૂં. બહુત કષ્ટ સહન કરના, તો ઉસસે ધર્મ હોતા હૈ. મૂઢ હૈ. ધર્મકી વ્યાખ્યા હી સમજતે નહીં. વહ આતા હૈ, 'છહ ઢાલા'મેં આતા હૈ. વૈરાગ્ય, જ્ઞાનકો કષ્ટ માને. નહીં? નિર્જરાકી ભૂલ. અપનેકો કષ્ટ માને વહ તો અજ્ઞાન હૈ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઐસા માને તો મૂઢ હૈ, કહતે હૈં. કષ્ટ નહીં હૈ. સહજાનંદ સ્વરૂપ સહજ પુરુષાર્થસે જ્ઞાન, દર્શન પ્રાપ્ત હોતા હૈ, આનંદસે પ્રાપ્ત હોતા હૈ. કષ્ટ માને તો તત્ત્વકી ભૂલ હૈ, મિથ્યાત્વ હૈ. નિર્જરા હોતી હૈ ઐસા માનતે હૈં. ઈસલિયે તો છહ ઢાલામેં ખુલાસા કિયા હૈ. માને કષ્ટદાન. બહુત કઠિન. વહ તો અજ્ઞાન હૈ, મૂઢ હૈ, મિથ્યાદૃષ્ટિ હૈ. મિથ્યાત્વકા પોષણ કરતે હૈં. એય..!

મહાપુરુષાર્થસે આત્માકો જાનકર ભાવના કરના. ભાવના નામ અનુભવ કરના. અંતરમેં જાનકર ભી સ્થિરતા, અનુભવ કરના મહાપુરુષાર્થ, અનંત-અનંત પુરુષાર્થ, સ્વભાવિક અનંત પુરુષાર્થ (હૈ). પરસે હટકર સ્વભાવમેં આના મહાપુરુષાર્થ દુષ્કર પુરુષાર્થ હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ક્યા પુરુષાર્થ? સ્વભાવ સન્મુખ હોનેમેં પુરુષાર્થ કિતના હૈ! લગાઓ તો સહી. તો માલૂમ પડે કિ કિતના હૈ. બાહરસે બાત કરે ઐસા કામ આવે? અંતર દ્રવ્ય-ગુણમેં લગાના... યહાં ગુણ કહા ન? ૬૪ (ગાથા) મેં ગુણ કહા. અબ ગુણ મેં પર્યાય પ્રગટ કરની હૈ તો યહાં પર્યાય કી બાત કરતે હૈં. મહાપુરુષાર્થસે પર્યાય પ્રગટ હોતી હૈ ઐસા કહા. પહલે ૬૩

ગાથા મેં આત્મા કહા. '**झायव्वो णियप्पा णाऊणं**'. પરંતુ આત્મા કૈસા? દર્શન, જ્ઞાન, ચારિત્ર ભરા હૈ ઐસા. અબ ભરા હૈ ઉસમેંસે પર્યાય કૈસે પ્રગટ હોતી હૈ? વહ બાત યહાં ૬૫મેં ચલી હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ભાવાર્થમેં આતા હૈ, ઉત્તરોત્તર યોગ મિલના દુર્લભ હૈ. દુઃખકા અર્થ દુર્લભ કિયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના, વહ નહીં. સ્થિરતા નહીં હો, આત્મજ્ઞાનકા અર્થ. જ્ઞાન તો વર્તતા હૈ. ૯૬ હજાર સ્ત્રીમેં વર્તતે હૈં ઔર સમ્યગ્જ્ઞાન હૈ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ ન હુઆ... વિષયમેં પ્રવર્તતા હૈ ફિર ભી સમકિતદર્શન હો સકતા હૈ. સમ્યગ્દર્શન ન હો? તો પીછે રાગ તો રાગસે સમ્યગ્દર્શન ન હો? રાગ તો સદા રહતા હૈ. સ્વામી નહીં હૈ ઉસકા. બહુત કઠિન બાત હૈ. અભી તો સમજનેમેં અર્થ ઊલ્ટા કરતે હૈં. થોડા કષ્ટ કરતે હૈં ન? તો (માનતે હૈં કિ) કષ્ટમેં કુછ લાભ હૈ. વિષય વિરક્તકા અર્થ અભી આયેગા. યહાં તો ઉત્તરોત્તર દુર્લભ હૈ ઈતના કહના હૈ. સમજમેં આયા? સમ્યગ્દર્શન પાયા, સમ્યગ્જ્ઞાન પાયા ફિર ભી વિષયસે વિરક્ત હોકર સ્વરૂપમેં સ્થિરતા કરના મહાદુર્લભ હૈ. વહ બાત હૈ.

મુમુક્ષુ :- સમ્યગ્જ્ઞાનકા મતલબ યહાં ચારિત્ર હૈ.

ઉત્તર :- ચારિત્ર. યહાં તીનકી બાત હૈ ન.

મુમુક્ષુ :- ... આત્મજ્ઞાની હૈ..

ઉત્તર :- આત્મજ્ઞાની હૈ, વહ તો ચૌથે ગુણસ્થાનમેં હૈ. વહ ચૌથે ગુણસ્થાનમેં હૈ. યહાં કહા વહ છઠ્ઠેકી બાત હૈ, મુનિકી અપેક્ષાસે બાત હૈ. યહાં તો ધ્યાનકી બાત હૈ. તીન ગુણકી બાત હૈ ન. (વિપરીતતાકા) લકડા ઘૂસ ગયા હૈ. મિથ્યા શલ્ય. વિષયસે છૂટે તો (કુછ લાભ હો). વિષયસે તો અનંત બૈર છૂટા. આત્માકો ધ્યેય બનાયે બિના વિષયસે અનંત બૈર છૂટા. બ્રહ્મચર્ય નૌ-નૌ કોટિસે અનંત બૈર પાલા. સ્વસ્ત્રીસે નૌ-નૌ કોટિસે બ્રહ્મચર્ય પાલા. ઉસમેં હુઆ ક્યા? મિથ્યાત્વભાવ હૈ.

યહાં તો સ્વરૂપકી અનુભવ દૃષ્ટિ હુઈ ઔર સ્વરૂપકા જ્ઞાન હુઆ, બાદમેં સ્વરૂપમેં રમણતા કરના પરકા લક્ષ છોડકર, મહાપુરુષાર્થ હૈ. ઐસી બાત હૈ. યહ બાત હૈ. યે ચારિત્ર હૈ. સમજમેં આયા? આહાહા..! કલ તો બહુત બાત કહી થી. 'શ્રેણિક' રાજા, 'ભરત' ચક્રવર્તી સબ

ક્ષાયિક સમકિતી જ્ઞાની થે. ઔર વિષય તો બહુત થા. કિતના વિષય? અભી તો હૈ ભી નહીં. વહ તો ચારિત્રદોષ હૈ. લેકિન યહાં તો કહતે હૈં કિ ચારિત્રદોષ ટાલકર સ્વરૂપમેં રહના વહ મહાપુરુષાર્થ હૈ. ઐસા કહના હૈ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- સુના નહીં? ચારિત્રદોષ ટાલકર સ્વરૂપમેં રમના મહાપુરુષાર્થ હૈ. ચારિત્રદોષ ટાલકર. આહાહા..!

યહાં તો તીન બોલ લિયે ન? ચારિત્ર, દર્શન ઔર જ્ઞાન. વહ તો ત્રિકાલ ગુણ હૈ. અબ ગુણમેંસે પર્યાય કૈસે નિકાલની? યહ કહતે હૈં. ગુણમેંસે પર્યાય કૈસે નિકાલની? અનંત પુરુષાર્થ હૈ.

મુમુક્ષુ :- અંતર્મુહૂર્તમેં..

ઉત્તર :- પુરુષાર્થ હૈ ન, અંતર્મુહૂર્ત મેં નહીં હૈ? અંતર્મુહૂર્ત મેં અંદર ધ્યાન મેં અનંત પુરુષાર્થ લગાતે હૈં. કેવલજ્ઞાન હો જાતા હૈ. અંદર મેં લગાતા હૈ કિ બાહરમેં?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વહ બાત કહતે હૈં. અંતર્મુહૂર્તમેં કેવલજ્ઞાન લેતે હૈં. ઉસમેં ક્યા હૈ? 'ભરત' ચક્રવર્તીને અંતર્મુહૂર્તમેં લિયા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હાં, ઐસા હૈ, ઐસા હી હૈ ન. યહાં દેખો આયેગા.

યહાં તો જ્ઞાયકકા અનુભવ કરના દુઃખસે-મહાપુરુષાર્થસે હૈ. હૈ ન નીચે? દુર્લભ હૈ. ઔર ઉસસે 'કદાચિત્ ભાવના ભી કિસી પ્રકાર હો જાવે...' સમજમેં આયા? '**જિનભાવના જિસને ઐસા પુરુષ વિષયોંસે વિરક્ત બડે દુઃખસે (–અપૂર્વ પુરુષાર્થસે) હોતા હૈ.**' સમ્યગ્દર્શન સહિત, સમ્યગ્જ્ઞાન સહિત રાગસે છૂટકર સ્વરૂપમેં રહના મહાપુરુષાર્થ હૈ. વહ બાત હૈ. સમ્યગ્દર્શન સહિત હૈ, સમ્યગ્જ્ઞાન સહિત હૈ. સમ્યગ્દર્શન, જ્ઞાનમેં આનંદકા અનુભવ હૈ. લેકિન રાગસે હટકર સ્વરૂપમેં સ્થિર હોના મહાપુરુષાર્થ હૈ. સમજમેં આયા? યહ વિષય. બાહરકા વિષય કહાં અંદર ઘૂસ ગયા હૈ? વહ તો લક્ષ બદલતા હૈ, ઇતની બાત હૈ. .. અભી તો શાસ્ત્રકે અર્થ સમજમેં ફર્ક. ઉસે સમજમેં કબ આયે ઔર શ્રદ્ધા કબ કરે? સમજમેં આયા?

યહાં તો કહતે હૈં, દેખો! '**ભાયી હૈ જિનભાવના જિસને...**' દેખો! '**ઐસા પુરુષ વિષયોંસે વિરક્ત બડે દુઃખસે હોતા હૈ.**' પરકા લક્ષ છોડકર સ્વરૂપમેં સ્થિર હોના બડા પુરુષાર્થ, અનંત પુરુષાર્થ (હૈ). સમ્યગ્દર્શન, જ્ઞાન સહિતકી બાત હૈ, હાં! અકેલે જ્ઞાનકી બાત નહીં હૈ. ઉસકો વિષય છૂટા હી નહીં. દૃષ્ટિ મિથ્યાત્વ હૈ ન. મૈં વિષય છોડું, મૈં ઐસા છોડું,

વહ મિથ્યાત્વભાવ હૈ. પરકા ગ્રહણ-ત્યાગ આત્મામેં હૈ હી નહીં ઔર માના કિ મૈંને છોડા. તો મિથ્યાત્વકી પુષ્ટિ કરતે હૈં. વહ ભાવ હૈ ઈસમેં. ઉસમેં વહ ભાવ હૈ.

મુમુક્ષુ :- આગે કહતે હૈં કિ જબ તક વિષયોંસે યહ મનુષ્ય પ્રવર્તતા હૈ તબ તક આત્મજ્ઞાન નહીં હોતા હૈ.

ઉત્તર :- લેકિન વિષયકા અર્થ ક્યા? આત્મજ્ઞાન નહીં હો તો સમ્યગ્દૃષ્ટિ હૈ નહીં ઔર વિષયમેં પ્રવર્તતે હૈં. રાગકી એકતાબુદ્ધિ જિસમેં હૈ ઉસકો સમ્યગ્દર્શન નહીં હોતા. યહ કહના હૈ. એકતાબુદ્ધિ હૈ. વિષય તો ભોગ હૈ સબ હૈ. આત્મજ્ઞાન હો ઔર વિષયમેં પ્રવર્તતા હૈ. લેકિન વિષયમેં રુચિપૂર્વક પ્રવર્તતા હૈ તો સમ્યગ્જ્ઞાન નહીં હોતા. બાત ઐસી હૈ. બહુત ફર્ક, પૂર્વ-પશ્ચિમ જિતના અંતર હૈ. ૯૬ હજાર સ્ત્રીકે ભોગમેં પ્રવર્તતા હૈ ઔર સમકિત એવં ક્ષાયિક સમકિત હૈ. કલ તો બહુત કહા થા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મિથ્યાદૃષ્ટિકો ત્યાગ હૈ હી નહીં. ઉસકો ત્યાગ હોતા હી નહીં. (મિથ્યાદૃષ્ટિકો વિષયમેં) એકતા હૈ હી. એકતાબુદ્ધિ તો હૈ હી. ભિન્નતા કહાંસે હો? યે તો ભિન્નતાકે બાદકી બાત હૈ. સમ્યગ્દર્શનકી પ્રાપ્તિ હોનેકે બાદ સમ્યગ્જ્ઞાન હુઆ, બાદ મેં વિષયકી વૃત્તિ છૂટકર સ્વરૂપમેં સ્થિર હોના મહાદુર્લભ હૈ, ઐસા કહના હૈ. છઠે ગુણસ્થાનમેં આતા હૈ. યહ કહતે હૈં. દેખો ન. ઐસા અર્થ હૈ. '**વિષયોંસે વિરક્ત બડે દુઃખસે હોતા હૈ.**' લો, સમય હો ગયા. કલ વિશેષ આયેગા... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧૪, સોમવાર, તા. ૧૪-૦૯-૧૯૭૦**
**ગાથા - ૬૫ થી ૬૯, પ્રવચન - ૮૮**

આજ દસલક્ષણી પર્વકા દસવાં દિન હૈ. બ્રહ્મચર્ય ધર્મ. મૂલ તો ચારિત્રકી આરાધના સમ્યગ્દર્શન સહિતકી બાત હૈ. યહાં તો ચારિત્ર હોતા હૈ વહ સમ્યગ્દર્શન બિના નહીં હોતા. પંચમહાવ્રત ક્રિયાકાંડ હૈ ન? વહ કોઈ ચારિત્ર નહીં હૈ. ચારિત્ર તો સમ્યગ્દર્શન પૂર્વક અંતર સ્વરૂપમેં લીનતા, આનંદ કી ઉગ્રતા આના ઉસકા નામ ચારિત્રકી આરાધના કહનેમેં આતા હૈ. સૂક્ષ્મ બાત હૈ. બ્રહ્મચર્યમેં વહ લેતે હૈં, દેખો! બ્રહ્મચર્ય ધર્મ.

**जो परिहरेदि संगं, महिलाणं णेव पस्सदे रूवं।**
**कामकहादिणिरीहो, णव विह बंभं हवे तस्स।।४०३।।**

અન્વયાર્થ :- '**જો મુનિ સ્રિયોંકી સંગતિ નહીં** કરતા હૈ,...' સમ્યગ્દર્શન સહિત ચારિત્રવંત હૈ ન? ઉસકો સ્રીકા સંગ નહીં હોતા. નૌ વાડસે બ્રહ્મચર્ય હોતા હૈ. ઔર '**ઉનકે રૂપકો નહીં દેખતા હૈ...**' અપના રૂપ દેખતા નહીં ઉસે પરકા રૂપ ક્યા દેખના? આહા..! સમજમેં આયા? અપની અનુભૂતિ આનંદકી પરિણતિકે સાથ સંગ કરતે હૈં ઉસે મહિલાકે સંગકી ક્યા જરૂરત હૈ? ઐસા કહતે હૈં '**कामकहादिणिरीहो**' કામકી કથા નહીં કરતે. ભગવાન આત્માકે ગુણકી કથા કરે કિ કામકી કથા કરે? '**કામકી કથા આદિ શબ્દસે, સ્મરણાદિકસે રહિત હો...**' આદિ શબ્દ પડા હૈ. સ્રી આદિ કા સ્મરણ નહીં. કિસકા સ્મરણ? પ્રભુ આત્માકા સ્મરણ કરે, આનંદસ્વરૂપ પ્રભુ ઉસકો જો મતિજ્ઞાનમેં અવગ્રહ, ઈહા, અવાય, ધારણાસે અનુભવમેં લિયા હૈ ઉસ ધારણામેં સે આત્માકા સ્મરણ કરતે હૈં. સમજમેં આયા? સ્મરણાદિકસે રહિત. સ્મરણ, પ્રશંસાસે રહિત. '**ઐસા નવધા કહિયે મનવચનકાય કૃતકારિતઅનુમોદના...**' સે કરતા હૈ. નૌ-નૌ કોટિ પ્રકારસે બ્રહ્મચર્ય પાલતે હૈં, ઐસા કહતે હૈં. 'ઉસ મુનિકે બ્રહ્મચર્ય હોતા હૈ.'

ભાવાર્થ :- '**બ્રહ્મ આત્મા હૈ...**' દેખો! આનંદસ્વરૂપ ભગવાનઆત્માકો બ્રહ્મ કહતે હૈં ઔર ઉસમેં લીન હોના વહ બ્રહ્મચર્ય હૈ. આહા..! સમજમેં આયા? કાયા દ્વારા બ્રહ્મચર્ય હો વહ તો શુભ વિકલ્પ હૈ. યહ તો બ્રહ્મ નામ આત્મા આનંદ અતીન્દ્રિય સુધારસકા ભરા હુઆ ભંડાર, ઉસકો પીના-આનંદકા અનુભવ કરના ઉસકા નામ બ્રહ્મચર્ય હૈ. '**બ્રહ્મ આત્મા હૈ ઉસમેં લીન હોના સો બ્રહ્મચર્ય હૈ.**' સમજમેં આયા? કાયાસે યા બાહરસે બ્રહ્મચર્ય પાલે વહ તો વિકલ્પ હૈ, વહ તો અનંત બૈર પાલા હૈ. નૌંવી ગ્રૈવેયક ગયા તો ઐસી મન-

વચન-કાયાસે બાહરકી ક્રિયા તો અનંત બૈર કી. યહાં તો બ્રહ્મ નામ આત્મામેં લીન હોના વહ બ્રહ્મચર્ય હૈ. સમજમેં આયા?

'**પરદ્રવ્યોંમેં આત્મા લીન હો ઉનમેં સ્ત્રીમેં લીન હોના પ્રધાન હૈ...**' ક્યા કહતે હૈં? અપને દ્રવ્યમેં આનંદમેં લીન ન હો ઔર પરદ્રવ્યમેં લીન હો ઉસમેં સ્ત્રીકી લીનતા મુખ્ય હૈ. '**ક્યોંકિ કામ મનમેં ઉત્પન્ન હોતા હૈ...**' મન મેં વૃત્તિ ઉત્પન્ન હોતી હૈ. '**ઈસલિયે વહ અન્ય કષાયોંસે ભી પ્રધાન હૈ...**' દૂસરે કષાયસે ભી કામવાસના કો મુખ્ય ગિનને મેં આયા હૈ. વૈસે કહા હૈ નોકષાય. લેકિન ઉસ પર બહુત જોર (હૈ). વિષય કી વાસના.. વાસ્તવમેં તો રાગકા ભોગના વહી વિષયકી વાસનાકા ભોગના હૈ. ભોગ નિમિત્ત... બંધ અધિકાર મેં આતા હૈ ન? ભોગ નિમિત્ત. રાગકા અનુભવ વહી, પુણ્યકા અનુભવ વહી ભોગ કે લિયે અનુભવ હૈ, આત્માકે લિયે નહીં. આહાહા..! ઐસી બાત હૈ.

'**ઈસલિયે વહ અન્ય કષાયોંસે ભી પ્રધાન હૈ ઔર ઈસ કામકા આલંબન સ્ત્રી હૈ...**' નિમિત્ત. '**ઈસકા સંસર્ગ છોડનેપર અપને સ્વરૂપમેં લીન હોતા હૈ.**' વહ તો બાહરસે છોડને કા નાસ્તિસે કથન હૈ. વાસ્તવમેં તો સ્વરૂપ બ્રહ્મ ભગવાનઆત્મા, ઉસકે આનંદમેં લીન (હોકર) અતીન્દ્રિય અમૃતકા પીના (બ્રહ્મચર્ય હૈ). સમજમેં આયા? વહ આલંબન છોડકર '**સંસર્ગ છોડને પર અપને સ્વરૂપમેં લીન હોતા હૈ. ઈસલિયે સ્ત્રીકી સંગતિ કરના, રૂપ નિરખના, કથા કરના, સ્મરણ કરના જો છોડતા હૈ ઉસકે બ્રહ્મચર્ય હોતા હૈ.**' સમજમેં આયા? '**યહાં ટીકામેં શીલકે અઠારહ હજાર ભેદ ઐસે લિખે હૈં.**' વહ તો જાનનેકે લિયે હૈ. મૂળ ચીજ યહ હૈ.

ભગવાન આત્મા બ્રહ્માનંદ પ્રભુ અમૃતસાગર હૈ. સમજમેં આયા? ઉસ અમૃતસાગરમેં દૃષ્ટિ લગાકર-ધ્યેય લગાકર આનંદકા અનુભવ કરના ઉસકા નામ દસ ધર્મમેં આખિરકા બ્રહ્મચર્ય ધર્મ કહનેમેં આયા હૈ. ઔર વહ બ્રહ્મચર્ય ધર્મ આરાધે ઉસકો ભવભ્રમણ રહે નહીં. ભવભ્રમણ રહે હી નહીં. લો, વહ આયા. અબ અપને ૬૫ ગાથા. આજ દસ (લક્ષણી) પર્વ પૂરા હુઆ. ૬૫ ગાથા ચલતી હૈ, દેખો!

અર્થ :- '**પ્રથમ તો આત્માકો જાનતે હૈં વહ દુઃખસે...**' મહાપુરુષાર્થ, મહા કઠોર દુષ્કર ભાવ, ઉસસે આત્માકો જાનને મેં આતા હૈ. ઉસમેં લિખા હૈ. મોક્ષપાહુડમેં ઈસમેં હૈ. આત્માકા જ્ઞાન હોના ઔર અનુભવ હોના વહ અત્યંત દુષ્કર હૈ. દુઃખસે કા અર્થ દુષ્કર હૈ. આત્માકા જ્ઞાન, અનુભવ હોના અત્યંત દુષ્કર હૈ. દુઃખસેકા અર્થ મહાપુરુષાર્થ હૈ. જ્ઞાન આત્માનુભવ હોનેકે બાદ આત્માકા ચિંતવન, ઉસકી ભાવના રહા કરની મહા દુષ્કર હૈ. ઔર આત્માકી ભાવના કરનેવાલે પુરુષકે લિયે, સમ્યગ્દૃષ્ટિ જીવ કે લિયે ભી વિષયોંસે વિરક્ત હોના,

ઉદાસીન હોના અત્યંત દુષ્કર હૈ. ઠીક અર્થ કિયા હૈ. ઈસમેં ભી વહી અર્થ હૈ, દેખો!

**'ફિર આત્માકો જાનકર ભી ભાવના કરના,...'** ભાવના નામ અંતરમેં એકાગ્ર હોકર અનુભવ કરના મહા દુષ્કર, મહાદુઃપ્રાપ્ય, મહાપુરુષાર્થ હૈ. ઉત્તરોત્તર, હોં! ઔર **'કદાચિત્ ભાવના ભી કિસી પ્રકારસે હો જાવે તો ભાયી હૈ જિનભાવના જિસને...'** જિસને જિનભાવના નામ સમ્યક્ ભાવના, જિનભાવનાકા અર્થ સમ્યગ્દર્શન ભાવના. જિસમેં સમ્યગ્દર્શન પ્રગટ હૈ ઐસી જિનભાવના જિસને ભાયી હૈ **'ઐસા પુરુષ વિષયોંસે વિરક્ત બડે દુઃખસે (-અપૂર્વ પુરુષાર્થસે) હોતા હૈ.'** સમજમેં આયા? ભાવનાકા અર્થ પહલે બહુત લિયા હૈ. જિનભાવના શબ્દ હૈ ન? ભાવપાહુડમેં બહુત લિયા હૈ. ભાવપાહુડ હૈ ન? ભાવપાહુડકી ૮વીં ગાથા હૈ, દેખો! ભાવપાહુડ હૈ ન? ભાવ. ૮વી ગાથા હૈ.

**'હે જીવ! તૂને ભીષણ (ભયંકર) નરકગતિ તથા તિર્યંચગતિમેં ઔર કુદેવ, કુમનુષ્યગતિમેં તીવ્ર દુઃખ પાયે હૈં, અતઃ અબ તૂ જિનભાવના અર્થાત્ શુદ્ધ આત્મતત્ત્વકી ભાવના ભા...'** હૈ? ૮વીં ગાથા. ભાવના હૈ ન? યહ ભાવ અધિકાર હૈ ન. **'જિનભાવના અર્થાત્ શુદ્ધ આત્મતત્ત્વકી ભાવના ભા ઈસસે તેરે સંસારકા ભ્રમણ મિટેગા.'** જિનભાવના નામ સમ્યગ્દર્શન. શુદ્ધ ભગવાન વીતરાગકી ભાવના વહ સમ્યગ્દર્શનકી ભાવના. ઉસસે તુજે સંસાર ભ્રમણકા (નાશ હોગા). વહાં બહુત બાત હૈ. ૮વીં ગાથામેં હૈ, ૬૮મેં હૈ. પહલે બહુત મિલાન કિયા થા. ૬૮.. ૬૮. ૬૮ હૈ ન? દેખો! ભાવપાહુડકી ૬૮.

**णग्गो पावइ दुक्खं णग्गो संसारसायरे भमइ।**
**णग्गो ण लहइ बोहिं जिणभावणवज्जिओ सुइरं।।६८।।**

જિનભાવના બહુત બાર આતા હૈં. ભાઈ! શ્રીમદ્ ને ઐસા કહા હૈ. અષ્ટપાહુડમેં કુંદકુંદાચાર્યને... જિનભાવના હમને, તુમને કભી ભાયી નહીં. દેવાધિદેવને ભી પહલે ભાયી નહીં થી. ઐસા લિખા હૈ. 'શ્રીમદ્કે પુસ્તક મેં હૈ.'કુંદકુંદાચાર્યકા અષ્ટપાહુડકા (આધાર) લિખા હૈ.

અર્થ :- **'નગ્ન સદા દુઃખ પાતા હૈ, નગ્ન સદા સંસાર-સમુદ્રમેં ભ્રમણ કરતા હૈ ઔર નગ્ન બોધિ અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સ્વાનુભવકો નહીં પાતા હૈ, કૈસા હૈ વહ નગ્ન-જો જિનભાવનાસે રહિત હૈ.'** હૈ?

ભાવાર્થ :- **'જિનભાવના સો સમ્યગ્દર્શન-ભાવના... '** ભાવાર્થમેં. જિનભાવના-સમ્યગ્દર્શન ભાવનાકો જિનભાવના કહતે હૈં. પૂર્ણાનંદ વીતરાગસ્વરૂપ ભગવાન આત્માકી શ્રદ્ધા, અનુભવ સમ્યગ્દર્શનકા નામ જિનભાવના કહનેમેં આતી હૈ. ઈસ જિનભાવનાકે બિના નગ્નપના ભી અનંત બૈર લિયા. પંચમહાવ્રત અઠ્ઠાઈસ મૂલગુણ આદિ પાલે. ઉસમેં તો બહુત કડક

ભાષા હૈ. 'સંસારમેં હી દુઃખકો પાતા હૈ તથા વર્તમાનમેં ભી જો પુરુષ નગ્ન હોતા હૈ વહ દુઃખહી કો પાતા હૈ. સુખ તો ભાવમુનિ નગ્ન હોં વે હી પાતે હૈં.' અંદર આનંદમય દશા પ્રગટ હુઈ હો ઔર બાદમેં નગ્ન દશા હો તો ઉસકો અંતરમેં આનંદ આતા હૈ. બહુત શબ્દ હૈ. ૬૮ હૈ ન? ફિર ૭૨. પહલે પઢા થા ન.

जे रायसंगजुत्ता जिणभावणरहियदव्वणिग्गंथा।
ण लहंति ते समाहिं बोहिं जिणसासणे विमले।।७२।।

અર્થ :- **'જો મુનિ** રાગ **અર્થાત્ અભ્યંતર પરદ્રવ્યસે પ્રીતિ,...'** રાગમેં જિસકો પ્રીતિ હૈ **'વહી હુઆ સંગ અર્થાત્ પરિગ્રહ ઉસસે યુકત હૈ ઔર જિનભાવના અર્થાત્ શુદ્ધસ્વરૂપકી ભાવનાસે રહિત હૈ...'** ઉસમેં આયા. દેખો! જિનભાવના.. જિનભાવના. બહુત જગહ લિયા હૈ. આહા..! વિકલ્પ રાગકી ભાવના નહીં. શુદ્ધ વીતરાગમૂર્તિ આત્માકી ભાવના અર્થાત્ સમ્યગ્દર્શન સહિત સ્થિરતા કરના. દેખો! **'શુદ્ધસ્વરૂપકી ભાવનાસે રહિત હૈં વે દ્રવ્યનિર્ગ્રંથ હૈં તો ભી નિર્મલ જિનશાસનમેં જો સમાધિ અર્થાત્ ધર્મ-શુક્લધ્યાન ઔર બોધિ અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ મોક્ષમાર્ગકો નહીં પાતે હૈં.'** સમજમેં આયા? કૌનસી હૈ? ૮૮. ગાથા-૮૮. ઉસમેં હૈ.

मच्छो वि सालिसित्थो असुद्धभावो गओ महाणरयं।
इय णाउं अप्पाणं भावह जिणभावणं णिच्चं।।८८।।

અર્થ :- **'હે ભવ્યજીવ!'** સાલિસિત્થ મચ્છ હોતા હૈ ન છોટા? સાતવીં નરકમેં જાતા હૈ, ઈતના છોટા. ... સાલિસિત્થ યહાં કહા હૈ. પાઠમેં સાલિસિત્થ હૈ. ૮૮ ગાથા હૈ ન? સાલિસિત્થ. **'શાલિસિત્થ (તંદુલ નામકા મત્સ્ય) વહ ભી અશુદ્ધભાવસ્વરૂપ હોતા હુઆ મહાનકર (સાતવેં નરક) મેં ગયા, ઈસલિયે તુજે ઉપદેશ દેતે હૈં કિ અપની આત્માકો જાનનેકે લિયે નિરંતર જિનભાવના કર.'** વીતરાગભાવકી ભાવના ભા. રાગ ઔર વિકલ્પકી છોડ દે. ઐસા કહતે હૈ. દેખો! યહ ભાવપાહુડ હૈ. ભાવપાહુડમેં ઐસા બહુત લિયા હૈ. ૧૩૦. ગાથા-૧૩૦, હોં! અપને તો મોક્ષપાહુડ ચલતા હૈ. ભાવપાહુડ કી ૧૩૦ ગાથા.

जेइड्ढिमतुलं विउव्विय किण्णरंकिपुरिसअमरखयरेहिं।
तेहिं वि ण जाइ मोहं जिणभावणभाविओ धीरो।।१३०।।

અર્થ :- **'જિનભાવના (સમ્યકૃત્વ ભાવના)...'** દેખો ન આચાર્ય જિનભાવના... જિનભાવના (કહતે હૈં). હૈ? ૧૩૦, ભાવપાહુડ.

મુમુક્ષુ :- ઉનકો રાગકો કહના હૈ?

ઉત્તર :- નહીં, નહીં, નહીં. સમ્યગ્દર્શન અંતર એકાગ્રતા વહ ભાવના. તકરાર કરતે હૈં ઈસલિયે તો યહ નિકાલા હૈ. સમ્યક્ભાવના. ક્યા કહતે હૈં? **'જિનભાવના (સમ્યક્ત્વ ભાવના)...'** સમકિત કી ભાવના, ઉસકા નામ હી જિનભાવના હૈ.

મુમુક્ષુ :- રાગરૂપ ભાવના નહીં?

ઉત્તર :- રાગ હો? વિકલ્પ હો? ઉસકો તો રતનચંદજી ચિંતવના કહતે હૈં ન. ભાવનાકા અર્થ વિકલ્પ કરના. અરે..! શ્રાવકકા અધિકાર શાસ્ત્રમેં આતા હૈ ન? કિ શ્રાવક સમકિતી હૈ, પંચમ ગુણસ્થાનવર્તી, સામાયિકમેં પડા હો તો ઉસે શુદ્ધ ઉપયોગ આ જાતા હૈ. શુદ્ધ ઉપયોગકી ભાવના શબ્દ વહાં પડા હૈ. પ્રવચનસાર કી ટીકામેં. સમકિતી શ્રાવક સમાયિકમેં બૈઠા હો, કોઈ બાર ઉસકો આત્મધ્યાનમેં શુદ્ધ ઉપયોગ આ જાતા હૈ. ઉસકો કહતે હૈં કિ શુદ્ધ ઉપયોગ નહીં, વહ તો શુદ્ધ ઉપયોગકી ભાવના હૈ. લેકિન ભાવનાકા અર્થ એકાગ્રતા હૈ. ભાવના હૈ વહ શુદ્ધ ઉપયોગકી એકાગ્રતા હૈ. યહાં જિનભાવના ક્યા કહા? સમ્યક્ત્વ ભાવના. જિન નામ વીતરાગસ્વરૂપ આત્મા, ઉસમેં ભાવના નામ એકાગ્રતા. સમ્યગ્દર્શનકી ભાવના હૈ. પોપટભાઈ! શબ્દાર્થમેં બહુત તકરાર (કરતે હૈં). અભી તો શાસ્ત્રકે અર્થ કરનેમેં તકરાર, સમજના તો બાદમેં રહા. આહા..! દેખો! કૌનસી આયી? ૧૩૦. મોક્ષપાહુડકી ૬૫ ગાથા હૈ ન? ભાવપાહુડકી ૧૪૯ ગાથા. સબ જગહ જિનભાવના જિનભાવના હૈ. ૧૪૯ હૈ. ૧૪૯ કહતે હૈં? એક ચાર નૌ. દેખો!

दंसणणाणावरणं मोहणियं अंतराइयं कम्मं।
णिट्ठवइ भवियजीवो सम्मं जिणभावणाजुत्तो।।१४९।।

અર્થ :- **'સમ્યક્ પ્રકાર જિનભાવનાસે યુક્ત ભવ્યજીવ હૈ વહ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય, અંતરાય ઈન ચાર ઘાતિયા કર્મોંકા નિષ્ઠાપન કરતા હૈ અર્થાત્ સંપૂર્ણ અભાવ કરતા હૈ.'** જિનભાવના. વીતરાગસ્વરૂપ આત્મામેં એકાગ્રતા વહ જિનભાવના (હૈ). સમજમેં આયા? ૧૬૨ આખિરકી. ઉસમેં ગાથા બહુત હૈ ન. ૧૬૨ હૈ. દેખો.

सिवमजरामरलिंगमणोवममुत्तमं परमविमलमतुलं।
पत्ता वरसिद्धिसुहं जिणभावणभाविया जीवा।।१६२।।

અર્થ :- **'જો જિનભાવનાસે ભાવિત જીવ હૈ વે હી સિદ્ધિ અર્થાત્ મોક્ષકે સુખકો પાતે હૈં.'** લો. બસ, ઈતના અર્થ લો. જિનભાવનાકા અર્થ ભાવપાહુડમેં બહુત આતા હૈ. શ્રીમદે એમ લખ્યું છે. દર્શનપાહુડમાં જિનભાવનાની વાત આવે છે. દર્શન-સમકિત કહે છેને

એમાં...

યહાં કહતે હૈં, 'કદાચિત્ **ભાવના ભી કિસી પ્રકાર હો જાવે તો ભાયી હૈ જિનભાવના...'** વીતરાગી ભાવ સમ્યગ્દર્શન **'ઐસા પુરુષ વિષયોંસે વિરક્ત બડે દુઃખસે (–અપૂર્વ પુરુષાર્થસે) હોતા હૈ.'** ચારિત્ર. આહાહા..! મહાપુરુષાર્થ. સમકિત કે બાદ ભી ચારિત્રકા મહાપુરુષાર્થ (હૈ).

ભાવાર્થ :- **'આત્માકા જાનના, ભાના,...'** ભાવના **'વિષયોંસે વિરક્ત હોના ઉત્તરોત્તર...'** એક કે બાદ એક **'યોગ મિલના બહુત દુર્લભ હૈ,...'** સમજમેં આયા? પહલે તો સમ્યગ્જ્ઞાન હોના કિ યહ આત્મા ઐસા હૈ, બુદ્ધિમેં આના ઔર ફિર સમ્યગ્દર્શનકી એકાગ્રતા હોના ઔર બાદમેં ચારિત્રકી પ્રાપ્તિ ઉત્તરોત્તર એક કે બાદ મહાદુર્લભ હૈ, મહાપુરુષાર્થ હૈ. સમજમેં આયા? **'ઇસલિયે યહ ઉપદેશ હૈ કિ ઐસા સુયોગ મિલને પર...'** સમ્યગ્દર્શન, જ્ઞાનકી પ્રાપ્તિ હો તો **'પ્રમાદી ન હોના.'** સ્વરૂપમેં સ્થિરતા કરકે ચારિત્ર પ્રાપ્ત કરના, ઐસા કહતે હૈં.

**'આગે કહતે હૈં કિ જબ તક વિષયોંમેં યહ મનુષ્ય પ્રવર્તતા હૈ...'** યહાં વજન હૈ. **'विसएसु पवट्टए'**. એકતાકી બાત હૈ વહાં. વિષય નામ પાંચ ઇન્દ્રિયકે (વિષય) પરપદાર્થ નહીં, રાગ ભાગ હૈ વહી વિષય હૈ. રાગમેં પ્રવર્તતે હૈં. પ્રવર્તતે હૈં. જ્ઞાની રાગમેં નહીં પ્રવર્તતે. જ્ઞાની રાગસે રહિત આત્મામેં પ્રવર્તતે હૈં. સમજમેં આયા?

**ताम ण णज्जइ अप्पा विसएसु णरो पवट्टए जाम।**
**विसए विरत्तचित्तो जोई जाणेइ अप्पाणं।।६६।।**

મૂલ તો યોગી–મુનિ કી બાત હૈ.

અર્થ :- **'જબ તક યહ મનુષ્ય ઇન્દ્રિયોંકે વિષયોંમેં પ્રવર્તતા હૈ...'** દેખો! રાગમેં પ્રવર્તતા હૈ. અભિલાષ. વિકલ્પ જો હૈ (ઉસમેં) પંચેન્દ્રિય વિષય મેં અભિલાષ મુખ્ય હૈ. ઉસ વિકલ્પમેં પ્રવર્તતા હૈ વહ મિથ્યાદૃષ્ટિ હૈ. પરવિષયમેં રાગમેં પ્રવર્તે તો મિથ્યાદૃષ્ટિ હૈ. સમજમેં આયા? **'તબ તક આત્માકો નહીં જાનતા હૈ,...'** જબ તક રાગમેં એકતા... વિષયકી અભિલાષાકા અર્થ રાગ.. રાગ. ભોગ નિમિત્તં કહા ન? બંધ (અધિકાર)મેં. ભોગ યાની રાગ. રાગકે અનુભવમેં પડા હૈ. બંધ અધિકારમેં હૈ, ભોગ નિમિત્તં. ભોગકે કારણ પુણ્ય કરતા હૈ. ઉસકા અર્થ ઉસકો રાગકા અનુભવ હૈ. ઉસકો આત્માકા અનુભવ નહીં હૈ.

કહતે હૈં **'વિષયોંમેં પ્રવર્તતા હૈ...'** ઐસી ભાષા હૈ. રાગમેં પ્રવર્તતે હૈં, વિકલ્પમેં પ્રવર્તતે હૈં તબ તક સમ્યગ્દર્શન નહીં હોતા. સમજમેં આયા? પાંચ ઇન્દ્રિયકે વિષયમેં પ્રવર્તતે હૈં ઔર

સમ્યગ્દર્શન નહીં હો તો ચક્રવર્તી (ભી) પાંચ ઇન્દ્રિયકે વિષયમેં બાહ્યમેં જુડતા હૈ. ઐસા નહીં. અંતરમેં તો વહ પ્રવર્તતા હી નહીં.

મુમુક્ષુ :- બાહરકી પ્રવૃત્તિ દિખતી હૈ.

ઉત્તર :- બાહરકી પ્રવૃત્તિ જ્ઞાતાકે જ્ઞેયમેં જાતી હૈ. સૂક્ષ્મ બાત હૈ, ભાઈ! અંદરમેં પ્રવર્તતા હૈ, રાગમેં પ્રવર્તતા હૈ એકાકાર હોકર, વહ વિષયસે વિરક્ત નહીં હૈ. કલ આયા થા ન? કલ બતાયા થા ન? શીલપાહુડકી ૩૨વીં ગાથા. સમકિતી નરકમેં ભી વિષયસે વિરક્ત હૈ. વહાં ક્યા વિષય હૈ? સ્ત્રી, કુટુંબ તો હૈ નહીં કોઈ. સમજમેં આયા? વિષયસે વિરક્તકા અર્થ નિર્વિષથી ઐસા ભગવાન આત્મા, ઉસકો છોડકર વિષય જો રાગ હૈ ઉસમેં એકાકાર હૈ વહ વિષયસે અવિરક્ત હૈ. સમજમેં આયા? ઔર વિષયસે વિરક્ત હૈ વહ રાગકી એકતાસે છૂટ ગયા વહ વિષયસે વિરક્ત હૈ. સમજમેં આયા? કઠિન બાત, ભાઈ! કલ બતાયા થા. ૩૨મી (ગાથા).

**'પ્રવર્તતા હૈ...'** શબ્દ પડા હૈ ન? ઐસે તો નિયમસારમેં લિયા હૈ. આહા..! નિયમસારમેં ઐસા લિયા હૈ કિ જો કોઈ અજ્ઞાની વિકલ્પમેં પ્રવર્તતે હૈં વહ મિથ્યાદૃષ્ટિ હૈ. ઐસા લિયા હૈ. સમજમેં આયા? સૂક્ષ્મ હૈ. વિકલ્પ નામ શુભરાગમેં ભી પ્રવર્તતે હૈં તો મિથ્યાદૃષ્ટિ હૈ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કહાં પ્રવર્તતા હૈ? અપને જ્ઞાનમેં પ્રવર્તતા હૈ કિ રાગમેં પ્રવર્તે? સમ્યગ્દૃષ્ટિ તો રાગસે મુક્ત હૈ. રાગસે મુક્ત હૈ. આહાહા..! પંડિતજી! ૯૬ હજાર સ્ત્રીકા રાગ આતા હૈ તો ભી કહતે હૈં કિ રાગસે મુક્ત હૈ! ક્યોંકિ ઉસમેં એકાગ્રતા નહીં હૈ. એકાગ્રતા તો જ્ઞાન, આનંદમેં હૈ. આહા..! કઠિન કામ, ભાઈ! જગતકો દૃષ્ટિકા વિષય (કિયા) ઔર દૃષ્ટિ ઊલટી હૈ ઉસકા વિષય ક્યા હૈ, યહ સમજના મહા કઠિન હૈ. આયા ન? મહા દુર્લભ હૈ. સમ્યગ્જ્ઞાન પાના વહ મહાદુર્લભ હૈ. અનુભવ કરના મહાદુર્લભ હૈ. ફિર ચારિત્ર વિષયસે વિરક્ત હોકર સ્થિરતા કરના, વહાં સ્થિરતાકી બાત હૈ, મહાદુર્લભ મહાદુર્લભ. અહો..! ધન્ય અવતાર! જિસકા અંતર સમ્યગ્દર્શનપૂર્વક સ્વરૂપકી સ્થિરતામેં પુરુષાર્થ જમા હૈ, જન્મ સફલ હુઆ! સમજમેં આયા?

યહાં તો કહતે હૈં, વિષયકી રુચિમેં પ્રવર્તતા હૈ. ઐસા પાઠ હૈ ન? 'તબ તક આત્માકો નહીં જાનતા હૈ.' રાગકી રુચિમેં પ્રવર્તતા હૈ તબ તક આત્માકો કૈસે જાને? પુણ્યકી રુચિવાલા જડરુચિ હૈ, ઐસા કહતે હૈં. આહાહા..! કઠિન કામ, ભાઈ! સમજમેં આયા? **'તબ તક આત્માકો નહીં જાનતા હૈ,...'**

**'ઈસલિયે યોગી..'** મુખ્ય તો મુનિ કી બાત હૈ ન. **'ધ્યાની...'** મૂલ પાઠમેં તો યોગી શબ્દ હૈ. યોગી. ઉસકા અર્થ કિયા હૈ. **'મુનિ હૈ વહ વિષયોંસે વિરક્ત ચિત્ત હોતા હુઆ...'**

દેખો! વિષયમેં વિરક્ત હૈ ચિત્ત જિસકા. ચિત્તમેં રાગકી એકતા છૂટ ગઈ હૈ, વહ વિષયસે વિરક્ત હૈ. સમજમેં આયા? અર્થ બહુત અચ્છા કિયા હૈ. વિરક્ત હૈ ચિત્ત અંદર. ઐસા '**હોતા હુઆ આત્માકો જાનતા હૈ.**' રાગકી એકતા છોડકર સ્વભાવકો જાને. આહાહા..! બહુત દુર્લભ મૂલ ચીજ સમ્યક્ પાના ઔર સમ્યક્ હૈ વહી મૂલ ચીજ હૈ. સમજમેં આયા? આત્મા પરમાનંદ શુદ્ધ ચૈતન્યદલ પડા હૈ, ઉસકા અનુભવ કરના વહ સમ્યગ્દર્શન હૈ. બાકી ઈસકે સિવા સબ નિરર્થક હૈ.

ભાવાર્થ :- '**જીવકે સ્વભાવકે ઉપયોગકી ઐસી સ્વચ્છતા હૈ...**' દેખો! ન્યાય દેતે હૈં. વિષયમેં પ્રવર્તતા હૈ ઐસા કહા ન? ઉસકા ન્યાય દેતે હૈં. '**જીવકે સ્વભાવકે ઉપયોગકી ઐસી સ્વચ્છતા હૈ કિ જો જિસ જ્ઞેય પદાર્થસે ઉપયુક્ત હોતા હૈ વૈસા હી હો જાતા હૈ,...**' રાગમેં એકાકાર હો જાય તો ઉપયોગ ઐસા હો જાતા હૈ. સમજમેં આયા? નહીં સમજે? અચ્છા! રાગકો જ્ઞેય બનાકર એકાકાર હુઆ તો ઉપયોગ રાગમય હો ગયા.

મુમુક્ષુ :- એકાકાર હુઆ કા મતલબ ક્યા?

ઉત્તર :- રાગમેં એકાકાર હુઆ-એકત્વબુદ્ધિ. રાગકી એકત્વબુદ્ધિ. ઉપયોગ વહાં એકત્વમેં લગ ગયા ન. એક જ્ઞેયમેં એકાકાર હોને સે દૂસરે જ્ઞેયમેં લક્ષ નહીં જાતા હૈ તો એકાકાર હુઆ ઐસા કહનેમેં આતા હૈ. સમજમેં આયા? શેઠ સ્પષ્ટ કરાતે હૈં. અધિક સ્પષ્ટ હોતા હૈ ન. દેખો!

'**વિષયોંમેં પ્રવર્તતા હૈ...**' યહાં કહા ન? '**ઉપયોગકી ઐસી સ્વચ્છતા હૈ કિ જિસ જ્ઞેય પદાર્થસે ઉપયુક્ત હોતા હૈ વૈસા હી હો જાતા હૈ...**' ઉસકા અર્થ જૈસે ડંક કે નિમિત્ત મેં સ્ફટિક લાલ યા કાલા હો જાતા હૈ. ઐસે આત્મા રાગકે રંગમેં ઉપયોગ લગ ગયા તો રાગરૂપ પર્યાય હુઈ. સમજમેં આયા? રાગ ચાહે તો શુભ-અશુભ હો, લેકિન ઉસમેં એકતા હો ગઈ તો ઉપયોગ રાગમેં રંગ ગયા. ઉપયોગમેં રાગકા રંગ ચઢ ગયા. સમજમેં આયા?

ક્ષત્રિય થા. એક સાધુ થા, સાધુ. (સંવત) ૧૯૮૩ કી બાત હૈ. દામનગર થા. સાધુ થા ઉસકો કોઈ સ્ત્રીકે સાથ સંગ રહતા હોગા. વહ સબ પૈસા સ્ત્રી ખા ગઈ. ફિર સ્ત્રીને છોડ દિયા. હમ દામનગરમેં થે. બજારમેં હી ઉપાશ્રય હૈ. હમ બૈઠે થે ઔર વહ નિકલા. કાલા કોટ થા. કાલે કોટ પર નામ લિખા, લક્ષ્મી.. લક્ષ્મી.. લક્ષ્મી. સ્ત્રીકા નામ લક્ષ્મી થા. પહલે ઉસકે સાથ વિષય લેતા હોગા. પૈસે દિયે હોંગે. ફિર પૈસે ખલાસ હો ગયે તો સ્ત્રીને છોડ દિયા. છોડ દિયા તો ઉસકો દ્વેષ હુઆ. ક્ષત્રિય થા, હોં! લેકિન સાધુ હો ગયા થા. સમજમેં આયા? લક્ષ્મી.. લક્ષ્મી. તો ક્યા કરે? કોઈ લડકેકો દેખે તો કહે, બોલો દસ બાર લક્ષ્મી-

લક્ષ્મી. તો એક પૈસા દે. લક્ષ્મીકા અપમાન કરાને કો સ્ત્રીકા. ફિર મુજે ખ્યાલ આયા કિ અરે..! યે ક્યા કરતા હૈ? મૈં ઉપાશ્રયમેં બૈઠા થા. સંવત ૧૯૮૩. કિતને વર્ષ હુએ? ૪૩-ચાર ઔર તીન. હમ ઉપાશ્રયમેં પાટ પર બૈઠે થે. વહ નિકલા. ફિર કહલવાયા, અરે..! બાવાજી! યે શોભતા નહીં. ઈસ વેષમેં યહ ક્યા કરતે હો? સ્ત્રીકા નામ કોટ પર લિખા હૈ. લક્ષ્મી.. લક્ષ્મી.. લક્ષ્મી. અપમાન કરવાના હૈ? ક્યા હૈ? તો ઉસને જવાબ દિયા. મુજે નહીં, મૈંને કિસીકો કહા થા. ક્ષત્રિયકા રંગ ચઢા હૈ, ઉતરતા નહીં. ઐસા બોલા. હમ ક્ષત્રિય હૈ ઔર સાધુ હુએ હૈં. હમારા રંગ ચઢા હૈ સ્ત્રીકે દ્વેષ પર, વહ ઉતરતા નહીં. એ.. પ્રકાશદાસજી! ભાવ સમજે કિ નહીં? મૈં ક્ષત્રિય હૂં તો મેરા રંગ સ્ત્રીકે રાગમેં ચઢ ગયા હૈ. વહ ઉતરતા નહીં.

ઐસે રાગમેં ઉપયોગ એકાકાર રંગ હો ગયા તો ઉતરતા નહીં, આત્મા મેં જાતા નહીં. સમજમેં આયા? અપને યહાં કહતે હૈં ન? યોગીહઠ, ક્ષત્રિયહઠ કહતે હૈં ન? રાજહઠ, યોગીહઠ, બાળહઠ, સ્ત્રીહઠ,.. ચાર કહતે હૈં ન? એક તો ક્ષત્રિય થા ઔર સાધુ હો ગયા. દો હઠ મેરે પાસ હૈ. ઐસા કહતા થા. હમારી હઠ છૂટતી નહીં. મહારાજ પૂછતે હૈં કિ ક્યા કરતે હો? હમારા રંગ ચઢ ગયા હૈ વહ અભી ઉતરતા નહીં. અનાદિ કા ઉપયોગમેં રાગકા રંગ ચઢ ગયા હૈ. સમજમેં આયા? ઉપયોગ તો અપના સ્વચ્છ શુદ્ધ ચૈતન્ય હૈ, લેકિન રાગકા રંગ ચઢનેસે ઉસમેં એકત્વબુદ્ધિ હો ગઈ. સમજમેં આયા? ઉસકા નામ વિષયસે અવિરક્ત હૈ.

**'ઈસલિયે આચાર્ય કહતે હૈં કિ જબ તક વિષયોંમેં ચિત્ત રહતા હૈ,...'** રાગ.. રાગ. રાગમેં ચિત્ત રહતા હૈ **'તબ તક ઉનરૂપ રહતા હૈ,...'** દેખો! તબ તક ઉનરૂપ રહતા હૈ-રાગરૂપ રહતા હૈ. રાગ બિનાકી મેરી ચીજ ક્યા હૈ ઉસ ઓર ઉસકી દૃષ્ટિ જાતી નહીં. **'આત્માકા અનુભવ નહીં હોતા હૈ,...'** કહાંસે હો? ઉપયોગમેં રાગકા રંગ લગ ગયા હો તો આત્માકા ધ્યાન ઔર અનુભવ કહાંસે હો? **'ઈસલિયે યોગી મુનિ ઈસ પ્રકાર વિચારકર વિષયોંસે વિરક્ત હો...'** રાગકે ઉપયોગસે છૂટ જાય. સમજમેં આયા? આહાહા..! ભગવાન તો ઐસા ભી કહતે હૈં કિ, જૈસા સ્ત્રી આદિ વિષય હૈ, વહ અશુભભાવકા વિષય હૈ. લેકિન પરદ્રવ્ય જો વીતરાગકી વાણી આદિ હૈ વહ ભી વિષય હૈ. શુભભાવકા વહ વિષય હૈ. પરદ્રવ્ય વિષય હૈ ઉસમેં જબ તક લક્ષ જાતા હૈ, ચાહે તો ભગવાન હો યા ચાહે તો સ્ત્રી હો, રાગ હી ઉત્પન્ન હોગા. પરદ્રવ્યકે લક્ષસે રાગ હી ઉત્પન્ન હોગા. વહ પહલે આ ગયા હૈ. સમજમેં આયા? કઠિન કામ હૈ.

૩૧વીં ગાથામેં વહ કહા ન? સમયસાર ૩૧વીં ગાથામેં કહા હૈ, ઈન્દ્રિયકા જો વિષય

હૈ વહી ઈન્દ્રિય હૈ. ભગવાનકી વાણી ભી ઈન્દ્રિયકા વિષય હૈ તો વહ ભી ઈન્દ્રિય હૈ, ઐસા કહા હૈ. ભગવાન ઐસા કહતે હૈં કિ યે પાંચ ઈન્દ્રિયાં તો જડ હૈં, ભાવ ઈન્દ્રિય ભી ઈન્દ્રિય હૈ, ખંડખંડ અંશ ખંડખંડ ઈન્દ્રિય હૈ, લેકિન ભગવાનકી વાણી ભી ઈન્દ્રિય હૈ. ક્યોંકિ ઉસકા વિષય ઈન્દ્રિય હૈ, વિષય ઉસકા હૈ, ઈન્દ્રિયકા વિષય હૈ. આહાહા..! અમરચંદભાઈ! કાયરકા તો કલેજા કાંપ ઉઠે ઐસા હૈ. એ.. સેઠ! વીતરાગકી વાણી ઔર વીતરાગ કહતે હૈં કિ તુમ્હારા હમારે પર લક્ષ જાયેગા તો તુજે રાગ હોગા. હમ રાગકા વિષય હૈં, તેરે અતીન્દ્રિય જ્ઞાનકા વિષય હમ નહીં હૈં. આહાહા..! પરદ્રવ્ય.. યહાં લિખા હૈ ન? દેખો!

**'આત્માકો જાને, અનુભવ કરે, ઈસલિયે વિષયોંસે વિરક્ત હોના યહ ઉપદેશ હૈ.'** વિષયમેં જબ તક ચિત્ત રહે તબ તક રાગમેં લીન હોતા હૈ. આહાહા..! કઠિન બાત, ભાઈ! એ.. દેવીલાલજી! ક્યા આયા? બહુત કઠિન કામ હૈ. અપના સ્વવિષય સમ્યગ્દર્શનકા છોડકર જિતના પર ઉપર લક્ષ જાતા હૈ વહ સબ વિષય હૈ. ચાહે તો શુભભાવ હો યા ચાહે અશુભ હો. એય..! પંડિતજી! સમયસાર ૩૧વીં ગાથામેં આયા હૈ. તીનોંકો હમ તો ઈન્દ્રિય કહતે હૈં. ખંડખંડ ઈન્દ્રિય, જડ ઈન્દ્રિય ઔર શબ્દ આદિ ભગવાનકી વાણી આદિ ભી ઈન્દ્રિય હૈ, વહ અતીન્દ્રિય નહીં. આહાહા..! તીનોંકો ઈન્દ્રિય કહા. ઉન ઈન્દ્રિયોંકો જીતે ઉસને સબ જીતા. ઉસકા અર્થ કિ જો શબ્દ આદિ હૈ ઉસકા લક્ષ છોડકર, દ્રવ્યઈન્દ્રિયકા છોડકર, ભાવ ઈન્દ્રિયકા લક્ષ છોડકર અતીન્દ્રિય આત્માકે સન્મુખ કરે તો ઉસકો સમ્યગ્દર્શન હોતા હૈ. વહ સમ્યગ્દર્શનકી ગાથા હૈ. બહુત સૂક્ષ્મ બાતેં, ભાઈ! ઉસકા માર્ગ અંદરસે પ્રાપ્ત કરનેકી રીત હી કોઈ અલગ હૈ. સમજમેં આયા? એ.. સેઠ! લડુ ખાના ઐસે નહીં મિલ જાતા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વહ તો ભાવ આયા. આયે બિના રહેગા નહીં. જબ તક વીતરાગ નહીં હો તબ તક શુભભાવ આતા હૈ, લેકિન હૈ બંધકા કારણ. દુનિયા કહે, દુનિયાકે ઘર રહી. સત્ય યહ હૈ. સત્ય કોઈ ગુપ્ત રખનેમેં આતા હૈ? સત્ય તો ઐસા હૈ. ૩૧ ગાથામેં સ્પષ્ટ કર દિયા હૈ. **'जो इंदिये जिणित्ता'** 'અમૃતચંદ્રાચાર્ય'ને ઈન્દ્રિયકી વ્યાખ્યાકી. ઈન્દ્રિયકે તીન પ્રકાર. ઈન્દ્રિયકી વ્યાખ્યા. ખંડ ઈન્દ્રિય, જડ ઈન્દ્રિય ઔર સામને વિષય. વિષય અર્થાત્ ચાહે તો સ્ત્રીકા હો યા ચાહે તો ભગવાનકી વાણી હો. આહાહા..!

મુમુક્ષુ :-..

ઉત્તર :- વિષય નામ સામને લક્ષ હૈ. વિષય કે ભોગકી બાત નહીં હૈ. ઉસસે જબ તક એકતાબુદ્ધિ હૈ તો વિષયસે વિરક્ત નહીં, વહ ઈન્દ્રિયકા જીતના નહીં. ભાઈ! ૩૧મેં

આતા હૈ ન? વહ ઈન્દ્રિયકા જીતનેવાલા નહીં. જિસકા લક્ષ પર ઉપર જાતા હૈ, વીતરાગ તીનલોક કે નાથ... ઐસા કહા ન? **'परदव्वादो दुग्गइ'** પહલે આ ગયા હૈ. પરદ્રવ્ય પર લક્ષ જાતા હૈ ઈતની આત્માકી ગતિ સે ભ્રષ્ટ હોતા હૈ. એ.. 'વજુભાઈ'! ક્યા હૈ યહ?

મુમુક્ષુ :- અહીંથી કોઈ ના નહીં પાડે.

ઉત્તર :- આપ સબ ના કહનેવાલે હાં કહતે હો. યહાંકા કહાં હૈ? માર્ગ ઐસા હૈ, ભગવાન! યે તો પહલેસે ચલા આયા હૈ, ૧૬વીં ગાથાસે. નહીં? **'परदव्वादो दुग्गइ सदव्वा दो हु सुग्गइ होइ'** જિતના સ્વદ્રવ્યકા આશ્રય છોડકર પરદ્રવ્યકા આશ્રય કરેગા ઈતની આત્માકી ગતિ સ્વકી નહીં હોગી, પરગતિ હોગી. ચાર ગતિ દુર્ગતિ હૈ. સમજમેં આયા? આહાહા..!

યહાં કહતે હૈં, **'આત્માકા અનુભવ નહીં હોતા હૈ,...'** જબ તક રાગકી એકતા પડી હૈ વહ પરવિષયમેં એકતા હૈ. વિષય અર્થાત્ પર ધ્યેય. રાગ ધ્યેય પર હૈ ઉસમેં એકતા હૈ તબ તક આત્માકા અનુભવ સમ્યગ્દર્શન નહીં હોગા. **'વિષયોંસે વિરક્ત હોકર આત્મામેં ઉપયોગ લગાવે...'** દેખો! રાગમેં જો ઉપયોગ લગા થા ઉસે છોડકર આત્મામેં લગાવે **'તબ આત્માકો જાને,...'** તબ આત્મા જ્ઞાનાનંદ હૈ ઉસકા જ્ઞાન હોતા હૈ. તબ અનુભવ હૈ. વેદન કરે. **'ઈસલિયે વિષયોંસે વિરક્ત હોના યહ ઉપદેશ હૈ.'** ઈસલિયે ઈસ કારણસે વિષયકી એકતાબુદ્ધિ છોડના, વિરક્ત હોનેકા ઉપદેશ ભગવાન કા હૈ. આહાહા..! વિશેષ જોર દેતે હૈં.

૬૭. **'આગે ઈસ હી અર્થકો દઢ કરતે હૈં...'** દેખો! ઉસહી અર્થકો દઢ કરતે હૈં. **'આત્માકો જાનકર ભી ભાવના બિના સંસારમેં હી રમતા હૈ :-'** અકેલા જાનપના હો ઔર અનુભવ, સમ્યગ્દર્શન ન હો તો ભી ચાર ગતિમેં રખડેગા, ઐસા કહતે હૈં. આહાહા..!

**अप्पा णाऊण णरा केई सब्भावभावपब्भट्ठा।**
**हिंडंति चाउरंगं विसएसु विमोहिया मूढा।।६७।।**

યહાં તો સ્વવિષયમેં ઝુકનેકો પરવિષયકો છોડનેકા ઉપદેશ હૈ. સમજમેં આયા? દેખો ન, નરકમેં ભી વિષયસે વિરક્ત હૈ. ૩૨મેં આયા હૈ. વહાંસે નિકલકર તીર્થંકર હોગા. ક્યોંકિ રાગકી એકતાબુદ્ધિ છૂટકર સ્વરૂપકા આચરણ વહાં ભી હૈ. સ્વરૂપકા આચરણ નરકમેં ભી હૈ સો શીલ હૈ. ઉસકો શીલપાહુડમેં શીલ કહા હૈ. સમજમેં આયા? એકદેશ શીલ. આહાહા..!

અર્થ :- **'કઈ મનુષ્ય આત્માકો જાનકર ભી અપને સ્વભાવકી ભાવનાસે અત્યંત ભ્રષ્ટ હુએ...'** અંતરમેં સમ્યગ્દર્શનકી ભાવના કરતે નહીં ઔર અનુભવ કરતે નહીં. કહો, સમજમેં આયા? **'વિષયોંમેં મોહિત હોકર...'** દેખો! પરમેં-રાગમેં એકતા હો જાતી હૈ. સ્વભાવકી ભાવના નહીં કરકે રાગમેં એકત્વ હોતા હૈ. **'અજ્ઞાની મૂર્ખ...'** દેખો! અજ્ઞાની. આહાહા..! રાગમેં એકતા હૈ વહ અજ્ઞાની હૈ, મૂર્ખ હૈ. પાઠ મેં હૈ ન? **'विमोहिया मूढा'** દો શબ્દ હૈ.

મુમુક્ષુ :- 'आत्मानं ज्ञात्वा'મેં ક્યા કહના હૈ?

ઉત્તર :- આત્માકા જાનપના-ક્ષયોપશમભાવ. જાના ઈતના, બુદ્ધિમેં આયા ઈતના. લેકિન અનુભવ દૃષ્ટિ-સમ્યક્દૃષ્ટિ નહીં કી. સમજમેં આયા? અપને સ્વભાવ સન્મુખકી એકતા હોની ચાહિયે વહ કરતે નહીં. ગ્યારહ અંગ નૌ પૂર્વ પઢે. ઉસમેં આતા હૈ ન? આત્મા કૈસા હૈ પઢા થા, ઉસે ખ્યાલ તો આયા થા. હોં! જાનના ઉસ પ્રકારકા જ્ઞાન, હાં! સમ્યગ્જ્ઞાન નહીં.

'**અજ્ઞાની મૂર્ખ ચાર ગતિરૂપ સંસારમેં ભ્રમણ કરતે હૈં.**' ચાર ગતિ યાની સંસારમેં. દેખો! યહાં તો નરકમેં જાતે હૈં કહતે હૈં. અપના વિષય સમ્યગ્દર્શન બનાયા નહીં ઔર રાગકા વિષય બનાકર એકત્વ રહતા હૈ વહ ચાર ગતિમેં નરકાદિમેં, પશુમેં, નિગોદમેં ભી જાયેગા. લો. ચાર ગતિ લી હૈ ન. તો મિથ્યાદૃષ્ટિ નિગોદમેં જાતે હૈં, સમકિતી જાતે નહીં. સમકિતીકો તો ગતિ એક વૈમાનિક ગતિ હૈ. મનુષ્ય ઔર તિર્યંચ હો તો. નારકી ઔર દેવ હો તો મનુષ્ય ગતિ હૈ. દૂસરી ગતિ હોતી હી નહીં. સમજમેં આયા?

યહાં તો રાગમેં એકત્વ લીન (હૈ). મોક્ષપાહુડ હૈ ન? તો પરદ્રવ્યકા આશ્રય કરકે રાગમેં લીન (રહતા હૈ) વહ બંધકા કારણ હૈ. ઔર રાગસે રહિત અપના સ્વકા આશ્રય હૈ વહ મુક્તિકા કારણ હૈ, યહ સિદ્ધ કરના હૈ. યહ બાત વીતરાગ માર્ગકે સિવા કહીં સુનને મિલતી નહીં. એ.. 'પ્રકાશદાસજી'! યે પંચ મહાવ્રતકો પરકા વિષય બનાયા. રાગ હૈ ન, રાગ. ઉસકા અનુભવ હૈ સો ભોગકા અનુભવ હૈ, ઐસા કહતે હૈં. અપને અનુભવકી ખબર નહીં. બંધ અધિકારમેં લિયા.

ભાવાર્થ :- '**પહિલે કહા થા કિ આત્માકો જાનના, ભાના, વિષયોંસે વિરક્ત હોના યે ઉત્તરોત્તર દુર્લભ પાયે જાતે હૈં,...**' દેખો! ઉત્તરોત્તર દુર્લભ હૈ. સમજના દુર્લભ હૈ, ફિર અનુભવ દુર્લભ હૈ ઔર ફિર સ્થિરતા અંદરમેં દુર્લભ હૈ. એક કે બાદ એક દુર્લભ હૈ. ઉત્તરોત્તર હૈ ન? '**વિષયોંમેં લગા હુઆ પ્રથમ તો આત્માકો જાનતા નહીં હૈ ઐસે કહા,...**' જો વિષયમેં-રાગમેં લીન હો ગયા, વિકલ્પમેં લીન હૈ વહ વિષય હૈ, વહ આત્માકો જાનતા નહીં. સમજમેં આયા? આહાહા..! પરવિષયકો વિષય કરતા હૈ. '**આત્માકો જાનતા નહીં હૈ ઐસે કહા, અબ યહાં ઈસપ્રકાર કહા કિ આત્માકો જાનકર ભી વિષયોંકે વશીભૂત હુઆ ભાવના નહીં કરે...**' અનુભવ સમ્યગ્દર્શન સહિતકી વીતરાગ ભાવના મેં લીન, ઐસા ન કરે '**તો સંસારહીમેં ભ્રમણ કરતા હૈ, ઈસલિયે આત્માકો જાનકર વિષયોંસે વિરક્ત હોના યહ ઉપદેશ હૈ.**' પરવિષયસે છૂટકર અપના જ્ઞાન જાનકર, અપને કો વિષય બનાકર અપનેમેં સ્થિર રહના, હોના વહ મોક્ષકા માર્ગ હૈ. સ્વદ્રવ્યકે આશ્રયસે રહના વહ

મોક્ષકા માર્ગ હૈ. પરદ્રવ્યકે આશ્રયસે રાગ હોતા હૈ વહ બંધકા માર્ગ હૈ. મૂલ તો વહ કહના હૈ. અબ ઉસસે સુલટા (કહતે હૈં).

**'આગે કહતે હૈં કિ જો વિષયોંસે વિરક્ત હોકર આત્માકો જાનકર ભાતે હૈં વે સંસારકો છોડતે હૈં :–'** પહલે ચાર ગતિમેં રખડતા હૈ ઐસા કહા થા. અબ યહાં ચાર ગતિકો છોડતા (હૈ ઐસા કહતે હૈં).

**जे पुण विसयविरत्ता अप्पा णाऊण भावणासहिया।**
**छंडंति चाउरंगं तवगुणजुत्ता ण संदेहो।।६८।।**

'**जे पुण विसयविरत्ता**' વિષયસે વિરક્ત, રાગકી એકતાબુદ્ધિસે છૂટ ગયા હૈ. '**अप्पा णाऊण**' આત્માકા જ્ઞાન કરકે '**भावणासहिया**' અનુભવ વિશેષ કરકે. '**छंडंति चाउरंग**' દેખો! ચાર ગતિ છોડ દેતા હૈ. '**तवगुणजुत्ता ण संदेहा**' ઉસકે સાથ ચારિત્ર હો તો ચાર ગતિ હોતી નહીં. '**ण संदेहा**' સંદેહ નહીં કરના.

અર્થ :– **'ફિર જો પુરુષ મુનિ વિષયોંસે વિરક્ત હો આત્માકો જાનકર ભાતે હૈં,...'** પરકા લક્ષ છોડકર અપના જ્ઞાન કરકે આત્માકી ભાવના કરતે હૈં **'વારંવાર ભાવના દ્વારા અનુભવ કરતે હૈં...'** આત્માકા આનંદકા શુદ્ધ ઉપયોગ વારંવાર કરે, ઐસા કહતે હૈં. **'વે તપ અર્થાત્ બારહ પ્રકાર તપ ઔર મૂલગુણ ઉત્તરગુણોંસે યુક્ત હોકર...'** ઉસકો બાહરમેં બારહ પ્રકારકા તપ નિમિત્તરૂપસે હોતા હૈ. બારહ પ્રકારકા કહા ન? ઉસમેં સજ્ઝાય, ધ્યાન આ ગયા. વિનય, વૈયાવચ્ચ બાહરમેં નિમિત્ત હૈ. **'મૂલગુણ ઉત્તરગુણોંસે યુક્ત હોકર સંસારકો છોડતે હૈં,...'** ઉસકા સંસાર–ઉદયભાવ છૂટ જાતા હૈ ઔર આત્માકી પરમ પવિત્ર દશા પ્રાપ્ત હોતી હૈ. લો, વહ બાદમેં આયેગા.

ભાવાર્થ :– **'વિષયોંસે વિરક્ત હો આત્માકો જાનકર ભાવના કરના, ઈસસે સંસારસે છૂટકર મોક્ષ પ્રાપ્ત કરો, યહ ઉપદેશ હૈ.'** લો. અબ કહેંગે, અબ ખુલાસા બહુત આયેગા.

**'આગે કહતે હૈં કિ યદિ પરદ્રવ્યમેં લેશમાત્ર ભી રાગ હો તો વહ પુરુષ અજ્ઞાની હૈ,...'** યહાં ખુલાસા કિયા. રાગકા રાગ હૈ વહ મિથ્યાદૃષ્ટિ હૈ, ઐસા કહતે હૈં. લેશમાત્ર રાગકા અંશ હૈ ઉસકી ભી રુચિ હૈ. રુચિ હૈ ઉસકી બાત હૈ ન? રાગ હો દૂસરી બાત હૈ, ઉસકી રુચિ. યે ગાથા અપને આતી હૈ, ભાઈ! પંચાસ્તિકાય, સમયસાર ઔર પ્રવચનસાર તીનોંમેં ઈસ ગાથાકા સાર હૈ. પંચાસ્તિકાય ૧૬૭, સમયસાર ૨૦૧, પ્રવચનસારમેં ૩૯. ઐસા યહાં લિખા હૈ. યહ ગાથા તીનમેં આતી હૈ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :- રાગકા રાગ. યહાં રાગ વહ લેના હૈ. સમયસારમેં લિયા હૈ. રાગકા રાગ.

**परमाणुपमाणं वा परदव्वे रदि हवेदि मोहादो।**
**सो मूढो अण्णाणी आदसहावस्स विवरीओ।।६९।।**

યે સબકા સાર લિયા.

અર્થ :- '**જિસ પુરુષકે પરદ્રવ્યમેં પરમાણુ પ્રમાણ ભી લેશમાત્ર મોહસે રતિ અર્થાત્ રાગ-પ્રીતિ હો...**' રાગકા રાગ-પ્રેમ હૈ વહ મિથ્યાદૃષ્ટિ હૈ. બહુત કઠિન કામ.

મુમુક્ષુ :- પરમાણુ માને?

ઉત્તર :- પરમાણુ નામ થોડા. અલ્પમેં અલ્પ રાગ, શુભરાગ. દયાકા, દાનકા બડા અચ્છા. શરીરકા બ્રહ્મચર્ય. ઉસ રાગકા ભી રાગ હૈ મોહાદિ.. દેખો! '**परदव्वे रदि हवेदि मोहादो**' રતિ. રતિકા અર્થ પ્રેમ કિયા.

જિસ આત્માકો... પુરુષ માને આત્મા, હાં! '**પરદ્રવ્યમેં...**' '**परदव्वे रदि हवेदि**' રાગ વિકલ્પ ભી પરદ્રવ્ય હૈ. ઉસમેં ભી રુચિ-પ્રીતિ હૈ, '**मोहादो**' રતિ અર્થાત્ રાગ-પ્રીતિ હો '**તો વહ પુરુષ મૂઢ હૈ,...**' યહાં તો પરદ્રવ્યકા વિષય રાગ હૈ ઉસમેં પ્રીતિ હૈ વહ મિથ્યાત્વ હૈ, યહ બાત સિદ્ધ કરની હૈ. આહાહા..! કઠિન કામ, ભાઈ! રાગ હો દૂસરી બાત હૈ ઔર રાગકી પ્રીતિ, રતિ કહતે હૈં ન? રાગકી રતિ કરના, પ્રીતિ કરના, રાગ ઠીક હૈ, મુજે ઠીક હૈ.—મિથ્યાત્વભાવસે ઐસી પ્રીતિ કરતે હૈં વહ મૂઢ હૈં. કહો, સ્ત્રી, પુત્ર રાગ તો બહુત દૂર રહ ગયા. રાગકા રાગ કરતે હૈં. સમયસાર ૨૦૧મેં વહ લિયા ન? ભાઈ! સમયસાર ૨૦૧ મેં વહ લિયા. જયચંદ્ર પંડિતને ખુલાસા કિયા કિ યહ રાગ તો અજ્ઞાનીકા રાગ હૈ. રાગમેં રાગ હૈ વહ રાગ. ઐસે રાગ તો જ્ઞાનીકો દસવેં ગુણસ્થાન તક હૈ. વહ રાગ પરદ્રવ્ય હૈ, જ્ઞેય હૈ, અપને સ્વરૂપ નહીં હૈ. રાગકા અંશ ભી હૈ વહ પ્રીતિ કરકે કરતા હૈ, વહ અપને સ્વભાવકી દૃષ્ટિકા વમન કરતે હૈં. ભાઈ!

બડા દિન હૈ બડી બાત આ ગઈ. સેઠ! આહાહા..! અનંત ચતુર્દશીકા બડા દિન હૈ. મહાપર્વ હૈ બડા. આખિરકા હૈ ન. બ્રહ્મચર્ય. બ્રહ્મ નામ અપને આનંદસ્વરૂપમેં રુચિ કરના વહ બ્રહ્મચર્ય હૈ. પરદ્રવ્યમેં રાગ હૈ, રાગમેં પ્રીતિ કરના વહ મૈથુન-અબ્રહ્મ હૈ. દયા કે, દાનકે શુભભાવમેં પ્રીતિ રુચિ કરના વહી મૈથુન ઔર અબ્રહ્મ હૈ. એક સ્વભાવકો દૂસરેકે સાથ જુડાન કરકે રહના વહ મૈથુન વિષય હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- જગહ હી નહીં રહી નિકલને કી.

ઉત્તર :- જગહ રહી નિકલનેકી, રાગરહિત આત્મા હૈ કિ નહીં? રાગમેં રહકર કુછ હો,

ધૂલ ભી નહીં હોતી. પુણ્ય-પાપ અધિકારમેં વહ આયા થા. ઉસમેં ક્યા હૈ?

**'परमाणुपमाणं'** ઉસકા અર્થ ક્યા? પરમાણુ પ્રમાણ ભી રાગમેં રતિ વહ મિથ્યાદૃષ્ટિ હૈ, ઉસકા અર્થ ક્યા? રાગ તો છઠ્ઠે ગુણસ્થાનમેં હોતા હૈ, રાગ તો દસવેં ગુણસ્થાન તક હોતા હૈ. વહ દૂસરી બાત હૈ. રાગકી રુચિ ઔર પ્રીતિ હૈ. ભલે થોડા રાગ ઔર થોડી પ્રીતિ (હો). મોક્ષપાહુડમેં બાત વહ સિદ્ધ કરની હૈ. સમજમેં આયા? બાહરકી ચીજ તો દૂર પડી રહી.

મુમુક્ષુ :- અનંતાનુબંધીકા રાગ?

ઉત્તર :- અનંતાનુબંધીકા રાગ. હાં. શુભરાગ હૈ ઉસકી પ્રીતિ હૈ, રુચિ હૈ, ઉસસે મેરા ભલા હોગા વહ અનંતાનુબંધીકા રાગ હૈ. સમજમેં આયા? ક્યા કરના? યે સબ ઝટકકર નિકાલ દિયા. વીતરાગ માર્ગ હૈ ઉસમેં રાગકી રુચિ તો વીતરાગ માર્ગ કહાંસે આયા? જિનવાણી વીતરાગભાવકી પોષક હૈ, જિનવાણી રાગકી પોષક નહીં હૈ. રાગકી પોષક હો વહ જિનવાણી નહીં. સમજમેં આયા? જિનવાણી કિસકો કહતે હૈં વીતરાગ? રાગકી રુચિ હૈ તો રાગકા પોષક ભાવ હુઆ.

**'જિસ પુરુષકે પરદ્રવ્યમેં પરમાણુ પ્રમાણ...'** ઈતના છોટેસે છોટા રાગ. **'લેશમાત્ર મોહસે રતિ અર્થાત્ રાગ-પ્રીતિ હો તો વહ પુરુષ મૂઢ હૈ, અજ્ઞાની હૈ,...'** પાઠમેં આયા **'આત્મસ્વભાવસે વિપરીત હૈ.'** આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અપના માના હૈ ન, રતિકી હૈ ન. યહાં તો છોટા. પરમાણુ નામ થોડા રાગ. રાગમેં રતિ હૈ, પ્રેમ હૈ કિ યહ લાભદાયક હૈ, મેરા હૈ વહ અનંતાનુબંધીકા રાગ (હૈ). મોહસે મિથ્યાત્વસે મિથ્યાદૃષ્ટિ હૈ. આત્મસ્વભાવસે વિપરીત હૈ. ઐસી બાત હૈ, ભાઈ! રાગ હો વહ દૂસરી બાત હૈ ઔર રાગકી રુચિમેં લાભ માનના, રાગસે લાભ હોગા, મેરે શુભરાગસે લાભ હોગા, મુઝે સમ્યગ્દર્શન હોગા, શુભરાગસે મજે ચારિત્ર હોગા, ઐસી દૃષ્ટિ મૂઢ અજ્ઞાની પ્રાણીકી હૈ, ઐસા કહતે હૈં. પ્રકાશદાસજી! વહાં કભી સુના નહીં હોગા. સ્થૂલ બાતેં સુનકર ખુશી-ખુશી હો જાય. જાઓ, હો જાઓ સાધુ. મુંડાવ બાદમેં વહી ચલતા હૈ, અનાદિસે ચલતા હૈ. વહ કોઈ નયા હૈ? આહાહા..!

યહાં તો પ્રભુ કુંદકુંદાચાર્ય ઐસા કહતે હૈં, સ્વદ્રવ્ય.. રાગ પરદ્રવ્ય હૈ. અપના દ્રવ્ય ભી નહીં, અપના ગુણ ભી નહીં, અપની પર્યાય ભી નહીં. આહાહા..! ક્યોંકિ વહ તો આસ્રવતત્ત્વ હૈ, રાગ તો આસ્રવતત્ત્વ હૈ ઔર આત્મા તો જ્ઞાયકતત્ત્વ હૈ. જ્ઞાયકતત્ત્વ આસ્રવતત્ત્વકી પ્રીતિ કરતા હૈ તો મિથ્યાત્વ હૈ. એક તત્ત્વ દૂસરે તત્ત્વકી પ્રીતિ કરે તો મિથ્યાત્વભાવ હૈ. આહાહા..!

ક્યા કહા ઈસમેં? '**परमाणुपमाणं वा परदव्वे रदि हवेदि मोहादो**'. મિથ્યાત્વ હૈ ન, મિથ્યાત્વ. સાર કરકે યહાં લાયે. વિષયસે વિરક્તિ આદિ જો સબ કહા થા ન? રાગમેં રસ હૈ વહ વિષયસે અવિરક્ત હૈ. એકાકાર ઉસમેં પડા હૈ. આત્માકા ઉપયોગ બિલકુલ અસ્વસ્થ હો ગયા. આહાહા..! આગે કહેંગે, દેખો!

ભાવાર્થ :- '**ભેદવિજ્ઞાન હોનેકે બાદ જીવ-અજીવકો ભિન્ન જાને તબ પરદ્રવ્યકો અપના ન જાને...**' દેખો! અજ્ઞાની અપના જાનતે હૈં તો મિથ્યાત્વ હૈ. '**તબ ઉસસે (કર્તવ્યબુદ્ધિ-સ્વામિત્વકી ભાવનાસે) રાગ ભી નહીં હોતા હૈ,...**' દેખો! '**ભેદવિજ્ઞાન હોનેકે બાદ જીવ-અજીવકો ભિન્ન જાને તબ પરદ્રવ્યકો અપના ન જાને તબ ઉસસે (કર્તવ્યબુદ્ધિ-સ્વામિત્વકી ભાવનાસે) રાગ ભી નહીં હોતા હૈ, યદિ (ઐસા) હો તો જાનો કિ ઈસને સ્વ-પરકા ભેદ નહીં જાના હૈ,...**' આહાહા..! આપા-પરકા. આપા કહતે હૈં ન કાઠિકો? '**સ્વ-પરકા ભેદ નહીં જાના હૈ,...**' ભગવાન આત્મા રાગરહિત ઔર રાગ વિકારસહિત, દોકા ભેદજ્ઞાન યદિ હુઆ ઔર ફિર પ્રેમ કરે તો ભેદજ્ઞાન હૈ હી નહીં. ઉસને સ્વ-પરકા ભેદ જાના નહીં, '**અજ્ઞાની હૈ,...**' આહાહા..! '**આત્મસ્વભાવસે પ્રતિકુલ હૈ,...**' પાઠમેં હૈ ન? અબ ખુલાસા કરતે હૈં, દેખો!

'**જ્ઞાની હોનેકે બાદ ચારિત્રમોહકા ઉદય રહતા હૈ તબ તક કુછ રાગ રહતા હૈ ઉસકો કર્મજન્ય અપરાધ માનતા હૈ,...**' ગુનાહ માને, દોષ માને. '**ઉસ રાગસે રાગ નહીં હૈ,...**' દેખો! જ્ઞાનીકો રાગસે રાગ નહીં હૈ, અજ્ઞાનીકો રાગ પર પ્રીતિ રુચિ હૈ. બસ, ઈતના કહના હૈ. સમયસારમેં ૨૦૧મેં વહી અર્થ કિયા હૈ. રાગકા રાગ. '**सव्वागमधरो वि**'. વહાં ઐસા કહા. '**सव्वागमधरो वि**' રાગ પ્રીતિમાત્ર કરે તો વહ મિથ્યાદષ્ટિ હૈ. સમસ્ત આગમકા જાનનેવાલા હો, લેકિન રાગકી રુચિ કરે તો મિથ્યાદષ્ટિ હૈ. '**ઉસ રાગસે રાગ નહીં હૈ ઈસલિયે વિરક્ત હી હૈ...**' દેખો! વિરક્ત લિખા. રાગકા રાગ નહીં હૈ ઈસલિયે વિરક્ત હૈ. અજ્ઞાનીકો રાગકા રાગ હૈ ઈસલિયે અવિરક્ત હૈ, વિરક્ત નહીં. આહાહા..! કઠિન અર્થ. '**અતઃ જ્ઞાની પરદ્રવ્યમેં રાગી નહીં કહલાતા હૈ, ઈસપ્રકાર જાનના.**' જ્ઞાની પરદ્રવ્યકા પ્રેમી કહનેમેં આતા નહીં. વિશેષ આયેગા...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વૈશાખ સુદ ૭, રવિવાર તા. ૨૮-૦૪-૧૯૭૪**
**ગાથા – ૬૭ થી ૬૯, પ્રવચન – ૧૩૭**

આ અષ્ટપાહુડમાં મોક્ષપાહુડ ચાલે છે. ૬૭મી ગાથા છે.

**'આગે ઈસ હી અર્થ કો દઢ કરતે હૈં કિ આત્મા કો જાનકર ભી ભાવના બિના સંસાર મેં હી રહતા હૈ :-'**

**अप्पा णाऊण णरा केई सब्भावभावपब्भट्ठा।**
**हिंडंति चाउरंगं विसएसु विमोहिया मूढा।।६७।।**

**'અર્થ :- કઈ મનુષ્ય આત્મા કો જાનકર ભી...'** પહેલા તો એ વાત કરી કે આત્માનું જ્ઞાન જ કરતા નથી. જેને આત્મજ્ઞાન નથી એ બધા ચાર ગતિમાં રખડનારા છે. એ આત્મજ્ઞાન અપૂર્વ દૃષ્ટિ અંદર થઈ હોય, એ આત્મજ્ઞાન હોવા છતાં ભાવના હવે ન કરે વારંવાર એમાં, તો એ પણ ભ્રષ્ટ થઈને.. ચાતુરંગ કહ્યું છેને? ચાર અંગ એના. એટલે આમાંથી ગતિ કાઢી. ચાર ગતિમાં રખડે. આહાહા..! પહેલું તો સમ્યગ્દર્શન જ દુર્લભ છે. એ સમ્યગ્દર્શન વિનાના જેટલા આચરણ, તપ, વ્રત, બધા ચાર ગતિમાં રખડવા માટે છે. સમ્યગ્દર્શન એ અનંતકાળમાં નહિ પ્રગટેલી દશા છે. એ કરોડોમાં કોઈ જીવને પ્રાપ્ત થાય એવી ચીજ દુર્લભ છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સુગમ તો, પ્રગટ કરે તો સુગમ છે. નથી અનાદિથી કરતો તો મહાદુર્ગમ છે. એક તો વાડામાંથી નીકળવું કઠણ પડે. આકરી વાત છે. આ તો દિગંબર ધર્મ છે એ સનાતન જૈનધર્મ છે. એ સિવાય બધા વાડા બાંધેલા જૈનધર્મ નથી, જૈનધર્મ નથી. અહીં તો એ વાત છે ચોખ્ખી. એઈ..! એ ૧૪મી ગાથામાં આવી ગયું. દિગંબર ધર્મ એ સનાતન જૈનધર્મ છે. એમાંથી ભ્રષ્ટ થઈને આ બધા શ્વેતાંબર ને સ્થાનકવાસી નીકળ્યા છે એ જૈન નથી, એ જૈનધર્મ જ નથી.

મુમુક્ષુ :- એ કહે કે દિગંબર અમારામાંથી નીકળ્યા.

ઉત્તર :- એ કહેને. અજ્ઞાની ન કહે તો કોને કહે? અહીં તો કુંદકુંદાચાર્ય ભગવંતના વારસદાર એ પોતે પોકાર કરી રહ્યા છે. એવી વાત ઝીણી બાપા!

શ્વેતાંબર... એ તો આમાં આવે છેને? આમાં આવ્યું છે. ૭૯માં છે. ૭૯ ગાથા છેને એમાં? આમાં જ ૭૯ ગાથા છે.

पंचसेलसत्ता गंथग्गाही य जायणासीला।
आधाकम्मम्मि रय ते चत्ता मोक्खमग्गम्मि।।७९।।

૭૯માં છે. કુંદકુંદાચાર્ય ભગવાન પાસે ગયા હતા. આઠ દિ' રહ્યા હતા સીમંધર ભગવાન પાસે. ત્યાંથી આવીને પછી આ શાસ્ત્ર બનાવ્યા છે. ઝીણી વાત છે, ભાઈ! વાડાવાળાને આકરું પડે એવું છે.

**'અર્થ :- પંચ આદિ પ્રકાર કે ચેલ અર્થાત્ વસ્ત્રોં મેં આસક્ત હૈં,...'** જે વસ્ત્ર રાખે છે અને માને છે કે અમે સાધુ છીએ. તો એને અહીંયાં મિથ્યાદૃષ્ટિ નિગોદગામી કીધા છે. છે અંદર? **'અંડજ, કપાસજ, વલ્કલ, ચર્મજ ઔર રોમચ ઈસપ્રકાર વસ્ત્રોં મેં કિસી એક વસ્ત્ર કો ગ્રહણ કરતે હૈં, ગ્રંથગ્રાહી અર્થાત્ પરિગ્રહ કે ગ્રહણ કરનેવાલે હૈં, યાચનાશીલ અર્થાત્ માગને કા હી જિનકા સ્વભાવ હૈ ઔર અધઃકર્મ અર્થાત્ પાપકર્મ મેં રત હૈ, સદોષ આહાર કરતે હૈં વે મોક્ષમાર્ગ સે ચ્યુત હૈં.'**

ભાવાર્થમાં છે જુઓ! **'પહિલે તો નિર્ગ્રંથ દિગંબર મુનિ હો ગયે થે,...'** જૈનધર્મ સનાતન વીતરાગ કેવળીએ કહેલો, એ માર્ગમાં પહેલા મુનિ તો થયા હતા. **'પીછે કાલદોષ...'** આકરા બાર (વર્ષના) દુકાળ પડ્યા. એમાં **'ચારિત્ર પાલને મેં અસમર્થ હો નિગ્રંથ લિંગ સે ભ્રષ્ટ હોકર...'** દિગંબર લિંગ જે નગ્ન મુનિ એનાથી એ ભ્રષ્ટ થઈ ગયા. **'વસ્ત્રાદિક અંગીકાર કર લિયે,...'** વસ્ત્ર આદિ રાખવા લાગ્યા. **'પરિગ્રહ રખને લગે, યાચના કરને લગે, અધઃકર્મ ઉદ્દેશિક આહાર કરને લગે ઉનકા નિષેધ હૈ, વે મોક્ષમાર્ગ સે ચ્યુત હૈં.'** આહાહા..! આકરું ભારે ભાઈ! આહાહા..! આ ગળે ઉતરવું જગતને.

**'પહિલે તો ભદ્રબાહુ સ્વામી તક નિર્ગ્રંથ થે.'** નિર્ગ્રંથ મુનિ નગ્ન દશા અને અંતરમાં ત્રણ કષાયનો અભાવ એવી દશા પહેલેથી અનાદિથી ચાલી આવતી હતી. **'પીછે દુર્ભિક્ષકાલ મેં ભ્રષ્ટ હોકર જો અર્ધફાલક કહલાને લગે...'** લ્યો! થોડો કટકો રાખ્યો અડધો. **'ઉનમેં સે શ્વેતાંબર હુએ,...'** એમાંથી આ શ્વેતાંબર પંથ નીકળ્યો, એમાંથી સ્થાનકવાસી તો હમણા નીકળ્યો એમાંથી. ભ્રષ્ટમાંથી ભ્રષ્ટ. આવી વાત છે, બાપા! આકરી વાત છે. જગતને સહન કરવું. ધર્મની ખબર જ નથી કહે છે. **'ઈન્હોંને ઈસ ભેષ કો પુષ્ટ કરને કે લિયે જો સૂત્ર બનાયે,...'** આ બધા ૩૨ ને ૪૫ ને ૮૪ એ અજ્ઞાનીએ બનાવેલા છે, ભગવાનના શાસ્ત્ર નથી એ. સમકિતીના બનાવેલા નથી એ. એય..! નગીનભાઈ! છે એમાં? વાતું આકરી બાપા! એટલી ખબર નથી કે આ ૪૦ વર્ષથી પરિવર્તન કર્યું છે તો કાંઈક કારણ હશે. સમજાણું કાંઈ? જોયું! છે?

**'ભેષ કો પુષ્ટ કરને કે લિયે જો સૂત્ર બનાયે,...'** આ વસ્ત્ર, પાત્ર ખપે સાધુને.

એવા મિથ્યાદષ્ટિ સાધુએ શાસ્ત્ર બનાવ્યા છે બધા. ૩૨ ને આ ૪૫ ને... '**કલ્પિત આચરણ તથા ઈસકી સાધક કથાયેં લિખીં. ઈનકે સિવાય અન્ય ભી કઈ ભેષ બદલે, ઈસપ્રકાર કાલદોષ સે ભ્રષ્ટ લોગોં કા સંપ્રદાય ચલ રહા હૈ, યહ મોક્ષમાર્ગ નહીં હૈ,...**' એ.. પંડિતજી!

મુમુક્ષુ :- .. હા જ પાડે ને.

ઉત્તર :- એ તો હા જ પાડેને. દિગંબર છે. આહાહા..! માર્ગ આવો છે ભાઈ! દુનિયા છેતરાય છે બિચારા. મરી ગયા છેતરાઈને. આહાહા..! '**ભ્રષ્ટ લોગોં કો દેખકર ઐસા ભી મોક્ષમાર્ગ હૈ, ઐસા શ્રદ્ધાન ન કરના.**' એવા ભ્રષ્ટને દેખીને આ પણ એક માર્ગ છે એમ ન માનવું. આહાહા..! આકરી વાતું, બાપા! જૈનધર્મ અંતર આત્માના સ્વભાવનું ભાન થઈને વીતરાગતા પ્રગટે એ જૈનધર્મ છે. એવી વાત બીજે ક્યાંય છે નહિ.

એ કીધું અહીં (૬૭ ગાથામાં). '**આત્મા કો જાનકર ભી અપને સ્વભાવ કી ભાવના સે અત્યંત ભ્રષ્ટ હુએ...**' કેટલાક દિગંબર મુનિ થયા અને આત્મજ્ઞાન પણ પહેલું હોય, પણ પછી '**વિષયોં મેં મોહિત હોકર...**' પરપદાર્થમાં મોહિત થઈને સ્વરૂપની ભાવના ન કરતા ભ્રષ્ટ થઈ ગયા. આહાહા..! '**અજ્ઞાની મૂર્ખ ચાર ગતિરૂપ સંસાર મેં ભ્રમણ કરતે હૈં.**' એ અજ્ઞાની ચાર ગતિ ચોર્યાસી આ નરક અને નિગોદમાં રખડશે એમ કહે છે, ભાઈ! આ કુંદકુંદાચાર્યના-ભગવાન પાસે ગયેલાના વચનો છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- પહિલે કહા થા કિ આત્મા કો જાનના,...**' પહેલી ગાથામાં કહ્યું. આત્માનું જ્ઞાન પહેલું કરવું, બાકી પછી બીજી વાત. આ આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે, પૂર્ણ આનંદ અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન, એના સ્વભાવમાં પરિપૂર્ણતા પડી છે એનું નિમિત્તોથી લક્ષ છોડી દઈ અને રાગની મંદતા કોઈ દયા, દાનના પરિણામ હોય, એનાથી પણ લક્ષ છોડી દઈ, એક સમયની અવસ્થા છે એનું પણ લક્ષ છોડી દઈ... આહાહા..! પૂર્ણ નિત્ય ધ્રુવસ્વરૂપ, આનંદસ્વરૂપ, સામાન્યસ્વરૂપ એકરૂપ એની દષ્ટિ કરતાં પહેલું નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થાય એની સાથે આત્માનું જ્ઞાન થાય. ભારે આકરી વાત.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો જ્ઞાન. અહીં તો અત્યારે દર્શનની પ્રધાનતાથી વર્ણન છે. જ્ઞાન થયા વિના પ્રતીત કોની કરે? એ તો બીજી વાત છે. ૧૭-૧૮ ત્યાં વંચાણીને. આત્મા શુદ્ધ ચૈતન્યઘન, પૂર્ણ આનંદ, અતીન્દ્રિય આનંદ એનું વર્તમાન જ્ઞાનની દશામાં તેને જ્ઞેય ધ્યેય બનાવીને જે જ્ઞાન એ વસ્તુનું થાય એમાં પ્રતીત કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! હજી તો સમ્યગ્દર્શન આવું કહેવાય. એ સમ્યગ્દર્શનની ખબરું ન મળે અને થઈ ગયા વ્રત ને ચારિત્ર

ને તપ. રણમાં પોક મૂકવા જેવી છે બધી વાતું. આહાહા..! આમને આમ અનાદિથી સંસારમાં રખડી રહ્યો છે ચોર્યાસીના અવતાર.

'**પહિલે આત્મા કો જાનના,...**' પહેલામાં પહેલું કર્તવ્ય ભગવાને કહ્યું હોય તો, એ આત્મા દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ રાગ છે એનાથી ભિન્ન ચૈતન્યતત્ત્વ છે. ૩૮મી ગાથામાં ત્યાં આવ્યું હતું મુંબઈ, બહુ ઝીણું. સંવર, નિર્જરા, મોક્ષ અને આસ્રવ-દયા, દાનના વિકલ્પ એવા જે નવ તત્ત્વો પર્યાયના એનાથી આત્મા અત્યંત જુદો છે. આ શું વળી આવું? સંવર, નિર્જરા અને મોક્ષ જે દશા આત્માની, એનાથી પણ આત્મા અત્યંત જુદો છે. હવે ઈ શું? કહો. કેમકે એ બધી પર્યાયો છે, અવસ્થાઓ છે. દયા, દાન, વ્રતના વિકલ્પ એ આસ્રવતત્ત્વ છે, એમાં અટકવું એ બંધતત્ત્વ છે, સ્વભાવ ચૈતન્યના આનંદને આશ્રયે જે સંવર શુદ્ધિ પ્રગટે એ સંવરદશા છે, અંતરને આશ્રયે શુદ્ધિની વૃદ્ધિ થાય, આનંદની વૃદ્ધિ થાય એ નિર્જરાતત્ત્વ છે અને પૂર્ણાનંદની પ્રાપ્તિ થાય તે મોક્ષતત્ત્વ છે. આહાહા..! એ નવેય તત્ત્વોથી દ્રવ્ય જુદું છે. આહાહા..! કેમકે નવ છે એ પર્યાય છે અને દ્રવ્ય છે એ પર્યાયથી ભિન્ન (છે). આહાહા..! શરીરથી ભિન્ન માનવું હજી કઠણ પડે, એને કર્મથી ભિન્ન માનવું કઠણ પડે અને આ વ્રત ને તપ ને વિકલ્પ જે રાગ હોય એ બંધનું કારણ રાગ ઝેર છે એનાથી ભિન્ન માનવું અને એની સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાયથી એને ભિન્ન માનવું. આહાહા..! શરતું બહુ પણ, ભાઈ! '**આત્મા કો જાનકર...**' પહેલું તો એનું જ્ઞાન કરવાનું છે. જેને ધર્મ કરવો હોય તો.

મુમુક્ષુ :- આખી દુનિયાને કરવો છે.

ઉત્તર :- દુનિયાને ક્યાં ભાન કે દિ' છે તો કરે? રાગને કરે, પુણ્યને કરે અને ધર્મને માને. એમ મનાવે છે, આખા સંપ્રદાયમાં મનાવે છેને. આ કરો, વ્રત કરો, આ અપવાસ કરો, તપ કરો એ તમારે ધર્મ. મિથ્યાદૃષ્ટિ છે એ તો. જૈનદર્શનના વેરી છે. આવું સ્વરૂપ છે, બાપુ! વસ્તુસ્વરૂપ અંદર. આહાહા..! પ્રથમમાં પ્રથમ આત્મા કો જાનના એમ પહેલા આવી ગયું છે ૬૬માં. આત્માને જાણવું એટલે? શાસ્ત્રથી જાણવું કે એમ નહિ.

મુમુક્ષુ :- ગુરુ પ્રસાદથી જાણવું એમ.

ઉત્તર :- એ ગુરુ પ્રસાદથી જાણવું એમ પણ નહિ.

મુમુક્ષુ :- એમાં આવ્યું છે.

ઉત્તર :- એ આવ્યું એ ગુરુએ એમ કહ્યું હતું એમ કહે છે. જૈનના ગુરુ એને કહીએ કે જે રાગથી ભિન્ન પડીને એને આત્માનો આનંદ બતાવે કે જો તારા રાગના વિકલ્પથી ભિન્ન પડીને જે આનંદસ્વરૂપ છે એની દૃષ્ટિ કર. એમ જૈન ગુરુઓનો ઉપદેશ હોય અને જે કોઈ

એવો ઉપદેશ આપે કે આ વ્રત ને તપ ને આ કરો એ ધર્મ છે, એ મિથ્યા દૃષ્ટિ છે, જૈનદર્શન નહિ. એ જૈનદર્શનને માનનારા નહિ. આહાહા..! આકરી વાતું, બાપા!

મુમુક્ષુ :- સીધી ને સરળ વાત છે.

ઉત્તર :- સીધી પણ આકરી પડે આ. વર્ષ કેટલા ગાળ્યા હોય. આહાહા..!

'**પહિલે કહા થા કિ આત્મા કો જાનના,...**' આહાહા..! જ્યાં સુધી આત્મજ્ઞાન ન હોય ત્યાં સુધી એનું બધું વ્યર્થ છે, ચાર ગતિમાં રખડવા માટે છે. એના વ્રત ને તપ ને જાપ ને એ બધા ચાર ગતિમાં રખડવાને માટે છે. આહાહા..! હવે માણસ સાંભળે છે કાંઈક હોં! હવે એમ નથી. મુંબઈમાં ૧૦-૧૦ હજાર માણસ છેલ્લે દિવસે. પણ આ વાત હતી ઝીણી. બાપુ! માર્ગ આ છે. વીતરાગ કેવળજ્ઞાની પરમાત્મા એણે તો જીવની પર્યાય આસ્રવ દયા, દાનના વિકલ્પ, વ્રતનો, તપનો વિકલ્પ એ તો રાગ છે. તપ હતું કે દિ'. અને સંવર, નિર્જરાની દશા જે આત્માને આશ્રયે થાય એ દશાથી પણ ધ્રુવ છે એ ભિન્ન છે. આહાહા..! એવા ધ્રુવને અવલંબીને જે સમ્યગ્દર્શન થાય એને આત્મજ્ઞાન અને દર્શન કહે છે. કહો, પ્રવીણભાઈ!

પછી આત્માને જાણીને '**ભાના,...**' ધર્મી જીવે પહેલો આત્માને જાણવો. ધર્મ કરનારે ધર્મ કરનારી ચીજ શું છે (એને જાણવી). એવો ભગવાન સચ્ચિદાનંદ સિદ્ધ સ્વરૂપ છે અંદર એને પહેલો જાણવો, ઓળખવો, માનવો, પછી એની ભાવના કરવી. એટલે? વારંવાર અનુભવ કરવો. આહાહા..! એ આનંદસ્વરૂપ ભગવાન આત્મા, એનો ધર્મીએ વારંવાર અનુભવ કરવો, એને ભાવવો. નિમિત્તને, રાગને અને પર્યાયને ન ભાવવો એમ કહ્યું. આહાહા..! આવો માર્ગ આકરો મુશ્કેલ પડે. બિચારા બીજે રસ્તે ચડી ગયા અને ચડાવ્યા બેય જણાએ. બધા નિગોદના રસ્તા છે. એક શરીરમાં અનંતા પડશે, જાશે. સમજાણું કાંઈ? વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનું તો આ કથન છે. એના બહાને નવા બનાવ્યા શાસ્ત્રો એમાં બધી વાત કલ્પિત બનાવી દીધી.

'**ભાના,...**' આત્માના આનંદસ્વરૂપને ઓળખી ધર્મી જીવે વારંવાર એના આનંદનો અનુભવ કરવો એમ કહે છે. આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે આહાહા..! એને વારંવાર ભાવવો. પછી '**વિષયોં સે વિરક્ત હોના...**' ચારિત્ર છે. ઓલું તો ચોથે ગુણસ્થાને પણ હોઈ શકે છે અને હવે તો વિષયો એટલે પર તરફની વૃત્તિઓ છોડી દઈને, પર તરફના વલણના ભાવને છોડી દઈને '**વિષયોં સે વિરક્ત હોના ઉત્તરોત્તર દુર્લભ પાયે જાતે હૈં...**' એક પછી એક વાત દુર્લભ છે. આહાહા..! પ્રથમ સમ્યગ્દર્શન, આત્મજ્ઞાન જ અપૂર્વ વાત છે. એના પછી અનુભવ કરવો એ મહાદુર્લભ છે. વારંવાર એમાં આત્માનો સ્પર્શ કરવો અને પછી આસક્તિ જે હતી વિષયોની, વિષયોમાં સુખબુદ્ધિ તો ટળી ગઈ હતી, સમ્યગ્દર્શન થતાં, આત્મજ્ઞાન

થતાં વિષયમાં સુખ છે એ બુદ્ધિ તો ટળી ગઈ હતી. સુખ વિષયની વાસનામાં નથી, સંયોગમાં નથી, સુખ લક્ષ્મીમાં નથી, સુખ બહારની આબરૂ-કીર્તિમાં નથી એ બુદ્ધિ તો આત્મજ્ઞાન થતાં સમ્યગ્દૃષ્ટિને પરમાંથી સુખબુદ્ધિ તો ઊડી ગઈ હોય છે. આહાહા..! આવી વાતું કાને પડતા... પણ આસક્તિનો ભાવ રહી ગયો હોય છે, સમ્યગ્દૃષ્ટિને અનુભવ હોવા છતાં. ઈન્દ્રિયના વિષયોનો, સુખબુદ્ધિનો ભાવ ગયો હોય, પણ આસક્તિનો ભાવ રહ્યો હોય એને છોડવું એમ કહ્યું છે. આહાહા..!

'**વિષયોં સે વિરક્ત હોના...**' આસક્તિનો ચારિત્રદોષ છે. વિષયમાં સુખ છે એ મિથ્યાત્વ દોષ છે. આહાહા..! શરીરમાં, આબરૂમાં, પૈસામાં, મકાનમાં સુખ છે એ તો મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વનો દોષ છે, ઊંધી શ્રદ્ધાનો દોષ છે. આહાહા..! પણ એ સુખબુદ્ધિ ટળ્યા છતાં એમાં આસક્તિ જે રહી ગઈ છે એને ટાળીને આત્માનુભવ કરવો. એટલે મુનિપણાની વાત કરે છે ભાઈ મૂળ તો. વિષયોં સે વિરક્ત મુનિ સાચા સંત, સમકિતી જ્ઞાની જે જંગલમાં વસતા હોય છે મુનિ તો. મુનિ જૈન વીતરાગના મુનિ એને કહીએ કે જે નગ્ન હોય, ત્રણ કષાયનો અભાવ હોય અને જંગલમાં હોય અને આહાર લેતા હોય તે ઊભા ઊભા હાથમાં લે, એને જૈનમુનિ, વીતરાગમુનિ, જૈનના સાધુ એને કહીએ. સમજાણું કાંઈ? આહાહા..! એ વિષયથી વિરક્ત થઈ ગયા.

'**વિષયોં મેં લગા હુઆ પ્રથમ તો આત્મા કો જાનતા નહીં હૈ...**' એટલે કહે છે કે જેને પાંચ ઈન્દ્રિયના વિષયમાં જેને રુચિ અને રસ છે એને આત્માનું જ્ઞાન નહિ થાય. આહાહા..! કેમકે આત્મા અણીન્દ્રિય આનંદસ્વરૂપ છે. અણીન્દ્રિય આનંદસ્વરૂપ છે. ઈન્દ્રિયના વિષયમાં જેની રુચિ છે, પ્રેમ છે, એને આત્મજ્ઞાન નહિ થાય. આહાહા..! એને સમકિત નહિ થાય એમ કહે છે. '**પ્રથમ તો આત્મા કો જાનતા નહીં હૈ ઐસા કહા,...**' કહ્યુંને? '**વિષયોં મેં લગા હુઆ પ્રથમ તો આત્મા કો જાનતા નહીં હૈ...**' જેનું વલણ જ પર તરફ (છે), પછી ભગવાનની વાણી હો કે સાક્ષાત્ ત્રિલોકનાથ હો, એના તરફના વલણના રાગમાં પ્રેમ જેને છે એને આત્મજ્ઞાન નહિ થાય. આહાહા..! એને સમ્યગ્દર્શન નહિ થાય. આત્માનો વિષય જે ધ્રુવ ધ્યેય એને છોડીને જેને બાહ્યના પાંચ વિષયોમાં શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એમાં જેનું ચિત્ત લાગ્યું છે, ચિત્ત ત્યાં ચોંટ્યું છે એનું, એને એવા રાગના રસિક જીવને ચૈતન્ય ભગવાન આત્માનું જ્ઞાન એને નહિ થાય. આહાહા..! '**ઐસે કહા,...**' છે અંદર?

'**વિષયો મેં લગા હુઆ પ્રથમ તો આત્મા કો જાનતા નહીં હૈ ઐસે કહા,...**' વિષયો છોડી દેવા એમ નહિ. છોડી તો અનંત વાર બહારથી ક્રિયાઓ છોડી, પણ એ પર

તરફના વલણના રાગમાં પ્રેમ છે, આહાહા..! એને છોડવો એ વિષયને છોડ્યા એમ કહેવામાં આવે છે. આમ તો અનંત વાર બાળબ્રહ્મચારી થયો. એમાં શું ધૂળ થઈ? એક શુભભાવ હો, પરના વલણવાળો ભાવ એ કાંઈ ધર્મ નથી. આહાહા..! દિગંબર મુનિ થયો મિથ્યાદૃષ્ટિ, મહાવ્રત પાળ્યા, પંચ મહાવ્રત-અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય પાળ્યા તોપણ એ મિથ્યાદૃષ્ટિ છે. કેમકે એ રાગમાં જેને રસ છે. વિષયમાં જ રસ છે એને પરમાં, એમ કહે છે. મનસુખભાઈ! આહાહા..! ચૈતન્ય આનંદનો નાથ ભગવાન એના પ્રત્યેનો રસ સન્મુખ થવાનો નથી એને. આમ રસ છે. એ પરમાં જેનો રસ છે એને આત્માનું જાણવું થતું નથી. આહાહા..!

'**અબ યહાં ઈસ પ્રકાર કહા કિ આત્મા કો જાનકર ભી વિષયોં કે વશીભૂત હુઆ ભાવના નહીં કરે...**' વળી જાણ્યો આત્માને પણ એમાં વારંવાર અનુભવ નહિ કરે અને આસક્તિમાં રોકાશે એ ભ્રષ્ટ થઈ જશે. આહાહા..! જુઓ! ભગવાનની વાણી આ. તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમાત્માની આ વાણી છે. '**તો સંસારમેં ભ્રમણ કરતા હૈ,...**' આત્માનું જ્ઞાન થયાં છતા એનો અનુભવ વારંવાર ન કરે, અંતર આનંદનો અનુભવ (ન કરે) એ પણ ભ્રષ્ટ થશે. આહાહા..! લોકોને વ્હાલો લાગશે બાહ્ય ત્યાગ હોય એટલે. એ તો પરિભ્રમણ કરશે ચાર ગતિમાં.

'**ઈસલિયે આત્મા કો જાનકર વિષયોં સે વિરક્ત હોના...**' આત્માનું ભાન અનુભવ કરી અને પછી આસક્તિનો ત્યાગ કરીને સ્થિરતા કરવી એમ કહે છે. શૈલી જ જુદી જાતની છે. વીતરાગી શૈલી છે. આ તો વીતરાગ માર્ગ છે. જેને ઈન્દ્રો અને ગણધરો સાંભળે છે એ વાત કેવી હોય? ઈન્દ્ર જે એકાવતારી છે. સુધર્મ દેવલોકના દેવ. એની પત્ની પણ સમકિતી અને એકાવતારી છે. બેય પતિ-પત્ની એક ભવ કરીને મોક્ષ જનારા છે. સુધર્મ દેવલોક છેને. ૩૨ લાખ વિમાન છે. એનો દેવ ઈન્દ્ર અને પત્ની બેય એક ભવ કરીને મોક્ષ જનારા છે. ત્રણ જ્ઞાન તો છે, સમકિત છે. એ ભગવાન પાસે સાંભળવા આવે. એ કેવું સાંભળતા હશે? દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો. હવે એ તો કુંભાર પણ કહે છે. એ વાણી ભગવાનની કેવી હોય? આહાહા..! એ આવા એકાવતારી જીવો સાંભળવા આવે લોકના સ્વામી અને સમ્યગ્દૃષ્ટિ અને જેને એક ભવ કરીને મોક્ષ જાવું છે. એની આ વાણી વીતરાગની આવી સાંભળે એ. ઓહો..! ત્રણ લોકનો નાથ આનંદસ્વરૂપ પ્રભુ તું છો. આહાહા..! એની દૃષ્ટિ ઉપરાંત હવે આસક્તિનો ત્યાગ કરીને સ્વરૂપમાં ઠર આનંદમાં. જે સમ્યગ્દર્શનમાં આનંદસ્વરૂપ આત્મા આવ્યો હતો, જાણ્યો હતો, એમાં હવે ઠર. આહાહા..! કેવળી વીતરાગની વાણી પરમેશ્વર જિનવરદેવ સમવસરણમાં આમ દિવ્યધ્વનિ દ્વારા ઉપદેશ આપ્યો.

'**આગે કહતે હૈં કિ જો વિષયોં સે વિરક્ત હોકર આત્મા કો જાનકર ભાતે**

हैं वे संसार को छोडते हैं -'

जे पुण विसयविरत्ता अप्पा णाऊण भावणासहिया।
छंडंति चाउरंगं तवगुणजुत्ता ण संदेहो।।६८।।

**'अर्थ :- फिर जो पुरुष मुनि...'** 'अप्पा' લીધું છેને? મુનિ દિગંબર સંત. જે જંગલમાં વસે છે. આહાહા..! માતાએ જન્મ્યો એવું એનું રૂપ હો. ... આવે છેને. કેવળજ્ઞાની ... મુનિઓ ... આહાહા..! ..ભાઈ! આવું સાંભળવું કઠણ પડે. ... આહાહા..! ... **'मुनि विषयों से विरक्त हो...'** જેને આત્મજ્ઞાન થયું છે એ મુનિ દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ છે એ તો રાગ છે. એ રાગને પણ જેણે છોડ્યો છે એમ કહે છે. એ **'मुनि विषयों से विरक्त...'** પર તરફના વિષયના ધ્યેયથી છૂટ્યો છે અને પોતાનું ધ્યેય આનંદસ્વરૂપ ભગવાન આત્મા, એમાં જે લીન છે. આહાહા..! એ **'आत्मा को जानकर भाते हैं,...'** એ આત્માનું જ્ઞાન કરી અને પછી એની ભાવના વારંવાર અનુભવ, વારંવાર અનુભવ. આહાહા..! વારંવાર ઉપયોગ શુદ્ધ ઉપયોગ થઈ જાય છે એમ કહે છે.

**'आत्मा को जानकर भाते हैं,...'** આત્મા વસ્તુ જે શુદ્ધ આનંદ અને પૂર્ણ જ્ઞાનથી ભરેલું છલોછલ, આનંદ અને શાંતિથી ભરેલો પદાર્થ દરિયો છે એ આત્મા. આહાહા..! એનું આત્મજ્ઞાન કરી અને એની ભાવના કરવી વારંવાર. આહાહા..! **'बारंबार भावना द्वारा अनुभव करते हैं...'** આત્માના આનંદનો અનુભવ વારંવાર કરે. 'અનુભવ રત્ન ચિંતામણિ.' એ આનંદનો સ્વરૂપનો અનુભવ એ રત્ન ચિંતામણિ ધર્મ છે. આહાહા..! 'અનુભવ રત્ન ચિંતામણિ અનુભવ હૈ રસકૂપ.' એ આનંદના રસનો એ... શું કહેવાય એ? કૂપ. ભૂલી ગયા નામ.. આ શું કહેવાય? કૂપ-કૂપ. કૂપ કહે છેને? આ ઘાસતેલનું ભરે છે કે નહિ? શીશો-શીશો. શીશો. શીશો હોય છેને આ શીશો? મોટો શીશો. એમ આત્મા મોટો શીશો છે આનંદરસનો, એમ કહે છે. એનો અનુભવ એ આનંદનો રસ છે. સમ્યગ્દૃષ્ટિને ધર્મી જીવને એ આનંદના રસનો અનુભવ અને આનંદનો સ્વાદ આવે છે. આહાહા..! એને ધર્મ અને એને ધર્મી કહેવામાં આવે છે. એ અનુભવરસ. 'અનુભવ માર્ગ મોક્ષનો.' એ આનંદસ્વરૂપ ભગવાન આત્માનું ભાન કરીને પણ વારંવાર આનંદનો અનુભવ કરવો એ મોક્ષનો માર્ગ છે. એવા ધર્માત્માને પંચ મહાવ્રતના વિકલ્પ વચ્ચે આવે નગ્ન મુનિદશાવંતને પણ, આવા આનંદવાળાને પણ, એને એ રાગ તરીકે, હેય તરીકે જાણે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઓલા તો મહાવ્રત એટલે ધર્મ માને. ત્યાં ક્યાં એને ભાન છે. મહાવ્રત એટલે આસ્રવ ભાવ છે એ તો. વિકારભાવ છે. આમ કરું પરની દયા પાળું, પરને દુઃખ ન દઉં,

શરીરથી બ્રહ્મચર્ય પાળું, એ બધો રાગ છે, એ તો વિકલ્પ છે. વીતરાગમાર્ગ બહુ આકરો ભાઈ! વીતરાગ સિવાય એ બીજે વાત છે નહિ, હોય નહિ.

એ તો કહ્યું હતુંને. સંપ્રદાયમાં કહ્યું હતું. કીધું નહોતું એક ફેરી? ૧૯૮૫ની સાલ પોષ મહિનો. બોટાદમાં સભા મોટી. ત્યાં તો ૩૦૦ ઘર તે દિ'. હવે તો વધી ગયા છે. ૧૫૦૦-૧૫૦૦ માણસની સભા. ખીચોખીચ અપાસરો ભરાય અને પાછળ શેરી ભરાય એટલું માણસ. બે વાત કરી હતી થોડી જરી. ભડકી જાય એવી. ૮૫ની વાત છે. ૪૫ વર્ષ થયા. કીધું, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ભાવ ધર્મ નહિ. જે ભાવે બંધ થાય એ ભાવ ધર્મ નહિ. બંધ થાય તીર્થંકર પ્રકૃતિ એ ભાવ ધર્મ ક્યાંથી હોય? આહાહા..! એ તો અપરાધ છે. શુભોપયોગનો અપરાધ છે. આહાહા..! અને પંચ મહાવ્રતના પરિણામ એ આસ્રવ છે કીધું. આ બે વાત ૪૫ સાલ પહેલા સભામાં સંપ્રદાયમાં કરી હતી. માર્ગ વીતરાગનો આ છે બાપા! ઓલા લોકો તો સાંભળતા બિચારા. રાયચંદ ગાંધી, શિવલાલ ગોપાણી. એને કાંઈ (નહિ). મહારાજ કહે છે. શિવલાલ ગોપાણી હતા, રાયચંદ ગાંધી, વીરચંદ, નારણ શેઠ કેવા એ? નારણભાઈ નહિ? નારણ ભુદર. એ શેઠ હતાને? બધા પાસે... જગજીવનજી બેઠા હતા જોડે. એને ન રુચ્યું. એ કહે વોસરે... વોસરે.. ઉઠી ગયા. કોઈએ એને સાંભળ્યું નહિ, સમજ્યા નહિ. પછી કીધું, ભાઈ તમને ન બેસે તો બેઠા બેઠા ત્યાં બેસી રહેવું હતુંને. તમે શું કીધું મને ખબર પડી. લોકો તમને જાણે છે કોઈ કાંઈ? તમે કીધું આ તમને વોસરે-વોસરે એટલે આ શ્રદ્ધા અમારે ન જોઈએ એમ. હતી કે દિ' ત્યાં તારે? આખી સભા તો કાંઈ સમજ્યા પણ નથી તમે શું કીધું એ. બેસી રહ્યા હોત તો વાંધો શું હતો? જગજીવનજી હતા મૂળચંદજીથી નાના. મૂળચંદજી મોટા. મૂળ સંપ્રદાયમાં વાત જ નથી. આખા જૈન સંપ્રદાય કહેવાય વીતરાગ એ સિવાય આ બીજા સંપ્રદાયોમાં એ વાત જ નથી. એના ગુરુ, કુગુરુ પ્રરૂપણા એવી કરે છે કે આ વ્રત પાળવા એ ધર્મ છે, અપવાસ કરવા એ નિર્જરા છે. બધી તત્ત્વની દૃષ્ટિથી વિરુદ્ધ પ્રરૂપણા છે. શાંતિભાઈ!

અહીં કહે છે, **'આત્મા કો જાનકર ભાતે હૈં,...'** મુનિઓ. એને મુનિ કહીએ. આહાહા..! મુનિપણું તો જગતે સાંભળ્યું નથી હજી. કોને મુનિ કહેવા? જેને આત્મજ્ઞાન સમ્યક્ અનુભવ હોય એ ઉપરાંત જેને વસ્ત્ર-પાત્ર છૂટી જઈને નગ્નદશા થઈ ગઈ હોય, વનમાં વસતા હોય, એકવાર આહાર લેવા જંગલમાંથી આવતા હોય, ઊભા ઊભા હાથમાં આહાર લેતા હોય, અંદરમાં વીતરાગ દશા ત્રણ કષાયના અભાવની પ્રગટી હોય એને વીતરાગમાર્ગમાં મુનિ કહેવામાં આવે છે. આહાહા..! કહો સમજાણું કાંઈ? દેવમાં ફેર, ગુરુમાં ફેર, શાસ્ત્રમાં ફેર બધું ફેર. કહો, નગીનભાઈ! બધો ફેર છે આવો. આહાહા..! ભાગ્યશાળી રૂડા જીવ હોય એને આ

વાત બેસે એવી છે. જન્મ-મરણના અંત લાવવા હોય, ચોર્યાસીના અવતાર... આહાહા..!

'**આત્મા કો જાનકર ભાતે હૈં,...**' એ સમ્યગ્દષ્ટિ જીવ આત્માનું જ્ઞાન કરીને પછી વારંવાર અનુભવ કરે છે. એમ નથી કહ્યું કે પંચ મહાવ્રત પાળે છે. આહાહા..! એને વચમાં વિકલ્પ આવે ખરો આવા અનુભવી જીવને પણ, પણ એ પાળે છે એમ નહિ. એને છોડીને અનુભવ કરે છે. આહાહા..! ચરણાનુયોગમાં વ્યવહારનયનું કથન હોય ત્યાં નિશ્ચય-વ્યવહારને આવું હોય એમ બતાવે. આહાહા..! વીતરાગ પરમેશ્વરનો અનાદિ સનાતન કેવળીનો માર્ગ તો આ છે.

'**બારંબાર ભાવના દ્વારા અનુભવ કરતે હૈં વે તપ અર્થાત્ બારહ પ્રકાર તપ ઔર મૂલગુણ ઉત્તરગુણો સે યુક્ત હોકર...**' ઈચ્છા નિરોધરૂપી તપસ્યા જેને હોય છે. આત્માના આનંદની લહેરમાં આવતા જેને ઈચ્છા ઉત્પન્ન થતી નથી એવી ઈચ્છાનિરોધનું જેને તપ હોય છે. બાર પ્રકારના તપ નિમિત્તથી કથન કર્યું છે. '**ઔર મૂલગુણ ઉત્તરગુણો...**' સાધુના મૂળગુણ અઠ્યાવીશ હોય છે. પંચ મહાવ્રત વિકલ્પ છે, અચેલપણું, ઊભા-ઊભા આહાર, અદંતધોવન, નગ્નપણું વગેરે અઠ્યાવીશ મૂળગુણ છે એ જેને વ્યવહારથી હોય છે. ઉત્તરગુણો તો અંદર વિશેષ નિર્મળતા. એવા '**યુક્ત હોકર સંસાર કો છોડતે હૈં,...**' આ પાંચમા આરાના સાધુની વાત ચાલે છે. ઓલા કહે કે ચોથા આરાના. શેઠ બહુ કહે છેને વારંવાર? ભગવાનદાસ. આ તો પાંચમા આરાના સંતો પાંચમા આરાના સંતની કેવી સ્થિતિ (હોય) એનું વર્ણન કરે છે. આહાહા..! '**સંસાર કો છોડતે હૈં, મોક્ષ પાતે હૈં.**' આહાહા..!

'**ભાવાર્થ :- વિષયોં સે વિરક્ત હો આત્મા કો જાનકર ભાવના કરના, ઈસસે સંસાર સે છૂટકર મોક્ષ પ્રાપ્ત કરો, યહ ઉપદેશ હૈ.**'

'**આગે કહતે હૈં કિ યદિ પરદ્રવ્ય મેં લેશમાત્ર ભી રાગ હો તો વહ પુરુષ અજ્ઞાની હૈ, અપના સ્વરૂપ ઉસને નહીં જાના :-**' આહાહા..!

परमाणुपमाणं वा परदव्वे रदि हवेदि मोहादो।
सो मूढो अण्णाणी आदसहावस्स विवरीओ।।६९।।

જે કોઈ આત્માને '**પરદ્રવ્ય મેં...**' એટલે કે રાગમાં, પરવસ્તુમાં જરી પણ '**પરમાણુ પ્રમાણ ભી લેશમાત્ર મોહ સે રતિ...**' છે. તેની રુચિ છે. નાનામાં નાના રાગની પણ જેને રુચિ છે, એની પ્રીતિ અને રાગ છે '**વહ પુરુષ મૂઢ હૈ,...**' આહાહા..! એને અહીં પરમાત્મા મિથ્યાદષ્ટિ (કહે છે). રાગનો એક કણ સૂક્ષ્મ પંચ મહાવ્રતનો કે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો કે વ્યવહાર સમિતિ-ગુપ્તિનો રાગ, એ રાગ છે બધો વિકલ્પ, એની જેને રુચિ છે. '**મોહ સે રતિ...**' એમ કીધુંને? મિથ્યાત્વભાવથી જેને પ્રેમ છે. આહાહા..! શ્રીમદ્દે કહ્યુંને,

દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય કાંઈક સમજી શકાય છે. શ્વેતાંબરની મોળાશને લઈને રસ ઠંડાતો ગયો. વિપરીત થઈને, મોળાશ શું વિપરીત. એ શબ્દ છે.

'**જિસ પુરુષ કે પરદ્રવ્ય...**' સ્વદ્રવ્ય ચૈતન્ય ભગવાન, એનો પ્રેમ અને દૃષ્ટિ છોડીને રાગના નાનામાં નાનો (અંશ) દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો રાગ એ રાગમાં જેને મોહથી પ્રેમ છે, મિથ્યાત્વનો પ્રેમ છે એને. આહાહા..! '**વહ પુરુષ મૂઢ હૈ.**' એ અજ્ઞાની છે. આહાહા..! '**આત્મસ્વભાવ સે વિપરીત હૈ.**' આત્માનો સ્વભાવ પોતાનો પ્રભુનો તો જ્ઞાન, આનંદ આદિ એનો સ્વભાવ છે. એનો જેને પ્રેમ નથી અને રાગનો જેને પ્રેમ છે, મોહ છે, એમાં સાવધાન છે એમ કહેવું છે. આહાહા..! તો એ પુરુષ આત્માના સ્વભાવમાં મૂઢ છે અને આત્માના સ્વભાવથી વિપરીત છે. આવું સાંભળવાનું મળે ઓછું અને સાંભળે ત્યારે ઝટ બેસે નહિ એવી વાતું આ. નવા માણસને તો અભ્યાસ જોઈએ વારંવાર એનો. એને અંદર સમજી શકાય એવી યોગ્યતાથી અભ્યાસ જોઈએ. આ તો અનંત સંસારનો અંત લાવવાની વાતું છે, પરિભ્રમણ મટાડવાની વાત છે. મોક્ષપાહુડ છેને. મોક્ષપ્રાભૃત, મોક્ષસાર. પૂર્ણાનંદની પ્રાપ્તિ આત્માની એ મોક્ષ. એના સારના ભેટણાની આ વાત છે. આહાહા..!

'**ભાવાર્થ :- ભેદવિજ્ઞાન હોને કે બાદ જીવ-અજીવ કો ભિન્ન જાને,...**' સમ્યગ્દર્શન થયા પછી જીવ-અજીવને ભિન્ન જાણે. '**તબ પરદ્રવ્ય કો અપના ન જાને...**' એ રાગ અને પુણ્યનો દયા, દાન, વ્રત, તપનો ભાવ એ વિકલ્પ છે, રાગ છે. એને '**અપના ન જાને...**' એને પોતાનું સ્વરૂપ ન માને. આહાહા..! શું કહ્યું? '**ભેદવિજ્ઞાન હોને કે બાદ જીવ-અજીવ કો ભિન્ન જાને, તબ પરદ્રવ્ય કો અપના ન જાને તબ ઉસસે રાગ ભી નહીં હોતા હૈ...**' જે પરથી ભિન્ન આત્માને જાણ્યો અને આત્માથી ભિન્ન રાગાદિને જાણ્યો તેને રાગમાં પ્રેમ હોતો નથી. આહાહા..!

'**યદિ હો તો જાનો કિ ઇસને સ્વ-પર કા ભેદ નહીં જાના હૈ,...**' જેને એ શુભરાગ, શુભ ક્રિયાકાંડનો પ્રેમ છે એમ છે, એને જીવ અને અજીવનું ભેદજ્ઞાન નથી. આહાહા..! '**અજ્ઞાની હૈ,...**' લ્યો! જેને આનંદસ્વરૂપ ભગવાન રાગ અને અજીવથી, અજીવ એટલે કર્મ અને શરીર, રાગ એટલે આસ્રવ વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપનો વિકલ્પ, એનાથી જેણે ભેદ કર્યો છે આત્માને એને એ રાગ પ્રત્યે રુચિ હોતી નથી. અને હો તો જાણો કે એને બેનું ભેદજ્ઞાન નથી. આહાહા..! આત્મા આનંદસ્વરૂપ અને રાગનો વિકલ્પ આકુળતાસ્વરૂપ. આહાહા..! પંચ મહાવ્રતના વિકલ્પ આવે ખરા મુનિ, આત્મધ્યાનીને, પણ એ આકુળતા છે એમ જાણે. એ આકુળતાનો પ્રેમ એને હોતો નથી. આહાહા..! ભારે કસોટી ભાઈ!

'**આત્મસ્વભાવ સે પ્રતિકૂલ હૈ ઔર જ્ઞાની હોને કે બાદ...**' ભેદજ્ઞાન એટલે જ્ઞાની થયા બાદ-રાગનો વિકલ્પ અને નિર્વિકલ્પ ભગવાન આત્મા બેની ભિન્નતાને જાણી છે પછી '**ચારિત્રમોહ કા ઉદય રહતા હૈ...**' રાગ હોય છે એને થોડો. વીતરાગ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી ભેદજ્ઞાનીને પણ રાગ તો હોય છે. '**જબતક કુછ રાગ રહતા હૈ ઉસકો કર્મજન્ય અપરાધ માનતા હૈ,...**' આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એને અપરાધ માને એમ કહે છે. આત્મભાન છે, મહાવ્રતના પરિણામ એ રાગ છે. ભેદજ્ઞાન થયું છે તો રાગથી ભિન્ન આત્માને જાણ્યો છે. એને રાગમાં પ્રેમ નથી, અપરાધ માને છે એ. આહાહા..! પંચ મહાવ્રતના પરિણામને સમકિતી અપરાધ માને છે. ગજબ વાતું આવી. ઓલા તો કહે પંચ મહાવ્રત... આપણા શાસ્ત્રમાં પંચ મહાવ્રતને સંવર કીધા છે. એમ વળી કહે છે અત્યારે. આહાહા..! દિગંબર શાસ્ત્રમાં ભલે આમ કહ્યું હોય એમ કહે છે. ખોટા શાસ્ત્ર છે તારા. મિથ્યાદષ્ટિએ બનાવેલા છે. આહાહા..! આત્માનું ભાન—ભેદજ્ઞાન-અજીવ, શરીર, કર્મ અને આસ્રવ રાગ અને આત્મા જ્ઞાયક—એમ બેથી ભિન્ન પડેલું ભાન થયેલો એને હજી રાગ કર્મના નિમિત્તના સંગે થોડો રાગ હોય છે, વીતરાગ ન થાય ત્યાં સુધી, પણ એને એ અપરાધ માને છે, ગુનો માને છે. આહાહા..!

'**ઉસ રાગ સે રાગ નહીં હૈ,...**' રાગનો પ્રેમ નહિ, રાગનો જાણકાર રહે. આહાહા..! '**ઇસલિયે વિરક્ત હી હૈ,...**' આ કારણે રાગની રુચિ અને પ્રેમ નથી માટે રાગથી તે વિરક્ત છે. '**અતઃ જ્ઞાની પરદ્રવ્યમેં રાગી નહીં કહલાતા હૈ,...**' ધર્મી પરદ્રવ્યના પ્રેમીલા નથી કહેવાતા. આહાહા..! ધર્મીને પરદ્રવ્ય પ્રત્યે પ્રેમ નથી, પરદ્રવ્ય જ્ઞેય છે. સ્વદ્રવ્ય જ્ઞેય અને ઉપાદેય છે. પરદ્રવ્ય જ્ઞેય અને હેય છે. આહાહા..! ભગવાન પણ પરજ્ઞેય છે, એ પણ સમકિતીને તો હેય છે નિશ્ચયથી. આવે ખરો શુભરાગ, પણ એ પણ હેય છે. આહાહા..! ભારે આવું. એ ૬૯માં કહ્યું લ્યો! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વૈશાખ સુદ ૮, સોમવાર તા. ૨૯-૦૪-૧૯૭૪**
**ગાથા – ૭૦ થી ૭૨, પ્રવચન – ૧૩૮**

... એને ચારિત્ર કહીએ. '**ઉનકો નિશ્ચયસે નિર્વાણ હોતા હૈ.**' એને નિશ્ચયથી... સાધક છેને. મુક્તિદશા કોને થાય? જેને આત્મા શુદ્ધ અખંડ અભેદ .. જેને વીતરાગ .. પછી સ્વરૂપમાં ચારિત્ર એ અતીન્દ્રિય આનંદમાં જેની રમતું હોય. આહાહા..! એને ચારિત્ર કહીએ. એવા સમ્યગ્દર્શન અને અંતર રમણતારૂપ ચારિત્ર આનંદની, બાહ્ય દશા એની નગ્ન હોય છે. એમાં તો દર્શનની બાહ્ય-અભ્યંતર શુદ્ધતા કીધી છે. એમાં એ આવી જાય છે. જેની દશા, મુનિ જેને કહીએ ભગવાનના શાસનમાં, એની તો નગ્નદશા થઈ ગઈ હોય છે. આહાહા..!

શ્રીમદ્માં એમ નથી આવતું? શરીરમાત્ર જેને.. 'માત્ર દેહ તે સંયમ હેતુ હોય' દેહ સિવાય મુનિને બીજું હોય નહિ. એવું નાખ્યું છે અપૂર્વ અવસરમાં. અંતરના આનંદની દશાનું ભાન છે અને આનંદમાં રમણતા બહુ છે, એનું નામ ચારિત્ર કહીએ. આહાહા..! અને દેહમાત્ર જેને પરિગ્રહ રહ્યો છે. નિમિત્ત બહાર. એને વસ્ત્રનો ધાગો ન હોય, પાત્ર ન હોય એને અહીંયાં જૈનદર્શનમાં વીતરાગશાસનમાં એને મુનિ કહેવામાં આવે છે. એ મુનિને '**નિશ્ચયસે નિર્વાણ હોતા હૈ.**' એને ખરેખર મુક્તિ થાય છે, એનો મોક્ષ થાય છે.

'**ભાવાર્થ :- પહિલે કહા થા કિ જો વિષયોંસે વિરક્ત હો આત્માકા સ્વરૂપ જાનકર આત્માકી ભાવના કરતે હૈં વે સંસારસે છૂટતે હૈં.**' પહેલા આવ્યું હતું. પણ આમ તો સ્ત્રીનો વિષય છોડે એ કંઈ વિષય છોડ્યો ન કહેવાય. અંતરમાં સમ્યગ્દર્શનના ભાનસહિતમાં વસ્તુ તરફના વલણની આસક્તિ છોડીને સ્વરૂપમાં રમણતા કરે એને વિષય છોડ્યા કહેવાય. ભારે વાતું, ભાઈ!

મુમુક્ષુ :- આત્માને વિષય બનાવ્યો છે.

ઉત્તર :- આત્માને વિષય જેણે બનાવ્યો છે. આત્માને વિષય બનાવ્યો એ શું? આત્મા જેણે ધ્યેય બનાવ્યો. ધ્રુવ અખંડ આનંદનો નાથ પૂર્ણ આનંદસ્વરૂપ, એવું જેણે ધ્યેય બનાવીને ધ્યાન કર્યા છે. આહાહા..! એને અંદરમાં સ્વરૂપની રમણતાની જમવટ જામે છે, અનાકુળ આનંદની લહેર આવે છે અંદર. દરિયામાં જેમ પાણીની ભરતી આવે, એમ મુનિને અંતરના આનંદની પર્યાયમાં—અવસ્થામાં ભરતી આવે છે. આ શું હશે આવું? આ તો ઓલી બહારની દયા અને લૂગડાં છોડવા. આ ઓલા શ્વેતાંબરને લૂગડા ફેરવવા એટલું. એ તો જૈનદર્શન જ નથી એને જાણે અહીં તો કહેતા. આ તો લૂગડા ફેરવીને નગ્ન થાય, એને પણ જો આ

આત્માનું સમ્યગ્દર્શન અને ભાન નથી, એને ચારિત્ર નથી અને મુક્તિ નથી. સમજાણું કાંઈ? આકરી વાતું બહુ. લાલચંદભાઈ! ... છેલ્લું આવતા જરી કઠણ પડે છે કેટલાકને. માર્ગ તો આ છે, બાપા! મીઠાશથી કહે, શાંતિથી કહે, ધીરેથી કહે કે મોટા અવાજે કહે, માર્ગ તો આ છે. પ્રવચનસારમાં આવે છે છેલ્લામાં. મોટા અવાજથી કહે, પાઠ આવે છે, હોં! કે ધીમેથી. પણ માર્ગ તો આ છે, બાપા! તું ભૂલ્યો છો તને ખબર નથી. આહાહા..!

અહીં તો કહે છે, **'આત્માકા સ્વરૂપ જાનકર આત્માકી ભાવના કરતે હૈં...'** આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્યબિંબ, એના સ્વરૂપને સ્વસન્મુખ થઈને જાણીને પછી ભાવના કરે છે એટલે અનુભવ કરે છે. વારંવાર આનંદનો અનુભવ કરે છે. આહાહા..! એનું નામ ચારિત્ર છે. વ્યાખ્યા બહુ આકરી ઝીણી છે. ગણધર ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વની રચના અંતર્મુહૂર્તમાં કરે એવા ગણધરનો જેને નમસ્કાર પહોંચે એ મુનિપણું કેવું હોય! આહાહા..! આ તો હાલી નીકળ્યા બહારથી. મિથ્યાદૃષ્ટિ સહિત બહારની ક્રિયાકાંડમાં જોડાઈ ગયા એ તો મિથ્યાત્વ, અજ્ઞાન, કુલિંગ છે. આ તો જેને ગણધર ણમો લોએ સવ્વસાહુણં. પાંચ નવકારમાં નમો લોએ સવ્વસાહુણં. ચાર જ્ઞાન છે અને ચૌદ પૂર્વની જેને રચના કરતાં અંતર્મુહૂર્ત લાગે એવા સંત-ગણધર, સંતોના નાયક એ પણ જેને નમસ્કાર કરે છે. એ સાધુપણું ભાઈ! અલૌકિક વાતું છે. સમજાણું કાંઈ? એ સાધુપણાની સ્થિતિ સાંભળવી પણ કઠણ છે. આહાહા..! કહે છે, એ ભાવના આત્માનું ધ્યાન કરીને એકાગ્ર થાય છે એ સંસારથી છૂટે છે. એની વિધિ આ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ વિધિ. લ્યો, એ તમારું યાદ આવ્યું. વિધિ-અવિધિ આવે ને તમારે? શ્વેતાંબરમાં બહુ આવે. વિધિથી આ કરવું. પણ એ વિધિ જ નથી, કુવિધિ છે બધી. આહાહા..! બહુ માર્ગ પ્રભુનો, ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે માર્ગ કહ્યો છે બાપુ! એને સાંભળવા મળે નહિ એ કે દિ' માને અને કે દિ' વિચારે? આહાહા..!

કહે છે કે **'ઇસ હી અર્થકો સંક્ષેપસે કહા હૈ કિ-જો ઇન્દ્રિયોંકે વિષયોંસે વિરક્ત હોકર બાહ્ય-અભ્યંતર દર્શનકી શુદ્ધતાસે દૃઢ ચારિત્ર પાલતે હૈં...'** આહાહા..! જેને સાચા અરિહંત સર્વજ્ઞદેવની ઓળખાણ હોય છે બાહ્ય સમકિતમાં, વ્યવહારમાં. સાચા સંત-ગુરુ-મુનિ કેવા હોય? દિગંબર નગ્ન મુનિદશા વનવાસી હોય એને અહીંયાં મુનિ માને. એની તો વ્યવહારશ્રદ્ધા આવી હોય. આહાહા..! અને જે ભગવાનના કહેલા શાસ્ત્રો, એને એ શાસ્ત્ર માને. અજ્ઞાનીના કલ્પેલા શાસ્ત્રોને એ શાસ્ત્ર ન માને. આહાહા..! એવી તો બાહ્ય જેની દર્શનની શુદ્ધતા હોય. અને અભ્યંતર શુદ્ધતા આત્માના આનંદની, અનુભવદશાની જેને પ્રતીતિ હોય.

આહાહા..! ભાષા જુદી જાતની, ભાવ જુદી જાતના. એ 'દઢ ચારિત્ર પાલતે હૈં...' લ્યો!

**'ઉનકો નિયમસે નિર્વાણકી પ્રાપ્તિ હોતી હૈ,...'** એને પૂર્ણ નિર્વાણની પ્રાપ્તિ થાય છે. પૂર્ણ શુદ્ધ એટલે પૂર્ણ આનંદ. પૂર્ણ અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિનો લાભ એને મુક્તિ કહીએ. આહાહા..! મોક્ષ. શ્રીમદ્‌માં તો એમ આવ્યું છે

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.

વીતરાગ ભગવાને નિર્ગ્રંથ મુનિઓએ આ માર્ગ કહ્યો છે અનાદિનો. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા' એટલે કે આત્માની પૂર્ણ આનંદની પ્રાપ્તિ એ નિજ શુદ્ધતા. અતીન્દ્રિય પૂર્ણ આનંદની પ્રાપ્તિ એનું નામ મોક્ષ અને એનો ઉપાય આ. સ્વરૂપ આનંદનો નાથ ભગવાન અતીન્દ્રિય બિરાજે છે. એના ભાન, જ્ઞાન કરીને પ્રતીતિ કરવી અને પછી દઢ ચારિત્ર પાળે. આહાહા..! સમ્યગ્દર્શન થયા પછી ચારિત્ર પાળે એની વાત છે. જેને હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નથી એને વ્રત ને ચારિત્ર અજ્ઞાનીના છે. આહાહા..!

**'ઇન્દ્રિયોંકે વિષયોમેં આસક્તિ સબ અનર્થોંકા મૂલ હૈ,...'** અતીન્દ્રિય આત્મા પોતે છે ભગવાન, એ અતીન્દ્રિયની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા એ મોક્ષનું કારણ. અને આમ પાંચ ઇન્દ્રિયના વિષયો તરફનું વલણ એ અનર્થનું કારણ છે એમ કહે છે. વિષય શબ્દે? અહીં તો ભગવાનની વાણી અને ભગવાન પોતે પણ ઇન્દ્રિય છે, ઇન્દ્રિયનો વિષય છે. એના તરફના વલણનો ભાવ રાગ છે એ અનર્થનું મૂળ છે. આહાહા..! ત્યાં કાયમ સાંભળવા જાવ છો કે કો'ક દિ'? કો'ક દિ'. ઠીક. રસ્તામાં સાથે હતા તે દિ'. લાલભાઈની સાથે ચર્ચા કરતા હતાને. .. ભેગા. તે દિ'ની ઓળખાણ છે લાલચંદભાઈની. લાલચંદભાઈ બહુ સારું વાંચે છે ત્યાં. વ્યાખ્યાનમાં હજારો જુવાનીયા આવતા. વ્યાખ્યાનમાં હજારો જુવાનીયા, હોં!

મુમુક્ષુ :- જુવાન પણ ઘણા બધા...

ઉત્તર :- જુવાન ઘણાં. ઘરડા હવે તો બધા થાકી ગયા. અને હજારો સ્થાનકવાસી આવતા વ્યાખ્યાનમાં. હજારો. શું કહે છે પણ આ? ૪૦-૪૦ વર્ષથી ચાલે છે આ. અને માણસ વધતું જાય છે. શું છે આ તે માર્ગ? સાંભળે તો ખરા, ભગવાન! બાપુ! તારા માર્ગની રીત છે આ. આહાહા..! ભાઈ! તારા ઉદ્ધારનો માર્ગ આ છે. દુનિયાએ બીજી રીતે માનીને કલ્પ્યો છે એ રસ્તે લાભ નહિ થાય. આહાહા..! પણ એની દરકાર બહુ ઓછા જીવો કરે. એક જણો તો એમ પૂછતો હતો કે આ અમે સંસારનું કામ પણ કરીએ અને મોક્ષના કારણ કરીએ એવો કોઈ ઉપાય? એક મ્યાનમાં બે તરવાર રહે એવું કાંઈક છે? પંડિતજી! સંસારના કામ કરી શકું છું એ જ્યાં સુધી માન્યતા છે ત્યાં સુધી મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! અરે..!

રાગ, દયા, દાન અને ભક્તિનો રાગ એ રાગ છે બધો. એને પણ કરવા લાયક છે અને કરું છું એવી કર્તાબુદ્ધિ ઈ મિથ્યાદષ્ટિ છે, એને ધર્મની ખબર નથી. આહાહા..! આ પણ કામ કરીએ અને આ પણ કામ થાય એવું બે છે? મેં કીધું, બે નથી, એક છે અહીં તો. આહાહા..! ભગવાન પરમાત્મા કેવળજ્ઞાની અરિહંતના શ્રીમુખે નીકળેલી આ વાત છે.

'**ઈન્દ્રિયોંકે વિષયોંમેં આસક્તિ સબ અનર્થોંકા મૂલ હૈ,...**' પર તરફના વિષયમાં પ્રેમ એ બધા અનર્થનું મૂળ છે. '**ઈસલિયે ઈનસે વિરક્ત હોને પર...**' પર તરફના, ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર હો કે સ્ત્રી-કુટુંબ હો એ બધા પરદ્રવ્ય છે. એના પ્રત્યેનો ઉપયોગ છોડી દઈને '**આત્મામેં લગે તબ કાર્યસિદ્ધિ હોતી હૈ.**' આહાહા..! અહીં તો ચારિત્રસહિતની વ્યાખ્યા છેને. આમ પાંચ ઈન્દ્રિયના વિષય (છોડી) બ્રહ્મચર્ય પાળે એ નહિ. એ તો બધો વિષય છે. કાયાથી બ્રહ્મચર્ય પાળે એ પણ એક શુભરાગની ક્રિયા છે, જો શુભરાગ કરતો હોય તો. દુનિયામાં દેખાવ માટે કરતો હોય તો એકલું પાપ છે. આહાહા..! '**આત્મામેં લગે...**' આત્માના આનંદના સ્વરૂપને જેણે જોયો, જાણ્યો અને આસ્વાદ લીધો છે એવા સમ્યગ્દષ્ટિ જીવે પરદ્રવ્ય તરફના વલણના ભાવને છોડી દઈ અને આત્મામાં અંદર જે સ્થિરતામાં લાગ્યા છે એને મુક્તિ છે. આહાહા..! '**તબ કાર્યસિદ્ધિ હોતી હૈ.**' એ ૭૦ ગાથા થઈ.

'**આગે કહતે હૈં કિ જો પરદ્રવ્યમેં રાગ હૈ વહ સંસારકા કારણ હૈ,...**' આહાહા..! ઓલો તો સાધારણમાં ઉતારે છે. આ અર્થકાર છેને? સ્ત્રીનો રાગને એ છેને. આચાર્યે તો પરદ્રવ્યનો રાગ કહેવો છે આખો. આ છેને? સ્ત્રી પ્રત્યેનો રાગ ને.. ઈ તો પરદ્રવ્ય ચાહે તો દેવ હોય, ગુરુ હોય, શાસ્ત્ર સાચા, હોં! ખોટાની તો વાતેય જ અહીં નથી. આહાહા..! '**જો પરદ્રવ્યમેં રાગ હૈ વહ સંસારકા કારણ હૈ,...**' આહાહા..! કેવળી પરમાત્મા એમ કહે કે અમારા પ્રત્યે પણ તને પ્રેમ છે એ રાગ છે, એ સંસારનું કારણ છે. આહાહા..! વીતરાગ એમ કહે, હોં! તારો નાથ અંદર વીતરાગમૂર્તિ આનંદનાથ બિરાજે છે. એ સ્વદ્રવ્યનો આશ્રય છોડી અને પરદ્રવ્યના લક્ષમાં જા એ રાગ સંસારનું કારણ છે. આહાહા..! એ શુભરાગ ધર્મીને પણ ભાવ હોય ખરો, પણ છે એ રાગ સંસારનું કારણ. ભાવ આવે ખરો. અશુભથી બચવા સમકિતીને પણ દેવ-ગુરુ-શાસ્ત્રનો પ્રેમ ભક્તિ (હોય), પણ છે એ રાગ બંધનું કારણ. આહાહા..!

'**ઈસલિયે યોગીશ્વર આત્મામેં ભાવના કરતે હૈં :-**'

**जेण रागो परे दव्वे संसारस्स हि कारणं।**
**तेणावि जोइणो णिच्चं कुज्जा अप्पे सभावणं।।७१।।**

'**અર્થ :- જિસ કારણસે પરદ્રવ્યમેં રાગ હૈ...**' મોક્ષ અધિકાર છેને. ૧૬મી ગાથામાં

આવી ગયું. ત્યાં મુંબઈમાં પણ કહ્યું હતું. '**परदव्वादो दुग्गइ**' ૧૬મી ગાથા છે આમાં, હોં! '**परदव्वादो दुग्गइ**' ૧૬-૧૬. પાનું-૨૪૧. આહાહા..! છે? '**परदव्वादो दुग्गइ सदव्वा दो हु सुग्गइ होइ।**' આ સિદ્ધાંત વીતરાગનો. આહાહા..! ત્યાં કહ્યું હતું, હોં! મુંબઈ. સાંભળતા હતા બધા. સાંભળે. આત્મદ્રવ્ય જે આનંદનો નાથ પ્રભુ પોતે સચ્ચિદાનંદ સ્વરૂપ, એના આશ્રયથી સુગતિ થાય. અને એને-સ્વદ્રવ્યને છોડી દઈને જેટલું પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે, આશ્રય કરે છે એટલો રાગ થાય છે અને રાગ એ આત્માની ગતિ નહિ, એ આત્માનું વર્તન નહિ, એ તો દુર્ગતિ છે. અર..ર..! આહાહા..! સાચા દેવ અરિહંત, ગુરુ...

'**આત્માહીમેં ભાવના કરતે હૈં.**' આહાહા..! આત્મા, પરમેશ્વર સર્વજ્ઞ વીતરાગ અરિહંતે કહ્યો એવો આત્મા અજ્ઞાનીએ કોઈએ જોયો નથી અને એવો કહ્યો નથી. એ સર્વજ્ઞ પરમેશ્વરે તીર્થંકરદેવે જે આ અંતર આત્મા અસંખ્ય પ્રદેશી અને અનંત પવિત્ર ગુણનું ધામ, 'સ્વયં જ્યોતિ સુખધામ,' એવો આનંદનો નાથ ભગવાન આત્મા... આહાહા..! એને જેણે સમ્યગ્દર્શન અને જ્ઞાનથી જાણ્યો છે, એ ઉપરાંત જેણે પરદ્રવ્ય પ્રત્યેના રાગને છોડ્યો છે. આહાહા..! છે ને! પરદ્રવ્યનો રાગ સંસારનું કારણ છે. આહાહા..! એ કારણથી ધર્માત્મા '**નિત્ય આત્મા હી મેં ભાવના કરતે હૈં.**' આત્મા એટલે દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ વિનાની ચીજ એને આત્મા કહીએ. પેલો તો રાગ છે બધો. આહાહા..! એવા આત્માનું જેણે પ્રથમ અનુભવ સમ્યગ્દર્શન કર્યું હોય અને એ એમાં પરદ્રવ્ય પ્રત્યેના વલણની વૃત્તિ છોડીને અંદરમાં ભાવના કરે તેને મુક્તિ થાય. લ્યો! આહાહા..!

'**ભાવાર્થ :- કોઈ ઐસી આશંકા કરતે હૈં કિ-પરદ્રવ્યમેં રાગ કરનેસે ક્યા હોતા હૈ? પરદ્રવ્ય હૈ વહ પર હી હૈ, અપને રાગ જિસ કાલ હુઆ ઉસ કાલ હૈ, પીછે મિટ જાતા હૈ,...**' આહાહા..! '**ઉસકો ઉપદેશ દિયા હૈ કિ-પરદ્રવ્યસે રાગ કરને પર પરદ્રવ્ય અપને સાથ લગતા હૈ,...**' પર પ્રત્યેનો પ્રેમ (છે) તો પરનો સંયોગ તને રહ્યા કરશે. આહાહા..! સમજાણું કાંઈ? વસ્તુ એવી છે. બહુ ઝીણી સૂક્ષ્મ અને અપૂર્વ (વસ્તુ) છે. અહીં કહે છે કે દેવ-ગુરુ-શાસ્ત્ર પર છે અને સ્ત્રી-કુટુંબ પણ પર છે. પણ પર પ્રત્યેનું વલણ રાગ રહેશે ત્યાં સુધી સંયોગ રહ્યા જ કરશે. સંયોગ રહે એમાં આત્માને શું લાભ? એમ કહે છે. આહાહા..!

'**પરદ્રવ્યસે રાગ કરને પર પરદ્રવ્ય અપને સાથ લગતા હૈ,...**' એટલે કે રાગ પર સંબંધીનો છે એનું ફળ સંયોગ રહેશે. આહાહા..! '**યહ પ્રસિદ્ધ હૈ, ઔર અપને રાગકા સંસ્કાર દૃઢ હોતા હૈ...**' અને રાગ થાય એ ભલે શુભ હો, જેને પ્રશસ્ત રાગ કહીએ, પુણ્ય રાગ. પણ એ રાગના સંસ્કાર અંદર દૃઢ રહે. આહાહા..! '**તબ પરલોક તક ભી**

**ચલા જાતા હૈ...'** એ પરભવમાં જાય તો રાગના સંસ્કાર ત્યાં રહ્યા કરે છે. આહાહા..!

'**યહ તો યુક્તિ સિદ્ધ હૈ ઔર જિનાગમમેં રાગસે કર્મકા બંધ કહા હૈ,...'** વીતરાગ પરમેશ્વરના માર્ગમાં રાગથી કર્મબંધન કહ્યું. ચાહે તો પરમેશ્વર પ્રત્યેનો રાગ હો, ચાહે તો પંચમહાવ્રતનો રાગ હો, એ મહાવ્રત પોતે રાગ છે. આહાહા..! ઓલા કહે કે પાંચ મહાવ્રત એ ધર્મ છે અને સંવર છે. બહુ ઊંધું. દૃષ્ટિ ઊંધી, શ્રદ્ધા ઊંધી, જ્ઞાન ઊંધું, આચરણ ઊંધું. ખબર ન મળે. જિનાગમમાં વીતરાગ પરમેશ્વર એના શાસનમાં તો ચાહે તો વ્રતનો રાગ હો, ભગવાન પ્રત્યેનો રાગ હો, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રીતિનો રાગ હો '**કર્મકા બંધ કહા હૈ,...'** રાગ તો બંધનું કારણ કહ્યું છે.

'**ઈસકા ઉદય અન્ય જન્મકા કારણ હૈ,...'** એ રાગ તો ભવનું કારણ છે. આહાહા..! '**ઈસ પ્રકાર પરદ્રવ્યમેં રાગસે સંસાર હોતા હૈ,...'** ચૈતન્ય ભગવાનઆત્મા પૂર્ણ પવિત્રનો પિંડ પ્રભુ, એના આશ્રય વિના જે કંઈ પરદ્રવ્યનો આશ્રય કરે ત્યાં તો રાગ જ થાય એને અને એ રાગ રખડવાનું, સંસારનું જ કારણ છે. પહેલી સમ્યક્ શ્રદ્ધા તો કરે. સમજણમાં તો લે વાત કે માર્ગ આવો છે. ઊંધે માર્ગે શ્રદ્ધા કરે તો રખડી મરશે. નરક અને નિગોદમાં જાશે. આહાહા..! પણ ક્યાં એવી પડી છે કોને અંદર?

'**ઈસલિયે યોગીશ્વર મુનિ પરદ્રવ્યસે રાગ છોડકર...'** ચોથા ગુણસ્થાનમાં, પાંચમા ગુણસ્થાનમાં હજી રાગ હોય છે. દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ આદિ બંધનું કારણ હોય છે ત્યાં એ. એ બંધનું કારણ છે એમ જાણે છે. જેટલી આત્માને આશ્રયે નિર્મળ અરાગી-વીતરાગી દશા પ્રગટે તેટલું મોક્ષનું કારણ. ત્યારે મુનિને તો કહે છે કે તને રાગ જ ન હોઈ શકે. આહાહા..! અતીન્દ્રિય આનંદનો ડુંગર આત્મા છે. એવા અતીન્દ્રિય આનંદના ડુંગરમાં ઠર અને પર તરફના રાગને છોડ. એ 'આત્મામેં નિરંતર ભાવના રખતે હૈં.' આહાહા..! દુનિયા સાથે મેળ ખાય એવું નથી.

સમ્યગ્દર્શન એ અપૂર્વ ચીજ જેણે અનંતકાળમાં સેકન્ડ પણ પ્રગટ કરી નથી. મુનિપણા પાળ્યા અનંતવાર. મુનિપણા એટલે નગ્ન દિગંબરની ક્રિયા, હોં! એ મુનિપણા. એણે અઠ્યાવીસ મૂળગુણ, પંચમહાવ્રત અનંતવાર, અનંત અનંતવાર (પાળ્યા), પણ અંદર આત્મજ્ઞાન એ શું ચીજ છે એને સ્પર્શ્યો નહિ. આહાહા..! એથી કહે છે, એવા આત્મજ્ઞાનસહિત સમભાવ જે પ્રગટ થાય અંદર વીતરાગતા, એને ચારિત્ર હોય છે. આહાહા..!

૭૨.

णिंदाए य पसंसाए दुक्खे य सुहएसु य।
सत्तूणं चेव बंधूणं चारित्तं समभावदो।।७२।।

આત્મજ્ઞાની, ધર્માત્માની મુનિપણાની દશામાં એને સમામૃત—વીતરાગરૂપી અમૃતનો એને સ્વાદ આવ્યો છે. આહાહા..! એવા સમભાવમાં નિંદા-પ્રશંસામાં જેને સમભાવ છે. દુનિયા નિંદા કરે, પ્રશંસા કરે, એના પ્રત્યે ધર્મીને તો સમભાવ (છે). અંતરનો સમભાવ, હોં! બહારનો સમભાવ કરે એ સમભાવ નથી. આહાહા..!

'**અર્થ :- નિંદા-પ્રશંસામેં,..**' ધર્મી જીવને અંતર સમભાવ પ્રગટ્યો છે. 'રાગ દાહ દહે સદા તાતે સમામૃત સેઈએ.' છ ઢાળા છે ને? એમાં આવે છે. 'રાગ દાહ દહે...' ચાહે તો શુભરાગ હો કે અશુભ હો. આહાહા..! એ 'રાગ દાહ દહે સદા' આત્માની શાંતિને બાળે છે. આહાહા..! 'તાતે સમામૃત સેઈએ.' તેથી સમ્યગ્દર્શનની ભૂમિકામાં ઠરીને સમામૃત-વીતરાગરૂપી અમૃતને સેવન કરો. આહાહા..! એ રાગના પીણાના વેદન-ઝેરના વેદન છે, અંગારાના વેદન છે કહે છે. આહાહા..!

'**દુઃખ-સુખમેં...**' સમભાવથી. પ્રતિકુળ સંયોગ દુશ્મન આદિ આવ્યા હો કે અનુકૂળ સંયોગ સજ્જન આદિ હો, તેમાં સુખ-દુઃખની કલ્પના જેણે છોડી દીધી છે. આહાહા..! એનું નામ સમતા અમૃતનો સાગર આત્મા છે. આહાહા..! '**શત્રુ-બંધુ-મિત્રમેં સમભાવ...**' સજ્જન હો કે શત્રુ હો—બેય પરદ્રવ્ય જ્ઞેય તરીકે જ્ઞાન કરવા લાયક છે. આહાહા..! અંતરમાં સમ્યગ્દર્શન સહિત આત્માના અનુભવના ભાનસહિત ધર્માત્માએ શત્રુ-મિત્ર પ્રત્યે સમભાવ (રાખવા યોગ્ય છે). કોઈ પ્રત્યે વિરોધ નહિ. આહાહા..! અજ્ઞાનીની દૃષ્ટિ વિપરીત હો કે શ્રદ્ધા વિપરીત હો (તો) એમ જાણે, પણ વેર-વિરોધ નહિ. આહાહા..! કોઈ આત્મા પ્રત્યે વિરોધ નહિ. એ શત્રુ ને મિત્ર પત્યે (સમભાવ રાખે). બંધુ કર્યો છે ને? બંધુનો અર્થ મિત્ર. સમભાવ-સમભાવ. એ સમભાવ વીતરાગીરૂપી અમૃતનો સ્વભાવ એને અહીં સમભાવ કહ્યો છે. આમ તો આ બધા ગાંધીની લાઈનમાં દેશ માટે લાકડીનો માર સહન કરે એ સમભાવ નહિ. એ તો ઝેર છે. જ્યાં હજી સમ્યગ્દર્શન જ નથી. શું કહેવાય તમારે? શહીદ-શહીદ થાય છે ને? શહીદ. એ બધા તો મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની, એને ક્યાં સમભાવ હતો? આવી વાતું ઝીણી ભારે.

અહીં તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા મન અને રાગના સંબંધ વિનાનો આત્મા અંદર (જોયો), એનું જેને અંતર ભાન થયું છે, એનો જેને આત્માના આનંદનો સ્વાદ આવ્યો છે. એ સ્વાદની ઉગ્રતામાં આનંદના સ્વાદમાં પડ્યો હોય એને સમતાનો-અમૃતનો સ્વાદ આવે છે. એને સમતાભાવ કહીએ. વ્યાખ્યા પણ જુદી જગતથી. ભગવાન વીતરાગનો માર્ગ બાપુ! જગતથી જુદો છે. અરે..! એને એક સેકન્ડ પણ એણે સાંભળ્યો નહિ. સાંભળ્યો એને કહીએ કે એને રુચવો જોઈએ. આહાહા..!

'**સમભાવ જો સમતાપરિણામ,...**' આમ તો સમતા-બમતા બધા ઘણા કહે છે, એ

સમતા અજ્ઞાનીની વાત કરે છે. અહીંયાં તો આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા આનંદ છે એવી ચૈતન્યજ્યોતિનો જેને અનુભવ થયો છે. એ અનુભવમાં જેને પ્રતીત સમ્યક્ત્વની દશા થઈ છે એને એ અનુભવમાં આનંદમાં વિશેષ વીતરાગી અમૃતને પીતો હોય છે એને અહીંયાં સમતા અને સમભાવ કહેવામાં આવે છે. શરતું બહુ મોટી. 'રાગદ્વેષસે રહિતપના, ઐસે ભાવસે ચારિત્ર હોતા હૈ.' આહાહા..! બાહ્યમાં જેને નગ્નદશા હોય, અભ્યંતરમાં જેને આનંદની લહેર ઉઠતી હોય છે અંદર. આહાહા..! અતીન્દ્રિય આનંદનો ઉછાળો જેને પર્યાયમાં-દશામાં આવે છે. એને સમામૃત, વીતરાગ ચારિત્ર અને એને ચારિત્ર કહીએ. આહાહા..! હજી તો એ શું છે એની ખબરું ન મળે. પ્રગટે તો ક્યાંથી? હેં!

'**ભાવાર્થ :- ચારિત્રકા સ્વરૂપ યહ કહા હૈ કિ જો આત્માકા સ્વભાવ હૈ વહ કર્મકે નિમિત્તસે જ્ઞાનમેં પરદ્રવ્યસે ઈષ્ટ અનિષ્ટ બુદ્ધિ હોતી હૈ,...**' ભગવાન આત્મા તો જ્ઞાન સ્વરૂપી પ્રજ્ઞાબ્રહ્મ, જ્ઞાન અને આનંદની મૂર્તિ પ્રભુ આત્મા. એને જે કર્મના નિમિત્તથી... નિમિત્તથી, હોં! થાય છે તો પોતાથી. '**જ્ઞાનમેં પરદ્રવ્યસે ઈષ્ટ અનિષ્ટ-બુદ્ધિ...**' આત્મા સિવાય બીજી ચીજો ચાહે તો ભગવાન હો કે દેવ હો કે ગુરુ હો. આહાહા..! '**પરદ્રવ્યસે ઈષ્ટ અનિષ્ટ બુદ્ધિ...**' દેવ-ગુરુ-શાસ્ત્રમાં ઈષ્ટ બુદ્ધિ, શત્રુ પ્રત્યે અનિષ્ટ બુદ્ધિ. આહાહા..!

'**ઈસ ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિકે અભાવસે...**' એવી ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિનો અભાવ થઈને આનંદસ્વરૂપ ભગવાનઆત્મામાં '**જ્ઞાનહીમેં ઉપયોગ લગા રહે...**' આહાહા..! અંતર જ્ઞાનસ્વભાવમાં શુદ્ધ ઉપયોગ. પુણ્ય અને પાપનો ઉપયોગ એ તો અશુદ્ધ ઉપયોગ છે. જેના જ્ઞાનમાં એટલે સ્વભાવમાં '**જ્ઞાનહીમેં ઉપયોગ લગા રહે ઉસકો શુદ્ધોપયોગ કહતે હૈં,...**' આહાહા..! એ કહેશે ૭૩માં કે અત્યારે એવું ધ્યાન ન હોય. એમ અજ્ઞાની માનનારા મૂઢ જીવ છે. એમ કહેશે. અહીં શુદ્ધોપયોગની વ્યાખ્યા લીધી છે ખરી ને? '**ण हु कालो झाणजोयस्स**' આ શું હશે? એવા તે અત્યારે ધ્યાન હોય? અરે..! અત્યારે આનંદસ્વરૂપનું ધ્યાન ન હોય તો ધર્મ જ નથી. આહાહા..! આર્ત્ત અને રૌદ્ર ધ્યાન છે કે નહિ? એ પરમાં એકાગ્રતા છે. આ સ્વ-આનંદસ્વરૂપ ભગવાન આત્મા છે એમાં એકાગ્રતાના આનંદના સ્વાદમાં પડ્યો હોય એને ધ્યાન કહીએ. આહાહા..! એ ધ્યાન ચોથે ગુણસ્થાનથી પ્રગટ થાય છે. સમકિત થતાં તે ધ્યાનની દશા (પ્રગટ થાય છે). આહાહા..!

'**વહાં નિંદા - પ્રશંસા, દુઃખ-સુખ, શત્રુ-મિત્રમેં સમાન બુદ્ધિ હોતી હૈ, નિંદા-પ્રશંસાકા દ્વિધાભાવ મોહકર્મકા ઉદયજન્ય હૈ,...**' આહાહા..! '**ઈસકા અભાવ હી શુદ્ધોપયોગરૂપ ચારિત્ર હૈ.**' એ વ્રતના વિકલ્પ છે એ અશુદ્ધ ઉપયોગ છે. આહાહા..! એમાંથી ખસીને ચૈતન્ય ભગવાન આત્મામાં અંદર શુદ્ધોપયોગ, પવિત્રતાના પરિણામ જેને પ્રગટ થાય

એને અહીંયાં શુદ્ધોપયોગ કહે છે અને એ શુદ્ધોપયોગ એ ચારિત્ર છે. વ્યાખ્યા કેવી આ? ઓલો કહે, પંચમહાવ્રત પાળવા, દયા પાળવી, સત્ય બોલવું એ ચારિત્ર છે. બહુ ફેર. શ્રદ્ધામાં, દૃષ્ટિમાં, માન્યતામાં, ભગવાનના માર્ગથી બહુ ઊંધું. સમજાણું?

આચાર્ય પાછું એ સિદ્ધ કરીને કહે છે કે આત્મામાં પહેલું સમ્યગ્દર્શન થાય એ શુદ્ધોપયોગમાં થાય છે. અંતર સ્વરૂપમાં લીનતા, ધ્યાન, ધ્યેય, ધ્યાતાને ભૂલી જઈ,... આહાહા..! જ્ઞાતા-જ્ઞેય-જ્ઞાન ત્રણમાં ભેદ છોડી દઈ, એકલા આત્મામાં જ્યાં રમણતા શુદ્ધ ઉપયોગની પુણ્ય-પાપના ભાવરહિત (થાય) એવા શુદ્ધોપયોગને અહીંયાં ભગવાને ચારિત્ર કહ્યું છે.

'**આગે કહતે હૈં કિ કઈ મૂર્ખ ઐસે કહતે હૈં જો અભી પંચમકાલ હૈ...**' આવા પંચમકાળમાં તમે આવી વાતું કરો એ અત્યારે ન હોય. એમ મૂર્ખો, અજ્ઞાનીઓ, મૂઢ જીવો એમ કહે છે. આહાહા..! છે ને? '**અભી પંચમકાલ હૈ સો આત્મધ્યાનકા કાલ નહીં હૈ,...**' અત્યારે તો આ વ્રત કરીએ, અપવાસ કરીએ, આવું કરીએ બસ. હવે એ અંદરમાં ધ્યાન કરવા અને આવી મોટી વાતું તમે (કરો). '**ઉસકા નિષેધ કરતે હૈં**' આચાર્ય. મૂર્ખ! તારી વાત જૂઠી છે. આહા..! આત્મા તરફનું ધ્યાન ન હોય તો ધર્મ જ નથી એને. પંચમકાળ છે એટલે શું? આત્માનું સમ્યગ્દર્શન અંતરના ધ્યાનમાંથી પ્રગટ થાય છે. '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**' આહાહા..! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ અંતર આત્માના ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. એ કાંઈ બાહ્ય પ્રવૃત્તિમાંથી પ્રાપ્ત થતું નથી.

**વૈશાખ સુદ ૧૦, બુધવાર તા. ૦૧-૦૫-૧૯૭૪**
**ગાથા - ૭૩ થી ૭૬, પ્રવચન - ૧૩૯**

અષ્ટપાહુડમાં મોક્ષપાહુડ ચાલે છે. ૭૩ ગાથા છે. '**આગે કહતે હૈં કિ કઈ મૂર્ખ કહતે હૈં જો અભી પંચમકાલ હૈ સો આત્મધ્યાન કા કાલ નહીં હૈ,...**' અહીંથી શરૂઆત આ છે.

चरियावरिया वदसमिदिवज्जिया सुद्धभावपब्भट्टा।
केई जंपंति णरा ण हु कालो झाणजोयस्स।।७३।।

‘**અર્થ :- કઈ મનુષ્ય ઐસે હૈં જિનકે ચર્યા અર્થાત્ આચારક્રિયા આવૃત્ત હૈ, ચારિત્રમોહ કા ઉદય પ્રબલ હૈ,...**’ એટલે ચારિત્રનું આચરણ વ્યવહારનું પણ જેનું ... છે. ‘**ઈસસે ચર્યા પ્રકટ નહીં હોતી હૈ...**’ એટલે વ્રત ને તપનો વિકલ્પ શુભભાવ છેને એવો એને સરખો હોતો નથી. કેમકે એ ધ્યાન તો માનતો નથી. આ શુભયોગવાળા કહે છેને કે અત્યારે શુદ્ધ ઉપયોગ ન હોય. એની વ્યાખ્યા છે આ. આહાહા..! આત્મા આનંદસ્વરૂપ છે એનું ધ્યાન એટલે શુદ્ધ ઉપયોગ અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ધ્યાન છે. ઓહોહો..! એ એમ કહે છે કે અત્યારે તો ચારિત્રના પણ ઠેકાણા નથી અમારે, એમ. ચર્યા. ચર્યા પ્રગટ નથી એમ આચાર્ય પોતે કહે છે. એના ચારિત્રના વ્રત વ્યવહારના, મુનિને યોગ્ય જે જોઈએ એના પણ ઠેકાણા નથી.

‘**ઈસી સે વ્રતસમિતિ સે રહિત હૈં...**’ એક વાત. ‘**ઔર મિથ્યા અભિપ્રાય કે કારણ...**’ હવે બીજું અભિપ્રાય જૂઠો છે. ‘**શુદ્ધભાવ સે અત્યંત ભ્રષ્ટ હૈં,...**’ અહીં શુદ્ધ આવ્યું પહેલું. માણસ કહે છેને કે અત્યારે શુભ ઉપયોગ જ હોય. ધર્મધ્યાન, શુભ ઉપયોગ એ જ ધર્મધ્યાન છે એમ કહે છે. એ ખોટી વાત છે. આહાહા..! આત્મા આનંદસ્વરૂપ એનું ધ્યાન એ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. ‘**दुविहं पि मोक्खहेउं**’ આવ્યું હતુંને? ૪૭ (ગાથા). અંતર આત્માના આનંદસ્વરૂપનું ધ્યાન, એનું જ્ઞાન, એમાં રમણતા એ શુદ્ધ ઉપયોગ છે. એ આ અજ્ઞાનીને ખબર નથી એમ કહે છે. એથી મિથ્યા અભિપ્રાય સહિત છે અને મિથ્યા ચારિત્રમાં સાચું વ્યવહાર ચારિત્ર પણ એને હોતું નથી.

‘**અભી પંચમકાલ હૈ, યહ કાલ પ્રકટ ધ્યાન-યોગ કા નહીં હૈ.**’ લ્યો આ સિદ્ધ કરવું છે. વ્યવહાર વિકલ્પ રાગરહિત આત્મા આનંદસ્વરૂપ છે એનું ધ્યેય કરીને ધ્યાન થાય એવું અત્યારે નથી એમ કહે છે. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિશ્ચય છે એ સ્વરૂપના ધ્યાનસ્વરૂપ છે એ તો. પંડિતજી! આ મોટો ગોટો નાખે છે ચાર-પાંચ ગાથામાં. આ પાંચમા આરાના તે વખતે હોં હજી તો. બે હજાર વર્ષ પહેલા. આહાહા..! એમ કે અત્યારે આ આત્માનું ધ્યાન એટલે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એનું ધ્યાન અત્યારે હોઈ શકે જ નહિ. એ હોઈ શકે નહિ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જ નથી. એનો અર્થ ઈ (થયો). શાંતિભાઈ! મુદ્દાની વાત કરી છે. દિગંબરમાં પણ ગોટો ઉઠ્યો છેને? એ લોકો એમ કહે કે અત્યારે આ આત્મા આનંદ શુદ્ધ ચૈતન્ય એનું ધ્યાન, સ્વભાવ સન્મુખની એકાગ્રતા એ અત્યારે છે નહિ. અત્યારે તો આ બાહ્ય વ્રત પાળવા, ભક્તિ, પૂજા કરવી એ શુભભાવ એ ધર્મધ્યાન છે. એમ કહેનારાઓ

તત્ત્વને સમજ્યા નથી. આહાહા..! સમજાણું કાંઈ? બહુ સરસ ગાથાઓ મૂકી છે ૭૩થી.

'**અભી પંચમકાલ હૈ, યહ કાલ પ્રકટ ધ્યાન-યોગ કા નહીં હૈ.**' એમ કહે છે. આ આત્મા શુદ્ધ ચૈતન્ય સન્મુખની યોગ્યતા અત્યારે છે જ નહિ. તો તો એનો અર્થ એ થયો કે સ્વરૂપ સન્મુખનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી. ચેતનજી! એમ કહે છે. કહેવાનો આશય આ છે. એમ કે આ તો શુભભાવ છે એ ક્રિયા કરીએ, ભગવાનની ભક્તિ કરીએ, આ વ્રત આદિ પાળીએ એકલા. ઓલું તો વ્રતના પણ ઠેકાણા નથી એના. કારણ કે નિશ્ચય દૃષ્ટિ ધ્યાનની નથી એથી એના વ્રતના પણ ઠેકાણા નથી એમ કહેવું છે. આહાહા..! બે હજાર વર્ષ પહેલા પણ આ ગોટો ઉઠ્યો હતો. '**યહ કાલ પ્રકટ ધ્યાન-યોગ કા નહીં હૈ.**' સમજાણું કાંઈ? જયંતિભાઈ! આ કહે છેને ભાઈ, આપણે તો આવા વ્રત પાળીએ, ભક્તિ કરીએ, પૂજા કરીએ, દાન, દયા કરીએ એ ધર્મધ્યાન. એ ધર્મ નથી, એ ધર્મધ્યાન નથી. એ તો ઉપચાર વ્યવહાર ધર્મધ્યાન કહેવાય. આહાહા..!

આત્મા અંતર સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ આનંદનો નાથ કંદ છે એના તરફની સન્મુખતાનું જે ધ્યાન એ વસ્તુ છે. એને સમ્યગ્દર્શન કહીએ, એને સમ્યગ્જ્ઞાન કહીએ, એને સ્વસન્મુખની સ્થિરતાને સમ્યક્ચારિત્ર કહીએ. એની એ ના પાડે છે. આહાહા..! વિમલચંદજી! આ કાળે એવું હોય પંચમકાળમાં? લ્યો! આ કાળે ન હોય તો ધર્મધ્યાન એટલે સમકિત પણ નથી, જ્ઞાન પણ નથી એનો અર્થ એમ (થયો). આહાહા..!

'**વે પ્રાણી કૈસે હૈં વહ આગે કહતે હૈં :-**' દેખો! અહીંથી ઉપાડી છે આ વાતને.

**सम्मत्तणाणरहिओ अभव्वजीवो हु मोक्खपरिमुक्को।**
**संसारसुहे सुरदो ण हु कालो भणइ झाणस्स।।७४।।**

જુઓ, વસ્તુ આ છે.

આહાહા..! જેને અંદર પુણ્ય-પાપના ભાવમાં સુખબુદ્ધિ પડી છે, જેમાં સુખ લાગે છે એથી એને આત્મામાં સુખનું ધ્યાન નથી એમ એ કહે છે, એમ સિદ્ધ કરે છે. અભવિ જીવો છે તો. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ હોય? ... ઈ કહે છે. ઓલા કહે છે બીજા. કહેતા હતા. આ ન્યાયથી છે.

જેને '**सम्मत्तणाणरहिओ**' જુઓ! ભાષા. આત્માના શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન જે સ્વસન્મુખનું ધ્યાન એ ના પાડે છે કે એ છે જ નહિ અત્યારે. તો એનો અર્થ થયો કે એ તો સમ્યક્ત્વ અને જ્ઞાનથી રહિત છે. સમજાણું કાંઈ? મુદ્દાની રકમની વાત છે હોં આમાં જરી. લ્યો!

'**અર્થ :- પૂર્વોક્ત ધ્યાન કા અભાવ કહનેવાલા જીવ સમ્યક્ત્વ ઔર જ્ઞાન સે**

રહિત **है,...**' વાત આ સિદ્ધ કરવી છે. આમ આત્મા શુદ્ધ ચૈતન્ય છે, આનંદ અને પવિત્ર ધામ પ્રભુ છે આત્મા. એના ધ્યાનની તો ના પાડે છે. આહાહા..! એના તરફની સન્મુખતા હોઈ શકે જ નહિ અત્યારે. એવા સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનથી રહિત છે ઈ. આહાહા..! '**अभव्य है,...**' આહાહા..! શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પૂર્ણ આનંદનો નાથ ભગવાન પોતે છે એની સન્મુખતાની એકાગ્રતાની તો ના પાડે છે. આહાહા..! સમજાણું કાંઈ? એની સન્મુખતાની ના પાડે છે એટલે વિમુખતામાં પડ્યો છે એ તો. મિથ્યાદૃષ્ટિ અભવિ છે એમ કહે છે. આહાહા..! આત્મા પૂર્ણ આનંદ અને શુદ્ધ સ્વરૂપ છે એની સન્મુખ થઈ શકાતું નથી અત્યારે, એમ કહે છે. આહાહા..! તો કહે છે કે અભવિ છો. આહાહા..! સંસારના આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં સુખબુદ્ધિમાં પડ્યો છો તું. એમ કહ્યુંને? એ પુણ્ય-પાપના ભાવમાં એમાં તારી સુખબુદ્ધિ રોકાણી છે એથી આ બાજુ આત્મામાં આનંદ છે એની સન્મુખતાના ધ્યાનની તો તું ના પાડે છો. આહાહા..!

'**और संसार के इन्द्रिय सुखों को भले जानकर...**' જુઓ! શું કહે છે? પર તરફના વલણવાળા સુખબુદ્ધિ રાગમાં એ પડ્યો છે. પર તરફના વલણવાળો જે રાગ એમાં સુખબુદ્ધિએ પડ્યો છે એથી એને આત્મામાં સુખ છે એવી સુખબુદ્ધિની ના પાડે છે. એટલે અંતરનું ધ્યાન છે નહિ એમ અહીં સિદ્ધ કરવું છે. આહાહા..! સમજાણું કાંઈ? વાહ! કેવી શૈલી મૂકી છેને! '**सम्मत्तणाणरहिओ**' કેમ કે '**ण हु कालो भणइ झाणस्स**' અંતર આનંદસ્વરૂપ તરફના વલણની ધ્યાનદશા અત્યારે હોઈ શકે નહિ એમ કહેનારા '**सम्मत्तणाण**' રહિત છે, અભવિ છે. મોક્ષના માર્ગથી પરિમુક્ત-છૂટા-છૂટા (છે), બંધભાવમાં આવી ગયા છે. આહાહા..! '**संसारसुहे सुरदो**' આ બાજુ સ્વભાવમાં સુખ છે (એની) સન્મુખતા અને એનું ધ્યાન તો ના પાડે છે. આહાહા..! એથી સંસારસુખમાં '**सुरदो**' છે ઈ. '**ण हु कालो भणइ झाणस्स**' અત્યારે આત્માના આનંદ સન્મુખ થવાય એવું ધ્યાન અત્યારે હોઈ શકે નહિ, એમ અભવિ જીવો કહે છે આવા. આહાહા..!

શુદ્ધ ધ્યાન આનંદનું એની તો એ ના પાડે છે. કેમકે એના સન્મુખ થયેલો નથી અને રાગની એકતામાં પડ્યો છે સુખબુદ્ધિએ. આહાહા..! એથી એ અભવિ જીવ જેવા (છે). એને તો અભવિ જીવ કીધો પાધરો. જેવા હોય? અરર! નાલાયક. આત્માના આનંદસ્વરૂપની સન્મુખના ધ્યાનનો તો તું નકાર કરે છો. એનાથી વિમુખના ધ્યાનની હા પાડે છે. અભવિ છો. આહાહા..! '**इसलिये कहते हैं कि अभी ध्यान का काल नहीं है.**' શુદ્ધ ઉપયોગ થઈ શકે અને સ્વભાવસન્મુખ થઈ શકે એવો અત્યારે કાળ નથી એમ અજ્ઞાની કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ઈન્દ્રિયસુખનો કાળ છે.

ઉત્તર :- ઇન્દ્રિયસુખનો કાળ છે. અણીન્દ્રિય સુખ તરફ વલણ કરવું અત્યારે ન થઈ શકે. આહાહા..! મૂળ તો પુણ્યમાં રુચિવાળો પડ્યો છે. આ બાજુ સ્વભાવસન્મુખ થઈ શકાય એમ છે નહિ અત્યારે. અભવિ છો કહે છે. આહાહા..!

'**ભાવાર્થ :- જિસકો ઇન્દ્રિયોં કે સુખ હી પ્રિય લગતે હૈં...**' એનો અર્થ આ છે કે પર તરફના વલણવાળો ભાવ એને પ્રિય લાગે છે, એમ. સમજાણું કાંઈ? પર તરફના વલણવાળો શુભ-અશુભ બેય ભાવ એને પ્રિય લાગે છે. એથી એને અંતર્મુખ થવું એવું જે ધ્યાન એનો નકાર કરે છે. આહાહા..! બહુ વાત મીઠી કરી છે. મુદ્દાની રકમની વાત કરી છે. આ બધાય છેને શ્વેતાંબર આદિ બધું એ જ માને છે. આ વ્યવહાર, વ્યવહાર, વ્યવહાર. આ તો દિગંબરમાં પણ આવા માનનારા હતા એમ કહે છે. આહાહા..! ભગવાન પૂર્ણ શાંત આનંદસ્વરૂપ પ્રભુ આત્મા છે ધ્રુવ નિત્ય એની સન્મુખતાનું ધ્યાન અત્યારે હોઈ શકે નહિ. આહાહા..! શું હોય ત્યારે હવે? એનાથી વિમુખતાનું ધ્યાન હોય એ તો અભવિ જીવ છે તું. એ તો અનાદિનું છે. આહાહા..!

'**જીવાજીવ પદાર્થ કે શ્રદ્ધાન-જ્ઞાન સે રહિત હૈ...**' જોયું! એને જીવનું જ્ઞાન શુદ્ધ ચૈતન્ય છે એનું જ્ઞાન નથી. એ અશુદ્ધતાનું ભાન છે એને, એ અશુદ્ધતામાં રહ્યો છે. બીજી ગાથામાં આવે છેને? અશુદ્ધને જાણતો.. નહિ બીજી ગાથા? સ્વસમય-પરસમય પરિણમી રહ્યો છે. જાણતો કહ્યું છે હો એમાં. શુભભાવ એ અશુદ્ધ છે. એને જાણતો એ પરિણમી રહ્યો છે. આહાહા..! એમ કહ્યું છે. સ્વસમય... કહેવાનો આશય અહીં આ છે કે સ્વસમય એવો ભગવાન આત્મા એની રુચિમાં સન્મુખતામાં એને સારું લાગતું નથી. આહાહા..! એને તો પરસન્મુખતાની વાતું મીઠી લાગે છે. સમજાણું કાંઈ? આહાહા..! આવી શૈલી! કુંદકુંદાચાર્યની શૈલી. અંતરમાં વિવેકની વાતું છે. આહાહા..!

'**જ્ઞાન સે રહિત હૈ...**' '**જીવાજીવ પદાર્થ કે શ્રદ્ધાન-જ્ઞાન સે રહિત હૈ...**' કેમ? કે જે રાગમાં જ પ્રીતિવાળો છે અને આત્માના સન્મુખની રુચિ અત્યારે થઈ શકે નહિ. એમ કહેનારા એમ માનનારા એ જીવાજીવની શ્રદ્ધારહિત છે. કેમ કે જીવ જે રાગરહિત છે એની એને શ્રદ્ધા અને જ્ઞાન નથી. એ તો ના પાડે છે. જીવ તરફ જઈ શકાય જ નહિ એ બાજુ. આહાહા..! આ ભગવાનનો કેવળજ્ઞાનનો દિવસ છે આજે. લ્યો વળી એ યાદ આવ્યું. વૈશાખ સુદ દશમ. કેવળજ્ઞાનનો દિવસ છે આજે. આજે ગયા હતાને, પૂજા કરવા ગયા હતાને. આ તેરશે બે મહિના થાશે. ભક્તિ ત્યાં થાશે. કેવળજ્ઞાન એ આત્માના ઉગ્ર ધ્યાનથી થાય છે. સમ્યગ્દર્શન એ આત્માના ધ્યાનથી થાય છે. '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**' એ તો ધ્યાનની તો ના પાડે છે. આહાહા..! લ્યો ચેતનજી!

મર્મની વાત કરી છે. અંતરમાં સન્મુખ થઈને એકાગ્ર થવું એ બની શકે જ નહિ અત્યારે. એટલે સમ્યગ્દર્શન અને જ્ઞાન હોઈ શકે જ નહિ અત્યારે એમ. આહાહા..! એને તો સુખબુદ્ધિ ઇન્દ્રિયના વિષયમાં પડી છે. આહાહા..! ચાહે તો ભગવાનની ભક્તિનો રાગ હો, પંચ મહાવ્રતનો રાગ હો, એમાં એનો પ્રેમ છે. ઇન્દ્રિયસુખમાં બુદ્ધિ પડી છે એની. આહાહા..!

'**અભી ધ્યાન કા કાલ નહીં હૈ.**' આહાહા..! '**ઇસસે જ્ઞાત હોતા હૈ કિ ઇસપ્રકાર કહનેવાલા અભવ્ય હૈ, ઇસકો મોક્ષ નહીં હોતા.**' આહાહા..!

'**જો ઐસા માનતા હૈ-કહતા હૈ કિ અભી ધ્યાન કા કાલ નહીં તો ઉસને પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, પાંચ ગુપ્તિ કા સ્વરૂપ ભી નહીં જાના –**' કારણ કે ધ્યાન નથી તો મહાવ્રત સ્વરૂપધ્યાનીને જ હોય છે. સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને એવા હોય. એને એણે જાણ્યું નથી. પાંચ મહાવ્રત પાળતો હોય બાહ્યમાં શુભભાવમાં એમ કહે છે. પણ એના સ્વરૂપને એણે જાણ્યું નથી. આહાહા..! ૭૫.

**पंचसु महव्वदेसु य पंचसु समिदीसु तीसु गुत्तीसु।**
**जो मूढो अण्णाणी ण हु कालो भणइ झाणस्स।।७५।।**

અહીં સિદ્ધ આ કરવું છે. હેઠે અર્થ કર્યો છે એ બધો મેળ વિનાનો છે. હેઠે અર્થ કર્યો છેને? જ્ઞાનીને. એને આની સાથે કાંઈ સંબંધ નથી. કલ્પનાનો અર્થ છે એ બધો. એવું કરવું ન જોઈએ. એવા માણસોના હાથમાં પુસ્તક ન દેવું જોઈએ. ઘરની કલ્પના નાખે. તદ્દન વિરુદ્ધ છે આ. ચાલતા અધિકારની સાથે વિરુદ્ધ છે. અહીં તો અંતરનું ધ્યાન નથી એમ ના પાડનારને રાગનું ધ્યાન છે એ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? એ એનું જયચંદ્ર પંડિતનું નથી. ઘરનું નાખ્યું છે. એવા ઘણા ઘરના નાખ્યા છે અંદર. આખું પુસ્તક બગાડ્યું છે. અહીં તો આ આશય કહેવો છે કે '**જો પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, તીન ગુપ્તિ ઇનમેં મૂઢ હૈ,...**' એટલે કે એ પંચ મહાવ્રતના પરિણામ કોને હોય? ક્યાં હોય? એની એને ખબર નથી.

મુમુક્ષુ :- ધ્યાનીને હોય.

ઉત્તર :- ધ્યાનીને હોય. અંદર આત્માનું સન્મુખ ધ્યાન હોય, જેને સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ્યું હોય એને એવા પંચ મહાવ્રતના વિકલ્પ હોય. આ તો ભાન નથી અને સમ્યગ્દર્શન-જ્ઞાનના સ્વરૂપનું કાંઈ ભાન નથી, ધ્યાનની તો ના પાડે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**જો પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, તીન ગુપ્તિ ઇનમેં મૂઢ હૈ, અજ્ઞાની હૈ,...**' કેમકે સ્વરૂપનું ધ્યાન તો ના પાડે છે અને ધ્યાનીને આવા પંચ મહાવ્રત આદિના વિકલ્પ હોય એની તો એને ખબરેય નથી અને પાંચ મહાવ્રતના વ્યવહાર વ્રત લઈને પાળીને બેસે અને માને કે અમને ધર્મધ્યાન છે, અમારે ધર્મધ્યાન છે. એમ કહે છે અહીં. ભારે વાતું ભાઈ!

**'અજ્ઞાની હે, અર્થાત્ ઈનકા સ્વરૂપ નહીં જાનતા હૈ...'** એટલે કે જે આત્માના સન્મુખના ધ્યાન જ નકાર કરે છે, એને પંચ મહાવ્રતના પરિણામની જાત કેવી હોય સમકિતીને એની એને ખબર નથી. સમજાણું કાંઈ? એને પાંચ સમિતિના ભાવ કેવા હોય એની એને ખબર નથી.

**'ઈનકા સ્વરૂપ નહીં જાનતા હૈ ઔર ચારિત્રમોહ કે તીવ્ર ઉદય સે ઈનકો પાલ નહીં સકતા હૈ...'** અજ્ઞાની છે, ધ્યાનની ના પાડે છે એમ કહે છે. અહીંની ના પાડે છે અને આમાં લીન છે. તો એને તો ચારિત્રમોહને કારણે તીવ્રતા અંદર પડી છે. અહીં ના પાડે છે એટલે ચારિત્રમોહની તીવ્રતા છે અંદર. આહાહા..! સ્વરૂપના ધ્યાનની ના પાડે છે તો મિથ્યાત્વનો ઉદય છે અને સ્વરૂપના ધ્યાનની ના પાડે છે એ ચારિત્રમોહનો પણ તીવ્ર ઉદય છે ત્યાં. એમ કહે છે. આહાહા..! મિથ્યાત્વસહિત છેને. ધ્યાનની તો ના પાડે છે. આહાહા..!

પંચ મહાવ્રત, પંચ સમિતિ, ત્રણ ગુપ્તિ એમાં મૂઢ છે. કારણ કે સમ્યક્ સન્મુખ તો છે નહિ. આત્મસન્મુખ છે નહિ અને એકલા પંચ મહાવ્રત આને કહેવા, આને કહેવા એમાં મૂઢ છે. એને ભાન ક્યાં છે? આહાહા..! આ અત્યારે આ બધો વ્યવહાર-વ્યવહાર કરીને બેઠા છે અને ધ્યાન નથી એનું આ વર્ણન છે. આહાહા..! વ્રત પાળો, અપવાસ કરો, આ કરો, આત્મસન્મુખનો અત્યારે કાળ નથી. આહાહા..! મૂઢ છો કહે છે. તારા વ્રતની તને મૂઢતા છે. વ્રત કેવા હોય એની તને ખબર નથી. આહાહા..!

મુમુક્ષુ :- ... પંચાધ્યાયીના બીજા ભાગમાં એમ જ લખ્યું છે.

ઉત્તર :- એના માટે તો આ બધી વાત છે. એ છેને. ખબર છે. આ કાળે ભગવાનની ભક્તિ ઈ આદિ બધું હોય. આહાહા..! અરે! ભગવાન!

અહીં તો આચાર્યને જે કોઈ દ્રવ્યલિંગી પડ્યા હતા કે આ શ્વેતાંબર નીકળ્યો પંથ એ બધા એમ કહે, આત્માની સન્મુખ થઈ શકાય નહિ અત્યારે. આહાહા..! આત્માનું ધ્યાન એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન થઈ શકે નહિ એમ એનો અર્થ છે. આપણે આ જે વ્રત ને ભક્તિ ને તપ કરીએ છીએ એમાંથી હળવે-હળવે થાશે. આહાહા..! હમણાં કહ્યું હતુંને ત્યાં શાંતિભાઈના મકાનમાં. એક પાલનપુરનો મોટો ઝવેરી છે. ૮૮ વર્ષની ઉંમર છે. .. મોટા પૈસાવાળા ... બે વાર આવ્યા હતા દર્શને. પછી આ ભાઈનો આગ્રહ ઘણો શાંતિભાઈનો કે મહારાજનું સાંભળવા આવો, મહારાજનું સાંભળવા આવો. પછી મારું નામ દઈને કહે. મહારાજ કહે છે કે મહારાજનું સાંભળવા આવો. મેં કીધું, હું કહેતો જ નથી. શાંતિભાઈને... હેતુ એનો બીજો હોય (કે) આવે. મહારાજ એમ કહે છે કે તમે એ કરતા સાંભળવા આવો એમ કહે

છે. મેં કીધું ભાઈ મેં એમ કહ્યું નથી. આહાહા..! ત્યારે એણે કહ્યું, મારે તો સામાયિક, પડિક્કમણા, પોષા આ તો મારે ક્રિયામાં જાય છે વખત બધો. મને વખત મળતો નથી. માણસ પૈસાવાળો છે મોટા ધનાઢ્ય. એય..! ચીમનભાઈ! શું ચીમનભાઈ સાંભળે છે? કોણ છે એ બધું તમારું નામ? તમારે સોળમે માળે પાલનપુરવાળા ઝવેરી નહિ કોઈ? શાંતિભાઈને સોળમે માળે. એ ડોસા નિવર્ત્યા છે. ધંધો કરતા નથી. સામાયિક ને પોષા ને બધું કર્યા કરે. ૮૮ વર્ષની ઉંમર છે. તમારે પાલનપુરના જ છે. નામ ભૂલી ગયા. કાળીદાસભાઈ. કાળીદાસ. ૮૮ વર્ષની ઉંમર છે. શરીર આ પંડિતજી જેવું છે નાનું પાતળું થોડું. કાળું શરીર. પણ આખો દિ' અને મોટો ગૃહસ્થ પૈસાવાળો છે. બસ આ સામાયિક, પોષા, પડિક્કમણા. પણ કીધું સમ્યગ્દર્શન..? કે સમ્યગ્દર્શન છે આકરી વાત, પણ આ જ કરવું, એમાંથી પમાશે બધું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચુસ્ત છે બહુ પાક્કા દેખાય છેને. વ્યાખ્યાનમાં આવી શકે નહિ. શાંતિભાઈનો આગ્રહ ઘણો. બધી વાતું છે.

અહીં તો કહે છે, અહીં શું કહેવાનો આશય છે એ સિદ્ધ કરવો છે. જે કોઈ ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ શુદ્ધ ચૈતન્ય, એની સન્મુખતાના ધ્યાનનો જે નિષેધ કરે છે. બસ, એ વાત અહીંયાં સિદ્ધ કરવી છે. બસ. એ એના પંચ મહાવ્રત, સમિતિમાં મૂઢ છે. આહાહા..! અજ્ઞાની છે. એટલે પર તરફના વલણમાં જ એની રુચિનો પ્રેમ જામ્યો છે બસ. એ વ્યવહારરત્નત્રય કે બહારની જે ક્રિયા રાગાદિ હોય ત્યાં જામ્યો છે ઈ. આહાહા..!

**'ઔર ચારિત્રમોહ કે તીવ્ર ઉદય સે ઈનકો પાલ નહીં સકતા હૈ...'** એટલે એને એ જાતના સાચા વ્રત હોઈ શકે જ નહિ એમ. કારણ કે ધ્યાનની ના પાડે છે, સ્વસન્મુખનો અભિપ્રાય નથી, પરસન્મુખનો અભિપ્રાય છે અને સ્વસન્મુખની સ્થિરતા નથી. એટલે પરસન્મુખમાં એની ઉગ્રતા છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહાહા..! એ મીંડુ મૂકીને નીચે કર્યું છે એ મીંડુ મૂકવા જેવું છે. વિરુદ્ધ છે તદ્દન. એની સાથે કાંઈ સંબંધ નથી. એ લોકોને કાંઈ એવાને હાથ દેવું જ ન જોઈએ ખરેખર આ પુસ્તક આવું. એકેય અક્ષર... હજી તો સાંભળવાને લાયક છે કે નહિ એ હજી સમજવા જેવું છે. એ વાત ચાલી છે ઘણીવાર. એને ઠેકાણે આવા અર્થ અંદર ભરે શાસ્ત્રમાં. કુંદકુંદાચાર્યની શૈલીમાં... માન માટે એકલા માન માટે થઈને. ભાઈ! અહીં એ નહિ ચાલે. કોણ જાણે કોણ આવા બધા નાખે છે આમાં. અહીં આશય કહેવો છે બીજો અને ત્યાં નાખીને પોતે ઓલી ધારણા હોય છેને બીજી એ ખોસી ઘાલે અંદર. આહાહા..!

અહીં તો કહેવું છે કે **'मूढो अण्णाणी' 'समिदीसु तीसु गुत्तीसु' 'मूढो'** છે એમ

કીધું છેને? એની વ્યાખ્યા કરી છે. કેમકે એને ચારિત્રમોહનો તીવ્ર ઉદય (વર્તે છે). મિથ્યાત્વનો ઉદય છે કે જેથી ધ્યાનની ના પાડે છે અને ચારિત્ર(મોહનો) તીવ્ર ઉદય અનંતાનુબંધીનો છે એમાં એ પડ્યો છે. એમ ઈ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! સ્વસન્મુખના ધ્યાનની જ ના પાડે છે તો સ્વસન્મુખનું સમ્યગ્દર્શન નથી એટલે મિથ્યાત્વ છે પરસન્મુખ. સ્વસન્મુખની સ્થિરતામાં જે અનંતાનુબંધીનો અભાવ જોઈએ એ નથી. બસ. આહાહા..! આચાર્યની શૈલી ગજબ શૈલી છે. જગતને વ્યવહારના પ્રેમવાળાને, આત્માનું ધ્યાન નથી એમ કહેનારને ચાબખા માર્યા છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! '**वह इसप्रकार कहता है...**' એટલે કે જે પરસન્મુખમાં પડ્યા છે, પરસન્મુખમાં રાગની તીવ્રતામાં પડ્યા છે અને સ્વસન્મુખના ધ્યાનનો નિષેધ આ કરનારા છે. આહાહા..!

મુમુક્ષુ :- આખો શ્વેતાંબર પંથ ઉડાવી મૂક્યો.

ઉત્તર :- નિષેધ કરી નાખ્યો. બસ, વાત ઈ છે. વસ્તુ આમ કહેવી છે, પણ હવે આશય એમનું હૃદય શું છે (એ સમજવું જોઈએ). આહાહા..! એ વખતે શ્વેતાંબર સંપ્રદાય નીકળી ગયેલોને? સો વર્ષ પહેલાં નીકળી ગયેલો. બહારની જ વાતું કરે આ. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, એનાથી આ કરો, વ્રત પાળો, અપવાસ કરો, આ કરો. આહાહા..! આકરું કામ ભારે ભાઈ! દુનિયાથી જુદું પડવું.

'**पंचसु महव्वदेसु य पंचसु समिदीसु तीसु गुत्तीसु। जो मूढो**' બસ એટલું. કેમકે સ્વસન્મુખના ધ્યાનની તો ના પાડે છે. હવે એને પંચ મહાવ્રત આદિ વિકલ્પ જે કહે છે, એ તો મૂઢ છે, એનું તો ભાન પણ નથી. આહાહા..!

મુમુક્ષુ :- જ્ઞાન જેને પ્રગટ થયું એને આવા પંચ મહાવ્રત આદિ બધું હોય.

ઉત્તર :- એને હોય. પણ એ કેવી જાતના હોય? જેને સ્વસન્મુખનું ધ્યાન હોય એને કઈ જાતના હોય એવું આને ભાન નથી. આહાહા..! સમજાણું કાંઈ? એટલે એ તો એમ કહેવા માગે છે કે સમ્યગ્દર્શન જ નથી જ્યાં. એટલે એ વ્રતાદિના પરિણામ એ પાળી શકતા જ નથી પરમાર્થે. એનો વ્યવહાર પણ સાચો નથી. એમ કહે છે મૂળ તો. આહાહા..!

'**इसप्रकार कहता है कि अभी ध्यान का काल नहीं है.**' કેમકે રાગની તીવ્રતામાં પડ્યા છે અને પરસન્મુખમાં પડ્યા છે. પરસન્મુખ. સ્વસન્મુખની તો ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! ... હતુંને તે દિ' નીકળ્યા સો વર્ષ થઈ ગયા હતાને. સાધુ હોયને એ લોકોના. આમ અમે પાળીએ છીએ, આમ પાળીએ છીએ, આમ પાળીએ છીએ. ધ્યાન-બ્યાન આત્માનું ધ્યાન-બ્યાન અત્યારે હોય નહિ. આહાહા..! આત્માનું ધ્યાન સમ્યગ્દર્શન તો એને હોય કે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર જાણ્યા હોય, માન્યા હોય એ સ્વસન્મુખ

થાય તો તેને સમ્યગ્દર્શન થાય. આહાહા..!

મુમુક્ષુ :- ધ્યાનમાં જ સમ્યગ્દર્શન થાય.

ઉત્તર :- ધ્યાનમાં જ થાય. '**झाणे पाउणदि जं मुणी णियमा**' કીધુને પહેલું. '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**'. તો એ ધ્યાનની તો ના પાડે છે. એય..! જયંતિભાઈ! આ તમારા સંપ્રદાયમાં આવી જાય છે હોં બધું. આ તો જાણવા માટે. ... આત્મા છે. આહાહા..! અરેરે!

ભગવાન પરમાત્મસ્વરૂપી પ્રભુ બિરાજે છે આત્મા. એની સન્મુખતાના ધ્યાનની તો ના પાડે છે. આહાહા..! હવે તારે શું કરવું છે એને? ગીરધરભાઈ! કર્તવ્ય હોય તો તો આ છે. '**णियमेण य जं कज्जं**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સ્વસ્વરૂપનું ધ્યાન. આહાહા..! હવે એની તો એ ના પાડે છે કે ભાઈ એવું બની ન શકે. આપણે આ કરીએ. અને ત્યાં સુધી કહે છેને એ લોકો તો. પંચમહાવ્રત આદિ શુભભાવ એ ક્ષયોપશમભાવ છે. ક્ષયોપશમભાવમાંથી ક્ષાયિક થશે એમ કહે છે. આપણે આવે છેને? ક્ષયોપશમભાવ.. નિયમસારમાં આવે છે. બે ઠેકાણે. પંચાસ્તિકાયમાં. ખબર છેને. ... આહાહા..!

એ ચર્ચા તો અમારે બહુ ચાલી હતી ત્યાં ૭૯માં. ૮૦-૮૦. તમે આવ્યા હતા. ૭૯માં ચોમાસું હતું લીંબડી. અમારું ચોમાસું બોટાદ. બેય ભેગા થયા રાણપુર. રાણપુર ચર્ચા ચાલી મોટી. જેચંદભાઈ અને મૂળચંદજી વાતું કરતા કે આ નવમી ગ્રૈવેયકે ગયો એ ક્ષયોપશમભાવે ગયો છે. એવી ચર્ચા ચાલતી હતી લ્યો! ૭૯ની વાત છે. એ નીચે વાતું કરતા હતા ખૂબ. એમાં હું ઉપરથી ઉતર્યો. આ કેમ છે? કીધું, બિલકુલ જૂઠી વાત છે. એમ કે આટલો પણ થોડો ક્ષયોપશમભાવ છેને? શું કર્યું? ધૂળ કરી, કીધું. ઉદયભાવ છે. નવમી ગ્રૈવેયકે ગયો તો શેને લઈને ગયો? ઉદયભાવને લઈને ગયો. ક્ષયોપશમ કેવો એને સાચો? આહાહા..! મોટી ચર્ચા ચાલી હતી. રામજીભાઈના સાસરા હતાને કેવા? જેચંદભાઈ. એ બધા જાડી બુદ્ધિવાળા. અને વાતું કરતા હતા બેય જણા.

મુમુક્ષુ :- તમારા મિત્ર હતા.

ઉત્તર :- હતા. વાત સાચી છે. વાત સાચી છે. ભેગા રહેલા છે. ભેગા રહેલા છે. પાળિયાદ. ૭૫. ૭૫ નહિ ૬૯. ૬૮-૬૮. ૬૮માં ભેગા રહેલા. પાળિયાદ ૬૮ ભેગા રહેલા ગૃહસ્થ અને ૬૯ દામનગર. દીક્ષા લીધા પહેલા ભેગા હતા. એ બધી બહારની વાતું. અંતર કાંઈ નહિ. આહાહા..!

અહીં તો આચાર્ય મહારાજનું હૃદય, જેને આત્મા સ્વરૂપ ચિદાનંદ મૂર્તિ પ્રભુ છે એના સન્મુખતાના ધ્યાનની જ એ ના પાડે છે. એ પરસન્મુખમાં પડ્યો છે બધી રીતે. આહાહા..!

**'અભી ધ્યાન કા કાલ નહીં હૈ.'** એમ એ લોકો કહે છે. આહાહા..! આ ખાસ અત્યારે સંપ્રદાયને લાગુ પડે છે બધાને. નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... શું કરો છો આત્માની વાતું અત્યારે? પણ આ નિશ્ચય એ જ વસ્તુ છે સાંભળને. આહાહા..! દ્રવ્યનો આશ્રય લેવો એ જ પહેલી ચીજ છે. એ જ ધ્યાન છે. આહાહા..! પ્રથમમાં પ્રથમ કર્તવ્ય તો આ છે. તો એની તો ના પાડે છે. રહ્યા થોથા બહારના મહાવ્રતને પાળે. એ પણ મૂઢ છો કહે છે એમાં તને. કારણ કે વસ્તુની તો ખબર નથી. સન્મુખતાના ભાન વિના પંચ મહાવ્રતના અભિમુખના પરિણામ કેવા હોય, કોને હોય એની તને ખબર નથી. સમજાણું કાંઈ? આહાહા..!

**'આગે કહતે હૈં કિ અભી પંચમકાલ મેં ધર્મધ્યાન હોતા હૈ, યહ નહીં માનતા હૈ વહ અજ્ઞાની હૈ :-'** દેખો! આહાહા..! ત્યારે ઓલો કહે છે, ધર્મધ્યાન હોય છે, પણ શુભભાવ એ ધર્મધ્યાન. રતનચંદજી. એ તો અહીં કરશે ખુલાસો. ધર્મધ્યાન આત્મસ્વભાવમેં સ્થિત હૈ. ખુલાસો કરશે. છેને આમાં. પાઠ છેને જુઓ. ઓલો ધર્મધ્યાન, શુભભાવને ધર્મધ્યાન કહે છે તો એનો ખુલાસો કરશે.

**भरहे दुस्समकाले धम्मज्झाणं हवेइ साहुस्स।**
**तं अप्पसहावठिदे ण हु मण्णइ सो वि अण्णाणी।।७६।।**

હવે ધર્મધ્યાનની વ્યાખ્યા. જુઓ! ધર્મધ્યાન તો આને કહીએ કે આત્મસ્વભાવમાં સ્થિત અંદર. રાગમાં સ્થિત એ ધર્મધ્યાન ક્યાંથી આવ્યું? આહાહા..! સમજાણું કાંઈ? જેને હજી ખબરું નથી, ઓળખાણ પણ નથી. આહાહા..!

**'અર્થ :- ઈસ ભરતક્ષેત્ર મેં દુઃષમકાલ-પંચમકાલ મેં સાધુ મુનિ કે ધર્મધ્યાન હોતા હૈ...'** જોયું! આ કાળમાં ભરતક્ષેત્રમાં પણ સાધુ મુનિને ધર્મધ્યાન હોય છે. હવે એ ધર્મધ્યાન એટલે શું? **'યહ ધર્મધ્યાન આત્મસ્વભાવ મેં સ્થિત હૈ ઉસ મુનિ કે હોતા હૈ,...'** પાંચ મહાવ્રતને પાળે છે, પંચ સમિતિ, ગુપ્તિ પાળે માટે ત્યાં ધર્મધ્યાન છે એમ નથી કહ્યું. આહાહા..! કુંદકુંદાચાર્યની શૈલી જ કોઈ અલૌકિક! આ ભરતક્ષેત્રમાં દુષમકાળ પંચમકાળમાં-આવો દગ્ધકાળ છે એમાં પણ **'સાધુ મુનિ કે ધર્મધ્યાન હોતા હૈ...'** આહાહા..! ઓલા કહે કે દગ્ધકાળ છે તેમાં આત્મધ્યાન ન હોય. આહાહા..! સમજાણું કાંઈ? **'યહ ધર્મધ્યાન આત્મસ્વભાવ મેં સ્થિત હૈ...'** આવો તો ખુલાસો કર્યો છે. ઓલા ધર્મધ્યાન શુભભાવ કહે છેને. શુભભાવ તે ધર્મધ્યાન, શુભભાવમાં સમકિત ને બધું એમાં હોય. અહીં તો વ્યાખ્યા આ છે. એ તો વ્યવહાર ધર્મધ્યાન કીધું. ચિંતાનું, નહિ? વિકલ્પનું. સર્વવિશુદ્ધમાં મોક્ષ અધિકારમાં. બે ગાથા. આહાહા..!

**'યહ ધર્મધ્યાન આત્મસ્વભાવ મેં સ્થિત હૈ...'** આહાહા..! ભગવાન આત્મા પવિત્ર

શુદ્ધ ચૈતન્યધામ એમાં જે સ્થિત છે તેને ધર્મધ્યાન કહેવામાં આવે છે. બહારની ભક્તિ ને પૂજા ને દાન ને વ્રત ને તપના વિકલ્પમાં પડ્યા એને ધર્મધ્યાન છે એમ ના પાડી અહીં. આહાહા..! સમજાણું કાંઈ? આ ધર્મધ્યાન, આત્મા એનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય આનંદ અને જ્ઞાન એમાં જે સ્થિત છે તેવા મુનિને ધર્મધ્યાન હોય છે. આહાહા..! એનો અર્થ કીધો કે દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આત્મસ્વભાવમાં સ્થિત છે એને હોય છે. આહાહા..! વ્યવહારના વ્રત ને નિયમ ને આ ને તે કરે એમાં માને કે આમાં ધર્મધ્યાન અમારે આવું નથી, આવું છે. આહાહા..!

**'જો યહ નહીં માનતા હૈ વહ અજ્ઞાની હૈ...'** આહાહા..! ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવ ચૈતન્ય આનંદનો જેનો સ્વભાવ આત્માનો છે એમાં સ્થિત નથી માનતો, એમાં સ્થિત હોય એને ધર્મધ્યાન હોય છે એમ જે નથી માનતો અને એ રાગની-મહાવ્રત ને પાંચ સમિતિની ક્રિયા એ અમારું ધર્મધ્યાન છે (એમ માને છે તે) અજ્ઞાની છે. **'વહ અજ્ઞાની હૈ.'** આહાહા..! સમજાણું કાંઈ? સ્વસન્મુખતાની જ જેણે ના પાડી.

મુમુક્ષુ :- આવું ત્યાં મુંબઈમાં ન ચાલે.

ઉત્તર :- ન ચાલે, ન ચાલે. અહીં તો બધું ટાઢા કાળનું છેને હવે અત્યારે. માણસો હમણાં ઓછા છે. બધા બહાર વયા ગયા છેને. હળવે-હળવે આવશે ગઢડા (વિહાર) પછી. મૂળ તો ગઢડાનું છેને હવે તો. આહાહા..!

મુમુક્ષુ :- આપ અહીંથી બહાર પધાર્યા એટલે સૌ વયા ગયા.

ઉત્તર :- હા એ જ કહું છુંને. પણ આવ્યા તો હજી અમે ગઢડે જવાના છીએ. પછી નિરાંતે આવશે બધા. જુઓને સુજાનમલજી ન મળે, ત્રંબકભાઈ ન મળે, કોઈ હોંકાર્યા ન મળે. માણેકચંદભાઈ બેસતા પણ એ વયા ગયા. એ કાંઈ હોંકારો નહોતા આપતા. એને ગઢડે જાવું હોયને. એને ગઢડે જાવું હોયને. એથી ગયા છે. ગઢડે આવવાના બધાય. આહાહા..!

**'भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो'** ભૂતાર્થ ભગવાન ત્રિકાળ આનંદસ્વરૂપ એનો આશ્રય લે, એને ધર્મધ્યાન હોય અને એને સમકિત થાય. આહાહા..! એની તો ના પાડી. મૂળની તો ના પાડી. આહાહા..! આ સ્થાનકવાસીમાં પણ એ જ છેને બધું. દેરાવાસી...

મુમુક્ષુ :- શ્વેતાંબરમાં હોય તો પછી સ્થાનકવાસીમાં હોયને.

ઉત્તર :- એ એમાંથી નીકળેલા છે. આ પાળો ને આ પાળો ને આ પાળો. બસ.

**'ઉસકો ધર્મધ્યાન કે સ્વરૂપ કા જ્ઞાન નહીં હૈ.'** જોયું! **'વહ અજ્ઞાની હૈ ઉસકો ધર્મધ્યાન કે સ્વરૂપકા જ્ઞાન નહીં હૈ.'** સમ્યગ્દર્શન વિનાના પંચ મહાવ્રતના, પાંચ સમિતિ, ગુપ્તિના ભાવમાં રહ્યા એ અમારું ધર્મધ્યાન છે અને એમાંથી અમને ક્ષાયિકભાવ પ્રગટશે. એને

એ વસ્તુના સ્વરૂપનું ભાન જ નથી કહે છે. '**ધર્મધ્યાન કે સ્વરૂપકા જ્ઞાન નહીં.**' આહાહા..! બહુ સરસ છે. એકલા શુભની ક્રિયામાં માનનારાઓ એને અંતરના ધ્યાનનો નિષેધ કર્યા વિના રહે જ નહિ એમ કહેવું છે. જેને ઇન્દ્રિય વિષયો એટલે? પછી કાંઈ ઇન્દ્રિય એટલે ભોગ એવું કાંઈ નહિ. ભગવાન દેવ-ગુરુ-શાસ્ત્ર છે એની સામું જોવું એ પણ ઇન્દ્રિયનો વિષય છે. આહાહા..! અને એના ભાવમાં સુખપણું માનવું કે આ પણ એક સાધન છે, એ સુખબુદ્ધિ માનનારા સ્વસન્મુખના ધ્યાનનો નિષેધ કરે છે. આહાહા..! માર્ગ ભારે! આહાહા..! ચોર્યાસીના અવતાર ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં કાંઈ સમજાતું નથી આપણને.

મુમુક્ષુ :- ફૂલચંદજી એમ કહેતા હતા કે .. સાંભળવું એ કરતા દેવ-ગુરુ-શાસ્ત્રનું સાંભળવું સારુંને?

ઉત્તર :- કોણ કહેતું હતું? એ જુદી વાત છે. દેવ-ગુરુનું સાંભળવું એ પણ છે તો રાગ. પણ એમાં માને કે આ જ છે અને સન્મુખતા નથી એ તો મૂઢ છે. એ સાંભળ્યું જ નથી. અને અહીં તો દેવ-ગુરુ-શાસ્ત્રને સાંભળે પણ ઇન્દ્રિયનો વિષય છે, લે! એવી વાત છે. અને એમાં જ માની બેસે છે કે આમાંથી થાશે, એને સ્વસન્મુખના ધ્યાનનો નિષેધ છે. ત્રણ કાળમાં દેવ-ગુરુ-શાસ્ત્રની સન્મુખના ભાવથી સ્વસન્મુખ નહિ થવાય. કહ્યુંને ત્યાં ભગવાને ૧૭૦ ગાથામાં. તીર્થંકર કહે છે, મારી રુચિ રહેશે, નવ પદાર્થની રુચિ રહેશે, આગમની શ્રદ્ધા રહેશે, ત્યાં સુધી મોક્ષ દૂર છે તને. ૧૭૦. આહાહા..! અજબ-ગજબની વાતું છે ભાઈ આ તો. આહાહા..! બહુ સારી વાત છે. આ તો ધર્મને નામે આખા શુભભાવને ખતવી નાખ્યો. પરમાં રાગમાં સ્થિત એને ધર્મધ્યાન ખતવી નાખ્યું. આહાહા..! અહીં આત્મસ્વભાવે સ્થિતિ. પોતાનો ભગવાન શુદ્ધ ચૈતન્ય આનંદસ્વરૂપ પ્રભુ છે આત્મા, એમાં સ્થિત થાય એ ધર્મધ્યાન છે. આવું તો બધું સાંભળ્યું પણ ન હોય. એ.. મગનભાઈ! બધું સાંભળ્યું પણ ન હોય આવું. ક્યાં હતું ત્યાં? વાડામાં કાઢ્યા ૭૦ વર્ષ. એ તો બધાને માટે એમ છેને. આહાહા..!

બહુ જ સરસ વાત. ભગવાનનો કેવળજ્ઞાનનો દિવસ છે આજે. આહાહા..! વાણી નીકળી નહિ, કેવળજ્ઞાન થયું પણ વાણી ન નીકળી. ૬૬ દિવસે વાણી નીકળી. આહાહા..! શ્વેતાંબર કહે કે વાણી તો નીકળી પણ ધર્મ પામનારા, ચારિત્ર પામનારા નહોતા. બહુ ફેર, વાતે વાતે ફેર. વાણી નીકળે અને ધર્મ પામનારા ન હોય કોઈ દિ' ત્રણ કાળમાં ન હોય. પૂર્વે વિકલ્પ થયો હતો કે ધર્મ પમાડું, એવા ભાવમાં જે બંધાયેલું કર્મ એના ઉદય વખતે ધર્મ પામનારા

હોય જ. નથી એને ઉદયની ખબર, નથી.. એવી વાત છે પણ હવે ભાઈ આ તો વાડાની સામે... વાણી જ નહોતી. એ સિદ્ધાંત છે. કેવળજ્ઞાન થયું, આહાહા..! પણ વાણીનો યોગ નહોતો. એ પાત્ર જીવ નહોતા માટે યોગ નહોતો એ તો વ્યવહારના કથન છે. વાણીની યોગ્યતા જ નહોતી. આહાહા..! કેવળજ્ઞાન થયું. એક સમયમાં પર્યાયમાં પૂર્ણતા પ્રગટ થઈ. વાણી ન મળે. વાણી કાંઈ કરી થાય છે? એને કાળે વાણીનો યોગ હોય, એ ભાષામાં સ્વપર કહેવાની શક્તિ હોય, એ ભાષા પરિણમતી હોય એ તો એને કાળે, તે કાળે એનો સ્વકાળ હોય. ભાષાનો સ્વકાળ હોય. કેવળ પામ્યા માટે તે વાણી આવી થાય એવું કાંઈ નથી. આહાહા..! ગજબ વાત છે. સ્વપરપ્રકાશક જ્ઞાન પૂર્ણ થઈ ગયું, પણ સ્વપરને કથન કરનારી ભાષાની યોગ્યતા તે કાળે નહિ. આહાહા..!

'**ભાવાર્થ :- જિનસૂત્ર મેં ઈસ ભરતક્ષેત્ર મેં પંચમકાલ મેં આત્મભાવના મેં સ્થિત મુનિ કે ધર્મધ્યાન કહા હૈ,...**' જોયું! એવા મુનિ એકલા નહિ જે આ પંચ મહાવ્રતને પાળે એમ કહે છે. અંદરમાં આત્મામાં સ્થિત એવું ધર્મધ્યાન પંચમ આરામાં મુનિને કહ્યું છે.

મુમુક્ષુ :- એ તો મુનિ છેને.

ઉત્તર :- મુનિ છે એટલે ત્યારે મુનિ હોયને. નહિતર મુનિ શેના હોય? આહાહા..!

'**જિનસૂત્ર મેં ઈસ ભરતક્ષેત્ર મેં પંચમકાલ મેં આત્મભાવના મેં સ્થિત મુનિ કે...**' આત્માની ભાવના એટલે આત્મા આનંદ (સ્વરૂપ છે) એવું ધ્યેય થઈને જેની એકાગ્રતા છે એમાં. આહાહા..! એવા મુનિને ધર્મધ્યાન હોય છે. ભગવાને કહ્યું છે કહે છે. ત્યારે ઓલા કહે, આ શુભભાવ એ ધર્મધ્યાન લ્યો. સાતમે ગુણસ્થાને પછી શુદ્ધતા પ્રગટે. એમ એ કહે છે. અરેરે..! આહાહા..! કાલે જવાબ સારો આપ્યો હતો ભાઈએ નરેન્દ્રે નહિ? વિશુદ્ધિનું કાલે આવ્યું હતું. વિશુદ્ધિ, મંદ કષાય અને તીવ્ર કષાય. મંદ કષાય અને વિશુદ્ધિ જુદી જાત છે. એમ ભાઈએ લખ્યું છે. કાંતિલાલે. એનો જવાબ પછી નરેન્દ્ર કોલ્હાપુરવાળો. માણસોને પોતાની કલ્પનાએ કરીને બહાર પડવું અને અમે કાંઈક જાણવાવાળા છીએ. ધૂળેય નથી જાણવાવાળા. કોને કહેવું જાણવું? આહાહા..! આકરી વાતું બાપા! અંતરના રસ્તે જવા વિઘ્ન ઘણાં, વિઘ્ન ઘણાં.

'**પંચમકાલ મેં આત્મભાવના મેં સ્થિત મુનિ કે ધર્મધ્યાન કહા હૈ, જો યહ નહીં માનતા હૈ વહ અજ્ઞાની હૈ,...**' એમ. અંતર સન્મુખમાં આત્મસ્થિરતા હોય એવું પંચમકાળના મુનિને કહ્યું છે. '**જો યહ નહીં માનતા હૈ વહ અજ્ઞાની હૈ, ઉસકો ધર્મધ્યાન કે સ્વરૂપ કા જ્ઞાન નહીં હૈ.**' લ્યો! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વૈશાખ સુદ ૧૧, ગુરુવાર તા. ૦૨-૦૫-૧૯૭૪**
**ગાથા - ૭૭ થી ૮૦, પ્રવચન - ૧૪૦**

૭૭ ગાથા. ૭૬ થઈ ગઈને? ભાવાર્થ થઈ ગયો છે. '**આગે કહતે હૈં કિ જો ઈસ કાલ મેં ભી રત્નત્રય કા ધારક મુનિ હોતા હૈ વહ સ્વર્ગ લોક મેં લોકાંતિકપદ, ઈન્દ્રપદ પ્રાપ્ત કરકે યહાં સે ચયકર મોક્ષ જાતા હૈ, ઈસપ્રકાર જિનસૂત્ર મેં કહા હૈ :-**' ઓલા ધર્મધ્યાનની ના પાડે છેને? ધર્મધ્યાન ન હોય અત્યારે. ધર્મધ્યાનનો અર્થ સ્વનો આશ્રય કરીને જે એકાગ્રતા (થાય) એ અત્યારે ન હોય એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ એમાં થાય. કષાયનો અભાવ. એ બધું ક્યાં ઠેકાણા વિનાનું બધું. આ નથી અહીંયાં રતનચંદજી એમ નથી માનતા કે શુભયોગ જ સાતમા સુધી હોય? છઠ્ઠા સુધી હોય બેય વાત નાખી છે. શુદ્ધ ઉપયોગ આઠમેથી હોય અને એક ઠેકાણે પછી શુદ્ધ ઉપયોગ સાતમેથી હોય. ત્યાં સુધી શુભ જ હોય એને. શું કરે? માન્યતા છેને સંપ્રદાયની.

મુમુક્ષુ :- શુભમાં જ શુદ્ધ હોય.

ઉત્તર :- શુભમાંથી શુદ્ધ થાય. ક્ષયોપશમભાવ છે આ કહેને શ્વેતાંબર. ક્ષયોપશમભાવ છે એ. શુભભાવ એમાંથી ક્ષાયિકભાવ થાય એમ કહે છે. શું થાય? વસ્તુ આખી બદલી નાખી માણસોએ.

**अज्ज वि तिरयणसुद्धा अप्पा झाएवि लहहिं इंदत्तं।**
**लोयंतियदेवत्तं तत्थ चुआ णिव्वुदिं जंति।।૭૭।।**

'**અર્થ :- અભી ઈસ પંચમકાલ મેં...**' એ વખતે પણ કહે છે, શાસ્ત્ર બનાવ્યું ત્યારે. '**પંચમકાલ મેં ભી...**' કારણ કે એ વખતે શ્વેતાંબર નીકળી ગયલા છેને? એટલે એ માને છે કે અમે ભઈ આ વ્રત ને નિયમ ને તપ છે એનાથી અમને ધર્મધ્યાન છે, એનાથી લાભ થાશે એમ. આત્માનો આશ્રય કરવો અને આત્મા આનંદસ્વરૂપની સમીપમાં જતાં ધર્મધ્યાન થાય એ વાત એ લોકોને માન્ય રહી નહિ. સંપ્રદાયથી જુદા પડ્યા. '**ઈસ પંચમકાલ મેં ભી જો મુનિ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કી શુદ્ધતા યુક્ત હોતે હૈં...**' ત્યારે વળી બીજા એમ લગાવે છે અત્યારે, જુઓ! શાસ્ત્રમાં કહ્યું છે તો (તે પ્રમાણે) અમે છીએ. એમ કહે છે. સ્વતંત્ર છે જીવો. ઓહોહો..!

મુમુક્ષુ :- એમાં નામ લખ્યું હશે.

ઉત્તર :- નામ ભલે ન લખ્યું હોય પણ એમ એ કહે છે, કહ્યા છેને? '**तिरयणसुद्धा**' ત્યારે કોને ગોતશો અત્યારે એને? અમારે મૂળચંદજી વાતું કરતા. વીરચંદભાઈ અને એ બેય ખાનગી વાતું કરે. પણ અત્યારે જો સાધુ નહિ હોય તો પછી આપણે સાધુ છીએ. જુઓને આવા છે કોણ બીજા? ક્રિયા બહારની એવી. નિર્દોષ આહાર-પાણી. હીરાજી મહારાજનું તો... બહારનું આચરણ... એટલે એમ કે આપણે આવા છીએ. જગતમાં વસ્તુ છે કે નહિ? ભગવાને કીધા છે અને અમે સાધુ છીએ, એમ માને. એ વાત અમારે થઈ ગઈ હતી ચર્ચામાં. ૮૦ સાલ પહેલા. આપણે નહિ હોય તો બીજા કોણ સાધુ છે કે નહિ? બીજે ક્યાંય દેખાતા તો નથી એવી શૈલીવાળા, (માટે) આપણે છીએ. આહાહા..!

જેને હજી સમ્યગ્દર્શન શું છે (એની ખબર નથી). આત્માના અવલંબે શુદ્ધ ચૈતન્યઘન ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થાય, અભેદ ત્રિકાળ આનંદસ્વરૂપને આશ્રયે. કોઈ બીજી વાત છે નહિ. એની ખબર નથી. અહીં તો કહે છે પંચમકાળમાં હોય છે કોઈ. નથી એમ નહિ. આ તો એ વખતની વાત છેને? બે હજાર વર્ષ પહેલાની. '**મુનિ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કી શુદ્ધતા યુક્ત હોતે હૈં વે આત્મા કા ધ્યાન કર...**' જુઓ એ. કારણ કે ત્યાં કહ્યું હતુંને ૭૬માં? '**तं अप्पसहावठिदे**' ૭૬માં. આ બાજુ ૭૬ ગાથામાં ત્રીજું પદ. '**अप्पसहावठिदे**' એ વસ્તુ એ સ્થિતિ છે. ભગવાન આત્મા જ્ઞાન અને આનંદનો જે એનો સ્વભાવ શુદ્ધ અને પવિત્ર છે એમાં સ્થિતિ. એ '**ण हु मण्णइ सो वि अण्णाणी**' એ ન માને તે અજ્ઞાની છે. આત્માના સ્વભાવમાં અંતર આનંદસ્વરૂપમાં સ્થિત થાય અને એને આનંદ આવે એને સાધુ અને મુનિ કહીએ, એને ધર્મધ્યાન કહીએ, એમ કહે છે. આહાહા..! આવું ન માને એ તો અજ્ઞાની છે. આહાહા..! ભગવાનના વિરહ પડ્યા, જ્ઞાન ઘટી ગયા. મોટી સંખ્યા વિરોધમાં રહી ગઈ.

કહે છે, '**આત્મા કા ધ્યાન કર...**' વજન અહીં છે. '**अप्पा झाएवि**' છેને શબ્દ? '**तिरयणसुद्धा**'ની પછી વ્યાખ્યા એ કરી. સમ્યક્ શુદ્ધ ક્યારે? કે આત્માનું ધ્યાન હોય ત્યારે. એને આત્માનું ધ્યાન હોય છે. આહાહા..! ચૈતન્ય શુદ્ધ આનંદ પૂર્ણ અનંત ગુણનો પિંડ એવો જે આત્મા નિશ્ચય આત્મા એનું ધ્યાન હોય છે. એમાં એકાગ્રતા તે સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર છે. વ્યવહારના વ્રતાદિ, તપાદિ એ તો રાગ છે.

મુમુક્ષુ :- આપ ના પાડો છો તે વ્રત કરતા મટી ગયા, અહીં કોઈ વ્રત લેતું નથી.

ઉત્તર :- પણ હતા કે દિ' વ્રત વસ્તુ વિના? દૃષ્ટિનો અનુભવ નથી જેને હજી આત્મા એને વ્રત કેવા? એ તો લખ્યું છેને કાંતિભાઈએ. લખ્યું વાંચ્યુને? નથી વાંચ્યું? ઠીક. વાંચીને એમાં અભિપ્રાય આપ્યો છે. એમ કે આ બધું વ્રતને હેય-હેય કરો છો તો વ્રતધારી લોકો

અવ્રતમાં વયા જશે. અને અવ્રતીને એકલા તમે વ્રત હેય-હેય કરશો તો કોઈ વ્રત લેશે નહિ, પુરુષાર્થ કરશે જ નહિ. વિષય-કષાયમાં જ રહેશે. કહો, એનું શું કરવું? આહાહા..! વ્રતનો વિકલ્પ કોને આવે? જેને આત્માના આનંદસ્વરૂપનો અનુભવ છે એને એ ઉપરાંત આગળ શાંતિ વધી હોય એને એવા વ્રતના વિકલ્પ હોય. આહાહા..!

મુમુક્ષુ :- વ્રતના વિકલ્પ છે માટે એને ...

ઉત્તર :- એમ નથી. આમ હોય એને આમ હોય. વ્રતના વિકલ્પ તો અભવિને છે એવા. એથી શું થયું? કહ્યું છેને ઓલામાં ભાઈ સમાધિશતકમાં કે અવ્રતથી તો નરકમાં જશે. સમાધિશતક. માટે વ્રત લે એ સ્વર્ગમાં જાશે. પણ એ કોણ વ્રત લે? વ્રત કોને હોય? એ પહેલી વાત. જેને અંતર સમ્યક્ આત્મા જ્ઞાતા-દૃષ્ટા એવું ભાન થયું છે એ ઉપરાંત જેને શાંતિ અંતરની બીજા કષાયના અભાવની થઈ છે એને વ્રતના વિકલ્પ હોય છે. એકલા વ્રતના વિકલ્પ ત્યાં કીધા છે? ચોથા ગુણસ્થાનમાં પછી વ્રતનો વિકલ્પ હોય એ સ્વર્ગમાં જાય અને અવ્રતવાળો ઓલામાં જાય. વાદવિવાદે તો કાંઈ પાર પડે એવું નથી. વસ્તુસ્થિતિ જ આ છે. મૂળના જ જ્યાં આખા વાંધા.

'**આત્મા કા ધ્યાન કર ઈન્દ્રપદ અથવા લોકાંતિકદેવપદ કો પ્રાપ્ત કરતે હૈં...**' લ્યો! આત્માનું ધ્યાન એટલે કે વિકલ્પ નહિ, શુદ્ધ ધ્યાન. આત્મામાં અંતર એકાગ્રતા, નિર્વિકલ્પ એકાગ્રતા એને અહીંયાં ધર્મધ્યાન કીધું છે. આહાહા..! એવું '**ધ્યાન કર ઈન્દ્રપદ અથવા લોકાંતિકદેવપદ કો પ્રાપ્ત કરતે હૈં ઔર વહાં સે ચયકર નિર્વાણ કો પ્રાપ્ત હોતે હૈં.**' ત્યાંથી નીકળીને એકાવતારી થાય.

'**ભાવાર્થ :- કોઈ કહતે હૈં કિ અભી પંચમકાલ મેં જિનસૂત્ર મેં મોક્ષ હોના કહા નહીં, ઈસલિયે ધ્યાન કરના તો નિષ્ફલ ખેદ હૈ,...**' મોક્ષ તો થશે નહિ. ત્યારે ધ્યાન શેનું કરવું? એમ. '**ઉસકો કહતે હૈં કિ હે ભાઈ! મોક્ષ જાને કા નિષેધ કિયા હૈ ઔર શુક્લધ્યાન કા નિષેધ કિયા હૈ, પરંતુ ધર્મધ્યાન કા નિષેધ તો કિયા નહીં. અભી ભી જો મુનિ રત્નત્રય સે શુદ્ધ હોકર...**' જોયું! અત્યારે પણ મુનિ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી—નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી શુદ્ધ '**હોકર ધર્મધ્યાન મેં લીન હોતે હુએ...**' જોયું! ઓલા દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય છે. '**શુદ્ધ હોકર...**' એમ. '**મુનિ રત્નત્રય સે શુદ્ધ હોકર...**' આહાહા..! જયચંદ્ર પંડિતના અર્થ બહુ ગંભીર અને માર્મિક એની શૈલી ઘણી.

'**આત્મા કા ધ્યાન કરતે હૈં, વહ મુનિ સ્વર્ગ મેં ઈન્દ્રપદ કો પ્રાપ્ત હોતે હૈં...**' લ્યો! ધર્મધ્યાનમાં લીન. પણ વજન અહીં છે. '**અભી જો મુનિ રત્નત્રય સે શુદ્ધ હોકર...**'

અંતર સ્વરૂપના સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એનાથી શુદ્ધ થઈને '**धर्मध्यान में लीन होते हुए...**' એ અંતર ધ્યાનમાં લીન હોતે હુએ '**आत्मा का ध्यान करते है.**' આહાહા..! કારણ કે પાઠ એમ છેને? '**अज्ज वि तिरयणसुद्धा अप्पा झाएवि**' એમ શબ્દ છેને? એથી એમ અર્થ લીધો છે. ભગવાન આત્માનો શુદ્ધ સમ્યક્ નિશ્ચય સ્વને આશ્રયે થયેલી સમ્યગ્દર્શન દશા, સ્વનું થયેલું જ્ઞાન અને સ્વમાં થયેલી રમણતા. એવી '**तिरयणसुद्धा**' આવા ત્રણ રત્નથી શુદ્ધ થઈને. એમ. ભાષા જુઓને. પાઠ જ છેને એ. '**अप्पा झाएवि**' પછી જે આત્માનું ધ્યાન કરે ઈ જ આત્માનું ધ્યાન છે એમ કહે છે. આહાહા..!

'**मुनि रत्नत्रय से शुद्ध होकर धर्मध्यान में लीन होते हुए आत्मा का ध्यान करते हैं,...**' એ રીતે આત્માનું ધ્યાન કરે છે. '**वे मुनि स्वर्ग में ईन्द्रपद को प्राप्त होते हैं अथवा लौकांतिकदेव एक भवावतारी हैं,...**' આહાહા..! '**उनमें जाकर उत्पन्न होते हैं. वहां से चयकर मनुष्य हो मोक्षपद को प्राप्त करते हैं.**' લૌકાંતિકમાં કે ઈન્દ્રપદમાં જાય ત્યાંથી બસ મનુષ્ય થઈને મોક્ષ જાય. ભલે મોક્ષ અત્યારે નથી પણ આ રીતે મોક્ષ છેને એમ કહે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવું જે સ્વરૂપનું ધ્યાન, એવું જે આત્માનું ધ્યાન એ તો છે કે નહિ અત્યારે? એમ કહે છે. એમાંથી અપૂર્ણ રહે છે એટલે સ્વર્ગમાં જશે એમ કહે છે. પણ ધ્યાનનો જ નિષેધ કરી દે તું કે ધર્મધ્યાન અત્યારે નથી. મોક્ષ નથી માટે ધર્મધ્યાન નથી. તો આત્માના સમીપમાં જાવું એ વાત તો રહી નહિ. આત્માથી દૂર રહી રહીને બધી વાતું વ્રત ને નિયમ ને ક્રિયા એ ક્યાં વસ્તુ હતી? આહાહા..! ઝીણો માર્ગ ઘણો.

'**ईसप्रकार धर्मध्यान से...**' જોયું! ઓલો કહે મોક્ષ નથી, પણ આ પ્રકારે ધર્મધ્યાનથી, એમ. '**परंपरा मोक्ष होता है...**' સીધો ભલે વર્તમાન મોક્ષ નથી, પણ આ રીતે (મોક્ષ થાય છે). મૂળ તો એ આમાંથી નીકળ્યાને બધા જ્યારે (ત્યારે) એને સમ્યગ્દર્શન તો નહોતું, સ્વનો આશ્રય તો નહોતો શ્વેતાંબર પંથ નીકળ્યા એટલે. અને વ્યવહારની જ વાતું બધી બહારની. સમ્યગ્દર્શન હોય તો તો બહાર જુદા પડી શકે નહિ. વસ્ત્ર રાખીને મુનિપણું માન્યું, મનાવ્યું. '**ईसप्रकार धर्मध्यान से...**' આ રીતે આત્માના સ્વભાવની સમીપનું ધ્યાન એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવું ધ્યાન કરીને... એ આત્મધ્યાન. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય આત્મધ્યાન છે. આહાહા..! એમાં પૂર્ણતા નથી એથી સ્વર્ગમાં જશે એમ કહ્યું. છેને? '**आत्मा का ध्यान करते हैं, वे मुनि स्वर्ग में ईन्द्रपद को प्राप्त होते हैं...**' એનો અર્થ કે આવું ધ્યાન કરે છે એને હજી રાગ બાકી છે, પૂર્ણ નથી ધ્યાન. પછી ત્યાં જાશે.

'**वहां से चयकर मनुष्य हो मोक्षपद को प्राप्त करते हैं.**' આહાહા..! '**जो निषेध**

**करते हैं वे अज्ञानी मिथ्यादृष्टि हैं,...'** આત્મા અંદર આનંદસ્વરૂપનું સમીપપણાનું ધ્યાન જ ના પાડે. આહાહા..! એ તો અજ્ઞાની અને મિથ્યાદૃષ્ટિ છે. **'उनको विषय-कषायों में स्वच्छंद रहना है...'** એટલે? કે આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાયકસ્વરૂપ, ધ્રુવસ્વરૂપ એની સમીપમાં એકાગ્રતા કરવી એ તો એ માનતા નથી, એમ. એટલે બહારના વિષય-કષાયમાં એ બધો રાગ ભલે મંદ હોય. આહાહા..! અહીં તો પહેલી એ વાત છે કે જ્યાં આત્માનું ધ્યાન, ધર્મધ્યાન(નો) જ નિષેધ કર્યો ત્યાં શું રહ્યું એને? આહાહા..! શરૂઆત તો જે દ્રવ્યનો આશ્રય કરે, આનંદનું વેદન થાય સ્વરૂપનું, પૂર્ણ સ્વરૂપ છે એવું જ્ઞાનમાં જણાતા વેદનમાં આનંદ આવે એમાં જે પ્રતીતિ થાય એને સમ્યગ્દર્શન કહીએ. હવે એ તો ના પાડે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ માને. ધર્મધ્યાન છે એમ તો આવે છે અંદર. ચોથેથી ધર્મધ્યાન છે. ધર્મધ્યાનનો અર્થ એ આ બહારની વાતું પછી કરે છે. ઓલું આત્માનું ધ્યાન અને ધર્મધ્યાન એ વાત નથી. આમ તો છે બધા પાઠ થોકડામાં. ચોથેથી સાતમા સુધી ધર્મધ્યાન, આઠમેથી શુક્લધ્યાન. વાંચ્યું તો હોયને શબ્દો તો. આહાહા..! શું થાય? ભગવાનના વિરહ પડ્યા, કેવળજ્ઞાન રહ્યા નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાયોત્સર્ગ કરવો. આ કાયોત્સર્ગ કરવો, આ અપવાસ કરવા એમાં આપણે એકાગ્ર થવું. નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... એ મૂર્તિ ... એ શું થયું? એ તો બહારની વાત છે. આહાહા..! ધર્મધ્યાન એનો અર્થ કે સ્વભાવનું ધ્યાન. આહાહા..! વિભાવની ક્રિયા બધી વ્રતાદિની એ શું? એ તો રાગ અને વિકલ્પ છે. આહાહા..! અને એ પણ સમાધિતંત્રમાં કહ્યું છે કે અવ્રતમાં રહેશે તો એમ કે આ પ્રમાણે નરકમાં જશે અને વ્રતમાં... પણ એ વ્રત એટલે શું? આહાહા..! વ્રતના એકલા વિકલ્પની વાત નથી ત્યાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના. ત્યાં ઓલા વ્રતના વિકલ્પ નથી. વ્રત એટલે ત્યાં સ્વરૂપની દૃષ્ટિના અનુભવસહિત શાંતિ વધી છે એને જે વિકલ્પ છે એમ એની વાત છે ત્યાં. એકલા વિકલ્પ વ્રત એટલે એની વાત તો ક્યાં છે? સમાધિશતક. શું થાય પણ હવે? એ વાતને પોતાની કલ્પનાથી બધું માનવું, વસ્તુ રહી ગઈ એક કોર. આહાહા..! એમ કે ત્યાં કહ્યું છેને સમાધિશતકમાં. છાંયે બેઠેલો માણસ પોતાને જે માણસ આવતો હોય એની વાટ જોવા બેસે.

મુમુક્ષુ :- એ તો આ મોક્ષપાહુડમાં પણ આવે છે.

ઉત્તર :- મોક્ષપાહુડમાં પણ છે. છેને એ બધું એક જ છે. તડકે બેઠેલો માણસ દુઃખી

છે અને છાંયે બેઠેલા શુદ્ધ ઉપયોગની વાટ જોવે છે એમ. પણ એનો અર્થ એવો નથી કે સમ્યગ્દર્શન છે અને પછી વ્રતના વિકલ્પો કરવા એ છાંયે બેઠો છે અને અવ્રતના છે એ તડકે એમ નથી ત્યાં અર્થ. આહાહા..! એને તો જરીક શાંતિ વધી છે અંદરમાં. ચોથા ગુણસ્થાનવાળા સર્વાર્થસિદ્ધ દેવને જે શાંતિ છે એનાથી પણ શાંતિ અંદરમાં વીતરાગતા વધી ગઈ છે. એને જે વ્રતના વિકલ્પ છે એ હવે શુદ્ધ ઉપયોગની વાટ જોવે છે એમ. આહાહા..! બહુ ફેર, ઘણો ફેર. આવી વાત ને ક્યાં હવે આની ચર્ચા (કરવી).

**'ઈસપ્રકાર ધર્મધ્યાન સે પરંપરા મોક્ષ હોતા હૈ તબ સર્વથા નિષેધ ક્યોં કરતે હો?'** આત્માના આનંદનું ધ્યાન જ નથી અને આત્માના અવલંબનથી જે ધ્યાન થાય એ ધ્યાન જ નથી એમ કેમ ના પાડો છો? આહાહા..! હવે તો આ શાસ્ત્રો બહાર પડ્યા એટલે વાતું ઘણાં કરનાર નીકળ્યા છે. બહાર પડ્યા એટલા બધા. હવે તો જુવાનિયા પણ વાંચે છે અને વાતું કરે છે. પણ વાત એ છે કે અંદર આનંદસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ એની પ્રાપ્તિનું ધ્યાન, એ ધ્યાનથી પરંપરા મોક્ષ છે. **'તબ સર્વથા નિષેધ ક્યોં કરતે હો? જો નિષેધ કરતે હૈં વે અજ્ઞાની મિથ્યાદષ્ટિ હૈં,...'** આહાહા..! **'ઉનકો વિષય-કષાયોં મેં સ્વચ્છંદ રહના હૈ ઈસલિયે ઈસપ્રકાર કહતે હૈં.'** એટલે? કે અંતર આનંદના સ્વરૂપના સમીપમાં જઈ શકતો નથી માટે અત્યારે ધર્મધ્યાન નથી એમ કહીને એને રાગમાં રહેવું છે. આહાહા..! રાગ શુભભાવ હો એ બધો રાગ પરવિષય છે. આહાહા..! એ તો ઈન્દ્રિયનો વિષય છે. એટલે 'ઈસપ્રકાર કહતે હૈં.' લ્યો!

**'આગે કહતે હૈં કિ જો ઈસ કાલ મેં ધ્યાન કા અભાવ માનતે હૈં ઔર મુનિલિંગ પહલે ગ્રહણ કર લિયા...'** મુનિલિંગ ગ્રહણ કર્યું નગ્નપણું આદિ. મુનિલિંગ એને કહીએ હોં! નગ્નપણું એ. વસ્ત્રવાળું એ મુનિપણાનું લિંગ પણ નથી. આહાહા..! **'મુનિલિંગ પહલે ગ્રહણ કર લિયા અબ ઉસકો ગૌણ કરકે પાપ મેં પ્રવૃત્તિ કરતે હૈં વે મોક્ષમાર્ગ સે ચ્યુત હૈ :-'**

जे पावमोहियमई लिंग घेत्तूण जिणवरिंदाणं।
पावं कुणंति पावा ते चत्ता मोक्खमग्गम्मि।।७८।।

**'અર્થ :- જિનકી બુદ્ધિ પાપકર્મ સે મોહિત હૈ...'** આહાહા..! **'વે જિનવરેન્દ્ર તીર્થંકર કા લિંગ ગ્રહણ કરકે ભી...'** મુનિનું લિંગ નગ્ન દિગંબર. આહાહા..! **'લિંગ ગ્રહણ કરકે ભી પાપ કરતે હૈં...'**

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પાપ જ છે. એ પુણ્યભાવ કરે અને એને ધર્મ માને એ પાપ જ છે.

'પાપ પાપકો તો સહુ કહે, પણ અનુભવીજન પુણ્ય કો પાપ કહે.' પાપ છેને એ, આત્માની શાંતિ લૂંટનાર છે. આહાહા..! **'જિનવરેન્દ્ર તીર્થંકર કા લિંગ ગ્રહણ કરકે ભી લિંગ ગ્રહણ કરકે ભી પાપ કરતે હૈં વે પાપી મોક્ષમાર્ગ સે ચ્યુત હૈં.'**

**'ભાવાર્થ :- જિન્હોંને પહલે નિર્ગ્રંથ લિંગ ધારણ કર લિયા...'** જુઓ! વાત તો ઈ છે. **'પીછે ઐસી પાપબુદ્ધિ ઉત્પન્ન હો ગઈ કિ અભી ધ્યાન કા કાલ તો હૈ નહીં,...'** આ પાપ નથી. અંતર્મુખ થવાનો અત્યારે કાળ જ નથી. આહાહા..! નિર્ગ્રંથ લિંગ ધારણ કર્યું. **'તો અભી ધ્યાન કા કાલ તો હૈ નહીં,...'** આહાહા..! એ પાપમતિ એને કીધી ભાઈ અહીં. આહાહા..! આત્મા સમીપ જઈ શકાતું જ નથી. દૂર-દૂરની વાતું બધી કરો. એ પાપમતિ છે. આહાહા..! શું થાય?

**'ઈસલિયે ક્યોં પ્રયાસ કરેં?' 'અભી ધ્યાન કા કાલ તો હૈ નહીં, ઈસલિયે ક્યોં પ્રયાસ કરેં? ઐસા વિચારકર પાપ મેં પ્રવૃત્તિ કરને લગ જાતે હૈં...'** એટલે આત્માના સમીપમાં ન જતાં, અંતર સ્વરૂપનું ધ્યાન ન કરતા બહારમાં પ્રવૃત્તિમાં (રહે છે). એ બધું પાપ જ છે. **'વે પાપી હૈં, ઉનકો મોક્ષમાર્ગ નહીં હૈ.'** એ વચ્ચેનું બધું કાઢી નાખવાનું છે. ઘરનું નાખ્યું. આમાં નાખવું ન જોઈએ. આવા શાસ્ત્રમાં ઘરના કાંઈ શબ્દ ન નાખવા જોઈએ. રામજીભાઈ તો કહે, અહીં ભગવાનનો દરબાર છે. બધું જાય આવે. આહાહા..! આ પછી લોકો શંકા કરે આમાં કે આ તો તમારા ઘરનું નાખ્યું. તમારો અર્થ ક્યાં છે આ? જયચંદ્ર પંડિતજીના અર્થ ક્યાં છે? એમ કહે. કોઈએ પૂછ્યું નહિ હોય કે ભાઈ આ ઘરના અર્થ નાખીને સોનગઢને નામે છપાવવું? રામજીભાઈને ખબર નથી? લ્યો! રામજીભાઈને ખબર નથી. આવા છપાવે કોણ? કેટલે ઠેકાણે ઘરનું નાખ્યું છે! લોકોને બીજાને શંકા પડે કે આ તો પોતાના ઘરનું નાખે છે.

મુમુક્ષુ :- ભાષા પરિવર્તન કરનાર પં. ...

ઉત્તર :- કોણે કર્યું? કોણે પણ કર્યું છે? .. એણે ક્યાં લખ્યું છે આ? એણે લખ્યું છે આ ભાષાનું? એ તો ભાષા પરિવર્તન. આ તો અંદર લખાણ છે એ એનું નથી. મહેન્દ્રનું નથી. હવેથી એવો રિવાજ અહીંયાં કરવો... સમજાણું? કે ગુલાબચંદને કોઈપણ પુસ્તકમાં ઓલામાં એને દેવું નહિ. કારણ કે એની લાયકાત બીજી જાતની છે. અને આવું કરતાં બહુ ઓલું થશે નુકસાન થશે. ખરેખર તો આત્મધર્મ છે એ લઈ લેવું જોઈએ એની પાસેથી. હિન્દી છે ઈ. એને બધામાંથી કાઢી મૂકી દેવા. અહીં ખાય રોટલા ને પડ્યા રહે બસ એટલું. હું તો ઘણાં વર્ષથી કહું છું. કારણ કે એની લાયકાત ઘણા વર્ષથી મેં જોઈ છે. બહુ તપાસી, ઘણી તપાસી. આવું નાખીને અશુદ્ધિ નાખીને આવું કરવું. અહીંનું માને તો માણસ એવું

હોય, મધ્યસ્થ હોય અને જે કાંઈ અંદર છે એ પ્રમાણે લખાણું હોય. પોતાનું ડહાપણ નાખીને બતાવવું છે કે અમને આવડે છે આ. એ બધી વાતું હવે શું થાય? જુઓને, કાલે આ લખ્યું નીચે. અધિકાર કાંઈક ચાલે છે અને લખાણ કાંઈક કર્યું છે. ત્યાં તો અત્યારે ધર્મધ્યાન નથી એમ માનનારની વાત છે ત્યાં. એને ઠેકાણે અર્થમાં કાંઈકનું કાંઈક ભર્યું હેઠે. શું થાય પણ હવે? કોઈ પૂછનાર ન મળે અહીં. એ ૭૮ ગાથા થઈ. ભૂલ લાગે છે અંદર. ૭૨ લખ્યું. ૭૨ છે? ભૂલ થઈ લાગે છે. એ ભૂલ થઈ છે. ૭૮. એ ભૂલ થઈ છાપવામાં.

'**આગે કહતે હૈં કિ જો મોક્ષમાર્ગ સે ચ્યુત હૈં વે કૈસે હૈં** -' જુઓ! આવ્યું હવે એ.

**जे पंचचेलसत्ता गंथग्गाही य जायणासीला।**
**आधाकम्मम्मि रया ते चत्ता मोक्खमग्गम्मि।।७९।।**

આકરું લાગે પણ શું થાય? શ્વેતાંબરની વાત છે આમાં.

'**અર્થ :- પંચ આદિ પ્રકાર કે ચેલ અર્થાત્ વસ્ત્રોં મેં આસક્ત હૈં,...**' લ્યો! વસ્ત્ર રાખતા, રાખવા માંડ્યા હતા અર્ધફાલક. '**અંડજ, કપાસજ, વલ્કલ, ચર્મજ ઔર રોમચ ઈસપ્રકાર વસ્ત્રોં મેં સે કિસી એક વસ્ત્ર કો ગ્રહણ કરતે હૈં, ગ્રંથગ્રાહી અર્થાત્ પરિગ્રહ કે ગ્રહણ કરનેવાલે હૈં,...**' લ્યો! એ વખતમાં આ પંથ નીકળેલો એની વાત છે. એણે ધર્મધ્યાનને ઉડાવ્યું. એને ધર્મધ્યાન નિશ્ચય હોય જ નહિ. જેણે વસ્ત્રસહિત મુનિપણું માન્યું, મનાવ્યું, એને તો સમ્યગ્દર્શન હોય નહિ અને આત્મ-આશ્રય હોય નહિ. આહાહા..! એ પાંચ પ્રકારના '**વસ્ત્રોં મેં કિસી એક વસ્ત્ર કો ગ્રહણ કરતે હૈં, ગ્રંથગ્રાહી અર્થાત્ પરિગ્રહ કે ગ્રહણ કરનેવાલે હૈં, યાચનાશીલ અર્થાત્ માંગને કા હે જિનકા સ્વભાવ...**' 'ધર્મલાભ' એમ કહે છેને. '**યાચનાશીલ અર્થાત્ માંગને કા હી જિનકા સ્વભાવ હૈ...**'

મુમુક્ષુ :- શુદ્ધ છે, ફલાણું છે કે નહિ એમ પૂછે છે.

ઉત્તર :- હા, પૂછે છે. એ સ્થાનકવાસી બહુ પૂછે. અમે બધું કરેલું. વ્હોરવા જઈએ ત્યારે ગામડામાં વાણિયા ન હોય અને હોય કણબી, ભાવસાર. બહેન! ... છે? ... દબાવીને પરાણે બિચારાને દેવું પડે ... આહાહા..!

એક તો વસ્ત્ર રાખે છે. એક વાત. '**યાચનાશીલ અર્થાત્ માંગને કા હી જિનકા સ્વભાવ હૈ...**' બે વાત. '**અધઃકર્મ અર્થાત્ પાપકર્મ મેં રત હૈં,...**' ત્રીજી વાત. એને માટે કરેલો હોય એ આહાર લે છે.

મુમુક્ષુ :- .. હોય એને ખપે.

ઉત્તર :- હા, એ લખ્યું છે. દ્રવ્યાનુયોગનું જ્ઞાન હોય એને... દ્રવ્યાનુયોગના વિનાનો સમકિતી હોય? આહાહા..! બહુ ફેરફાર કરી નાખ્યો. લખ્યું છેને. દ્રવ્યાનુયોગમાં છેને. દ્રવ્યાનુયોગ

તર્કણામાં છે. વાંચ્યું છેને બધું. દ્રવ્યાનુયોગ તર્કણામાં છે. ઓલામાં છે. યશોવિજયમાં. શું કહેવાય એ? ઢાળ..ઢાળ. દ્રવ્યનું ... એમાં છે, છેને ખબર છે. માર્ગ બાપુ! આવો નથી, ભાઈ! કોઈ પ્રત્યે વિરોધ નહિ, વેર નહિ, કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષ નહિ હોવો જોઈએ. એ આત્મા છે. પણ માર્ગ આવો છે એમાં તો બીજું શું થાય? આહાહા..! ઓહોહો..! '**અધઃકર્મ અર્થાત્ પાપકર્મ મેં રત હૈં, સદોષ આહાર કરતે હૈં વે મોક્ષમાર્ગ સે ચ્યુત હૈં.**' આહાહા..!

'**ભાવાર્થ :- યહાં આશય ઐસા હૈ કિ પહિલે તો નિર્ગ્રંથ દિગંબર મુનિ હો ગયે થે,...**' આહાહા..! '**પીછે કાલદોષ કા વિચારકર ચારિત્ર પાલને મેં અસમર્થ હો...**' કાળદોષનો વિચાર કરી. કાળદોષનો વિચાર કરી કે આવા કાળમાં હવે દિગંબરપણું નહિ પળે. આહાહા..! '**ચારિત્ર પાલને મેં અસમર્થ હો નિર્ગ્રંથ લિંગ સે ભ્રષ્ટ હોકર...**' દિગંબર લિંગથી ભ્રષ્ટ થયા. '**વસ્ત્રાદિક અંગીકાર કર લિયે,...**' વસ્ત્ર આદિ એટલે વસ્ત્ર, પાત્ર, લાકડી. લાકડી.

મુમુક્ષુ :- નિર્ગ્રંથલિંગ કહે છે.

ઉત્તર :- હા, નિર્ગ્રંથલિંગથી ભ્રષ્ટ (એટલે) આ દિગંબર લિંગ(થી ભ્રષ્ટ). પહેલા દિગંબર (લિંગ) ધારણ કર્યું હતું. મોટા દુકાળ પડ્યા, નભી શક્યા નહિ. અર્ધફાલક આવશે. ત્રણ ઠેકાણે છે આમાં. અહીં છે અને બીજે બે ઠેકાણે છે. અહીં તો છે જ. ઓલા જૂનામાં લખ્યું છે. જૂનામાં લખ્યું છે. અહીં તો પહેલું વંચાય છેને આ તો. જૂનામાં લખ્યું. ૭૯ નહિ? પાનું ૪૬, પાનું ૭૬ આમાં ત્રણ ઠેકાણે છે. પાનું-૪૬માં છે, પાનું-૩૭૬માં છે. આમાં. પાનું-૪૬માં છે લ્યો. એમાં એ છે જુઓ! '**પહિલે તો ભદ્રબાહુ સ્વામી તક નિર્ગ્રંથ થે. પીછે દુર્ભિક્ષકાલ મેં ભ્રષ્ટ હોકર જો અર્દ્ધફાલક કહલાને લગે ઉનમેં સે શ્વેતાંબર હુએ, ઈન્હોંને ઈસ ભેષ કો પુષ્ટ કરને કે લિયે સૂત્ર બનાયે,...**' સૂત્ર રચ્યા. '**ઈનમેં કી કલ્પિત આચરણ તથા ઈસકી સાધક કથાયેં લિખીં. વહ પ્રમાણભૂત નહીં.**' એમાં હશે.

બીજું ૩૭૬ છે એમાં. ૩૭૬માં છે. '**ઈસ કાલ મેં જિનલિંગ ભ્રષ્ટ હોકર પહલે અર્દ્ધફાલક હુએ...**' ૧૩મી ગાથા છે લિંગપાહુડની. '**પીછે ઉનમેં શ્વેતાંબરાદિક સંઘ હુએ, ઉન્હોંને શિથિલાચાર પુષ્ટ કર લિંગ કી પ્રવૃત્તિ બિગાડી...**' અને અત્યારે અહીં. ત્રણ ઠેકાણે છે. આકરું ભારે લાગે.

મુમુક્ષુ :- લિંગપાહુડમાં છેને?

ઉત્તર :- લિંગપાહુડ ૧૩મી (ગાથા).

'**ભાવાર્થ :- યહાં આશય ઐસા હૈ પહિલે તો નિર્ગંથ દિગંબર મુનિ હો ગયે થે,...**' '**નિર્ગ્રંથ લિંગ સે ભ્રષ્ટ હોકર વસ્ત્રાદિક અંગીકાર કર લિયે...**' બસ, વસ્ત્ર અંગીકાર કર્યું એટલે મુનિપણાની શ્રદ્ધા રહી નહિ. શ્રદ્ધાથી પણ ભ્રષ્ટ થઈ ગયો. '**યાચના કરને લગે, અધઃકર્મ ઉદ્દેશિક આહાર કરને લગે...**' એને માટે બનાવ્યો હોય એ પણ લેવા માંડ્યા. '**ઉનકા નિષેધ હૈ, વે મોક્ષમાર્ગ સે ચ્યુત હૈ.**' આહાહા..! '**પહિલે તો ભદ્રબાહુ સ્વામી તક નિર્ગ્રંથ થે. પીછે દુર્ભિક્ષકાલ મેં ભ્રષ્ટ હોકર જો અર્ધફાલક કહલાને લગે ઉનમેં સે શ્વેતાંબર હુએ,...**' લ્યો! આહાહા..! '**ઉનમેં સે શ્વેતાંબર હુએ, ઈન્હોંને ઈસ ભેષ કો પુષ્ટ કરને કે લિયે સૂત્ર બનાયે,...**' આહાહા..! અહીં તો એક વસ્ત્રનો ધાગો રાખે અને મુનિપણું માને (તો) નવેય તત્ત્વમાં ભૂલ છે. એથી '**निगोदं गच्छई**'. એમ કીધું. હવે આવું આકરું કામ ભાઈ! નવેય તત્ત્વની ભૂલ થઈ ત્યાં. જીવનો આશ્રય ઉગ્ર લેતો હોય ત્યાં રાગની મંદતા ઘણી હોય. એને ઠેકાણે મુનિને વસ્ત્ર લેવાનો ભાવ એ તો જીવનો આશ્રય લેવાની ખબર નથી. આહાહા..! એ ભૂમિકાએ રાગની મંદતા હોય એને ઠેકાણે તીવ્રતા માની વસ્ત્ર લેવાની, તો તેની આસ્રવની ભૂલ. સંવર હોય ત્યાં આવી જ રાગની મંદતાનો ભાવ એને સંવરની ભૂલ, નિર્જરાની ભૂલ, બંધની ભૂલ અને મોક્ષની (ભૂલ)—બધી ભૂલ છે. આહાહા..! કહો, આ શ્વેતાંબરની વાત ચાલે છે આ. એમાંથી સ્થાનકવાસી નીકળ્યા એ પછી વધારે ભ્રષ્ટ થઈને નીકળ્યા. આહાહા..! અરેરે! એમાં પછી આ તેરાપંથી નીકળ્યા તુલસી. વધારે ભ્રષ્ટ થઈને નીકળ્યા. હવે આનું શું કરવું?

મુમુક્ષુ :- અણુવ્રત સંઘ...

ઉત્તર :- અણુવ્રત સંઘ. અણુવ્રત ક્યાંથી લાવ્યા? મિથ્યાદષ્ટિને વ્રત કેવા? આહાહા..! હજી તો આત્મજ્ઞાન, આત્મદર્શન, આત્મા અનુભવ વિના સમ્યગ્દર્શન નહિ, એના વિના પછી વ્રત ને અણુવ્રત ક્યાંથી આવ્યા? આહાહા..! શું થાય? માનના પોષણમાં જાય પછી માણસનું ઠેકાણું રહેતું નથી, મર્યાદા ન રહે પછી. આહાહા..!

'**ઈન્હોંને ઈસ ભેષ કો પુષ્ટ કરને કે લિયે જો સૂત્ર બનાયે, ઈનમેં કઈ કલ્પિત આચરણ...**' આમ વહોરવું અને આમ લેવું, આમ પાત્રા ધોવા ને આમ વસ્ત્ર ધોવા. બહુ આવે છે એમાં. આહાહા..! .. સૂત્ર આખું મોઢે છે કંઠસ્થ. આખો નિષેધ વ્યવહાર બધું મોઢે હતું. ગપેગપ મારેલા. આહાહા..! એને આમ ધોવું, એને ત્રણ .. રંગ લગાડવો, ફલાણું, ઢીંકણું બધું ... અરે..! શું થાય?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- કોણે? હા, મનસુખભાઈ. હા, હા, એ તો ઠીક. હવે અહીંયાં આવે છે. હમણા

આ ફેરી ન્યાં આવતા, ઘરે લઈ ગયા. કાંઈક કાંઈક અંદર... છોડી શકાય છે એવું નથી. વાડો સંપ્રદાય છોડવો આકરો ભારે, પણ એને ફેર પડ્યો. માર્ગ તો જ્યારે ત્યારે લેવો આ પડશે. એમ ત્યાં સુધી આવ્યા હતા. અગ્રેસર છે મનસુખભાઈ ધ્રાંગધ્રાના. જમીનના કાંઈક હતા. ભાઈ પૂનમચંદ કરે છેને એવું કરે છે. ભાઈ! માર્ગ તો આ છે, બાપા! મીઠાશથી કહે, હળવેથી કહે, શાંતિથી કહે. કોઈ વ્યક્તિ પ્રત્યેના વેરથી-વિરોધથી નથી, બાપુ! શું થાય? આહાહા..!

**'ઈસકી સાધક કથાયેં લિખી.'** આહાહા..! ભગવાનને વસ્ત્ર આપ્યુંને. ભગવાને દીક્ષા લીધી તીર્થંકરે એને ઈન્દ્રે એક વસ્ત્ર આપ્યું. બાર મહિના રહ્યું ખંભે. હવે ખંભે રહ્યું એનો શું અર્થ? સમ્યગ્દષ્ટિ એકાવતારી. શક્રેન્દ્ર એકાવતારી છેને? એણે ભગવાનને વસ્ત્ર આપ્યું. દીક્ષા લીધી એટલે બાર મહિના રહ્યું. એ બધી કલ્પિત વાતું છે.

મુમુક્ષુ :- ભરતને પણ...

ઉત્તર :- ભરતને કેવળજ્ઞાન થયા પછી દેવે ઓઘરણો મુહપતિ દીધો. એ મારી દીક્ષામાં ગાયું હતું લોકોએ. ઓઘરણો ને મુહપતિ દીધા... શું કાંઈક ભાષા આવે છે? જિનશાસનના રાગી. અરે! ભગવાન! સત્યને સ્થાપવામાં વિકલ્પ તો હોય છેને, કહે છે અને અસત્યને ઉથાપવામાં પણ એટલો અંશ હોય છે જરી. એટલો રાગ-દ્વેષનો અંશ છે. આહાહા..! કહે છેને. સત્ય આમ છે એવો જે વિકલ્પ ઉઠે છેને એટલો રાગ આવે છે અને આ જૂઠું છે, આ ખોટું છે, છદ્મસ્થને કહેવું છેને? તો ત્યાં એટલો અંશ જરી દ્વેષનો અંશ છે ભાઈ! આહાહા..! ભલે પણ છે અંશ ને? પ્રયોજનની વાત નથી. આહાહા..! વાત તો બાપુ આવી છે. કારણ કે છદ્મસ્થ છે અને એ સત્યને આમ હોય છે (એમ સ્થાપવાનો) એટલો એક વિકલ્પ છે, ભાઈ!

મુમુક્ષુ :- સત્યની જાહેરાત થાઓ...

ઉત્તર :- તોપણ એ વિકલ્પ છેને, બાપુ! આહાહા..! વીતરાગને ન હોય એ. આહાહા..! ઉપર લખ્યુંને? એ આપણે ૧૪૨મી છે ગાથા. કર્તા-કર્મમાં લખ્યું છે જયચંદ્ર પંડિતે. એક નયના પક્ષથી વાત કરે, મૂળ રાખીને. તો એ બરાબર છે. છે રાગ પણ વાત બરાબર છે.

મુમુક્ષુ :- શ્રદ્ધા બરાબર.

ઉત્તર :- શ્રદ્ધા બરાબર એમ. છેને. ભાવાર્થમાં છેને. છેને એ તો વાત બાપુ! આહાહા..!

**'ઈનકે સિવાય અન્ય ભી કઈ ભેષ બદલે,...'** આહાહા..! **'ઈસપ્રકાર કાલદોષ સે ભ્રષ્ટ લોગોં કા સંપ્રદાય ચલ રહા હૈ, યહ મોક્ષમાર્ગ નહીં હૈ,...'** આહાહા..! **'ઈસપ્રકાર બતાયા હૈ.'** કહ્યુંને **'ते चत्ता मोक्खमग्गम्मि'** પાઠ છેને ૭૯. એમ બતાવ્યું છે એમ કહે છે. **'ઈસલિયે ભ્રષ્ટ લોગોં કો દેખકર ઐસા ભી મોક્ષમાર્ગ હૈ, ઐસા**

**શ્રદ્ધાન ન કરના.**' આહાહા..! વીતરાગમાર્ગ છે બાપા! રાગ આવે, પણ એ દોષ છે. આહાહા..! વ્રતનો વિકલ્પ પણ આવે પાંચમે-છઠ્ઠે, પણ છે એ દોષ. આહાહા..! આ રીતે ભગવાને એ '**ભ્રષ્ટ લોગોં કો દેખકર ઐસા ભી મોક્ષમાર્ગ હૈ, ઐસા શ્રદ્ધાન ન કરના,**' એમ કહ્યું છે. શ્રીમદ્‌માં પણ છેને વાંધા. બેયને સરખા માને છે એના અનુયાયી. બેય છે. બેય માર્ગ છે. અહીં તો કુંદકુંદાચાર્ય તો ના પાડે છે. અને કુંદકુંદાચાર્ય તો શ્રીમદ્‌ના ગુરુ હતા. નહિ? પંચાસ્તિકાય. સદ્‌ગુરુવે નમઃ પંચાસ્તિકાયના અર્થ કર્યાને ગુજરાતી? તો સદ્‌ગુરુદેવાય નમઃ એ એણે કર્યું છે. કુંદકુંદાચાર્યનું વર્ણન છે. પંચાસ્તિકાયના અર્થ કર્યા છે.

'**આગે કહતે હૈં કિ મોક્ષમાર્ગી તો ઐસા મુનિ હૈ :-**' આહાહા..!

**णिग्गंथमोहमुक्का बावीसपरीसहा जियकसाया।**
**पावारंभविमुक्का ते गहिया मोक्खमग्गम्मि।।८०।।**

'**અર્થ :- જો મુનિ નિર્ગ્રંથ હૈં, પરિગ્રહ રહિત હૈં,...**' શ્રીમદ્દે પણ અપૂર્વ અવસરમાં તો એ નાખ્યું છે. 'દેહમાત્ર' સંયમ હેતુ હોય. એક જ દેહ. ત્યાં તો એમ જ નાખ્યું છે. હવે પછી બે ક્યાંથી ભેગા થાશે? એ સૂત્ર બનાવ્યા. સત્‌શાસ્ત્ર કહ્યા એ બધા દિગંબરના કહ્યા. એક યોગદષ્ટિ સમુચ્ચય (લખ્યો છે) ગ્રંથ છે એ તો. ક્યાંય ઉત્તરાધ્યયન, આચારાંગ, સૂયગડાંગના નામ નથી લખ્યા.

મુમુક્ષુ :- એ તો કહેવાની જરૂર જ નહિ. એ તો હોય જ શાસ્ત્ર. આ તો ગ્રંથોમાંથી ક્યા .. એમ બતાવવું છે.

ઉત્તર :- એ કહે, એમ કહે, વાત સાચી છે. અરે! પ્રભુ! એણે પાછળથી સ્પષ્ટ કરી નાખ્યું છે.

અહીં તો '**મુનિ નિર્ગ્રંથ હૈં,...**' ઓહોહો..! બાહ્ય-અભ્યંતર બેય રીતે. વસ્ત્રનો ધાગો ન હોય એને, પાત્ર ન હોય એને, લાકડી-દંડ ન હોય એને. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એના માટે રાખે છે. દુકાળ બહુ હતોને...

'**મોહરહિત હૈં...**' આહાહા..! એકલા પરિગ્રહરહિત નહિ, પણ પાછું મોહરહિત છે અંદર. જેને આનંદની લહેર ઉઠી છે, પ્રચુર સ્વસંવેદન જેને. આહાહા..! '**જિનકે કિસી ભી પરદ્રવ્ય સે મમત્વભાવ નહીં હૈ,...**' કોઈ પરદ્રવ્યમાં મમત્વ નથી. ત્રિલોકનાથ તીર્થંકર પ્રત્યે પણ મુનિને 'આ મારા' એવું હોતું નથી. આહાહા..! વીતરાગી મુનિપણું કોને કહે? '**જો બાઈસ પરિષહોં કો સહતે હૈં,...**' પણ આ રીતે. નિર્ગ્રંથપણું છે બાહ્ય-અભ્યંતર, બાહ્ય પરિગ્રહનો ત્યાગ છે અને કોઈ પ્રકારના પરદ્રવ્યની મમતા નથી. એવા બાવીશ પરિષહના જીતનારા.

આહાહા..!

'**જિન્હોંને ક્રોધાદિ કષાયોં કો જીત લિયા હૈ...**' જેણે ક્રોધ, માન, માયા ને લોભ સ્વરૂપની સ્થિરતા દ્વારા જીતી લીધા છે. આહાહા..! '**પાપારંભ સે રહિત હૈં. ગૃહસ્થ કે કરને યોગ્ય આરંભાદિક પાપોં મે નહીં પ્રવર્તતે હૈં,...**' આહાહા..! પૈસા ભેગા કરવા કે ઉઘરાવવા, ચંદા કરવા, પાઠશાળાઓ બનાવવી, મંદિરો બનાવવા એવા ભાવમાં મુનિ ન પડે. આહાહા..!

મુમુક્ષુ :- એ તો કુંદકુંદાચાર્યના વખતમાં.

ઉત્તર :- ત્રણે કાળને માટે માર્ગ છે આ તો. મુનિનું કામ છે એ? પૈસા આમાં આપો. અત્યારે જુઓને ચાલે છેને આ ૨૫૦૦ વર્ષમાં. ૨૫૦૦ વર્ષ માટે આ ઉઘરાણું કરે છે. છે આર્ય મુનિ કોક. એ બહુ પૈસા ઉઘરાવે છે તીર્થરક્ષા માટે.

કહે છે કે એ '**ગૃહસ્થ કે કરને યોગ્ય આરંભાદિક પાપોં મેં નહીં પ્રવર્તતે હૈં, ઐસે મુનિયોં કો મોક્ષમાર્ગ મેં ગ્રહણ કિયા હૈ...**' લો! આવા મુનિઓને મોક્ષમાર્ગમાં માન્ય રાખ્યા છે. આહાહા..! '**રત્નકરંડશ્રાવકાચાર મેં સમંતભદ્રાચાર્ય ને ભી કહા હૈ કિ–**' '**विषयाशावशातीतो निरारम्भो ऽपरिग्रहः। ज्ञानध्यानतपोरक्तस्तपस्वी स प्रशस्ते।।**' આહાહા..! મુનિ કેવા હોય એની વ્યાખ્યા વિશષ કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વૈશાખ સુદ ૧૨, શુક્રવાર તા. ૦૩-૦૫-૧૯૭૪**
**ગાથા - ૮૧ થી ૮૩, પ્રવચન - ૧૪૧**

... યોગી એટલે પોતાનું આનંદસ્વરૂપ એમાં જેનું જોડાણ છે. ઝીણી વાતું બાપા! લોકોએ બહારથી માન્યું છે અને આ તો અંતરની વસ્તુ છે. યોગી એટલે આત્માના આનંદનું ધ્યાન કરનારા એમ યોગી. આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનનો પુંજ પ્રભુ એમાં જેણે પોતાની પરિણતિને અવસ્થાને જોડી દીધી છે આહાહા..! રાગ અને વિકારથી જેણે પોતાની દશાને હઠાવી છે. એવા '**મુનિ પ્રકટરૂપ સે શાશ્વત સુખ કો પ્રાપ્ત કરતા હૈ.**' લ્યો! સુખ તો આત્મામાં છે, પણ આવા મુનિ પ્રગટ શાશ્વત સુખને પ્રાપ્ત કરે છે એમ કહ્યું. શું કહ્યું? ભગવાન આત્મા

અંદર આનંદમૂર્તિ જ છે. સચ્ચિદાનંદ સ્વરૂપ જ છે એનું. સત્, શાશ્વત જ્ઞાન ને આનંદ એનું સ્વરૂપ છે, પણ પ્રગટ મોક્ષમાં એનો આનંદ પ્રગટ થાય છે એમ કહે છે. સ્વભાવ તો છે. આહાહા..! એવા પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનસ્વરૂપ એમાં જેની પરિણતિ એટલે અવસ્થા જોડી છે, જેણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી પર્યાયને પ્રગટ કરી છે એ '**મુનિ પ્રકટરૂપ સે...**' પ્રગટ થયેલી દશામાં '**શાશ્વત સુખ કો પ્રાપ્ત કરતા હૈ.**' આહાહા..! ... કેમકે એ તો પુણ્ય છૂટી જાય છે. એ કાંઈ મારે ને એને કાંઈ સંબંધ નથી. આહાહા..! એવી અંતરમાં ભાવના કરનાર '**વહી મોક્ષમાર્ગી હૈ.**' આહાહા..! એ અનંત આનંદને પ્રાપ્ત કરવાના માર્ગમાં છે. માર્ગ ભાઈ ઝીણી વાત બહુ.

'**જો ભેષ લેકર ભી લૌકિકજનોં સે લાલ-પાલ રખતા હૈ,...**' સાધુ નામ ધરાવે, સાધુનો ભેખ ધારણ કરે અને લૌકિક સાથે લાલ-પાલ તમે આમ કરો, તમે આમ કરો, તમે આ કરો, અહીં પૈસા આટલા દ્યો. લૌકિક સાથે લાલ-પાલ, પૈસા ખરડા કરાવવા, એવા લાલ-પાલ કરે '**વહ મોક્ષમાર્ગી નહીં હૈ.**' આહાહા..! જ્યોતિષ બતાવે ને જ્યોતિષ કરે એવી બધી જંજાળ ઊભી (કરે અને) નામ ધરાવે સાધુ. આ વિવાહના શું કહેવાય? મુહૂર્ત કાઢી આપે, મકાનના મુહૂર્ત કાઢી આપે. એ તે કાંઈ કામ છે એના? આહાહા..! કહે છે કે જેને આત્માનું કલ્યાણ કરવું છે એવા સંત તો પોતાના આત્માના ધ્યાનમાં મસ્ત હોય છે. એ લૌકિક સાથે એને લાલ-પાલ હોતી નથી. છેને? લાલ-પાલનો અર્થ એ કે બોલવું અને એને રાજી રાખવા, જગતને ખુશી રાખવા. આહાહા..! એવા .. '**મોક્ષમાર્ગી નહીં હૈ.**' એ આત્માના આનંદની પ્રાપ્તિને માર્ગે નથી. એ તો રાગ ને દ્વેષને પ્રાપ્તિને માર્ગે છે. આહાહા..!

'**આગે ફિર કહતે હૈં -**'

હવે સંત મુનિ ધર્માત્મા કેવા હોય છે? કે-

**देवगुरूणं भत्ता णिव्वेयपरंपरा विचिंतिंता।**
**झाणरया सुचरित्ता ते गहिया मोक्खमग्गम्मि।।८२।।**

એકદમ સાર છે ભાઈ આ. મોક્ષમાર્ગનો અધિકાર છેને. આહાહા..!

'**અર્થ :- જો મુનિ દેવ-ગુરુ કે ભક્ત હૈં,...**' દેવ-ગુરુના તો ભક્ત છે. એ દેવ કેવા એ ખુલાસો કરશે. આહાહા..! અરિહંત સર્વજ્ઞદેવ જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન (છે) એવા પરમાત્મા એને અહીંયાં અરિહંત કહે છે, દેવ કહે છે. જેને દિવ્ય શક્તિ પ્રગટ થઈ છે. છેને? લખ્યું છે. '**જિસને મોક્ષમાર્ગ પ્રાપ્ત કિયા ઐસે અરહંત સર્વજ્ઞ વીતરાગ દેવ...**' જુઓ અંદર લખ્યું છે ભાવાર્થમાં. '**જિનને મોક્ષમાર્ગ પ્રાપ્ત કિયા ઐસે**

**અરહંત સર્વજ્ઞ વીતરાગ દેવ...**' આત્મા સર્વજ્ઞસ્વરૂપ છે શક્તિએ. એવી સર્વજ્ઞદશા જેણે પ્રગટ કરી છે. આહાહા..! એક ક્ષણમાં જેને ત્રણ કાળ, ત્રણ લોક જાણવામાં આવે છે એવા પરમાત્માને અરિહંત પરમાત્મા (કહે છે). ણમો અરિહંતાણં છેને? નમો અરિહંતાણં શબ્દ કોઈ વાડાનો નથી. જેણે રાગ અને દ્વેષ, અજ્ઞાનનો હંતા-હણીને નાશ કરીને જેણે સર્વજ્ઞ અને વીતરાગતા પ્રગટ કરી છે એવા પરમાત્માના, ધર્માત્મા એના ભગત હોય છે. આહાહા..! એની ખબર પણ ન હોય કે અરિહંત કેવા હોય. અરિહંત કોઈ પુરુષ થઈ ગયા હશે, રાજા થઈ ગયા હશે. આવે છેને? મોક્ષમાર્ગમાં આવે છે. રાજા શું, એ તો આત્માની દશા પૂર્ણ પ્રાપ્ત તેને અરિહંત કહે છે. અરિ એટલે દુશ્મન, હંત એટલે હણનારા-અરિહંતા. જેણે રાગ ને દ્વેષ ને વિકારને અરિ રૂપ દુશ્મનને હણ્યા છે અને જેણે અંતર દશા પૂર્ણ આનંદની પ્રગટ કરી છે, સર્વજ્ઞ અને વીતરાગતા જેણે પ્રગટ કરી છે એને દેવ કહેવામાં આવે છે. એ દેવના મુનિઓ ભક્ત હોય છે. આના ભક્ત હોય છે એમ. શુભરાગ આવે છે તો એની પ્રીતિ છે એમ કહે છે. આમ તો ના પાડી બધા ... સાથે સંબંધ નથી. આહાહા..! પણ જ્યારે ભક્તિનો ભાવ આવે છે ત્યારે આવા દેવને દેવ તરીકે એ માને છે એમ. આહાહા..!

અને '**નિર્વેદ અર્થાત્ સંસાર દેહ-ભોગોં સે વિરાગતા કી પરંપરા કા ચિંતન કરતે હૈં,...**' સંસાર નામ ચાર ગતિ ભવ. નરકગતિ, મનુષ્યગતિ, તિર્યંચ—પશુગતિ અને દેવગતિ. ચાર ગતિ છે. એનાથી વિરાગતા, એનાથી વૈરાગ્ય થાય. ચારેય ગતિ પરિભ્રમણનું કારણ છે. આહાહા..! એવી ગતિથી નિર્વેદ છે. નિર્વેદ નામ ઉદાસ છે. આહાહા..! દેહ. આ દેહ-શરીર એ તો માટીનું પૂતળું જડ છે. એનાથી વિરાગ છે. એ હું નહિ, મારામાં એ નહિ. એના પ્રત્યે નિર્વેદ છે, વૈરાગ્ય છે. આહાહા..! ભારે વાતું ભાઈ! '**સંસાર દેહ-ભોગોં સે...**' આ ઇન્દ્રિયોના ભોગ-વિષય. આહાહા..! પાંચેય ઇન્દ્રિયનો ભોગ વિષય. કાનનું સાંભળવું, આંખનું જોવું, નાકે સુંઘવું, જીભે ચાખવું, સ્પર્શવું—એ ભોગોથી જે વૈરાગી છે. મુનિ છેને. પાંચેય ભોગથી જેને વૈરાગ્ય છે. આહાહા..! '**ભોગોં સે વિરાગતા કી પરંપરા કા ચિંતન...**' જોયું! વૈરાગ્ય-વૈરાગ્ય, ઉદાસ-ઉદાસ. પરંપરાનું ચિંતન કરે છે એ તો. વારંવાર જેમાંથી વૈરાગ્યતા-વીતરાગતા પ્રગટ થાય એવું વારંવાર ચિંતવન કરે છે. ભારે આવું.

'**ધ્યાન મેં રત હૈં,...**' મુનિ છે એ જંગલવાસી, એ તો અંદર આનંદસ્વરૂપમાં-અતીન્દ્રિય આનંદ ભગવાન આત્મા એના ધ્યાનમાં રત છે. આહાહા..! ધ્યાન બીજું કોઈ નહિ. એ અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ આત્મા એમાં જેની અંતર લીનતા છે. આનું નામ મોક્ષમાર્ગી કહેવાય છે. આહાહા..! મોક્ષપાહુડ છેને. '**રત હૈં, રક્ત હૈં,...**' વિશેષ કહે છે. આત્માના આનંદસ્વરૂપમાં એ લીન હોય છે. એને રાગની અને આ બધી પળોજણ છૂટી ગઈ હોય

છે. આહાહા..! એ '**તત્પર હૈં,...**' એ વિશેષ કહ્યું. '**झाणरया**' છેને? એનું તત્પર કહ્યું. આત્માના ધ્યાનમાં રક્ત છે, રત છે, તત્પર છે. એ રતનો અર્થ કર્યો.

'**ઔર જિનકે ભલા-ઉત્તમ ચારિત્ર હૈ,...**' જેને સ્વરૂપની રમણતા બહુ ઊંચી હોય છે કહે છે. આનંદમૂર્તિ ભગવાન આત્મા એનું આત્મજ્ઞાન કરીને, આત્મજ્ઞાન કરીને, આત્મધ્યાન કરીને સ્વરૂપમાં રમણતા એની વિશેષ હોય છે એમ કહે છે. આનું નામ મુનિ, મોક્ષમાર્ગી કહેવાય છે. આહાહા..! '**જિનકે ભલા-ઉત્તમ ચારિત્ર હૈ,...**' છેને પાઠ? '**सुचरित्ता**'. ઓલું '**झाणरया**'ની વ્યાખ્યા કરી. '**सुचरित्ता**' ભલું જેનું ચારિત્ર. ચારિત્ર એટલે આત્મામાં શાંતિ જેને ઘણી છે. એ ચારિત્ર. આ લૂગડા-બૂગડા ફેરવ્યા અને નગ્નપણું (લીધું) એ કાંઈ ચારિત્ર નથી. ચારિત્ર—આત્માની શાંતિ જેને ભલી છે એમ કહે છે. લૌકિક શાંતિ કરે છે રાગ મંદ એ નહિ. આત્માના આનંદમાંથી શાંતિ પ્રગટેલી. આહાહા..! '**सुचरित्ता**' એવા આત્માઓને મોક્ષમાર્ગમાં ગ્રહણ કરવામાં આવ્યા છે. આવા આત્માને મોક્ષમાર્ગી તરીકે ગણવામાં આવ્યા છે એમ કહે છે. આહાહા..!

આ તો દુનિયાથી વિરુદ્ધ છે ભાઈ આખું. માર્ગ જુદો જ હોય. સંસારમાર્ગ સંસરણ રખડવાનો એનાથી મોક્ષમાર્ગ તદ્દન જુદો છે. આહાહા..! સાધારણ લૌકિક માને એ કાંઈ ચીજ છે? આ તો અલૌકિક અપૂર્વ અનંત કાળમાં નથી જેને જાણ્યું એવું આત્મતત્ત્વ, જેને આત્મજ્ઞાન અને આત્મદર્શન—એની પ્રતીતિ અને ધ્યાન એનું ચરિત્ર. એના ચારિત્રમાં આવો ભાવ હોય છે એમ કહે છે. એને મોક્ષમાર્ગમાં ગ્રહણ કરવા. એ મોક્ષમાર્ગી(માં) ગણવામાં આવ્યા છે.

'**ભાવાર્થ :- જિનને મોક્ષમાર્ગ પ્રાપ્ત કિયા...**' (જિન) એટલે જેણે. '**ઐસે અરહંત સર્વજ્ઞ વીતરાગ દેવ ઔર ઉનકા અનુસરણ કરનેવાલે બડે મુનિ દીક્ષા શિક્ષા દેનેવાલે ગુરુ ઇનકી ભક્તિયુક્ત હો,...**' જેણે મોક્ષમાર્ગ પ્રાપ્ત કર્યો છે એટલું. એણે '**અરહંત સર્વજ્ઞ વીતરાગ દેવ...**' આહાહા..! અરિહંત સર્વજ્ઞ કોણ છે? વીતરાગ કોણ છે? એને ઓળખીને એ ભક્તિયુક્ત છે. જેણે મોક્ષમાર્ગ પ્રાપ્ત કર્યો છે એ અરહંત સર્વજ્ઞ વીતરાગદેવ એનો એ ભક્ત હોય છે એમ કહે છે. '**ઉનકા અનુસરણ કરનેવાલે બડે મુનિ...**' આહાહા..! સર્વજ્ઞ પરમાત્મા આત્માની વીતરાગ નિર્દોષ દશા જેને પૂર્ણ પ્રગટ થઈ છે એના અનુસરણ કરવાવાળા સાધુ હોય છે. આહાહા..! સર્વજ્ઞ અને પરમાત્મા વીતરાગ, રાગરહિત પૂર્ણ દશા જેની પ્રાપ્ત છે એને અનુસરણ કરવાવાળા.

'**મુનિ દીક્ષા શિક્ષા દેનેવાલે ગુરુ...**' આહાહા..! એનું જ્ઞાન તો કરવું પડશેને એણે? આહાહા..! મુંબઈમાં હોસ્પિટલમાં જુઓ તો દુઃખીયા... દુઃખીયા... દુઃખીયા... બિચારા. આહાહા..! એક જુવાન છોકરો હતો બિચારો ૧૦-૧૨ વર્ષનો. એને કાંઈક થયું હતું અંદરથી.

કાંઈક નહોતું થયું? જુવાન છોકરો નહોતો ૧૨ વર્ષનો? ઓહોહો..! વૈરાગ્ય દેખાય. મોટી શું કહેવાય હોસ્પિટલને? હરકિસન હરકિસન. ત્યાં ભાઈ હતાને આપણે એમના કાકા મનસુખભાઈ. આ મનસુખભાઈને થયું હતું પગમાં ઓલું. ઓપરેશન કરાવ્યું હતું. એને ઓલું ડાયાબીટીસ છેને. ડાયાબીટીસ છે એટલે પગમાં થયું ગુમડું મોટું. એટલે એને રુઝાય નહિ ડાયાબીટીસવાળાને. બે વાર જઈ આવ્યા હતા એની પાસે. અને એક આપણે વજુભાઈ આવતા લાઠીવાળા. એ તો મરવાની તૈયારી. બે બાયડી. બે બહેનો અને હવે છેલ્લી સ્થિતિ. ડોક્ટર કહે, બહાર નીકળશો નહિ. મહારાજના મારે દર્શન કરવા છે, ડોક્ટરને કહે. મહારાજ ગામમાં આવ્યા છે. રજા નહિ મળે. કેમકે અહીંથી નીકળતા વચમાં દેહ છૂટી જશે એવી સ્થિતિ છે. આહાહા..! લ્યો, આ બધા તોફાન કર્યા. ત્યાં ગયા તો રોતા હતા બિચારા. રોવે. બાપુ! શું કરશું ભાઈ! નવી બાયડી પરણ્યો છે. છોકરું નહોતું જૂની બાઈને. સગી બહેનો બેય છે. છોકરું થયું. રોવે. બેય વાર રોતા હતા, બે વાર ગયા હતા. અરે! ભાઈ! કોને બાપા આમાં રોવું? આહાહા..! આત્મા આનંદસ્વરૂપ છે પ્રભુ એને ઓળખ અને એમાં રોકાણ કર. બાકી થોથા છે. આહાહા..! તમારા વજુભાઈ કાગદી. ડૉક્ટરે છેલ્લા ... કરી નાખ્યા. ડોક્ટરે હાથ ખંખેરી નાખ્યા છે. બચશે નહિ.

મુમુક્ષુ :- પથરીનું ઓપરેશન.

ઉત્તર :- પથરીનું ઓપરેશન બે વાર કર્યું. પથરી હશે ઇન્દ્રિયમાં પત્થર. આહાહા..! આ સંસાર. એનાથી આત્માનું અંદર ભિન્નતાનું ભાન કર્યા વિના આ જન્મ-મરણ મટે એવા નથી. પૈસા છે, બાયડી છે. બે વાર ગયા હતા. આહાહા..! ત્યાં હોસ્પિટલમાં તો ભાઈ વૈરાગ્ય જ દેખાય બધો. આહાહા..! તે દિ' નહોતા ગયા? એનો મોટો ડોક્ટર આખો મોટો. હરકિસનનો મોટો ડોક્ટર. એવો પડ્યો માંદો તે. મારી પાસે એની વહુ આવી હું ત્યાં ગયો એટલે. મહારાજ! દર્શન કરાવોને. મોટો આખો ડોક્ટર બેભાન પડી ગયો. આહાહા..! દેહની સ્થિતિ છે એને રોકે કોણ? આહાહા..! મોટો ડોક્ટર આખો કર્તાહર્તા. હેડ-હેડ. આમ પડ્યો હતો. હું તો ઓલા ચુનીલાલ માટે ગયા હતા નહિ આપણે? આ ચુનીભાઈ માટે. જોબાળિયા ચુનીભાઈ. શાંતિલાલના ભાઈ. એના માટે ગયા હતા. એની વહુ આવી. મહારાજ! દર્શન કરવા છે ડોક્ટરને. ત્યાં ગયા તો પડ્યા હતા. આહાહા..! ડોક્ટર પણ હાલ નાખે નહિ એને. દરબાર! ડોક્ટર પોતે મરે. આ મોટો ડોક્ટર હોં! આખો મોટો હેડ-હેડ. આપણો ડોક્ટર નહિ? આપણે હેમંતકુમાર નહિ? અહીં ભાવનગર. હેમંતકુમાર નહોતા?

મુમુક્ષુ :- હા, કોકનું ઓપરેશન કરતા...

ઉત્તર :- હા ઈ, ઈ. એ આપણે બે-ત્રણવાર આવ્યા હતા અહીં. (ઑપરેશન) કરતા

હતા અને એ મને કાંઈક થાય છે. આમ પડ્યા તો ઊડી ગયા. સર્જન હતા એ તો. મોટો સર્જન ભાઈ. અરે! શું કરે? દેહની સ્થિતિ થવાની કોણ રોકે એને? ડોક્ટર શું મોટા... આહાહા..! હોસ્પિટમાં જોઈએ ત્યાં તો વૈરાગ્ય-વૈરાગ્ય દેખાય. અને ઓલામાં લઈ ગયા હતા એક ફેરી. એ તો આપણે રાજકોટ નહિ? મુંગા-બેરા. મુંગા-બેરાની રાજકોટમાં છેને. મહારાજ! આવજો. મેં કીધું, ભાઈ હું એના માટે નથી આવતો. હું તો મારા વૈરાગ્ય માટે આવીશ. જોવા માટે કે આહાહા..! જુવાન છોડી. એક તો આ છોડી આની ભાઈ આપણો આ .. ડોક્ટર. આપણે ત્યાં આવે છેને દાંતના. એની છોડી જુવાન ૨૦-૨૨ વર્ષની. મુંગી. આમ જુઓ તો હુંશિયાર લાગે. કાંઈ નહિ. એં... એં... કરે. આ શું? કહે, મુંગી છે પહેલેથી. દેખાવ જુઓ તો જુવાન ૨૦-૨૨-૨૫ વર્ષની. એને ડોક્ટરે પછી પોતાની દીકરીને ખાતર મુંગા-બહેરાનું દવાખાનું કર્યું. બધા મુંગા ને બહેરા. આહાહા..!

મુમુક્ષુ :- જન્મથી બહેરો હોયને.

ઉત્તર :- બહેરો હોય એણે સાંભળેલું ન હોય તો અક્ષર પણ આવડે નહિ. પછી બાઈ એક બિચારી આવી હતી મારી પાસે ત્યાં. મહારાજ! આવોને ત્યાં જરી જુઓ. પછી ઓલા અરીસામાં આમ દેખાડે. ઓ.. ઓ.. ઓલો ઓ બોલે. એમ કરીને શીખવે જરી. આહાહા..! આવા અવતાર. સારા સંયોગ મળે ત્યારે ચિંતવે નહિ, ધ્યાન કરે નહિ, વિચાર કરે નહિ અને આવું મળે ત્યારે થઈ શકે નહિ. આહાહા..!

'**ભક્તિયુક્ત હો, સંસાર-દેહ-ભોગોં સે વિરક્ત હોકર...**' આહાહા..! સંસાર ચાર ગતિનું રખડવું એનાથી ઉદાસ. કોઈ ગતિ સારી નથી. સ્વર્ગ ને નરક, શેઠાઈ અને દેવ બધાય ધૂળધાણી છે. આહાહા..! '**સંસાર-દેહ...**' શરીર. '**ભોગોં સે વિરક્ત હોકર મુનિ હુએ,...**' આહાહા..! '**વૈસી હી જિનકે વૈરાગ્ય ભાવના હૈ,...**' જેને અંતરમાં... આ તો ઉત્કૃષ્ટ મુનિની વાત ચાલે છેને? એને અંતર વૈરાગ્ય... વૈરાગ્ય... વૈરાગ્ય... આહાહા..! '**આત્માનુભવરૂપ શુદ્ધ ઉપયોગરૂપ એકાગ્રતારૂપી ધ્યાન મેં તત્પર...**' જ્ઞાનીની વ્યાખ્યા કરી. '**झाणरया**' છેને? ધ્યાન એટલે શું? આત્માનો આત્માનુભવ. આહાહા..! આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ, એના અનુભવરૂપ શુદ્ધ ઉપયોગ. પુણ્ય-પાપના પરિણામ ક્રિયાના નહિ, અંદર શુદ્ધ આત્માનું ધ્યાન. એવું એકાગ્રતારૂપી ધ્યાનમાં તત્પર છે. લ્યો! આહાહા..! આવું તો સાંભળ્યું પણ નહોતું. એઈ..! સાંભળ્યું હતું નાગરભાઈએ? શેઠિયા તો કહેવાતા ત્યાં દરિયાપરીમાં. આહાહા..!

આ આત્મા એના આત્માનુભવરૂપ શુદ્ધ ઉપયોગરૂપી ધ્યાન. જુઓ! ભાષા તો જુઓ! આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ તો પુણ્ય છે, અશુદ્ધ ઉપયોગ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ એ તો પાપ છે, અશુદ્ધ ઉપયોગ છે. આત્માના અંતરમાં, આત્માના

અનુભવરૂપ, આનંદને અનુસરીને થવારૂપ, શુદ્ધ ઉપયોગરૂપ એકાગ્રતા. આહાહા..! એમાં એ તત્પર છે. મુનિઓ તો આમાં તત્પર હોય છે કહે છે. આહાહા..!

**'ઔર જિનકે...'** જેને. બાહ્યમાં હવે લે છે. **'વ્રત, સમિતિ, ગુપ્તિરૂપ નિશ્ચય-વ્યવહારાત્મક સમ્યક્ત્વચારિત્ર હોતા હૈ,...'** પાઠ છેને ઓલો **'सुचरित्तो'** એમાંથી એ કાઢ્યું બે. નિશ્ચયચારિત્ર એટલે સ્વરૂપમાં રમણતા, આનંદસ્વરૂપ ભગવાનમાં રમણતા એ ચારિત્ર. વ્યવહાર ચારિત્ર એટલે અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય એવા પંચ મહાવ્રતના વિકલ્પ આદિ, વ્રત, સમિતિ. જોઈને ચાલવું, વિચારીને બોલવું. નિશ્ચય અને વ્યવહાર બેય આવ્યુંને? પહેલું ઓલું નિશ્ચય કીધું, આ વ્યવહાર કીધું. એવું **'સમ્યક્ચારિત્ર હોતા હૈ, વે હી મુનિ મોક્ષમાર્ગી હૈ,...'** આહાહા..! પૂર્ણાનંદના પ્રાપ્તિને પંથે પડ્યા છે. આહાહા..! **'અન્ય ભેષી મોક્ષમાર્ગી નહીં હૈં.'** આ વિનાના ભેખ ધારણ કરે બીજા, એ બધા મોક્ષમાર્ગમાં ગણવામાં આવ્યા નથી. આહાહા..!

હવે કહે છે કે **'નિશ્ચયનય સે ધ્યાન ઈસપ્રકાર હૈ :-'** હવે ધ્યાનની વ્યાખ્યા. ધ્યાન આવ્યુંને હવે ધ્યાન.

**णिच्छयणयस्स एवं अप्पा अप्पम्मि अप्पणे सुरदो।**
**सो होदि हु सुचरित्तो जोई सो लहइ णिव्वाणं।।८३।।**

**'અર્થ :- આચાર્ય કહતે હૈં કિ નિશ્ચયનય...'** નામ સત્યદૃષ્ટિથી **'ઐસા અભિપ્રાય હૈ—જો આત્મા આત્મા મેં હી અપને હી લિયે ભલેપ્રકાર રત હો જાવે...'** આહાહા..! આત્મા આનંદસ્વરૂપ, **'આત્મા મેં હી...'** આનંદ માં **'અપને હી લિયે...'** પોતાથી—શુદ્ધ નિર્વિકલ્પદશાથી **'ભલેપ્રકાર...'** ભલેપ્રકાર એટલે ધારણામાં નહિ પણ લીનતામાં રહ્યો. **'રત હો જાવે વહ યોગી,...'** છે. એ મોક્ષમાર્ગી છે. આહાહા..! **'ધ્યાની,...'** છે. એ ધ્યાની હોં. આમ આમ.. આમ.. કરીને બેસી જાય ને ફલાણું એમ નહિ. અંતર આનંદસ્વરૂપ અતીન્દ્રિયને વેદન કરીને અંદર પડ્યા છે. નિર્વિકલ્પ એટલે રાગના વલણ વિના અંતર અભેદ ચૈતન્યના આનંદની રમણતામાં, આત્મરામ રમે છે ભગવાન આત્મામાં પોતે. આહાહા..! **'હો જાવે,...'** **'આત્મા આત્મા મેં હી અપને હી લિયે ભલેપ્રકાર રત હો જાવે વહ યોગી, ધ્યાની, મુનિ સમ્યક્ચારિત્રવાન હોતા હુઆ...'** એને સાચું ચારિત્ર હોય છે. એકલા નગ્નપણા ધારણ કરે અને બાહ્યના વસ્ત્ર ફેરવીને આ લૂગડાં ફેરવીને બેસે સાધુ થઈને એ સાધુપણું નથી. આહાહા..! કહો, પંડિતજી!

**'નિર્વાણ કો પ્રાપ્ત હોતા હૈ.'** આત્માનો અંતર સ્વરૂપ જેનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન આનંદઘન પ્રભુ છે એમાં જેના ધ્યાન ચોંટ્યા છે એ પોતે પોતાથી પોતા વડે સ્થિર થયા

છે એમ કહે છે. કોઈ વિકલ્પથી અને કોઈ બીજું કરવાથી એમ નહિ. ઉત્કૃષ્ટની વાત છેને. મુનિ એને કહીએ. આ ચાલી નીકળ્યા બહાર બાયડી, છોકરા છોડ્યા અને સાધુ થયા એ સાધુ નથી એમ કહે છે. આહાહા..! અંતરમાં જેને મૌનપણા, ધ્યાનપણા પ્રગટ્યા છે. જેને વિકલ્પનો કોલાહલ જેને રાગનો છૂટી ગયો છે. આહાહા..! આવું સ્વરૂપ છે એમ એણે જાણવું તો પડશેને. આહાહા..! અરે! અનંતકાળથી પરિભ્રમણ કરતો-કરતો થાક નથી એને. ચોર્યાસીના અવતાર કરી કરીને (મરી ગયો છે). કહે છે, '**સમ્યક્ચારિત્રવાન્ હોતા હુઆ નિર્વાણ કો...**' આવું જેનું ચરણ-રમણ અંદર છે. આહાહા..! પરમાર્થની વાત છે આ તો બધી. આ પરમાર્થ બહાર લોકો પરમાર્થ કહે એ નહિ આ.

'**ભાવાર્થ :- નિશ્ચયનય કા સ્વરૂપ ઐસા હૈ...**' સત્ય દૃષ્ટિ અને સત્ય જ્ઞાનનું સાચું સ્વરૂપ એવું હોય છે કે '**એક દ્રવ્યકી અવસ્થા જૈસી હો ઉસીકો કહે.**' આ નિશ્ચયની વ્યાખ્યા. આત્મા એક દ્રવ્ય વસ્તુ છે. જેની એ અવસ્થા હોય અજ્ઞાન કે જ્ઞાન એને નિશ્ચનયનય કહે. '**આત્મા કી દો અવસ્થાયેં હૈં—એક તો અજ્ઞાન અવસ્થા ઔર એક જ્ઞાન અવસ્થા. એક તો અજ્ઞાન અવસ્થા ઔર એક જ્ઞાન અવસ્થા. જબતક અજ્ઞાન અવસ્થા રહતી હૈ...**' પોતાના આનંદસ્વરૂપનું ભાન નથી જેને. '**તબતક તો બંધપર્યાય કો આત્મા જાનતા હૈ...**' રાગને આત્મા માને છે. વિકલ્પ જે પુણ્ય, દયા, દાન, વ્રત, કામ, ક્રોધનો રાગ એ બંધભાવ છે એને આત્મા માને છે. આહાહા..! અબંધસ્વરૂપ આત્માને જાણતો નથી. '**અજ્ઞાન અવસ્થા રહતી હૈ તબતક તો બંધપર્યાય કો આત્મા જાનતા હૈ...**' આહાહા..! આનંદસ્વરૂપ પ્રભુ પૂર્ણાનંદનો નાથ પોતે છે એનું જેને અજ્ઞાન છે—એનું જેને જ્ઞાન નથી, એને રાગની પરિણતિ જે છે શુભભાવ કે અશુભ, એને પોતાની માને છે. આહાહા..! ઝીણી વાત છે, પણ લોકો સાંભળે છે હવે હોં. આહાહા..! છેલ્લે દિવસે ૧૦ હજાર માણસ વ્યાખ્યાનમાં. પંડાલ ખીચોખીચ.

મુમુક્ષુ :- માણસો બહાર ઊભા હતા.

ઉત્તર :- બહાર ઊભા હતા. એટલું માણસ. કારણ કે જન્મજયંતિ હતી આ શરીરની ૮૫મી અને શિવાજીની જયંતિ હતી. શિવાજી. વૈશાખ સુદ બીજ. આ શિવાજી થઈ ગયાને. એની જન્મજયંતિ. દુકાન બંધ બધી. એટલે માણસો.. માણસો.. તે. પંડાલમાં દસ હજાર માણસ આમ ખીચોખીચ અને બહાર ઊભા હતા તડકે. સાંભળતા હતા. વાત તો અમારી આ તત્ત્વની છે. આહાહા..! રુચિ હોય. ઘણાં-ઘણાં. અરે! હજારો તો જુવાનિયા. ૨૦-૨૦ વર્ષના, ૨૫-૨૫ વર્ષના. કલાક, કલાકના વ્યાખ્યાન. કલાક, અડધો કલાક છેટેથી આવવું હોય. એક કલાક છેટેથી આવે ઓલા કહેતા હતા તમારા લ્યોને. પૂનમભાઈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પંદર માઈલથી આવવું હોય, હવે એક કલાક એ થાય. કલાક અહીં અને પંદર માઈલ જાવું હોય. તમારે નહિ?

મુમુક્ષુ :- અમારે પોતાને જ એમ થાતું હતુંને. એક કલાક આવતા અને એક કલાક જાતા અને એક કલાક બેસતા.

ઉત્તર :- થાતું હતુંને. સુમનભાઈનું મકાન ત્યાં જંગલમાં. આહાહા..! વચમાં ઊભું રહે ઓલી લાલટેન ઊભી રહે. ઓલી લાલ આવે છેને. લાલબત્તી હોય ત્યાં સુધી ચલાય નહિ. વળી ઊભા રહેવું પડે. છતાં લોકો બિચારા બહુ આવતા. સાધારણ પાંચ-છ હજાર સાધારણ. સાત હજાર. છેવટે દસ હજાર. આઠે દિવસે છ હજાર, સાત હજાર આવતા. ૧૮ દિ' થયા. એક દિ' ઘાટકોપર. ત્યાં તો બહુ માણસો.

અરેરે! પણ આ વાત એને કાને પડતા બિચારાને એમ કેટલાકને લાગે, આવું? બાપુ! પણ આ વસ્તુ આવી છે. આ સમજ્યા વિના, ઓળખ્યા વિના જન્મ-મરણના આરા આવે એવા નથી. આહાહા..! ચોર્યાસીના અવતાર. બહારમાં જરી કાંઈક પાંચ-પચ્ચીસ લાખ મળે, છોકરા ઠીક હોય, બાયડી ઠીક હોય, આબરૂ ઠીક હોય. સુખી છીએ. ધૂળેય નથી. દુઃખના... આહાહા..! ઓલા દડાને નથી મારતા શું કહેવાય? આ દડે રમે ત્યારે. ક્રિકેટ. એમ આ દુઃખના દડે કુદી રહ્યો છે અનાદિથી. એને ભાન ક્યાં છે? આનંદસ્વરૂપ ભગવાન અંદર છે એને મૂકીને આ બધી વાતું. પર ઉપરના રાગ અને દ્વેષ એ તો દુઃખના દડા છે. ખબર નથી, એને ખબર નથી. આહાહા..!

અહીં એ કહે છે કે અજ્ઞાન અવસ્થાવાળા. જીવના સ્વરૂપનું જેને અંતર આત્મા આનંદ અને જ્ઞાનનું ભાન નથી એવી અજ્ઞાન અવસ્થાવાળા. એ છે તો નિશ્ચય અવસ્થા એની, પણ વાસ્તવિક એ નિશ્ચય નથી. અશુદ્ધ નિશ્ચય. આહાહા..! '**તબતક તો બંધપર્યાય કો આત્મા જાનતા હૈ...**' આહાહા..! અજ્ઞાની તો '**મૈં મનુષ્યું હૂં,...**' એમ માને. આ મનુષ્ય તો જડ છે, દેહ છે, માટી છે અને ગતિ પણ ઉદયની છે, એ કાંઈ આત્મા નથી. આહાહા..! અજ્ઞાની અનાદિ કાળનો પોતાની અવસ્થામાં 'મનુષ્ય હું છું' એમ માને છે. હું અંદર આત્મા જ ભિન્ન છું એનું એને ભાન નથી.

'**મૈં મનુષ્ય હૂં, મૈં પશુ હૂં,...**' આ હાથી, ઘોડા હોયને. હું ઢોર છું, પશુ છું. પોપટ બોલે છેને બહુ. પોપટને બહુ શીખવ્યું હોય, બહુ બોલે પોપટ. 'પધારો, આવો' એમ બોલે. તું પોપટ છો. તો કહે, હા. એમ કહે. શીખવેલો હોય. પણ આત્મા પશુ છે જ નહિ. એ તો દેહનો પશુ. આહાહા..! આત્મા તો આ દેહથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ છે. એને ન માનતા

હું પશુ છું. '**मैं क्रोधी हूं,...**' લ્યો ઠીક! મારાથી સહન નહિ થાય. હું ક્રોધી છું. ભાઈ! ક્રોધ તો વિકાર છે. એ ક્રોધી આત્મા કહેવાય? આ અજ્ઞાનમાં માને છે. '**मैं मानी हूं,...**' અમે અભિમાની છીએ, અમારા પદનું અભિમાન છે. એમ માને. બાપા! માન શેના? આહાહા..! '**मैं मायावी हूं,...**' કપટને .. જાણું છું. આહાહા..! ઓલો ભાઈ આવ્યો હતો ને તે દિ' નહિ રાજકોટ. કે.લાલ. મોટો જાદુગર. પાંચ-પાંચ હજાર રૂપિયા, દસ-દસ હજાર એક એક રાતના લે. ત્યાં એના સમાચાર આવ્યા હતા હોં અમારા ઉપર. ત્યાં હતો. ઘાટકોપર આની કોર શું કહેવાય? આની કોર. માટુંગા. માટુંગામાં હતો. બે-ચાર દિ'માં દર્શન કરવા આવવાનો હતો. એવા સમાચાર આવ્યા, પણ આવી ન શક્યો. પેદાશ એટલી.

કે.લાલ. કાંતિલાલ. આપણે ઉષાબહેન છેને એના મામા. ત્યાં આવ્યો હતો રાજકોટ. દસ હજાર પેદાશ, પંદર હજાર પેદાશ એક રાતની. આવ્યો હતો. મહારાજ! ૪૭ વર્ષની ઉંમર છે. ઘણાં લાખોપતિ. મહારાજ! ધતીંગ છે મારું, એમ બોલ્યો. આ જાદુગર છેને. દરબાર! જાદુગર એ છે. કાંતિલાલ કરીને જાદુગર છે. આપણો વાણિયો છે. અહીંયાં આપણે એની ભાણેજ છે. જગજીવન બાવચંદ હતા એક કુંડલાના. એનો સાળો છે. વાણિયો છે, પણ પૈસા બહુ પેદા કરે. બબ્બે લાખ, ત્રણ-ત્રણ લાખ. જાદુગર તે કેવો! પછી મારી પાસે આવ્યો. રાજકોટ. મહારાજ! એ ધતીંગ છે. કીધું, ધતીંગ જ છે તારું બધું. આ વચનની ચતુરાઈ અને દેહની ચતુરાઈ છે. મરી જઈશ, કીધું. આ પૂર્વના પુણ્ય છે તો આ બધું દેખાય છે તને. હા મહારાજ! મારી પાસે તો શું કહે? અહીં સમાચાર આવ્યા હતા હોં. નહિ? હું ચાર-પાંચ દિ'માં આવવાનો છું. ત્યાં શાંતિભાઈને ઘરે. પછી વખત નહિ મળ્યો હોય. પહેલો ઘાટકોપરમાં હતો, પછી માટુંગામાં હતો. પણ આ બહારની ખુમારી આહાહા..! મારી નાખે જીવને. મરી જઈશ, કીધું, આમ ને આમ. પૂર્વના પુણ્ય છે તો આ બધું દેખાય લાખ, બે લાખ પેદા થાય ને ધૂળ થાય. તું તો પોતે કહે છે કે આ મારું બધું ધતીંગ છે. વચનની ચતુરાઈ. શું કહેવાય એને? હાથચાલાકી, હાથચાલાકી. લોકો તો આમ તુહી તુહી થઈ જાય. જુવાન છોડી હોય એને આમ કાપી નાખે, આમ દેખાય. પાછી તરત બોલાવે એય..! ત્યાં ચાલી આવે. એવી હાથચાલાકી છે, બીજું કાંઈ નથી મારું. આહાહા..!

અહીં કહે છે કે અમે માયાવી છીએ, ધતંગી છીએ. બાપુ! એ તારું સ્વરૂપ નહિ ભાઈ! માયાવી. '**मैं पुण्यवान धनवान हूं,...**' લ્યો એમ માને છેને? આ પુણ્ય અમારા છે. પાંચ-પાંચ લાખની પેદાશ છે. એય..! ચીમનભાઈ! તમારો છોકરો ત્યાં છેને. હોકીંગ શું કહેવાય? હોંગકોંગ. બે જણા આવ્યા હતા બાયડી-ભાયડો બેય. નવ હજાર ખર્ચીને. ૪૫૦૦ની તો ટિકિટ. ચીમનભાઈ એના દીકરા છેને હોંગકોંગ. પછી બિચારો કહેતો હતો એ છોકરાને હું

ન લાવ્યો આવી વાત સાંભળવામાં. એમ બિચારા કહેતા હતા. નવ હજાર ખર્ચીને આવ્યા હતા ટિકિટના અને પાછા નવ હજાર ખર્ચીને જાશે. હોંગકોંગ હોંગકોંગ. ત્યાં ધંધો છે ઝવેરાતનો. મોટો ધંધો છે. આપણા ઓળખોને દરબાર! આપણે નહિ આ ચીમનભાઈ નથી રહેતા? આ મકાન નથી કરાવ્યા હમણાં? લાખના કરાવ્યાને. એ. એનો નાનો ભાઈ હોંગકોંગ રહે છે. એ બિચારો સાંભળવા મુંબઈ આવ્યો નવ હજાર ખર્ચીને. પછી તો બિચારો કહેતો હતો કે અરેરે! છોકરાને હું ન લાવ્યો હોં. આવી વાત સાંભળવા ન મળે. ત્યાં તો ધૂળેય નથી. આહાહા..! નરમ છે હોં!

મુમુક્ષુ :- આપનો ઘડીક સત્સંગ થાય ત્યાં માણસ...

ઉત્તર :- નરમ થઈ જાય. નરમ થઈ જાયને. બાપા! આ માર્ગ બીજી વાત છે, ભાઈ! તારા પૈસા શું ધૂળ શું કામની?

કહે છે... આહાહા..! **'मैं पुण्यवान हूं...'** એમ અજ્ઞાની માને છે. પુણ્યવાન છો તું? પુણ્ય તો ખરી જશે, નાશ થઈ જશે. આહાહા..! અરે! ઘણાં એ ભવમાં ભાળ્યા છેને. પુણ્યવાન નહોતો કહેતો આપણે જેઠાલાલ સંઘવી? કે જેના લગનમાં જેની નાતમાં બેડા વહેચ્યા હતા. બેડા. નાતમાં ઘરદીઠ લગનમાં. એ બાઈને સુવાવડ વખતે એ ધણી મારી પાસે આવ્યો. એ જેઠાલાલ નહોતા અહીં? ઈ કહે, મને આપો. બોટાદ. આપો તો આને સુવાવડ કરાવીએ હોસ્પીટલમાં. જેના લગનમાં એની નાત હતી મોટી. કાંઈક નાત હશે. એમાં બેડા (આપ્યા). એક-એક બેડા બેડું આપવું ઘરદીઠ. એ વહુને સુવાવડ થઈ ત્યારે પૈસો કાંઈ ન મળે. ખલાસ થઈ ગયું બધું. આ જેઠાલાલભાઈ આપણા બોટાદવાળા. સોનાવાળા, સોનાનો ધંધો. મારી પાસે આવ્યા હતા. ભાઈ કાંઈ આપો. કહો આ દશા. ચડતી-પડતી છાયા છે. ઘડીકમાં છાયા આમ જાય અને ઘડીકમાં (આમ જાય). એમ પુણ્યનો ઉદય હોય તો દેખાય બધું ધૂળમાં. ઘડીકમાં ફરી જાય પાછું. આહાહા..! હું પુણ્યવાન છું. ધૂળેય નથી સાંભળને. અમે પુણ્યશાળી નાખીએ ત્યાં નીકળે. અવળા કરીએ ત્યાં સવળા પડે અમારા. એમ બોલે છે કેટલાક. એય..! ગીરધરભાઈ!

**'मैं धनवान हूं,...'** છે શબ્દ અંદર? ધનવાન मैं हूं એ મૂઢ અજ્ઞાની માને છે. ધનવાન. ધન તારું કે દિ' હતું? મૂઢ અનાદિનો આમ માને છે એમ કહે છે. **'मैं निर्धन दरिद्री हूं,...'** અરે! મારે કોઈ નથી. આહાહા..! દરિદ્રી છું. આહાહા..! ભાઈ! ઓલા નહિ તમારા? આપણા નરભેરામ વકીલ નહોતા? નરભેરામ વકીલ ને? ભાઈચંદભાઈના ભાઈ. રાજકોટ. એના દીકરાનો દીકરો અહીં આવતો. અહીંયાં.. કોઈ ન મળે. ઘર પણ ન મળે. કહે, હું તો.. એના દીકરાનો દીકરો. ત્યાં રહું છું. શું કહેવાય? લોજ. લોજમાં મકાનમાં ભાડે રહું

છું. નથી ભાઈ, નથી બાયડી, નથી છોકરા, નથી મા-બાપ કે મકાન. આહાહા..! નરભેરામ વકીલ હતા. આમના ભાઈબંધ હતા. એ છોકરો બિચારો જુવાન અહીં કામ કરતો હતો આમાં. આપણે ત્યાં પણ કામ કરતો હતો. એલા! પણ તું એકલો છો? કહે, હા હું એકલો છું. સતીશ નામ હશે. જુવાન છે ૨૦ વર્ષનો. કોઈ ન મળે. કહો, ક્યાં નરભેરામ એના બાપના બાપ વકીલ. મકાન રહેવાના ન મળે. ક્યાંકથી મજૂરી કરીને પૈસા આવે એ...

મુમુક્ષુ :- એના બાપના બાપ નગરશેઠ હતા.

ઉત્તર :- આહાહા..! આ નગરશેઠના દીકરાના દીકરા. લોજમાં ભાડું ભરીને મકાનમાં રહે છે. કોઈ ઘરમાં મકાન પણ નથી. નોકરી કરીને ૧૦૦-૨૦૦ ક્યાંકથી લઈ આવે. લોજમાં ભરે. આહાહા..! શેના તને અભિમાન? સાંભળને. હું નિર્ધન દરિદ્રી મહારાજ! અરે! બાપા! દરિદ્રી તું નહિ ભાઈ! તું અંતર આત્માની લક્ષ્મીવાળો છો. આવા દરિદ્રી માનનારા તો અજ્ઞાની છે કહે છે. અમે ભિખારી, દરિદ્રી, અમે વાંઝીયા. આહાહા..!

**'मैं राजा हूं,...'** રાજા છું એ અભિમાન અજ્ઞાનીના છે. અજ્ઞાની આમ અનાદિથી માને છે એમ કહે છે. **'मैं रंक हूं, मैं मुनि हूं,...'** પર્યાયમાં માનેને. એક સમયની પર્યાય પૂરતો માને, હું મુનિ છું. મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! મુનિની અવસ્થા જે વર્તમાન છે એટલો એ હું. અરે! **'मैं श्रावक हूं...'** શ્રાવકની અવસ્થા તો વર્તમાન અવસ્થા જેટલી છે એ ક્યાં આત્મા છે આખો? આત્મા તો અખંડાનંદ પ્રભુ ત્રિકાળ છે. આહાહા..! **'इत्यादि पर्यायों में...'** ઇત્યાદિ અવસ્થાઓમાં **'आपा मानता है,...'** આપા નામ આત્માને માને છે. **'इन पर्यायों में लीन होता है...'** આહાહા..! આ મનુષ્યપણામાં, પશુપણામાં, ક્રોધી, માની, લોભ, પુણ્યવાન એમાં લીન થઈ જાય છે. **'तब मिथ्यादृष्टि है,...'** લ્યો અહીં તો કહે, હું શ્રાવક અને મુનિ છું એવી પર્યાયને માને તો મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. બહારની નગ્નપર્યાય ધારણ કરી હોયને. નગ્નપર્યાય મિથ્યાદૃષ્ટિએ. આહાહા..! **'अज्ञानी है, इसका फल संसार है...'** આવાનું ફળ તો ચાર ગતિમાં રખડવાનું છે. આહાહા..! **'उसको भोगता है.'** અનાદિ અજ્ઞાની આવી ચીજને પોતાની માની અજ્ઞાનપણે એને પોતાનું ફળ જાણીને ભોગવે છે અજ્ઞાનપણે. આહાહા..! પણ જ્યારે એને વીતરાગમાર્ગનું જ્ઞાન થાય, એમ કહે છે.

**'जिनमत के ज्ञान से जीव-अजीव पदार्थों का ज्ञान होता है...'** વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા, એમણે કહેલામાંથી જીવ અને અજીવ બે જુદા. આહાહા..! **'तब स्व-पर का भेद जानकर ज्ञानी होता है,...'** લ્યો! ત્યારે સ્વ-આત્મા આનંદસ્વરૂપ અને રાગાદિ, શરીરાદિ પર. એવું ભેદજ્ઞાન થાય છે ત્યારે તે જ્ઞાની થાય છે. એ જ્ઞાની થાય ત્યારે શું જાણે? એ વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૬, રવિવાર તા. ૨૦-૦૯-૧૯૭૦**
**ગાથા – ૮૨-૮૩, પ્રવચન – ૯૩**

૮૨-ગાથા. મોક્ષપાહુડ. શું કહે છે? ધર્મી મુનિ મોક્ષમાર્ગી કેવા હોય? ધર્મી એટલે આત્માના સ્વરૂપના જાણનાર અને અંદર સ્થિર રહેનાર. ચારિત્રસહિત લેવું છે ને? એવા ધર્માત્મા મોક્ષમાર્ગી જીવ કેવા હોય?

‘**ભાવાર્થ :- જિનને મોક્ષમાર્ગ પ્રાપ્ત કિયા ઐસે અરહંત સર્વજ્ઞ વીતરાગ દેવ**...’ એમાં એની ભક્તિ હોય. અરિહંત સર્વજ્ઞ વીતરાગદેવ એનો એ મુનિ ભક્ત હોય. એનું બહુમાન એને વર્તતું હોય. સમજાય છે કાંઈ? મૂળમાં પાઠ છે કે નહિ? ‘**देवगूरूणं भत्ता**’ ધર્મી જીવ સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્જ્ઞાની અને સ્વરૂપમાં ચારિત્રવંત જીવ, એને દેવ-ગુરુ પ્રત્યે બહુમાન હોય. છે દેવ-ગુરુ પરદ્રવ્ય, પણ જેનાથી એને ધર્મની પ્રાપ્તિ થાય એના પ્રત્યે એને બહુમાન હોય. સમજાણું કાંઈ? ‘**ઔર ઉનકા અનુસરણ કરનેવાલે બડે મુનિ દીક્ષા દેનેવાલે ગુરુ ઇનકી ભક્તિયુક્ત હો,**...’ દેવ-ગુરુના ભક્ત હોય. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ નિર્ગ્રંથ વીતરાગ પરમાત્મા અને નિર્ગ્રંથ મુનિ-ગુરુ એના મુનિ ભક્ત હોય, બહુમાન એને હોય. છે શુભ વિકલ્પ. સમજાય છે કાંઈ? એવો એને વ્યવહાર હોય છે. બહુમાનપણું એને, જેનાથી ધર્મ પામ્યો છે એવા દેવ-ગુરુ પ્રત્યે એને બહુમાન વર્તતું હોય છે. આચાર્ય પોતે ગાથામાં મૂકે. મોક્ષપાહુડનો અધિકાર છે આ. ‘**સંસાર-દેહ-ભોગોંસે વિરક્ત હોકર**...’ નિર્વેદ-નિર્વેદ. સંસારના ઉદયભાવ, ભોગ અને શરીર એનાથી જે અંતરથી પરથી ઉદાસ છે. ‘**વૈસી હી જિનકે વૈરાગ્યભાવના હૈ,**...’ એવી વૈરાગ્ય ભાવના મુનિને હોય છે. પરથી ઉદાસ-ઉદાસ. એ તો નાસ્તિથી વાત કરી. હવે અસ્તિથી (કરે છે).

વળી ‘**આત્માનુભવરૂપ શુદ્ધ ઉપયોગરૂપ એકાગ્રતારૂપી ધ્યાનમેં તત્પર હૈં**...’ શું કહ્યું? ‘**આત્માનુભવરૂપ શુદ્ધ ઉપયોગરૂપ એકાગ્રતા**...’ શુદ્ધ ચૈતન્ય આત્મા આનંદસ્વરૂપ, એનો જે શુદ્ધઉપયોગ અનુભવ, આનંદનો અનુભવ-અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદન એવા અનુભવસહિત શુદ્ધ ઉપયોગરૂપ. શુદ્ધ ઉપયોગ આચરણમાં ‘**એકાગ્રતારૂપી ધ્યાનમેં તત્પર હૈં**...’ સ્વરૂપ તરફના ધ્યાન માટે તત્પર છે. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગી જીવનું વર્ણન છે. મોક્ષ સ્વદ્રવ્ય આશ્રયથી થાય છે, પરદ્રવ્ય આશ્રયથી થતો નથી. ભક્તિ લીધી, એનો વિકલ્પ બહુમાનનો હોય છે, પણ એનું તત્પરપણું તો અંદરમાં શુદ્ધ અનુભવસ્વરૂપ શુદ્ધ ઉપયોગ, એમાં એની એકાગ્રતા અને તત્પરતા હોય છે. કેમકે એ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ?

વળી '**વ્રત, સમિતિ, ગુપ્તિરૂપ નિશ્ચય-વ્યવહારાત્મક સમ્યક્ચારિત્ર હોતા હૈ...**' મુનિ છે ને? નિશ્ચય સ્વરૂપની ચારિત્રદશા પણ છે અને વ્યવહારના પંચમહાવ્રતાદિ વિકલ્પો પણ વ્યવહારને યોગ્ય જે છે તે હોય છે. સમજાણું કાંઈ? '**વે હી મુનિ મોક્ષમાર્ગી હૈં,...**' આવા મુનિ મોક્ષના માર્ગમાં આવ્યા છે, એ મોક્ષમાર્ગી છે. એને અલ્પકાળમાં મોક્ષ થશે. જુઓ! '**અન્ય ભેષી મોક્ષમાર્ગી નહીં હૈ.**' વીતરાગ માર્ગના દર્શન-જ્ઞાન અને ચારિત્ર અને બાહ્ય નગ્ન દિગંબર લિંગ, અંદરમાં નિશ્ચય ચારિત્ર અને વ્યવહાર વિકલ્પ મહાવ્રત આદિના, એ જીવને મોક્ષમાર્ગમાં ગણવામાં આવ્યા છે. અનેરા ભેષીને મોક્ષમાર્ગમાં ગણવામાં આવ્યા નથી. સમજાણું કાંઈ?

૮૩. '**આગે ઐસા કહતે હૈં કિ નિશ્ચયનયસે ધ્યાન ઈસ પ્રકાર કરના :-**' નિશ્ચય અને વ્યવહાર આ પ્રકારનો હોય છે અને મોક્ષમાર્ગમાં એને ગણવામાં આવે છે. હવે નિશ્ચયનો અભિપ્રાય એકલો વર્ણવે છે.

**णिच्छयणयस्स एवं अप्पा अप्पम्मि अप्पणे सुरदो।**
**सो होदि हु सुचरित्तो जोई सो लहइ णिव्वाणं।।८३।।**

ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે, નિશ્ચય એટલે યથાર્થ દૃષ્ટિનો, જ્ઞાનનો એવો અભિપ્રાય છે કે આત્મા-શુદ્ધ આનંદધામ આત્મા એ પોતાના પવિત્ર કાર્યનો કર્તા (છે). સમજાય છે કાંઈ? રાગાદિ વિકલ્પાદિ એ પવિત્ર કાર્યનો કર્તા નહિ. એ પવિત્ર નહિ, એ અપવિત્ર છે. આહાહા..! કીધું ને? બહુમાનનો વિકલ્પ આવે, પણ એનો કર્તા નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવી ભૂમિકામાં દેવ-ગુરુનું બહુમાન હો, પણ કહે છે કે એ કર્તા તો પોતાની પવિત્ર દશાનો છે. શુદ્ધ વીતરાગ આનંદઘન સ્વરૂપ એ જીવ, પોતાની નિર્દોષ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી કર્મ એટલે કાર્ય એનો એ આત્મા કર્તા છે. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગ એટલે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. નિશ્ચય એટલે કે સ્વવસ્તુને આશ્રયે થયેલી દૃષ્ટિ, સ્વદ્રવ્યને આશ્રયે થયેલું સ્વસંવેદન જ્ઞાન, સ્વદ્રવ્યમાં આશ્રય કરીને સ્થિરતા કરી એવું ચારિત્ર, એવા મોક્ષમાર્ગની પર્યાયનો કર્તા આત્મા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**આત્મા આત્મા હી મેં....**' એ અધિકરણ આવ્યું. કર્તા ભગવાન આત્મા પવિત્ર શુદ્ધ આનંદ નિર્વિકલ્પ વીતરાગી પર્યાય, એનો પરિણમનાર પોતે કર્તા આત્મા છે. અને તે વીતરાગી પર્યાય ધર્મની નિર્દોષ, એનો આધાર આત્મા છે. સમજાય છે કાંઈ? નિર્દોષ વીતરાગી આનંદ અને શાંતિરૂપી જે પોતાનું નિજકાર્ય એનો કર્તા આત્મા અને એનો આધાર આત્મા છે. નિમિત્ત અને વિકલ્પ આધાર નહિ અને નિમિત્ત અને વિકલ્પ એ મોક્ષમાર્ગની પર્યાયનો કર્તા નહિ. ભારે! અમરચંદભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન આવ્યું...

ઉત્તર :- બહુમાન આવ્યું (એ) વિકલ્પ, પણ કર્તા નથી. કીધુંને એ તો પહેલું? કહ્યું ખરું બહુમાન આવે. ભૂમિકામાં (પણ) મુનિને પણ હોય. મુનિને મુનિની બહુ દશા પોતાના ગુરુ અરિહંત તીર્થંકર પ્રત્યે... એ તો પહેલી વાત આવી. પણ હવે અહીં તો કહે છે કે એનો કર્તા નથી. એ જ્ઞાન કરાવ્યું. તેમ જે વિકલ્પ છે તે આત્માની પવિત્ર દશાનો કર્તા નથી. રાગનો કર્તા નથી અને પવિત્ર પર્યાયનો એ રાગ કર્તા નથી.

મુમુક્ષુ :- કાંઈ સમજાતું નથી.

ઉત્તર :- સમજાતું નથી? ઠીક કર્યું. વધારે સ્પષ્ટ કરવાનું. એ ભાઈ એમ કહે છે.

ફરીને, ભગવાન આત્મા તો ચૈતન્યપિંડ અખંડ આનંદકંદ ધ્રુવ, એનું જેને બહુમાન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું એને દેવ-ગુરુ- પ્રત્યેની ભક્તિનો ભાવ આવે અને હોય. આવે અને હોય. છતાં અહીં કહે છે કે એ વિકાર પરિણામનો કર્તા જીવ નહિ, તેમ એ વિકાર પરિણામ કર્તા અને નિર્મળ પર્યાય કાર્ય એમ નહિ. ભારે વાત! સમજાણું કાંઈ? આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સત્, શાશ્વત, જ્ઞાન અને આનંદ, જેમાં નિર્વિકલ્પ સ્વભાવ પરિપૂર્ણ પડ્યો છે. એવો આત્મા જ્યાં અંતર દૃષ્ટિ કરી તો એ આત્મા પોતાના વીતરાગી નિર્દોષ ધર્મની પર્યાયનો કર્તા આત્મા. એને વિકલ્પ બહુમાનનો, અરિહંત અને ગુરુનું બહુમાન આવે એવો વિકલ્પ હોય, પણ એનો એ કર્તા નહિ. એવો હોય એનો કર્તા નહિ, એનો એ જ્ઞાતા (છે). અને વિકલ્પ કર્તા અને ધર્મની પર્યાય કર્તવ્ય-કર્મ એમ નહિ. ધર્મની પર્યાય કાર્ય અને વિકલ્પ કર્તા એમ નહિ. ધર્મની પર્યાયનો કર્તા આત્મા. સીધો દ્રવ્યસ્વભાવ તે ધર્મપર્યાયનો કર્તા. આહાહા..! બહુ ગાથા સરસ લીધી છે. ઉતાર્યા છે ત્રણ કારકો, પણ છએ કારક એમાં આવી ગયા. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વિકલ્પથી, શરીરથી, કર્મથી તો રહિત જ છે. છતાં એને બહુમાન પણ મોક્ષમાર્ગની ભૂમિકામાં દેવ-ગુરુનું આવે એ વાત પહેલી સિદ્ધ કરી. ભગવાન 'કુંદકુંદાચાર્યે' સાબિત કરી. પણ પાછું સાબિત કરીને પણ એ સિદ્ધ કર્યું કે એ વિકલ્પ હોય તેનો એ જાણનાર છે. એનો કર્તા નથી. તેમ એ વિકલ્પ કર્તા અને ધર્મની પર્યાય કાર્ય એમ નથી. ભારે વાત! કર્તા-કર્મ આવે છે ને? કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. ષટ્ (કારક) અંતર ઉતારે છે અહીં તો. આહાહા..!

કહે છે કે આત્મા પોતે જાગૃત થઈને સ્વભાવ સન્મુખ થયો, એથી સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ ચારિત્ર જે પ્રગટ થયું, એનો કર્તા સીધો દ્રવ્ય કર્તા છે. એનો કર્તા પુણ્ય અને વિકલ્પ અને વ્યવહાર એ એનો કર્તા નથી. સમજાણું કાંઈ? ભાઈ! શોભાલાલજી! એક દિ'ના તાવમાં ન આવી શક્યા. શરીર એવું છે, ભાઈ! મડદું છે આ તો. જડ જડને રહેવું

હોય એમ રહે. એ આત્માને કારણે શરીર રહે, સંભાળ કરું તો સરખું રહે અને ન રહે એ વાત ભ્રમ છે અજ્ઞાનીનો.

અહીં તો કહે છે, ભગવાન! અહીં મોક્ષપ્રાભૃત છે. મોક્ષનો માર્ગ શું? મોક્ષપ્રાભૃતસાર એનો માર્ગ શું? એનો માર્ગ ભગવાન આત્મા પરિપૂર્ણ કારણ સમયસાર પ્રભુ, એનો આશ્રય કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વદ્રવ્યને આશ્રયે પ્રગટ થયું એ '**सदव्वा हु सुग्गइ**'. એ સ્વવસ્તુથી પ્રગટી એ સુગતિ પર્યાય-દશા પોતાની થઈ. સમજાણું કાંઈ? અને તે આત્મા પોતાના સમ્યગ્દર્શન નિશ્ચય સ્વને આશ્રયે નિર્વિકલ્પ અનુભવ, એની પ્રતીતિ એ મોક્ષનો એક અવયવ માર્ગનો. એમ સ્વસંવેદનજ્ઞાન પોતાનું પોતાથી પ્રત્યક્ષ રાગ અને મનના અવલંબન વિનાનું એવું જે સ્વસંવેદન જ્ઞાન એ મોક્ષમાર્ગનો એક અવયવ. જેમ સમ્યક્ત્વ અવયવ, એમ જ્ઞાન એક અવયવ. એમ એ સ્વરૂપમાં લીનતા, આનંદમાં લીનતા એ ચારિત્ર. એ ત્રણનો કર્તા આત્મા છે સીધો. એનો કર્તા કોઈ દેવ-ગુરુ-શાસ્ત્ર કે દેવ-ગુરુની ભક્તિનો વિકલ્પ એ એનો કર્તા નથી એમ સિદ્ધ કરવું છે. આહાહા..! સમજાણું કાંઈ? અને આત્માને વિષે એ અધિકરણ લીધું. આત્મા પોતાના પવિત્રતાને વિષે કાર્ય કરે છે. કોઈ રાગ ને વિકલ્પ ને વ્યવહાર ને નિમિત્તને લઈને કાર્ય (નથી કરતો.) પોતાના કાર્યનો આધાર પોતે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવો જે મોક્ષમાર્ગ, એવી જે પવિત્રદશા એનો આધાર-અધિકરણ આત્મા છે. એનો આધાર વ્યવહાર વિકલ્પ અને નિમિત્ત નથી. સમજાણું કાંઈ?

'**અપને હી લિયે...**' એ સંપ્રદાન આવ્યું. પોતાને માટે અંદર કરે છે. એટલે? પોતે પોતા માટે કરીને પોતામાં રાખે છે. આહાહા..! શુદ્ધ ચૈતન્યસ્વભાવ વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા, એની પર્યાયમાં વીતરાગતા સ્વદ્રવ્યને અવલંબે પ્રગટ થઈ એ પોતે પોતા માટે કરી છે અને રાખી છે. રાગાદિ હોય એ પોતા માટે નથી અને રાગનું ફળ પાછું બંધન છે. એ આ નથી. સ્વભાવ ચૈતન્ય જ્ઞાયકભાવ, એનું જે કાર્ય પોતે કર્યું એ પોતે રાખ્યું. પોતામાં અભેદપણે એ પર્યાય થઈ. પોતે ભગવાન આત્માએ પોતાને દાન આપ્યું. આ દાન. એય..! શેઠ! પૈસા-ફૈસા દાન નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- ગુરુના ઉપદેશ...

ઉત્તર :- આ દાન છે. ગુરુના ઉપદેશમાં આ દાન છે. પોતે ભગવાન આત્મા સંપ્રદાન નામની શક્તિથી તો ભરેલો છે. પણ તેનો આશ્રય લઈને જે પર્યાય પ્રગટ થઈ એ પોતે પોતામાં રાખી છે. નિર્મળતા પોતે પોતામાં રાખી છે. એનું નામ દાન અને સંપ્રદાન કહેવામાં આવે છે. ભારે વ્યાખ્યા! સમજાણું કાંઈ?

'**અપને હી લિયે...**' એ ચોથી થઈને? કર્તા, કર્મ, કરણ એમાં આવી ગયું. કારણ

કે **'અપને હી લિયે...'** છે ને એ પોતે સાધન આત્મા છે. રાગ ને દયા, દાન કે વ્યવહારના વિકલ્પો એના મોક્ષમાર્ગના સાધન નથી. નથી તેને કહ્યું શાસ્ત્રમાં (એથી) એને મુંઝવણ આવી કે જુઓ! વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય. હવે એ તો વ્યવહારનયના કથન છે. સમજાણું કાંઈ? આહાહા..! આવે છે કે નહિ? પંચાસ્તિકાયમાં વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય બધું ઘણું આવે છે. બધું આવે, સાંભળને હવે! તારા હિતના સાધન વિના બહારના સાધન ક્યાંથી આવ્યા? તારામાં ક્યાં સાધન નથી તે ક્યાંક કો'કને ગોતવું પડે? આહાહા..! અંદર આત્મામાં સાધન સ્વભાવ પડ્યો છે. એનો કર્તાપણાનો જ્યાં આશ્રય લીધો ત્યારે એ સાધનસ્વભાવ સાધન થઈને નિર્મળદશા પ્રગટ થાય છે. વ્યવહાર અને નિમિત્ત સાધન થઈને નિર્મળદશા પ્રગટ થાય છે એમ નથી. કહો, વજુભાઈ! આ બધું સમજવું પડશે. આ શરીર તો થોથા 'માળુ જરી કામ ન કરે. ખરું કે નહિ? ખબર છે કે નહિ આમ થયું છે અંદર? જુવાન નાની અવસ્થામાં પ્રત્યક્ષ અનુભવ થઈ ગયો. એ તો જુવાન નાની અવસ્થા છે. એય..! મગનભાઈ! એ તો જડની અવસ્થા છે. એને થવું હોય એમ થાય. એ રોક્યું રોકાય નહિ અને ટાળ્યું ટળે નહિ.

મુમુક્ષુ :- ડોક્ટરની મદદથી થઈ જાય છે.

ઉત્તર :- ધૂળેય મદદથી નહિ. એ તો મટવાની પર્યાય થાય તો મટે છે. ડોક્ટરનો બાપ મરી જાય, ડોક્ટર મરી જાય. બાપ મરી જાય એ તો ઠીક. ડોક્ટર પોતે મરી ગયા. આ નહિ વૈદ? હેમંતલાલ. આખા સર ડોક્ટર હતા ભાવનગરના. એ ઓપરેશન કરતા હતા. મને કાંઈક થાય છે. બસ, પડી ગયા, મરી ગયા ઊડી ગયું.

મુમુક્ષુ :- પણ એ તો હજારોમાં એક થાય ને.

ઉત્તર :- હવે એ હજારોને એક જ સિદ્ધાંત હોય ને. એય..! ચંદુભાઈ! આહાહા..! અહીં બે-ત્રણ વાર આવ્યા હતા. એક વાર દાંત માટે બોલાવ્યા હતા. એક વાર વ્યાખ્યાનમાં આવ્યા હતા. દેહની સ્થિતિ જે સમયની જે પર્યાય જે થવાની એને ત્રણકાળમાં ઈન્દ્ર નરેન્દ્ર રોકી શકે નહિ, જિનેન્દ્ર રોકી શકે નહિ. તું તારી સાવધાનીમાં રહે. ભગવાન આત્મા આનંદસ્વરૂપ ચિદાનંદ મૂર્તિ, એને આધારે અને એણે કરેલી નિર્મળ વીતરાગદશા એ પોતે રાખે, એનું સાધન પોતે, અપાદાન પોતે. ચાર તો આમાં આવી ગયા. અને કર્મ એ આવ્યું, જુઓ! **'ભલે પ્રકાર...'** વ્રત હોય એ કર્મ છે. પાઠમાં છે ને? **'सुरदो'** પાઠ છે. **'णिच्छयणयस्स एवं अप्पा'** કર્તા, **'अप्पम्मि'** એ અધિકરણ. **'अप्पणे'** એ સંપ્રદાન, **'सुरदो'** એ કર્મ છે. કર્મ એટલે કાર્ય. આત્મા આનંદનમાં લીન (થાય) એ આત્માનું કાર્ય છે. રાગ અને દયા, દાન, વ્રત, વિકલ્પ એ એનું કાર્ય નથી. આહાહા..! 'નવરંગભાઈ!' પાણી ગળવું એનું કાર્ય નથી

એમ કહે છે. પાણી ગળવું ખરું. ક્યું? ચૈતન્યના પાણી જે રાગમાં એકત્વ છે એને છોડીને પોતાના ગળણમાં રાખીને પોતામાં રાખવું. પોતાના તેજને પોતામાં રાખવું. એમાં રાગમાં જવા દેવું નહિ. એનું નામ ખરેખર પાણી ગળીને પીવાનું કહેવાય છે. આહાહા..! બહારને કોણ ગળે અને કોણ પીવે? એ તો જડની ક્રિયા છે. આહાહા..!

શ્રીમદ્દે કહ્યું હતું એક ફેરી, હોં! શ્રીમદ્દે એમ કહ્યું હતું. શ્રીમદ્‌માં એક વાર કોઈએ કહ્યું. નામ ન આપીએ. આવો ચર્ચા કરવા. કહે. તમે આ બધા જ્ઞાની-જ્ઞાની કરીને બેઠા છો. ઓલા કોઈને માનતા નથી. પણ તમારે એ કહેવું છે ને કે પાણી ગાળીને પીવું. અમે પાણી ગાળીને પીએ છીએ. પાણી સમજો છો ને? જલ. એક સાધુએ કહ્યું કે ચર્ચા કરો. ચર્ચા કરો. આવા આચાર્ય સાધુ કોઈને માનતા નથી. મોટો પચ્ચીસમો તીર્થંકર થઈ ગયો. એ તો કાંઈ કહેતા નહોતા, પણ માળા બીજા ઉડાવે એવા. એમ કે આ કોઈને માને નહિ પોતે. આવો ચર્ચા કરવા. પણ બાપુ! ચર્ચા કરીને તમારી સાથે શું? તમારે એ કહેવું છે ને કે પાણી ગાળીને પીવું. છકાયની હિંસા ન કરવી. એ કહેવું છે. અમે પાણી ગાળીને પીએ છીએ. શું કરવા અમને... અમરચંદભાઈ! અમે પાણી ગળીને પીએ છીએ. બાપા! ઓલું પાણી અને આ પાણી, તારે જે સમજવું હોય એ સમજને. એવી ચર્ચા થઈ હતી. આહાહા..! અરે..! ભગવાન! તારા ચૈતન્યના પાણીના પૂર છે ને અંદર. બેહદ આનંદ, બેહદ જ્ઞાન, બેહદ જેનો સ્વભાવ છે એની હદ શી? મર્યાદા શી? એવી સ્વભાવની સ્થિતિનું સ્વરૂપ સાગર ભગવાન, એમાં જે પડ્યો, 'માહી પડ્યા તે મહાસુખ માણે, દુનિયા દેખીને દાઝે જો રે.' દુનિયા દેખે કે આ કાંઈ કરતા નથી. સાંભળને હવે. કરવાનું છે એ તો અંદરમાં છે. બહારમાં છે કરવાનું? આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- માહી પડ્યા તે મહાસુખ માણે.

ઉત્તર :- 'માહી પડ્યા તે મહા સુખ માણે' એ અંદરમાં પડ્યા એ મહા આનંદને વેદે એમ. 'દેખનારા તો દાઝે જો ને.' દેખનારા દાઝે બળે. વ્રત પાળતા નથી, ફલાણું કરતા નથી, ભગવાનની પૂજામાં આવતા નથી. ઠીક! એ અમારે અહીં ભજન છે. વેદાંતનું ભજન છે, હોં! પ્રકાશદાસજી! એવું ભજન આવે છે વેદાંતમાં. 'માહી પડ્યા તે મહાસુખ માણે, દેખનારા તે દાઝે જોને. હરિનો માર્ગ છે શૂરાનો, કાયરના નહિ કામ જોને. પ્રભુનો રે માર્ગ છે રે શુરાનો.' હરિ એટલે આત્મા. અજ્ઞાન અને રાગ-દ્વેષને હરે એટલે હરિ. એવો પ્રભુનો માર્ગ છે શૂરાનો એ વીરાનો માર્ગ છે, ભાઈ! એ પામર અને રાંકાના માર્ગ નથી. રાંકા અને પામરના કાળજા કંપી જાય. અર..ર.ર..! આ.. આ..? અરે..! સાંભળ, બાપા ભગવાન! પૂર્ણાનંદનો નાથ તું પ્રભુ ચૈતન્ય છો. એના જ્યાં સ્વભાવના શરણ લીધા, કહે છે કે એ

વિકારી દશા એની છે જ નહિ. આહાહા..! જુઓને એ શૈલી રચના! પહેલામાં તો દેવ-ગુરુ ભક્ત કીધો. પાછો એને ઉડાડી દીધો. છે, હોય, પણ એનો એ જ્ઞાતા-દ્રષ્ટા છે. એનું કાર્ય તો નિર્મળ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઘડીક છે ને ઘડીકમાં નથી?

ઉત્તર :- નથી કોણે કહ્યું? છે. નથી કહ્યું નથી. છે એનો કર્તા નથી એમ કહ્યું. છે અને નથી એનો અર્થ કે છે એ ભાવ. એવો હોય છે, (પણ) કર્તા નથી. એ ભાવ નથી એમ નહિ. એય..! ભારે વાતું! કુંદકુંદાચાર્યદેવ બે વાત કરે છે, જુઓને! બરાબર વાત છે. આહાહા..!

'रत हो...' જુઓ! 'सुरदो' છે ને 'सुरदो'? એ એનું કાર્ય છે. શુદ્ધસ્વરૂપમાં લીનતા કરવી એ એનું કાર્ય છે. રાગ અને પરનું કાર્ય એ આત્માનું છે નહિ. આહાહા..! અરે..! નવરો થઈને જરી વિચાર તો કરે કે આ તે કોણ કેવું તત્ત્વ?

મુમુક્ષુ :- પૈસા આવતા અટકી જાય.

ઉત્તર :- શેના પૈસા આવતા અટકી જાય?

મુમુક્ષુ :- નવરો થાય એટલે.

ઉત્તર :- નવરો થાય એટલે? પૈસા તો આવવાના હશે એ આવશે જ તે. પુણ્યને લઈને આવ્યા વિના રહેશે? ચક્રવર્તીના રાજ છ ખંડના હોય છે, છતાં અંદરમાં ધ્યાન કરીને લીન થાય છે તો ચક્રવર્તીના રાજ વયા જાય છે કાંઈ? અને વયું જાય તો અહીંથી વયું ગયું. અંદરમાંથી તો છોડી દીધું છે. એ મારું નથી ને. વિકલ્પ મારો નથી, વળી છ ખંડના રાજ ક્યાંથી આવ્યા? આવે કોણ ને જાય કોણ? લે કોણ અને દે કોણ? આહાહા..! આ કહે છે કે આવું કરવા જાય તો પૈસા ન મળે, બીડીયુંમાંથી પૈસા મળતા હોય, એમ કહે છે ઈ. આહાહા..! અરે..! અહીં તો વિકલ્પને મેળવવો નથી ત્યાં વળી પરને મેળવવું ક્યાં રહ્યું? સમજાય છે કાંઈ? પર તરફની વૃત્તિ છે એમાં પણ જ્યાં એકતા કરવી નથી, ત્યાં વળી પરની સાથે વાત ક્યાં રહી? આહાહા..! છ ખંડના રાજ હો, ઈન્દ્રના ઈન્દ્રાસન હો એ એના ઘરે રહ્યા. અહીં ક્યાં અંદરમાં હતા? સમજાય છે કાંઈ? ધર્મીનો ધર્મ એનો છે. એનો રાગ પણ નથી તો પર તો ક્યાં રહી ગયું? સમજાણું?

'वह योगी,...' એમ કેમ કહેવું છે? કે ગૃહસ્થાશ્રમમાં મોક્ષનો માર્ગ પૂર્ણ ન હોય. તેથી અહીં મુનિને લીધા છે. મુનિને ચારિત્ર હોય છે. દિગંબર મુનિ હોય છે, આત્મધ્યાની હોય છે એને મોક્ષનો માર્ગ (હોય) અને એ મોક્ષ જાય. એમ કે આ ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં પણ મોક્ષ જાય એમ નહિ. સમજાણું કાંઈ? કારણ કે ગૃહસ્થાશ્રમમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ હોય, પણ ચારિત્ર આખું ન હોય, પૂર્ણ ન હોય તો મોક્ષમાર્ગ પૂરો થતો નથી. માટે

અહીંયાં યોગી શબ્દ વાપર્યો છે ને? જુઓને! **'जोई' 'अप्पणे सुरदो। सो होदि हु सुचरित्तो जोई सो लहइ णिव्वाणं।'** એ યોગી મુક્તિને પામે છે. આવા યોગી પણ, હોં! સમજાણું કાંઈ? એનું એને જ્ઞાનમાં પણ સરખા કરવા પડશે નહિ? જ્ઞાનમાં ચોસલા બેસાડવા પડશે કે નહિ, ઊંધા બેસાડ્યા છે તે.

'યોગી, ધ્યાની,...' એમ. સ્વરૂપમાં લીનતાવાળો. એવા **'મુનિ સમ્યક્ચારિત્રવાન હોતા હુઆ...' 'સમ્યક્ચારિત્રવાન હોતા હુઆ...' 'सुचरित्तो'** ત્રીજા પદમાં છે ને? **'सो होदि हु सुचरित्तो'** 'નિર્વાણકો પાતા હૈ.' આહાહા..! એક એક ગાથામાં પણ આખી પૂરી વાત મૂકી દીધી છે. એવી કુંદકુંદાચાર્યની શૈલી. આખો શ્લોક વાંચો કે એક વાંચો. એ એકમાં પણ એ અને લાખોમાં પણ એ. આહાહા..! સમજાણું કાંઈ?

'ભાવાર્થ :- **નિશ્ચયનયકા સ્વરૂપ ઐસા હૈ કિ-એક દ્રવ્યકી અવસ્થા જૈસી હો ઉસીકો કહે. આત્માકી દો અવસ્થાયેં હૈં - એક તો અજ્ઞાન અવસ્થા ઔર એક જ્ઞાન અવસ્થા.'** બે પર્યાય. **'જબતક અજ્ઞાન-અવસ્થા રહતી હૈ તબતક તો બંધપર્યાયકો આત્મા જાનતા હૈ...'** જ્યાં સુધી મિથ્યાત્વભાવ છે ત્યાં બંધપર્યાય એટલે કર્મનો સંબંધ, એનાથી ઉત્પન્ન થયેલા ભાવો એને પોતાનો માને. **'મૈં મનુષ્ય હૂં,...'** મિથ્યાદૃષ્ટિ એમ માને કે હું મનુષ્ય છું. પણ મનુષ્ય ક્યાં છો? તું તો આત્મા છો. પણ માને કે હું મનુષ્ય છું. **'મૈં પશુ હૂં,...'** છે તો આત્મા આનંદકંદ જ્ઞાયકભાવ તે આત્મા. અજ્ઞાનને લઈને હું મનુષ્ય છું, પશુ છું. **'મૈં ક્રોધી હૂં,...'** હું ક્રોધી છું. અરે..! ભગવાન! ક્રોધી તારું સ્વરૂપ ક્યાં હતું? તારું સ્વરૂપ તો પરમપવિત્ર આનંદધામ છે. અજ્ઞાન અવસ્થામાં 'હું ક્રોધી છું' એવો ભાવ એને ભાસે છે. ક્રોધ વિનાની ચીજ છે એ ભાવનું ભાસન નથી.

**'મૈં માની હૂં,...'** હું માની છું. અભિમાની. નમતું ન મૂકું. મરી જાઉં તો નમતું ન મૂકું. વળી એમ બોલે. આહાહા..! બોલે છે કે નહિ? **'મૈં માયાવી હૂં,...'** મહા પ્રપંચજાળ્યો છું. બીજાને પ્રપંચમાં નાખવો હોય તો નાખી દઉં. ભાઈ! એ ક્યાંથી લાવ્યો? તું જ્ઞાન અને આનંદનો કંદ છો ને. માયાવી છું, કપટી છું, દંભી છું. મારા પેટ હાથ ન આવે. ઠીક ભાઈ! એય.. નેમિદાસભાઈ! **'મૈં પુણ્યવાન-ધનવાન હૂં,...'** મૂઢ છે એ એમ માને. **'મૈં પુણ્યવાન-ધનવાન હૂં,...'** મૂઢ છે. ધનવાન-પુણ્યવાન ક્યાંથી તું આવ્યો? તારું તો આનંદ, જ્ઞાન સ્વરૂપ છે. એમાં પુણ્યવાન છું, ધનવાન છું, હું વક્તા છું. લ્યો ને! સમજાણું કાંઈ? હું વક્તા છું. બબ્બે કલાક સુધી બોલવું હોય તો લાખ માણસમાં તો એકધારું બોલી શકું. ઠીક ભાઈ! વાણી તો જડ છે, ભગવાન! એ બધા મિથ્યાદૃષ્ટિના અજ્ઞાનભાવ છે. આહાહા..!

**'મૈં નિર્ધન-દરિદ્રી હૂં,...'** દરિદ્રી કેવો? ત્રણલોકનો નાથ અનંત આનંદને સંઘરીને બેઠો

છો ને. દરિદ્રી કેવો તું? અજ્ઞાની દરિદ્રી માને છે. આહાહા..! અનંતા સિદ્ધપદને સંઘરીને અંદર બેઠો અને કહે હું દરિદ્રી છું. આહાહા..! મિથ્યાદશામાં એવું ભાન હોય છે અજ્ઞાનીને કહે છે. આહાહા..! **'મૈં રાજા હૂં,...'** લ્યો! રાજા છું. કેટલા હજારો રાજા મને સલામ ભરે. ખમ્મા અન્નદાતા! તહેનાતમાં ઊભા હોય આમ. રાજાઓ ચામર ઢાળે. ધૂળેય નથી, સાંભળને! રાજા-ફાજા કેવો હતો? એય..! **'મૈં રંક હૂં,...'** આ અજ્ઞાનદશામાં આવું માને છે. હું શેઠ છું. એમ લેવું એની અંદરમાં. હું શાહુકાર છું, તવંગર છું, મોટી મારી પદવી, મારી માની પદવી મોટી એમાં અમે જન્મેલા. અરે..! મા કે દિ' હતી? સાંભળને! મોટા બાપના કુળમાં જન્મેલા મોટા બાપના. બાપ કેવા? ભાઈ! આહાહા..!

**'મૈં મુનિ હૂં,...'** પર્યાયમાં માન્યું, જોયું! એક સમયની પર્યાયમાં મુનિપણું માને એ મિથ્યાદૃષ્ટિ છે. પર્યાય લીધી. જ્ઞાયકસ્વરૂપમાં પર્યાયના ભેદ ચૌદ ગુણસ્થાન કેવા? આહાહા..! સમજાણું કાંઈ? મુનિની પર્યાય હું મુનિ છું. દ્રવ્યલિંગી હોય એ માને. અમે મુનિ છીએ, પંચમહાવ્રત પાળીએ છીએ, અઠ્યાવીસ મૂળગુણ પાળીએ છીએ. જુઓ! નિર્દોષ આહાર-પાણી લઈએ છીએ. અમારે માટે બનાવેલો લેતા નથી. શેના પણ? એ તો વિકલ્પદશા, પર્યાયની વાત છે. પર્યાયમાં આખું દ્રવ્ય આવી ગયું? એવી પર્યાય હું છું એમ માને એ મૂઢ અજ્ઞાની છે એમ કહે છે. આહાહા..! જેમાં એક સમયની પર્યાયનો હજી અભાવ છે એવું તો દ્રવ્ય છે ત્રિકાળી. સમજાણું કાંઈ? જેમાં નથી એને માને છે એ અજ્ઞાની છે. આહાહા..!

**'મૈં શ્રાવક હૂં...'** લ્યો! એ આવ્યું. અમે શ્રાવક છીએ. શ્રાવક તો એક સમયની પર્યાયને તું આત્મા માને છે? પર્યાયબુદ્ધિ છે, મિથ્યાબુદ્ધિ છે. કહો, પોપટભાઈ! આત્મા આનંદસ્વરૂપ પરિપૂર્ણ, પાછું એમ. જેમાં એક સમયની પર્યાય પણ નથી. પર્યાય તો વ્યવહાર છે. નિશ્ચયમાં પર્યાય કેવી? સમજાણું કાંઈ? એક સમયની પર્યાય તો વ્યવહાર છે. નિશ્ચય તો દ્રવ્ય ત્રિકાળી જ્ઞાયક એ દ્રવ્ય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પર્યાય આવી ક્યાંથી?

ઉત્તર :- પર્યાય આવી પર્યાયમાંથી. કોણે કીધું? પર્યાય આવી પર્યાયમાંથી. પર્યાયનો કર્તા પર્યાય. પર્યાયનો કર્તા દ્રવ્ય નહિ. આવે ત્યારે દ્રવ્યમાંથી આવે, પણ છે પર્યાય પર્યાયથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પર્યાયની ખાણ તો દ્રવ્ય કહેવાય ને?

ઉત્તર :- એની ભાષા. છતાં પર્યાય પર્યાય સ્વતંત્ર છે. પરિણમન છે.. પરિણમન છે. એ તો ભેદનો અંશ અંદર છે એ અપેક્ષાએ 'આવી' એ ભેદથી કથન છે. અભેદ સદૃશની અપેક્ષાએ તો પર્યાયનો કર્તા આત્મા છે જ નહિ. એકરૂપ વસ્તુ. ભેદ અંદર અંશ છે ને?

એ તો ભેદવાળો અંશ છે. ભેદનો અંશ આવ્યો એ ભેદનું કથન છે. અભેદ ચૈતન્યમૂર્તિમાં ભેદ કેવો? આહાહા..! છતાં કહે હું શ્રાવક છું. આમાં હજી બીજું નથી લખેલું. હું પંડિત છું, હું મૂર્ખ છું. એ બધું અજ્ઞાનીએ માનેલું છે. આહાહા..!

'**ઈત્યાદિ પર્યાયોંમેં આપા માનતા હૈ,...**' પોતાપણું માને. એક સમયની પર્યાયમાં જ માને એમ કીધું. કાં રાગવાળો, સંયોગવાળો અને કાં એક સમયની પર્યાયવાળો, એમ ત્રણ. કાં સારા સંયોગવાળો કે ખરાબ સંયોગવાળો, કાં રાગવાળો-કષાયવાળો અને કાં એક સમયની પર્યાય. ત્રણે પર્યાયબુદ્ધિ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વ્યવહારમાં શું બોલાય? એનો અર્થ કે હું એ નહિ, એમ. એવો અર્થ કરવો. નથી આવ્યું? ટોડરમલમાં નથી આવ્યું? ટોડરમલમાં. વ્યવહાર અન્યથા કહે છે, એમ છે નહિ. એમ છે નહિ. એમ એનો અર્થ સમજવો. બહુ સરસ કીધું. કોણ છો? ક્યાંના? કે વઢવાણના. એટલે કે વઢવાણના નહિ. શું તમારે વેપાર છે? કે લાદીનો. કે વેપાર લાદીનો નહિ એમ સમજવું. આહાહા..! બહારમાં શું (બોલાય)? હાથીના બહારના દાંત બીજા અને ચાવવાના બીજા. હાથીના બહારના દેખાડવાના બીજા. એના સોનાના ઓલા ખોળા કરે. એ કાંઈ ચાવવામાં કામ આવે? અંદરના ચાવવાના બીજા હોય. એમ અંદરના અભિપ્રાયની વાત બીજી હોય, બોલવાની વાત બીજી હોય. આહાહા..! સમજાણું કાંઈ?

'**પર્યાયોંમેં આપા માનતા હૈ,...**' પોતાપણું માને. '**ઈન પર્યાયોંમેં લીન હોતા હૈ...**' દેખો! ઓલું '**सुरतः**'ની સામે નાખ્યું છે. '**सुरदो**' છે ને પહેલું? એની સામે આ પર્યાયમાં લીન છે અજ્ઞાની. સમજાય છે? ઓલો છે '**अप्पा अप्पम्मि अप्पणे सुरदो।**' બરાબર એમ. 'સુ' શબ્દ છે. અને આ છે '**कुरदो**' એક સમયની પર્યાયને આત્મા માને, પંડિતાઈની, મૂર્ખાઈની, ભણ્યાની. અમે આવું ભણ્યા, અગિયાર અંગ ભણ્યા, નવ પૂર્વ ભણ્યા એ અમારું જ્ઞાન. એ બધી પર્યાયબુદ્ધિ છે, મિથ્યાબુદ્ધિ છે. કહો, સમજાણું કાંઈ?

'**પર્યાયોંમેં લીન હોતા હૈ...**' આની સામે નાખ્યું. '**अप्पणे सुरदो**' હતોને એની સામે સવળો અર્થ કર્યો કે આવું જ્યાં સુધી માને ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. ચાહે તો અગિયાર અંગ ભણ્યો હોય, નવ પૂર્વ ભણ્યો હોય અને અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોય, પણ તે વાળો છું અને તે છું ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? '**અજ્ઞાની હૈ, ઈસકા ફલ સંસાર હૈ ઉસકો ભોગતા હૈ.**' લ્યો! એનું ફળ સંસાર છે. એક સમયની પર્યાયને માનવું (એ) મિથ્યા દૃષ્ટિ અને એનું ફળ સંસાર છે. આહાહા..! દ્રવ્ય વસ્તુની ખબર ન મળે અને એક સમયની પર્યાયમાં પોતાનું સર્વસ્વ માને. સમજાણું કાંઈ? હવે સવળું. એ

અવળાઈની વાત લીધી. પાઠમાં સવળું છે, હોં! પણ છતાં અર્થ કર્યો. બીજો સામો એક અર્થ કર્યો.

‘**જબ જિનમતકે પ્રસાદસે...**’ વીતરાગ અભિપ્રાયનો ભાવ. ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા, એણે કહેલાં જીવ-અજીવ, એણે કહેલાં નવ તત્ત્વો, એણે કહેલાં છ દ્રવ્યો એનું ‘**જ્ઞાન હોતા હૈ તબ સ્વ-પરકા ભેદ જાનકર...**’ બેનું જ્ઞાન હોવામાં હું કોણ અને પર કોણ એનું ભેદજ્ઞાન થાય. સમજાણું કાંઈ? પર્યાય પણ હું નહિ, એટલો રાગ પણ નહિ અને અજીવ પણ નહિ. ત્યારે એને ભેદજ્ઞાન થયું કહેવામાં આવે. આહાહા..!

વીતરાગ અભિપ્રાય પ્રમાણે, વીતરાગદેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવ સો ઈન્દ્રોના પૂજનિક પરમાત્મા, એણે કહેલા જીવ-અજીવ તત્ત્વો, એનું બેનું ભેદજ્ઞાન. જીવ અખંડ જ્ઞાયકભાવ, એક સમયની પર્યાય પણ એક જીવની અપેક્ષાએ એ પણ એક ન્યાયે અજીવ છે. જીવદ્રવ્ય નહિ એ અપેક્ષાએ અજીવ છે. વ્યવહાર છે ને વ્યવહાર એ? રાગાદિ પર છે. મારી ચીજ રાગ, પર્યાય એનાથી ભિન્ન ચીજ છે. સમજાણું કાંઈ?

‘**સ્વ-પરકા ભેદ જાનકર જ્ઞાની હોતા હૈ, તબ ઈસપ્રકાર જાનતા હૈ કિ-મૈં શુદ્ધજ્ઞાનદર્શનમયી ચેતનાસ્વરૂપ હૂં, અન્ય મેરા કુછ ભી નહીં હૈ.**’ છે? હું તો શુદ્ધ જ્ઞાનદર્શનમય અભેદ એમ ચેતનાસ્વરૂપ (છું). એક સમયની પર્યાય નહિ અહીં તો. સમજાણું કાંઈ? ભેદજ્ઞાન જીવ-અજીવનું પરમાત્માએ કહ્યું એવું. જાણવામાં આવ્યું ત્યારે બેની જુદાઈ જાણી. એમાં હું ‘**મૈં શુદ્ધજ્ઞાનદર્શનમયી...**’ અભેદ. શુદ્ધજ્ઞાનદર્શનવાળો ચેતના એમ પણ નહિ. શુદ્ધજ્ઞાનદર્શનમયી ચેતનાસ્વરૂપ અભેદ. એકલું જ્ઞાતા-દૃષ્ટાનું અભેદપણું તે હું આત્મા. એનું નામ સમ્યગ્દર્શન અને એનું નામ સાચી દૃષ્ટિ અને એનું નામ સમ્યગ્જ્ઞાન. આહાહા..! ઝીણું છે. મેનેજર! બેંકના અભ્યાસથી બીજો છે આ. આહાહા..! સમજાણું કાંઈ? એ પોતે ભગવાન અનંતા પરમાત્માનું સામર્થ્ય લઈને અંદર ગુપ્ત પડ્યો છે. એ પર્યાયમાં પણ આવતો નથી. આહાહા..! એક સમયની અવસ્થામાં પણ એ આવતો નથી એમ કહે છે. એવો ગુપ્ત ભગવાન એવો શુદ્ધ ચૈતન્યમય, શુદ્ધજ્ઞાનદર્શનમયી ચેતના એ અભેદથી નાખ્યું. એકલો ચેતના સ્વભાવ. શુદ્ધદર્શનજ્ઞાનમય, કેવળ જ્ઞાનદર્શનમય. કેવળ એટલે ત્રિકાળી આ. કેવળ પર્યાય નહિ. એકલા જ્ઞાનદર્શનમય વસ્તુ અભેદ તે હું. એવો વિકલ્પ પણ નહિ, પણ તે હું એવું પરિણમન. સમજાણું કાંઈ?

‘**અન્ય મેરા કુછ ભી નહીં હૈ.**’ એનો અર્થ શું થયો? દેખોને! ઓહોહો..! રાગ તો નહિ, પણ એક સમયની પર્યાય પણ મારી નહિ. એમ. અહીં તો અભેદ એ હું. હું ભેદ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? ‘**તબ યહ આત્મા હી મેં અપને હી દ્વારા અપને**

**હી લિયે વિશેષ લીન હોતા હૈ...**’ લ્યો, એ પાછું પાઠમાં હતું એ નાખ્યું. આમ જ્યારે અંદર દષ્ટિ શુદ્ધજ્ઞાનદર્શનમય ચેતનાસ્વભાવ(ની થઈ), ત્યારે તે પોતાની નિર્મળભાવની પર્યાયનો કર્તા પોતે. અહીં તો એ લેવું છે ને? ભેગું લેવું છે. અહીં પર્યાય પર્યાયનો કર્તા એ નથી લેવું. જે ઠેકાણે જે લેવું હોય એ લેવાય ને. બધે ઠેકાણે એક લેવા જાય તો મેળ ખાય નહિ. જ્ઞાનપ્રધાન કથન શું? દષ્ટિપ્રધાન કથન શું? અહીં તો મારી પર્યાયનો કર્તા હું છું એમ સિદ્ધ કરવું છે. ત્યાં વળી ૩૨૦માં આવે કે પર્યાયનો કર્તા દ્રવ્ય નહિ. એ કઈ અપેક્ષાએ વાત છે? સામાન્ય સત્તામાં વિશેષ સત્તા નથી એ અપેક્ષાએ. અહીં વિશેષસત્તાની પર્યાયનો કર્તા તો પરિણમન કરનાર તો દ્રવ્ય છે. પરિણમવું એ તો પર્યાય છે, પણ પરિણમનનો કર્તા દ્રવ્ય છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

‘**અપને હી દ્વારા...**’ આત્મા કર્તા થયો. ‘**આત્મા હી મેં...**’ અધિકરણ-આધાર. ‘**અપને હી દ્વારા...**’ કરણ થયું, લ્યો! એ કરણ નાખ્યું એમાં. ‘**અપને હી લિયે...**’ એ સંપ્રદાન થયું. આમાં કરણ નાખ્યું, ભાઈ! ઓલામાં નથી એ આમાં નાખ્યું. પાઠમાં ત્રણ બોલ છે. ‘**अप्पा अप्पम्मि अप्पणे सुरदो**’ કર્મ ચાર છે. અહીં પાંચ નાખ્યા. એક અપાદાન નહિ. એ તો અપાદાન-ઉપાદાન પોતાથી થયું એ તો આવી ગયુંને ભેગું. શું કહ્યું? એમાં ત્રણ છે. સંસ્કૃતમાં ત્રણ છે. કર્તા, આધાર અને સંપ્રદાન. ત્રણ છે. સંસ્કૃત ટીકામાં ત્રણ છે. અહીં ચાર લીધા.

આત્મા ‘**આત્મા હી મેં...**’ આત્મા કર્તા, ‘**આત્મા હી મેં હી...**’ પોતાના આધારે, ‘**અપને હી દ્વારા...**’ પોતાના સ્વભાવ સાધન વડે. દેખો! આ સ્વભાવ સાધન આવ્યું. ‘**અપને હી દ્વારા...**’ શુદ્ધ આનંદના સ્વભાવ સાધન વડે કાર્ય કર્યું છે. એ સાધન. રાગ-ફાગ સાધન, વ્યવહાર-ફ્યવહાર સાધન નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ‘**અપને હી દ્વારા...**’ પોતાના આનંદસ્વભાવથી મેં મારું કાર્ય કર્યું છે. રાગથી અને પુણ્યથી કામ કર્યું નથી. આહાહા..! મારું કાર્ય મેં કર્યું છે. એમ આવે છે ને? આવેને ભાષા શું આવે? ન્યાલભાઈમાં આવે છે એક ઠેકાણે. જેવું મહારાજે બતાવ્યું હતું એ કાર્ય મેં કર્યું છે. એમ આવે છે. કાર્ય તો પર્યાય છે. કથનની શૈલીમાં ક્યો પ્રકાર છે, કઈ અપેક્ષા છે એમ જાણવું જોઈએને. સમજાણું કાંઈ? આહાહા..!

‘**અપને હી લિયે...**’ એ આવ્યું સંપ્રદાન. પોતા માટે મેં કામ કર્યું છે. એ વિકલ્પની વાત નથી, હોં! આ તો સમજાવે તો ભેદથી સમજાવે ને. ત્યાં એમ નથી કે મારા માટે આ કરું છું. એમ છે? વિકલ્પ છે? પણ પરિણમન એવું થાય છે. ‘**લીન હોતા હૈ...**’ ‘**અપને હી લિયે વિશેષ લીન હોતા હૈ...**’ એ કર્મ છે, લ્યો! એ કાર્ય છે, કર્તવ્ય. કર્તા,

કરણ, કર્મ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. એક અપાદાન નથી. અપાદાનનો અર્થ ઉપાદાન. ઉપાદાન આવી ગયું-પોતાથી. સમજાણું કાંઈ? આત્મા-આત્મા (કરે) પણ આત્મા સિવાય શું બીજી ચીજ? બીજી ચીજ અજીવ છે લે. સમજાણું કાંઈ?

'**તબ નિશ્ચયસમ્યક્ચારિત્રસ્વરૂપ હોકર...**' લ્યો! જ્યારે આ રીતે આત્મા પોતાના સ્વભાવનો આશ્રય-શરણ લઈ, સ્વભાવનું સાધન કરી પોતે પોતામાં રાખે ત્યારે નિશ્ચય સમ્યક્ચારિત્રસ્વરૂપ હોય. નિશ્ચય સમ્યગ્દર્શન પૂર્ણ વસ્તુનું જ્ઞાન થઈને નિર્વિકલ્પ પ્રતીતિ અને સ્વરૂપની સ્થિરતા-ચારિત્ર. નિશ્ચય સમ્યક્ અને નિશ્ચય ચારિત્ર બે. વ્યવહાર ચારિત્ર અહીં નથી. '**અપના હી ધ્યાન કરતા હૈ,...**' સમજાણું? '**તબ હી સમ્યગ્જ્ઞાની હોતા હૈ,...**' અવસ્થા વર્ણવીને અવસ્થા? અજ્ઞાનીની અવળી અવસ્થા, જ્ઞાનીની આ. એમ વર્ણવવું છે ને અહીંયાં? સમજાણું કાંઈ? '**ઈસકા ફલ નિર્વાણ હૈ,...**' લ્યો! ઓલાનું ફળ સંસાર હતું. અજ્ઞાનનું ફળ સંસારને ભોગવે. આનું ફળ મોક્ષ. બેયની વાત કરી. એ ગાથા પૂરી થઈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૭, સોમવાર તા. ૨૧-૦૯-૧૯૭૦**
**ગાથા - ૮૪ થી ૮૬, પ્રવચન - ૯૪**

ગાથા-૮૪. મોક્ષપાહુડ.

'**આગે ઈસ હી અર્થકો દૃઢ કરતે હુએ કહતે હૈં :-**' આત્માનું ધ્યાન કેમ કરવું? કેવો આત્મા જાણીને (ધ્યાન કરવું) એની વાત કરી છે.

पुरिसायारो अप्पा जोई वरणाणदंसणसमग्गो।
जो झायदि सो जोई पावहरो हवदि णिद्दंदो।।८४।।

'**અર્થ :- યહ આત્મા ધ્યાનકે યોગ્ય કૈસા હૈ?**' આત્મા ધ્યાન કરવાલાયક, લક્ષમાં લેવાલાયક, ધ્યેય કરવા લાયક (એ) કેવો આત્મા છે? અન્ય અજ્ઞાનીઓએ તો અનેક પ્રકારનો આત્મા કલ્પ્યો છે. પણ સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા જોયો, કહ્યો એ કેવો આત્મા છે? એક તો '**પુરુષાકાર હૈ,...**' શરીરના આકારે ભિન્ન વસ્તુ (છે), લોકવ્યાપક નથી. સમજાણું કાંઈ? લોકમાં વ્યાપી ગયેલો આત્મા એ નથી. શરીર પ્રમાણે જ એનો આકાર અને વ્યાપેલો છે.

કારણ કે ધ્યાન કરવું એટલે એની અંદર આમ એકાગ્ર કરે છેને એટલામાં? કે બહારમાં એકાગ્ર થાય છે? એટલામાં શરીર આકાર પ્રમાણે આત્મા છે. પહેલો એણે એવો નિર્ણય કરવો.

વળી '**યોગી હૈ,...**' અહીં મુનિની વ્યાખ્યા છે ને મુખ્યપણે. શ્રાવકની હવે આવશે. .. જેણે આત્મા શુદ્ધ પૂર્ણ જ્ઞાન દર્શન અને પવિત્ર પૂર્ણ સ્વરૂપ, એમાં જેણે એકાગ્રતા સાધી છે એને અહીંયાં યોગી, ધ્યાની, મુનિ કહેવામાં આવે છે. '**મન, વચન, કાયકે યોગોંકા નિરોધ હૈં,...**' મન, વચન અને કાયા, એનો નિરોધ, યોગનો નિરોધ (થયો છે) તે યોગી. એમ. મન, વચન અને કાયા જે કંપનરૂપ ભાવ... શરીર, વાણી, મન તો પર જડ છે એનાથી રહિત અકંપસ્વરૂપ ત્રિકાળ, એનું જેને ધ્યાન છે અથવા મન, વચન અને કાયાના (યોગને) રોકીને નિરોધ (થયો) છે. '**સર્વાંગ સુનિશ્ચલ હૈ...**' યોગી કહ્યો ને? પુરુષાકાર અસંખ્ય પ્રદેશી સુનિશ્ચળ એવો આત્મા ધ્યાન કરવા લાયક છે. એને ધ્યેય બનાવીને એમાં લીન થવા લાયક છે. સમજાણું કાંઈ? લ્યો, આ ધર્મ કેમ કરવો અને ધર્મીને ધર્મ કેમ થાય—આ વાત છે.

વળી '**અર્થાત્ શ્રેષ્ઠ સમ્યક્‌રૂપ જ્ઞાન તથા દર્શનસે સમગ્ર હૈ- પરિપૂર્ણ હૈ, જિસકે કેવલજ્ઞાન-દર્શન પ્રાપ્ત હૈ,...**' એકલું જ્ઞાન અને દર્શન પરિપૂર્ણ સ્વરૂપ આત્માનું છે. કેવળજ્ઞાન એટલે ઓલી કેવળપર્યાય નહિ. જ્ઞાન અને દર્શન, દ્રષ્ટા અને જ્ઞાતા એવા સ્વભાવથી પુરુષાકાર સુનિશ્ચળ જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ એવું આત્મતત્ત્વ છે. આવા આત્મતત્ત્વનું ધ્યાન કરવું. સમકિતી હોય એણે એનું ધ્યાન કરવું. સમકિતી ન હોય એને સમકિત પામવા માટે પણ એનું ધ્યાન કરવું. સમજાણું કાંઈ? એની ક્રિયા ધ્યાનની છે. બીજી રીતે સમકિત પમાય એવું નથી, એમ કહે છે. આવશે હમણાં એના પછી.

'**ઈસ પ્રકાર આત્માકા...**' આવો આત્મા. પુરુષાકાર સુનિશ્ચળ સંપૂર્ણ જ્ઞાનદર્શનથી ભરેલો પરિપૂર્ણ પદાર્થ આત્મા, એને '**જો યોગી ધ્યાની મુનિ ધ્યાન કરતા હૈ...**' મુનિ એનું જે ધ્યાન કરે, એના તરફનો આશ્રય કરીને સ્થિર થાય એવા '**યોગી ધ્યાની મુનિ ધ્યાન કરતા હૈ વહ મુનિ પાપકો હરનેવાલા હૈ...**' પાપ શબ્દે પુણ્ય અને પાપ બેય પાપ જ છે. સમજાય છે કાંઈ? શુભ અને અશુભભાવ બેય ખરેખર તો આત્માના સ્વભાવથી વિપરીત પાપ છે અને એનાથી બંધાયેલા કર્મો એ પાપ બધા આઠેય. એને હરનારા. કર્મનો નાશ, આત્મા આવો છે એનું ધ્યાન કરે એને કર્મનો નાશ થાય. સમજાણું કાંઈ?

'**નિર્દ્વંદ્વ હૈ-રાગદ્વેષ આદિ વિકલ્પોંસે રહિત હૈ.**' દ્વંદ્વ બે પ્રકાર જેમાં નથી. પુણ્ય અને પાપ એવા વિકલ્પો અને રાગ-દ્વેષ એવા વિકલ્પ એમાં છે નહિ. એવી આત્મ ચીજને અંતર દૃષ્ટિમાં લઈ એકાગ્ર થવું એ કર્મના નાશની રીત અને ઉપાય છે. કહો, સમજાય છે

કાંઈ? આટલા અપવાસ કરે તો કર્મનો નાશ થાય એવું નથી આમાં લખ્યું.

મુમુક્ષુ :- અહીંયાં પાપ લખ્યું છે.

ઉત્તર :- એ પુણ્ય-પાપ—બેય પાપ છે. કહ્યુંને? આઠેય કર્મ જ પાપ છે અને એના ભાવે બંધાણા એ ભાવ પણ પાપ જ છે. સ્વરૂપથી આત્મા જ્ઞાન, દર્શન પરિપૂર્ણ સ્વરૂપ એનાથી વિપરીત વિકલ્પ એ તો સ્વભાવને હણનારો ભાવ છે. ચાહે તો શુભ હો કે ચાહે તો અશુભ હો. એને હણનારું આ ધ્યાન છે. આહાહા..! ભારે કામ. એ નિરદ્વંદ્વ છે-દ્વંદ્વ નહિ, વિકલ્પ નહિ. એ અભેદ અખંડ આનંદસ્વરૂપ, એની દૃષ્ટિ કરતાં, એમાં ધ્યાન કરતાં આઠેય કર્મનો નાશ થાય.

'**ભાવાર્થ :- જો અરહંતરૂપ શુદ્ધ આત્માકા ધ્યાન કરતા હૈ...**' દેખો! આત્મા અરિહંત સ્વરૂપ જ છે. અરિહંત-અરિ એટલે વિકાર અથવા શરીરનો, કર્મનો નાશ કરનાર. એ આત્માનો સ્વભાવ જ એવો છે એમ કહે છે. અરિહંતસ્વરૂપ જ આત્મા છે. એને જે અંદર ધ્યાવે, વસ્તુ આત્મા એનો જે પ્રયત્ન કરીને એના લક્ષમાં એકાગ્ર થાય, '**ઉસકે પૂર્વ કર્મકા નાશ હોતા હૈ...**' આ ઉપાય છે.

'**વર્તમાનમેં રાગદ્વેષરહિત હોતા હૈ...**' વર્તમાનમાં પણ વીતરાગતા હોય, પૂર્વના કર્મનો નાશ હોય, આગામી કર્મ બાંધે નહિ. સમજાણું કાંઈ? હવે કહે છે કે એ તો ભાઈ મુનિની મુખ્યતાથી વાત કરી. પણ શ્રાવકને શું કરવું? એ તો મુનિની મુખ્યતાથી વાત કરી. ગૌણ શ્રાવક એમાં આવી જાય પણ મુખ્ય શ્રાવકનું શું કરવું?

'**આગે કહતે હૈં કિ ઈસ પ્રકાર મુનિયોંકો પ્રવર્તનેકે લિયે કહા. અબ શ્રાવકોંકો પ્રવર્તને કે લિયે કહતે હૈં :-**' લ્યો! ૮૫.

एवं जिणेहि कहियं सवणाणं सावयाण पुण सुणसु।
संसारविणासयरं सिद्धियरं कारणं परमं।।८५।।

'**एवं जिणेहि कहियं**' વીતરાગ સર્વજ્ઞદેવ એમ કહે છે. '**सवणाणं सावयाण पुण सुणसु**' સાધુને એમ કહ્યું. હવે શ્રાવકને શું કહે છે તે સાંભળ. જુઓ! સાંભળ કહે છે. '**संसारविणासयरं**' શ્રાવકનો પણ સંસારનો નાશ કરનારું. '**सिद्धियरं**' સિદ્ધિને આપનારું. '**कारणं परमं**' એ મોક્ષના પરમ કારણની વ્યાખ્યા શ્રાવકને માટે શું છે એ કહેવામાં આવે છે.

'**અર્થ :- એવં અર્થાત્ પૂર્વોક્ત પ્રકાર ઉપદેશ તો શ્રમણ મુનિયોંકો જિનદેવને કહા હૈ.**' વીતરાગદેવ ત્રિલોકનાથ પરમેશ્વરે મુનિને તો, અંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે અને તેનું પરિપૂર્ણ સ્વરૂપ જે આત્માનું છે તેની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા છે એને અંતરમાં એકાગ્ર કરીને ધ્યાન કરવું. એનાથી કર્મનો નાશ થાય છે. બીજી કોઈ ક્રિયાથી નાશ થતો

નથી. ભારે!

'**અબ શ્રાવકોંકો...**' કહે છે. સાંભળો! જે કહેશું એ '**સંસારકા વિનાશ કરનેવાલા...**' છે. શ્રાવકને પણ જે ભાવ કહીશું એ સંસારનો નાશ કરવાવાળો છે. '**ઔર સિદ્ધિ જો મોક્ષ ઉસકો કરનેકા ઉત્કૃષ્ટ કારણ...**' સંસારનો નાશ અને સિદ્ધિની ઉત્પત્તિ. સંસારનો વ્યય અને સિદ્ધિની ઉત્પત્તિ એનું ઉત્કૃષ્ટ કારણ '**ઐસા ઉપદેશ કહતે હૈં...**' ભગવાનનો છે.

'**ભાવાર્થ :- પહિલે કહા વહ તો મુનિયોંકો કહા ઔર અબ આગે કહતે હૈં વહ શ્રાવકોકોં કહતે હૈં, ઐસા કહતે હૈં જિસસે સંસારકા વિનાશ હો...**' શ્રાવકને પણ એવો ઉપદેશ દઈએ છીએ કે જે ભાવથી એને સંસારનો નાશ થાય અને મોક્ષની પ્રાપ્તિ થાય.

'**અબ શ્રાવકોંકો પહિલે ક્યા કરના,...**' શ્રાવકને પહેલું શું કરવું?

**गहिऊण य सम्मत्तं सुणिम्मलं सुरगिरीव णिक्कंप।**
**तं झाणे झाइज्जइ सावय दुक्खक्खयट्ठाए।।८६।।**

'**અર્થ :- પ્રથમ તો શ્રાવકોંકો સુનિર્મલ અર્થાત્** ભલે પ્રકાર **નિર્મલ ઔર મેરુવત્ નિઃકંપ અચલ તથા ચલ મલિન અગાઢ દૂષણરહિત અત્યંત નિશ્ચલ ઐસે સમ્યક્ત્વકો** ગ્રહણ કરકે...' પહેલું તો એણે સમકિતને પ્રગટ કરવું. શ્રાવકને પહેલામાં પહેલું કરવાનું હોય તો એણે સમ્યગ્દર્શન (પ્રગટ કરવું). કેવું સમ્યગ્દર્શન છે? કે '**ભલે પ્રકાર નિર્મલ ઔર મેરુવત્ નિઃકંપ...**' છે. શુદ્ધ ચૈતન્યદ્રવ્યની અંતર દૃષ્ટિ અનુભવમાં એ નિષ્કંપ છે. મેરુવત્ નિષ્કંપ સમકિત છે. ત્રિકાળ જેમ દ્રવ્ય વસ્તુ અખંડ ધ્રુવ નિત્ય છે, એમ એનું સમ્યગ્દર્શન પણ મેરુવત્ નિષ્કંપ છે. અચળ છે-ચળરહિત છે. એટલે કે ચળ, મલિન અને અઢાર દૂષણ રહિત.

'**અત્યંત નિશ્ચલ ઐસે સમ્યક્ત્વકો ગ્રહણ કરકે...**' એવું સમકિતને પ્રથમ ગ્રહણ કરી... પહેલો ઉપદેશ આ છે, લ્યો! ભગવાનનો ઉપદેશ પહેલો આ છે. એય..! પ્રકાશદાસજી! પહેલા મહાવ્રત લઈ લેવા, અણુવ્રત લઈ લેવા એમ નથી એમ કહે છે. '**गहिऊण य सम्मत्तं सुणिम्मलं सुरगिरीव णिक्कंप**' પ્રથમમાં પ્રથમ એણે દ્રવ્યસ્વભાવ પરમાનંદ જ્ઞાનમૂર્તિ પ્રભુ, દ્રવ્યવસ્તુ જ્ઞાયકભાવ, કારણપરમાત્મા, એની શ્રદ્ધા અંતર્મુખ થઈને મેરુ પર્વતની (જેવી કરવી). જેમ મેરુ હલે નહિ એવું એનું સમકિત ચળે નહિ. '**અત્યંત નિશ્ચલ...**' જેને ઈન્દ્રો આવે તો ચળે નહિ એવું સમકિત પહેલું એણે ગ્રહણ કરવું. દુનિયાની ઊંધી પ્રરૂપણા, ઊંધી માન્યતાઓ ઘણા આવે. આમ થાય, આનાથી આમ થાય, શુભરાગ મંદ કરતા કરતા સમકિત થાય, ફલાણું કરતા થાય એ બધી વિપરીત શ્રદ્ધાને છોડીને... 'પોપટભાઈ'! ભારે કામ. એકદમ

સમકિત પાછું.. પહેલું આ છે.

**'સમ્યક્ત્વકો ગ્રહણ કરકે દુ:ખકા ક્ષય કરને કે લિયે ઉસકા અર્થાત્ સમ્યગ્દર્શનકા ધ્યાન કરના.'** આહાહા..! સમજાણું કાંઈ? મુનિ નથી એણે પહેલું સમકિત ગ્રહણ કરવું. પહેલામાં પહેલું. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ધ્રુવ, અચળ, અખંડ, અભેદ, એકરૂપ શુદ્ધ એમાં દૃષ્ટિ મૂકી અને એકાગ્ર થઈ અને સમ્યક્ પ્રગટ કરવું. કહો, પ્રકાશદાસજી! આ તો પહેલી વાત આવી. પહેલાં શું કરવું? સમજાણું કાંઈ? ઓલા કહે શ્રાવક છીએ તો અમારે વ્રત પાળવા, પહેલું બ્રહ્મચર્ય પાળવું. હવે એ પછી વાત. મૂકને. પહેલું સમ્યગ્દર્શન તો કર. સમજાણું કાંઈ?

કેવું? કહે છે કે મેરુપર્વત ન ફરે જેમ. એમ અંદર શ્રદ્ધા સ્વરૂપનો અનુભવ, રાગરહિત નિષ્ક્રિય સમ્યગ્દર્શન. આ સમ્યગ્દર્શનમાં રાગના અંશની મદદ નથી. વ્યવહારની અપેક્ષા જેને નથી એવું સમ્યગ્દર્શન આત્માના દ્રવ્યને પકડી પ્રગટ કરવું. પહેલામાં પહેલી આ વાત છે. કહો, સમજાણું કાંઈ? શા માટે? એ સમકિત ગ્રહણ કરીને ધ્યાન કરવું. એનું જ શા માટે? **'દુ:ખકા ક્ષય કરનેકે લિયે...'** જેને સંસારરૂપી દુ:ખની દશા ઉદયભાવની, એના નાશને અર્થે સમકિતને ગ્રહણ કરીને સમકિતનું ધ્યાન કરવું. આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

**'ભાવાર્થ :- શ્રાવક પહિલે તો નિરતિચાર નિશ્ચલ સમ્યક્ત્વકો ગ્રહણ કરકે ઉસકા ધ્યાન કરે,...'** દેખો! પહેલું તો એ પૂર્ણ પ્રભુ આત્મા... ઉપર કહી ગયા ને પૂર્ણ? મુનિના ઉપદેશમાં. પૂર્ણ કેવળજ્ઞાન-દર્શન એવા સ્વભાવમાં દૃષ્ટિ મૂકી, એકાગ્ર થઈ અને સમકિત ગ્રહણ કરવું. એ સમકિત ગ્રહણ કરવું. કોઈ આપે સમકિત અને ગ્રહણ કર્યું એમ નહિ. આપે છે ને? સમકિત ગ્રહણ કરો જાવ. દેવ-ગુરુ-શાસ્ત્ર માનવા.

મુમુક્ષુ :- દીક્ષા લ્યો તો અમારી પાસે આવજો.

ઉત્તર :- અમારી પાસે આવજો. એમ એનો અર્થ એ. સમકિતનો અર્થ એ કે અમને માનવા. વૈરાગ્ય થાય તો અમારી પાસે આવવું. એવું એનું સમકિત. દેનારો મિથ્યાદૃષ્ટિ છે એને ભાન નથી કે સમકિત કોને કહેવું. સમજાણું કાંઈ?

પાછું શું કહ્યું? **'झाणे झाइज्जइ सावय'** શ્રાવકે એ સમ્યગ્દર્શનને ગ્રહણ કરી અને એને ને એને ધ્યાનમાં ધ્યાવવું પાછું. વસ્તુ જે સમ્યગ્દર્શનનું ધ્યેય અને સમ્યગ્દર્શનનું કારણ એવો જે દ્રવ્યસ્વભાવ એનું ને એનું ધ્યાન કરવું. આહાહા..! લ્યો, આ શું કરવું એ આવ્યું. 'ચંદુભાઈ'! કેટલાક કહે, પણ અમારે શું કરવું? શ્રાવકને શું કરવું?

મુમુક્ષુ :- સમકિતનું ધ્યાન?

ઉત્તર :- સમિકતનું એ તો ભાષા છે. સમકિતનું ધ્યાન શું હોય. સમકિતનો અર્થ સમકિતે આ દ્રવ્ય પકડ્યું છે, એનું ધ્યાન કરવું એટલે એ સમકિતનું ધ્યાન કહેવાય. સમકિત તો પર્યાય

છે. સમજાણું કાંઈ? પાઠ તો એવો આવશે અહીં. પણ એનો આશય શું? સમ્યગ્દર્શન એટલે પરિપૂર્ણ એવી વસ્તુ છે (એનું) નિષ્ક્રિય નિર્મળ સમ્યગ્દર્શન થયું. ત્યારે એ સમ્યગ્દર્શનનું ધ્યાન કરવું એટલે સમ્યગ્દર્શનનું ધ્યેય જે દ્રવ્ય છે એનું ધ્યાન કરવું, એ સમ્યગ્દર્શનનું ધ્યાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઝીણું ભારે, ભાઈ! આ વ્રત કરવા કે તપ કરવા કે... ભગવાનજીભાઈ! અપવાસ કરવા, કંદમૂળ ન ખાવું, ચોવિહાર કરવા. ભાઈ! હવે મૂકને એ તો વિકલ્પની ક્રિયા છે બહારની. 'ઉત્તમચંદભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :- માહાત્મ્ય બહુ થાય છે.

ઉત્તર :- બહુ માહાત્મ્ય થાય છે. સાચી વાત છે. ઘણે ઠેકાણે અત્યારે વરસાદ બહુ આવ્યો ને એટલે ઠંડક રહી એટલે મહિના મહિનાના અપવાસ ઘણાએ કરેલા છે. સ્થાનકવાસીમાં ઘણા.

મુમુક્ષુ :- ... કર્યા.

ઉત્તર :- ... કરેલું. વરસાદ સારો આવ્યો એટલે બહુ તકલીફ ન પડે. પાણી પીવે તોપણ. બહારની બહુ ગરમી ન હોય એટલે કંઈ વાંધો નહિ. અપવાસ થાય, વળી ઠંડી રહે અને વળી માસખમણ એક મહિનાના અપવાસ. લાંઘણું છે. અને એમાં મિથ્યાત્વનું પોષણ છે. એને ધર્મ માને. મેં આહાર છોડ્યો એ માન્યતા જ મિથ્યાત્વ છે. આહારનો ધણી હતો તે તેં છોડ્યો? એ તો જડ છે. એને અજીવનું પણ જ્ઞાન નથી. અજીવ છોડ્યો છૂટે નહિ અને આવ્યો આવે નહિ. એ તો એને કારણે છૂટે. એને જીવનું જ્ઞાન નથી કે જીવ અજીવને છોડી શકે નહિ. બરાબર હશે? 'રતિભાઈ'! તમારા ગામમાં થયું હશે કે નહિ?

મુમુક્ષુ :- ઘણાં થયા છે.

ઉત્તર :- ઘણાં થયા છે.

મુમુક્ષુ :- દ્રવ્યે લાભ અને ભાવે લાભ...

ઉત્તર :- એમ કે દ્રવ્યે લાભ શરીરમાં પણ નિરોગતા રહે અને ભાવે લાભ તપસા નિર્જરા થાય. ધૂળેય થાય નહિ, સાંભળને! હજી આત્મા વસ્તુ શુદ્ધ ચૈતન્યદ્રવ્યની દૃષ્ટિ સમ્યક્ થયું નથી એને રાગનું સ્વામીપણું મટે નહિ અને પરવસ્તુના ત્યાગ-ગ્રહણનું ધણીપતું ટળે નહિ. સમજાણું કાંઈ? અમે આહાર છોડ્યો. આહાર તો જડ છે. તારામાં પેઠો હતો? પેસી ગયો હતો તે છોડ્યો? એ મિથ્યાત્વભાવ છે. મિથ્યાત્વભાવ સેવે અને માને કે અમારે તપસ્યા થઈ, અમને નિર્જરા થઈ. અનાદિથી ઊંધું એમ જ માર્યું છે ને એણે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ક્રિયાકોષ ગ્રંથ છે ને.

ઉત્તર :- ગ્રંથ છે. ગ્રંથ છે ક્રિયાકોષ. એ તો સમ્યગ્દર્શનના ભાનમાં રાગની મંદતાના

વિકલ્પ કેવા હોય એની ત્યાં વાત છે. ઠીક શેઠ પણ બરાબર યાદ રાખે છે. એમ કે ક્રિયાકોષ છે ને. વાત સાચી. છે ને ક્રિયાકોષ છે. આપણે કીર્તનદાસનો ક્રિયાકોષ છે બધું છે અહીં. બધું વાંચ્યું છે. ગ્રંથો બધા પડ્યા છે એકે એક. બધા ગ્રંથ આખા જોયા છે. ચિહ્ન પણ કર્યા હોય ત્યાં. પણ આ સમ્યગ્દર્શનની ક્રિયા વિના બીજી ક્રિયાકોષની, રાગની મંદતા આવી ક્યાંથી? સમજાણું કાંઈ?

અહીં આચાર્ય ભગવાન કુંદકુંદાચાર્ય એ વાત કરે છે, જુઓ! '**गहिऊण य सम्मत्तं**' કે પહેલું શ્રાવકે સમકિત ગ્રહણ કરવું. અને એ સમકિત ગ્રહણ કેમ થાય? સમજાય છે? '**झाणे झाइज्जइ सावय**' એ આત્મા ધ્યાન કરવા લાયક છે એનું ધ્યાન કરે તો સમકિત થાય. અને પછી પણ એનું ને એનું ધ્યાન કરે. પછી પણ વ્રત પાળવા, વિકલ્પ કરવા અને એનાથી પછી નિર્જરા થાય એમ નહિ. એમ સિદ્ધ કરે છે અહીંયાં. આહા..! શું કહે છે? જુઓને! '**झाणे झाइज्जइ सावय दुक्खक्खयट्ठाण**' '**सम्मतं**' સમકિતનું ધ્યાન કરવું. પાઠ તો એમ છે. પણ એનો અર્થ એ. સમ્યગ્દર્શન, જેમાં પ્રતીતમાં, અનુભવમાં આત્મા આવ્યો છે. એ જ્ઞાયક પૂર્ણ અભેદ ચિદાનંદ આત્મા, એની જે પર્યાયમાં પ્રતીત અને નિર્વિકલ્પ શ્રદ્ધા વર્તે છે, એ વિકલ્પ શ્રદ્ધાપર્યાયનું ધ્યાન કરવા જતાં દ્રવ્યનું જ ધ્યાન થાય છે. સમજાણું કાંઈ?

'**સમ્યક્ત્વકો ગ્રહણ કરકે ઉસકા ધ્યાન કરે,...**' પાઠ તો એમ છે ને? સમકિતનું ધ્યાન કરવું. એનો અર્થ એ. સમકિત તો પર્યાય છે. સમકિત પર્યાયે દ્રવ્યનો આશ્રય લીધો છે. એટલે એ સમકિત પર્યાયનું ધ્યાન કરવા, પર્યાયમાં એકાગ્ર થવા જતાં દ્રવ્યમાં એકાગ્ર થાય છે એ. પર્યાયમાં એકાગ્ર ક્યાંથી થતો હતો? સમજાણું કાંઈ? ભારે વાત!

મુમુક્ષુ :- એકાગ્ર થવું એ જ સમ્યક્ત્વ છે?

ઉત્તર :- હા. એ તો ઠીક પણ પાછું... ઈ બીજી વાત છે. અહીં તો સમકિતનું ધ્યાન કરવું એમ કહ્યું છે ને? સમકિત તો પર્યાય છે. પર્યાયનું ધ્યાન શી રીતે કરવું? પાઠ તો આવો છે. એનો અર્થ કે સમ્યગ્દર્શને જે દ્રવ્યને પકડ્યું અને અનુભવ કર્યો છે એનું ને એનું ધ્યાન કરવું. જે પહેલું દ્રવ્યને આશ્રયે સમ્યગ્દર્શન થયું તેનો ને તેનો આશ્રય ફરીને લેવો એમ કહે છે. પરને આશ્રયે કાંઈ આત્માને કર્મનો ક્ષય થતો નથી. સમજાણું કાંઈ? ભારે વાતું ઝીણી. કોના અર્થે એનું ધ્યાન કરવું? કે દુઃખના ક્ષયને અર્થે. કર્મના ક્ષયને અર્થે ભાષા નથી વાપરી.

જે ઉદયભાવ દુઃખ છે, ઉદયભાવ આકુળતા, રાગ-દ્વેષ આકુળતા. દેખો! પુણ્ય અને પાપના ભાવ બેય આકુળતા દુઃખ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ છે, આનંદનું ધામ છે, આનંદનું શાશ્વત સ્થાન છે. એવો આત્મા એને અંતર્મુખ થઈને અનુભવ

કરીને સમ્યક્ત્વ પ્રગટ કરવું. આહાહા..! અને એનું ને એનું ધ્યાન કરવું, એમ કહેવું છે મૂળ તો. જેવું સ્વદ્રવ્યને આશ્રયે સમ્યક્ત્વ થયું, પછી પણ એણે ઉગ્રપણે સ્વદ્રવ્યનું ધ્યાન આશ્રય કરવો. બીજી કોઈ પર્યાયનો આશ્રય કે વિકલ્પને આશ્રયે કંઈ ધ્યાન થતું નથી. આહાહા..! શું થાય? જગતને મૂળ વાતમાં પહેલેથી ફેર પડી ગયો છે. સમકિત-બમકિત કાંઈ નહિ. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ સમકિત. હવે મુંડાવ. પંચમહાવ્રત લઈ લ્યો. પછી રખડો અણુવ્રતના આંદોલન કરવા.

મુમુક્ષુ :- એ જ પ્રકારનો ઉપદેશ છે.

ઉત્તર :- એ જ પ્રકારનો ઉપદેશ છે. પ્રકાશદાસજીએ તો બધો અનુભવ કર્યો છે ને? એ ચાલે છે. મૂળ વાતની ખબર નથી.

પરમેશ્વર વીતરાગદેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવ કેવળજ્ઞાની એ ત્રણ કાળ ત્રણ લોકને જાણ્યા, એવા પરમાત્માની વાણીમાં શ્રાવકને પહેલું શું કરવું એ આ કુંદકુંદાચાર્ય કહે છે આ આવે છે, ભાઈ! સમજાણું કાંઈ? ભગવાન આત્મા આનંદનું ધામ છે, અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. એને રાગની કિંમત આવે છે, નિમિત્તની કિંમત આવે છે અને બહુ તો એક સમયના ઉઘાડની કિંમત આવે છે, પણ એ વસ્તુની કિંમત આવતી નથી. સમજાણું કાંઈ? તેથી કહે છે કે પહેલું વસ્તુનું માહાત્મ્ય કર અને વસ્તુની કિંમત કર. એ વિના બધી વાતું થોથા છે તારા. આહાહા..! સમજાણું કાંઈ?

'દુઃખકા ક્ષય કરનેકે લિયે...' ભાષા વાપરી છે, જોયું! 'કર્મના ક્ષય અર્થે' અહીં શબ્દ વાપર્યો નથી. એનો અર્થ કે પુણ્ય અને પાપના બે વિકલ્પો છે એ દુઃખ છે, આકુળતા છે. એણે આત્માના ધ્યાન દ્વારા એ આકુળતાનો નાશ કરવો, બીજી રીતે થતો નથી. સમજાણું કાંઈ? શ્રાવકને આ તો કહ્યું. પ્રવચનસારમાં કહ્યું એ બધું ત્યાં આવ્યું. શ્રાવકને શુભભાવથી મોક્ષ પરંપરા થાય છે. એ તો ચરણાનુયોગની વાતમાં નિમિત્તની વાત કરી છે. એને શુભભાવ વધારે હોય છે અશુભ ટાળવા માટે, એમ. પણ શુભભાવ પોતે શું નિર્જરાનું કારણ છે?

અહીં તો પુણ્ય અને પાપના બેયના વિકલ્પો છે એ બધા દુઃખ છે, આકુળતા છે. ભગવાન તો અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ છે. એવા આનંદના ધામની જેણે શ્રદ્ધા-જ્ઞાન કર્યા એને આનંદના ધામનો જ આશ્રય વિશેષ કરવો. એનાથી દુઃખનો નાશ થાય છે. આહાહા..! ભારે! કહો, સમજાણું કાંઈ? ઓલા ક્રિયાવાળા ભડકે. અમારા શેઠે ક્રિયાકોષ યાદ કર્યો ને? ક્રિયા કરવાની છે ને? ક્રિયાકોષમાં આવે છે ને બધો વિસ્તાર? એમ. વાત સાચી.

મુમુક્ષુ :- .. એ જ વાંચ્યું છે.

ઉત્તર :- એ જ વાંચ્યું છે, બસ. પણ પહેલું છોડે કોને? આત્મામાં પરના ગ્રહણ ત્યાગનો

અભાવ છે. એને આત્મા કહીએ. આત્મા રજકણને ગ્રહે અને રજકણને છોડે એવું આત્મામાં છે નહિ. એ તો સચ્ચિદાનંદ મૂર્તિ જ્ઞાનનો પિંડ આત્મા છે. એ રજકણ પકડ્યો છે તો રજકણને છોડે? આહાર એણે ગ્રહ્યો છે તો આહારને છોડે? એ તો પરચીજ છે. આહાર ગ્રહ્યો હતો તો હવે છોડું છું એ તો પર્યાયબુદ્ધિ-પરના સ્વામીપણાની બુદ્ધિ થઈ. એને ચૈતન્યના સ્વામીપણાની ખબર નથી. સમજાણું કાંઈ? વાત સાચી. ઓણ વરસાદ ઘણો ને ચારે કોર. બહુ વરસાદ. ૪૦-૪૦ ઈંચ. ઓલા એક જણ ભાઈ કહેતા હતા કાલે. કેવું તમારું ગામ? સિયાણી ૬૫ ઈંચ. હિંમતભાઈના સાળા આવ્યા હતા. ૬૫. ગામડું. સિયાણી. બલદાણા પછી સિયાણી. બધા જોયા છે ને. લીંબડી' પછી. સિયાણીમાં પોર હતો ચાર ઈંચ, ઓણ આવ્યો ૬૫ ઈંચ. .. કહેતા હતા કાલે. સિયાણી, લીંબડી લીંબડી છે ને? ત્યાં નાનું ગામ છે. ૬૫ ઈંચ વરસાદ. ગયા વર્ષે ચાર ઈંચ. રવિન્દ્રના મામા આવ્યા હતા કાલે. એણે કહ્યું હતું. ચાર ઈંચ પોર. ઈ રહેતા હશે ત્યાં.

મુમુક્ષુ :- એ બેંકમાં મેનેજર છે.

ઉત્તર :- મેનેજર છે? હા. ઠીક. સિયાણીમાં ઠીક. આવ્યા હતા. ઓણ આવ્યો ૬૫ ઈંચ. ૬૫ ઈંચ વરસાદ. એ તો પરમાણુનું પરિણમન છે. એને કયે કાળે કેમ પરિણમવું એ કાંઈ કોઈને આધીન છે?

અહીં તો કહે છે કે એ બધી વિકલ્પની લાગણી છોડ. આ આવ્યું ને ગયું એ બધું ધૂળેય નથી કાંઈ. સમજાણું કાંઈ? પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ વીતરાગ પરમાત્મા કેવળજ્ઞાનથી જોઈને દિવ્યધ્વનિમાં શ્રાવકને પહેલું શું કરવું એ આવ્યું છે આ. સમજાણું કાંઈ? આમ તો શ્રાવક એટલે શ્રવણ કરવું. પણ શું શ્રવણ કરવું? કે આવી વાત શ્રવણ કરવી. એમાં અર્થ છે શ્રાવકને શ્રવણ કરવું. એમાં છે. શ્રાવક ને શ્રવણ આવે છે ને? શ્ર-શ્રવણ, વ-વિવેક, ક-કરવું. એવા ત્રણ બોલ આવે છે. શ્રાવક-શ્ર. શ્રવણ કરવું. શું? વીતરાગની વાણી, અભેદસ્વરૂપને બતાવે તે વાણીને એણે શ્રવણ કરવી. અને પછી વ એટલે વિવેક કરવો. રાગથી ભિન્ન આત્માને પાડીને આત્માની દૃષ્ટિ કરવી અને પછી સ્વરૂપમાં ઠરવું એ ક-ક્રિયા.

મુમુક્ષુ :- ક-કરણી.

ઉત્તર :- હા, એ કરણી આ. શેનું કરવું બીજું? એ તો આવ્યું નહોતું આપણે? નહોતું કહ્યું? શેઠ! એમાં જ કહ્યું હતું ને? બતાવ્યું નહોતું? બતાવ્યું હતું. કરણી, હિતહરણી સદા. નહોતું આવ્યું? એય..! શેમાં? મોક્ષમાં? સર્વવિશુદ્ધમાં આવ્યું હતું. પ્રતિક્રમણની ક્રિયા? સર્વવિશુદ્ધ અધિકારનો. યાદ કર્યું ને શેઠે.

જુઓ! એ તો આવ્યું હતું. 'करनी हित हरनी सदा, मुकति वितरनी नांहि'

કરણી વિકલ્પની ક્રિયા એ બધી હિતની હરનારી છે, રાગ છે. मोक्षमार्गमें क्रियाका निषेध. સર્વવિશુદ્ધ અધિકાર. ૯૬મો શ્લોક છે. **'करनी हित हरनी सदा, मुकति वितरनी नांहि'** મુક્તિને આપનારી નથી. **'गनी बंध-पद्धति विषै,'** બંધપદ્ધતિમાં એને ગણી. **'सनी महादुखमांहि'** મહાદુઃખથી સની છે એ તો. લિપ્ત છે. એ પુણ્ય પરિણામ ક્રિયાકાંડના એ મહાદુઃખથી લિપ્ત છે. એય..! નવરંગભાઈ! **'करनीकी धरनीमें महा मोह राजा बसै,'** શેઠ પણ ઠીક યાદ રાખે છે. પજોસણમાં આમ કરો, આમ કરો એ જ ચાલે છે. **'करनीकी धरनीमें महा मोह राजा बसै,'** કર્તાબુદ્ધિ એમાં થાય, રાગ મિથ્યાત્વ થાય. **'करनी अग्यान भाव राकिसकी पुरी है।'** સમજાણું? શરીર પુદ્‌ગલની મૂર્તિ રાક્ષસનું નગર છે. અજ્ઞાનભાવ તો રાક્ષસનું નગર છે. આહાહા..!

ભગવાનઆત્મા જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ નિર્મળાનંદ પ્રભુ એમાં એ શુભવિકલ્પની ક્રિયા રાક્ષસ-રાક્ષસ છે. આત્માની શાંતિને ખાઈ જાય એવો શુભભાવ છે એમ કહે છે. **'करनी करम काया'** એ શુભભાવની ક્રિયા તો કર્મની કાયા છે, આત્માની નહિ. **'पुग्गल की प्रतिछाया'** એ તો પુદ્‌ગલની છાયા છે. આત્મા નહિ. આત્મા ક્યાં આવ્યો શુભભાવમાં? **'करनी प्रगट माया मिसरीकी छुरी है।'** સાકર લપેટી છરી. સાકરને? છુરી. **'करनी के जालमैं उरझि रह्यो चिदानंद, करनीकी वोट ग्यानभाव दुति दुरि है।'** રાગની પર્યાયમાં લીન થતાં એનો સ્વભાવ ત્યાં ઢંકાઈ જાય છે. એને રાગની ઓટમાં સ્વભાવ નજરે આવતો નથી. **'आचारज कहे करनी सौ विवहारी जीव, करनी सदैव निहचे सुरूप बुरी है।।९७।।'**

**'मृषा मोहकी परनति फैलीं। तातैं कर्म चेतना मैली।।'** એ શુભભાવ કર્મચેતના. **'ग्यान होत हम समझी एती। जीव सदीव भिन्न परसेती।।९८।।'** એનાથી-રાગથી તદ્દન ભિન્ન છે. **'मैं त्रिकाल करनीसौं न्यारा। चिदविलास पद जग उजयारा।। राग विरोध मोह मम नांही। मेरौ अवलंबन मुझमांही।।१००।।'** મારું અવલંબન મારામાં. રાગ બાજુનું અવલંબન મને લાભદાયક નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ કળશ-કળશ. આ ... આપણે આવે ..

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ કીધું. .. કહ્યું ને. બપોરે ચાલે છે ને ૧૪૮ પ્રકૃતિ? એમાં ... એના ઉપર. ૩૭ નંબર છે. સમજાય છે કાંઈ? 'બનારસીદાસ'.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો શ્રાવકને લઈને ઉપદેશ છે. શું કહે છે? શું લખ્યું?

મુમુક્ષુ :- ત્યાગી છે તો ઉપદેશ દે.

ઉત્તર :- ત્યાગી હોય એ ઉપદેશ દે, પણ શ્રાવકને આ ઉપદેશ સાંભળવો અને આ કરવું ને? એમ કહે છે. ઓલા ઉપદેશ મને આવો દેતા નથી એમ કહે છે. એમ કે ત્યાગી અમને આવો ઉપદેશ દેતા નથી. પણ ભગવાન આવું કહે છે કે નહિ? સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- શ્રાવક પહિલે તો નિરતિચાર નિશ્ચલ સમ્યક્ત્વકો ગ્રહણ કરકે ઉસકા ધ્યાન કરેં, ઈસ સમ્યક્ત્વકી ભાવનાસે...**' જુઓ! ભગવાન આત્મા પૂર્ણ અતીન્દ્રિય આનંદનું ધામ, અતીન્દ્રિય રસનો સાગર એવો ભગવાન આત્મા છે. એ આનંદને બહારમાં ગોતવા જાય છે એ મૂર્ખ છે. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે, 'જયચંદ્ર પંડિતે' બહુ સારુ લખ્યું છે. '**સમ્યક્ત્વકી ભાવનાસે ગૃહસ્થકે ગૃહકાર્ય સંબંધી આકુલતા, ક્ષોભ, દુઃખ હેય હૈ વહ મિટ જાતા હૈ,...**' સમજાણું? સમકિતની ભાવનાથી ગૃહસ્થને ગૃહકાર્ય સંબંધી આકુળતા, ક્ષોભ, દુઃખ હોય એ મટી જાય. આ ગૃહસ્થાશ્રમમાં રહેલાની વાત છે.

કેમ? કે '**કાર્યકે બિગડને-સુધરનેમેં વસ્તુકે સ્વરૂપકા વિચાર આવે તબ દુઃખ મિટતા હૈ.**' બગડે-સુધરે શું? વસ્તુનો સ્વભાવ (એવો છે) એમાં હું શું કરું? આ દિકરો મરી ગયો, શરીરમાં રોગ આવ્યો. પણ એ તો વસ્તુનો સ્વભાવ છે. એમાં કરવું ક્યાં? ...ભાઈ! આ વીસ વર્ષનો ઉછેર ઉછેર કરીને, ખર્ચી કરીને પરીક્ષા એલ.એલ.બી.ની છેલ્લી આપી. મોટી પરીક્ષા એક તો કહેતો હતો. આ શું કહેવાય તમારે મોટી પરીક્ષાને?

મુમુક્ષુ :- આઈ.પી.એસ.

ઉત્તર :- આઈ.પી.એસ. અહીં માસ્તર એક આવ્યા હતા ને? હિન્દુસ્તાનના પંડિત. આઈ.પી.એસ.ની પરીક્ષા આપી છોકરાએ. પૂરી. આઈ.પી.એસ.ની મોટી હશે. આઠ દિ'એ મરી ગયો. પરીક્ષા આપીને આઠ દિ'એ મરી ગયો. આહાહા..! એક કો'ક આવ્યું હતું નહિ આપણે? ક્યાંના હતા?

મુમુક્ષુ :- હિન્દી એક આવ્યા હતા.

ઉત્તર :- હિન્દી આવ્યા હતા. ડોસા. માસ્તર હતા, માસ્તર હતા. કહે, અમારી પાસે શીખ્યો અને પછી વિલાયતમાં પરીક્ષા પણ આપી. આપી અને આઠમે દિ'એ તો મરી ગયો. કેની પરીક્ષા? ધૂળની? સમજાણું? શ્રાવકને આ વસ્તુનો વિચાર આવતા એવો એક દિકરો એકનો એક હોય અને આવું હોય તોપણ વસ્તુનો સ્વભાવ છે. એમ કરીને એને સમતા રહે. કહો, સમજાણું કાંઈ? જુઓને! આપણા આ મનસુખભાઈ નહિ? ભાવનગરવાળા. હમણા તો 'વઢવાણ' ગયા છે. હમણા વઢવાણ ગયા હતા. આવ્યા છે. પાંચ છોકરી અને એક જ છોકરો. ૫૪ વર્ષની ઉંમર પોતાની. એક જ છોકરો ૧૯ વર્ષનો. મનસુખભાઈ આવે છે.

ત્યાં પોરબંદરમાં. તમે તો ક્યાં હતા? પોરબંદર ગયા હતા. વઢવાણ રહી ગયા હતા. ૫૪-૫૫ વર્ષની ઉંમર છે. પાંચ છોકરીઓ. મોટી છોકરી પરણાવી. છોકરો ત્યાં રહે છે. ગાંડી થઈ ગઈ એટલે અહીં ઘરે રાખી છે. ચાર છોકરી અને એમાં આ એક છોકરો ૧૯ વર્ષનો. કાંઈક નાકનું, શું કહેવાય નાકનું? કાંઈક હશે. તો કહે, ચાલ ડોક્ટર પાસે કરાવીએ. નાકનો ભાગ હશે. ૧૯ વર્ષનો જુવાન. કાંઈ નહિ આમ. ડોક્ટર પાસે ગયા. કાંઈક કરો ઓપરેશન. નાકનું કાંઈક હશે. આ નાકના રહ્યા સર્જન. હાડકું વધતું હશે. એ ડોક્ટર પાસે ગયા અને કાંઈક આપ્યું ત્યાં ઉપડ્યો. ખતમ. એકનો એક ૧૯ વર્ષનો. ડોક્ટર કહે કે કોણ છે એના મા-બાપ? શું કહેવું છે તમારે? કે આ થયું. કહ્યું, એમાં અમને કાંઈ હરખ-શોક છે નહિ. તરત એનો બાપ ડોક્ટરને જવાબ દે છે. ડોક્ટર કહે આહા..! આ એકનો એક દીકરો, કોણ છે બાપ? હું છું. શું છે? સ્થિતિ પૂરી થઈ ગઈ. સમાધાન કરો. સમાધાન કરવાનું અમારે નથી. આત્મા સમાધાન સ્વરૂપ છે. એમ જવાબ આપ્યો. એય..! મનસુખ અહીં આવે છે, નહિ? રવિવારે કોઈ વખત આવે. કાલે હતા, કાલે હતા. વઢવાણ ગયા હતા. વઢવાણ નહિ, કાંપ.. કાંપ. પહેલાં અમે (સંવત) ૧૯૯૯માં આવ્યા ત્યારે એને સાકરનું કારખાનું હતું. ત્યાં ઉતર્યા હતા. રતિભાઈ ક્યાં ગયા? ચીમનભાઈ! ચીમનભાઈ નથી? ઓલું કારખાનું નહોતું પાછળ? ત્યાં ઉતર્યા હતા ને? ૧૯૯૯માં ત્યાં ઉતર્યા હતા. સાકરનું કારખાનું હતું. ડોક્ટર ઓલો થઈ ગયો. ડોક્ટર કહે પણ આ પા કલાકમાં, હોં! હાલતો-ચાલતો. કાંઈ નહિ. ફક્ત .. એકદમ શું થયું કોણ જાણે ગુજરી ગયો. ડોક્ટરને આમ ત્રાસ થઈ ગયો. કહેવું શી રીતે? આ છોકરો જુવાન, ૧૯ વર્ષનો જુવાન. કોણ છે આના સગા? શું કહેવું છે તમારે? ફેલ થઈ ગયું છે. કાંઈ અમને છે નહિ. અમને કાંઈ છે નહિ, ડોક્ટર! દિલગીર થશો નહિ. ડોક્ટરને કહે છે, દિલગીર થશો નહિ. થવા કાળે થાય છે. એ પર્યાય ક્રમબદ્ધમાં આવી એને ફેરવે કોણ? એય..! ચંદ્રકાંતભાઈ!

જુઓ! એને શ્રદ્ધા અને જ્ઞાનનું ભાન હોય તો '**કાર્યકે બિગડને-સુધરનેમેં વસ્તુકે સ્વરૂપકા વિચાર આવે તબ દુઃખ મિટતા હૈ.**' એ તો વસ્તુની સ્થિતિ જેવી હતી એમ થાય. એમાં બીજું શું થાય? ઈન્દ્ર-નરેન્દ્ર પણ કોઈને એક સમય રાખી શકે છે? શું છે? સમજાણું કાંઈ? શ્રદ્ધા હોય હજી વ્યવહારની તોપણ એવી સમતા હોય છે. સમ્યગ્દર્શનમાં તો ત્રિકાળ ત્રિકાળ. એ ચીજની સ્થિતિ જ એવી છે. અરે..! પણ આ પેદા કર્યા પાંચ લાખ ને ચોર ઉપાડી ગયો સવારમાં. ક્યાંથી ખબર પડી? એ સ્થિતિ વસ્તુની એવી છે. જે વસ્તુની સ્થિતિ ત્યાં જવાની હતી એમાં કોઈ ફેરફાર કરી શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! એલા..! પણ કાલે પાંચ પેદા કરીને આવ્યા, હિરા-માણેક મૂક્યા છે આમાં. ખબર કોને પડી ગઈ?

સવારે ઉઘાડે તો કાંઈ ન મળે. ઓલો દિકરાનો દાખલો આપ્યો, આ પૈસાનો દાખલો. જરી સૂતો હોય ખાઈ-પીને નિરાંતે પોતે. સવારમાં જ્યાં ઊઠે ત્યાં એકદમ અરે..! આ શું થયું? શું કીધું?

મુમુક્ષુ :- સવારે ઉઠે તો વયો ગયો.

ઉત્તર :- તે થઈ રહ્યું. હાય-હાય અરે..! આ શું થઈ ગયું? આ હાથ ચાલતો નથી. શરીરની અવસ્થા તે કાળે તે જ થવાની એમાં ફેરફાર કરવા કોઈ સમર્થ નથી. સમ્યગ્દર્શન હોય તો વસ્તુ બગડવા-સુધરવાનો ખેદ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

**'કાર્યકે બિગડને-સુધરનેમેં વસ્તુકે સ્વરૂપકા વિચાર આવે...'** દેખો! બગડવું-સુધરવું એટલે શું? એ તો એ સમયની પર્યાય... આહાહા..! જડની અવસ્થા જડને કારણે થવાની હોય એ થાય. ભગવાનજીભાઈ! આહાહા..! કુદરતે એવું થાય કે બે-પાંચ લાખનો માલ હોય, ત્યાં સળગે, વીમાવાળો ભાંગે. અહીં બહાર પડે દુકાળ, પાંચ લાખની ઉઘરાણી હોય એ જાય. અને શરીરમાં ધડાકા લાગતા રોગ આવે. છોકરો બિમાર પડે, છોડી રાંડે. છોડી મરી જાય એનો વાંધો નહિ. વીસ વર્ષની આમ છ મહિને પરણાવેલી રાંડે. હાય-હાય શું થયું? પંદર દિ'એ રાંડે, મરી જાય છે ને. ઈ કહે છે કે સમાધાન કરી શકે જો સમ્યગ્દર્શન હોય તો. સમજાણું કાંઈ? એકનો એક દિકરો ચાલ્યો જાય અને તે પંદર-સોળ વર્ષની મૂકીને કાચા સાઠા જેવી. હાય-હાય. હાય-હાય શું છે? સાંભળને. આનંદ છે કહે ને. હાય-હાય ક્યાં માંડી તેં આ? વસ્તુનો સ્વભાવ છે એવો. એ સમયે એ થવાનું હતું. કર ને સમાધાન. પંડિતજી! અજીવની પર્યાય એ થવાની હતી, ભાઈ! એ કાંઈ નવી થઈ નથી.

**'વસ્તુકે સ્વરૂપકા વિચાર આવે તબ દુઃખ મિટતા હૈ.'** દુઃખ કેવું? અમે તો આનંદમૂર્તિ છીએ, આનંદના ધામ છીએ. કોઈપણ ક્ષેત્ર-કાળ-ભાવમાં અમને દુઃખ છે નહિ. આહાહા..! ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં, હોં! આ એની વાત ચાલે છે. અકસ્માત થઈ જાય, ફેરફાર થઈ જાય, બધું ફરે, ભાઈ! સમજાણું? **'સમ્યગ્દૃષ્ટિકે ઈસપ્રકાર વિચાર હોતા હૈ કિ-વસ્તુકા સ્વરૂપ સર્વજ્ઞને જૈસા જાના...'** દેખો! લ્યો આવ્યું ભાઈ! આ તો ઓલા કહે છે. સર્વજ્ઞે દેખ્યું એમ થાય એમ ક્યાં તમે આશરો લ્યો છો? એમ કહે છે ને એ લોકો? ક્રમબદ્ધ થાય. સર્વજ્ઞે દીઠું એમ થાય એ શું કરવા કહો છો? સાંભળને હવે.

મુમુક્ષુ :- એ તો મૂળ વાત છે.

ઉત્તર :- એ તો મૂળ વાત છે.

**'સમ્યગ્દૃષ્ટિકે ઈસપ્રકાર વિચાર હોતા હૈ કિ-વસ્તુકા સ્વરૂપ સર્વજ્ઞને જૈસે જાના વૈસા નિરંતર પરિણમતા હૈ...'** ભગવાને જેવું જ્યાં પરિણમન દેખ્યું ત્યાં પરિણમન એને

લઈને થાય છે. એમાં ફેરફાર કરવાને કોઈ સમર્થ નથી. 'જે જે દેખી વીતરાગને તે તે હોંશી વીરા.' એ આવે છે કે નહિ?

મુમુક્ષુ :- અનહોની હોને...

ઉત્તર :- 'અનહોની કબહુ ન હોવે કાહે હોત અધિરા, કાહે હોત અધિરા?' એ 'ભૈયા ભગવતીદાસ'નું છે. પુસ્તક છે અહીંયાં. એમાં છે. 'જે જે દેખી વીતરાગને, તે તે હોંસી વીરા રે. અનહોની કબહુ ન હોસી કાહે તું હોત અધિરા રે.' શેનો અધિરો થા છો? નવું થાય છે તારે માટે? જગતની જડ અને ચૈતન્યની પર્યાય ભગવાને દીઠી તે પ્રમાણે થાય. ઘટે ન બઢે. એ છે ને એમાં? સમજાય છે કાંઈ? એનું પણ ખોટું ઠરાવે. માળા! જુઓ! પણ એમાં આમ કહ્યું છે. પછી પાછળની કડી નાખે. એમ કરીને સમતા રાખ એમ કહે છે. જુઓ! સમતા રાખવાનો પ્રયત્ન કર્યો કે નહિ? ત્યાં ક્યાં ક્રમબદ્ધ આવ્યું? વળી એમ કીધું ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- એ જ ક્રમબદ્ધ છે.

ઉત્તર :- અરે..! પણ એ જ ક્રમબદ્ધ છે ત્યાં.

મુમુક્ષુ :- ભાવ...

ઉત્તર :- હા, ઠીક કહે છે. એમ નહિ. જે થયું તે તેમ જ થવાનું છે. એમાં બીજી કાંઈ વાત હતી નહિ એમ. ઉપાય કરે, પણ ન થાય તોપણ સમાધાન રાખે એમ કહે છે. પહેલા તડફડિયા મારે કરવાના. પછી ન થાય તો કાંઈ નહિ. એ ક્યાં સમાધાન રાખ્યું?

મુમુક્ષુ :- એ તો હારી ગયો છે.

ઉત્તર :- એ તો હારી ગયો એટલે. પહોંચ્યો નહિ. એને પહોંચી શક્યો નહિ. નહિતર તો મારે આમ થવા દેવું હતું, આમ થવા દેવું હતું. શું થાય? જડની ક્રિયા દેહની, વાણીની જે અવસ્થા જે કાળે જેમ થવાની એમ થાય. એને તું રોકી શકે નહિ અને ટાળી શકે નહિ. કહો, 'રતિભાઈ'! આવું સમકિતના મહાત્મ્યમાં વસ્તુના સ્વભાવનો વિચાર આવતા તેને સમાધાન અને શાંતિ થાય. આહાહા..!

બબ્બે લાખ રૂપિયા ખર્ચીને અમેરિકા મોકલ્યો હોય અને મોટી પરીક્ષા આપીને પાંચ હજારનો પગાર દેતો હોય. ત્યાંથી ઉતરતા ક્યાંક પડ્યો બોટમાંથી હેઠે. ઉતરતા પડ્યો દરિયામાં. હાય-હાય. આ વડિયા દરબારને થયું હતું ને? આ વડિયા નહિ તમારા? એ દરબાર દરિયામાં .. દરિયામાં કો'કે નાખી દીધા હતા. આ દરબાર એનો બાપ હતા એ. આપણે વ્યાખ્યાનમાં આવતા ને એ દરબાર? એ ગુજરી ગયા. એ ગુજરી ગયા. પણ એનો બાપ હતા એ. જતા હતા મુંબઈ. ગમે તેમ થયું. દરિયામાં કોઈકે.. દરબાર હતા. બધા હોંશિયાર, હોં! સંસારના

ડાહ્યા હતા બહુ. ઈ એક, આ કલાપી. લાઠીનો દરબાર. એ હોંશિયાર કહેવાય લૌકિકમાં. અને ત્રીજા આ રાજકોટવાળા બગસરાના. ત્રણે ભાઈબંધ હતા. ત્રણે ભાઈબંધ હતા, મિત્ર હતા. રાજકોટવાળા તો અમારી પાસે બહુ આવતા ને. અહીં આવતા. ત્યાં અમે ગયા હતા. એના ગામમાં ગયા હતા ને. વડાળા. આહાહા..! મડદું હાથ ન આવ્યું દરબારનું. કોણે કેમ ધક્કો માર્યો કે શું થયું દરિયામાં. થવાનું હતું એમ. નવું થયું નથી. બીજો તો નિમિત્ત માત્ર કહેવાય છે. એ થવાની ક્રિયા તો એ જ થવાની હતી. હાય-હાય. છેલ્લા મોઢા પણ ન જોયા. બાયું વળી એમ વાતું કરે. ભીખાભાઈ! છેલ્લા મોઢા પણ જોયા નહિ. કેમ થયું? અરે..! મડદા જોયા હોત અને પછી બાળ્યા હોત તો વાંધો નહિ. આવા ઓરતા કરે. મૂઢને તે ઓરતાના પાર છે કાંઈ? ગોતી કાઢે. એવી બાયું હોય ને કેટલીક. ધૂળેય નથી, સાંભળને! મોઢા કોના? એ જડના. જડની પર્યાય તે કાળે તેમ થવાની હતી. તારો સગો દીકરો હોય કે ધણી હોય. સમતા. સમકિતી બાઈ હોય, (એ જાણે કે) તે સમયે તે પ્રકાર થવાનો એમાં અમને શોક અને હરખ છે નહિ. આહાહા..!

એકદમ અકસ્માત પાંચ-દસ-પચ્ચીસ લાખ પૈસા આવે તો જ્ઞાનીને હરખ નથી. એ વસ્તુની સ્થિતિ છે. કોઈ પડી હશે પુણ્ય પ્રમાણે. સમજાણું કાંઈ? ઘરમાં ખોદતા નીકળે પાંચ કરોડ અને દસ કરોડ. રાજાના દાટેલા કોઈ હીરા નીકળે. કંઈ નથી. એ ચીજ જગતની છે. એ આવી તોપણ શું? મને ક્યાં છે? એમ જેને વસ્તુમાં વિચાર આવતા તેને તે કાળે હરખ નથી આવતો, પ્રતિકુળતામાં તેને શોક આવતો નથી. એમ છે. એને ધર્મી કહીએ. આહાહા..! સમજાણું કાંઈ?

**'વસ્તુકા સ્વરૂપ સર્વજ્ઞને જૈસા જાના હૈ વૈસા નિરંતર પરિણમતા હૈ...'** નિરંતર જડ અને ચૈતન્યની પર્યાય તે પણે થાય છે. આમાં પણ આવે છે. શ્વેતાંબરમાં પણ આવે છે. દેવચંદજીએ સ્તુતિ કરી ને શીતલનાથની. 'દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ...' પછી ચાર આવે છે ને. ગુણ. **'દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ ગુણ, રાજનીતીએ ચાર જી. જડ ચેતનની...'** શું છે? આજ્ઞા એમ કે .. વિના જડ ચેતનની પરિણતિ થાય નહિ. ભૂલી ગયા. કોઈ ન રોકે.

મુમુક્ષુ :- ત્રાસ વિના.

ઉત્તર :- ત્રાસ વિના. હા. **'દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ ગુણ, રાજનીતિએ ચાર જે. ત્રાસ વિના જડ ચેતન પ્રભુજી કોઈ ન લોપે કાર'** કાર-આજ્ઞા. ત્રાસ નથી જડ ચૈતન્યને. એની પરિણતિ જેવી ભગવાને જોયું છે તે પ્રમાણે જડ ચેતનની પર્યાય તે પ્રમાણે પરિણમે. 'ત્રાસ વિના જડ ચેતન પરિણતિ કોઈ ન લોપે.' પ્રભુ! તારી આજ્ઞા કોઈ ન લોપે.

આહાહા..! સમજાણું કાંઈ? એમ કરીને પણ સમ્યગ્દષ્ટિ એવા વિચારકાળે સમતા રાખે છે. પ્રતિકુળતામાં શોક નહિ અને અનુકૂળતામાં હરખ નહિ. પણ પ્રતિકુળ-અનુકૂળ કહેવું કોને? એ તો જ્ઞેય છે. એવો વિચાર રાખીને ધર્મીને સમતા રહે છે. સમજાણું?

'ઈષ્ટ-અનિષ્ટ માનકર દુઃખી-સુખી હોના નિષ્ફલ હૈ. ઐસા વિચાર કરનેસે દુઃખ મિટતા હૈ યહ પ્રત્યક્ષ અનુભવગોચર હૈ, ઈસલિયે સમ્યક્ત્વકા ધ્યાન કરના કહા હૈ.' લ્યો! શ્રાવકને આવું સમકિત ગ્રહણ કરી અને પછી પણ સમકિતનું ધ્યાન કરવું. એનાથી દુઃખનો નાશ થાય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૯, બુધવાર તા. ૨૩-૦૯-૧૯૭૦**
**ગાથા - ૮૬ થી ૮૯, પ્રવચન - ૯૫**

૮૬ ગાથા થઈ ગઈ. ૮૬માં એમ કહ્યું કે '**झाणे झाइज्जइ सावय**' પ્રથમ શબ્દ મૂક્યો છે ને? પ્રથમનો અર્થ એ. ભલે અંદર પ્રથમ ન હો. પણ 'શ્રાવક' એમ કહ્યુંને? શ્રાવક તારે પહેલું સમકિતનું ધ્યાન કરવું, સમકિત પ્રગટ કરવું. પહેલામાં પહેલું એ છે. '**तं झाणे झाइज्जइ सावय**' શ્રાવક એમ કહ્યુંને પછી? પણ એનો અર્થ કાઢ્યો કે આચાર્ય શ્રાવકને કહેવા માગે છે એમાં આ પહેલું કહેવા માગે છે, એટલે 'પ્રથમ' કાઢ્યું એમાંથી. સમજાણું કાંઈ? શ્રાવકને પહેલાં આ કરવાનું એમ કહે છે.

સમ્યગ્દર્શન '**दुक्खक्खयट्ठाए**।' આવ્યું ને? દુઃખના નાશને માટે સમકિત તે તેને ગ્રહણ કરવું, તે પહેલામાં પહેલો શ્રાવકને ઉપાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ તો જન્મતા સમ્યક્ છે.

ઉત્તર :- જન્મતા સમ્યક્ થઈ ગયું. દિગંબરમાં જન્મ્યા એટલે થઈ ગયા ભેદજ્ઞાની, એમ કહે છે. કહે છે ને એક પંડિત? એ કહે છે.

મુમુક્ષુ :- જીવ-અજીવનું તો ભેદજ્ઞાન હોય.

ઉત્તર :- જીવ-અજીવનું ક્યાં ભાન છે? અહીં વિકલ્પમાત્ર અજીવ છે અને ચૈતન્યમાત્ર એકલો આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ છે. અહીં તો બાહ્ય લક્ષણ વર્ણવશે. એવા આત્માની અંતર...

અંતર્મુખ થઈને, અંતર્મુખ એવું જે આત્મતત્ત્વ, એની નિશ્ચલ મેરુના પેઠે, ગિરી મેરુ. આવ્યું ને સૂરગીરી? નિકંપ સમ્યગ્દર્શન. કોઈ દેવ અને કુદેવ આદિ ચળાવે તોપણ ચળે નહિ. એ પહેલી એ સીખ છે. એમ ત્યાં નથી કહ્યું કે હે શ્રાવક! પહેલી પૂજા કરજે, ભક્તિ કરજે, વ્રત પાળજે. એમ કહ્યું છે? 'કપૂરચંદજી'! જુઓ! આમ, આમ કહ્યું છે.

મુમુક્ષુ :- કરવું શું?

ઉત્તર :- પહેલાં કરવું આ.

દેખો! 'કુંદકુંદાચાર્ય'. શ્રાવક એમ શબ્દ પડ્યો છે. હે શ્રાવક! ભો શ્રાવક એમ છે ક્યાંક. કરવાનું હોય તો તારે પહેલામાં પહેલી ચીજ સમ્યગ્દર્શન અને એનો જે વિષય ધ્રુવ ચૈતન્યમૂર્તિ ભગવાન, એને અંતરમાં નિર્વિકલ્પપણે પ્રતીત કરીને એનું જ ધ્યાન લગાવવું. '**झाइज्जइ**' છે ને? અથવા સમ્યગ્દર્શનનો વિષય-ધ્યેય ધ્રુવ ચૈતન્ય છે તેને પકડીને સમ્યગ્દર્શન જ પહેલી દશા પ્રગટ કરવી. કહો, સમજાણું કાંઈ? અધિકાર મોક્ષમાર્ગનો ચાલે છે. મોક્ષનો, છતાં સમકિતની મુખ્યતા. એ વિના બીજું કાંઈ નથી. સાચું ને કાચું બધું કાચું છે.

હવે કહે છે કે...૮૭. '**સમકત્વકે ધ્યાનહીકી મહિમા કહતે હૈં :-**' ૮૭.

**सम्मत्तं जो झायइ सम्माइट्ठी हवेइ सो जीवो।**
**सम्मत्तपरिणदो उण खवेइ दुट्ठट्ठकम्माणि।।८७।।**

ઓલામાં '**दुक्खक्खयट्ठाए।**' હતું. આમાં આઠ કર્મને ખપાવવા સમકિતનું ધ્યાન કરવું (એમ છે).

'**અર્થ :- જો શ્રાવક સમ્યક્ત્વકા ધ્યાન કરતા હૈ...**' કેમ મોડું થયું? પાંચ મિનિટ મોડું થયું. રેલ ખોટી નથી થતી. રેલ ખોટી થાય?

મુમુક્ષુ :- આજકાલ ..

ઉત્તર :- એ આજકાલ નહિ, સદાય ખોટી નથી થતી. બગડે એ જુદી વાત છે.

'**શ્રાવક સમ્યક્ત્વકા ધ્યાન કરતા હૈ...**' પહેલાંમાં પહેલું આચરણ કર્તવ્ય નિશ્ચય સમ્યગ્દર્શન. એ ન પ્રગટ્યું હોય તોપણ એણે પહેલું સમકિતનું ધ્યાન કરવું, એમ કહે છે અહીં. '**વહ જીવ સમ્યગ્દૃષ્ટિ હૈ ઔર સમ્યક્ત્વરૂપ પરિણમતા હુઆ...**' સમકિતરૂપ પરિણમન. અંદર નિર્વિકલ્પ ધ્રુવ સ્વરૂપ... સમજાણું કાંઈ? એવો જે આત્મદ્રવ્ય સ્વભાવ, તેને ધ્યેય એટલે લક્ષમાં લઈ, સમ્યગ્દર્શનનો વિષય બનાવી અને પહેલું સમ્યગ્દૃષ્ટિ થવું અને પછી પણ '**સમ્યક્ત્વરૂપ પરિણમતા હુઆ...**' એ રૂપે સ્વભાવ સન્મુખનું પરિણમન કરતા કરતા '**આઠ કર્મ ઉનકા ક્ષય કરતા હૈ.**' લ્યો! આટલું વજન કુંદકુંદાચાર્યદેવ મોક્ષપાહુડમાં આપે છે. સમકિતમાં તો-દર્શનપાહુડમાં તો આવી ગયું હતું. સમજાણું કાંઈ? કહો, શેઠ! પહેલું

આ કરવું એમ કહે છે. આ દાન કરવા, પૂજા કરવી, ફલાણું કરવું એનાથી સમકિત થઈ જાય એમ નહિ, એમ કહે છે. આહાહા..!

'**ભાવાર્થ :- સમ્યક્ત્વકા ધ્યાન ઈસ પ્રકાર હૈ-યદિ પહિલે સમ્યક્ત્વ ન હુઆ હો તો ભી ઈસકા સ્વરૂપ જાનકર ઈસકા ધ્યાન કરે તો સમ્યગ્દૃષ્ટિ હો જાતા હૈ.**' એ વજન છે. સમજાણું કાંઈ? '**સમ્યક્ત્વ ન હુઆ હો તો ભી ઈસકા સ્વરૂપ જાનકર...**' સમ્યગ્દર્શનમાં વ્યવહાર શું છે અને નિશ્ચય શું છે? વ્યવહારનો દાખલો અહીં તો આપશે. સમકિતનો ... નો. પણ નિશ્ચય અને વ્યવહાર શું છે એને બરાબર જાણી અને સમકિત-શ્રદ્ધા, એનો વિષય ધ્રુવ, એનું ધ્યાન કરતાં સમકિત ન હોય તોપણ સમકિત થાય. એનું ધ્યાન કરતા સમકિત થાય. કોઈ વ્યવહારથી-નિમિત્તથી થાય એ વાતનો અહીં નિષેધ કર્યો છે.

મુમુક્ષુ :- બહારની સહાયતા...

ઉત્તર :- આ શું કહ્યું?

આત્મા અખંડ જ્ઞાયકભાવ પરિપૂર્ણ દ્રવ્યસ્વભાવ પહેલો જાણવો. વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રને પહેલા જાણવા. જાણીને સમકિતનો વિષય જે ચૈતન્ય ધ્રુવ, તેનું ધ્યાન કરતાં સમકિત પ્રગટ થાય છે. સમકિત કોઈ વ્યવહાર સમકિતથી નિશ્ચય થાય છે કે બાહ્ય વેદના... શાસ્ત્રમાં આવે છે ને? નારકીમાં બહુ વેદનાથી સમકિત થાય, દેવની ઋદ્ધિ દેખીને સમકિત થાય. સમજાણું? એ બધા તો નિમિત્તના કથન છે. સમકિત પામવાનું એ મૂળ સાધન નથી. મૂળ સાધન તો સમકિતનું સ્વરૂપ '**ઈસકા સ્વરૂપ જાનકર...**' '**ઈસકા સ્વરૂપ જાનકર...**' સમકિતનું સ્વરૂપ નિર્વિકલ્પ પ્રતીતિ અને એનો આશ્રય ત્રિકાળી જ્ઞાયકભાવ. એ સર્વજ્ઞે કહેલો પરમેશ્વર વીતરાગદેવે કહેલો આત્મા. એ સિવાય બીજાએ આત્મા જાણ્યો એવો એ હોઈ શકે નહિ. અન્યમતમાં એ આત્માનું ધ્યાન હોઈ શકે નહિ. કારણ કે આત્મા એણે જાણ્યો નથી. સમજાય છે કાંઈ? પહેલું આ કરવું. એય..! પ્રકાશદાસજી! મહાવ્રત લઈ લઈને અણુવ્રતનું આંદોલન કરવું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. આ તો એક... આ તો જાણવાની. જાણવાની વાત છે. જીવ અનાદિથી એ જ કરે છે ને. આહાહા..!

પહેલામાં પહેલો મોક્ષમાર્ગના અધિકારમાં મોક્ષપ્રાભૃતમાં સમકિતને પહેલું અંગીકાર કરવું. અંગીકાર કાંઈ ચોપડી અંગીકાર કરે બહારથી એ સમકિત નથી. તેથી કહ્યું ને? '**ઈસકા સ્વરૂપ જાનકર...**' સમકિતનું સ્વરૂપ નિર્વિકલ્પ પ્રતીતિ. અને નિર્વિકલ્પ પ્રતીતિ નિર્વિકલ્પ દ્રવ્યસ્વભાવને આશ્રયે થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? જેને ધર્મ કરવો હોય, હિત કરવું હોય એવા

ગૃહસ્થે પણ પહેલું શું કરવું એની અહીં વાત ચાલે છે. સમજાણું કાંઈ?

‘**સમ્યક્ત્વકા ધ્યાન ઈસ પ્રકાર હૈ-યદિ પહિલે સમ્યક્ત્વ ન હુઆ હો તો ભી ઈસકા સ્વરૂપ જાનકર...**’ નિશ્ચય સમ્યગ્દર્શન વીતરાગી પર્યાય છે. વીતરાગી પર્યાયનું ધ્યેય દ્રવ્ય છે. સમજાણું કાંઈ? દ્રવ્ય એટલે વસ્તુ અખંડ અભેદ. ‘**ઈસકા ધ્યાન કરે તો સમ્યગ્દષ્ટિ હો જાતે હૈં.**’ આ રીતે વિકલ્પથી, કષાય મંદ કરવાથી ને બાહ્યના આચરણમાં જરી સુધારો કરવાથી સમકિત થઈ જાય એમ છે નહિ. સમજાણું કાંઈ? કેટલી સ્પષ્ટ વાત મૂકી છે. ‘**ઈસકા સ્વરૂપ જાનકર ઈસકા ધ્યાન કરે...**’ શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક આનંદકંદ પ્રભુ એ સમકિતનો આશ્રય છે. એને આશ્રયે સમકિત થાય છે. એથી વસ્તુનું સ્વરૂપ જાણવું અને સમકિતનું સ્વરૂપ જાણવું. આને સમકિત કહેવાય અને એનો આશ્રય દ્રવ્ય, આવું દ્રવ્ય હોય એમ જાણીને સમકિતનું ધ્યાન કરતાં ‘**સમ્યગ્દષ્ટિ હો જાતા હૈ.**’ બીજી રીતે સમ્યગ્દષ્ટિ થઈ જાય એમ છે નહિ. એમ થયું કે નહિ આમાં? કંઈ આ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરતા સમકિત થશે. એય..! કપૂરચંદજી! એવું લખ્યું છે એમાં. એ આવે ભલે, પણ એ શુભભાવ છે. શુભભાવથી સમકિત થાય એમ નથી. સમકિતની રીતની ઉત્પત્તિની પણ એને ખબર નથી, એમ કહે છે. આચાર્ય પોતે જુઓને પોકાર કરે છે. શ્રાવકનો તો અધિકાર લીધો ૮૬માં. સમજાણું? ૮૫માં એ લીધો. શ્રાવક અને સાધુ બેય સાંભળો. એમ કીધું ને? જુઓ! એમ કહ્યું છે ૮૫માં.

**एवं जिणेहि कहियं सवणाणं सावयाण पुण सुणसु।**
**संसारविणासयरं सिद्धियरं कारणं परमं।।८५।।**

મોક્ષનું પરમ કારણ એ સમ્યગ્દર્શન છે એને તું સાંભળ. પછી એનું સ્વરૂપ જાણવું. એમ ને એમ ધ્યાન કરવા બેસી જાય એમ નહિ. આત્મા સર્વજ્ઞે કેવો કહ્યો એને નય, નિક્ષેપ, પ્રમાણથી પહેલો જાણવો. અસંખ્ય પ્રદેશી, અનંતગુણ એનું એકરૂપ અભેદ કઈ રીતે છે? એની પર્યાય અનંતગુણની કેમ છે? વિકાર કેમ છે? નિમિત્ત કેમ છે? એના બરાબર બધા પડખાં જેવું એનું સ્વરૂપ છે એવું જાણવું. જાણીને સ્વભાવ તરફનો આશ્રય કરવો.

મુમુક્ષુ :- ભગવાને કહ્યું એ સત્ય છે.

ઉત્તર :- એમ ચાલે? ભગવાને કહ્યું એ સત્ય છે. નેમિદાસભાઈએ કહ્યું એ સત્ય છે. એની પાસે પૈસા કેટલા અમને કાંઈ ખબર નથી. ઈ કહે એ સાચું. એમ મનાય? એને ખબર હોવી જોઈએ ને શું આ વસ્તુ છે. સમજાણું કાંઈ? એને ખબર વિના શું ભગવાને કહ્યું? ભગવાને શું કહ્યું? શું પણ કહ્યું? એ તો એને ખબર નથી. ખબર વિના ભગવાને કહ્યું એ સાચું ક્યાંથી આવ્યું? એના જ્ઞાનમાં સાચાપણાનું ભાન થાય ત્યારે તેને સાચી પ્રતીત થાય.

ત્યારે ત્વમેવ સત્યં એમ કહેવામાં આવે.

વળી, '**સમ્યક્ત્વ હોને પર ઈસકા પરિણામ ઐસા હૈ...**' જુઓ! સમકિત થવાથી પરિણામ સમકિતીના એવા છે કે '**સંસારકે કારણ જો દુષ્ટ અષ્ટ કર્મ ઉનકા ક્ષય હોતા હૈ,...**' સમજાય છે કાંઈ? એમાં ધવલમાં આવે છે ને, જિનબિંબના દર્શનથી નિદ્ધત અને નિકાચિત કર્મનો નાશ થાય. એ તો નિમિત્તના કથન છે. જિનબિંબ આત્મા છે. સમજાણું કાંઈ? આમ સામું જોવે એ તો વિકલ્પ રાગ છે. સમજાણું કાંઈ? જુઓ! એ કહ્યું. ત્યાં નિદ્ધત અને નિકાચિતનો નાશ કહ્યો, અહીં દુષ્ટ અષ્ટ કર્મનો નાશ કહ્યો. સમકિતથી દુષ્ટ અષ્ટ કર્મનો નાશ થાય છે. સમજાણું કાંઈ? અને સમકિતનું ધ્યેય અને વિષય તો ત્રિકાળી જ્ઞાયક છે. આખી વસ્તુ, પૂર્ણ વસ્તુ. એક સમયની પર્યાય પૂર્ણ વસ્તુને પ્રતીત કરે છે. સમજાણું કાંઈ?

'**સંસારકે કારણ જો દુષ્ટ અષ્ટ કર્મ ઉનકા ક્ષય હોતા હૈ,...**' તેનો ક્ષય કરે છે. '**સમ્યક્ત્વકે હોતે હી કર્મોંકી ગુણશ્રેણી નિર્જરા હોને લગ જાતી હૈ,...**' દેખો! સમ્યગ્દર્શન થતાં જ કર્મની ગુણશ્રેણી (નિર્જરા)-કર્મ ખરવા જ માંડે છે. ધારાવાહી કર્મ ખરવા માંડે છે એમ કહે છે. સમજાણું કાંઈ? ઓલામાં ના પાડી છે ને ગુણશ્રેણીની? મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છે. એ તો ઉપરની અપેક્ષાએ વાત છે. બાકી ન્યાં ગુણશ્રેણી નિર્જરા છે. જુઓને! અહીં. આહાહા..! '**અનુક્રમસે મુનિ હોને પર...**' જુઓ! સમકિતમાંથી ગુણશ્રેણી કર્મની ધારા ક્ષય થવા માંડે છે. પછી મુનિ હોય, ચારિત્ર અંદરમાં પ્રગટ કરે, સંયમ ચારિત્ર દશા, વીતરાગીદશા ચારિત્ર.

'**ચારિત્ર ઔર શુક્લધ્યાન ઈસકે સહકારી હો જાતે હૈં,...**' દેખો! શું કહ્યું? '**મુનિ હોને પર ચારિત્ર ઔર શુક્લધ્યાન ઈસકે સહકારી...**' ભાઈ! એય..! મુખ્ય સમકિત. એનું સહકારી ચારિત્ર અને શુક્લધ્યાન. સમજાણું કાંઈ? એટલું વજન આપ્યું અહીંયાં. '**અનુક્રમસે મુનિ હોને પર ચારિત્ર...**' એટલે કે સમ્યગ્દર્શન શુદ્ધ ચૈતન્ય નિષ્ક્રિય વસ્તુ, એવો જે આત્મસ્વભાવ તેમાં દૃષ્ટિને પ્રસારતા સમકિતનું પરિણમન થાય એને.. કહો, સમજાણું? '**મુનિ હોને પર ચારિત્ર ઔર શુક્લધ્યાન ઈસકે...**' ઈસકે એટલે? સમકિત હોય એ સમકિતને. સમકિતને ચારિત્ર અને શુક્લધ્યાન સહકારી છે. સાથ આપ્યો છે. સમજાણું કાંઈ? સમ્યક્ ઉપર છે ને આખું? કે જે ધ્યેયને પકડીને દર્શન થયું એને ને એને જ્યારે સ્થિર થાય ત્યારે એ સમ્યગ્દર્શનનો સહકાર છે. બાકી મૂળ તો સમ્યગ્દર્શને આખા દ્રવ્યને પકડ્યું છે તે સાધન છે, એમ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ચારિત્ર મુખ્ય નથી?

ઉત્તર :- સમ્યગ્દર્શનની પ્રધાનતા વર્ણવવી છે ને અહીંયાં? મૂળ ચીજ એ છે ને? એનો પાયો એ છે. દંસણ મૂલો ધમ્મો. ધર્મનું મૂળ દર્શન-સમકિત છે. સમકિત વિના એને ચારિત્ર શું? અને સમકિત થાય પછી ચારિત્ર થયું એ સહકારી કહેવામાં આવ્યું છે. એને મદદ કરી એણે એમ કહે છે. પોતે જ પરિણમન કરે છે એમાં ચારિત્રની મદદ છે અને શુક્લધ્યાનની મદદ છે. આહા..!

મુમુક્ષુ :- ગુણશ્રેણી ચોથેથી?

ઉત્તર :- ચોથેથી શરૂઆત થાય છે ને. સમજાણું કાંઈ?

'**સમ્યક્ત્વકે હોતે હી કર્મોંકી ગુણશ્રેણી નિર્જરા હોને લગ જાતી હૈ, અનુક્રમસે...**' એમ કે અશુદ્ધતા ઘટતી જાય છે. '**મુનિ હોને પર ચારિત્ર...**' થઈ ગયું અંદર. સ્વરૂપની લીનતા, પ્રચુર સ્વસંવેદન અને શુક્લધ્યાન એનું નામ સમકિતના 'સહકારી...' નિમિત્ત સહકારી છે. ઉપાદાન સમકિતને રાખ્યું. આહાહા..! '**તબ સબ કર્મોંકા નાશ હો જાતા હૈ.**' લ્યો! ત્યારે ચારિત્ર સ્વરૂપમાં રમણતા અને શુક્લધ્યાન થતાં.. મૂળ તો સમકિતનું પરિણમન જે છે ધ્યેયનું. એ રીતે પરનો આશ્રય છોડીને ધ્યેય વિશેષ ઉગ્રપણે પરિણમે છે એટલે એમાં સમકિતમાં એ ચારિત્રનો સહકાર થયો અને શુક્લધ્યાનનો સહકાર થયો. આહાહા..! વસ્તુ જ આખી દ્રવ્ય, આખું ચૈતન્ય દ્રવ્યને જ્યાં કબજે લીધું. સમજાણું કાંઈ? જુઓ! આ શ્રાવકને પહેલું આ કરવાનું એમ કહે છે. એમ ને એમ સમાજભુષણ ને ફલાણા અને ફલાણા બિરદાવશે (એનાથી) કાંઈ મળે એવું નથી એમ કહે છે.

મુમુક્ષુ :- બહારનું ચારિત્ર કાંઈ કામનું નથી.

ઉત્તર :- કાંઈ નહિ બાહ્ય ચારિત્ર એ ચારિત્ર જ નથી. ચારિત્ર તો સ્વરૂપમાં સમ્યગ્દર્શન સહિતની રમણતા એ ચારિત્ર છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તબ સબ કર્મોંકા નાશ હો જાતા હૈ.**' જુઓ! બહુ ગાથા સરસ આવી. ૮૫થી ઉપાડી છે, નહિ? શ્રાવક અને મુનિ સુણો-સાંભળો એમ કહ્યું ને કુંદકુંદાચાર્યે? ૮૫માં. હે સાધુ, હે શ્રાવક! જે વીતરાગે કહ્યું એ વાત હું કહીશ તે સાંભળ. એમ. '**जिणेहि कहियं**' જિનેશ્વર ત્રિલોકનાથે આમ કહ્યું છે. પછી કહ્યું, હે શ્રાવક! સમકિતને પ્રથમ અંગીકાર કર. એમ જિનેશ્વરદેવે ગૃહસ્થને માટે પણ પહેલું આ ભગવાને કહ્યું છે એમ તું સાંભળ. એમ કહે છે, જુઓ! આહાહા..! સમજાણું કાંઈ?

હવે ૮૮.

किं बहुणा भणिएणं जे सिद्धा णरवरा गए काले।
सिज्झिहहि जे वि भविया तं जाणह सम्ममाहप्पं।।८८।।

જે કોઈ મુક્તિને પામ્યા, પામશે અને પામે તે સમકિતનું માહાત્મ્ય છે. આ એક જ. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! જિનેશ્વરદેવ એમ કહે છે કે હે શ્રાવક અને સાધુ! સાંભળ તું. ભગવાન તીર્થંકરદેવે, અનંત તીર્થંકરોએ એમ કહ્યું કે જેટલા અનંતા સિદ્ધ થયા, અત્યારે મહાવિદેહમાં સિદ્ધ થાય છે અને અનંત સિદ્ધ ભવિષ્યમાં થશે એ બધું સમકિતનું માહાત્મ્ય છે. ઓલા કહે ના, ના. એ સમકિત કાંઈ નહિ. ચારિત્ર ન હોય તો સમકિત કાંઈ નહિ. ધૂળ નહિ ને એમ કરીને બનાવી દે છે હલકું.

મુમુક્ષુ :- ચારિત્ર તો આવે જ.

ઉત્તર :- હોય જ પણ એને. સમકિત વિના ચારિત્ર કેવું? પહેલું સમ્યગ્દર્શનનું જ માહાત્મ્ય છે. સમજાણું કાંઈ? પછી ચારિત્રની.. અહીં તો સાથે વાત કરી. વસ્તુના આશ્રયથી થયું. વિશેષ આશ્રય થતાં સ્થિર થાય અને શુક્લધ્યાન થાય. એ બધું સમકિતનું ધ્યેય છે એને એ બધા મદદગાર છે (એમ) કહે છે. સમજાણું કાંઈ?

**'અર્થ :- આચાર્ય કહતે હૈં કિ-બહુત કહનેસે ક્યા સાધ્ય હૈ,...'** શું વિશેષ કહેવું? ઘણું કરીને બહુ બહુ શું કહેવું? કહે છે. એમાં શું ધ્યેય છે? **'જો નરપ્રધાન...'** નરવર નરવર. નરના પ્રધાન પુરુષો **'અતીતકાલમેં સિદ્ધ હુએ હૈં...'** એ ભૂતકાળમાં મુક્તિને પામ્યા **'ઔર આગામી કાલમેં સિદ્ધ હોંગે વહ સમ્યક્ત્વકા માહાત્મ્ય જાનો.'** દેખો! આહાહા..! સમજાણું કાંઈ? **'બહુત કહનેસે ક્યા સાધ્ય હૈ...'** ઘણું કરી કરીને શું કહેવું છે? શું એમાં સાધ્ય સિદ્ધ થાય? આ વસ્તુ છે. જેણે ભગવાન આત્માને પરિપૂર્ણ આનંદકંદ ધ્રુવધામને પકડ્યો અને તારું સમકિતે તારા કેવળજ્ઞાનાદિને કબજે લીધા, બસ! એ સમકિત જ ભૂતકાળમાં અનંતા મોક્ષ પધાર્યા એ સમકિતનું માહાત્મ્ય છે, ભવિષ્યમાં પધારશે એ સમકિતનું માહાત્મ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? કેમકે સમકિત અંતર્મુખનું પરિણમન પ્રગટ કરે છે. અને અંતર્મુખના પરિણમને જ મુક્તિનું કારણ થાય છે, એમ કહેવું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શુદ્ધ ઉપયોગ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ કાળને ક્યાં મેળ છે? ઉપશમ સમકિતનો શુદ્ધ ઉપયોગ હોય છે. કાળનું શાસ્ત્ર જાણે. કહો, સમજાણું કાંઈ? અહીં તો કહે છે... અહીં તો ઉપશમની સામે સામાન્ય સમકિત લીધું. ઉપશમ થઈને તરત ક્ષયોપશમ થાય અને ક્ષાયિક થયા વિના રહે જ નહિ, અહીં તો એ વાત છે. એનું એ થયું એ પાછું પડવાનું નથી. એ ધારાવાહી ચારિત્ર મદદ અને શુક્લધ્યાનની મદદ ને... એક જ વાત છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- ઈસ સમ્યક્ત્વકા ઐસા માહાત્મ્ય હૈ કિ જો અષ્ટકર્મોંકા નાશકર...**' આઠ કર્મનો નાશ કરી... સમકિત આઠ કર્મનો નાશ કરે, દેખો! જે '**મુક્તિપ્રાપ્ત અતીતકાલમેં હુએ હૈં તથા આગામી હોંગે વે ઈસ સમ્યક્ત્વસે હી હુએ હૈં ઔર હોંગે,...**' સમકિતથી જ મુક્તિને પામ્યા અને સમકિતથી પામશે. આહાહા..! મૂળ ચીજના આખા વાંધા ઉઠ્યા ને રસ્તો બીજો લઈ લીધો. હવે એમાંથી પાછું ખસવું (કઠણ પડે). અંતર વસ્તુ જે છે એની તો આખી વાત પડી રહી. સમજાણું કાંઈ? અને ઉપરના થોથાં ગ્રહણ કરે એમાં મિથ્યાત્વનું પોષણ થાય. સહજ ધારા ન મળે અને સહજ વિના મુક્તિનો ઉપાય કૃત્રિમ અને હઠ નથી, એમ કહેવા માગે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ શેની વાત ચાલે છે? ગૃહસ્થીની વાત ચાલે છે. ગૃહસ્થીની તો ચાલે છે. ગૃહસ્થીએ સમકિત અંગીકાર કરવું અને એ સમકિત દ્વારા આગળ વધીને ચારિત્ર સહકારી થઈ શુક્લધ્યાન પછી મોક્ષ જશે એમ કહે છે. અહીં તો ગૃહસ્થીની જ વાત ચાલે છે.

મુમુક્ષુ :- પહેલા ચારિત્ર ગ્રહણ કરે.

ઉત્તર :- ચારિત્ર-ફારિત્ર કેવા સમકિત વિના? સમજાણું કાંઈ? ચારિત્ર એટલે રમવું, ચરવું. શેમાં પણ? જે અનુભવમાં ચીજ આવી નથી એમાં ચરવું ક્યાંથી? રમવું ક્યાંથી?

મુમુક્ષુ :- એના અઠ્યાવીસ મૂળગુણમાં ચરી લે ને?

ઉત્તર :- ચરી લે રાગને. રાગને ચરી લે પછી...

મુમુક્ષુ :- ભૂમિ શુદ્ધિ...

ઉત્તર :- શેનો ભૂમિ શુદ્ધો? ભૂમિ શુદ્ધિ તો આ સમકિત એ શુદ્ધિ છે. સમકિત એ જ મોક્ષની પાત્રતા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુઃ- ... પાત્રતા...

ઉત્તર :- ક્યાંથી પાત્રતા? એ વાત.. સમજાણું?

'**આચાર્ય કહતે હૈં...**' ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે '**બહુત કહનેસે ક્યા?**' શું કહીએ ઘણું તને? '**યહ સંક્ષેપસે કહા જાનો કિ-મુક્તિકા પ્રધાન કારણ યહ સમ્યક્ત્વ હી હૈ.**' લ્યો!

મુમુક્ષુ :- આખું ક્રિયાકાંડ ઊડી ગયું.

ઉત્તર :- ક્રિયાકાંડ ઉડી ક્યાં ગઈ? હતી ક્યાં એમાં? મોક્ષનું કારણ ક્રિયાકાંડ છે નહિ. ક્રિયાકાંડ વચ્ચે આવે છે ખરું પણ એ બંધનું કારણ છે. અહીં તો મુક્તિનું કારણ બતાવવું છે ને? આહાહા..! એમ કે આચાર્યે આમાં ક્યાંય આપ્યું નહિ. મહાવ્રતના પરિણામ અને

અણુવ્રતના પરિણામથી મુક્તિ થાય કે કાંઈ (એ તો આવ્યું નહિ). એ તો બંધ છે, એ તો બંધનું કારણ છે.

અહીં તો આત્માનો સ્વભાવ અખંડ અભેદ, એને આશ્રયે સમ્યગ્દર્શન થયું એ સમ્યગ્દર્શને એમ શીખવ્યું કે એનો આશ્રય ઉગ્ર લે તો શુદ્ધિ વધશે. એ સમ્યગ્દર્શનમાં એ આવ્યું કે જેને આશ્રયે હું થયો છું એનો આશ્રય વિશેષ લે તો ચારિત્ર થશે. એમ ફળશે જ પણ આ રીતે. જેને આશ્રયે હું પ્રગટ્યો છું એનો આશ્રય તું લે પર્યાય નવી... આહાહા..!

મુમુક્ષુ :- એક જ કારણથી બે કાર્ય નહિ?

ઉત્તર :- એ એક જ કારણ છે ત્રણ થઈને..

મુમુક્ષુ :- સમકિત કાર્ય, ચારિત્ર...

ઉત્તર :- એ ચારિત્ર એ સમકિતની સ્થિરતા એ ચારિત્ર. દ્રવ્યનો આશ્રય થઈને સ્થિરતા થાય એ ચારિત્ર. પણ અહીં તો કહે છે, દ્રવ્યનો આશ્રય મેં લીધો એનો જ, આશ્રય તું લે તો ચારિત્ર થાય.

મુમુક્ષુ :- સમકિત કહે છે?

ઉત્તર :- હા. સમકિત એમ કહે છે. સમકિત એમ શીખવે છે. એમ તું જો. એમ એ જણાવે છે કે હું જેનો આશ્રય લઈને પ્રગટ્યો એનો આશ્રય લે. સ્વના આશ્રયે તને આગળ વધવાનું બનશે ચારિત્ર અને શુક્લધ્યાન. બીજો કોઈ ઉપાય નથી. બરાબર છે? પંડિતજી! માર્ગ તો એ છે, ભાઈ! લોકોને માર્ગની રીતની જ ખબર નથી. રીતની ખબર વિના ઊંધે માર્ગે ચાલે અને (માને કે) માર્ગ આપણે નજીક કરીએ છીએ. અનાદિથી ભ્રમમાં પડ્યો છે ઈ. એય..! 'પ્રકાશદાસજી'! છે એમાં? શ્રાવકને કહ્યું છે એ. શ્રાવકે પહેલા મહાવ્રત લેવા, પછી અણુવ્રત લેવા એમ લખ્યું છે? નહિ?

મુમુક્ષુ :- ચારિત્ર ગ્રહ્યા વિના સમકિત પ્રગટે જ નહિ ને.

ઉત્તર :- હા. વળી એક જણો એમ પણ કહે છે. ચારિત્ર કોને કહેવું એ તો ખબર નથી.

અહીં ઈ તો કહે છે, '**મુક્તિકા પ્રધાન કારણ યહ સમ્યક્ત્વ હી હૈ.**' સમ્યક્ત્વ જ છે. '**ઐસા મત જાનો કિ ગૃહસ્થકે ક્યા ધર્મ હૈ,...**' જુઓ! એમ ન જાણો કે ગૃહસ્થને.. એય..! કપૂરચંદભાઈ! દેખો! લખ્યું છે. એમ ન જાણો કે ગૃહસ્થને શું ધર્મ? દેખો! '**ઐસા મત જાનો કિ ગૃહસ્થકે ક્યા ધર્મ હૈ, યહ સમ્યક્ત્વ ધર્મ ઐસા હી હૈ કિ સબ ધર્મોંકે અંગોકો સફલ કરતા હૈ.**' ગૃહસ્થને સમ્યગ્દર્શન છે એ બધા ધર્મને સફળ કરનારું સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? એય..! રતિભાઈ! હવે કેટલાક કહે, અમને માંડ માંડ બેસે

એ બાયડીયુંને બેસે નહિ એમ કહે છે, લ્યો! છોકરાને બેસે નહિ.

એક ફેરી એવું બન્યું હતું. માંગરોળમાં એક દેરાવાસી હતો. એનો છોકરો જુવાન માંદો પડ્યો. મરવાની તૈયારી હતી. બાયડી કહે કે હું ફલાણાને માનું. આ કહે નહિ મનાય. પહેલા ચુડલો ભાંગ પછી માન. એવું બનેલું છે. દેરાવાસી હતા. ઓલો કહે કે મારો દિકરો મરે છે. હું માનીશ ફલાણાને. કાંઈક હતું. એવું કાંઈક અન્યમતિનું. હનુમાન કે એવું કાંઈક માનતા. મારા ઘરમાં બીજી માન્યતા ન હોય. છોકરો મારો છે કે નહિ? મરી જાય તો ભલે મરી જાય. પણ બીજી માન્યતા મારે નહિ. તારે માનવી હોય તો ચુડલો ભાંગ પહેલો. હું તારો ધણી નહિ. પછી મનાવ. એય..!

મુમુક્ષુ :- આકરો ખરો

ઉત્તર :- આકરો...

'માંગરોળ'માં ક્યાંક થયું હતું. ઘણા વર્ષ પહેલા સાંભળેલું. વાતું ઘણી આવે ને અહીંયાં? નેમિદાસભાઈ! તમે તો બહાર રખડતા હતા, કલકત્તે ને બધે. અહીં તો બધી વાતું આવે. આમ એક જણો કહે. બીજી માન્યતા મારા ઘરે ન હોય. છોકરો મારો છે કે નહિ? મને એને રાખવાનો ભાવ નથી? કો'કની માન્યતા થાશે અને છોકરો રહેશે? એવી ભ્રમણા મારે ઘરે નહિ. અને તારે કરવી હોય તો ચુડલો ભાંગી નાખ પહેલા. રાંડી થા. હું તારો ધણી નહિ. શોભાલાલ! સમજાણું કે નહિ? બીજી માન્યતા નહિ ચાલે.

છોકરો માંદો પડ્યો. છેલ્લી સ્થિતિ. જુવાન. છેલ્લી સ્થિતિ થઈ ગઈ એટલે એની વહુને એમ થયું, આ છોકરાની માને કે કો'કને માનીએ. કો'ક હશે ગમે તે. અન્યમાં ન હોય તો કો'ક અંબાજી હશે. મારે ઘરે બીજાને મનાશે નહિ. છોકરો મારો નથી? મરી જાય તો મને સારું લાગે છે? અને માન્યતા કરશે તો બચી જશે? એ મારી શ્રદ્ધા નથી.

મુમુક્ષુ :- સ્ત્રીહઠ.

ઉત્તર :- સ્ત્રીહઠ એ જુદું. આ તો ધણીએ એમ કીધું. મારે તો આ ધણીનું કહેવું છે. એ કહે, નહિ, અહીં અમારે ઘરે બીજો નહિ મનાય. તમારે ક્યાં આકરું છે? તમે કહો એમ માને છે. ત્યાં ક્યાં એમ છે? સમજાણું કાંઈ? કંચનબેન ભક્તિ કરે છે, મેં જોયું છે ને. બરાબર પ્રેમથી ભક્તિ કરે આમ ભગવાનની સામે આપણા મંદિરમાં પોરબંદર. ત્યાં બીજી માન્યતા હોય એને શું છે. એય..!

વીતરાગ પરમાત્મા સિવાય બીજાની માન્યતા કેવી? ત્રણલોકનો નાથ વીતરાગ સર્વજ્ઞ સો ઈન્દ્રનો પૂજનિક એ સિવાય બીજાની માન્યતા કેવી? એ કહેશે અહીંયાં. ૯૦માં. ૯૦માં બાહ્ય લક્ષણો સમકિતના વર્ણવશે. આ તો ૮૮ ચાલે છે ને? **'ઐસા મત જાનો...'** એમ

ન જાણો. '**કિ ગૃહસ્થકે ક્યા ધર્મ હૈ,...**' ગૃહસ્થમાં શું ધર્મ છે એમ નહિ. ગૃહસ્થમાં મહા ધર્મ છે સમકિતનો એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ગૃહસ્થના વ્રત ક્યાં વયા ગયા?

ઉત્તર :- વ્રત ક્યાં હતા? વ્રત કે દિ'? વ્રત જ ક્યાં છે? એ તો રાગ છે. બંધનું કારણ છે. એય..! આહાહા..! જુઓ! 'જયચંદ્ર પંડિત' ખુલાસો કરે છે.

'**ઐસા મત જાનો કિ ગૃહસ્થકે ક્યા ધર્મ હૈ, યહ સમ્યક્ત્વ ધર્મ ઐસા હૈ...**' ગૃહસ્થને પણ સમ્યક્ત્વ ધર્મ એવો છે '**કિ સબ ધર્મોંકે અંગોકો સફલ કરતા હૈ.**' એ સમકિત હોય તો ધર્મ બધા સફળ, નહિતર સફળ છે નહિ. સમજાણું કાંઈ? એ ચારિત્રને, શુક્લધ્યાનને, સમ્યગ્જ્ઞાનને બધાને સફળ કરનાર સમ્યગ્દર્શન છે. આહાહા..! આવ્યું નહિ રત્નકરંડ શ્રાવકાચારમાં? કર્ણધાર છે એ. કરણધાર સમજ્યાને? ખેવટિયા. શું કહે છે? ખેવટિયા કહે છે? સમંતભદ્રાચાર્ય કહે છે. સમ્યગ્દર્શન ખેવટિયો છે-આખું વહાણ ચલાવનારો. આખું દ્રવ્ય ચલાવનારું શુદ્ધમાં એ સમ્યગ્દર્શન છે. એની કોર પરિણમન કરવું એ દ્રવ્ય સમકિતમાં બધી તાકાત છે. સમજાણું કાંઈ? '**યહ સમ્યક્ત્વ ધર્મ ઐસા હૈ,...**' ગૃહસ્થને. '**કિ સબ ધર્મોંકે અંગોકો સફલ કરતા હૈ.**' સમ્યગ્જ્ઞાન, શાંતિ, સ્થિરતા વગેરે વગેરે ધર્મો એને લઈને સફળ છે. નહિતર શું છે?

'**આગે કહતે હૈં કિ જો નિરંતર સમ્યક્ત્વકા પાલન કરતે હૈં ઉનકો ધન્ય હૈં :-**' દેખો! આહાહા..!

**ते धण्णा सुकयत्था ते सूरा ते वि पडिया मणुया।**
**सम्मत्तं सिद्धियरं सिविणे वि ण मइलियं जेहिं।।८९।।**

સપનામાં પણ જો એ વાત નીકળતી હોય તો નકાર કરે કે નહિ. સપનામાં પણ ચર્ચા-વાર્તા નીકળતી હોય તો કહે, આમ ન હોય. માર્ગ સ્વને આશ્રયે છે. સમકિત સિવાય કાંઈ ધર્મ-બર્મ છે નહિ. જુઓ! સપનામાં પણ કહે છે. સપનું આવે તો એવું આવે એને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ભગવાનને ભૂલવાની વાત તો ન આવી?

ઉત્તર :- આવી ગઈ ને. તારી દૃષ્ટિ કર અંદરમાં, ભગવાન ઉપરથી દૃષ્ટિ છોડી દે. કપૂરચંદભાઈ! વ્યવહાર આવશે ૯૦માં. વ્યવહારશ્રદ્ધા સમજાવવાનું ચિહ્ન બતાવશે. લક્ષ છોડ. પરનું લક્ષ છોડ્યા વિના સ્વનું લક્ષ થશે નહિ. આમ પણ જાય, આમ પણ જાય એમ એક મ્યાનમાં બે તલવાર સમાય? તલવાર સમજો છો? પર ઉપર પણ લક્ષ કરવું અને સ્વ ઉપર પણ લક્ષ કરવું એમ બે નહિ ચાલે. સ્વલક્ષમાં બધાને ભૂલી જા. અરે..! ભગવાન તો ઠીક પણ

ભગવાને જણાવેલું જ્ઞાન જે જણાયું એને પણ ભૂલી જા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગૃહસ્થની વાત કરે છે અહીંયાં. કપૂરચંદભાઈ! પાઠમાં શ્રાવકનું નામ લીધું છે, દેખો! લોકોને સમ્યગ્દર્શન શું ચીજ છે માહાત્મ્ય શું? એ શું કેમ મહા અનંત પુરુષાર્થથી સ્વને આશ્રયે થાય એની ખબર નથી. સ્વ પણ કેવો? ભગવાને કહ્યો એવો. એ આત્મા પણ.. કહ્યો એવો એટલે કે વસ્તુ એવું જ્ઞાન કરીને પછી એના તરફથી લક્ષ છોડીને કર ત્યારે કર્યું કહેવાય. શું કીધું?

મુમુક્ષુ :- આત્માની શ્રદ્ધા...?

ઉત્તર :- એ શ્રદ્ધા હોય કહેશે આગળ. પણ એ વ્યવહાર હોય એને ઓળખવાનું સાધન છે. એટલું. નિશ્ચય પ્રગટ્યું હોય એને આવા વ્યવહારની શ્રદ્ધા હોય છે. એમ. ૯૦માં આવશે. '**हिंसारहिए धम्मे अट्ठारहदोसवज्जिए देवे। णिग्गंथे पव्वयणे सद्दहणं होइ सम्मत्तं।**' ગુરુ નિર્ગ્રંથ વીતરાગી અને પ્રવચન શાસ્ત્ર. ચારની શ્રદ્ધા એને વ્યવહારે અંદર હોય છે. વિકલ્પમાં એ જાતની હોય છે. પણ ઓલો નિર્વિકલ્પ સમ્યગ્દર્શન કરે તો આ ભાવ એને વ્યવહાર કહેવામાં આવે. આહાહા..! સમજાણું કાંઈ?

**ते धण्णा सुकयत्था ते सूरा ते वि पडिया मणुया।**
**सम्मत्तं सिद्धियरं सिविणे वि ण मइलियं जेहिं।।८९।।**

સપનામાં પણ જેણે મેલું કર્યું નથી. સપનામાં આવે તોપણ સમ્યગ્દર્શન એ આત્માના અનુભવની પ્રતીત. એ સિવાય બીજી ચીજ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! મોટા દેવ ઉપરથી ડગાવવા ઉતરે તો એ ફરે નહિ. સપનામાં પણ કહે છે કે ફરે નહિ. સપનું આવે તો એ આવે. જુઓ! મેલું ન કરે સપનામાં પણ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સપનામાં પણ મલિન ન થવા દે...

ઉત્તર :- સપનામાં એમ કે આ સમકિત આવું છે, વ્યવહારથી થાય એવું સપનામાં પણ ન થાય.

મુમુક્ષુ :- પર આશ્રયથી થાય.

ઉત્તર :- હા. પર આશ્રયથી સમકિત થાય અને આનાથી થાય એ વાત સપનામાં પણ એને ન આવે. સપનામાં પણ સમકિત મેલું કરે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પહેલી સમજણ કરે કે આવી ચીજ છે. સમજ્યા વિના પ્રયત્ન ક્યાં કરશે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ગુરુ સમજાવે તો થાય.

ઉત્તર :- એ સમજે ત્યારે ગુરુ બીજાને કહેવાય. પહેલા ગુરુ પોતે આત્મા થાય ત્યારે સમજાવનારને ઉપચારે ગુરુ કહેવામાં આવે, એમ કહે છે.

મુમુક્ષુ :- આમાં તો લખ્યું નથી.

ઉત્તર :- એમાં એ લખ્યું છે. એ જ આવશે. જુઓ! આ ગાથા પછી એ જ ગાથા આવશે. નિશ્ચય આવો થયો એને વ્યવહાર આવો હોય. સમજાણું? એના પછી ૯૦ ગાથામાં એ જ આવે છે. કુંદકુંદાચાર્યની શૈલી ગજબ! કેવળજ્ઞાનીના કોયડા ઉકેલી નાખ્યા છે. કોયડા-કોયડા કહે છે ને. સમસ્યા.

**'અર્થ :- જિન પુરુષોનેં મુક્તિકો કરનેવાલે સમ્યક્ત્વકો સ્વપ્નાવસ્થામેં ભી મલિન નહીં કિયા, અતિચાર નહીં લગાયા ઉન પુરુષોંકો ધન્ય હૈ,...'** આહાહા..! સમજાણું કાંઈ? જુઓને! આચાર્ય પણ કેટલા પ્રમોદથી વાત કરે છે! ભગવાન! તારા ઘરમાં તું ન પેઠો અને બીજી મલિનતાની વાતું તેં કરી એ વસ્તુ નહિ. સ્વદ્રવ્યને આશ્રયે સમ્યગ્દર્શન થાય. સપનામાં પણ પરદ્રવ્યને આશ્રયે થાય એ વાત એને બેસે નહિ, એમ કહે છે.

મુમુક્ષુ :- .. પરાણે નામ લખી નાખે તો?

ઉત્તર :- નામ લખે શું કરવા?

મુમુક્ષુ :- અમારે તો શ્રદ્ધામાં ફેર નથી. ..

ઉત્તર :- જાતા હશે ને. આ શેઠ પણ જાય છે. તમે પણ જાતા હશો ક્યાંક.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરાણે લખી નાખે. ઠીક છે. એ ત્યાં કાકા-કાકી છે ને શેઠિયા છે ગામના નવરા માણસ, પૈસાવાળાને બધા બોલાવે મોઢા આગળ. કાંઈક વળી દેવું હોય. આશા હોય ને કાંઈક આપશે. એવાએ નાખીને આપ્યું હોય તો? એમને પણ એમ થયું છે. એનું નામ લખ્યું એક મોટા ઓલા બાવામાં. મોઢા આગળ બેસાડે જાવું પડે ન્યાં મુંડાવા. એમ ન હોય, કહે છે. એના ગામમાં મોટા માણસ છે ને. ...કાંઈક બાવાનું હશે. આપણને કાંઈ ખબર નથી. પણ કો'ક કહે, ચાલો, અહીંયાં દેરાવાસી સાધુ મહારાજ આવ્યા છે. કાંઈક હશે કોણ જાણે. નામ લખ્યું હોય તો શું કરે? નામ લખે. અમે ભાઈ ક્યાંય જાતા નથી અને અમે કોઈનું માનતા નથી એટલે જો અનાદર થાય તો તમને ઠીક નહિ લાગે. .. અમે આવીએ. પગે લાગીએ એવું અમારામાં નથી. ત્યાં શરમ સિફારીશ ન રાખે. એ વાત છે. ભાઈ! શોભાલાલજી! ભાઈને કહીએ છીએ. જ્યાં ત્યાં જાય છે ને? પહેલા ગયા હશે. હવે તો શું જાય.

મુમુક્ષુ :- પહેલા જઈને નામ છેકાવવું?

ઉત્તર :- આવે તો કોણ કહે છે પરાણે સિપાઈ લઈને બોલાવે છે તમને? સિપાઈ આવીને તેડી જાય છે તમને પકડીને? તમારું નામ લખ્યું આવો ત્યાં. અહીંયાં તો કહે છે કે હજી વ્યવહારના ઠેકાણા સરખા નથી અને નિશ્ચયના ઠેકાણા ક્યાંથી હોય? એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'સ્વપ્નાવસ્થામેં ભી મલિન નહીં કિયા, અતિચાર નહીં** લગાયા...' દેખો! કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને, કુગુરુ-કુશાસ્ત્રને પગે લાગવું, પ્રશંસા કરે બહુ સારું કર્યું. શું ધૂળ કરી સારી કાંઈ? બહુ ત્યાગ કર્યો હોય અને બહુ ઓલું કર્યું હોય ને મહિના-મહિનાના અપવાસ કુગુરુ અને કુશાસ્ત્રના માનનારાએ. એણે મહિના-મહિનાના અપવાસ કર્યા હોય. શું કહે છે શેઠ? તો ન પ્રશંસા કરે એમ કહે છે. મહિના-મહિના અપવાસ કરે છે ને?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શંકા-આશંકા...

**'ઉન પુરુષોંકો ધન્ય હૈ,...'** આચાર્ય કહે છે, જુઓ! એ કુંદકુંદાચાર્ય મુનિ. છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવાળા કહે છે, જેણે સપનામાં પણ સમકિતને મેલું ન કર્યું. ધન્ય છે, ભાઈ! આહા..! કહો, આચાર્ય પણ ધન્ય કહે છે! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પ્રમાણે કહે છે. આહાહા..!

**'एवं जिणेहि'** કહ્યું ને? જિને કહ્યું છે, બાપુ! વીતરાગ એમ કહે છે તે હું કહું છું. આહાહા..! સમજાણું કાંઈ? **'ઉન પુરુષોંકો ધન્ય હૈ, વે હી મનુષ્ય હૈં,...'** લ્યો ઠીક! **'मणुया।'** છે ને છેલ્લો શબ્દ? તે મનુષ્ય છે. બાકી પશુ છે, એમ કહે છે.

મુમુક્ષુ :- હાલતા ચાલતા મડદાં કહ્યાં છે.

ઉત્તર :- મડદાં છે. આહાહા..! આગળ લેશે. પશુ છે એ.

**'વિના મનુષ્ય પશુ સમાન હૈ,...' 'વે હી કૃતાર્થ હૈં,...'** કૃતાર્થ એટલે એણે કાર્ય કર્યા એમ કહે છે. કાર્ય કર્યા એણે. કૃતાર્થ-સુકૃત કર્યા એણે. બાકી સુકૃત બીજું છે નહિ. દયા, દાન, વ્રત અને વિકલ્પ એ સુકૃત નહિ. આહાહા..! ભગવાન આત્માનું સમ્યગ્દર્શન પ્રગટ કર્યું, મેલું ન થવા દીધું. સપનામાં પણ અતિચાર નથી લાગ્યો. ધન્ય છે કહે છે. એ કૃતાર્થ છે. એણે કામ કર્યા. એણે કરવાનું હતું એ કર્યું. આ કરવાનું મનુષ્યપણામાં છે. સમજાણું કાંઈ?

**'વે હી શૂરવીર હૈં,...'** લ્યો! એ વીરા છે. વીર-વીર. આચાર્યને પણ કેટલી પ્રશંસા!

કડક આચાર્ય કુંદકુંદાચાર્ય. ન માને અભવિ છે. એવી વાત એની જ્યાં ત્યાં. ઘણે ઠેકાણે આવે છે અભવિનું ટૂંકમાં. આ તો શૂરવીર છે. યુદ્ધમાં લડનારા એ પામર છે. ભગવાન આત્મા સામે સ્વરૂપનું સમકિત પ્રગટ કર્યું અને વિભાવથી જેણે પુંઠ લીધી છે એ શૂરવીર છે. સમજાણું કાંઈ? **'વે હી પંડિત હૈં.'** લ્યો.

**'ભાવાર્થ :- લોકમેં કુછ દાનાદિક કરેં ઉનકો ધન્ય કહતે હૈં...'** દાન કરે કો'ક બે-પાંચ-દસ લાખ રૂપિયા ખર્ચે તો ઓહોહો..! ભાઈ! ધન્ય ભાઈ ધન્ય. **'દાનાદિક કરેં...'** મા-બાપનો કોઈ મોટો દાડો કરે. ઓહો..! ભાઈ! પૈસા આપ્યા, બાપને ઉજાળ્યા એમ કહે. બાપને ઝાડ ઉપર રાખ્યા હતા ને, કેટલાક એમ કહે છે. મરી જાય ને. દાડો ન કર્યો હોય. દાડો કરે ને? કારજ. દાડો સમજો છો? પછી ભોજન કરાવે ને? પ્રીતિભોજ. અહીં કહે છે કે એવા જે પાછળ ભોજન કરે કે કરાવે એના અહીં વખાણ કર્યા નથી. એવા તો બધા ઘણા હોય, કહે છે. એ કાંઈ વસ્તુ નથી, એમ કહે છે. અહીં કહે છે ને. **'દાનાદિક કરેં ઉનકો ધન્ય કહતે હૈં...'** દુનિયા ધન્ય કહે એમ. દુનિયા ધન્ય કહે. **'તથા વિવાહાદિક યજ્ઞાદિક કરતે હૈં...'** જુઓ! વિવાહ આદિ આવ્યું જુઓને! વિવાહ આદિમાં યજ્ઞ કરે, પૈસા ખર્ચે, દાનાદિ આપે, પાઘડી આપે, કુટુંબમાં-નાતમાં .. આપે. લોકો કહે ઓહોહો..! ભાઈ! ભગવાને પૈસા આપ્યા તો ખર્ચ્યાને. બે-પાંચ લાખ લગનમાં ખર્ચી નાખે. **'ઉનકો કૃતાર્થ કહતે હૈં,...'** દુનિયા એને કૃતાર્થ કહે. કર્યા કાર્ય, બાપા!

**'યુદ્ધમેં પીછે ન લૌટે ઉસકો શૂરવીર કહતે હૈં,...'** દેખો! અજ્ઞાની તો આવું બધું કહે છે જગતમાં કહે છે. **'બહુત શાસ્ત્ર પઢે ઉસકો પંડિત કહતે હૈં.'** ઘણા શાસ્ત્ર ભણ્યો હોય એને અજ્ઞાની પંડિત કહે. અજ્ઞાનીને ક્યાં ખબર છે શું ચીજ છે. **'યે સબ કહનેકે હૈં; જો મોક્ષકે કારણ સમ્યક્ત્વકો મલિન નહીં કરતે હૈં, નિરતિચાર પાલતે હૈં ઉનકો ધન્ય હૈ,...'** લ્યો. આહાહા..! ભારે ગાથા લીધી. સમજાણું કાંઈ? **'યે સબ કહનેકે હૈં;...'** સબ એટલે બધા. ઉપર કહ્યા એ. કહેવામાત્ર છે. એ કોઈ શુરવીર પણ નથી અને કાંઈ કાર્ય કર્યા નથી. કાંઈ પંડિત નથી શાસ્ત્ર ભણ્યો એ. આહાહા..!

મુમુક્ષુ :- પંડિતોને...

ઉત્તર :- પંડિત કોને કહેવા એ તો કહે છે. જેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું એ પંડિત છે. આહાહા..!

મુમુક્ષુ :- બહારની ડિગ્રી કામ ન આવે.

ઉત્તર :- ભણતર-બણતર ત્યાં શું કામ આવે?

**'મોક્ષકે કારણ સમ્યક્ત્વકો મલિન નહીં કરતે હૈં, નિરતિચાર પાલતે હૈં ઉનકો**

**ધન્ય હૈ, વે હી કૃતાર્થ હૈં,...'** દેખો! કાર્ય કર્યા એણે. આહાહા..! જેને સમ્યક્ થયું એ કાર્ય કર્યું એણે. ખલાસ. એ તો મુક્તિ પામવાનો, પામવાનો ને પામવાનો. આહાહા..! ચાહે તો પશુનો દેહ હોય, સ્ત્રીનો દેહ હોય. એ દેહ ગમે તે હોય, પણ સમ્યગ્દર્શન જેણે પ્રગટ કર્યું અને નિરતિચાર કર્યું એ ધન્ય છે કહે છે. એ મંડુક-દેડકાને ધન્ય છે એમ કહે છે. ચંડાળને ધન્ય છે. આહાહા..! વિવાહ આદિમાં મોટા કામ કરે ને? વિવાહ-બિવાહમાં. એય મોટા ખર્ચા લાખ બે લાખના. પહેરામણી આપે. ઓલો એને આપે, ઓલો ઓલાને આપે. કન્યાવાળા વરવાળાને આપે અને વરવાળો એને આપે. ઓહોહો..! શું પણ લગન કર્યા ને પણ.

મુમુક્ષુ :- આવા લગન ગામમાં કોઈ દિ' થયા નહોતા.

ઉત્તર :- હા. એમ પણ કહે. આવું કોઈ દિ' અમે ગામમાં જોયું નથી આવા લગન. લોકોએ ભાઈ માંડવા... ઓહોહો..! દારૂખાના ફોડ્યા છે એમાં. દારૂખાના સમજો છો કે નહિ?

મુમુક્ષુ :- આતશબાજી.

ઉત્તર : આતશબાજી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ તો હવે થયું. પહેલા દારૂખાનું નહોતું. અમે તો આ બધું જોયું છે એની વાત છે. તમારે છે ને ત્યાં એક પાલેજથી ચમારડી ત્યાં લગન થયા હતા વોરાના. નહિ દુકાનની જોડે? અભુ-અભુ. અભુ નહિ? અભુનો છોકરો છે ને અત્યારે એ અભુ. ઘણા વખતની વાત છે. (સંવત) ૧૯૬૬-૬૭. એના લગન હતા ત્યાં. ત્યાં ગયા હતા તો અમારું જમવાનું જુદું. બ્રાહ્મણ સાથે. પણ દારૂખાનું. એટલું નાનું ગામ ચમારડી. અત્યારે બીજું નામ છે. નગીનપુર નામ પાડ્યું. દારૂખાનું તે ઓહોહો..! વોરા હતા, હોં! લોટિયા નહિ. ... ઓહોહો..! શું ભાઈ! પાછા .. બોલાવેલા. ઓલા કરે. .. વાત છે. હું અને કુંવરજીભાઈ બે ગયા હતા. બે જણા ગયા હતા. ધૂળનાય નથી બધા, હોળી છે. આહાહા..!

અહીં તો કહે છે કે જેણે ભગવાન પૂર્ણાનંદનો નાથ, એની અભેદ દૃષ્ટિ પ્રગટ કરી અને સપનામાં પણ જેને દોષ લાગ્યો નથી એને અમે ધન્ય કહીએ છીએ, કૃતાર્થ કહીએ છીએ, શૂરવીર કહીએ છીએ. એ પંડિત અને એ મનુષ્ય છે. એને મનુષ્ય કહીએ. નહિતર મનુષ્ય પણ નહિ એમ કહે છે. આહાહા..! મનુષ્યા સ્વરૂપે મૃગા ચરંતિ નથી આવતું? '**ઈસકે બિના મનુષ્ય પશુ સમાન હૈ, ઈન પ્રકાર સમ્યક્ત્વકા માહાત્મ્ય કહા.**' વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)




: પ્રકાશક :

**શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

વિલે પાર્લા, મુંબઇ.

www.vitragvani.com